(પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નિયમસાર શાસ્ત્ર પર સન્ ૧૯૭૧ના પ્રવચન)

# નિયમનો સાર

## ભાગ ૭





ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# નિયમનો સાર
# ભાગ-૭

( શ્રીમદ્ કુંદકુંદાચાર્યવર પ્રણીત શ્રી નિયમસારના શુદ્ધભાવ
અધિકાર ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ.સ. ૧૯૭૧ની સાલના પ્રવચન )

પ્રકાશક

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

મુંબઈ

विक्रम संवत
२०७९

वीर संवत
२५४९

ई. सन
२०२३

: પ્રકાશન પ્રસંગ :
ફાગણ વદ ૧૦, ૧૭-૦૩-૨૦૨૩;
પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની સમ્યક્ત્વજયંતી (વિ.સં. ૧૯૮૯).

પ્રાપ્તિ સ્થાન
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ, સૌરાષ્ટ્ર-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન (૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com,
email : info@vitragvani.com

ટાઈપ સેટીંગ
નિજેશ જૈન
મો. : ૯૬૬૨૫૩૫૩૮૭

ૐ

સહજ ચિદાનંદ.

# પ્રકાશકીય નિવેદન

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,**
**મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં.**

મહાવીર ભગવાન અને ગૌતમ ગણધર બાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહ જઈ સીમંધરભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરનાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે. તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે.

તેઓ નિર્મળ પવિત્ર પરિણતિના ધારક તો હતા જ; પરંતુ પુણ્યમાં પણ સમર્થ હતા કે જેથી સીમંધરભગવાનનો સાક્ષાત્ યોગ થયો. મહાવિદેહથી પાછા આવ્યા બાદ પોન્નુર તીર્થધામમાં સાધના કરતા–કરતા તેમણે અનેક શાસ્ત્રોની રચના કરી. જેમાં શ્રી સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ—આ પાંચ પરમાગમ તો પ્રસિદ્ધ છે જ, પરંતુ આ સિવાય પણ અનેક શાસ્ત્રોની રચના તેમણે કરેલ છે.

''શ્રી સમયસાર'' આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવતત્ત્વોનું શુદ્ધનયની દૃષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધસ્વરૂપ પ્રકાશ્યું છે. ''શ્રી પ્રવચનસાર''માં નામ અનુસાર જિનપ્રવચનનો સાર ઝીલ્યો છે અને તેને જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અને ચરણાનુયોગસૂચક ચૂલિકા નામના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. ''શ્રી નિયમસાર''માં મુખ્યત્વે શુદ્ધનયથી જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત, સમાધિ, ભક્તિ, આવશ્યક, શુદ્ધોપયોગ વગેરેનું વર્ણન છે. ''શ્રી પંચાસ્તિકાયસંગ્રહ''માં કાળ સહિત પાંચ અસ્તિકાયોનું (અર્થાત્ છ દ્રવ્યોનું) અને નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે. તથા''શ્રી અષ્ટપાહુડ'' એક દાર્શનિક ગ્રંથ છે, જેમાં સમ્યક્ રત્નત્રય એક જ મોક્ષમાર્ગ છે એની દૃઢતાપૂર્વક સ્થાપના કરેલ છે.

આ નિયમસાર પરમાગમ મુખ્યત્વે મોક્ષમાર્ગના નિરુપચાર નિરૂપણનો અનુપમ ગ્રંથ છે. ''નિયમ'' એટલે જે અવશ્ય કરવા યોગ્ય હોય તે અર્થાત્ રત્નત્રય. ''નિયમસાર'' એટલે નિયમનો સાર અર્થાત્ શુદ્ધ રત્નત્રય. આ શુદ્ધ રત્નત્રયની પ્રાપ્તિ પરમાત્મતત્ત્વનો આશ્રય કરવાથી જ થાય છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની સર્વ અવસ્થાઓમાં—અશુભ, શુભ કે શુદ્ધ વિશેષોમાં—રહેલું જે નિત્ય-નિરંજન ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધદ્રવ્યસામાન્ય તે પરમાત્મતત્ત્વ છે. તે જ શુદ્ધ અંતઃતત્ત્વ, કારણપરમાત્મા, પરમપારિણામિક ભાવ વગેરે નામોથી કહેવાય છે. આ પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અનાદિ કાળથી અનંત અનંત દુઃખને અનુભવતા જીવે એક ક્ષણમાત્ર પણ કરી નથી અને તેથી સુખ માટેનાં તેના સર્વ ઝાવાં (દ્રવ્યલિંગી મુનિનાં વ્યવહાર-રત્નત્રય સુદ્ધાં) સર્વથા વ્યર્થ ગયા છે. માટે આ પરમાગમનો એકમાત્ર ઉદ્દેશ જીવોને પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અથવા આશ્રય કરાવવાનો છે.

આ શાસ્ત્રમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ પર તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખનાર મુનિવર શ્રી પદ્મપ્રભમલધારિદેવ છે. તેઓ શ્રી વીરનંદિ સિદ્ધાંતચક્રવર્તીના શિષ્ય છે અને વિક્રમની ૧૩મી શતાબ્દીમાં થઈ ગયા છે. શ્રી પદ્મપ્રભમલધારિદેવે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા પરમ ગહન આધ્યાત્મિક ભાવોને પોતાના અંતરવેદન સાથે મેળવીને આ ટીકામાં સ્પષ્ટ રીતે ખુલ્લા કર્યા છે. આ ટીકામાં આવતાં કળશરૂપ કાવ્યો અતિશય મધુર છે અને અધ્યાત્મ મસ્તીથી તથા ભક્તિરસથી ભરપૂર છે. ટીકાકાર મુનિરાજે ગદ્ય તેમ જ પદ્યરૂપે પરમ પારિણામિક ભાવને તો ખૂબ ખૂબ ગાયો છે. આખી ટીકા જાણે કે પરમ પારિણામિક ભાવનું અને તદાશ્રિત મુનિદશાનું એક મહાકાવ્ય હોય તેમ મુમુક્ષુ હૃદયોને મુદિત કરે છે. સંસાર દાવાનળ સમાન છે અને સિદ્ધદશા તથા મુનિદશા પરમ સહજાનંદમય છે--એવા ભાવનું એકધારું વાતાવરણ આખી ટીકામાં બ્રહ્મનિષ્ઠ મુનિવરે અલૌકિક રીતે સર્જ્યું છે અને સ્પષ્ટપણે દર્શાવ્યું છે કે મુનિઓની વ્રત, નિયમ, તપ, બ્રહ્મચર્ય, ત્યાગ, પરિષહજય ઇત્યાદિરૂપે કોઈ પણ પરિણતિ હઠપૂર્વક, ખેદયુક્ત, કષ્ટજનક કે નરકાદિના ભયમૂલક હોતી નથી પણ અંતરંગ આત્મિક વેદનથી થતી પરમ પરિતૃપ્તિને લીધે સહજાનંદમય હોય છે.

શ્રી નિયમસારમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે ૧૮૭ ગાથાઓ પ્રાકૃતમાં રચી છે. તેના પર શ્રી પદ્મપ્રભમલધારિદેવે તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખી છે. બ્રહ્મચારી શ્રી શીતલપ્રસાદજીએ મૂળ ગાથાઓનો તથા ટીકાનો હિંદી અનુવાદ કર્યો છે. પં. શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા આ શાસ્ત્રનો ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા આ નિયમસારની મૂળ ગાથાઓ, તેનો ગુજરાતી પદ્યાનુવાદ, સંસ્કૃત ટીકા અને તે ગાથા- ટીકાનો અક્ષરશઃ ગુજરાતી અનુવાદ પ્રગટ કરવામાં આવેલ છે. આ શાસ્ત્રજીમાં પ્રતિપાદિત વિષયવસ્તુને નીચે મુજબના બાર અધિકારોમાં પ્રસ્તુત કરવામાં આવેલ છે.

(૧) જીવ અધિકાર, (૨) અજીવ અધિકાર, (૩) શુદ્ધભાવ અધિકાર, (૪) વ્યવહાર ચારિત્ર અધિકાર, (૫) પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર, (૬) નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર, (૭) પરમ આલોચના અધિકાર, (૮) શુદ્ધનિશ્ચય પ્રાયશ્ચિત અધિકાર, (૯) પરમ સમાધિ અધિકાર, (૧૦) પરમ ભક્તિ અધિકાર, (૧૧) નિશ્ચય પરમ આવશ્યક અધિકાર, (૧૨) શુદ્ધોપયોગ અધિકાર.

આ નિયમસાર ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને અત્યંત પ્રિય હતો. આચાર્યદેવે નિજભાવના નિમિત્તે રચના કરેલ હોવાથી કારણપરમાત્માને ખૂબ જ ઘૂંટ્યો છે, જે ગુરુદેવશ્રી પોતાના આચાર્ય ગુરુવરની ઉત્કૃષ્ટ સાધના યાદ કરાવતું. તેમને તેની ઉપર ખૂબ જ ઊંડાણથી સ્વાધ્યાય કર્યો હતો અને જાહેરમાં ઘણીવાર તેની ઉપર પ્રવચન પણ કર્યા હતા. આ પ્રવચનોમાંથી આપણી પાસે છ વખતના પ્રવચન આખા ઉપલબ્ધ છે. અત્રે પ્રસ્તુત પ્રવચન તેમાંથી એક વારના પ્રવચનો છે, જે વી. સં. ૨૪૯૭ (ઈ. સ. ૧૯૭૧) વર્ષ દરમ્યાનના નિયમસાર શાસ્ત્ર પરના ૨૦૨ પ્રવચનો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને નિરંતર એવી ભાવના રહેતી કે મુમુક્ષુઓ નીતરતા સતધર્મનું શ્રવણ કરી અને નિજ કલ્યાણના માર્ગમાં આગળ વધે. આ જ ઉત્કૃષ્ટભાવનાથી આવાં ગહન શાસ્ત્ર કે જે કુંદકુંદાચાર્યદેવે નિજ ભાવના અર્થે રચ્યું છે, તેને પૂજ્યશ્રીએ છ-છ વાર જાહેર સભામાં લીધું હતું. આ ગહન પ્રવચનો અત્રે અક્ષરશઃ શાસ્ત્રરૂપે પ્રસ્તુત કરવામાં આવે છે. આ રીતે આ શાસ્ત્ર ખરેખર પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રભાવનાનું જ ફળ છે. અધ્યાત્મનું ઊંડું રહસ્ય સમજાવીને પૂજ્ય ગુરુદેવશ્રીએ જે અપાર ઉપકાર કર્યો છે તેનું વર્ણન વાણીથી વ્યક્ત કરવામાં અમો અસમર્થ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યદેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી., વેબસાઈટ (www.vitragvani.com), એપ (Vitragvani App) તથા સોશ્યલ મીડિયા (www.youtube.com/c/vitragvani) જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે, કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે નિયમસાર શાસ્ત્ર ઉપરના ૧૯૭૧માં થયેલ ૨૦૨ પ્રવચનો અત્રે પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. તેમાંથી નિયમનો સાર ભાગ-૭માં અત્રે (૧૨) શુદ્ધોપયોગ અધિકાર પરના સળંગ ૨૦ પ્રવચનો પ્રસ્તુત કરતાં હર્ષની લાગણી અનુભવી રહ્યા છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યદેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરતધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્ય રચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક-ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય શ્રી નિજેશ જૈન, સોનગઢ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રી દિનેશભાઈ શાહ, વિલે પાર્લા, શ્રી અતુલભાઈ જૈન, મલાડ અને શ્રીમતી આરતીબેન જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે.


જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગની એકાગ્રતાપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશન કાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. સર્વ મુમુક્ષુગણને વિનંતી છે કે અશુદ્ધિઓની નોંધ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો (www.vitragvani.com અને Vitragvani App) ઉપર ઉપલબ્ધ છે.

પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્દભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને સાદર સમર્પિત કરીએ છીએ. પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઇતિ શિવમ્.

ટ્રસ્ટીગણ

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,

વિલેપાર્લા, મુંબઈ




કળિકાળસર્વજ્ઞ શ્રી કુંદકુંદાચાર્યદેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ''ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં રુંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે. વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : ''શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...''

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં

સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે ''જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : ''શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી ''સ્ટાર ઓફ ઇન્ડિયા નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : ''હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

''સ્ટાર ઓફ ઇન્ડિયા''માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન ''શ્રી જૈન સ્વાધ્યાય મંદિર''નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું.

આ ''સ્વાધ્યાય મંદિર'' જીવન-પર્યન્ત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદ્રષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી ''આત્મધર્મ'' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ ''આત્મધર્મ'' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું ''શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ'' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તકરૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઇ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત

દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઇ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઇ. સ. ૧૯૪૧ થી ઇ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ (ગુજરાત) ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર "અભિનંદન ગ્રંથ" આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઇ. સ. ૧૯૫૯ અને ઇ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઇ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ સાતમ, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં

એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જવળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરુપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છેઃ

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ - ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસનસ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો.

# અનુક્રમણિકા


| પ્ર. ક્રમાંક | તારીખ | તિથિ | વાર | ગાથા | શ્લોક | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|---|---|---|
| (૧૨) શુદ્ધોપયોગ અધિકાર | | | | | | |
| ૧૮૬ | ૨૬-૧૧-૧૯૭૧ | માગશર સુદ ૯ | શુક્રવાર | ૧૫૯ | - | ૧-૧૧ |
| ૧૮૭ | ૨૭-૧૧-૧૯૭૧ | માગશર સુદ ૧૦ | શનિવાર | ૧૫૯-૧૬૦ | ૨૭૨ | ૧૨-૨૪ |
| ૧૮૮ | ૨૮-૧૧-૧૯૭૧ | માગશર સુદ ૧૧ | રવિવાર | - | ૨૭૩-૨૭૪ | ૨૫-૩૬ |
| ૧૮૯ | ૨૯-૧૧-૧૯૭૧ | માગશર સુદ ૧૨ | સોમવાર | ૧૬૧-૧૬૨ | ૨૭૫-૨૭૭ | ૩૭-૪૯ |
| ૧૯૦ | ૩૦-૧૧-૧૯૭૧ | માગશર સુદ ૧૩ | મંગળવાર | ૧૬૨-૧૬૪ | ૨૭૮-૨૭૯ | ૫૦-૬૧ |
| ૧૯૧ | ૦૧-૧૨-૧૯૭૧ | માગશર સુદ ૧૪ | બુધવાર | ૧૬૪-૧૬૬ | ૨૮૦-૨૮૨ | ૬૨-૭૪ |
| ૧૯૨ | ૦૩-૧૨-૧૯૭૧ | માગશર વદ ૧ | શુક્રવાર | ૧૬૭-૧૬૮ | ૨૮૨-૨૮૩ | ૭૫-૮૬ |
| ૧૯૩ | ૦૪-૧૨-૧૯૭૧ | માગશર વદ ૨ | શનિવાર | ૧૬૮-૧૭૦ | ૨૮૪-૨૮૫ | ૮૭-૯૭ |
| ૧૯૪ | ૦૫-૧૨-૧૯૭૧ | માગશર વદ ૩ | રવિવાર | ૧૭૦-૧૭૧ | ૨૮૬-૨૮૭ | ૯૮-૧૦૯ |
| ૧૯૫ | ૦૬-૧૨-૧૯૭૧ | માગશર વદ ૪ | સોમવાર | ૧૭૨-૧૭૪ | ૨૮૮-૨૮૯ | ૧૧૦-૧૨૧ |
| ૧૯૬ | ૦૭-૧૨-૧૯૭૧ | માગશર વદ ૫ | મંગળવાર | ૧૭૫-૧૭૬ | ૨૯૦-૨૯૨ | ૧૨૨-૧૩૩ |
| ૧૯૭ | ૦૮-૧૨-૧૯૭૧ | માગશર વદ ૬ | બુધવાર | ૧૭૭ | ૨૯૩-૨૯૬ | ૧૩૪-૧૪૪ |
| ૧૯૮ | ૦૯-૧૨-૧૯૭૧ | માગશર વદ ૭ | ગુરુવાર | ૧૭૮ | ૨૯૭ | ૧૪૫-૧૫૪ |
| ૧૯૯ | ૧૦-૧૨-૧૯૭૧ | માગશર વદ ૮ | શુક્રવાર | ૧૭૯ | ૨૯૮-૨૯૯ | ૧૫૫-૧૬૬ |
| ૨૦૦ | ૧૨-૧૨-૧૯૭૧ | માગશર વદ ૧૦ | રવિવાર | ૧૮૦ | - | ૧૬૭-૧૭૭ |
| ૨૦૧ | ૧૩-૧૨-૧૯૭૧ | માગશર વદ ૧૧ | સોમવાર | ૧૮૧-૧૮૨ | ૩૦૦-૩૦૧ | ૧૭૮-૧૮૯ |
| ૨૦૨ | ૧૪-૧૨-૧૯૭૧ | માગશર વદ ૧૨ | મંગળવાર | ૧૮૨-૧૮૪ | ૩૦૨-૩૦૩ | ૧૯૦-૨૦૧ |
| ૨૦૩ | ૧૫-૧૨-૧૯૭૧ | માગશર વદ ૧૩ | બુધવાર | ૧૮૫-૧૮૬ | ૩૦૪-૩૦૫ | ૨૦૨-૨૧૨ |
| ૨૦૪ | ૧૬-૧૨-૧૯૭૧ | માગશર વદ ૧૪ | ગુરુવાર | ૧૮૭ | ૩૦૬-૩૦૭ | ૨૧૩-૨૨૩ |

| (૧૨) શુદ્ધોપયોગ અધિકાર (૧૯૭૧ સીરીઝ) અને (૧) જીવ અધિકાર (૧૯૭૧-૭૩ સીરીઝ) | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૮-૧૨-૧૯૭૧ | પોષ સુદ-૧ | શનિવાર | - | ૩૦૮-૩૧૧ તથા ૧-૩ | ૨૨૪-૨૩૪ |

## માગશર સુદ ૯, શુક્રવાર, તા. ૨૬-૧૧-૧૯૭૧
## ગાથા - ૧૫૯, પ્રવચન નં. ૧૮૬

શુદ્ધોપયોગ અધિકાર. કેવળજ્ઞાન અને કેવળદર્શન–આત્માની પરિપૂર્ણ પર્યાય એને અહીંયા શુદ્ધ ઉપયોગ કહે છે. એનો સ્વભાવ શું છે એ બતાવે છે. થોડો ઝીણો છે આ અધિકાર. ટીકા ફરીને.

**ટીકા : અહીં જ્ઞાનીને** એટલે કે કેવળજ્ઞાનીને **સ્વપરસ્વરૂપનું પ્રકાશકપણું...** એ સ્વને જાણે અને પરને પણ જાણે એવો એનો સ્વભાવ છે. એ **સ્વરૂપનું પ્રકાશકપણું કથંચિત્ કહ્યું છે**. એટલે કે કોઈ અપેક્ષાએ વ્યવહારથી પરને જાણે અને કોઈ અપેક્ષાએ પોતાના જ્ઞાન સિવાય બીજા ગુણને પણ જાણે એ નિશ્ચય છે. પોતાના જ્ઞાનને જાણે અને (બીજા) ગુણોને જાણે એ નિશ્ચય છે. (બીજા ગુણો) છે જ્ઞાનથી પર, છતાં એ વ્યવહાર નહીં, પણ એ નિશ્ચય છે. આહાહા! અને જ્ઞાન પોતાને જાણે અને પરને જાણે એ વ્યવહાર છે. ચૈતન્યનો સ્વભાવ શું છે એ વર્ણવે છે. અંદર જ્ઞાનસૂર્ય છે આ ચૈતન્ય, એની પૂર્ણ દશા પ્રાપ્ત થતાં નિશ્ચયે પણ સ્વ-પરપ્રકાશક જ છે. વ્યવહારે પરપ્રકાશક છે, નિશ્ચયથી, સ્વ–પોતાને ને પોતાના ગુણને પ્રકાશે એવો સ્વ-પરપ્રકાશક નિશ્ચયથી પણ આત્મા છે. સમજાણું કાંઈ?

એ કોઈનો કરનાર નથી અને કોઈથી એમાં કાર્ય થાય એવો એ નથી. એ તો સ્વ-પરના સ્વરૂપને જાણવાના પ્રકારે વ્યવહાર ... તો પરમાં તન્મય થયા વિના જાણે માટે 'વ્યવહારે જાણે' કહ્યું (અને) પોતાના સ્વરૂપને જાણે એ તન્મય થઈને જાણે છે માટે તેને નિશ્ચય કહ્યો. (શ્રોતા : વ્યવહાર એટલે ખોટો). વ્યવહાર એટલે ઉપચાર, નિશ્ચયની અપેક્ષાએ તો ઉપચાર છે. એને જાણવું એ ઉપચાર છે. સ્વ-પરનું જ્ઞાન પોતાનું છે એ નિશ્ચય છે, પણ આ 'પરને જાણે' એમ જે ઉપચાર કરવો એ વ્યવહાર છે.

**'પરાશ્રિતો વ્યવહારઃ (વ્યવહાર પરાશ્રિત છે)' એવું (શાસ્ત્રનું) વચન**–ભગવાનનું વચન છે. **વ્યવહારનયથી તે ભગવાન** સર્વજ્ઞ પરમાત્મા **પરમેશ્વર પરમભટ્ટારક**–પરમસૂર્ય **આત્મગુણોનો ઘાત કરનારાં ઘાતિકર્મોના નાશ વડે...** એ અર્થ થઈ ગયો છે બધો. બે દિવસ પહેલાં થઈ ગયો છે. **પ્રાપ્ત સકળ-વિમળ કેવળજ્ઞાન અને કેવળદર્શન વડે...** ભગવાન આત્મા પરમેશ્વરનું એક સમયનું જ્ઞાન સકળ કેવળજ્ઞાન ને કેવળદર્શન વડે **ત્રિલોકવર્તી**–ત્રણ લોકમાં વર્તનારા પદાર્થો અને **ત્રિકાળવર્તી**–ત્રણ કાળમાં વર્તનારા પદાર્થો એને એક સમયમાં જાણે ને દેખે. **સચરાચર**–કોઈ ગતિમાન ને કોઈ સ્થિર એવા **દ્રવ્ય-ગુણ-પર્યાયોને...** દ્રવ્ય નામ વસ્તુ, ગુણ નામ એની શક્તિ–સ્વભાવ, પર્યાય નામ એની દશા એને **એક સમયે જાણે છે ને દેખે છે.** કહો,

ભગવાનના જ્ઞાનમાં ત્રણ કાળ ને ત્રણ લોક(વર્તી) દ્રવ્ય, ગુણ ને પર્યાય એક સમયમાં જાણવામાં આવે છે. સમજાણું કાંઈ?

ત્રણ કાળવર્તી પદાર્થને જાણે તો ત્રણે કાળને જાણે. જ્ઞાનનો સ્વભાવ જ એવો છે કે ત્રણ કાળને જાણે. જો ત્રણ કાળને જાણે તો તો ગયા કાળમાં થઈ ગયેલી અવસ્થા (જેની) આદિ નથી એને જાણે, ભવિષ્યની અવસ્થાનો ક્યાંય અંત નથી એને જાણે અને વર્તમાન મધ્યમાં જે સમયે જે દ્રવ્યની જે પર્યાય જે કાળે, જે પ્રકારે થાય એને જાણે. સમજાણું કાંઈ? ક્રમબદ્ધ જે પર્યાય થાય તેને જાણે એમ કહે છે. જગતના પદાર્થો સમયે-સમયે જે એનો ક્રમ છે એ પ્રકારે પરિણમ્યા જ કરે છે. પરિણમવામાં વર્તમાનમાંય ક્યાંય અટકવું એમ એને છે નહીં, ધારાવાહી પરિણમે છે. એમાં જે સમયે જે અવસ્થા થવાની તે થવાની છે તેને કેવળજ્ઞાની જાણે-દેખે છે. સમજાણું કાંઈ?

આવી શ્રદ્ધા કરનાર પોતે ધર્મી જીવ, હું એક જ્ઞાયક આત્મા છું અને જે સમયે મારી અને પરની અવસ્થા થાય તેને હું જાણનાર છું-દેખનાર છું—એમ ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવ એમ જાણે અને એમ માને છે. સમજાણું કાંઈ? ઝીણો માર્ગ છે ભાઈ! કેવળજ્ઞાનીનો માર્ગ એટલે કે આત્માના સ્વભાવનો માર્ગ સૂક્ષ્મ છે. અહીં કહે છે, ત્રણ લોકમાં વર્તનારા અને ત્રણ કાળમાં રહેનારા–વર્તનારા બધાને કેવળજ્ઞાન જાણે. એનો અર્થ શું થયો? કેવળજ્ઞાની જે પ્રકારે જાણે છે તે પ્રકારે સામે થાય છે (અને જેમ) થાય છે તે પ્રકારે (જાણે છે). આઘું-પાછું કાંઈ થાય નહીં, એનો અર્થ એ થયો. સમજાણું કાંઈ?

આવી કેવળજ્ઞાન ને કેવળદર્શનની શક્તિ સ્વ અને પરને જાણવાની છે. આ રીતે જે જીવ અંદરમાં માને, જાણે, એની દૃષ્ટિ સ્વભાવ સન્મુખ થાય. સ્વભાવ સન્મુખ થતાં એને પર્યાયમાં સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થાય. એ સમ્યગ્જ્ઞાનમાં ધર્મી એમ જાણે અને માને કે જે સમયે જે અવસ્થા મારી અને પરની થવાની તે થાય છે. પરની (અવસ્થા) તો કરી શકું નહીં, પણ મારી કરું એવો વિકલ્પ જ્ઞાનીને હોય નહીં. આહા! સમજાણું કાંઈ? ઝીણું.. ઝીણું.. બહુ ઝીણું. તત્ત્વ એવું સૂક્ષ્મ છે. એ વ્યવહારે જાણે એમ કહ્યું અહીં તો. પરની અપેક્ષા આવીને? કેવળજ્ઞાનીનું જ્ઞાન સ્વ અને જાણે પરને, એ ઉપચાર–વ્યવહાર થયો. સમજાણું કાંઈ? એટલે એનો અર્થ એવો નથી કે વ્યવહારે પરને જાણે એટલે પરનું જાણવું જ ખોટું છે. એમ નથી. પરનું જાણવું અને સ્વનું જાણવું એ તો પોતામાં પોતાથી થયેલું સાચું છે, પણ 'પરને જાણવું' એમ કહેવું એટલો ઉપચાર છે. સમજાણું કાંઈ? આરે, આરે, ભારે વાતું આ!

**શુદ્ધનિશ્ચયથી...** (પહેલી) વ્યવહારથી વાત કરી છે. એ વાત આવી ગઈ છે બે દિ' પહેલા. છઠ્ઠ, છઠ્ઠ. સાતમ-આઠમે તો આ વંચાણું નહોતુંને. પણ ખરેખર શુદ્ધ યથાર્થદૃષ્ટિથી–નિશ્ચયથી **પરમેશ્વર મહાદેવાધિદેવ** તીર્થંકર સર્વજ્ઞ આદિ પરમેશ્વર **સર્વજ્ઞવીતરાગ...** એક સમયમાં સર્વજ્ઞ પૂર્ણ જાણે અને વીતરાગ (છે) એને **પરદ્રવ્યનાં ગ્રાહકત્વ**–પરને ગ્રહવું, પરને

દેખવું કે પરનું જાણવું **વગેરેના વિવિધ વિકલ્પોની સેનાથી ઉપજતી મૂળ ધ્યાનમાં અભાવરૂપ હોવાથી**... મૂળ એમ કહેવું છે કે એને પરને ગ્રહવું, પરને જાણવું અને પરને દેખવું—એ એનામાં છે નહીં. જરી અંદર ભૂલ છે (એટલે) અશુદ્ધિ છે (એમ લખ્યું છે). પરમેશ્વર એક સમયમાં પરને જાણે કે ગ્રહે એવું છે નહીં. પરને તો અડતાય નથી. પોતાનું જ્ઞાન એ પરને તો અડતુંય નથી. એને તન્મય થઈને જાણતો નથી, ભિન્ન થઈને જાણે છે એટલે એને વ્યવહાર કહ્યો. પોતામાં તન્મય થઈને પોતાને જાણે છે.

તે ભગવાન પરનું **ગ્રાહકત્વ, (દર્શકત્વ), જ્ઞાયકત્વ** (એટલે કે) જાણવું કે દેખવું એવું એનામાં નથી એમ કહે છે. **તે ભગવાન ત્રિકાળ નિરુપાધિ**... પોતે ભગવાન આત્મા ત્રિકાળ નિરુપાધિ આત્મા છે. **નિરવધિ (અમર્યાદિત)** છે. મર્યાદા કેવી? ત્રિકાળ રહેનાર છેને આત્મા. **નિત્ય શુદ્ધ એવા સહજ જ્ઞાન અને સહજ દર્શન વડે**... ઓલામાં એમ હતું કે સકળ વિમળ કેવળજ્ઞાન ને કેવળદર્શન વડે. અહીં, **સહજ જ્ઞાન ને સહજ દર્શન વડે નિજ કારણપરમાત્માને**... નિજ કારણપરમાત્મા એટલે વસ્તુ ત્રિકાળી પોતાનું દ્રવ્યસ્વરૂપ, અવિનાશી રહેનારો એવો જે કારણપરમાત્મા એટલે કારણજીવ તેનું ધ્રુવસ્વરૂપ.

**પોતે કાર્યપરમાત્મા હોવા છતાં, પણ જાણે છે અને દેખે છે.** અહીં તો (કહ્યું કે) ત્રિકાળી વડે... નિત્ય શુદ્ધ સહજજ્ઞાન, સહજદર્શન જે ત્રિકાળ એ વડે નિજ કારણપરમાત્માને એટલે કે અંદર સ્વભાવિક જ્ઞાન ને દર્શન જે નિત્ય છે એ વડે ત્રિકાળી દ્રવ્યને જાણવાનો-દેખવાનો જ એનો સ્વભાવ છે. **પોતે કાર્યપરમાત્મા હોવા છતાં**... વર્તમાનમાં કેવળજ્ઞાન, કેવળદર્શન એવી કાર્યદશા–**કાર્યપરમાત્મા હોવા છતાં, પણ જાણે છે અને દેખે છે**. એ ત્રિકાળી જ્ઞાન ને દર્શન વડે ત્રિકાળી દ્રવ્યને જાણે છે એમ કહે છે.

શ્રોતા : ત્રિકાળીમાં કાર્ય ક્યાં છે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : કાર્યની વાત ક્યાં કીધી? જાણે છે એમ દેખવાનું કહ્યું. ત્રિકાળીને ત્રિકાળી જ્ઞાન-દર્શન વડે જાણે-દેખે છે, બસ એટલું. કાર્યપરમાત્મા તો પર્યાય થઈ. કાર્યપરમાત્મા હોવા છતાં, એમ. પર્યાયમાં કાર્યપણું પ્રગટ હોવા છતાં, ત્રિકાળી જ્ઞાન-દર્શન વડે ત્રિકાળીને જાણે-દેખે એમ કહે છે. અટપટી વાત છે. સમજાણું કાંઈ? આત્મા જ્ઞાનની મૂર્તિ પ્રભુ એનું જ્યાં પૂર્ણ રૂપ–કાર્ય પ્રગટ થયું, એ કાળે પણ અંતરના સહજ જ્ઞાન-દર્શન વડે... અંતરના.. કાર્યપરમાત્મા હોવા છતાં, એટલી વાત અહીં તો છે. કાર્યપરમાત્મા વડે જાણે એમ અહીં નથી લેવું. એય! વસ્તુ જે આત્મા છે એ અવિનાશી અનાદિ-અનંત છે. વસ્તુ છેને અંદર આત્મા. એ તો અનાદિ-અનંત (છે એટલે) આદિ નહીં ને અંત નહીં. હવે એનું જ્ઞાન-દર્શન પણ આદિ-અંત વિનાનો ત્રિકાળી સ્વભાવ છે. એ કેવળજ્ઞાન કાર્યરૂપદશા હોવા છતાં, તેના ત્રિકાળી જ્ઞાન ને દર્શન વડે નિત્ય દ્રવ્યરૂપ કારણપરમાત્માને જાણે ને દેખે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાનનો પ્રકાશ જ્યાં પૂર્ણ પ્રગટ થઈ ગયો... ઓલામાં એમાં એમ કહ્યું હતું કે કેવળજ્ઞાન, કેવળદર્શન કાર્યથી ત્રણ કાળ, ત્રણ લોકને દેખે છે. એમ કહ્યું હતું. આ કાર્યપણું દશા હોવા છતાં ભગવાન પોતે અંતરના નિત્ય શુદ્ધ સહજ જ્ઞાન-દર્શન વડે કારણપરમાત્માને જાણે-દેખે છે. સમજાણું કાંઈ? બાપુ! જાણવાની ચીજ કળા ઝીણી બહુ છે. આહાહા! આ પુણ્ય-પાપના વિકલ્પો જે રાગ છે, એ તો ચીજ જ પર છે. એ આત્માની ચીજ નથી. પુણ્ય ને પાપના શુભ ને અશુભ ભાવ, એ કાંઈ આત્માની ચીજ નથી. એની ચીજ તો દર્શન ને જ્ઞાન સ્વરૂપ છે. હવે એ દર્શન-જ્ઞાનસ્વરૂપ કાર્યરૂપે થાય, તો કહે છે કે લોકાલોકને ત્રણ કાળ, ત્રણ લોકને જાણે-દેખે છે. એ વસ્તુ પોતે ત્રિકાળ-દર્શન ને જ્ઞાન એનો સ્વભાવ છે એ વડે એને–ત્રિકાળી કારણપરમાત્માને જાણે-દેખે છે. સમજાણું કાંઈ? જાણે-દેખે એટલે કે એનો એવો સ્વભાવ જ છે. આહાહા! ભારે વાત ભાઈ! કઈ રીતે?

**આ જ્ઞાનનો ધર્મ તો, દીવાની માફક, સ્વપરપ્રકાશકપણું છે.** ભગવાન આત્મા એનો જ્ઞાનસ્વભાવ દીવાની માફક સ્વ-પરપ્રકાશક જ છે. સમજાણું કાંઈ? સ્વને અને પરને જાણે–પ્રકાશે એવો એનો સ્વભાવ છે. **ઘટાદિની પ્રમિતિથી પ્રકાશ-દીવો (કથંચિત્) ભિન્ન છે...** પછી છેને 'કથંચિત્ ભિન્ન' એટલે અહીં નાખ્યું. આમાં તો 'કથંચિત્ નથી' (પણ) પછી ઓલા કળશનું છેને એટલે આધાર આપ્યો છે. 'પ્રમિતિ' છેને કળશમાં? **પ્રમિતિથી (જ્ઞપ્તિથી) કથંચિત્ ભિન્ન છે**. પછી છેને કળશમાં? **कथंचित् प्रमितेः पृथक्...** એનું અહીં નાખ્યું છે. જરીક ઝીણું છે હોં. ઘટ-પટની પ્રમિતિ એટલે ઘટ-પટ(રૂપ) પરપદાર્થને પ્રકાશે એવી જે ક્રિયા, એથી પ્રકાશ-દીવો કથંચિત્ ભિન્ન છે. એ દીવામાં ઘટ-પટને પ્રકાશવાની જે ક્રિયા છે, એનાથી કથંચિત્ એ ભિન્ન છે. એક સમયનો છેને એ પ્રકાશ. ત્રિકાળી વસ્તુ ભિન્ન છે. આ અધિકાર આખો ઝીણો છે બહુ.

જ્ઞાનનો ધર્મ તો દીવાની માફક સ્વ-પરપ્રકાશક છે. **ઘટાદિની**–ઘટ-પટની **પ્રમિતિ** (એટલે) એને પ્રકાશવું જે દીવામાં છે એવી પ્રમિતિ (અર્થાત્) દીવાની પ્રકાશવાની ક્રિયા, એ ક્રિયાથી દીવો કથંચિત્ ભિન્ન છે. કારણકે પ્રકાશવાની ક્રિયા એક સમયની છે અને દીવો કાયમનો છે. સમજાણું કાંઈ? જગતના રખડવાના જાણપણા કરવા હોય તો ઊંડા ઊંડા ઉતરે અંદર (અને) આ ભગવાન શું આત્માને કહે છે એની એને ખબર નથી. એ આત્માનો સ્વભાવ શું, આત્મા શું કરી શકે, એની તાકાત શું અને પરને જાણવું એ શું, સ્વને જાણવું એ શું—એની ખબર વિના એનું કલ્યાણ થાય? ત્રણ કાળમાં થાય નહીં. આહાહા!

કહે છે કે **ઘટાદિની પ્રમિતિથી પ્રકાશ-દીવો (કથંચિત્) ભિન્ન હોવા છતાં, સ્વયં પ્રકાશસ્વરૂપ હોવાથી સ્વ અને પરને પ્રકાશે છે...** લ્યો, દીવો સ્વને અને પરને પ્રકાશે છે. **આત્મા પણ જ્યોતિસ્વરૂપ હોવાથી...** ચૈતન્યજ્યોત ઝળહળ બળતી ચૈતન્યજ્યોત છે. **વ્યવહારથી ત્રિલોક અને ત્રિકાળરૂપ પરને તથા સ્વયં પ્રકાશસ્વરૂપ આત્માને (પોતાને) પ્રકાશે છે.** લ્યો, આ

વ્યવહારની વાત કરી. ત્રણ લોક અને ત્રણ કાળરૂપ પરને અને સ્વયં પોતાને પ્રકાશે છે. પરને પ્રકાશે છે તે વ્યવહાર, સ્વને પ્રકાશે તે નિશ્ચય. એમ કરીને બે ભેગું સ્વ-પરપ્રકાશકપણું વ્યવહારે કહેવામાં આવ્યું છે. પર આવ્યુંને ભેગું એટલે (વ્યવહાર કહ્યો). લ્યો, આ અરિહંતનું આવું સ્વરૂપ છે એમ બતાવે છે. 'ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં' કરે અને અરિહંત કેવા એની ખબર ન મળે. અરિહંતનું કેવળજ્ઞાન ને કેવળદર્શન આવું હોય છે. પરને પ્રકાશે એમ કહેવું અને એવી જે એક સમયની પ્રકાશની ક્રિયા એનાથી પણ એ ત્રિકાળી વસ્તુ ભિન્ન છે. સમજાણું કાંઈ?

અને પોતે પોતાને જાણે. વળી કેવળજ્ઞાન, કેવળદર્શન વડે સ્વને જાણે એમ ન લીધું ન્યાં. ભાઈ! આમ (પરને) જાણે એ વ્યવહારનય. આમ પોતાને પોતાના ત્રિકાળી જ્ઞાનદર્શનથી જાણે એમ લીધું. નહીં તો કાર્યથી કારણને જાણે.... કેવળજ્ઞાનથી પોતાને જાણે એ નિશ્ચય, કેવળજ્ઞાનથી પરને જાણે વ્યવહાર—એમ ન લીધું. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશનું નૂર પૂર એ પૂર્ણ પ્રાપ્ત થતાં, કહે છે કે સ્વ અને પરને જાણે એમાં 'પરને જાણે' કહેવું એ વ્યવહાર થયો અને સ્વને જાણે એટલે કે કેવળજ્ઞાન દ્વારા સ્વને જાણે એ નિશ્ચય એ અહીં વાત નથી.

શ્રોતા : અહીં તો ત્રિકાળ ત્રિકાળીને જાણે એમ લીધું.

પૂજ્ય ગુરૂદેવશ્રી : સમજાણું કાંઈ? વર્તમાન જ્ઞાનની પર્યાય પરને–લોકાલોકને જાણે કહેવું એ વ્યવહાર ને ઉપચાર છે, કેમકે તેમાં તન્મય નથી માટે. અને એનું જ્ઞાન ને દર્શન જે કાયમનો ત્રિકાળી સ્વભાવ છે એનામાં કારણ(પરમાત્મા)ને જાણવાની શક્તિ છે તે એને જાણે-દેખે છે એ નિશ્ચય. ધ્રુવના ગુણથી ધ્રુવત્રિકાળીને જાણે, એટલો ભેદ પાડ્યોને. એના ધ્રુવગુણથી ગુણીને જાણે એમ ભેદ પાડ્યો. (શ્રોતા : ગુણ-ગુણી...) એ નિશ્ચય. અને પર્યાય પરને જાણે એ વ્યવહાર. પર્યાય સ્વને જાણે એમ ન લીધું અહીં. કહો, સમજાણું કાંઈ?

આવું એનું સ્વરૂપ જ છે. રાગ ને દ્વેષ ને વિકલ્પો તો એની ચીજમાં છે નહીં. આ શરીર, વાણી તો જડ માટી છે. એ તો એમાં છે નહીં, પણ આ પુણ્ય ને પાપ—શુભ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ કે હિંસા, જૂઠું, ચોરીના ભાવ એ આત્મામાં છે નહીં. સમજાણું કાંઈ? જો હોય તો કેવળજ્ઞાન થાય નહીં. એમાં નથી માટે છૂટીને એકલું કેવળજ્ઞાન થઈ જાય છે. એવા જ્ઞાનના સ્વભાવથી પરને જાણવું એમ કહેવું એ વ્યવહાર. આહાહા! પરને કરવું એ વ્યવહાર એ તો છે નહીં. શું કીધું સમજાણું? જ્ઞાન રાગને કરે કે લોકને કરે એવું તો છે નહીં. આહાહા! ધર્મી જીવને પણ વચમાં રાગ આવે એને કરે એવું એના સ્વરૂપમાં નથી. 'એને જાણવું' એમ કહેવું એ વ્યવહાર છે. આહાહા! સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનમાં પરિપૂર્ણ પ્રભુ આત્મા પ્રતીત ને અનુભવમાં જ્ઞેય તરીકે જણાણો છે. એનો એવો સ્વભાવ જણાણો કે એ પોતે પોતાને જાણે એ નિશ્ચય, આહાહા! તેમ એ પર્યાય

રાગને જાણે એ વ્યવહાર. એ પર્યાયને રાગને રચે, ધર્મીની જ્ઞાનદશા રાગને રચે એવું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? રાગને રચે તો તો રાગવાળો ને વિકારવાળો આખો થઈ ગયો. એ તો આખો જ્ઞાન ને દર્શનવાળો છે. સમજાણું કાંઈ? એવો ભગવાન... અહીં તો ત્રિકાળી જ્ઞાનદર્શન વડે ત્રિકાળીને જાણે દેખે એ નિશ્ચય કીધો. એનો સ્વભાવ છેને. ગુણનો સ્વભાવ છેને પૂર્ણ, તો પૂર્ણને જાણે. સમજાણું કાંઈ? અને એક સમયની પર્યાય એ તો વ્યવહાર છે, ત્રિકાળીની અપેક્ષાએ તો વ્યવહાર થયો. શું કીધું? કેવળજ્ઞાનની પર્યાય પણ ત્રિકાળીની અપેક્ષાએ વ્યવહાર થયો. અને એ વ્યવહાર પરને જાણે એ વ્યવહાર કહેવામાં (આવ્યો). અને એ વ્યવહાર સ્વને જાણે એ વાત અહીં નથી લીધી. કારણ કે ઓલો પર્યાય વ્યવહાર છેને.

શ્રોતા : સ્વને જાણે એ વ્યવહારમાં આવી ગયું.

પૂજ્ય ગુરૂદેવશ્રી : સ્વને જાણે એ એમાં આવ્યું નથી. આમાં નથી આવ્યું.

શ્રોતા : સ્વયં પ્રકાશમાન આત્માને પ્રકાશે છે....

પૂજ્ય ગુરૂદેવશ્રી : આત્માને પ્રકાશે છે, એમ. એ આત્માને ઓલો દ્રવ્ય-જ્ઞાન છે એ પ્રકાશે છે, એમ આવ્યુંને. **સ્વયં પ્રકાશસ્વરૂપ આત્માને પ્રકાશે છે...** એમ. સ્વયં પ્રકાશસ્વરૂપ આત્માને પ્રકાશે છે.

શ્રોતા : એ વ્યવહાર થયો કે નિશ્ચય?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ તો વ્યવહારથી થયો એ તે. વ્યવહારથી આવ્યુંને. વ્યવહાર નાખ્યોને. એક સમયની પર્યાય આને જાણે એ પણ વ્યવહાર થયો. પર્યાય પોતે વ્યવહાર છેને એટલે એ અપેક્ષાએ વાત લીધી. ઓલું નિશ્ચયમાં ન લીધું એમ મારું કહેવું છે. વ્યવહારથી છેને. **વ્યવહારથી ત્રિલોક અને ત્રિકાળરૂપ પરને અને સ્વયં પ્રકાશસ્વરૂપ આત્માને પ્રકાશે છે** એમ કહ્યું છેને.

શ્રોતા : સ્વયં પ્રકાશમાન એ પણ વ્યવહાર.......

પૂજ્ય ગુરૂદેવશ્રી : સ્વયં પ્રકાશમાં વ્યવહારથી ને નિશ્ચયથી એમ નથી કહ્યું. નિશ્ચયમાં તો આ જ લીધું. જ્ઞાન-દર્શનસ્વભાવ ત્રિકાળી કારણને જાણે. ભારે વાત! એક સમયની પર્યાય આને જાણે એમ ન લીધું. વ્યવહારથી એમ કહ્યુંને. એ વળી પછી લેશે એમાં. વ્યવહારથી ત્રિલોક અને ત્રિકાળરૂપ પરને અને વ્યવહારથી સ્વયં પ્રકાશરૂપ આત્માને એમ થયુંને. વ્યવહાર સાથે ગયોને ન્યાં? નિશ્ચયથી નહીં, એમ મારું કહેવું અહીં તો.

એની પર્યાય તો દ્રવ્ય-ગુણને જાણે આખાને આમ અથવા ત્રણે કાળ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે એમ ન લીધું. પર્યાય છે એ દ્રવ્ય-ગુણ-પર્યાય પોતાને ત્રણેને જાણે એ નિશ્ચય એમ ન લીધું. પર્યાય, આ આત્માને આમ જાણે પર્યાય એ વ્યવહારમાં નાખી કીધું. અને એ પર્યાય પરને જાણે એ પણ વ્યવહારમાં નાખ્યું. સમજાણું કાંઈ? સ્વને પ્રકાશતું નિશ્ચય એમ

આવવું જોઈએ. દ્રવ્ય-ગુણ... એ આવશે, પછી આવશે. આમાં જ આવશે. સ્વાશ્રિતમાં એ આવશે. નિશ્ચયથી સ્વપરપ્રકાશક છે. કઈ રીતે? એ બીજી રીતની ક્રિયા છે. આ જ ગાથાનો અર્થ છે મૂળ આખો. આ તો અહીં છેને જુઓને! આ બે પદની વ્યાખ્યા થઈ. **जाणदि पस्सदि सव्वं ववहारणएण केवली भगवं** એ વ્યવહારની વાત થઈ. **केवलणाणी जाणदि पस्सदि णियमेण अप्पाणं**. એ પછીનો પેરેગ્રાફ આવશે. સમજાણું કાંઈ?

ભારે! આવું ક્યાં આમાં, નવરાશ આવી ક્યાં છે આમાં? નવનીતભાઈ! ઓલા સંચા આડે આમાં નવરાશ ક્યાં? આહાહા! કોઈકના કરવાના વિકલ્પમાં નવરાશ ન મળે. કરી શકે નહીં હોં. એ કારખાના-બારખાના આત્મા કરે, હલાવે (એમ) ત્રણ કાળ, ત્રણ લોકમાં નહીં. એને જાણે એમ કહેવું એ પણ વ્યવહાર છે હજી તો. કરવાની તો વાત જ ક્યાં? આહાહા! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? અને નિજપર્યાય એને જાણે કે આમ થાય છે, થાય છે એ વ્યવહાર છે. કારણ કે એમાં તન્મય થઈને જાણતો નથી માટે વ્યવહાર છે. અને એ જ્ઞાનની પર્યાય પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે બધું આખું એ વ્યવહારમાં જાય છે. આહાહા! પર્યાય સિવાય બીજું આવ્યુંને દ્રવ્ય-ગુણ, એમ. ભારે વાત ભાઈ! ઓહોહો! નહીંતર તો એમ આવે સ્વપ્રકાશકમાં આખા પોતાના દ્રવ્ય-ગુણને પ્રકાશે કેવળજ્ઞાની અને પરપ્રકાશકમાં પરને પ્રકાશે. એ ડોક્ટર! આવું બધું કોઈ દિ' સાંભળ્યું નથી ત્યાં સુરતમાં, નહીં? રાતે ખુશી થતા હતા બહુ. આવું સાંભળવા મળે એ પણ મહાભાગ્ય ને યોગ્યતા છે. એવી વાત છે. આ તો માર્ગ છે અંતરના બાપુ! આહાહા! ગજબ વાત છે.

આત્માને પ્રકાશે એમ તો લીધું, પણ નાખ્યું વ્યવહારમાં. સમજાણું? પર્યાયનો અંશ છેને. પ્રકાશક છેને. સ્વયં પ્રકાશરૂપ આત્માને પ્રકાશે–પોતાને પ્રકાશે એ તો વ્યવહારમાં લીધું. આહાહા! એ પહેલા બે પદની જ વ્યાખ્યા છે આ. ઓલામાં નાખ્યું કે કાર્યપરમાત્મા પર્યાયરૂપે પ્રગટ હોવા છતાં, એના ત્રિકાળી જ્ઞાન-દર્શન વડે કારણ(પરમાત્મા)ને જાણે એ નિશ્ચય, એમ કીધું. સમજાણું કાંઈ?

હવે **૯૬ પાખંડીઓ પર વિજય મેળવવાથી જેમણે વિશાળ કીર્તિ પ્રાપ્ત કરી છે એવા મહાસેનપંડિતદેવે પણ (શ્લોક દ્વારા) કહ્યું છે કે** : લ્યો, ભિન્ન કહે છેને. એની ક્રિયા ભિન્ન કહે છેને એટલે પછી વ્યવહાર કર્યું એમ. ભિન્ન....

**यथावद्वस्तुनिर्णीतिः सम्यग्ज्ञानं प्रदीपवत् ।**
**तत्स्वार्थव्यवसायात्म कथंचित् प्रमितेः पृथक् ॥**

લ્યો, ન્યાં ખુલાસો કરી નાખ્યો. **શ્લોકાર્થ : વસ્તુનો યથાર્થ નિર્ણય તે સમ્યગ્જ્ઞાન છે.** ભગવાન આત્મા અને પર જેવી વસ્તુ છે એવો નિર્ણય તે સમ્યગ્જ્ઞાન. **તે સમ્યગ્જ્ઞાન, દીવાની માફક, સ્વના અને (પર) પદાર્થોના નિર્ણયાત્મક છે...** જોયું! સ્વ અને પરના નિર્ણય સ્વરૂપ છે.

**તથા પ્રમિતિથી (જ્ઞપ્તિથી)** એટલે જાણવાની ક્રિયાથી **કથંચિત્ ભિન્ન છે.** જ્ઞપ્તિ (એટલે) જાણવાની ક્રિયા. એ અર્થ કર્યો છે આપણે પ્રવચનસારમાં. આણે-શીતલપ્રસાદે વળી પ્રમિતિનો અર્થ એવો કર્યો, પ્રમાણનું ફળ. એટલે જાણવાની ક્રિયા, જાણવામાં આવ્યું બધું, એમ. ફળ છેને. આમ તો પ્રમાણનું ફળ વીતરાગતા કીધી છે. એ (અર્થ) અહીં નથી, બીજે છે. **વસ્તુનો યથાર્થ નિર્ણય સમ્યગ્જ્ઞાન છે...** તે સમ્યગ્જ્ઞાન, દીવાની માફક, સ્વ-પરના નિર્ણયસ્વરૂપ છે. પ્રમિતિથી-જ્ઞપ્તિની ક્રિયાથી કથંચિત્ સમ્યગ્જ્ઞાન ભિન્ન છે. એમ થયુંને. સમજાણું કાંઈ?

જાણવાની ક્રિયાને અહીં તો નિર્ણય કીધો એ પણ સમ્યગ્જ્ઞાન છે, પ્રગટ છે. એ પ્રગટ છે બેય. એ સમ્યગ્જ્ઞાન દીવાની માફક સ્વ-પરના નિર્ણયાત્મક છે તથા પ્રમિતિથી-તે જાતની ક્રિયા જાણવાની એનાથી તે જ્ઞાન કથંચિત્ ભિન્ન છે, એમ કીધું. જ્ઞાનનું પ્રમાણપણું સ્વ-પરનું જાણવું એ કથંચિત્ જ્ઞાનથી જાણવું ભિન્ન ઠર્યું, એમ કરીને પ્રમાણરૂપ કરી નાખ્યું. એમ કે પ્રમાણનું ફળ જાણવું છે. છે તો એ જ ક્રિયા, જાણવાની ક્રિયા. પણ જ્ઞાનથી કથંચિત્ ભિન્ન (કહી). આમ તો જાણવાની અહીં નિર્ણયાત્મક પર્યાય લીધી છે. છેને? કારણ કે વસ્તુનો નિર્ણય એ વર્તમાન પર્યાય લીધી, ત્રિકાળ નથી લીધી. તે સમ્યગ્જ્ઞાન, દીવાની માફક, સ્વ ને પર પદાર્થમાં નિર્ણયસ્વરૂપ છે, વર્તમાનરૂપ છે. આહાહા!

**તથા પ્રમિતિથી કથંચિત્ ભિન્ન છે**. જાણવાનો પ્રકાર થયોને એ. પાઠમાં છેને. **कथंचित् प्रमितेः पृथक्...** તેથી પછી ખુલાસો કરવો પડ્યોને પહેલા ગાથા... કોઈ અપેક્ષાથી.... કારણ કે પૂરું રૂપ, જાણવાની ક્રિયા થઈ એ એનું પુરું રૂપ જ્ઞાન નથી, એમ. કથંચિત એનું ભિન્ન છે. જ્ઞાનનું પૂર્ણરૂપનું પરિણમન થયું એક અપેક્ષાએ ભિન્ન થયું. એ વ્યવહારમાં સમજાવ્યું. એ વ્યવહાર માટે દાખલો આપ્યોને બધો. એ શ્લોક તો વ્યવહારને સિદ્ધ પહેલું (કર્યો). પહેલો પેરેગ્રાફમાં તો એને સાબિત કર્યો. હવે બીજો. જરી આ ઝીણું છે. જ્ઞાનની પર્યાય એને જાણવાની ક્રિયાથી કથંચિત્-કોઈ અપેક્ષાએ ભિન્ન છે. જાણવાની ક્રિયા જ્ઞાનની પર્યાયથી, જ્ઞાનનો પર્યાય જે છે જાણવાની ક્રિયા... જાણવાની ક્રિયા તો સ્વ-પરની બધી પોતાની જ છે આખી, છતાં કથંચિત્ ભિન્ન કહી છે. કથંચિત્. સર્વથા નહીં. પરને જાણે છેને. એમ નિર્ણય કર્યોને.

સ્વ અને પરને જાણવાની ક્રિયા એમ કીધીને? પરને જાણવું આવ્યુંને એમાં? પરનું જાણવું આવ્યુંને આ.. આ.. આ.. આ.. એનાથી એ જાણવાની ક્રિયા જ્ઞાનથી એટલે કે જાણવાના ભાવથી આને.. આને જાણે ...થી ભિન્ન કહેવામાં આવ્યું છે. એમ છે. વિશેષ વિચાર્યું નથી એમાં. કહો, સમજાણું કાંઈ? ગંભીર વસ્તુ છે. કહો, વીરજીભાઈ! મોકામાં આવ્યા. મોકામાં તો બપોરે હતું કાલ. આહાહા! અરે! આમાં આ રાગનો સબંધ એ શું થયું આ? પરસમય એમ બપોરે હતું. આહાહા! એકપણામાં નિમિતપણું ક્યાંથી આવ્યું? આહાહા! આ તો વ્યવહારે વ્યવહારની વાત કરી. આ કાંઈ નિશ્ચયથી નથી. એનો જે સ્વ-પરનો નિર્ણયનો જ્ઞાનનો પર્યાય-

સ્વ-પરને જાણવાની જ્ઞપ્તિનો જે પર્યાય એ જાણવાની ક્રિયા આ.. આ.. એમ જરીક ફેર થયો એટલો, એ અપેક્ષાએ કથંચિત્ ભિન્ન કહેવામાં આવે છે. એકરૂપતામાં આનું આ.. આ.. આ.. એને કથંચિત્ ભિન્ન કહેવામાં આવે છે. એમ આવે છે અંદરથી. ... કામ ચાલે છે અહીં. એવી વાત છે.

**હવે સ્વાશ્રિતો નિશ્ચયઃ...** બીજા પદની વ્યાખ્યા છે. **केवलणाणी जाणदि पस्सदि णियमेण अप्पाणं. (નિશ્ચય સ્વાશ્રિત છે)...** વ્યવહાર એ પરાશ્રિત છે. **એવું (શાસ્ત્રનું) વચન હોવાથી,** આત્માના **(જ્ઞાનને) સતત નિરુપરાગ નિરંજન સ્વભાવમાં લીનપણાને લીધે...** રૂપ-રાગ રહિત નિર્વિકારી કેવળજ્ઞાન છે. **નિશ્ચયપક્ષે પણ...** એમ કે ઓલું વ્યવહારપક્ષે તો સ્વપરપ્રકાશકપણું કહ્યું હતું, એ પછી અહીં કથંચિત્ નાખ્યું હતું પહેલું. હવે નિશ્ચયપક્ષે પણ **સ્વપરપ્રકાશકપણું છે જ.** ભગવાન આત્માને સ્વાશ્રિત(પણા)માં પણ સ્વપરપ્રકાશકપણું છે. પરાશ્રિતપણામાં સ્વપરપ્રકાશપણું હતું એ બીજી અપેક્ષા હતી. એ પરને જાણવાની અપેક્ષાએ વ્યવહાર કહ્યો હતો. સમજાણું કાંઈ? અહીં પોતાના જ પર (-બીજા) ગુણોને જાણવું એવું સ્વપરપ્રકાશક નિશ્ચયપક્ષમાં છે. સમજાણું કાંઈ?

નિરંતર નિરુપરાગ–રાગ વિનાનો **નિરંજન સ્વભાવમાં લીનપણાને લીધે...** ભગવાનનું જ્ઞાન નિશ્ચયપક્ષે પણ સ્વપરપ્રકાશપણું છે જ. આહાહા! **(તે આ પ્રમાણે) : સહજજ્ઞાન આત્માથી સંજ્ઞા, લક્ષણ અને પ્રયોજનની અપેક્ષાએ ભિન્ન નામ અને ભિન્ન લક્ષણથી (તેમ જ ભિન્ન પ્રયોજનથી) ઓળખાતું હોવા છતાં...** શું કીધું? આત્મા અને જ્ઞાન બે નામ પડ્યાને ભિન્ન. સંજ્ઞા પડ્યાને બેના નામ. અહીં એક આત્મા અને જ્ઞાન. નામસંજ્ઞા ભેદ પડ્યુંને. પ્રયોજનથી પણ ભિન્ન. આત્માનું પ્રયોજન, અહીં જ્ઞાનનું પ્રયોજન. એવું સંજ્ઞા, લક્ષણ... લક્ષણ ભિન્ન. જ્ઞાનનું લક્ષણ જાણવું, દ્રવ્યનું લક્ષણ બધાને રાખવું. **પ્રયોજનની અપેક્ષાએ ભિન્ન નામ અને ભિન્ન લક્ષણથી (તેમજ ભિન્ન પ્રયોજનથી) ઓળખાતું હોવા છતાં...** કોણ? એ આત્મા અને જ્ઞાન. એનું ને એનું હોં. આહાહા!

આત્મા અને જ્ઞાન, એ આત્માથી સહજજ્ઞાન સંજ્ઞા, લક્ષણ, પ્રયોજન અપેક્ષાએ ભિન્ન નામ, ભિન્ન લક્ષણથી, ભિન્ન પ્રયોજનથી **ઓળખાતું હોવા છતાં વસ્તુવૃત્તિએ (અખંડ વસ્તુની અપેક્ષાએ) ભિન્ન નથી...** જ્ઞાન ને આત્મા બે અભિન્ન છે. વસ્તુવૃત્તિએ–વસ્તુના સ્વરૂપે જુઓ તો તે જ્ઞાન ને આત્મા એક છે, પણ નામભેદે, લક્ષણભેદે, પ્રયોજનભેદે બેમાં ભેદ છે. આહાહા! રાગ ને પુણ્યની તો વાત જ ક્યાં કરવી? અહીં તો જ્ઞાન ને આત્મામાં સંજ્ઞા, લક્ષણ ને પ્રયોજને ભેદ છે, છતાં વસ્તુવૃત્તિએ એક છે. આત્માના પ્રદેશો જુદા ને જ્ઞાનના પ્રદેશો જુદા એમ નથી. ઝીણી વાત છે ભાઈ આ! કુંદકુંદાચાર્યે આ ગ્રંથમાં કહ્યું કે મારી ભાવના માટે તો મેં આ બનાવ્યું

છે. ઝીણામાં ઝીણું નાખ્યું છે. જીવની ભાવના માટે, અંદર મંથન માટે, સ્વના ઘોલન માટે આ બનાવ્યું છે. સમજાણું કાંઈ? આહાહા!

**સહજજ્ઞાન આત્માથી સંજ્ઞા, લક્ષણ અને પ્રયોજનની અપેક્ષાએ ભિન્ન નામ અને ભિન્ન લક્ષણથી (તેમ જ ભિન્ન પ્રયોજનથી) ઓળખાતું હોવા છતાં, વસ્તુવૃત્તિએ તો ભિન્ન નથી**. એ જ્ઞાન, **આ કારણને લીધે** એ જ્ઞાન... અહીં આવ્યું ઓલું **આત્મગત**. ઓલામાં આવે છેને એકત્વગત. ઘણે ઠેકાણે આવે છે. મોક્ષગત ને આત્મગત એવા શબ્દો આમાં આવે છે ઘણા. ગત એટલે **(આત્મામાં રહેલાં)** જોયું! **एयत्तणिच्छयगदो**... (સમયસાર ગાથા ૩). આત્મગત–આત્મામાં રહેલા **દર્શન, સુખ, ચારિત્ર વગેરેને જાણે છે.** જોયું! એ પર થઈ ગયું જ્ઞાનની અપેક્ષાએ. છતાં એ પોતાનું છે એટલે નિશ્ચયથી જાણે છે. સ્વ ને પરને જાણવું એ નિશ્ચય છે, પણ આ પર. સ્વજ્ઞાનને જાણનારું જ્ઞાન સ્વને જાણે અને સમકિત છે આ, શ્રદ્ધા છે આ, ચારિત્ર છે આ, આનંદ છે આ—એમ જે જાણવું એ નિશ્ચયપક્ષે સ્વપરપ્રકાશક કહેવામાં આવે છે. જ્ઞાન જ્ઞાનને પ્રકાશે અને જ્ઞાન પોતા (સિવાયના) અનંત ગુણને પ્રકાશે એ નિશ્ચયપક્ષે સ્વપરપ્રકાશક છે. સાધારણ માણસને તો આમાં ક્યાંય મોંમાથું સૂઝે નહીં. બધું મોંમાથું સૂઝે એવી જ વાત છે.

કહે છે કે પહેલું એમ કહ્યું હતું કે સ્વપરપ્રકાશકપણું, (એમાં) પરને પ્રકાશે એ વ્યવહાર કહ્યો હતો. સમજાણું કાંઈ? અહીં કહે છે કે સ્વ-પર પ્રકાશે તેને અમે નિશ્ચય કહીએ છીએ. કઈ અપેક્ષાએ? કે જ્ઞાન જ્ઞાનને જાણે (એ સ્વ) અને જ્ઞાન બીજા અનંત ગુણને જાણે એ અપેક્ષાએ પર થયું, પણ છે અભેદ અખંડ માટે નિશ્ચયપક્ષે સ્વપરપ્રકાશક આમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ આવું ઝીણું છે ચંદુભાઈ!. હવે આને અન્યમતીની સાથે મેળવવો. આ સર્વજ્ઞ પરમેશ્વરનો આ માર્ગ છે એને બીજા સાથે સમન્વય કરો. પણ કોની સાથે સમન્વય કરે? આ ચીજ જ જ્યાં બીજે નથી. આહાહા! જુદું છે. જુદું છે પણ એ... છે, છે એમ નહીં. બેયમાં મેળ છે એમ. બેને મેળ છે એનું નામ સમન્વય એમ એ કહે છે. મેળ ક્યાં છે? બાપા! તારી જાતમાં જે ચીજ છે એનાથી વિરુદ્ધ તું માન અને આ બેનો મેળ ખાય, શી રીતે ખાય?

ઓહોહો! નિશ્ચય કેમ કહ્યું અને પર કેમ કહ્યું એની વ્યાખ્યા કરે છે. કે પોતે વસ્તુવૃત્તિએ ભિન્ન નથી જ્ઞાન. આ કારણને લીધે સહજજ્ઞાન–આત્મજ્ઞાન આત્મામાં રહેલા–આત્મગત દર્શન-સુખ-ચારિત્રને જાણે છે અને **અને સ્વાત્માને—કારણપરમાત્માના સ્વરૂપને—પણ જાણે છે.** એમ ઠીક. એ જ્ઞાનની દશા સ્વ-આત્માને ત્રિકાળીને જાણે અને જ્ઞાન જ્ઞાનને જાણે અને જ્ઞાન અનંતગુણને જાણે. કહો, સમજાણું કાંઈ? એ નિશ્ચયપક્ષે સ્વપરપ્રકાશક થયું. એમાં વ્યવહાર નહીં. ભલે પર કહેવાણા, આત્માના જ્ઞાનથી અનંત આનંદાદિ પર કહેવાણા. સમજાણું કાંઈ? અરેરે! અને એકલો આત્મા કારણપરમાત્મા પણ જ્ઞાનથી પર કહેવાય. ભાઈ! જ્ઞાનથી બીજા ગુણો પર કહેવાણા ને જ્ઞાનથી આત્મા (પર) એમ કહેવાણું, છતાં છે બધું નિશ્ચયે સ્વ. સમજાણું કાંઈ? આહાહા! વીતરાગમાર્ગ સર્વજ્ઞનો કહેલો અલૌકિક પંથ છે. એને સમજવો... એને સમજ્યા વિના ક્યાંય કોઈ રસ્તો કલ્યાણનો બીજો નથી.

શ્રોતા : મહારાજ! યે ભેદદૃષ્ટિ તો વ્યવહાર હૈ. ઐસા ક્યોં કહા કિ ભેદકો જાનતા હૈ ઇસલિયે નિશ્ચય? જ્ઞાન અપને ગુણોંકો જાનતા હે, આત્માકો જાનતા હૈ. આત્મા ઔર જ્ઞાન સર્વ ભેદ નિષેધ...

પૂજ્ય ગુરૂદેવશ્રી : ભેદ નહીં, પણ સ્વ છે માટે નિશ્ચય.

શ્રોતા : સ્વકા ભેદ હૈ ઇસલિયે અભેદમેં લે લિયા.

પૂજ્ય ગુરૂદેવશ્રી : નહીં. અભેદમેં નહીં, યે તો અપનેમેં હૈ માટે સ્વ. પણ હૈ તો ભેદ ન. જ્ઞાન પરકો જાને વહ ભી ભેદ હુઆ, પર હુઆ, પણ ફિર ભી વહ નિશ્ચય હૈ, અપનેમેં હૈ ઇસલિયે. અને જ્ઞાન ત્રિકાલી આત્માકો જાને હૈ તો યે ભી ભેદ, પણ હૈ સ્વકા, તો હો ગયા નિશ્ચય.

પહેલેથી આવ્યું આકરું. એવું છે. ઓલા ગુણને પણ જાણે છે, જ્ઞાન બીજા ગુણને પણ જાણે છે અને આત્માને જાણે છે. એમ બે વાત થઈ. આહાહા! સમજાણું કાંઈ? ન્યાં એમ કહ્યું હતું કે જ્ઞાન પરને પણ જાણે અને સ્વયં પ્રકાશરૂપ આત્માને જાણે, એ વ્યવહારથી કહ્યું. સમજ્યાને? છેલ્લે ભાઈ. ત્યાં એને વ્યવહાર કહ્યો હતો. અહીં.... કઈ અપેક્ષાએ? એમાં છે એ અપેક્ષાએ. સમજાણું કાંઈ? પરને જાણવું, તે કાંઈ પરવસ્તુ આત્મામાં નથી. આ (બીજા ગુણો) તો એનામાં છે. જ્ઞાન જ્ઞાનને જાણે, જ્ઞાન પરને જાણે એટલે અનંતા ગુણોને અને જ્ઞાન આત્માને જાણે. એ આત્મગત હોવાથી સ્વપરપ્રકાશક નિશ્ચય યથાર્થથી કહેવામાં આવે છે. આહાહા! કેવળજ્ઞાનને મથ્યું છે. આહાહા! દરિયો, ભગવાન આત્મા એકલો જ્ઞાનનો દરિયો છે. જ્ઞાનસાગર એવો ભગવાન આત્મા. આહાહા!

**અને સ્વાત્માને–કારણપરમાત્માના સ્વરૂપને પણ જાણે છે**. કૌંસમાં આવું લીધું છે, ગુણ-ગુણીની અપેક્ષા લીધી છે. સ્વાત્માને–કારણપરમાત્માના સ્વરૂપને જાણે છે એ વાત નથી આવી અહીંયા. સમજાણું કાંઈ? બે પડખા લીધા બે પ્રકાર. એક આત્મા જ્ઞાનથી–કેવળજ્ઞાન, કેવળદર્શન વડે બધા ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એ વ્યવહાર થયો. સમજાણું કાંઈ? અને એ આત્મા પોતાને અને પરને, એ જ્ઞાન અપેક્ષાએ પર એટલે એ વસ્તુ ને આત્મા એને જાણે, પણ એને વ્યવહારમાં નાખ્યો હતો. અહીં કહે છે કે આત્મા, એનું જ્ઞાન જ્ઞાનને જાણે અને જ્ઞાન અનંતા ગુણો એકસાથે અવિનાભાવ રહેલ છે એને જાણે. પણ છે જ્ઞાનથી પર માટે પરપ્રકાશક. પણ છે નિશ્ચય. સ્વમાં રહેલાં છે, ઓલું તો પરમાં નહોતું, સમજાણું કાંઈ? આહાહા! પર્યાય. અહીં તો પર્યાયની વાત છેને. આમ પાઠમાં તો સહજજ્ઞાન લીધું છે. અર્થમાં લીધું છે.... પણ એ જ્ઞાનની પર્યાય છેને. એને પોતાને જાણે ગુણ અને બીજા બધાને પણ જાણે એ પણ નિશ્ચય છે અને આત્મા અખંડ આત્માને જાણે એ પણ નિશ્ચય છે. આવું એનું સ્વરૂપ કેવળજ્ઞાન ને કેવળદર્શનમાં પણ છે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## માગશર સુદ ૧૦, શનિવાર, તા. ૨૭-૧૧-૧૯૭૧
## ગાથા - ૧૫૯-૧૬૦, શ્લોક - ૨૭૨, પ્રવચન નં. ૧૮૭

નિયમસાર, શુદ્ધોપયોગ અધિકાર. પહેલી ગાથા છેને એનો કૌંસ છે કૌંસ. નહીં? બાકી છેને? પહેલું એમ આવ્યું કે વ્યવહારનયે આત્મા પરને જાણે અને પોતાને જાણે—બે થઈને વ્યવહારનય કહેવામાં આવે છે. આવું સ્વ-પરપ્રકાશકપણું... શુદ્ધનિશ્ચય પક્ષમાં પણ અંતરના જ્ઞાન-દર્શન આદિ ભાવો એ દ્રવ્યને જાણે–ત્રિકાળી દ્રવ્યને જાણે, એ શુદ્ધનિશ્ચયમાં આવ્યું. સ્વાશ્રિતમાં જ્ઞાનની દશા–જ્ઞાન એ જ્ઞાન જ્ઞાનને જાણે, એ જ્ઞાન બીજા ગુણને જાણે. એ સ્વ-પરપ્રકાશકપણું નિશ્ચયથી આવ્યું. સમજાણું કાંઈ? અને આત્માને જાણે નિશ્ચયમાં એ સ્વ-આશ્રિત. જ્ઞાન જ્ઞાનને જાણે, જ્ઞાન પોતા (સાથે) રહેલા અનંત બીજા ગુણોને જાણે, જ્ઞાન ત્રિકાળી આત્માને જાણે એને સ્વ-આશ્રિત નિશ્ચયનયથી કહેવામાં આવે છે. એમાં પરની અપેક્ષા આવી નહીં. એના કૌંસમાં.

**સહજજ્ઞાન**–સ્વભાવિકજ્ઞાન **સ્વાત્માને તો સ્વાશ્રિત નિશ્ચયનયથી જાણે જ છે અને એ રીતે સ્વાત્માને જાણતા, તેના બધા ગુણો પણ જણાઈ જાય છે. હવે સહજજ્ઞાને જે આ જાણ્યું તેમાં ભેદ અપેક્ષાએ જોઈએ તો સહજજ્ઞાનને માટે જ્ઞાન જ સ્વ છે...** જ્ઞાન જ્ઞાનને જાણે એ સ્વ છે. **અને તે સિવાયનું બીજું બધું દર્શન, સુખ વગેરે પર છે...** આહાહા! સમજાણું કાંઈ? શરીર, વાણી, કર્મ એ તો પર છે, પુણ્ય-પાપના પરિણામ એ પણ પર છે. પરને જાણવું એ પર, ઉપચાર. હવે અહીં તો કહે છે કે આત્મા જ્ઞાનથી જ્ઞાનને જાણે, જ્ઞાનથી એમાં રહેલા ગુણોને જાણે અને જ્ઞાનથી દ્રવ્યને જાણે. એ નિશ્ચયપક્ષ છે. સ્વાશ્રયમાં પરની અપેક્ષા આવી નહીં. ગુણની (અપેક્ષા) આવી, પણ એ તો સ્વમાં રહેલાની આવી, એથી એને પરપ્રકાશકપણું કહે છે. જ્ઞાનને જ્ઞાન જાણે એ સ્વપ્રકાશક અને જ્ઞાન બધા ગુણોને જાણે એ પરપ્રકાશક, પણ એ નિશ્ચય(નય)થી. આવી વાત છે ઝીણી. સમજાણું કાંઈ?

**તેથી આ અપેક્ષાએ એમ સિદ્ધ થયું કે નિશ્ચયપક્ષે પણ જ્ઞાન સ્વને તેમજ પરને જાણે છે.** વચમાં નિશ્ચય આવ્યો હતો એ બીજો નિશ્ચય આવ્યો હતો શુદ્ધનિશ્ચય. એ તો અંતર જ્ઞાન, દર્શનાદિ... જ્ઞાનગુણ જે છે એ પોતાના દ્રવ્યને જાણે એમ આવ્યું હતું ત્યાં. એ ધ્રુવ.. ધ્રુવ. સમજાણું કાંઈ? **સહજજ્ઞાનદર્શન વડે નિજકારણપરમાત્માને**, એમ. જાણે-દેખે. એ ગુણ.. ગુણ.. ગુણ જે છે એ દ્રવ્યને જાણે-દેખે, એમ. સમજાણું કાંઈ? અહીં તો જ્ઞાનની પર્યાય, એ જ્ઞાન જ્ઞાનને જાણે, જ્ઞાન બીજા ગુણોને જાણે, જ્ઞાન દ્રવ્યને જાણે—એમાં બધું સ્વ આવ્યું. ભલે પર કહ્યું, પણ એ આત્મામાં રહેલા ગુણો એ રીતે પર કહ્યું, જ્ઞાનની અપેક્ષાએ. સમજાણું કાંઈ? એ રીતે સ્વપરપ્રકાશકપણું જ્ઞાનમાં ઠરે–સિદ્ધ થાય છે. આવું બધું શું હશે આ બધું? એ એનો

સ્વતઃ સ્વભાવ કેવો છે? અને પરને જાણે એમ કહેવું એ ઉપચાર છે. કેમ કે પરમાં તન્મય થતો નથી. સમજાણું? અહીં તો એમેય લીધું કે પરને જાણે, સ્વને જાણે—બેય થઈને વ્યવહાર કહ્યું. સ્વપરપ્રકાશકમાં બીજું આવ્યુંને. સમજાણું કાંઈ? આવા આકરા પ્રકાર છે. આમાં યાદ રહે?

**એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકાના ૧૯૨મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :** મોક્ષ અધિકારનો છેલ્લો કળશ છે આ. સમયસારનો મોક્ષ અધિકાર છે એનો છેલ્લો કળશ છે આ. એ પોતાના આધાર માટે એને આપે છે. ત્યાં તો મોક્ષ અવસ્થા જ લ્યે છે ચોખ્ખી આમાં તો. મોક્ષ અધિકાર છેને ત્યાં એટલે એની અવસ્થા જ લાગુ પડે છે બસ.

**बन्धच्छेदात्कलयदतुलं मोक्षमक्षय्यमेत-**
**न्नित्योद्योतस्फुटितसहजावस्थमेकान्तशुद्धम् ।**
**एकाकारस्वरसभरतोत्यन्तगंभीरधीरं**
**पूर्णं ज्ञानं ज्वलितमचले स्वस्य लीनं महिम्नि ॥**

કહે છે કે કેવળજ્ઞાન-પર્યાય જે કેવળજ્ઞાનની એ કેવી થઈ? કેવી છે? **શ્લોકાર્થ : કર્મબંધના છેદથી અતુલ...** એ જ્ઞાની પર્યાય કર્મબંધના છેદથી જેને ઉપમા નથી એવું કેવળજ્ઞાન **અક્ષય (અવિનાશી) મોક્ષને અનુભવતું...** લ્યો. સમજાણું કાંઈ? પરમાત્માની કેવળજ્ઞાનની દશા, કહે છે કે કર્મબંધના છેદથી-કર્મબંધનો છેદ થવાથી અતુલ (એટલે) જે જ્ઞાનની ઉપમા નથી એવો અક્ષય નામ અવિનાશી મોક્ષને.. અતુલ ને અક્ષય એવા મોક્ષને અનુભવતું **નિત્ય ઉદ્યોતવાળી (જેનો પ્રકાશ નિત્ય છે એવી)...** નિત્ય છેને કેવળજ્ઞાન. છે પર્યાય, પણ કાયમ રહેનારી છે. **સહજ અવસ્થા જેની ખીલી નીકળી છે એવું, એકાંતશુદ્ધ (કર્મનો મેલ નહિ રહેવાથી જે અત્યંત શુદ્ધ થયું છે એવું) અને એકાકાર (એક જ્ઞાનમાત્ર આકારે પરિણમેલા)...** જ્ઞેયોના આકારને અહીંયા ગૌણ કરી નાખ્યા છે. જ્ઞેયાકારે નથી, (પણ) જ્ઞેય સંબંધીનું પોતાનું જ્ઞાન જ્ઞાનાકારે પરિણમ્યું છે. સમજાણું કાંઈ? લોકાલોકના જ્ઞેયો છે એ સંબંધીનું જ્ઞાન પોતાનું છે એ જ્ઞાનાકારે એકાકારે પરિણમેલું છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**નિજરસની અતિશયતાથી...** પોતાના બળની વિશેષતાથી, નિજશક્તિના બળની વિશેષતાથી **જે અત્યંત ગંભીર** છે. કેવળજ્ઞાન અત્યંત ગંભીર છે. **અને ધીર છે...** કાયમ રહેનારું છે, ... ધીર છે, ધીરું શાંત છે. **એવું આ પૂર્ણ જ્ઞાન...** લ્યો, આ બધામાં વિશેષણ છેલ્લું આ આવ્યું. **એવું આ પૂર્ણ જ્ઞાન ઝળહળી ઊઠ્યું. (સર્વથા શુદ્ધ આત્મદ્રવ્ય જાજ્વલ્યમાન પ્રગટ થયું).** ભગવાન આત્મામાં 'જ્ઞ' સ્વભાવ હતો-સર્વજ્ઞ સ્વભાવ હતો એમાં એકાકાર થઈને પર્યાયમાં સર્વજ્ઞ પર્યાય એકાકાર જ્ઞાનની દશા, જેમાં કોઈ પરજ્ઞેયનો આકાર છે નહીં. એવી એકાકાર

જ્ઞાનપર્યાય.... દ્રવ્ય પ્રગટ્યું. દ્રવ્ય એટલે આત્મા એ રીતે પર્યાયમાં પરિણમ્યો. ઓહોહો! સમજાણું કાંઈ?

**પોતાના અચળ મહિમામાં લીન થયું.** પોતાનો જે જ્ઞાન ને આનંદાદિ ત્રિકાળી સ્વભાવ એની જ્ઞાનપર્યાય એમાં લીન થઈ ગઈ. આને અરિહંત કહીએ ને એને કેવળજ્ઞાન કહીએ. સમજાણું કાંઈ? 'ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં કરે', પણ અરિહંત કોણ, એનું જ્ઞાન શું, એનું સામર્થ્ય શું, સ્વને કેમ જાણે, પરને જાણે તો કેમ ઉપચાર કહેવો—એની સ્થિતિ જાણ્યા વિના અરિહંતને યથાર્થપણે જાણે નહીં, એ આત્માને પણ યથાર્થપણે જાણે નહીં.

શ્રોતા : પશુ ક્યાં જાણે છે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : પશુ જાણે છે અંદરથી. દિવ્યશક્તિ પોતાની જાણી એમાં એ આવી ગયું બધું. એ મોક્ષનું જ્ઞાન એને આવી ગયું એમાં. મોક્ષ કહો કે કેવળજ્ઞાન કહો. પશુને અંતરમાં જ્ઞાયકસ્વભાવ ચૈતન્ય સંપૂર્ણ શક્તિવંત આનંદમય છે એમ જ્યાં પ્રતીત થઈ, ભેગું પૂર્ણ કરવા એના તરફના સાધનમાં વર્તે છે, ભલે 'પૂર્ણ' શબ્દ ન જાણે. સમજાણું કાંઈ? એટલે પૂર્ણ કરવા મથે છે એ જ મોક્ષને જાણે છે. કહો, સમજાણું કાંઈ? ભારે વાતું. એના નામ ન જાણે, (પણ) ભાવ જાણે છે અંદર.

સહજ આનંદસ્વરૂપ અને જ્ઞાનની મૂર્તિ એવું જે અંતર પકડ અનુભવમાં આવ્યો, આખું આવું સ્વરૂપ એમ અનુભવમાં આવ્યું, એ અનુભવ એ સંવર ને નિર્જરાની પર્યાય થઈ અને સંવર-નિર્જરાની પર્યાયવાળા ગુરુ હોય એ પણ એના જ્ઞાનમાં આવી ગયા. અને એ સંવર સાધક થતાં પૂર્ણ સાધવા, પૂર્ણ થવા, એકરૂપ થવા મથે છે, આ અપૂર્ણ છે એટલે આમ ઢળીને પછી ઢળવું ન રહે એવી એકરૂપદશા કરવા મથે છે, એ એકરૂપદશા પૂર્ણ થાય એને મુક્તિ કહે છે. એ મુક્તિ દેવનું સ્વરૂપ છે. સંવર-નિર્જરા ગુરુનું સ્વરૂપ છે. ધર્મ, એ પોતે શુદ્ધ આનંદનો અનુભવ થયો એ ધર્મ અને એનું ધર્મનું ફળ પૂર્ણ મુક્તિ—બધો એમાં ભાવ આવી જાય છે. સમજાણું કાંઈ?

આત્મા જ્ઞાનસ્વભાવ ને એની મૂડી–પુંજી એનું શું સ્વરૂપ છે એ એના માહાત્મ્યમાં આવ્યું નથી. એનું માહાત્મ્ય આવતાં નવે તત્ત્વનું બધું જ્ઞાન અંદર થઈ જાય, એમ કહે છે. કહો! **અચળ મહિમામાં લીન**... પશુ પણ... સાતમી નરકનો નારકી લ્યોને, એ પણ આત્માના આનંદને જ્યાં અનુભવે છે, જેમાં આનંદસ્વરૂપ પૂર્ણ એ આત્મા, આનંદથી ઉલટી શક્તિ વિનાના તત્ત્વો એ અજીવ, આનંદથી ઉલટું અંદરમાં રાગાદિ થાય તે દુઃખ.—એ આસ્રવ, પુણ્ય-પાપ ને બંધ એનું જ્ઞાન એમાં આવી ગયું. સમજાણું કાંઈ? આ તો ચૈતન્ય બાદશાહની રમતું છે. સમજાણું કાંઈ? કહો, આ હવે પશુને આવી ખબર નથી? અને આ એમ કહે કે કેમ એને સમકિત થાય છે ને અનુભવે છે? એમ કહે છે.

પૂર્વે સાંભળેલું, પણ અનુભવમાં નહીં લીધેલું. શુદ્ધ આત્મા આનંદસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ. એમ જ્યાં અનુભવમાં લીધું કે આ તો જ્ઞાન એકરૂપ. ભલે શબ્દ ન (આવડે), પણ એકરૂપ સ્વભાવ છે એ ત્રિકાળ છે. એના અનુભવમાં આવ્યો એ પર્યાય, એમાં દ્રવ્યનું જ્ઞાન થયું, પર્યાય પોતે થઈ એનું પણ એમાં જ્ઞાન છે. પણ એ સ્વભાવમાં ઢળવા માગે છે, હજી એમને એમ એકાગ્ર થવા (માગે છે), એનો અર્થ કે પૂર્ણ થવા માગે છે, એ મુક્તિ. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગપ્રકાશકમાં લીધું છે. નવ તત્ત્વને તમે સમ્યગ્દર્શન કહો છો, પણ નવ તત્ત્વના ઓલાને નામ પણ આવડતા નથીને? મોક્ષમાર્ગપ્રકાશકમાં લીધું છે. બધું આવડે છે એમાં, સાંભળને! ભાષાનું શું કામ છે અહીં? આહાહા!

**વળી (આ ૧૫૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :** એ ૧૫૯નો ગાથા ચાલીને એનો સાર કહે છે ટૂંકામાં.

**आत्मा जानाति विश्वं ह्यनवरतमयं केवलज्ञानमूर्तिः**
**मुक्तिश्रीकामिनीकोमलमुखकमले कामपीडां तनोति ।**
**शोभां सौभाग्यचिन्हां व्यवहरणनयाद्देवदेवो जिनेशः**
**तेनोच्चैर्निश्चयेन प्रहतमलकलिः स्वस्वरूपं स वेत्ति ॥२७२॥**

ઓહોહો! **શ્લોકાર્થ : વ્યવહારનયથી આ કેવળજ્ઞાનમૂર્તિ આત્મા...** વ્યવહાર એટલે જેમાં પરનો આશ્રય આવે એનું નામ વ્યવહાર. એ એમાં ટીકામાં આવ્યું છે. **નિરંતર વિશ્વને, ખરેખર જાણે છે...** કેવળજ્ઞાનમૂર્તિ આત્મા નિરંતર વિશ્વને ખરેખર જાણે છે. જુઓ! 'ખરેખર' શબ્દ મૂક્યો. વ્યવહારથી બરાબર જાણે છે એમ કહે છે. (શ્રોતાઃ વ્યવહાર તો ખોટો છે...) એ ખોટો નહીં, એ તો તન્મયની અપેક્ષાએ ખોટો. એનું જાણવું તો બરાબર છે. 'ખરેખર' શબ્દ વાપર્યો જોયું! એ વ્યવહારનયે વાત કહે છે. એમ કે વિશ્વને પણ જાણે છે **અને મુક્તિલક્ષ્મીરૂપી કામિની** એટલે પોતાની કેવળજ્ઞાનની પૂર્ણ પર્યાય એનું **કોમળ મુખકમળ પર કામપીડાને અને સૌભાગ્યચિહ્નવાળી શોભાને ફેલાવે છે.** એ પોતાની પર્યાયને શોભા આપે છે એમ કહે છે. પોતાની પર્યાયને પણ જાણે છે. સમજાણું કાંઈ?

અથવા એ પોતાને જાણે ને પરને જાણે—(એમ) બે થઈને વ્યવહાર કહેવામાં આવે છે. સ્વપરપ્રકાશક સિદ્ધ કરવું છેને અહીંયા. ભગવાન આત્મા પોતાના જ્ઞાનમાં આ વિશ્વ બધું બરાબર જાણે છે એમ. સમજાણું કાંઈ? અને પોતાને પણ જાણે છે. એ બે થઈને વ્યવહારનય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? .... પોતાની આનંદદશા, જ્ઞાનદશા એ બધાને શોભાવે છે, પર્યાયમાં એને જાણે છે. આહાહા! પણ એમાં બે આવ્યા ખરાને-પર ને સ્વ, એથી એને વ્યવહાર કહેવામાં આવ્યું. આવે છેને ઓલામાં, નહીં? રહસ્યપૂર્ણ ચીઠ્ઠી. અંતઃતત્ત્વ ને બહિઃતત્ત્વની શ્રદ્ધા તે વ્યવહાર છે. છેને આમાં ક્યાં? છઠ્ઠી ગાથા? કઈ? આમાં ને? લ્યો. કઈ

ગાથામાં છે? બાર. બાર પાને છે. બહિઃતત્ત્વ ને અંતઃતત્ત્વરૂપ પરમાર્થ તત્ત્વના બે ભેદોવાળા... જુઓ! તત્ત્વો–બહિઃતત્ત્વ, અંતઃતત્ત્વ પરમાર્થ ભેદોવાળા એ વ્યવહાર થયો અને જીવ-અજીવ આદિ સાત પ્રકારે એ પણ વ્યવહાર થયો. શું કહ્યું એ? અંતઃતત્ત્વરૂપ પરમાત્મા ને બહિઃતત્ત્વરૂપ આ—એ બેની શ્રદ્ધા તેને વ્યવહાર સમકિત કહેવું.

આ ચોખ્ખું તો કેટલું થાય છે. બે થયું ત્યાં વ્યવહાર થયો, એક રહ્યો ત્યાં નિશ્ચય થયો. હવે આ વાત તો થઈ ગઈ ચોખ્ખી. સમજાણું કાંઈ? અંતઃતત્ત્વ પરમાત્મા પોતાનું સ્વરૂપ અને સાત પર્યાય બહિઃતત્ત્વ એમાં બેને ભેગા જાણે છે માટે બે થયા માટે વ્યવહાર થઈ ગયો. કહો, સમજાણું કાંઈ? કહો, પંડિતજી! એકલો ભગવાન આત્મા પોતે પોતાને જાણે, જ્ઞાન જ્ઞાનને જાણે, બીજા ગુણોને જાણે–આને જાણે એ નિશ્ચય. સમજાણું કાંઈ? આ તો સાદી ભાષાથી આવે છે, પણ હવે આ વિષયની વાતનો અભ્યાસ જ નહીં, બહારની ક્રિયાકાંડના અભ્યાસ બધા જે રાગરૂપ, પુણ્યરૂપ ક્રિયા પરિણામ છે. પણ આ આત્મા અંદર શું? એ તો આત્મા, કહે છે કે વ્યવહારનયથી તો વિશ્વને જાણે. જાણે, વિશ્વને કરે, રચે નહીં. સમજાણું કાંઈ?

કહે છેને કે જગતનો ઈશ્વર કર્તા છે, વિશ્વને રચે છે. છે એને રચે શું? એ પહેલાં વિશ્વ નહોતું? એ પહેલાં સર્વજ્ઞ નહોતો? સર્વજ્ઞ ક્યારે થયો એ? સર્વ વસ્તુ હોય તો સર્વજ્ઞ થાય. પણ સર્વજ્ઞ પોતે બનાવે, ત્યારે સર્વજ્ઞ તો છે નહીં પહેલો. સમજાણું કાંઈ? આત્મા વિશ્વને જાણે. છે વિશ્વ લોકાલોક આખું. જેમ છે એને જાણે, પોતાને જાણે. એવા બે થઈને... બે આવ્યાને? એટલે નિશ્ચયમાં બે ન હોય, નિશ્ચયમાં એકલો આવે, નિશ્ચયમાં બે ન આવે. એકલો સ્વ આવે એનું નામ નિશ્ચય. સમજાણું કાંઈ? ચેતનજી! ભારે આવું ઝીણું. એના જ્ઞાનનો મહિમા જણાવે છે.

ભગવાન! તારું જ્ઞાનનું એવું સ્વરૂપ છે કે પરને જાણે એમ કહેવું એ વ્યવહાર. અને પર સહિત સ્વને જાણે—એવા બેને જાણે એ કહેવું પણ વ્યવહાર. અને એકલા સ્વને જાણે, પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય ને અનંત ગુણને એ નિશ્ચય. અને એમાં સ્વ-પર નાખ્યું એ તો જ્ઞાન સ્વ છે અને જ્ઞાનની અપેક્ષાએ બીજા પર છે, પણ છે એ આત્મગતમાં રહેલા. વિશ્વગત પરમાં નહીં. સમજાણું કાંઈ? એ વ્યવહાર કહ્યો. વાત સમજાતી નથી? કે આત્મા સ્વ.. સ્વ.. સ્વને આશ્રયે સ્વને જાણે એનું નામ નિશ્ચય. ભલે એના જ્ઞાનને જ્ઞાન જાણે (અને) જ્ઞાન અનંત ગુણને જાણે, પણ છે એ સ્વપરપ્રકાશક નિશ્ચય. સ્વપરપ્રકાશક નિશ્ચય, કારણ કે સ્વમાં છે એ બધું. અને વિશ્વ છે એ સ્વથી પર છે. લોકાલોક એને જાણે એ તો વ્યવહાર છે, પણ એના સહિત આત્માને પણ જાણે બે ભેગા એ પણ વ્યવહાર છે.

**નિશ્ચયથી તો, જેમણે મળ અને ક્લેશને નષ્ટ કરેલ છે...** એ ૨૭૨. જેમણે નિશ્ચયથી તો મળ અને ક્લેશને નષ્ટ કરેલ છે **એવા તે દેવાધિદેવ જિનેશ** કેવળી **નિજ સ્વરૂપને અત્યંત જાણે**

**છે.** જેમાં તન્મય થઈને અનુભવે, જાણે એનું નામ 'અત્યંત જાણે છે'. કહો, સમજાણું કાંઈ? કેવળજ્ઞાનમાં બધા વાંધા ઉઠાવે છે અત્યારે. આ કહીને બીજી ગાથામાં એ જ ઉપાડશે. એક મત છેને આખો શ્વેતામ્બરનો. એક સમયમાં બે ઉપયોગ ન હોય, કાં જ્ઞાન ઉપયોગ હોય કેવળીને કાં દર્શન ઉપયોગ હોય. બેમાંથી એક હોય, બે એક સાથે ન હોય. એ સિદ્ધ કરવા અહીં વાત ઉપાડી છે. એક સમયે બે ઉપયોગ હોય. સમજાણું કાંઈ?

આત્મા એક છે અને એના ગુણો બે સાથે ભેગા છે. એટલે ગુણોનું કાર્ય એક સમય બે ઉપયોગ છે. જ્ઞાન-ઉપયોગ અને દર્શન-ઉપયોગ. એક મત એવો છે સિદ્ધસેનદિવાકરનો કે એક સમયમાં બે નહીં, એક જ ઉપયોગ છે. એ જૂઠું છે. અને એક સમયમાં એક અને બીજે સમયે બીજો ઉપયોગ એ પણ જૂઠું છે. એ અખંડજ્ઞાનનું ભાન નથી એટલે આવા બધા તર્કો ઉઠ્યા છે એમ કહે છે. બીજાઓ શું કહે છે એની સામે એનો નિર્ણય ટકી રહેવો જોઈએ કે નહીં? જે વસ્તુ છે એ રીતે નિર્ણય ક્યારે ટકશે? પાંચમી ગાથામાં આવ્યું, સમયસાર. અન્યમતિના ભાવોથી... શું આવ્યું છે કે નહીં? નિસ્તુષ. સમયસાર. કુંદકુંદાચાર્યે કહ્યું નહીં? પાંચમી ગાથામાં કહ્યું નહીં?

જુઓ! આવ્યું. **સમસ્ત જે વિપક્ષ–અન્યવાદીઓથી ગ્રહણ કરવામાં આવેલ સર્વથા એકાંતરૂપ નયપક્ષ તેમના નિરાકરણમાં સમર્થ**... એની સામે આ વાત છે ને આ નહીં—એવું જ્ઞાન વિના ટકી નહીં શકે. બીજા અહીંયા ભરાવશે કાંઈ .... તો આખું ગુલાંટ ખાઈ જશે. સમજાણું કાંઈ? **અતિનિસ્તુષ નિર્બાધ યુક્તિ તેના અવલંબનથી જેનો જન્મ છે**... કુંદકુંદાચાર્ય કહે છે કે મારા જ્ઞાનના વૈભવની ઉત્પત્તિ આગમની સેવાથી અને બીજા કહે છે એની યુક્તિનો નાશ કરવાથી–નિરાકરણ કરીને મારો વૈભવ ઉત્પન્ન થયો છે. સમજાણું કાંઈ? આ શું જૈનમાં આવીને કેટલાક કેવળી કેવળી માને, પણ બીજા કાંઈ જરી કહે તો, હા, ... એ સાચો લાગે છે. કહો, સમજાણું કાંઈ?

અહીંની વાત નિશ્ચયવાળી (સાંભળ્યું હોય) એ પણ કેટલાક રજનીશનું સાંભળીને વળી કહે, હા, મહારાજ કહે એવું જ છે આ તો. આ ભાઈ કુંડલાવાળા કહેતા જયંતીભાઈ. મહારાજ જેવું છે. એની વહુને કહેતા, મહારાજ જેવું છે હોં. એની વહુ કહે, પણ એવું અમે ન માનીએ. મહારાજ પાસે કબૂલ કરાવો. તો બાયડી અંદરની... કુંડલાવાળા, નહીં? ઘાટકોપર છેને. એમ બીજા આ ચંદુભાઈ. એય! તમારા પિતાશ્રી ન્યાં રજનીશમાં ગયા હતા. ખબર છે? એને એવું હતું કે માળું લાગે છે તો સારું. એના જેવું લાગે છે. અહીં સાંભળ્યા પછી કહે, ઓય માળે! ચંદુભાઈ. પછી તો ઘણી... બોલ્યા હતા. અને આજેય કોઈક કહેતું. બે-ચાર દિ' પહેલા ઓલા મોહનભાઈ આવ્યા હતાને? મોહનભાઈ કામદાર, નહીં? છોટાભાઈ.

છોટાલાલ કામદાર કહેતા કે આપણા પક્ષમાંથી કોઈક ન્યાં કહે છે. રજનીશનું પણ મહારાજ જેવું જ છે હોં કહે. કહો, હવે આવા ને આવા. વાડાની વાતુંમાંથી નીકળ્યા, ત્યાં પાછી

ઓલી નિશ્ચયની વાત કેવી ને કેમ છે એની ખબર વિના (કહે કે) એ પણ એવું કહે છે. એ કહેતા હતા છોટાભાઈ. આહાહા! અહીં ઘણા બધા... મૂરખાના કાંઈ ગામ જુદા હોય છે? ભાન ન મળે, આ શું ચીજ છે. આવી સર્વજ્ઞની ચીજ એ ચીજ ક્યાંય ત્રણ કાળ, ત્રણ લોકમાં બીજે ક્યાંય નથી. આહાહા! બધા રજનીશ ને વેદાંત ને અરવિંદ ને ઓલા છેને? ઓલા શું કહેવાય? રમણ મહર્ષિ. બધા વેદાંતી ગપ્પેગપ્પ મારનારા. સમજાણું કાંઈ?

આ તો સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર એક સમયમાં ન્યાય, લોજીક, યુક્તિ, અનુભવથી બેસી સકે એવી વાત છે. હવે એ બધા પડખેથી ન સમજે અને એક પડખું એવું કાંઈક લાગે તો કહે, હા, એના જેવું લાગે છે હોં. સમજાણું કાંઈ? એથી એણે બરાબર જેટલા ઊંધા શલ્ય નાખ્યા છે એટલા સવળા સમજવાની દરકાર કરવી પડશે.

શ્રોતા : પહેલેથી જ આપની વાત સાંભળીને ઊંધા ન ચડ્યા હોય એને શું વાંધો છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : અરે! ઊંધા તો હોય. ન હોય શું? એ બહારમાં ન હોય, પણ અંદરના તો હોયને. રાગથી ધર્મ થાય, પુણ્યથી ધર્મ થાય, દેહની ક્રિયા હું કરું—એવા લાકડા તો હોય છેને એને અનાદિના. એય! આહાહા!

આ તો સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ વીતરાગ પરમાત્મા એના મુખે નીકળેલી વાણી એ ક્યાંય છે નહીં એવી. સમજાણું કાંઈ? કોઈની સાથે મેળ નથી. એનો મેળ એની સાથે છે. એવી વાત છે. **દેવાધિદેવ જિનેશ**—વીતરાગના ઈશ્વર પરમાત્મા કેવળી તીર્થંકર નિજસ્વરૂપ... વાડાવાળાને જ્યાં ખબર નથી, ઓલો કહે દયા પાળો ને પોષા કરો, ઓલો કહે જાત્રા કરો, ઓલો કહે કે આમ ખાવું, ન ખાવું. એટલે ન્યાં ને ન્યાં સલવાઈ ગયા. તત્ત્વ રહી ગયું ક્યાંક. સમજાણું કાંઈ? ત્રણે વાડાને જોયા છેને. બધું બરાબર જોયા છે બધાને. ઓલો કહે દયા પાળો.. દયા પાળો.. દયા પાળો, વ્રત કરો ને અપવાસ કરો. એમાં શું આવ્યું? દયા કોણ પાળે? પરની કોણ પાળતું હતું? થઈ રહ્યું ત્યારે, માથાકૂટમાં ન પડ્યો તો મિથ્યાત્વમાં પડ્યો રહ્યો એમાં. એય પોપટભાઈ! આહાહા!

કોનું કરે? કોની દયા પાળે? પરની? પરપદાર્થ સ્વતંત્ર છે. એની પર્યાય એનાથી બને. એમાં કરે કોણ એની? અને પરપદાર્થના આશિષ મળે તો અહીં લાભ થાય—એવો છે આત્મા? વળી કોઈક કહેને કે ગુરુની કૃપા થઈ જાય તો મુક્તિ થઈ જાય. લાકડા કંઈક છે. એ આવે, પણ કઈ અપેક્ષાએ આવે છે? એય! એનો અર્થ કે જે સર્વજ્ઞે અને પરમગુરુ સંતોએ કહ્યું... આમાંય આવશે આગળ. આમાં આવશે જુઓ, ૨૭૩. આ ૨૭૨ કળશ છે. ૨૭૩માં આવશે જુઓ! બીજે પાને. જેમ સૂર્ય(ના નિમિત્તે) જગતના જીવોને નેત્ર પ્રાપ્ત થાય છે. (**સૂર્યના નિમિત્તે** જગતના **જીવોનાં નેત્ર દેખવા લાગે છે), તેવી રીતે જ્ઞાન ને દર્શન (યુગપદ્) હોય છે... સર્વજ્ઞ ભગવાનને**

**જ્ઞાન અને દર્શન એકીસાથે હોય છે અને વળી સર્વજ્ઞ ભગવાનના નિમિત્તે જગતના જીવોને જ્ઞાન પ્રગટ થાય છે).**

છે? એનો અર્થ શું? કે સર્વજ્ઞ એક સમયમાં આવું જ્ઞાન ત્રણ કાળ, ત્રણ લોકને જાણે, એવું જ્ઞાન જેના લક્ષમાં આવે એને દ્રવ્ય તરફમાં દૃષ્ટિ જઈને અનુભવ થયા વિના રહે નહીં. એની આંખ્યું ખુલી જાય એમ કહે છે. આંખ્યું બંધ હોય ને સૂર્ય ઉગ્યો, ઓલા કાર્યને દેખે, એ કાર્યને કરે ને દેખે ને બીજાને દેખે. એમ જ્ઞાનમાં જગતના બધા કાર્યો કેવા એને દેખે અને પોતાનું કાર્ય કરે સ્વભાવનું, સર્વજ્ઞની પ્રતીત અને સર્વજ્ઞની બરાબર અંદર દૃષ્ટિ પડે તો. એટલું સર્વજ્ઞનું નિમિત્ત કહેવામાં આવે, આ કરે તો. સમજાણું કાંઈ? સૂર્ય ઉગ્યો પણ આંખ્યું ઉઘાડ્યા વિના ઊભો રહે તો? એમ ભગવાન સર્વજ્ઞસૂર્ય ઉગ્યા છે, પણ જે આંખ્યું ઉઘાડે એને ને? આહાહા!

એક સમયમાં જેના અંત નહીં કાળ, દ્રવ્ય, ક્ષેત્ર, ભાવ આદિ અનંત, એને રાગના અવલંબન વિના, જ્ઞેયના અવલંબન વિના.. આહા! એક સમયની પર્યાય આવું જાણે ભાઈ! આ તે કાંઈ વાત કેવી! સમજાણું કાંઈ? એનો એને અંતર ભરોસો આવે ત્યારે એ સર્વજ્ઞના પ્રકાશમાં પોતાના આંખ્યું ઉઘડી ગઈ, એ સર્વજ્ઞનું નિમિત્ત છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શ્રીમદે કહ્યું છેને, 'કરુણા હમ પાવત હૈ તુમકી, યહ બાત રહી સુગુરગમકી.' ક્યાં ગયા ડોક્ટર? આવે છેને? 'કરુણા હમ પાવત હૈ તુમકી..' ભગવાનની કરુણાથી હશે? ત્યાં તો એમ કહ્યું. 'કરુણા હમ પાવત હૈ તુમકી..' આહાહા! સર્વજ્ઞના જ્ઞાનમાં અમારો આત્મા આ સમયે આ રીતે પામશે એમ જે આપના જ્ઞાનમાં હતું, એ જ્ઞાનની–આપની અમારા ઉપર કરુણા છે એમ કહે છે. સમજાય છે કાંઈ?

ભજનમાં આવે છેને. ભજનમાં નથી આવતું? 'મારે માથે સીમંધર સ્વામી સદા મારી રક્ષા... 'સદા' શબ્દ છે? 'અખંડ મારી રક્ષા કરે.' ભગવાન રક્ષા કરતા હશે?

શ્રોતા : ભગવાનને માનવા શું કરવા?

પૂજ્ય ગુરૂદેવશ્રી : માનવા, ભગવાન પોતાનો આવડો છે એવું જાણવા માનવું. અરીસામાં જોવું છે કે મારું ચિત્ર કેવું છે. સમજાય છે? એમ એ આદર્શ છે ભગવાન. અરીસો છે. આવું કેવળજ્ઞાન.. આહાહા! એ રાગથી પમાય નહીં, નિમિત્તથી પમાય નહીં. આહાહા! એવી કેવળજ્ઞાનદશા.. એવી કેવળજ્ઞાનદશા જેને બેઠી, એને તો કેવળજ્ઞાનનો પિંડ પ્રભુ આત્મા અંદર બેઠો એને. આહાહા! આવી વાત છે. આકરું ભારે કામ છે. આમ તો 'ણમો અરિહંતાણં' કરીને મરી ગયો અનંત વાર. અનંત વાર નવકાર ગણ્યા છે. સમજાણું કાંઈ? અનંત વાર જૈનનો સાધુ થયો, દિગંબર સાધુ અનંત વાર થયો. શું થયું એમાં? એના જ્ઞાનનેત્ર ખુલ્યા નહીં. સર્વજ્ઞ તો જ્ઞાનનેત્ર ખોલવામાં નિમિત્ત છે. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ ભગવાનના નિમિત્તે જગતના જીવોને... ....ઓલાએ નથી કર્યું. મેં જોયું કે ઓલાએ કર્યું છે? છે શીતલપ્રસાદનું. અહીં, '**जगतां लोचनं जायतेऽस्मिन्.**' એમ છેને ત્રીજી લીટી? '**जगतां लोचनं जायतेऽस्मिन्.**' જગતના જીવને લોચન ઉત્પન્ન થાય છે સૂર્યને કારણે. એમ ન્યાય આવવો જોઈએને પાછો. જગતના જીવને સર્વજ્ઞ પરમાત્માથી, આવો પ્રકાશ પરમાત્માનો પૂર્ણ છે એવું જેણે જાણ્યું એને સર્વજ્ઞના નિમિત્તે જ્ઞાન ખુલ્યા એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ તો અંદરની વાતું છે ભાઈ! બહારથી કાંઈ ખુલ્લું પડે એવું નથી. એ ૨૭૨ થયો. કળશ છે હોં, ગાથા ૧૬૦.

**जुगवं वट्टइ णाणं केवलणाणिस्स दंसणं च तहा ।**
**दिणयरपयासतावं जह वट्टइ तह मुणेयव्वं ॥१६०॥**
**જે રીત તાપ-પ્રકાશ વર્તે યુગપદે આદિત્યને,**
**તે રીત દર્શન-જ્ઞાન યુગપદ હોય કેવળજ્ઞાનીને. ૧૬૦.**

**ટીકા : અહીં ખરેખર કેવળજ્ઞાન અને કેવળદર્શનનું યુગપદ્ વર્તવાપણું દૃષ્ટાંત દ્વારા કહ્યું છે.** જુઓ! શ્વેતામ્બરમાં મોટો ફેર છે આખો. શ્વેતામ્બર એક સમયમાં કેવળજ્ઞાનનો ઉપયોગ માને, બીજે સમયે કેવળદર્શનનો માને. એ તત્ત્વથી, સત્યથી વેગળું–વિરુદ્ધ છે. એ કહીએ છીએને આ. આ થાય છેને સિદ્ધ. કેમકે દ્રવ્ય કર્તા એક છે, એના ગુણો બે છે, તો એનો એક સમયે એક જ કર્તા છે એટલે એક સમયે જ બે ઉપયોગ હોય. સમજાણું કાંઈ? એક સમયે એક ઉપયોગ અને બીજે સમયે બીજો હોય એ તો ખંડખંડ થઈ ગયું. કેવળજ્ઞાન પણ અડધું કેવળજ્ઞાન ને અડધું કેવળદર્શન એમ થયું. એક સાથે કેવળજ્ઞાન, કેવળદર્શન નહીં. મોટો ફેર છે. સમજાણું કાંઈ?

શ્રીમદ્‌માં એ આવે છે કે દિગંબરોએ કેવળજ્ઞાનને શક્તિરૂપે માન્યું છે અને શ્વેતામ્બરોએ સત્તારૂપ માન્યું છે. પણ ખુલાસો કર્યો નથી કારણ કે લોકો એવા તૈયાર નહોતા. મોટો ફેર, શક્તિ અને સત્તાનો મોટો ફેર ઉગમણો ને આથમણો. સમજાણું કાંઈ? સત્તારૂપનો એ અર્થ કે કેવળજ્ઞાન તો છે અંદર, પણ આવરણથી ઢંકાયેલું છે માટે પ્રગટ નથી. અને શક્તિનો અર્થ એવો કે જ્ઞાન શક્તિરૂપે સમર્થ છે, પ્રયોગ કરે–અંદરમાં એકાગ્ર થાય તો પ્રગટ થાય. મોટો ફેર, ઉગમણો આથમણો ફેર છે. લોકોને નથી પકડાતું. સમજાણું કાંઈ? બેય ધર્મ સરખા છે. કોઈ પ્રત્યે વિરોધ નહીં, કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષ નહીં. ચાહે તો વિરોધી આખો નાસ્તિક હો, છે એ પર્યાયમાં ભાઈ! એના પ્રત્યે વિરોધ, દ્વેષ એમ ન હોય. વસ્તુસ્થિતિ છે એમ જાણવી. સમજાણું કાંઈ?

કુંદકુંદાચાર્યે પોકાર કરીને તો ઉપયોગનો અધિકાર લીધો છે. સમજાણું કાંઈ? આમ ન માને તો, જ્ઞાનગુણે અખંડ આત્મા છે ને એની પર્યાય એક સમયે અખંડ પ્રગટ થાય એવું ન

માન્યું એણે. એક સમયમાં કેવળજ્ઞાન જાણે ત્યારે બીજો જ્ઞાનનો પર્યાય પ્રગટ્યો એણે શું કર્યું એ વખતે? આવરણ એક સાથે બેય નથી ત્યાં? આવરણ તો એક સાથે છે બેય જ્ઞાનાવરણીય ને દર્શનાવરણીયના. એક સાથે ... તો એક સાથે બે પર્યાય ઉપયોગ હોય છે. સમજાણું કાંઈ? એ થોડા થોડામાં મોટો ફેર છે. આહાહા! સમજાણું કાંઈ?

શ્રોતા : .........

પૂજ્ય ગુરૂદેવશ્રી : થઈ રહ્યું ત્યારે પછી, એક સમયમાં (બે) ઉપયોગ નહીં એનો અર્થ શું? એ બધું.... આગમ એટલે પણ એના કલ્પેલાને? ભગવાનના આગમ ક્યાં છે? એય! આપણે તો સત્ય છે એ આ છે. (શ્રોતા : ...થાય છે આગમ?) કલ્પિત આગમ કહે છે... બિલકુલ કલ્પિત છે બધી વાતું. ખરેખર તો... બહુ ઝીણી વાતું પડે. દૃષ્ટિ મિથ્યા થયા પછી શાસ્ત્ર રચાણા છે ૩૨-૪૫ બધા થઈને—આમ છે. એય! આવી વાત આવે નહીં અંદર. કેવળજ્ઞાન એક સમયમાં ને બીજે સમયે કેવળદર્શન. આ શું છે આ તે કાંઈ? એ કાંઈ વસ્તુનું સ્વરૂપ છે? સાદિ-અનંત, પણ કઈ રીતે? એ તો જે સમયે થયું એવું ને એવું કેવળજ્ઞાન સાદિ-અનંત, દર્શન પણ જે થયું એવું સાદિ-અનંત. ઓલામાં ... ન રહ્યું. એક સમયમાં (જ્ઞાન) ઉપયોગ રહ્યો એ સમયે દર્શન ન રહ્યું, દર્શનના ઉપયોગ (સમયે) જ્ઞાન ન રહ્યું. સાદિ-અનંત ક્યાં રહ્યું?

આવે છે, પણ ક્યાં વિશેષ સ્થિતિ ઓલાએ કહ્યું છેને સિદ્ધસેનદિવાકરે? સાદિ-અનંત તો કહ્યું શાસ્ત્રમાં, માટે એક ઉપયોગ પહેલા ને પછી બીજો એમ ન હોય. શાસ્ત્રમાં કહ્યું છેને? ત્યારે વળી એણે ગપ્પ માર્યું બીજું. એ તો અન્યની અપેક્ષાએ કહ્યું છે. ન્યાં તો ચોખ્ખા પાઠના પાઠ સેંકડો ભર્યા છે. કેવળજ્ઞાની જે સમયે જાણે તે સમયે દેખે નહીં, જે સમયે દેખે તે સમયે જાણે નહીં—એવા પાઠના પાઠ ભર્યા છે. એમ ચાલે નહીં. એમ કોઈ ન્યાય બેસવો જોઈએને. સત્યનું સત્ય સ્વરૂપ શું છે? સમજાણું કાંઈ?

શ્રોતા : લબ્ધ....

પૂજ્ય ગુરૂદેવશ્રી : પણ લબ્ધ એને હોય? છદ્મસ્થને લબ્ધ ઉપયોગ હોય. એ કહે છે ખબર છે. ચારે જ્ઞાન ભેગા હોય.... એની એકે-એક ઘણી વાત થઈ ગઈ છે. ઓલા હજારો બોલ કાઢ્યા છે. લખેલા છે અહીં. દિગંબર ને શ્વેતામ્બર વચ્ચે હજારો બોલનો ફેર છે, મુદ્દાના બોલનો ફેર છે. હજારો કાઢેલા છે. એક ફેરી વાંચતો હતોને, ..ની સાથે લખીને મેળવેલા છે બધા. બહાર ક્યાં કાઢવા તકરારમાં? આ તો માર્ગ કુંદકુંદાચાર્ય કહે છે. એક જ સમયમાં સૂર્યને આતાપ ને પ્રકાશ છે, એમ કેવળજ્ઞાનીને એક જ સમયમાં કેવળજ્ઞાન ને કેવળદર્શન હોય છે. સમજાણું કાંઈ? શ્રીમદ્દે જેને સદ્ગુરુ સ્વીકાર્યા છે કુંદકુંદાચાર્યને એ આમ કહે છે અને બીજા આમ (ઊંધું) કહે. બેય ભેગા માનવું?

શ્રોતા : અપેક્ષા હોયને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : અપેક્ષા કેવી? હોય એની અપેક્ષા કે ન હોય એની અપેક્ષા? સિદ્ધને પણ વર્તમાન દુઃખ છે એવી અપેક્ષા છે. છે અપેક્ષા ત્યાં? એ કઈ અપેક્ષાએ? વર્તમાન દુઃખ છે, વેદે છે દુઃખને—એવું હોય નહીં. એ તો ઇન્દ્રિયનું જ્ઞાન નથી એને વર્તમાન, એ અપેક્ષાએ એને જ્ઞાન નથી એમ કહ્યું. એ તે કઈ અપેક્ષા છે? વેદનમાં દુઃખ હોય સિદ્ધને? ત્યારે કહે, ભૂતકાળની અપેક્ષાએ કહ્યું. પણ એ ક્યાં, આ તો વર્તમાન ભાષા લેવી છે અહીં. એય જેઠાભાઈ! આવું છે બાપા! આહાહા! ભાઈ! માર્ગ એવો આકરો છે, શું થાય?

આચાર્ય કહે છે જુઓ! **અહીં દૃષ્ટાંતપક્ષે કોઈ વખતે વાદળાંની ખલેલ ન હોય...** સૂરજને વાદળા આડા ન હોય **ત્યારે આકાશના મધ્યમાં રહેલા સૂર્યના પ્રકાશ અને તાપ...** એ સૂર્યનો પ્રકાશ ને તાપ **જેવી રીતે યુગપદ્ વર્તે છે...** એક સમયમાં બે હોય. પ્રકાશ પહેલો ને તાપ પછી એમ હોય? દૃષ્ટાંત તો આવો આપ્યો છે. આચાર્યે પોતે આપ્યો છે જુઓ! **दिनकरप्रकाशतापौ..** પાઠ છે. સૂક્ષ્મ ન્યાયોના ભાવની ખબર ન હોય... શ્રીમદ્ પણ કહે છે કે ભાઈ! મહાવીરના બોધને પાત્ર તો સૂક્ષ્મ બોધનો અભિલાષી, સૂક્ષ્મ બોધનો અભિલાષી (હોય) વાસ્તવિક. આ તો બધું સ્થૂળ છે. સમજાણું કાંઈ? સદૈવ સૂક્ષ્મ બોધનો અભિલાષી. કોઈ વખતે સૂક્ષ્મ ઠીક પડે અને કોઈ વખતે ઠીક ન પડે—એમ નહીં. એવી વાત છે બાપુ! બહુ આકરું કામ છે. સાધક એટલે મહાવીરના બોધને પાત્ર. શરૂઆતમાં આવ્યું છે, સદૈવ સૂક્ષ્મ બોધનો અભિલાષી. સૂક્ષ્મ બોધ... એ શું ક્ષયોપશમ છે. આહાહા! ઝઘડા ઝઘડા આવા. ...કાળ... સત્ય તો સત્ય જ હતું.

જેવી રીતે વાદળાની ખલેલ–આડશ ન હોય ત્યારે આકાશના મધ્યમાં રહેલા સૂર્યના પ્રકાશ અને તાપ યુગપદ્ વર્તે, **તેવી જ રીતે ભગવાન પરમેશ્વર તીર્થાધિનાથને...** ત્રિલોકનાથ તીર્થંકરદેવને... અનંત તીર્થંકરો થયા, અત્યારે ભગવાન બિરાજે છે સીમંધર પરમાત્મા. મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર, લાખો કેવળીઓ બિરાજે છે. સિદ્ધ થયા એ તો અનંતા છે. તેવી રીતે... અહીંયા નાખ્યું છે. ભગવાન પરમેશ્વર તીર્થાધિનાથને **ત્રિલોકવર્તી અને ત્રિકાળવર્તી...** ત્રણ લોકમાં વર્તનારા અને ત્રણ કાળમાં વર્તનારા **સ્થાવર-જંગમ દ્રવ્યગુણપર્યાયાત્મક જ્ઞેયોમાં...** સ્થાવર ને જંગમ (એટલે) સ્થિર રહેનારા અને ગતિ કરનારા. 'સચરાચર' આવ્યું હતુંને?

**દ્રવ્યગુણપર્યાયાત્મક જ્ઞેયોમાં સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન અને કેવળદર્શન...** બધા દ્રવ્યગુણપર્યાય એવો જ્ઞેયોમાં સકળ-વિમળ કેવળજ્ઞાન ને કેવળદર્શન **યુગપદ્ વર્તે છે.** એક સમયે બે હોય. સમજાણું કાંઈ? તેથી તો અહીં કુંદકુંદાચાર્યની સાબિતીએ આખો અધિકાર લીધો છે. એકલું નથી, આખો લીધો છે નિયમસાર. સમજાણું કાંઈ? સિદ્ધસેનદિવાકરે એક સમયમાં એક ઉપયોગ ગણ્યો. શ્વેતામ્બરે એક સમયે એક અને બીજે સમયે બીજો. બેય વાત જૂઠી છે. ગુણ બે ને ઉપયોગ એક એમ કેમ હોઈ શકે? સમજાણું કાંઈ? અને આવરણ બેયના ગયા ને એક સમયે એક ઉપયોગ ને બીજે સમયે (બીજો) એમ કેમ હોઈ

શકે? આ બધું જાણવાનો પ્રયત્ન કરે તો સમજાય એવું છે હોં. નવનીતભાઈ! એમને એમ ઓઘે-ઓઘે પડ્યા રહે એમ ન ચાલે. ક્યાં એકાંત થઈ જાય છે એને સમજણ વિના ખબર ન પડે. સમજાય છે કાંઈ?

ભગવાન સર્વજ્ઞ પરમાત્માને તો... જેમ વાદળાના અભાવમાં આકાશમાં મધ્યમાં રહેલો સૂર્ય આતાપ અને પ્રકાશથી એક સમયમાં શોભે છે અથવા એક સમયમાં આતાપ ને પ્રકાશ હોય છે. એમ ભગવાનને આવરણના અભાવમાં પોતાની જ્ઞાન ને દર્શન પર્યાય ખીલી ગઈ છે એક સમયમાં. એક સમયમાં બે ઉપયોગ હોય છે. સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્યને નાખવું પડ્યું આવું. પોતે વળી કહેશે આગળ કે મારી ભાવના માટે આ બનાવ્યું છે. કારણ કે વસ્તુની સ્થિતિ જ આવી છે. સમજાણું કાંઈ? કેવળીપરમાત્મા દેવનું સ્વરૂપ કેવું છે એ જાણવું પડશે કે નહીં એણે? ત્વમેવ સત્યં.. શું પણ સત્યં? દેવ કેવા, ગુરૂ કેવા, શાસ્ત્ર કેવા, સિદ્ધાંત શું છે, ધર્મ કેમ થાય, કેમ હોય—એના જ્ઞાન વિના ઓઘે-ઓઘે કૂટાણું છે અનાદિથી. જૈનનો સાધુ થયો છે મોટો, ધ્યાનમાં જંગલમાં હજારો વર્ષ રહ્યો. સમજાણું કાંઈ? પણ વાસ્તવિક તત્ત્વ–દ્રવ્ય શું, ગુણ શું, પર્યાય શું, એની પૂર્ણતા શું—એના બરાબર યથાર્થ ભાન વિના કોરો રહી ગયો, કાંઈ હાથ આવ્યું નહીં.

આ વખતે આપણે આ ૨૫૦૦ વર્ષ ભગવાનના ઉજવવાનો છે. મહાવીર ભગવાનને ૨૫૦૦ વર્ષ થાય છેને. તો બધાએ સંપ કરવો. એ બરાબર છે. એથી બધા ભેગા થઈને એવો ભાવ કરવો. ઉજવવા, પણ એથી કાંઈ વિચારભેદ છે એ કાંઈ મટી જાય એવું છે? આ તો બહારનો, એમ કહે. આને માટે આવ્યા હતા સાહૂજી, જયપુર. બધા ભેગા થઈને..... ભાવ છે ૨૦-૨૫ લાખ, પણ એ ધર્મ નથી કાંઈ. કહ્યું હતું એને હોં જયપુર સાહુજી. ... કહા થા, હમને કહા થા. ભાઈ સ્થાનકવાસી, દેરાવાસી, દિગંબર, શ્વેતામ્બર... ભગવાનનો આવે છે. ભાવ તો .. છે. તેથી કરીને એના મતભેદ છે એ કંઈ મટી જાય એવું છે? આહાહા! મતભેદ મટે તો તો ન્યાલ થઈ જાયને. ઘણા કાળથી પકડ્યું હોય, મોટા મોટા આચાર્યોએ પોષણ આપ્યા હોય, એ ક્યાં મટે? પોતે મટાડે તો મટે. બધાનું મટાડી દીધે એને... એવું કાંઈ થાય નહીં. એ આપણે આવી ગયું છે બધું.

નિધિને પામીને એકલો ... હોય. એકસરખા વિચારવાળા થાય એવું જગતમાં બનશે નહીં. બહુ એવી ઉતાવળ કરીશ નહીં સમજાવવાની કે ઝટ સમજી જાય, ઝટ સમજે. એ આવે, પણ એટલી ઉતાવળ નહીં કે તું આવું ભૂલીને તું આમ કરી દે. બરાબર સમજાવી દઉં. કઈ રીતે સમજાવશે બાપા? એની યોગ્યતા વિના, એની લાયકાત વિના નહીં સમજે. લાખ પ્રયત્ન કર. ભગવાનની દિવ્યધ્વનિ સાંભળી એણે, પણ કેવળી આગળ રહી ગયો કોરો. આવે છે શ્વેતામ્બરમાં 'કેવળી આગળ રહી ગયો કોરો'. કેવળી પાસે ગયેલો, પણ એવોને એવો નીકળ્યો.

સભામાં ગયો, સાંભળ્યું, પણ જે એની શ્રદ્ધા હતી એ લઈને એમને એમ બહાર નીકળ્યો. કાંઈ ફેરફાર થયો નહીં. બધું જાણવું પડશે જગુભાઈ! ન્યાં વળી સોના-રૂપાના ધંધાએ કાંઈ દાળિયા થાય એવું નથી. એ તો હેરાન હેરાન છે પાપ.

કહે છે કે **વળી (વિશેષ એટલું સમજવું કે), સંસારીઓને દર્શનપૂર્વક જ જ્ઞાન હોય છે.** લ્યો, વળી પાછું નાખ્યું દ્રવ્યસંગ્રહનું. સંસારી પ્રાણી છદ્મસ્થને પહેલું દર્શન ને પછી જ્ઞાન (હોય). કેવળીને એમ ન હોય. એમ વાત કરી... **(અર્થાત્ પ્રથમ દર્શન અને પછી જ્ઞાન થાય છે, યુગપદ્ થતાં નથી).** છદ્મસ્થને યુગપદ્ હોતા નથી.

**એવી રીતે (શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસારમાં (૬૧મી ગાથા દ્વારા) કહ્યું છે કે :**

**णाणं अत्थंतगयं लोयालोएसु वित्थडा दिट्ठी ।**
**णट्ठमणिट्ठं सव्वं इट्ठं पुण जं तु तं लब्धं ॥**

**ગાથાર્થ : જ્ઞાન પદાર્થોના પારને પામેલું છે...** ભગવાનનું જ્ઞાન પારને પામ્યું. કહો, અનંતના પારને પણ પામ્યું. જ્ઞાન પદાર્થોના પારને પામેલું છે એમ કહે છે, એટલે કે બધાને જાણે છે એમ એનો અર્થ છે. અનંત આકાશ, અનંત કાળ આદિને બધાને પાર પામ્યું છે. આહાહા! **અને દર્શન લોકાલોકમાં વિસ્તૃત છે...** એ લોકલોકને દેખે છે એક સમયે. **સર્વ અનિષ્ટ નાશ પામ્યું છે...** ભગવાન પરમાત્માને તો બધું અનિષ્ટ રાગ-દ્વેષ (આદિ) બધું નાશ પામ્યું છે. **અને જે ઇષ્ટ છે તે સર્વ પ્રાપ્ત થયું છે.** પોતાની પૂર્ણ શક્તિ આનંદ (આદિ) ઇષ્ટ છે એ બધી પ્રાપ્ત થઈ ગઈ છે. અનિષ્ટનો નાશ ને ઇષ્ટની પ્રાપ્તિ. ઇષ્ટ-અનિષ્ટ કોઈ બહારમાં નથી કોઈ ચીજ. એવા પરમાત્માને કેવળજ્ઞાન, કેવળદર્શન એક સમયે પૂર્ણ રીતે હોય છે, એમ એણે નક્કી કરવું જોઈએ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## માગશર સુદ ૧૧, રવિવાર, તા. ૨૮-૧૧-૧૯૭૧
## શ્લોક - ૨૭૩-૨૭૪, પ્રવચન નં. ૧૮૮

આ નિયમસાર, શુદ્ધોપયોગ અધિકાર છે. ઉપયોગમાં જ્ઞાન ને દર્શનની વ્યાખ્યા ચાલે છે. જીવને સાધ્ય છે એ કેવળજ્ઞાન છે. સાધવાલાયક–સાધ્ય મોક્ષ છેને. કેવળજ્ઞાન ને કેવળદર્શન એ વસ્તુ છે, એ સાધ્ય છે, સાધવાલાયક છે. એમાં પૂર્ણ સુખ ને પૂર્ણ આનંદ, શાંતિ આદિ.... એ પૂર્ણ સાધ્ય કેવળજ્ઞાનની આદિનું સ્વરૂપ શું છે એ અહીં વર્ણન કરે છે.

**વળી બીજું પણ (શ્રી નેમિચંદ્રસિદ્ધાંતિદેવવિરચિત બૃહદ્દ્રવ્યસંગ્રહમાં ૪૪મી ગાથા દ્વારા) કહ્યું છે કે :—**

**दंसणपुव्वं णाणं छदमत्थाणं ण दोण्णि उवओग्गा ।**
**जुगवं जह्मा केवलिणाहे जुगवं तु ते दोवि ॥**

આ તો નિયમસાર છે મોક્ષનો માર્ગ. મોક્ષનો માર્ગ થઈને જે દશા થાય-પ્રગટે, એ કેવળજ્ઞાન, કેવળદર્શન–બેયનો સ્વભાવ તો એક સમયે અખંડ જાણનારું .... છે. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. જ્ઞાન .... ભવસાગરને પાર પામ્યા છે. ..... એટલે કે આત્મા આનંદ ને જ્ઞાનસ્વભાવી વસ્તુ છે એની સન્મુખની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા એ મોક્ષનું કારણ છે. મોક્ષ થયો કેવળજ્ઞાન ને કેવળદર્શન શેનાથી? કે નિશ્ચય મોક્ષમાર્ગથી? સમજાણું કાંઈ? નિશ્ચય મોક્ષમાર્ગ એટલે નિયમસાર. ભગવાન આત્મા આનંદ ને જ્ઞાનનો સાગર એવો એનો અનાદિ-અનંત ચૈતન્યસ્વભાવની શાંતિ અને આનંદ એવું એનું સ્વરૂપ, એના સન્મુખની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા એ મોક્ષનો માર્ગ છે, એના ફળ તરીકે આ કેવળજ્ઞાન છે. સમજાણું કાંઈ?

તો કહે છે કે **ગાથાર્થ : છદ્મસ્થોને**–અલ્પ જ્ઞાનીને **દર્શનપૂર્વક જ્ઞાન હોય છે...** શું કીધું એ? દર્શન એટલે આ સમકિતની વ્યાખ્યા નથી. દર્શન એટલે દેખવાનો ઉપયોગ. ઝીણી વાત છે આ અધિકાર. દેખવું, જાણવું એવો અનાદિ-અનંત આત્માનો સ્વભાવ છે. એક વાત. સમજાણું કાંઈ? પુણ્ય-પાપ આદિ ભાવ એનો કાંઈ સ્વભાવ નથી. એનો અનાદિ-અનંત સ્વભાવ, આ ભગવાન આત્માનો દેખવું-જાણવું, દર્શન ને જ્ઞાન એ અનાદિ-અનંત એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આ દર્શન એટલે આ સમકિત નહીં. સમજાણું કાંઈ? દર્શન એટલે દેખવાના ઉપયોગવાળું જેમાં કાર્ય થાય એવો દર્શનભાવ ત્રિકાળ છે અને જ્ઞાનભાવ ત્રિકાળ છે. સમજાય છે કાંઈ? એવા દર્શન ને જ્ઞાનસ્વભાવવાળું તત્ત્વ એને જેણે આરાધ્યું એટલે કે આ દર્શન-જ્ઞાન સ્વભાવવાળો ભગવાન આત્મા એની જેણે સેવા કરી એટલે કે અંતર્મુખની ક્રિયા–એકાગ્રતાની

ક્રિયા થઈ એના ફળ તરીકે કેવળદર્શન ને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. એ દર્શન એટલે ઉપયોગની વ્યાખ્યા છે આ. સમજાણું કાંઈ?

એ પૂર્ણ પરમાત્માને દર્શન ને જ્ઞાન એક ક્ષણે–એક સમયે બે સાથે હોય છે. છદ્મસ્થને એમ નથી હોતું, એટલું અહીં સમજાવે છે. છે? **છદ્મસ્થોને**... છદ્મસ્થ એટલે કે જે આવરણમાં હજી છે, કેવળજ્ઞાન ને કેવળદર્શન પ્રગટ થયા નથી એવા છદ્મસ્થ (એટલે કે) છદ્મ આવરણમાં સ્થ એવા જીવને **દર્શનપૂર્વક જ્ઞાન હોય છે**. કારણ કે અલ્પજ્ઞાન ને અલ્પદર્શન છે એથી એને પહેલો દર્શન ઉપયોગ હોય છે, પછી જ્ઞાન ઉપયોગ હોય છે. આહા! સમજાણું કાંઈ? પૂર્ણ કેવળજ્ઞાન ને કેવળદર્શન, એના કારણ(પરમાત્મા)થી કાર્ય પ્રગટ થાય એવા ભગવાનને તો એક જ સમયે જ્ઞાન ને દર્શનનો ઉપયોગ બેય એક સમયે હોય છે. સમજાણું કાંઈ?

તેથી કહે છે કે **છદ્મસ્થોને દર્શનપૂર્વક જ્ઞાન હોય છે**. પહેલું સામાન્ય દેખવું થાય પછી એને વિશેષ જાણવાના ઉપયોગ પરિણમે છે. આ ઘરમાં શું થાય છે એની વાત છે આ. સમજાણું કાંઈ? ખબર ન મળે કોઈ દિ', આત્મા શું ચીજ, નિજઘર શું ને નિજ ચીજ શું એની ખબર ન મળે ને પારકી માંડી. સમજાણું કાંઈ? તો કહે છે કે ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે જોયો અને જાણ્યો અને પ્રગટ કર્યો પર્યાયમાં, એ આત્મા તો દર્શન-જ્ઞાન સ્વભાવ જ છે અનાદિનો. એ આવ્યું પહેલું આપણે સમયસાર, નહીં? પંચાસ્તિકાયમાં આવ્યું. દર્શન-જ્ઞાન અસ્તિત્વ, નિયત અસ્તિત્વ. ..... આવી ગયું આપણે. ત્રીજી ગાથામાં નહીં? દેખવું, જાણવું એવું અસ્તિત્વ એનું સ્વરૂપ છે એમ કહે છે. એનો કોઈ શરીર, વાણી, મન, પુણ્ય-પાપનો રાગ એવો એનો સ્વભાવ નથી. આહાહા! આ તો જડ છે, આ શરીર તો અજીવતત્ત્વની અસ્તિ છે, આ કાંઈ આત્મા નથી. એમ એમાં પુણ્ય ને પાપના ભાવ થાય એ કાંઈ આત્મતત્ત્વ નથી, એ આસ્રવ-બંધના કારણરૂપ આસ્રવતત્ત્વ છે. સમજાણું કાંઈ?

એ આત્મતત્ત્વ જે વસ્તુ પોતે જે ચીજ એ તો દેખવા-જાણવાના ઉપયોગના સ્વભાવથી ભરેલો પદાર્થ છે. સમજાણું કાંઈ? એવા સ્વભાવને અંતરમાં સાધીને જેણે પૂર્ણ કેવળજ્ઞાન ને કેવળદર્શન પ્રગટ કર્યું એ જીવની અપેક્ષાએ નીચલી દશાવાળાને દર્શનપૂર્વક જ્ઞાન હોય છે. પહેલો સામાન્ય ઉપયોગ હોય દેખવાનો, પછી વિશેષ ઉપયોગ પછી થાય. એવું છદ્મસ્થમાં વસ્તુનું સ્વરૂપ, કેવળજ્ઞાન થયા પહેલા આ દશા હોય છે. કહો, સમજાણું કાંઈ? આમાં સમજાય નહીં? કેવળજ્ઞાન થવા પહેલા એનું ત્રિકાળ કાર્ય જાણવું અને દેખવું છે. પણ એનું જાણવું-દેખવું (એમાં) પહેલું દેખવું પછી જાણવું થાય. એનું કાર્ય આ બાયડી-છોકરાને સાચવવા ને ધંધા કરવા એનું કાર્ય નથી એમ કહે છે. એ ચીમનભાઈ! આ સંચા ચલાવવા એ તો પરના કાર્ય છે, એમ અંદરમાં પુણ્ય ને પાપના ભાવ થાય એ પણ વિકારી કાર્ય છે, દુઃખરૂપ કાર્ય છે, એ આત્માનું કાર્ય નહીં. આત્મા આત્મા થઈને રહે એનું એ કાર્ય નહીં એમ કહે છે. સમજાણું કાંઈ?

આત્મા આત્મા થઈને રહે એટલે એ તો દર્શન ને જ્ઞાનના ઉપયોગ સ્વભાવવાળો છે એવું અનુભવ કરીને જ્ઞાતા ને દૃષ્ટાના ભાવપણે રહે એને આત્મા કહીએ. એ પોપટભાઈ! શું હશે? આ બધા ભાઈઓ ભેગા થઈને ધંધો કરતા હશે કે નહીં? એ ચીમનભાઈ! એય! મોટા માથાવાળા બધા. માથા હોય મોટા કોઈને? અંદર દર્શન ને જ્ઞાન... આહાહા! એવું નિયત અસ્તિત્વ (અર્થાત્) નિશ્ચયથી જેનું હોવાપણું ભગવાન આત્માનું. આહાહા! સમજાણું કાંઈ? એમાં શરીર, વાણી, કર્મ ને પુણ્ય-પાપ તો નથી, પણ એનામાં અલ્પજ્ઞ અવસ્થા ને અલ્પદર્શી અવસ્થા ત્રિકાળ સ્વભાવમાં નથી. સમજાણું કાંઈ? એ ત્રિકાળી દર્શન-જ્ઞાનના અસ્તિત્વ ને સત્તાવાળું તત્ત્વ એનો અંતરમાં અનુભવ કરીને, એનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરીને જે ઉપયોગ વિશેષ પ્રગટ થાય, તોપણ એને દર્શનપૂર્વક જ્ઞાન હોય છે એમ કહે છે.

અંદરમાં એક સમયે દર્શન ને જ્ઞાન સામાન્ય ત્રિકાળ છે, પણ સમ્યગ્દર્શન થઈને જે ઉપયોગ સામાન્ય ને વિશેષ પ્રગટ્યો... સમજાણું કાંઈ? આ તો અભ્યાસ જોઈએ. એ વિના કાંઈ... સંસારમાં અભ્યાસ તો કરે છેને મેટ્રીક માટે. મરી જાય છે બિચારા એમ.એ. ને એલ.એલ.બી. પૂછડાં માટે કેટલાય... આ ભણી-ભણીને મરી ગયા પાછા તરત લ્યો. હેરાન.. હેરાન, આ આત્મા શું ચીજ છે, તું કોણ છો, ક્યાં છે, શું છે—એની ખબર વિના. પોતે એમાં જ છે કે જ્યાં જ્ઞાન ને દર્શનનો સ્વભાવ છે ત્યાં એ આત્મા છે. સમજાણું કાંઈ? જ્ઞાન-દર્શન પૂર્ણતાની વાત છે. પૂર્ણતા, અંદરના આવા સ્વભાવનો આશ્રય લઈને પૂર્ણતા પ્રગટ થાય. કહેશે પછી. સમજાણું કાંઈ? તો કહે છે કે જ્યાં પૂર્ણતા નથી, પણ સ્વભાવની દૃષ્ટિ ને જ્ઞાન ને શાંતિ(રૂપ) મોક્ષમાર્ગ પ્રગટ થયો છે, તોપણ એને ઉપયોગ એટલે કાર્ય જે જાણવા-દેખવાનું છે, એમાં પહેલું દેખવાનું કાર્ય હોય પછી જાણવાનું હોય. બે કાર્ય એક સમયે હોય નહીં.

આ શું? આ આંખ તો જડ છે. અંદર દેખવાનો ભાવ... આ તો જડ માટી છે. આ ક્યાં અંદર છે? આંખ તો એને અડેલી નથી. આંખ તો આત્મામાં છે જ નહીં. આ તો માટીનું છે. આંખનું હોવાપણું જડમાં છે. આ શેમાં હોવાપણું છે? આ જડમાં હોવાપણું છે, આત્મામાં છે આ? (શ્રોતાઃ ભીંતમાં હોય?) ભીંત.. ભીંત તો જડ છે. આ તો ચૈતન્ય છે. એની આંખ્યું નિમિત્તરૂપે જડ છે, જડ છે એ. આંખ્યુનું અસ્તિત્વ જડનું છે. આંખ જડ થઈને રહેલી છે. આંખ આત્મા થઈને રહેલી નથી. એટલો પણ નિર્ણય નહીં કરે? આહાહા! કહો, સમજાણું કાંઈ? આંખ છે કે આ કાન છે એ તો જડ થઈને રહેલા છે. આત્માના થઈને રહ્યા નથી અને આત્માના છે નહીં. આહાહા!

એટલે આંખથી દેખવાની વાત અહીં નથી. અંદરનો જે દેખવા-જાણવાનો સ્વભાવ જે ત્રિકાળ એને (સાધી) જેણે સમ્યગ્દર્શન-જ્ઞાન દ્વારા સમ્યક્-ઉપયોગ પ્રગટ કર્યો, એનો પણ ઉપયોગમાં પહેલું દર્શન ને પછી જ્ઞાન હોય છે. સમજાણું કાંઈ? કેમકે પૂર્ણતા નથી માટે.

પોપટભાઈ! અરેરે! જગતની બધી માંડી, પણ પોતે ક્યાં છે, કેમ છે એની માંડી નથી. આહાહા! કહે છે કે **છદ્મસ્થને દર્શનપૂર્વક જ્ઞાન હોય છે (અર્થાત્ પહેલા દર્શન પછી જ્ઞાન...)** આ સમ્યગ્દર્શન પહેલું (ને પછી) જ્ઞાન—એ વાત નથી અહીંયા. ઉપયોગ દર્શનનો પહેલો ને પછી જ્ઞાનનો ઉપયોગ. **કારણ કે તેમને બંને ઉપયોગો યુગપદ્ હોતા નથી...** અલ્પજ્ઞાની પ્રાણીને જાણવા-દેખવાનો ઉપયોગ એક ક્ષણે–એક સમયે બે હોતા નથી.

**કેવળીનાથને તે બંને યુગપદ્ હોય છે.** આહાહા! કહે છે કે એ આત્માને શરીર, વાણી, કર્મ ને રાગ-દ્વેષ તો નથી, એ આત્મામાં નથી. પણ આત્મામાં થયેલો સમ્યક્-ઉપયોગ એ પણ એકસાથે હોતો નથી. ઓહોહો! તો બધું એક સાથે આત્માનું છે રાગ ને કર્મ—એ વાત છે નહીં. સમજાણું કાંઈ? જેની પોતાની સંપદા છે જાણવું-દેખવું, પણ ઓછું અધુરું છે એથી એને દેખવાપૂર્વક જ્ઞાન હોય છે. એક સાથે બે ઉપયોગ ન હોય. એને રાગ ને શરીર, વાણી એના હોય નહીં. સમજાણું કાંઈ?

**કેવળીનાથને તે બંને યુગપદ્ હોય છે**. સર્વજ્ઞ પરમાત્મા અરિહંતદેવ, જેણે પોતાના સ્વરૂપનું સાધન કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું, તે કેવળીનાથને બંને યુગપદ્ હોય છે. એક સમયે દર્શન ને જ્ઞાન બેય એકસાથે હોય છે. સમજાણું કાંઈ? આમ કહેવાનો આશય એવો છે... જૈન સંપ્રદાયમાં પણ બે મત પડી ગયેલા. સમજાણું? એ દિગંબરધર્મ જે સનાતન અનાદિ છે, એમાંથી શ્વેતામ્બર જ્યારે નીકળ્યા ત્યારે એમણે આ ઉપયોગના બે ભંગ પાડી નાખ્યા છે. કેવળીને પણ એક જ ઉપયોગ એક સમયે હોય, બે ઉપયોગ એક સમયે ન હોય. વ્યવહાર, એકલા વ્યવહારના માનનારા. એને આ જ સૂઝ્યું અંદર દૃષ્ટિમાં. ૩૨-૪૫ સૂત્રમાં એ લખાણ છે. જે સમયે કેવળી રત્નપ્રભા કે સ્વર્ગને જાણે તે સમયે દેખે નહીં, જે સમયે દેખે તે સમયે જાણે નહીં. આખો મોટો ફેર પડી ગયો છે. સમજાણું કાંઈ? એ તો છદ્મસ્થ જેવું થઈ ગયું.

પરિપૂર્ણ તત્ત્વ શું છે એનું સમ્યગ્દર્શન ને જ્ઞાન નહીં અને પછી આવા બધા તર્કો કર્યા એની સામે આ દલીલ છે. કુંદકુંદાચાર્ય મહારાજ દિગંબર સંત જેમણે ભવના કર્યા અંત–સંસાર કાંઠે છે. આવે છેને પ્રવચનસારમાં? સંસારને કિનારે છે હવે. ફડાક પગ મૂક્યો મુક્તિમાં, એટલી વાર છે. સમજાણું કાંઈ? ભગવાન કુંદકુંદાચાર્ય સર્વજ્ઞની પ્રણાલિકા જે અનાદિની છે એ વાત કરી રહ્યા છે. સમજાણું કાંઈ? કેવળીનાથને બંને એક સાથે હોય છે. ભગવાન બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં સીમંધર પરમાત્મા, એની પાસે કુંદકુંદાચાર્ય ગયા હતા. આઠ દિ' રહ્યા હતાં. ૨૦૦૦ વર્ષ પહેલા, સંવત ૪૯. કહો, સમજાણું કાંઈ? ત્યાંથી આવીને (કહ્યું કે) ભગવાન આમ ફરમાવે છે. કેવળજ્ઞાની એમ કહે છે કે અમારો ઉપયોગ કેવળજ્ઞાન ને (કેવળ)દર્શનનો એક સમયે હોય છે. કોઈ એક સમયે એક ને બીજે સમયે બીજો કહે, એણે અમારું પૂર્ણ સ્વરૂપ છે એ જાણ્યું નથી. કહો, સમજાણું કાંઈ?

કેમકે સાધ્ય તો કેવળ છે. પૂર્ણ જ્ઞાન ને દર્શન સાધ્ય છે. સાધ્યમાં ખંડ પડ્યો (કે) એક સમય દર્શન ને બીજે સમયે જ્ઞાન, વિરુદ્ધ છે બધું. એનું સાધકપણું વિરુદ્ધ છે અને સાધ્ય તો એની વિરુદ્ધતાને પોકારે છે. સમજાણું કાંઈ? ઝીણી વાત ભાઈ! માર્ગ એવો ઝીણો છે. એણે કોઈ દિ' પોતાના માટે દરકાર કરી નથી. સમજાણું કાંઈ? કેવળીનાથ પરમાત્મા જેને આત્માના સ્વભાવમાં એકાગ્ર થઈને સાધીને પૂર્ણ પ્રાપ્ત થયું, એને તો ઉપયોગ એક સમયે બે હોય છે. એક સમયે બે ઉપયોગ હોય છે. કહો, સમજાણું કાંઈ? બે ઉપયોગ માટે પહેલે સમયે પહેલો, બીજે સમયે બીજો—એમ નથી. હવે ચાર શ્લોક કહે છે પોતે ટીકાકાર.

**વળી (આ ૧૬૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ચાર શ્લોક કહે છે) :—**

**वर्तेते ज्ञानदृष्टि भगवति सततं धर्मतीर्थाधिनाथे**
**सर्वज्ञेऽस्मिन् समंतात् युगपदसदृशे विश्वलोकैकनाथे ।**
**एतावुष्णप्रकाशौ पुनरपि जगतां लोचनं जायतेऽस्मिन्**
**तेजोराशौ दिनेशे हतनिखिलतमस्तोमके ते तथैवम् ॥२७३॥**

અહીં દૃષ્ટિ લીધી. પહેલું દર્શન ને ઉપયોગ હતા. **શ્લોકાર્થ : જે ધર્મતીર્થના અધિનાથ (નાયક) છે...** કેવળજ્ઞાની પરમાત્મા તો ધર્મના નાયક છે. પરમેશ્વર તીર્થંકરદેવ અથવા કેવળી એ તો ધર્મતીર્થના નાયક છે. **જે અસદૃશ છે (અર્થાત્ જેના સમાન** જગતમાં **અન્ય કોઈ નથી)...** કેવળજ્ઞાની પરમાત્મા કેવળદર્શી પરમાત્મા એના જેવું જગતમાં કોઈ નથી. એના જેવા એ. એવી દશા અરિહંતની કેવળજ્ઞાન, કેવળદર્શનની છે. **અને જે સકળ લોકના એક નાથ છે...** છે તો જાણનાર આ સકળ લોકના. પણ અહીં તો નાથ કહ્યા છે. આહાહા! જે સર્વજ્ઞને ઓળખે એને તો આત્માની સંપદા અંતરના આશ્રયે પ્રગટ થાય અને નથી પ્રગટ થયેલી એવી પ્રગટ કરીને પૂર્ણ પામે. છે તેને રાખે અને નથી તેને આપે. 'દેવ' કહ્યા છે એને અષ્ટપાહુડમાં. 'દદાતિ ઇતિ દેવ.' એ ભગવાન દે છે કેવળજ્ઞાન, કેવળદર્શન, ધર્મ આપે. ત્યાં તો એમેય કહ્યું કે ધર્મ, અર્થ, કામ ને મોક્ષ (ચારેય) આપે. સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્યે પોતે કહ્યું છે.

એને દેવ કેમ કહીએ? કે પુણ્ય પણ આપે એટલે કે એની ભક્તિ આદિના નિમિત્તે પુણ્યેય થાય અને એના પુણ્યના ફળમાં લક્ષ્મી-બક્ષ્મી ધૂળ પણ મળે. એ અર્થ થયો અને કામ વિષયાદિના .... અને મોક્ષ. ચારેયને બતાવનારા ને દેનારા ભગવાન વીતરાગ છે. ભગવાન છે એનો અર્થ શું? એણે જે સમજાવ્યો માર્ગ એ રીતે સમજ્યો ને એને વિકલ્પ બાકી રહી ગયો એનું પુણ્ય થાય એટલે એને આપ્યો એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? એવો પાઠ છે. સમજાણુંને? ભગવાન આપે ને આપણે વાપરીએ, ગિરધરભાઈ કહેતા. અહીં કહેતા હતા. એ આપે પૈસા ને આપણે વાપરીએ. કઈ અપેક્ષાએ કહ્યું આ? સમજાણું કાંઈ?

અહીં તો સર્વજ્ઞ (માટે) સૂર્યનો દૃષ્ટાંત આપશે. કે સકળ લોકના એક નાથ જેને કેવળજ્ઞાન પરમાત્મદશા પ્રગટ થઈ, એનું જેણે લક્ષ કર્યું કે આવું કેવળજ્ઞાન એને સાધવું છે એવા સાધકને કેવળજ્ઞાની સૂર્યની જેમ નેત્ર આપનારા છે. નિમિત્તથી કથન છેને. સમજાણું કાંઈ? **એક નાથ**... નાથની વ્યાખ્યા એ છે કે યોગક્ષેમના કરનારા. મળેલુંને રાખે અને અણમળેલાને મેળવી આપે, એનું નામ નાથ. આ પત્નીનો પતિ નાથ કેમ કહેવાય? એનો નાથ કહેવાય. જે છે–જે એની પાસે હોય એને જવા ન દે અને બીજી જોઈતી હોય એ આપે. એ જગતના નાથ જડના. આ ભગવાન કેવળજ્ઞાની ત્રણ લોકના નાથ. આહાહા! જે કેવળજ્ઞાન એક સમયમાં આવું પરિપૂર્ણ છે એમ જે અરિહંતને જાણે.. આહાહા! એ જાણતા પોતાના આત્મા સાથે એને મેળવે, એને સમ્યગ્દર્શન થયા વિના રહે નહીં, એમ કહે છે. સમજાણું કાંઈ?

લ્યો, પ્રવચનસારમાં આવે છેને? **जो जाणदि अरिहंतं दव्वत्तगुणपज्जयत्तेहिं**. અરિહંતની કેવળજ્ઞાનની પર્યાય કેવી એ જાણે, તો એ આત્માને જાણે અંદર કે આ પણ આત્મા ને આવું કેવળજ્ઞાન. હુંય આત્મા તો મારી પાસે કેવળજ્ઞાન કેમ નહીં? તો એ કેવળજ્ઞાન ક્યાંથી આવ્યું એને? કે અંદરમાંથી. મારી પાસે કેવળજ્ઞાન છે. હું અરિહંતસ્વરૂપે જ આત્મા છું. આહાહા! સમજાણું કાંઈ? આત્મામાં અરિહંત, સિદ્ધસ્વરૂપ (આદિ) પાંચે પદ પડ્યા છે. એ રાંકો નથી, એ સંસારી નથી. આહા! સમજાણું કાંઈ? સંસારી એટલે રાગવાળો એ નથી. એ તો આ પાંચ પરમેષ્ઠીના અંતરના પદવાળો છે. આહાહા! એવા ભગવાન આત્માને જે અંદરમાં જાણે, અંતર સ્વરૂપમાં સન્મુખ થઈને જાણે, એને સમ્યગ્દર્શન થાય અને મિથ્યાત્વનો નાશ થાય ને આગળ વધીને કેવળજ્ઞાન પામે. તેથી લોકના નાથ કહેવામાં આવ્યા છે.

**એવા આ સર્વજ્ઞ ભગવાનમાં નિરંતર સર્વતઃ જ્ઞાન ને દર્શન યુગપદ્ વર્તે છે.** ઓલી **ज्ञानदृष्टि** છેને. જ્ઞાન ને દૃષ્ટિ. દૃષ્ટિનો અર્થ 'દર્શન' છે ન્યાં. અર્થમાં કર્યું છે પછી સરખું. જ્ઞાન ને દર્શન યુગપદ્ વર્તે કેવળીને. એક સમયે પૂર્ણ પ્રકાશ દર્શન ને જ્ઞાન. એને ખંડ ખંડ ન હોય. સમજાણું કાંઈ? પહેલે સમય દર્શન ને બીજે સમયે જ્ઞાન તો સાદિ-અનંત ન રહ્યું. એ ખંડખંડ થઈ ગયું. સાદિ-અનંત કાળમાં અડધો કાળ કેવળજ્ઞાન ને અડધો કાળ દર્શન એવું થયું. એમ હોય નહીં. મોટો ફેર કર્યો છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ વીતરાગી પરમાત્માના અનાદિ સનાતન (માર્ગ)નો મોટો ફેરફાર કરી નાખ્યો છે એમ કહે છે. સમજાણું કાંઈ? એથી અહીં કહે છે કે સર્વજ્ઞ ભગવાનને નિરંતર સર્વતઃ (એટલે) ચારે બાજુ–અસંખ્યપ્રદેશે જ્ઞાન ને દર્શન એક સમયે વર્તે છે. દાખલો આપે છે.

**જેણે સમસ્ત તિમિરસમૂહનો નાશ કર્યો છે એવા આ તેજરાશિરૂપ સૂર્યમાં...** સૂર્યની વ્યાખ્યા છે. સૂર્ય જ્યાં આવ્યો એટલે સમસ્ત અંધકારનો નાશ (થયો). **સમસ્ત તિમિરસમૂહનો નાશ**... તિમિર એટલે અંધકાર. **એવા આ તેજરાશિરૂપ સૂર્યમાં, જેવી રીતે આ ઉષ્ણતા અને**

**પ્રકાશ...** ઓલામાં આતાપ ને પ્રકાશ હતો. પહેલામાં પ્રકાશ ને તાપ હતો, અહીં ઉષ્ણતા ને પ્રકાશ છે. ઓલો તાપનો અર્થ અહીં ઉષ્ણતા કર્યો. સમજાણું કાંઈ? સૂર્યમાં જેમ એક સાથે ઉષ્ણતા ને પ્રકાશ **(યુગપદ્) વર્તે છે અને વળી જગતના જીવોને નેત્ર પ્રાપ્ત થાય છે...** આંખ્યું ઉઘડી જાય છે આમ દેખાય... સૂર્ય ઉગતા આંખ્યુંમાં બધું દેખાય છે. **અર્થાત્ સૂર્યના નિમિત્તે જીવોનાં નેત્ર દેખવા લાગે છે, તેવી જ રીતે જ્ઞાન અને દર્શન (યુગપદ્) હોય છે,** લ્યો. ભગવાનને જ્ઞાન ને દર્શન એક ક્ષણે–એક સમયે હોય છે.

**અર્થાત્ તેવી જ રીતે સર્વજ્ઞ ભગવાનને જ્ઞાન અને દર્શન એકીસાથે હોય છે...** એટલું કહ્યું, પછી ઓલું મેળવ્યું. છેને ઓલું 'જગતના જીવોને નેત્ર પ્રાપ્ત થાય છે'. **અને વળી સર્વજ્ઞ ભગવાનના નિમિત્તે જગતના જીવોને જ્ઞાન પ્રગટ થાય છે.** અહીં તો (કહે છે કે) સર્વજ્ઞને જે જાણે એને જ્ઞાન પ્રગટ થયા વિના રહે નહીં. આહાહા! સમજાણું કાંઈ? 'સવ્વનુણં સવ્વદરિસીણં..' નથી આવતું? નમોત્થુણંમાં આવે છે. 'અરિહંતાણં, ભગવંતાણં, આઇરિયાણં, તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં..' બધા અર્થ ઝીણા છે. ગડિયા તો હાંક્યે જાય બધા, પણ અર્થ સમજે નહીં કાંઈ કે શું એનો અર્થ છે, સર્વજ્ઞ શું વસ્તુ છે. અહીં તો કહે છે કે 'સવ્વન્નુણં સવ્વદરિસીણં..' સર્વજ્ઞ ને સર્વદર્શી.. આવે છેને? 'સિવમલયમરુયમણંતમ્..' નથી આવતું નમોત્થુણમાં? કોને અર્થ આવડતા હોય? જય ભગવાન. 'વિહુયરયમલા' આવે છે કે નહીં? લોગસ્સમાં આવે છે 'વિહુયરયમલા'. 'એવં મએ અભિથુઆ વિહુયરયમલા' નથી આવતું? અર્થની ખબર ન મળે. ગડિયો હાંક્યે જાય, એને ભાવની તો ખબર ક્યાંથી હોય? આહાહા! એને ધર્મની ખબર હોય નહીં. પંડિતજી! આહાહા!

સર્વજ્ઞ ભગવાનના નિમિત્તે–ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર એના નિમિત્તે... નિમિત્તનો અર્થ કે જે સર્વજ્ઞને જાણે અને એને નૈમિત્તિક સર્વજ્ઞપદ આવ્યા વિના રહે નહીં, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? જે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે, એનું દ્રવ્ય કેવું એટલે વસ્તુ, એના ગુણ એટલે શક્તિ, એની પર્યાય એટલે અવસ્થા. આ કેવળજ્ઞાન કેવળદર્શન એક સમયે અખંડ હોય. એવું જે એક સમયમાં આવા દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે, એનો મોહ નાશ થયા વિના રહે નહીં. સમજાણું કાંઈ? એથી કહે છે કે **સર્વજ્ઞ ભગવાનના નિમિત્તે જગતના જીવોને જ્ઞાન પ્રગટ થાય છે**. લ્યો, નિમિત્ત આવ્યું કે નહીં? એય! પણ નિમિત્ત એટલે શું? ત્યારે એને નિમિત્ત કહેવાય, એમ કહે છે. ખોખા કાંઈ મળ્યા નહીં, પછી નિમિત્ત કોનું કહેવું એને? વસ્તુ જ્યાં નથી પછી નિમિત્ત કહેવું કોને? જેને આત્મા.. ઓહો! આ તો જ્ઞાનસ્વરૂપી પૂર્ણ પરમાત્મા એવો જ હું છું, હું એ જ્ઞાન ને દર્શને પરિપૂર્ણ આત્મા છું, એ મારી સત્તા ને હયાતી છે. એમ અંતરમાં પ્રસિદ્ધ થતાં મિથ્યાત્વનો નાશ થાય ને સમકિત થાય. એ કાંઈ દયા, દાન, વ્રતના પરિણામે

સમકિત થાય એમ છે નહીં. એ રાગ છે, એમ કહે છે અહીં. શ્લોકમાં જ આવશે. ૨૭૩ થયોને. ૨૭૪ જુઓ.

**सद्बोधपोतमधिरुह्य भवाम्बुराशि-**
**मुल्लंघ्य शाश्वतपुरी सहसा त्वयाप्ता ।**
**तामेव तेन जिननाथपथाधुनाहं**
**याम्यन्यदस्ति शरणं किमिहोत्तमानाम् ॥२७४॥**

**શ્લોકાર્થ : (હે જિનનાથ!)...** કહે છે, હે વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ! **સદ્જ્ઞાનરૂપી નાવમાં આરોહણ કરી...** જુઓ! ખૂબી. અહીં કેવળદર્શન, કેવળજ્ઞાનની વ્યાખ્યા ચાલે છેને અખંડની. પણ કેમ પ્રગટ્યું? કહે છે, એમ સાથે નાખ્યું. **સદ્જ્ઞાનરૂપી નાવમાં આરોહણ કરી...** આહાહા! સમ્યગ્જ્ઞાન આત્માનું... રાગથી ભિન્ન પાડી અને આત્માનું જ્ઞાન આપે કર્યું સમ્યગ્દર્શન-જ્ઞાન, એવા **સદ્જ્ઞાનરૂપી નાવમાં આરોહણ કરી...** દેખો અહીં તો ભાઈ! ઓલા સમ્યગ્દર્શન-જ્ઞાન અહીં નથી કહેવા. એ જ્ઞાનસ્વરૂપ છેને આખો આત્મા. એની જ્ઞાનની પ્રધાનતાએ (કહ્યું કે) જ્ઞાન પ્રગટ કર્યું ને જ્ઞાનમાં આરોહણ થયા. આહાહા! પુણ્ય-પાપના વિકલ્પના વ્યવહારમાં આરોહણ થયા ને મુક્તિ થાય એમ છે નહીં, એમ કહે છે. આહા! ભારે કામ જગતને તો પચાવવું. સાંભળ્યું ન મળે બિચારાને, શું કરે? એવા સલવાઈ ગયા છે બહારની ક્રિયાકાંડમાં. રાગની ક્રિયા ને એનાથી ક્રમે-ક્રમે આગળ વધાશે. લસણ ખાઈને ઓડકાર આવશે કસ્તુરીના. એવી વાત છે જગતની.

અહીં તો કહે છે કે હે નાથ! આપે તો કેવળજ્ઞાન કેમ પ્રગટ કર્યું? એટલે શાશ્વતપુરીમાં કેમ પહોંચ્યા? એ કેવળજ્ઞાન થયું કહો કે એ શાશ્વતપુરીમાં પહોંચ્યા કહો. **સદ્જ્ઞાનરૂપી નાવમાં આરોહણ કરી...** દરિયો હોય, એમાં નાવ જોઈએને? નાવથી પાર પમાયને? એમ ભવ સાગરરૂપી દરિયો મોટો અનાદિનો.. ઓહોહો! ૮૪ના અવતાર નરક ને નિગોદ ને એકેન્દ્રિય ને બેઇન્દ્રિય ને. એવો મોટો ભવસાગરનો દરિયો એને, પ્રભુ! આપ જ્ઞાનરૂપી નાવમાં બેસીને પાર પામ્યા. સમજાણું કાંઈ? નિમિત્તની કેવી વાત કરી! વાત ચાલે છે કેવળજ્ઞાન, કેવળદર્શનની. કેવળજ્ઞાન, કેવળદર્શન પામ્યા શી રીતે? સત્‌રૂપી નાવમાં બેસીને પામ્યા. સમજાણું કાંઈ? આહાહા!

ભગવાન તો જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે. એમાં, પુણ્ય-પાપ, વ્યવહાર દયા, દાન, વ્રત, વિકલ્પ એ વસ્તુમાં છે જ નહીં. એ તો વિભાવ છે, વિકાર છે. એમાં બેસીને કેવળજ્ઞાન પામે એમ છે નહીં. ઓલો વ્યવહાર કહ્યો છેને કે વ્યવહાર મોક્ષમાર્ગ છે. ધૂળેય નથી, સાંભળને! તને ભાન નથી. વળગાડ્યા છેને. અપવાસ કરો, વ્રત પાળો, પૂજા કરો, ભક્તિ કરો, દાન કરો, જાઓ, તમારું કલ્યાણ થઈ જશે. ધૂળેય નહીં થાય, અહીં કહે છે. એ તો રાગનો વિકલ્પ છે. ભગવાન

આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ ચિદાનંદ પ્રભુ એ જ્ઞાનમાં આરૂઢ થઈને અંદરનો આદર કરીને ઠરીને કેવળજ્ઞાન પમાય છે. આહાહા! કે પાધરું? ઘણા એમ કહે છે. સાંભળને! શું કીધું પોતે મુનિએ? ભગવાન કેવળજ્ઞાન કેમ પામ્યા એ વાત ભેગી કરે છે.

**સદ્જ્ઞાનરૂપી નાવમાં**... ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ જ્ઞાનનો પુંજ એમાં ઠર્યા, એમાં ગયા એટલે સમ્યગ્જ્ઞાન પ્રગટ્યું. સમ્યગ્જ્ઞાનની સાથે દર્શન, ચારિત્ર એ બધી જ્ઞાનની પર્યાય છે. સમજાણું કાંઈ? જ્ઞાનની એટલે આત્માની પર્યાય છે. આહાહા! સમજાણું કાંઈ? હે વીતરાગ! પોતાને પણ ભાન છેને કે હું પણ જ્ઞાનની નાવમાં બેઠો છું. પુણ્ય-પાપની ક્રિયાઓ રાગની એ મારી ક્રિયા છે નહીં. સમજાણું કાંઈ? હે પ્રભુ! સદ્જ્ઞાનરૂપી સાચું જ્ઞાન હોં, એ રૂપી નાવમાં આરોહણ કરી, મોક્ષનો માર્ગ એ જ્ઞાન છે. કારણ કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે એનું ભાન થયું તે જ્ઞાન છે. સમ્યગ્દર્શનની પર્યાય, જ્ઞાનની પર્યાય, ચારિત્રની પર્યાય—એ બધી જ્ઞાનની પર્યાય એટલે આત્માની પર્યાય છે. સમજાણું કાંઈ?

એમાં **આરોહણ કરી ભવસાગરને ઓળંગી જઈને**... આહાહા! પ્રભુ ચોરાસી લાખના અવતારને ઓળંગી ગયા. આહાહા! સમજાણું કાંઈ? તમે ઓળંગી ગયા એ મને ભાન છે, કહે છે. આ રીતે ઓળંગી ગયા એ પણ અમને ભાન છે. આહાહા! સમજાણું કાંઈ? **જઈને, તું ઝડપથી શાશ્વતપુરીએ પહોંચ્યો.** આહાહા! અલ્પકાળમાં આપે કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યું. ચિદાનંદ પ્રભુ જ્ઞાનાનંદનો નાથ એવા ચિદાનંદમાં એકાગ્ર થઈ, સ્વસંવેદન જ્ઞાન પ્રગટ કરી, એવી જ્ઞાનની ક્રિયા દ્વારા ઝડપથી–અલ્પકાળમાં આપ કેવળજ્ઞાનને પામ્યા. આહાહા! મુક્તિ પામવાને સાધકને અસંખ્ય સમય જ હોય, અનંત સમય ન હોય એને. રખડવાને માટે અનંત સમય ગયો, જ્યાં આત્માનું સમ્યગ્દર્શન ભાન (થયું કે) હું અખંડ આનંદકંદ પ્રભુ છું, પુણ્ય-પાપ ને રાગની ક્રિયાથી ભિન્ન મારી ચીજ છે. એવું જ્યાં સમ્યગ્દર્શન ને સ્વસંવેદનજ્ઞાન થયું, એને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવામાં વચમાં અસંખ્ય સમયનો જ કાળ હોય, એને અનંત કાળ હોય નહીં.

તેથી કહે છે, ઝડપથી આપે તો, અલ્પકાળમાં શાશ્વતપુરીને પહોંચ્યા. **તું ઝડપથી પહોંચ્યો** એમ કીધું જોયું? એ તો માન છે. ભગવાનને 'તું'? ભગવાન! તું નાથ.... આહાહા! પ્રેમ છે એમાં. ઓલા શેઠ હતાને અમદાવાદના. કેવા? મોટા, કીરચંદ શેઠ નગરશેઠ હતા. એની મા મરી ગઈ પછી રોતા હતા. રોતા કહે, અરે! મને 'બેટા તું આવ્યો?' એ કહેનારી ગઈ હવે. હવે મને તું કોણ કહેશે? સમજાણું કાંઈ? મા કહેને? એ શેઠ હતા મોટા. એની વાડી છેને મોટી વાડી છે. એવું આવે છે... શેઠને કોણ (તું કહે)? 'તમે' કહીને મોટો રાજા બોલાવે છે. હે મોટા! રાજ એને ઠેકાણે ગીરવે થઈ ગયો. બેટા! એ વખતે.... મને જગતમાં તું કહીને બોલાવનાર માતા આજ ગઈ છે. કહો, સમજાણું?

એમ ભગવાનને તું કહીને ભક્ત બોલાવે છે. હે નાથ! જેણે ઓળખ્યો છે કેવળીને, જેણે આત્મજ્ઞાન દ્વારા આ કેવળીને જાણ્યા છે, એની અહીં વાત છે. જેણે આત્મજ્ઞાન સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે, હું ચૈતન્યમૂર્તિ ભગવાન નાવમાં બેઠો છું, એ વાત કરે છે કે તમે પણ એ નાવમાં બેસીને ઝડપથી શાશ્વતપુરીને પામ્યા. પોતે કહે છે હવે. સમજાણું કાંઈ? અરિહંતના ભક્ત સમકિતી હોય, અજ્ઞાની ભક્ત ન હોઈ શકે. આહાહા! રાગથી ધર્મ માનનારા, પુણ્યથી ધર્મ માનનારા એ ભગવાનના ભગત નહીં થઈ શકે. સમજાણું કાંઈ? આહાહા! વીતરાગસ્વરૂપ પરમાત્મા છે એવું જ આત્માનું જિનરાજ વીતરાગ સ્વરૂપ છે. છે સ્વરૂપ એમાંથી પ્રગટ કર્યું છે. વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ છે એનાથી જે કોઈ કલ્યાણ માને, મુક્તિ માને એ અરિહંતનો ભક્ત નહીં, એ રાગનો ભક્ત છે. સમજાણું કાંઈ? એ પરમેશ્વરનો ભક્ત નહીં. ભારે કામ ભાઈ આવું.

ઓલામાં આવે છેને એક? હે ભગવાન! અભવિ આપને નમસ્કાર નહીં કરે. ૨૪મા સ્વયંભૂસ્તોત્રમાં. આપને નહીં નમે. કેમકે એ તો રાગથી લાભ માનનારા છે, એ વીતરાગને નહીં માને. સમંતભદ્ર સ્તુતિ કરે છે. જેનો વિકલ્પ ભલે પુણ્યનો હોય, પણ તે મારો છે ને એનાથી લાભ માનનારા એ વીતરાગને નહીં માની શકે, વીતરાગને નહીં નમી શકે. બહારથી નમે છે એ રાગને નમે છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? લગન કરે ત્યારે નથી બોલતા? 'નહીં નમે રે નહીં નમે, મોટાના છોરું નહીં નમે.' બાઈયું ગાતી હતી. ...... સાંભળ્યું હોય બધું. આવે છે એમાં? 'નહીં નમે રે નહીં નમે, મોટાના છોરું નહીં નમે.' એમ ધર્માત્મા જ્ઞાન ને આનંદમાં નમેલા એ રાગને નહીં નમે, એ રાગને નહીં માને અને રાગને માનનારા એ વીતરાગને નહીં નમે. સમજાણું કાંઈ?

મોટી વાતું છે આ તો. પરમેશ્વર તીર્થંકરદેવનો માર્ગ કોઈ અલૌકિક જુદો છે. જગતને સાંભળવા બીજો મળ્યો. આહાહા! કહે છે... આ ટૂંકમાં તો પોતાનું ને પરનું બેય સ્વરૂપ જાણીને ક્યાં છું એ પણ કહે છે. આહાહા! હે નાથ! તમે અંતરના જ્ઞાનસ્વરૂપી ભગવાન એમાં એકાગ્ર થઈને બેઠા, જ્ઞાન-દર્શન-ચારિત્રની નિર્મળ પર્યાય કરી, એ પર્યાય વડે પ્રભુ! એમાં બેઠા તે ઝડપથી કેવળજ્ઞાન લીધું આપે. એટલે એક સમયમાં જ્ઞાન-દર્શન ઉપયોગ બે હોય, એ આપે આ રીતે લીધું એમ કહે છે. આહાહા! એને ... જોઈએ ત્યારે કેવળજ્ઞાન પહેલા અને કેવળદર્શન પછી—એમ હોય નહીં.

**હવે હું જિનનાથના તે માર્ગે (જે માર્ગે જિનનાથ ગયા તે જ માર્ગે)...** લ્યો, હવે હું જિનનાથના તે માર્ગે.... તે માર્ગે એટલે આનંદ, સદ્બોધ જ્ઞાનસ્વરૂપનું જ્ઞાન, ભગવાન આત્માનું જ્ઞાન, ભગવાન આત્માની શ્રદ્ધા ને એની સ્થિરતા–નિર્વિકલ્પદશા એ દ્વારા હું પણ, પ્રભુ! **તે જ શાશ્વતપુરીમાં જાઉં છું...** સમજાણું કાંઈ? પરમાત્માને પોતાના આત્માનું જ્ઞાન ને ભાન થતાં એને પણ એમ થાય છે કે હું જિનનાથના માર્ગે જ જાઉં છું. એ ગયા એ માર્ગે હું છું. આહાહા! સમજાણું કાંઈ? તે માર્ગે, ભગવાન આત્મા પરમ આનંદ ને જ્ઞાનની મૂર્તિ પ્રભુ એમાં એકાગ્ર

થઈને વીતરાગપર્યાય પ્રગટ કરી, એ વીતરાગપર્યાયને માર્ગે આપે ઝપટથી શાશ્વતપુરી લીધી. હું પણ એ માર્ગે જાઉં છું અને **તે જ શાશ્વતપુરીમાં જાઉં છું** હવે. હવે સંસાર મારે છે નહીં. આહાહા! કહો, સમજાણું કાંઈ?

**તે જ શાશ્વતપુરી**, એમ અને **તે જ માર્ગ..** બે લીધાને. માર્ગ પણ તે જ (અને) શાશ્વતપુરી પાછી. ભગવાન જે કેવળજ્ઞાનને પામ્યા તે પુરી. કોઈ વૈકુંઠમાં જાય, ઢીંકણે જાય, ફીંકણે જાય એ (વાત) નથી. સમજાણું કાંઈ? **તે જ શાશ્વતપુરીમાં જાઉં છું**. પ્રભુ! પંચમ આરાના સાધુ ને આટલો બધો નિર્ણય? અશક્ય તો નહીં લાગી જાયને આમાં ક્યાંય? એય! અરે! સત્યમાં અસત્ય કેવા? સચ્ચિદાનંદ પ્રભુ આત્મા એના જ્યાં પંથે પડ્યો, કહે છે કે હું શાશ્વતપુરીએ જાઉં છું. અલ્પકાળમાં મારે પણ શાશ્વતપુરીની પ્રાપ્તિ થશે. એ જિનના ભક્તો આમ કહે ને માને. અજ્ઞાની (કહે), હજી આપણને ખબર ન પડે, આપણે કેટલા ભવ કરવા? આ કરીએ છીએ, પણ ભગવાને અનંતા ભવ દીઠા હશે તો? તું ભગવાનનો ભગત નથી. સમજાણું કાંઈ? ભગવાને આપણે અનંતા ભવ દીઠા હશે તો? મૂરખો છો તું, સાંભળને! તેં ભગવાનને ઓળખ્યા નથી ને ભગવાનનો ભગત થયો નથી.

એય! જૂની ૭૨ની વાત છેને અમારે. સંવત ૭૨. કેટલા વર્ષ થયા? ૫૬. મોટી ચર્ચા ચાલી હતી સંપ્રદાયમાં. અમારે મૂળચંદજી હતા. કેવળજ્ઞાનીએ દીઠું એમ થાશે, ભગવાને દીઠા ભવ એટલા તારે થાશે. આપણે કાંઈ.... ક્યાંથી બોલો છો આ? ૭૨ની સાલ હોં. એ ચીમનભાઈ! કેટલા વર્ષ થયા તમને તો? ૮૨-૮૩. આ ૫૬ વર્ષ પહેલાની વાત છે. પાળિયાદમાં. કોણ બોલે છે આ? આવી વાણી વીતરાગની છે આ? શું બોલો છો? ........ પછી વાંચ્યું હતું. જેને કેવળજ્ઞાની પરમાત્મા જ્ઞાનમાં બેઠા કે આવા કેવળજ્ઞાની હોય, એનું જેને ભાન થયું, એના ભગવાને અનંતા ભવ દીઠા હોય જ નહીં, એને ભવ-બવ હોય નહીં. આ તો ૫૬ વર્ષ પહેલાની વાત છે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

નોંધ-બોંધ એને કાંઈ નહોતી. એ તો કહે, કેવળીએ દીઠું હશે ત્યારે આપણે પુરુષાર્થ કરી શકીએ. એક જણાએ કહ્યું હતું, તો અત્યારથી મુંડાવીને શું બેઠા છો તમે? ઓલો રોચકાવાળો હતોને ઉજમશી. અમદાવાદમાં મરી ગયાને ઓલો સંથારો કરીને. એનો માનેલો. અમદાવાદમાં, નહીં? એ એક ફેરી બેઠા હતા, હું બેઠો હતો. તમે આમ કહેતા હતા ત્યારે, તો પછી મુંડાવીને શું કામ બેઠા છો? તમે કહો છો કે ભગવાને દીઠું ત્યારે થાશે, અમારે કાંઈ હાથમાં છે નહીં. ભગવાને દીઠું એવું જેને બેસે, ભગવાનની હયાતી જેને બેસે... પછી દીઠાની વાત, પણ ભગવાન કેવળજ્ઞાની કેવળદર્શની પરમાત્મા જગતમાં છે એવી સત્તાનો જેનો અંદરમાં સ્વીકાર થયો, એને સમ્યગ્દર્શન હોય અને એને ભવ-બવ હોય નહીં. સમજાણું કાંઈ? આને કાંઈ ઠેકાણા ન મળે. એમ બકે, અજ્ઞાની બકે એમ બક્યા કરે ગાંડાની જેમ. આપણે ધર્મ કરીએ છીએ. ભગવાનને તો માનીએ છીએ. ભવ કેટલા હશે, આપણને કાંઈ ખબર પડે નહીં. અનંતા. આ મૂર્ખાની જેવી વાતું છે. પાગલ જેવાની વાતું છે. સમજાણું?

અહીં કહે છે કે હું માર્ગે જાઉં છું. આહાહા! અરે! **આ લોકમાં ઉત્તમ પુરુષોને (તે માર્ગ સિવાય) બીજું શું શરણ છે?** જુઓ! આહાહા! શરીર, વાણી, પૈસો, ધૂળ એનું ક્યાંય શરણ (નથી). એ તો બધા જડ, માટી, દુઃખના નિમિત્ત છે. પુણ્ય-પાપના પરિણામ એ કાંઈ શરણ નથી એમ કહે છે. ભાવ હોં, પુણ્યના ભાવ એ શરણ નથી, એ તો રાગ છે. **આ લોકમાં ઉત્તમ પુરુષોને** જિનનાથનો માર્ગ એના સિવાય બીજું શું શરણ હોય? આહાહા! સમજાણું કાંઈ? આ તો સારું આવી ગયું વચમાં ભાઈ! આ ઓલું જરી ઉપયોગનું કઠણ, ઝીણું પડે. નાખ્યું માથે એ કે પ્રગટ કેમ થાય એ નાખ્યું. આહાહા! દિગંબર સંતોએ તો કામ... પરમાત્માના કેડાયતો, અનંતા તીર્થંકરના કેડે ચાલનારા. જુઓને કહે છે, હું આવું છું તમારી પાસે હોં. પ્રભુ! આહાહા! તમે તો પહોંચી ગયા, સત્પુરીએ પહોંચ્યા, હું આવું છું. આહાહા! સમજાણું કાંઈ?

એ કોણ કહે? જેને આત્માનો આશ્રય લઈ સમ્યગ્જ્ઞાન આદિ પ્રગટ્યા છે, એ માર્ગમાં નિઃશંકપણે વર્તે છે, એ કહે છે કે હું તે માર્ગે, પ્રભુ! આપ જે માર્ગે ગયા તે માર્ગે હું છું હોં અને જ્યાં તમે પહોંચ્યા ત્યાં હું જાઉં છું. આટલો ફેર છે. તમે પહોંચી ગયા ને હું જાઉં છું. કહો, સમજાણું કાંઈ? આવી નિઃશંકતા તો સમ્યગ્દર્શન થતાં થાય એમ કહે છે. આને કાંઈ..... એક ફેરી પૂછ્યું હતું, અનંતાનુબંધી ગયા એવું કાંઈ ખબર પડે? એ કહે, આપણને કાંઈ ખબર ન પડે. પૂછ્યું હતું એક ફેરી. અનંતાનુબંધી. કીધું, અનંતાનુબંધી કષાય તમારો ગયો છે? એમ પૂછ્યું એક જણને. એ કહે, આપણને કાંઈ ખબર ન પડે. (શ્રોતા : પણ અનંતાનુબંધી કષાય કોણ છે એવું ક્યાં ...?) એ તો આમ કષાય તો માને નહીં. આવી ક્રિયા કરીએ અને એ ક્રિયા ચારિત્ર છે અને એના ફળ તરીકે જ્ઞાન ને દર્શન સિદ્ધમાં રહેશે એકલા. ચારિત્ર નહીં રહે. આવું બોલે, આવું માને. સમજાણું કાંઈ?

...ભગત હતા. .... ખીમચંદભાઈ ને મલૂકચંદભાઈ ને. .... દુનિયા ભગત તો કહેને. આહાહા! ગજબ કામ કર્યું છે હોં. વાત તો એ ચાલે છે કે એક સમયમાં જ્ઞાન ને એક સમયમાં દર્શન બે સાથે હોય, અખંડ હોય. જેને અખંડ આત્માની પ્રતીતિ થઈ એને ઉપયોગ અખંડ એક સમયે બે હોય એવું એને ભાન હોય છે. સમજાણું કાંઈ? ઓલા કહે, પહેલે સમય જ્ઞાન ને બીજે સમયે દર્શન... અરેરે! આ શું કહે છે તું? આ તો એક સમયે. આવો માર્ગ વીતરાગે કહ્યો એને જાણવો. સમજાણું? એમાં ઓછું, વધતું–અધિક, વિપરીત કાંઈ નહીં ચાલે એવો આ માર્ગ છે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## માગશર સુદ ૧૨, સોમવાર, તા. ૨૯-૧૧-૧૯૭૧
## શ્લોક - ૨૭૫-૨૭૭, ગાથા - ૧૬૧-૧૬૨, પ્રવચન નં. ૧૮૯

શુદ્ધોપયોગ અધિકાર ચાલે છે. ૧૬૧ ગાથા ચાલે છેને? ૧૬૦. ન્યાં એમ કહે છે કે જેમ સૂર્ય ઉગે છે ત્યારે એને પ્રકાશ અને તાપ એક સાથે હોય છે, એમ ભગવાન જ્યારે કેવળજ્ઞાનપણે પ્રગટ થાય છે ત્યારે તેને જ્ઞાન ને દર્શનનો ઉપયોગની પર્યાય એક સાથે હોય છે. જેણે આત્માના અંતર જ્ઞાનસ્વભાવ વસ્તુ એમાં એકાગ્ર થઈને કેવળજ્ઞાન પ્રગટ કર્યું... એ આવ્યું છેને કાલે? **સદ્જ્ઞાનરૂપી નાવમાં આરોહણ કરીને**... ત્યાં એમ પણ બતાવ્યું કે કેવળજ્ઞાન કેમ પ્રાપ્ત થાય અને પ્રાપ્ત થાય તો અખંડ એમને એમ રહ્યા કરે. કેવળજ્ઞાન ને કેવળદર્શન એક સમયમાં બે એકસાથે (હોય), એમ ત્રિકાળી સાદિ-અનંત રહ્યા કરે છે. જગતમાં ત્રિકાળ એવા આત્માઓ તો છે. સમજાણું કાંઈ?

અનાદિના કેવળજ્ઞાની, કેવળદર્શની છે. લ્યોને અનાદિના સિદ્ધ છે અને સિદ્ધનેય કેવળજ્ઞાન, કેવળદર્શન એક સમયમાં એને છે. જો કોઈ અરિહંતના જ્ઞાનના ભાવને પહેલો અને દર્શનને પછી એમ કહે, તો સિદ્ધ અનંતા છે એને પણ એમ થઈ ગયું. એ અખંડતા રહી નહીં. અહીંયા તો આત્માના જ્ઞાનાનંદ સ્વભાવ એનું સાધન કરીને, અંતર્મુખ સ્વભાવની એકતા કરીને, જેને કેવળજ્ઞાન, કેવળદર્શન થયું, એ પૂર્ણ મુક્તિને પામ્યા. એને અખંડ જ્ઞાન ને દર્શનનો ઉપયોગ હોય એમ કહે છે. એ વાત આવી ગઈ હતી.. ૨૭૫ કળશ.. કળશ.

**एको देवः स जयति जिनः केवलज्ञानभानुः**
**कामं कान्तिं वदनकमले संतनोत्येव कांचित् ।**
**मुक्तेस्तस्याः समरसमयानंगसौख्यप्रदायाः**
**को नालं शं दिशतुममनिशं प्रेमभूमेः प्रियायाः ॥२७५॥**

**संतन**... **संतन** (એટલે) ચલાવે છે. **संतन-उत्येव**.

કહે છે... **શ્લોકાર્થ : કેવળજ્ઞાનભાનુ (કેવળજ્ઞાનરૂપી પ્રકાશના ધરનારા સૂર્ય)...** આત્માની જ્ઞાનદશારૂપી સૂર્ય કેવળજ્ઞાન પ્રગટ થયો અરિહંતને કેવળીને ને સિદ્ધોને. એ સૂર્ય **એવા તે એક જિનદેવ જ જયવંત છે.** કહે છે કે કેવળજ્ઞાન થયું એ એમને એમ એને રહે છે. એક સમય કેવળજ્ઞાન ને બીજે સમયે કેવળદર્શન એમ નહીં, એમ અહીં કહેવું છે. આખો ઊંધો આવ્યો. એ કેવળજ્ઞાનની દશામાં આવરણ તો બેયના ટળ્યાં. આવરણ ટળ્યાં ને એક સમયમાં એક ઉપયોગ ને બીજે સમયે બીજો. તો, આવરણને રોક્યું એમ થાય એનો અર્થ. બે ગુણ છે તો એની પર્યાય પણ બે હોય. આત્મા એક, એના જ્ઞાન-દર્શન ગુણ આદિ અનંત, એમાં જ્ઞાન-દર્શન

બે, એની પર્યાય બે. એટલે એક જ ઉપયોગ હોય એમેય નહીં, બે થઈને એક હોય એમેય નહીં અને એક પહેલો ને બીજો પછી એમેય નહીં. આ તો ભાઈ! વસ્તુનું સ્વરૂપ વર્ણવ્યું છે. સમજાણું કાંઈ?

એક બાજુ કહેવું કે સાદિ-અનંત રહે, કેવળજ્ઞાન જ્યારથી પ્રગટ્યું એ અનંતકાળ રહે. અનંતકાળ ક્યારે રહે? એની એ દશા એમને એમ ઉપયોગરૂપ ત્રિકાળ સાદિ-અનંત રહે. સમજાણું કાંઈ? તો એ કેવળજ્ઞાન, કેવળદર્શન જયવંત વર્તે છે એમ કહેવામાં આવે છે. આચાર્યોએ જરી શ્વેતામ્બર આમ્નાયની ચર્ચા કરી છે. શ્વેતામ્બર આમ્નાય પહેલાં દિગંબર સનાતન જૈનદર્શન હતું અનાદિનું. બે હજાર વર્ષ પહેલા બાર વર્ષના દુકાળ પડ્યા, એમાં આ શ્વેતામ્બર ધર્મ નીકળ્યો. સ્થાનકવાસી તો એના પછી હમણાં પાંચસો વર્ષ પહેલાં નીકળ્યો. એ મૂળ જૈનધર્મ નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

મૂળ જૈનધર્મ અનાદિનો, દિગંબર સનાતન માર્ગ અનાદિનો છે. મહાવિદેહમાં એ વર્તે છે, અહીં પણ અનાદિનો એ જ હતો. પછી બે હજાર વર્ષ પહેલા બાર વર્ષના દુકાળ પડ્યા, એમાં અડધો કટકો રાખ્યો કપડાનો અને એમાંથી એ નવો પંથ નીકળ્યો. સ્થાનકવાસી એમાંથી હમણા પાંચસો વર્ષ પહેલા નીકળ્યો. એ સનાતન જૈનધર્મની પદ્ધતિ નથી. ભગવાન કુંદકુંદાચાર્ય સંવત ૪૯માં દિગંબર મુનિ થયાં. શ્વેતામ્બર પંથ નીકળ્યા પછી સો વર્ષે થયાં. ભગવાન પાસે ગયા હતાં. સીમંધર પરમાત્મા અત્યારે તીર્થંકરદેવ બિરાજે છે, એમની પાસે ગયા હતાં, આઠ દિ' રહ્યા. આવીને પછી આ શાસ્ત્રો બનાવ્યા. કહો, સમજાણું કાંઈ?

કહે છે કે ઓહો! કેવળજ્ઞાનભાનુ એક જિનદેવ જ જયવંત છે. એની અખંડ ધારા એમને એમ વર્તે છે. સમજાણું કાંઈ? **તે જિનદેવ સમરસમય અનંગ (અશરીરી, અતીન્દ્રિય) સૌખ્યની દેનારી એવી તે મુક્તિના મુખકમળ પર ખરેખર કોઈ અવર્ણનીય કાન્તિને ફેલાવે છે...** કહે છે કે કેવળજ્ઞાન ને કેવળદર્શન એક સમયમાં અખંડ ધારાએ વર્તે છે. એને વીતરાગી સુખ દેનારી મુક્તિની દશા ખરેખર અવર્ણનીય શાંતિને ફેલાવે છે. બેય અખંડ ધારા કેવળજ્ઞાન ને કેવળદર્શન આનંદને આપે છે એમ કહે છે. સમજાણું કાંઈ? અરિહંત ભગવાનને અને સિદ્ધ ભગવાનને કેવળજ્ઞાન ને કેવળદર્શન અખંડધારાએ વીતરાગી સુખની દેનારી મુક્તિ છે. વીતરાગી સુખ છે એમાં–અખંડ કેવળજ્ઞાન, કેવળદર્શનમાં. ખંડખંડ હોય તો વીતરાગી સુખ સાથે પૂર્ણ હોઈ શકે નહીં. કહો, સમજાણું કાંઈ?

**(કારણ કે) કોણ (પોતાની) સ્નેહાળ પ્રિયાને નિરંતર સુખોત્પત્તિનું કારણ થતું નથી?** એટલે કેવળજ્ઞાન ને કેવળદર્શન સમયે-સમયે જે છે એનો કોઈ સમયે વિરહ પડતો નથી એમ કહેવું છે. ઓલા કહેને કે કેવળજ્ઞાન પહેલે સમયે, કેવળદર્શન પછી, તો વિરહ પડ્યો. સમજાણું કાંઈ? દેવનું વાસ્તવિક સ્વરૂપ, એના ઉપયોગ જ્ઞાન-દર્શન સુખરૂપ છે એની વાત છે. જેને આ

રીતે સ્વરૂપની ખબર નથી એને દેવની પણ ખબર નથી. અરિહંત કેવા હોય, સિદ્ધ કેવા હોય—એની એને ખબર નથી. જેને દેવ ને ગુરુની સાચી ખબર નથી, એને ધર્મની ખબર હોઈ શકે નહીં. સમજાણું કાંઈ?

કહે છે કે જેને મુક્તિરૂપી દશા... કેવળજ્ઞાન ને કેવળદર્શન એટલે મુક્ત. એક સમયનો જેને વિરહ પડતો નથી એમ કહે છે. '**સ્નેહાળ પ્રિયા**' કીધીને? એક સમયનો પણ એને વિરહ પડતો નથી. એના સુખ-ઉત્પત્તિનું કારણ કોણ ન થાય? અખંડમાં આનંદ હોય છે. અખંડ કેવળજ્ઞાન ને કેવળદર્શનના સમય-સમયમાં અનંતો આનંદ–સુખ સાથે હોય છે. વીતરાગી સુખ હોય છે. આ અજ્ઞાનીએ જે માનેલું, સ્ત્રીઓમાં, આબરૂમાં, પૈસામાં, ધૂળમાં સુખ માન્યું એ તો ઝેરનું સુખ છે. સમજાણું કાંઈ? મૂઢ જીવોએ ધર્મના સ્વરૂપને જાણ્યા વિના, આ પૈસામાં સુખ છે, આ માંસ-હાડકા ચૂસવામાં સુખ છે, આબરૂ મારી મોટી હોય તો સુખ છે. સમજાણું કાંઈ? સ્ત્રીના ભોગમાં સુખ છે, સ્વર્ગમાં સુખ છે. એમ અજ્ઞાની મૂઢ જીવે—જૈનધર્મના સ્વરૂપને નહીં જાણનારાએ—આમ માન્યું છે. સમજાણું કાંઈ? વસ્તુ અનંત જ્ઞાન ને દર્શન છે, ત્યાં અનંત આનંદ છે. એ વીતરાગી આનંદ છે, એ વીતરાગી સુખ છે. એ વાસ્તવિક સુખ છે મુક્તિમાં. ૨૭૫ થયો. ૨૭૬.

**जिनेन्द्रो मुक्तिकामिन्याः मुखपद्मे जगाम सः ।**
**अलिलीलां पुनः काममनङ्गसुखमद्वयम् ॥२७६॥**

**શ્લોકાર્થ : તે જિનેન્દ્રદેવે મુક્તિકામિનીના...** મુક્તિરૂપે એની પરિણતિ–અવસ્થા એના **મુખકમળ પ્રત્યે ભ્રમરલીલાને...** એટલે એમાં લીન છે. એ કેવળજ્ઞાન ને કેવળદર્શનમાં એ લીન છે. કોઈ સમય પણ તેની લીનતા તૂટતી નથી એમ કહે છે. આ ૧૬૦મી ગાથાનો (શ્લોક) છેને આ. ખરેખર તેમાં ભ્રમરની જેમ લીન થયા છે. ભમરો જેમ પુષ્પમાં લીન થાય પુષ્પનું મધ લેવા, એમ ભગવાન પોતાના કેવળજ્ઞાન, કેવળદર્શનના આનંદમાં લીન થયા છે. એનો એને વિરહ ને ખંડ પડતો નથી. માટે જીવોએ મોક્ષને પ્રાપ્ત કરવું જોઈએ એમ કહે છે. સમજાણું કાંઈ?

હવે ૧૬૧. અત્યારનો અધિકાર જરીક ઝીણો છે. કારણ કે બે આમ્નાય પડી ગઈ—એક દિગંબર ને એક શ્વેતાંબર. એ આમ્નાય નવી નીકળી છે. એ જૈનનું સનાતન સ્વરૂપ નથી. સંપ્રદાયવાળાને કઠણ લાગે. સમજાણું કાંઈ? પણ માર્ગ આ છે. પરિવર્તન કર્યું તો કાંઈ કારણ હશે કે નહીં? સમજાણું કાંઈ? સ્થાનકવાસીમાંથી પરિવર્તન કર્યું તો કાંઈ કારણ હશે કે મફતનું કર્યું હશે? માર્ગ આ બીજો છે. સમજાણું કાંઈ? એય! સ્થાનકવાસી ને શ્વેતામ્બર મૂર્તિપૂજક બેય નવા પંથ છે. જૈનનો સનાતન પંથ નહીં. આકરું લાગે, વાડાવાળાને આકરું લાગે. એય! તમારા કાકા પણ પાકા ચણા છે. હરિભાઈ એના કાકા છે પાકા. સમજે નહીં ત્યાં એ ઝોલ ખાય હો-હા.

આ તો વીતરાગમાર્ગ તીર્થંકર કેવળી પરમાત્મા જેને એક સમયમાં અખંડ કેવળજ્ઞાન ને અખંડ કેવળદર્શન હતું એણે કહેલો માર્ગ તો આ છે. સમજાણું કાંઈ?

એ શાસ્ત્રમાં–૩૨-૪૫ સુત્રમાં એમ આવે છે કે કેવળી જે સમયે પહેલા (નરકના) નારકીને દેખે એ સમયે એને જાણે નહીં. એવો પાઠ આવે છે. એ મેળ ન ખાધો સમર્થ સિદ્ધસેનદિવાકરને. એ શ્વેતામ્બરમાં થયા. મેળ ન ખાધો. માળું! આ તો બહુ વિરુદ્ધ થાય. પાઠના પાઠ ભર્યા છે ૩૨-૪૫માં. કેવળજ્ઞાની જે સમયે રત્નપ્રભાને દેખે તે સમયે જાણે નહીં અને જાણે તે (સમયે) દેખે નહીં. એવું આવે છે. તેમ રત્નપ્રભાથી માંડીને મુક્તિશિલા. એવો પાઠ ભગવતીમાં છે. બધું કલ્પિત બનાવ્યું છે, શાસ્ત્રો જ કલ્પિત છે, ભગવાનના કહેલા નથી. એ ચેતનજી! આ ભારે વાત ભાઈ! આહાહા!

તેથી અહીંયા સ્પષ્ટ કરે છે. ત્યાં સિદ્ધસેનદિવાકરને ખટક્યું શાસ્ત્રમાં લખ્યું છે એ. એક સમયે દેખે ને બીજે સમયે જાણે, આમ કેમ? એટલે લખાણ કર્યું સંમતિતર્ક. જોયું છે કે નહીં? છે? છે તમારે ત્યાં? ....થાય. એની અંદર છે. કે આ શાસ્ત્રમાં આમ આવ્યું છેને? કેવળી જે સમયે દેખે તે સમયે જાણે નહીં. કે એ વાત અન્યમતિની કહેલી જાણવી. અન્યમતિની ક્યાંથી જાણે? એ મેળ ન ખાધો. અન્યમતિની છે, જૈનની નહીં. પણ આ ભગવાન કહે છે, ગૌતમ સાંભળે છે—એની તો વાત છે ત્યાં. સમજાણું કાંઈ? બહુ ફેર છે. સંપ્રદાયવાળાને લાગે કાંઈક... બેય સંપ્રદાયમાં–સ્થાનકવાસી ને દેરાવાસીમાં સનાતન જૈનધર્મથી ઘણો ફેર છે, હજારો બોલનો ફેર છે. જૈનશાસનથી એમાં હજારો બોલનો વિરોધ છે. એય!

શ્રોતા : મહારાજજી! અન્યમતિકી કૌનસી બાત એક સાથ હોનેવાલી હૈ?

પૂજ્ય ગુરુદેવશ્રી : એમ નહીં. પાઠમાં એમ આવ્યુંને કે જે સમયે દેખે તે સમયે જાણે નહીં. ત્યારે સિદ્ધસેન દિવાકર હુઆ નહીં સંમતિતર્કવાળા? શ્વેતામ્બર. પછી આપણે સન્મતિ..... ભાઈ! ધવલમાં છે સન્મતિ. એ અહીંનું દિગંબરનું બીજું હશે. અહીંયા સંમત થયો નહીં, એને સંશય પડ્યો. માળું! એક સમયે જાણે-દેખે. આ તો ખંડખંડ થાય. પાઠ તો એવા જ છે શાસ્ત્રમાં. ત્યારે એણે ફેરવી નાખી વાત. એ વાત અન્યની કહેલી છે. અન્યમાં એમ છે એમ કહી ફેરવી નાખી. ખોટી વાત, એની ખોટી વાત છે. સમજાણું કાંઈ?

આ તો ભાઈ! વીતરાગ સર્વજ્ઞ કેવળી એક સમયમાં જેને ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન છે, એણે કહેલો માર્ગ કોઈ અલૌકિક છે. સમજાણું કાંઈ? આહાહા! લોકોને મળ્યો નથી ને આ બાજુ તો હતો નહીં. માંડ-માંડ થોડા ઘણા હતા અહીંયા ભાવનગરમાં, વાડા તરીકે હોં, તત્ત્વ તરીકે નહીં. આ તો સનાતન વીતરાગ પરમેશ્વર કેવળીએ કહેલો છે. મહાવિદેહમાં ભગવાન એ જ માર્ગ કહે છે. સીમંધર પરમાત્મા વર્તમાન બિરાજે છે. એ જ વાત ત્યાં કહે છે. સમજાણું કાંઈ? એ વાત અહીં કુંદકુંદાચાર્ય કહે છે. પક્ષ જેણે કર્યો હોય (એવા) સંપ્રદાયના આગ્રહવાળાને

આકરું લાગે. એ વાતને અહીં સ્પષ્ટ કરે છે. (ગાથા) ૧૬૧. ભગવાન કુંદકુંદાચાર્ય દિગંબર મુનિ અહીં હતા સંવત ૪૯માં લગભગ. બે હજાર વર્ષ થયા. ભગવાન પાસે ગયા, આઠ દિ' રહ્યા, ત્યાંથી આ આવ્યું છે. સમજાણું કાંઈ?

**णाणं परप्पयासं दिट्ठी अप्पप्पयासया चेव ।**
**अप्पा सपरपयासो होदि त्ति हि मण्णसे जदि हि ॥१६१॥**

આ બીજી વાત આવી વ્યવહારને એકલા માનનારાની. ઓલી પહેલી ખંડખંડ માનનારની વાત હતી. શું કીધું? કેવળજ્ઞાન એક સમયે, કેવળદર્શન બીજે સમયે—એનું અહીંયા ખંડન કર્યું ૧૬૦માં. આ ૧૬૧માં (કહે છે કે) એક એવો અભિપ્રાય છે કે જ્ઞાન પરને જાણે અને દર્શન સ્વને દેખે. એ પણ વ્યવહારનું એકાંત છે, નિશ્ચય એમ છે નહીં. ધવલ-જયધવલમાં આવે છે એમાં. એ તો ગુણભેદની... જ્ઞાન આ બહુ જાણે છેને પરને એ અપેક્ષાએ પરપ્રકાશક કહ્યો છે ને દર્શન સ્વ(પ્રકાશક)—અહીં એની વાત લે છે.

**દર્શન પ્રકાશક આત્મનું, પરનું પ્રકાશક જ્ઞાન છે,**
**નિજપરપ્રકાશક જીવ,—એ તુજ માન્યતા અયથાર્થ છે. ૧૬૧.**

ભઈ! અહીં તો વીતરાગમાર્ગ છે. સૂક્ષ્મ પણ વિપરીત (થતું) હોય, એ જૈનદર્શનને પાલવે નહીં. સમજાણું કાંઈ? અને એ જૈનદર્શનની જે વસ્તુ છે એથી કોઈ ઠેકાણે એ વાત આવી હોઈ શકતી નથી.

**ટીકા : આ, આત્માના સ્વપરપ્રકાશકપણા સંબંધી વિરોધકથન છે. પ્રથમ તો, આત્માને સ્વપરપ્રકાશકપણું કઈ રીતે છે? (તે વિચારવામાં આવે છે).** જેને આવા નિર્ણયની ખબર નથી એને તો એમ લાગે કે આ શું હશે? આ દયા પાળો, વ્રત પાળો ને કરો અપવાસ. ઓલા દેરાવાસી (કહે), કરો પૂજા ને કરો જાત્રા. દિગંબરમાં (કહે), આ ખાવું, આ ન ખાવું, નાગા થાવું. પણ માર્ગ વસ્તુ શું છે અંદર, એની ખબર વિના એવા અનંતવાર થોથા કર્યા. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન ને સમ્યગ્દર્શનનું ધ્યેય આત્મા પૂર્ણસ્વરૂપ શું છે, વર્તમાન પૂર્ણ શું ને પર્યાયની પૂર્ણતા શું—એના સ્વરૂપને જાણ્યું નહીં અને પછી મિથ્યાદૃષ્ટિપણે ક્રિયાકાંડ કર્યા વ્રત ને તપ. એ બધા નિરર્થક ગયા. મોક્ષને માટે નિરર્થક ગયા ને રખડવા માટે સાર્થક થયા. ભારે કામ ભાઈ! આ તો અત્યારે આ અધિકાર આવ્યો એટલે .... સ્પષ્ટ તો કરવું જોઈએ કે નહીં? માવાણી! હવે તો અહીં ૩૭ વર્ષ થયા. આ સોનગઢમાં ૩૭ થયા. ફાગણ વદ ત્રીજે ૩૮ પૂરા થાશે. એટલે કાંઈક સ્પષ્ટ આવવું જોઈએ કે નહીં? આહાહા!

**આત્મા જ્ઞાનદર્શનાદિ વિશેષ ગુણોથી સમૃદ્ધ છે....** ભગવાન આત્મા જ્ઞાન-દર્શન-આનંદાદિ ગુણોથી સમૃદ્ધિવાળો છે. એનામાં જ્ઞાન–જાણવું, દેખવું, આનંદ, અસ્તિત્વ, સ્વચ્છતા, શાંતિ, વીતરાગતા આદિ ગુણોથી તો ભગવાન આત્મા સમૃદ્ધ છે. વિકાર ને સંયોગથી સમૃદ્ધ

નથી. સમજાણું કાંઈ? આ સમૃદ્ધિવાળા કહેવાયને. ભાઈ! આને તો હામ, દામ ને ઠામ (છે, એમ) નથી કહેતા? હામ, દામ ને ઠામ એ બધુંય છે. ધૂળેય નથી તારા હામ, દામ ને ઠામ, સાંભળને હવે! ધૂળની હામ ક્યાંથી આવી તને? એય! તમારે વળી છોકરા રળાઉ મોટા. હામ, દામ ને ઠામ. ભીખાભાઈને તો એક જ છે હજી. પૈસા છે, હિંમત છે, જમીન છે, વખારું, મકાનો. એ કહે છેને? ને દામ છે (એટલે) પૈસા છે, લ્યો. ધૂળેય નથી, સાંભળને! એ તો પર છે. તારા ક્યાંથી આવ્યા એ? પર મારા એ માન્યતા જ મિથ્યાત્વ છે. કહો, સમજાણું કાંઈ?

એ છોકરા મારા એ માન્યતા જ મિથ્યાત્વ છે. આહાહા! હવે, હીરાભાઈ જેવો છોકરો મારો ન માનવો? ડાહ્યો, હુશિયાર, નરમ, શાંત. કોના છોકરા પણ? એનો આત્મા એની પાસે એનો છે. એમાં આનો ક્યાંથી થઈ ગયો એ? અજ્ઞાની અનાદિથી પરને પોતાનું માનીને ભ્રમણામાં ભૂલ્યા છે. જૈનના નામ ધરાવનારા હોય જૈન, પણ આ દીકરા મારા, બાયડી મારી, પૈસા મારા, શરીર મારું (માને તો) મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે. એ કપુરભાઈ! શું હશે આ? તમે બધા છ ભાઈઓ ભેગા થઈને કામ કરતાં. વળી મરી ગયા બે-ત્રણ જણા. છ ભાઈની એક લાકડી. લ્યો. કોણ ભાઈ? કોણ હતા? એ બધા જુદેજુદાં છે. આહાહા!

અહીં તો કહે છે કે તારી સમૃદ્ધિ તો, આનંદ ને જ્ઞાનાદિ ગુણોની સમૃદ્ધિ તારી છે. સમજાણું કાંઈ? આહાહા! એવો ભગવાન આત્મા અંદર પ્રભુ પોતે ભગવાન સ્વરૂપે જ છે. તો ભગવાનની પર્યાય એમાંથી પ્રગટ થાય છે. કંઈ બહારથી આવે છે ભગવાન? કેવળજ્ઞાની અરિહંત (દશા) એ કાંઈ બહારથી આવે છે? એ અંદરમાં પરમાત્મસ્વરૂપ જ આત્માનું છે. આહાહા! દર્શન આદિ વિશેષ ગુણ, એમ. જોયું! વિશેષ ગુણ, એમ. સામાન્યગુણ તો અસ્તિત્વ આદિ હોય છે. આ વિશેષ ગુણોથી સમર્થ છે. એવા અનંતા ગુણો આત્મામાં છે. વિશેષ ગુણ હોં. જે જડમાં નથી એવા અંદર આત્મામાં અનંતા ગુણો છે.

**તેનું જ્ઞાન શુદ્ધ આત્માને પ્રકાશવામાં અસમર્થ હોવાથી...** હવે સામાની દલીલ મૂકે છે. એનું જ્ઞાન પોતાને–આત્માને પ્રકાશવામાં અસમર્થ હોવાથી **પરપ્રકાશક જ છે...** એમ દલીલ છે એકની. જ્ઞાન છે એ પોતાને ન જાણે, જ્ઞાન પરને જાણે. સમજાણું કાંઈ? એમ કોઈ માને છે. **એ રીતે નિરંકુશ દર્શન પણ કેવળ અભ્યંતરમાં આત્માને પ્રકાશે છે (અર્થાત્ સ્વપ્રકાશક જ છે).** દર્શન તે આત્માને દેખે, જ્ઞાન પરને જાણે. એમ સ્વપ્રકાશક દર્શન છે. દર્શન નામનો ગુણ એ સ્વપ્રકાશક છે, જ્ઞાનગુણ પરપ્રકાશક છે. **આ વિધિથી આત્મા સ્વપરપ્રકાશક છે.** એમ કોઈ અજ્ઞાની કહે કે દર્શનથી સ્વને પ્રકાશે ને જ્ઞાનથી પરને—એ રીતે આત્મા સ્વપરપ્રકાશક છે.

**આમ હે જડમતિ પ્રાથમિક શિષ્ય!** પાછો લીધો પ્રાથમિક શિષ્ય. તેથી ચર્ચામાં તો આવ્યો છે, એમ કહે છે. **જો તું દર્શનશુદ્ધિના અભાવને લીધે...** સમકિતના અભાવને લીધે.. દર્શનશુદ્ધિના અભાવને કારણે આમ **માનતો હોય, તો ખરેખર તારાથી અન્ય કોઈ પુરુષ જડ**

**(મૂર્ખ) નથી.** એ તો પ્રેમથી એને સમજાવવું છે કે નહીં? કડક (ભાષા) વિના સમજે નહીં માળા એ. આકરા કોરડા વિના ઉંહકારો કરે નહીં. સાધારણ લાગે તો ઉં.. ઉં.. પડ્યો રહે. આકરો અંદર. મૂર્ખ! તારા ગુણ–જ્ઞાન ને દર્શનની શક્તિઓ બે એનાથી સમૃદ્ધિ અને એના કાર્યમાં તું એમ કહે કે જ્ઞાને પરને જ જાણે અને દર્શન સ્વને જ જાણે. અભેદવસ્તુમાં ગુણો અભેદપણે કામ કરે, એને ઠેકાણે આ તેં શું કર્યું? કહો, સમજાણું કાંઈ?

જ્ઞાન એક સમયે જાણે અને દર્શન બીજે સમયે દેખે—એનો તો અહીંયા વિરોધ કર્યો. સમજાણું કાંઈ? અહીં તો (જે એમ માને છે કે) જ્ઞાન પરને જાણે અને દર્શન સ્વને દેખે. મૂરખ છો કહે છે. આ બે ગુણના ભેદે સ્વપરપ્રકાશક આત્માને ઠરાવ, એ જડમતિ છો. ભારે! આ દર્શનગુણ એટલે ઉપયોગની વાત છે હોં. સમકિતની અહીં વાત નથી. **જ્ઞાન શુદ્ધ આત્માને પ્રકાશવામાં અસમર્થ હોવાથી પરપ્રકાશક જ છે**, એમ. **નિરંકુશ દર્શન** એટલે ઉપયોગ **કેવળ અભ્યંતર આત્માને પ્રકાશે છે. આ વિધિથી આત્મા સ્વપરપ્રકાશક છે**. ગુણના ભિન્ન કાર્યને લઈને આત્મા સ્વપરપ્રકાશક એકરૂપ છે. જડમતિ! એ તારી માનેલી વાત મૂર્ખની છે. આહાહા! ભારે વાત ભાઈ! **તારાથી અન્ય કોઈ પુરુષ મૂરખ નથી**. હવે એની વિશેષ ટીકા કરે છે.

**માટે અવિરુદ્ધ એવી સ્યાદ્વાદવિદ્યારૂપી દેવી...** ભગવાને કહેલું સ્યાદ્વાદસ્વરૂપ, અનેકાંતસ્વરૂપ... તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્માએ કહેલું અનેકાંતસ્વરૂપ એવી દેવી એ **સજ્જનો વડે. સમ્યક્ પ્રકારે નિરંતર આરાધવા યોગ્ય છે.** ભગવાને કહેલું તે અનેકાંતસ્વરૂપ એને સેવવાલાયક છે. એકાંત તું એમ માને છે કે દર્શન સ્વને દેખે, જ્ઞાન પરને જાણે. એ તારી વાત એકાંત છે. સમજાણું કાંઈ? ભાઈ! કોણ નવરા હોય આમાં–આવું નિર્ણય કરવામાં? વ્રત-તપ કરો, અપવાસ કરો ને મરી જાઓ. મરી ગયો અનંતવાર કરી-કરીને, સાંભળને! આત્મા શું ચીજ છે ને એના ગુણોનું એક સમયે બે કાર્ય અને એક સમયે બેય સ્વપરપ્રકાશક. જ્ઞાનેય સ્વપરપ્રકાશક, દર્શનેય પણ સ્વપરપ્રકાશક ને આત્મા પણ સ્વપરપ્રકાશક.—ત્રણેય સ્વપરપ્રકાશક છે એમ ન માનતાં દર્શન સ્વને પ્રકાશે, જ્ઞાન પરને પ્રકાશે ને આત્મા સ્વપરપ્રકાશક છે. આહાહા! આવો ભેદ પણ અંદર પાલવતો નથી.

શ્રોતા : શાસ્ત્રમાં આવે છેને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : આવે છે, એ અપેક્ષાથી આવે છે. આવે છેને ધવલમાં. પહેલા પાના જ એ આવ્યા હતા ૯૦માં. આમ આવવાનું છે. એ તો જ્ઞાનનો ભાવ ઘણો પરને જાણે છે એ અપેક્ષાએ પરપ્રકાશક અપેક્ષિત કહ્યું. સમજાણું? ગુણની ભિન્નતાના સામર્થ્યને બતાવવા એમ વાત કરી છે. વસ્તુ એમ નથી. અભેદદૃષ્ટિમાં તો આ છે. કહો, સમજાણું કાંઈ? પહેલું કાગળિયું આવ્યું હતું. તમારા ઉપર આવ્યું હતુંને કાંઈ, નહીં? મારા ઉપર આવ્યું હતું. ૯૦ની સાલ.

જયધવલ, ધવલ છપાવાનું છે. એમાં આ અધિકાર આવશે. ૯૦ની સાલ, સદર, રાજકોટ. વાંચ્યા હતા પાના.... બરાબર હતું.

અહીં કહે છે કે સ્યાદ્વાદવિદ્યા–જે સ્યાદ્વાદનું જ્ઞાન એને આરાધનારા જીવોએ સમ્યક્ પ્રકારે માનવું. **ત્યાં (સ્યાદ્વાદમતમાં), એકાન્તે જ્ઞાનને પરપ્રકાશકપણું જ નથી...** ભગવાનના જ્ઞાનમાં, એકાંતે જ્ઞાન પરને જાણે એમ નથી. **સ્યાદ્વાદમતમાં દર્શન પણ કેવળ શુદ્ધાત્માને જ દેખતું નથી...** એકલા આત્માને દેખે દર્શન-ઉપયોગ એમ નથી. **(અર્થાત્ માત્ર સ્વપ્રકાશક જ નથી).** કોણ? દર્શન. **આત્મા દર્શન, જ્ઞાન વગેરે અનેક ધર્મોનો આધાર છે.** ભગવાન આત્મા વસ્તુ જે આત્મા છે એ તો દર્શન-જ્ઞાન (આદિ) અનંત ગુણનો આધાર છે. **અનેક ધર્મોનો આધાર છે. (ત્યાં) વ્યવહારપક્ષે પણ જ્ઞાન કેવળ પરપ્રકાશક હોય...** વ્યવહારપક્ષે પણ જ્ઞાન જો એકલું પરને જાણે, તો **સદા બાહ્યસ્થિતપણાને લીધે...** જ્ઞાન તો બહારમાં રહી ગયું. **(જ્ઞાનને) આત્મા સાથે સંબંધ રહે નહિ.** ન્યાયનો વિષય જરી સુક્ષ્મ છે.

**અને (તેથી) આત્મપ્રતિપત્તિના અભાવને લીધે...** કારણ કે એ જ્ઞાન તો બહારમાં ગયું, સ્થિત થયું. આત્માને જાણ્યો જ નહીં. જેનો ગુણ એને જાણ્યો નહીં (અને) પરને જાણ્યું. એવો અધિકાર આવે છે હોં દિગંબર શાસ્ત્રોમાં. શ્વેતામ્બરમાં તો એ વાત છે જ નહીં. શ્વેતામ્બરની વાત પહેલા સિદ્ધ કરી. વ્યવહારને ઉડાવીને નિશ્ચય સિદ્ધ કરે છે. માનનારા છેને, માની બેસે છેને એ. વ્યવહાર હોય તો આવો જ હોય. હવે એ તો વ્યવહારથી વાત કરી છે, પરમાર્થે એમ છે નહીં. શાસ્ત્રમાં ઘણા કથન આવે. આવે છેને. આવેને, સમજાવવું છે તો શું કરે? કહો! કહે છે કે જ્ઞાન જો પરને જ જાણે તો બાહ્યસ્થિતપણાને લીધે આત્મા સાથે સંબંધ રહ્યો નહીં અને આત્માની પ્રતિપત્તિનો અભાવ થતાં, પ્રતિપત્તિ એટલે જ્ઞાન, એનો અભાવને લીધે **સર્વગતપણું (પણ) બને નહિ.** લ્યો, તો જ્ઞાન સર્વગતપણે બધાને જાણે એ તો રહ્યું નહીં. આહાહા!

**આ કારણને લીધે, આ જ્ઞાન હોય જ નહિ (અર્થાત્ જ્ઞાનનું અસ્તિત્વ જ ન હોય).** એ જ્ઞાનનું અસ્તિત્વ રહે નહીં એ રીતે. આખો ભગવાન આત્મા ન જાણે ત્યારે સર્વગત ક્યાંથી રહ્યું? સર્વને જાણવું એવું તો રહ્યું નહીં. એકલું બાહ્ય પદાર્થને જાણનારું રહ્યું. આખો પદાર્થ મહાપ્રભુ એ અનંત ગુણનો પિંડ છે પોતે, એને તો જ્ઞાને જોયું નહીં. સમજાણું કાંઈ? ઓલી ફેરી નહોતું વાંચ્યું, છોડી દીધું હતું. અહીં તો પહેલેથી છેલ્લે સુધી પુરું કરવું છેને. આ જ્ઞાન, અસ્તિએ જ્ઞાન જ ન કહેવાય. જે જ્ઞાન, ભગવાન આત્માને એનું જ્ઞાન એને ન જાણે, જાણનારો એને ન જાણે, આહાહા! એ જ્ઞાન જ ન કહેવાય. **મૃગતૃષ્ણાના જળની માફક આભાસમાત્ર જ હોય.** ઝાંઝવાના પાણી દેખાવમાત્ર છે, એમ જ્ઞાન પોતાને ન જાણે એ જ્ઞાન દેખાવમાત્ર આભાસ છે. એ સાચું જ્ઞાન નથી.

**એવી રીતે દર્શનપક્ષે પણ, દર્શન કેવળ અભ્યંતરપ્રતિપત્તિનું જ કારણ નથી...** દર્શન ઉપયોગ એ કાંઈ એકલા અંતરના જ્ઞાનનું કારણ નથી. અંતરંગનું જ્ઞાન-સ્વને જાણવું તે જ છે એમ નથી. એ તો (**સર્વપ્રકાશનું કારણ છે**) દર્શન પણ. **(કેમકે) ચક્ષુ સદૈવ સર્વને દેખે છે...** દાખલો આપે છે. આંખ તો સદાય સર્વને દેખે છે. **પોતાના અભ્યંતરમાં રહેલી કીકીને દેખતું નથી (માટે ચક્ષુની વાતથી એમ સમજાય છે કે દર્શન અભ્યંતરને દેખે અને બાહ્યસ્થિત પદાર્થોને ન દેખે એવો કોઈ નિયમ ઘટતો નથી). ચક્ષુ સદૈવ સર્વને દેખે છે, પોતાના અભ્યંતરમાં રહેલી કીકીને દેખતું નથી...** એમ કોઈ કહે, માટે એમ જણાય.... તો ચક્ષુની વાતથી એમ સમજાય છે કે દર્શન અભ્યંતરને દેખે... સિદ્ધ એ કરવું છેને. દર્શન અનંત **બાહ્યસ્થિત પદાર્થને ન દેખે એવો કોઈ નિયમ ઘટતો નથી.**

**આથી, જ્ઞાન અને દર્શનને (બંનેને) સ્વપરપ્રકાશકપણું અવિરુદ્ધ જ છે.** જ્ઞાનેય સ્વ-પરને પ્રકાશે ને દર્શનેય સ્વ-પરને પ્રકાશે—એવો જ એનો સ્વભાવ છે. જરીક ઝીણી વાત છે આ. ધર્મની બહુ ઝીણી વાત છંછેડાય ત્યારે તો બધું આવેને. આ તો વીતરાગમાર્ગ છે. આ કાંઈ કલ્પેલો માર્ગ નથી. આમ હોવું જોઈએ ને આમ હશે—એમ નથી. આમ જ છે. એવા માર્ગમાં બધા નિર્ણય થવા જોઈએ. ગમે તેવું સાંભળે (એમ) ચાલે? અભેદ સિદ્ધ કરવી છે.... આહાહા! જ્ઞાન-દર્શનને સ્વપરપ્રકાશપણું બરાબર યથાર્થ છે એમ કહે છે.

**માટે (એ રીતે) જ્ઞાનદર્શનલક્ષણવાળો આત્મા સ્વપરપ્રકાશક છે.** આ રીતે આત્મા સ્વપરપ્રકાશક છે. જ્ઞાન પણ સ્વને ને પરને જાણે, દર્શન પણ સ્વને ને પરને દેખે અને આત્મા પણ સ્વ-પરને દેખે. દર્શન સ્વને દેખે, જ્ઞાન પરને દેખે ને આત્મા સ્વપરપ્રકાશક—એમ નહીં. ભારે વાત ભાઈ! એ તો અભ્યંતર દેખવું સિદ્ધ કર્યું આંખ માટે. દર્શન અભ્યંતર દેખે અને બાહ્ય પરને ન દેખે એવો કોઈ નિયમ નથી. આ તો દેખાય છે. દૃષ્ટાંત છે. એ ઝીણું પડશે.

**એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી પ્રવચનસારની ટીકામાં ચોથા શ્લોક દ્વારા) કહ્યું છે કે :** લ્યો, હવે આવ્યો.

**जानन्नप्येष विश्वं युगपदपि भवद्भाविभूतं समस्तं**
**मोहाभावाद्यदात्मा परिणमति परं नैव निर्लूनकर्मा ।**
**तेनास्ते मुक्त एव प्रसभविकसितज्ञप्तिविस्तारपीत-**
**ज्ञेयाकारां त्रिलोकीं पृथगपृथगथ द्योतयन् ज्ञानमूर्तिः ॥**

એ તો પ્રવચનસારનો શ્લોક છે. આધાર આપે છે. **શ્લોકાર્થ : જેણે કર્મોને છેદી નાખ્યા છે...** ભગવાન પરમાત્મા અરિહંતદેવ કેવળજ્ઞાની એણે કર્મોને છેદી નાખ્યા છે. **એવો આ આત્મા ભૂત, વર્તમાન અને ભાવિ સમસ્ત વિશ્વને (અર્થાત્ ત્રણે કાળના પર્યાયો સહિત સમસ્ત પદાર્થોને) યુગપદ્ જાણતો હોવા છતાં...** ભગવાનનું કેવળજ્ઞાન એક સમયમાં ત્રણ કાળ, ત્રણ

લોકને જાણતું હોવા છતાં, **મોહના અભાવને લીધે પરરૂપે પરિણમતો નથી...** આહાહા! શું કહે છે? કે ભગવાનના જ્ઞાનમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાય, પણ છતાં એ પરરૂપે થતો નથી. એ નારકીને જાણે માટે નારકીરૂપે થાય, સ્વર્ગને જાણે માટે સ્વર્ગરૂપે થાય—એમ નથી. પોતાનારૂપે રહીને જાણે છે, પરરૂપે થતો નથી. આહાહા! શું કહે છે? **(ત્રણે કાળના પર્યાયો સહિત સમસ્ત પદાર્થોને) યુગપદ્ જાણતો હોવા છતાં...** એકસાથે બધું જાણવા છતાં મોહના અભાવે પરરૂપે પરિણમતો નથી. સમજાણું કાંઈ?

જ્ઞાન તો પર અને સ્વને જાણતું પોતાપણે પરિણમે છે. પરરૂપે પરિણમે છે? **તેથી હવે, જેના સમસ્ત જ્ઞેયાકારોને અત્યંત વિકસિત જ્ઞપ્તિના વિસ્તાર વડે પોતે પી ગયો છે,** કહે છે. આહાહા! સમસ્ત જ્ઞેયાકાર—જેટલા લોકાલોકમાં જ્ઞેય છે જાણવાલાયક... **અત્યંત વિકસિત જ્ઞપ્તિનો વિસ્તાર...** જાણનક્રિયા, લ્યો આવી જ્ઞપ્તિ. જાણનક્રિયાના વિસ્તાર વડે ભગવાનનું જ્ઞાન લોકાલોકને પી ગયું છે, લ્યો. લોકાલોકને નહીં. સમજાણું કાંઈ? **વિસ્તાર વડે પોતે પી ગયો છે, એવા ત્રણે લોકના પદાર્થોને પૃથક્ અને અપૃથક્ પ્રકાશતો...** જડ તે જડ, ચૈતન્ય તે ચૈતન્ય. છ દ્રવ્યો ભગવાને જોયા છેને? પૃથક્ અને અપૃથક્... એક સાથે બધું જાણે ને પૃથક્–ભિન્ન-ભિન્ન પણ જાણે. આહાહા! **તે જ્ઞાનમૂર્તિ મુક્ત જ રહે છે.** પરપણે થશે નહીં. સમજાણું કાંઈ?

જુઓ! આ ભગવાન જ્ઞાનનો સ્વભાવ. નીચે પણ જ્ઞાનનો સ્વભાવ જાણવાનો જ સ્વભાવ છે, એમ કહે છે. સમ્યગ્દૃષ્ટિ જીવ—ધર્મી પહેલા દરજ્જાનો એ પણ રાગ ને શરીરને જાણવા છતાં, તે જ્ઞાન રાગ ને શરીરરૂપે થતું નથી. સમજાણું કાંઈ? એમ ભગવાનનું પૂર્ણ જ્ઞાન પૂર્ણને—બધા દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ કાળ, ત્રણ લોકને—જાણે... લ્યો આમાં તો ત્રણ કાળના પર્યાય સહિત જાણે એમ કીધું. બધું. પૃથક્—ભિન્ન-ભિન્ન પણ જાણે ને અપૃથક્ પણ જાણે. બધું છે એમ જાણે એકસાથે. બધું છે એને એકસાથે જાણે. જુદું-જુદુંય જાણે અને બધું છે એમ એકસાથે જાણે.

શ્રોતા : જ્ઞેયોંકો જ્ઞેય અનુસાર....

પૂજ્ય ગુરૂદેવશ્રી : ..... કાંઈ મળ્યું નથી. અહીં તો અપૃથક્ એટલે જેવું બધું છે, જુદું-જુદું નથી, અસ્તિપણે છેને બધું. છે એ પ્રમાણે જાણે. જડ-ચૈતન્ય ભિન્ન છે, ગુણ-પર્યાય ભિન્ન છે એમ જાણે એ પૃથકમાં ગયું. અપૃથકમાં બધું એકસાથે જાણે. દર્શનમાં એકસાથે જાણે, જ્ઞાનમાં પૃથક્-પૃથક્ જાણે. એકસાથે .... એમ, બે જુદા છે નહીં. **તે જ્ઞાનમૂર્તિ મુક્ત જ રહે છે**. લ્યો. સમજાણું કાંઈ? જ્ઞાનમૂર્તિ કીધોને આત્મા. પ્રવચનસારનો એ શ્લોક છે.

બધું (એકસાથે) દેખતા છતાં દેખ્યા વિના રહ્યું નથી અને બધું જાણતા છતાં ભિન્ન-ભિન્ન હોય છે એને પણ એ જાણે છે. એક-એક પર્યાય ભિન્ન-ભિન્ન, એક-એક ગુણ ભિન્ન,

એક-એક ચૈતન્યદ્રવ્ય આદિ બધાને જાણે. ભિન્ન-ભિન્ન જાણે ને અભિન્ન પણ જાણે—એવો જ એનો સ્વભાવ છે. એમ અહીંયા નીચે(ના ગુણસ્થાનમાં) પણ સમ્યગ્દૃષ્ટિ ધર્મી એ બધું જાણે, સામાન્ય રીતે પણ જાણે ને દેખે, વિશેષ રીતે પણ (જાણે). સામાન્ય રીતે જાણે કે છે બધું આ. વિશેષ રીતે રાગ ભિન્ન, શરીર ભિન્ન, જ્ઞાન ભિન્ન એ બધું જાણે છે. એવો સ્વભાવ છે. પૂર્ણમાં પૂર્ણ, નીચેમાં અપૂર્ણ. સ્વભાવ તો એવો જ છે.

**વળી (આ ૧૬૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :** પોતે કહે છે. ઓલો તો આધારનો હતો.

**ज्ञानं तावत् सहजपरमात्मानमेकं विदित्वा**
**लोकालोकौ प्रकटयति वा तद्गतं ज्ञेयजालम् ।**
**दृष्टिः साक्षात् स्वपरविषया क्षायिकी नित्यशुद्धा**
**ताभ्यां देवः स्वपरविषयं बोधित ज्ञेयराशिम् ॥२७७॥**

**શ્લોકાર્થ : જ્ઞાન એક સહજપરમાત્માને જાણીને લોકાલોકને અર્થાત્ લોકાલોકસંબંધી (સમસ્ત) જ્ઞેયસમૂહને પ્રગટ કરે છે (-જાણે છે).** જ્ઞાન પોતાને પણ જાણે છે એક સહજ પરમાત્મસ્વરૂપ પોતાનું. પોતે પરમાત્મા છે એમ કહે છે. આહા! સ્વભાવ એનો પરમાત્મસ્વરૂપ જ છે. પૂર્ણ સ્વરૂપ છે એમ જાણે જ્ઞાન અને લોકાલોકને-જ્ઞેયસમૂહને પ્રગટ કરે-જાણે. પ્રગટ કરે એટલે? લ્યો પાઠ તો એવો છે કે **જ્ઞેયસમૂહને પ્રગટ કરે છે.** (અર્થાત્) જ્ઞેયસમૂહ છે એવું જાણે છે. પોતાને જાણે, પોતાને ભિન્ન છે એમ જાણે, આ બધું છે એમ પણ જાણે. આહાહા! એનો સ્વભાવ જાણવું-દેખવું છે અને તે પણ અખંડ ધારાએ, એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

પુણ્ય-પાપના ભાવ (થાય) એને જાણે, પણ એ રૂપે પરિણમે નહીં. આહાહા! નીચે પણ રાગાદિ થાય એને ધર્મી જાણે, પણ રાગરૂપે થાય નહીં. કેવળી લોકાલોકને જાણે, પણ લોકાલોકરૂપે થાય નહીં. આહાહા! સમજાણું કાંઈ? **નિત્ય-શુદ્ધ એવું ક્ષાયિક દર્શન (પણ) સાક્ષાત્ સ્વપરવિષયક છે (અર્થાત્ તે પણ સ્વપરને સાક્ષાત્ પ્રકાશે છે).** દર્શન (ફક્ત) સ્વને જ દેખે, એમ નહીં. નિત્ય શુદ્ધ એવું ક્ષાયિક દર્શન પણ સ્વપરવિષયક છે, તે પણ સ્વપરને સાક્ષાત્ પ્રકાશે છે. આવ્યુંને, જ્ઞાનમાંય બેય આવ્યું. એક સહજપરમાત્માને જાણે ને લોકાલોકને જાણે—બેય આવ્યું. અહીં દર્શનમાં સ્વને જાણે, પરને જાણે—બેય આવ્યું. આહાહા! એનો સ્વભાવ સિદ્ધ કરે છે. મફતની વાક્-જાળ નથી. સમજાણું કાંઈ?

**તે બંને (જ્ઞાન તેમજ દર્શન) વડે આત્મદેવ સ્વપરસંબંધી જ્ઞેયરાશિને જાણે છે...** ત્રણે લઈ લીધા. ત્રણે સ્વપરપ્રકાશક લઈ લીધા. શું કહ્યું? શિષ્યનું (કહેવું) એવું હતું કે જ્ઞાન પરને જાણે, દર્શન સ્વને જાણે, આત્મા સ્વ-પરને જાણે. (પણ) એમ નથી. જ્ઞાન પણ સ્વને જાણતા લોકાલોકને જાણે, દર્શન પણ સ્વને જાણતા પરને પણ દેખે, તો ભગવાન આત્મા પણ સ્વ-પરને

દેખે. ત્રણે સ્વ-પરપ્રકાશક થયા. પરનો કર્તા-હર્તા નથી આ. પરપણે પરિણમવારૂપે ન રહ્યા, પણ સ્વ-પરને દર્શન-જ્ઞાન જાણે-દેખે ને આત્મા પણ સ્વ-પરને જાણે-દેખે એવું એનું સ્વરૂપ છે. કહો, સમજાણું કાંઈ? નવા માણસને એકદમ વિષય જરી આકરું પડે. આ શું વળી? કોઈ દિ' સાંભળ્યું ન હોય. દર્શન સ્વને દેખે, જ્ઞાન પરને જાણે....

શ્રોતા : ધર્મ કરવા માંડોને. આવું સમજવાની શું જરૂર છે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ધર્મ ક્યાંથી થાતો હતો? આત્માનો સ્વભાવ શું છે, ધર્મ કરનારો કોણ છે—એ જાણ્યા વિના કલ્યાણ ક્યાંથી થાતું હતું? આપણે હતોને, નહીં? સુરતનો. સુરતનો ચાકળો. કલ્યાણના કરનારને જાણ્યા વિના આત્માનું કલ્યાણ થાય શી રીતે? કલ્યાણ કરનારો કોણ છે?

શ્રોતા : જ્ઞાન તો જાણતું નથી.

પૂજ્ય ગુરૂદેવશ્રી : જ્ઞાન જાણે છે.

શ્રોતા : પરને જાણે છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : જ્ઞાન પોતાને જાણે છે એમ સિદ્ધ કરવું છે, એમ કહે છે અહીં તો. જ્ઞાન પોતાને જાણે નહીં ને પરને જાણે એકલું? જ્ઞાન પોતાને જાણે કે આ શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદ છું, એમ. સમજાણું કાંઈ?

લોકોએ વાસ્તવિક તત્ત્વને ઓળખ્યા વિના બાહ્યની ક્રિયાકાંડમાં ધર્મને ગોઠવી દીધો અને બિચારા કોઈ દિ' ઊંચા આવે નહીં ને જન્મ-મરણ એના ટળે નહીં. આહાહા! એવી વસ્તુ છે. આ તો પરમાત્મા કેવળજ્ઞાની તીર્થંકર સર્વજ્ઞનો પંથ છે ભાઈ! આ કોઈ બે-ચાર, પચ્ચીસ-પચાસ, લાખ-બે લાખ માણસ માને (તો સાચો)—એમ નથી. આ ત્રણ કાળ, ત્રણ લોકના પરમાત્મા જાણનાર એનો માર્ગ છે. જેને ઇન્દ્રો સ્વીકારે, ગણધરો અનુભવે.. સમજાય કાંઈ? ચારિત્ર સહિત, એ એમાં આવે છે. આ સિદ્ધ કરીને ગુણની પર્યાય... ગુણ અભેદ છે તો પર્યાય અભેદ છે, (માટે) બધું અભેદને જાણે ને ભેદને પણ જાણે એવું એનું સ્વરૂપ છે. એક ગુણ એકને જ જાણે, પરને જ્ઞાન (જાણે) ને સ્વને ન જાણે એ તો આંધળું જ્ઞાન થયું. સ્વને ન જાણ્યું તો થઈ રહ્યું. દર્શન સ્વને દેખે ને પરને ન દેખે, એ દર્શન ... પરમાં દેખવાનું આવ્યું નહીં.

જ્ઞાને પરને દેખ્યું, દર્શન પરને દેખે નહીં (તો) બે ગુણો જુદા પડી ગયા. બે ગુણમાં વાંધા ઉઠ્યા. સમજાણું કાંઈ? આવું ઝીણું છે જરી.... આ સિદ્ધ કર્યું કે સ્વભાવ જ એવો છે. જ્ઞાન-દર્શન આદિ સમૃદ્ધિવાળો ભગવાન છે પોતે. કાંઈ પુણ્ય-પાપના પરિણામની સમૃદ્ધિવાળો નથી, કર્મ ને બહારની સામગ્રીવાળો નથી. એથી તો રહિત જ છે. પણ અંતર જ્ઞાનગુણ આદિથી સમૃદ્ધ છે. એ ગુણનું કાર્ય જ્ઞાનનું સ્વપરપ્રકાશક, દર્શનનું સ્વપરપ્રકાશક, તો આત્માનું સ્વપરપ્રકાશક. કારણ કે અભેદપણે રહ્યા છે એના કાર્ય ભિન્ન-ભિન્ન હોય એમ હોઈ શકે નહીં.

આ વાત ત્યાં નથી શ્વેતામ્બરમાં આવી વાત. વાત અહીં એમ છે, જ્ઞાન સ્વ-પરને દેખે ને દર્શન સ્વ-પરને દેખે-જાણે. **(અર્થાત્ આત્મદેવ સ્વપર સમસ્ત પ્રકાશ્ય**–પ્રકાશવાયોગ્ય **પદાર્થોને પ્રકાશે છે).** લ્યો, આ એનો સરવાળો આવ્યો. બધાને પ્રકાશે છે. વિશેષ સ્પષ્ટ કરે છે. ૧૬૧ થઈને. જો આમ હોય તો બે જુદા પડી જાય છે, એમ સિદ્ધ કરે છે.

**णाणं परप्पयासं तइया णाणेण दंसणं भिण्णं ।**

**ण हवदि परदव्वगयं दंसणमिदि वण्णिदं तम्हा ॥१६२॥**

**પરને જ જાણે જ્ઞાન તો દગ જ્ઞાનથી ભિન્ન જ ઠરે,**

**દર્શન નથી પરદ્રવ્યગત—એ માન્યતા તુજ હોઈને. ૧૬૨.**

લ્યો, ગત આવ્યું. **परदव्वगयं** પાઠમાં છેને? **परदव्वगयं** જોયું! લ્યો, આત્મગત.

**ટીકા : આ, પૂર્વ સૂત્રમાં (૧૬૧મી ગાથામાં) કહેલા પૂર્વપક્ષના સિદ્ધાંત સંબંધી કથન છે. જો જ્ઞાન કેવળ પરપ્રકાશક હોય...** આત્માનું જ્ઞાન પરને જ પ્રકાશે **તો આ પરપ્રકાશનપ્રધાન (પરપ્રકાશક) જ્ઞાનથી દર્શન ભિન્ન જ ઠરે...** કારણ કે દર્શન પરપ્રકાશક છે નહીં. તારા મતે એમ માન્યું કે દર્શન પરપ્રકાશક નથી. જ્ઞાન પરપ્રકાશક ને દર્શન સ્વપ્રકાશક છે. તો પરપ્રકાશક પ્રધાન એવા જ્ઞાનથી તો દર્શન જુદું રહી જાય. કારણ દર્શન પરપ્રકાશક નથી. એ વાત તારી ખોટી ઠરે છે. સહ્યાચલ ને વિંધ્યાચલની માફક. એક પર્વત અહીં ને એક પર્વત અહીં—જુદું જુદું એમ. અથવા ગંગા ને શ્રીપર્વતની માફક. ગંગા નદી ને પર્વત—બે જુદા.

**પરપ્રકાશક જ્ઞાનને અને આત્મપ્રકાશક દર્શનને સંબંધ કંઈ રીતે હોય?** બે જુદી નદીના પાણીને મેળ શી રીતે હોય? બે પર્વત જુદા એને....? એમ દર્શન સ્વને પ્રકાશે ને જ્ઞાન પરને પ્રકાશે તો જ્ઞાન ને દર્શન બે જુદા ઠર્યા. પરપ્રકાશક જ્ઞાનને અને આત્મપ્રકાશક દર્શનને સંબંધ કઈ રીતે હોય? જ્ઞાન પરપ્રકાશક કહો, દર્શન સ્વને પ્રકાશે કહો, તો આત્માની સાથે બેનો અભેદ શી રીતે સંબંધ રહે? સમજાણું કાંઈ? એક આત્મામાં બે ગુણ રહ્યા ને એક ગુણ પરને પ્રકાશે ને એક ગુણ સ્વને—એ ગુણ ભિન્ન થઈ ગયા. સમજાણું કાંઈ? બેય ગુણને સંબંધ ન રહ્યો એમ કહે છે. જ્ઞાન ને દર્શનનો સંબંધ (ન રહ્યો). દર્શન સ્વને દેખે, જ્ઞાન પરને, (તો) બેને સંબંધ તો રહ્યો નહીં. જ્ઞાન પરમાં ભટકે ને દર્શન સ્વમાં રહે. ઝીણી વાત છે.

**જે આત્મનિષ્ઠ (આત્મામાં રહેલું) છે તે તો દર્શન જ છે.** તું તો કહે છે કે દર્શન તો આત્મામાં રહેલું છે, જ્ઞાન પરને જાણે છે. **અને પેલા જ્ઞાનને તો, નિરાધારપણાને લીધે...** લ્યો આવ્યું પહેલો. **(આત્મારૂપી આધાર નહિ રહેવાથી)**... કારણ કે જ્ઞાન તો પરને જાણે, (તો) જ્ઞાનને આધાર આપવાનો રહ્યો નહીં. **શૂન્યતાની આપત્તિ જ આવે...** (પણ) એમ છે નહીં. જ્ઞાન પણ સ્વ-પરને જાણે ને દર્શન પણ સ્વ-પરને દેખે ને આત્મા પણ સ્વપરપ્રકાશ એ વાત અહીં સિદ્ધ કરી.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**માગશર સુદ ૧૩, મંગળવાર, તા. ૩૦-૧૧-૧૯૭૧**
**ગાથા - ૧૬૨-૧૬૪, શ્લોક - ૨૭૮-૨૭૯, પ્રવચન નં. ૧૯૦**

નિયમસાર, શુદ્ધોપયોગ અધિકાર. ત્યાં એ વાત પહેલી ગાથામાં લીધી કે આ આત્મા છે એનું જે કેવળજ્ઞાન થાય ને કેવળદર્શન થાય—એ એક સમયે બેય ઉપયોગ હોય. એ ગાથા તો એક જ લીધી. એ ઝાઝી તો આમ લીધી. જ્ઞાન પરપ્રકાશક ને દર્શન સ્વપ્રકાશક એના ખુલાસામાં ગાથા .. લીધી. મૂળ પાઠમાં છે આ તો. વ્યવહાર છે, એ વ્યવહારે બરાબર છે, પણ નિશ્ચયથી આ હોય તો એ વ્યવહાર બરાબર છે. નિશ્ચય વિનાનો એકલો વ્યવહાર તો... એમ સિદ્ધ કરે છે. એટલી ગાથા અહીં છે એમાંથી તો એક જ ગાથા આવી. **जुगवं वट्टइ णाणं...** આત્માનો પોતાનો અંતર સ્વભાવ તો જ્ઞાન, દર્શન, આનંદ છે. એનું અંતરમાં સાધન કરીને, સ્વભાવની એકતાના સાધન વડે... એ પણ આવી જશે આમાં કે જ્ઞાનભાવની આરાધના જ્ઞાનની અંદરથી... ચૈતન્યસ્વભાવ–જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થઈ અને જે નિર્વિકલ્પ જ્ઞાનની ક્રિયા પ્રગટ થાય એ મોક્ષનો માર્ગ, એનાથી કેવળજ્ઞાન ને કેવળદર્શન પ્રગટ થાય. એટલે ત્યાં કેવળજ્ઞાન, કેવળદર્શનનો ઉપયોગ એક પછી એક હોય એ વાત વિરુદ્ધ છે. કારણ કે જ્ઞાન ને દર્શન બે ગુણ છે એથી એની પર્યાય પણ બે છે. સમજાણું કાંઈ?

શ્વેતામ્બરમાં એને ભિન્ન લે છે. એક સમય ઉપયોગ જ્ઞાનનો અને બીજે સમયે દર્શનનો. એમ હોઈ શકે નહીં. ઘણો એમાં વિરોધ આવે છે. એટલે એ વાત એક ગાથાએ શરૂ કરી, પછી ગાથા આ લીધી. જો તમે એમ કહો કે જ્ઞાન પરને જ જાણે છે અને દર્શન સ્વને જ દેખે છે તોય વિરોધ આવે છે. પહેલો દાખલો આપ્યો હતોને કાલ આંખનો? આંખનો. આંખ છે એ પરને જ દેખે, કીકીને નથી દેખતી. એટલે દેખવાના સિદ્ધાંતમાં એમ જ લ્યો કે દેખે એકને અને બીજાને ન દેખે—એવો નિયમ સિદ્ધ થતો નથી. આંખ તો પરને દેખે અને કીકીને નથી દેખતી. તેથી દર્શન સ્વને દેખે અને પરને ન દેખે એવો નિયમ સિદ્ધ થતો નથી. સમજાણું કાંઈ? લ્યો આવી વાત ચર્ચવી પડી કુંદકુંદાચાર્યને. એકાંત વ્યવહારથી માનનારા હોય છે એની સામે એની દલીલ છે. નિશ્ચયથી આત્મા જ્ઞાનથી પરને જ જાણે, તોય વાંધો આવે છે. ૧૬૨માં આવ્યુંને.

**ટીકા : આ, પૂર્વ સૂત્રમાં (૧૬૧મી ગાથામાં) કહેલા પૂર્વપક્ષના સિદ્ધાંત સંબંધી કથન છે.** (ગાથા) ૧૬૨. **જો જ્ઞાન કેવળ પરપ્રકાશક હોય...** જ્ઞાન એકલું પરને જ જાણે **તો આ પરપ્રકાશનપ્રધાન...** એ પરપ્રકાશન મુખ્ય થયું. **જ્ઞાનથી દર્શન ભિન્ન જ ઠરે...** જ્ઞાન પરને પ્રકાશે ને દર્શન સ્વને પ્રકાશે. બે ભિન્ન છે થયા, બે અભિન્ન રહ્યા નહીં. ગુણની અભિન્નતા ન રહી. આ તો સૂક્ષ્મ વાત છેને થોડી. કેમકે **સહ્યાચળ ને વિંધ્યાચળની માફક...** એક પર્વત ઉગમણો,

એક પર્વત આથમણો અથવા ગંગા ને શ્રીપર્વત.... ગંગા નદી ને પર્વત ભિન્ન છે. એની માફક જ્ઞાન પરને જાણે અને દર્શન સ્વને દેખે તો બે ભિન્ન ચીજ થઈ ગઈ. ગુણ જ ભિન્ન થઈ ગયા. સમજાણું કાંઈ?

**પરપ્રકાશક જ્ઞાનને અને આત્મપ્રકાશક દર્શનને સંબંધ કંઈ રીતે હોય?** એક પર્વત ને બીજા પર્વતનો જેમ નિયત સંબંધ નથી, એમ... આહાહા! અંતર ગુણ ને ગુણી અભેદ છે, ગુણ પણ અભેદ છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? ગુણ જ્ઞાન-દર્શન એ આત્માથી અભિન્ન છે અને જ્ઞાન ને દર્શન ગુણ ગુણીથી પણ અભિન્ન છે એમ સિદ્ધ કરવું છે. કથંચિત્ ભિન્ન ને કથંચિત્ અભિન્ન—એ કહેશે. **પરપ્રકાશક જ્ઞાનને અને આત્મપ્રકાશક દર્શનને સંબંધ કઈ રીતે હોય? જે આત્મનિષ્ઠ (આત્મામાં રહેલું) છે તે તો દર્શન જ છે અને પેલા જ્ઞાનને તો, નિરાધારપણાને લીધે (અર્થાત્ આત્મારૂપી આધાર નહિ રહેવાથી)...** જ્ઞાન તો પરને જાણે એટલે એને આત્માનો આધાર રહ્યો નહીં. એને તો જાણતું જ નથી. આત્મારૂપી આધાર નહીં રહેવાથી **શૂન્યતાની આપત્તિ જ આવે...** જ્ઞાનનું શૂન્યપણું થઈ જશે.

**અથવા તો જ્યાં જ્યાં જ્ઞાન પહોંચે (અર્થાત્ જે જે દ્રવ્યને જ્ઞાન પહોંચે) તે તે સર્વ દ્રવ્ય ચેતનપણાને પામે...** કારણ કે જ્ઞાન તો પરને જાણે છે (તેથી) જ્ઞાન પરમાં ગયું, જ્ઞાન સ્વમાં તો આવ્યું નહીં. એટલે પોતે ચેતન ન રહ્યું, ઓલા ચેતન થઈ ગયા બધા. સમજાણું કાંઈ? જ્યાં જ્ઞાન પહોંચે તે સર્વ દ્રવ્ય ચેતનપણાને પામે **તેથી ત્રણ લોકમાં કોઈ અચેતન પદાર્થ ન ઠરે...** કારણ કે જ્ઞાનનો ધરનાર આત્મા એ તો ન રહ્યું. જ્ઞાનનો ધરનાર પર એમ બધું ચેતન થઈ ગયું. આ તો જરી મગજને કેળવવા માટે સમજાવ્યું છે. સૂક્ષ્મ વાત છેને! વીતરાગનો માર્ગ ઘણો સૂક્ષ્મ છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથનું કહેલું તત્ત્વ ઘણું સૂક્ષ્મ છે, ગંભીર છે ગંભીર. એ સિવાય બીજે આ વાત ક્યાંય હોઈ શકે નહીં. તીર્થંકર પરમેશ્વર સિવાય આવા સ્વરૂપની શૈલી ક્યાંય બીજે હોઈ શકે નહીં. કહે છે કે તો તો લોકના બધા પદાર્થ કોઈ અચેતન ન રહે. જ્ઞાન પરને જાણે ને એને આધાર આત્માનો રહ્યો નહીં, એટલે એનો આધાર તો પર ઠર્યો. જ્ઞાનનો આધાર પર એટલે જ્ઞાન ત્યાં રહ્યું એમ.

**એ મોટો દોષ પ્રાપ્ત થાય. માટે જ (ઉપર કહેલા દોષના ભયથી), હે શિષ્ય! જ્ઞાન કેવળ પરપ્રકાશક નથી...** જ્ઞાન એકલું પરને જાણે એમ નથી, **એમ જો તું કહે, તો દર્શન પણ કેવળ આત્મગત (સ્વપ્રકાશક) નથી એમ પણ (તેમાં સાથે જ) કહેવાઈ ગયું.** લ્યો, દર્શન પણ સ્વપ્રકાશક જ છે ને પરને ન જાણે—એની (નાસ્તિ) આ વાત સાથે કહેવાઈ ગઈ. **દર્શન પણ કેવળ આત્મગત...** લ્યો, 'ગત' ત્યાં આવ્યું હતું 'એકત્વગત'માં. એમ પણ કહેવાઈ ગયું. **તેથી ખરેખર સિદ્ધાંતના હાર્દરૂપ...** સર્વજ્ઞના કહેલા સિદ્ધાંતો પરમેશ્વરના સિદ્ધાંત એનું હાર્દ–એનું હૃદય–સિદ્ધાંતનું પેટ... **એવું આ જ સમાધાન છે કે જ્ઞાન અને દર્શનને કથંચિત્**

**સ્વપરપ્રકાશકપણું છે જ.** કથંચિત્ સ્વપરપ્રકાશકપણું છે. એટલે સ્વને પણ પ્રકાશે, પરને પણ પ્રકાશે. જ્ઞાન ને દર્શન ને આત્મા—ત્રણેય. અહીં તો બેની વાત લીધી છે. આત્માને પછી નાખશે. **જ્ઞાન અને દર્શનને કથંચિત્ સ્વપરપ્રકાશકપણું છે**. સમજાણું કાંઈ?

વ્યવહારે જ્ઞાન-દર્શનનું પરને પ્રકાશકપણું (અને) નિશ્ચયે જ્ઞાનદર્શનને સ્વનું પ્રકાશકપણું છે, એમ. આવી વાતુ ક્યાં હવે? વ્રત પાળવા, દયા પાળવી છે કે નહીં? હીરાજી મહારાજ કહેતા કે વધુ કરીને 'અહિંસા સમયં..... અહિંસા પરની પાળવી એ શાસ્ત્રનો સાર. એ આ નથી. પરની દયા પાળવી એ સિદ્ધાંતનો સાર નથી. સમજાણું કાંઈ? પરની દયા આત્મા પાળી શકતો નથી. એ વાત હતી નહીંને, મળી નહોતીને.

**એવી રીતે શ્રી મહાસેનપંડિતદેવે (શ્લોક દ્વારા) કહ્યું છે કે :** જુઓ! આધાર આપે છે.

**ज्ञानाद्भिनो न नाभिन्नो भिन्नाभिन्नः कथंचन ।**
**ज्ञानं पूर्वापरीभूतं सोऽयमात्मेति कीर्तितः ॥**

**શ્લોકાર્થ : આત્મા જ્ઞાનથી (સર્વથા)** જુદો–**ભિન્ન નથી...** જ્ઞાનભેદે, સંજ્ઞાભેદે જુદો કહેવાય, પણ વસ્તુભેદે જુદો નથી. આહાહા! આત્મા ને જ્ઞાન બે એક જ ચીજ છે. સૂર્ય ને સૂર્યનો પ્રકાશ બે એક જ ચીજ છે. સમજાણું કાંઈ? એમ **(સર્વથા) અભિન્ન નથી...** નામભેદે, આ ગુણ કહેવાય ને ઓલો ગુણી કહેવાય—એમ ભેદ છેને. સર્વથા અભિન્ન નથી. **કથંચિત્ ભિન્નાભિન્ન છે...** સમજાણું કાંઈ? ગુણ ને ગુણી નામ, સંજ્ઞા, પ્રયોજનભેદે ભિન્ન છે (અને) પ્રદેશભેદે ભિન્ન નથી. **પૂર્વાપરભૂત જે જ્ઞાન...** પહેલાનું થયેલું ને પછીનું જ્ઞાન **તે આ આત્મા છે...** પૂર્વ ને અપર—પહેલાનું ને પછીનું બધું જ્ઞાન આત્મા જ છે. તે આત્મા છે **એમ કહ્યું છે.** લ્યો, પોતાનું ને પરનું, પહેલાનું ને પછીનું જ્ઞાન—એ જ્ઞાન આત્મા જ છે. એ કોઈ આત્મા પર છે નહીં

**વળી આ ૧૬૨ ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :**

**आत्मा ज्ञानं भवति न हि वा दर्शनं चैव तद्वत्**
**ताभ्यां युक्तः स्वपरविषयं वेत्ति पश्यत्यवश्यम् ।**
**संज्ञाभेदादघकुलहरे चात्मनि ज्ञानदृष्ट्योः**
**भेदो जातो न खलु परमार्थेन वह्न्युष्णवत्सः ॥२७८॥**

**શ્લોકાર્થ : આત્મા (સર્વથા) જ્ઞાન નથી...** કારણ કે દર્શન પણ આત્મામાં છે. **તેવી રીતે (સર્વથા) દર્શન પણ નથી જ...** એકલું દર્શન જ આત્મામાં છે એમ છે નહીં. **તે ઉભયયુક્ત (જ્ઞાનદર્શનયુક્ત) આત્મા...** જ્ઞાન ને દર્શન એવો મૂળ સ્વભાવ ઉભયથી સહિત આત્મા **સ્વપર વિષયને અવશ્ય જાણે છે અને દેખે છે.** સમજાણું કાંઈ? દર્શન એકલું સ્વને દેખે છે એમ નથી,

જ્ઞાન (એકલો) પરનો પ્રકાશક નથી. **આત્મા** પણ **સ્વ-પર વિષયને અવશ્ય જાણે છે**. સમજાણું કાંઈ? સ્વને, પરને જાણવાનો જ એનો સ્વભાવ છે. કોઈનું કરવાનું, દયા પાળવાનું, હિંસા કરવાનું—એનામાં છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? પરનું કરવાનું તો નથી, પણ પર સંબંધી જે વિકલ્પ ઉઠે એ પણ એના સ્વરૂપમાં છે નહીં, એમ કહે છે.

**અઘસમૂહના (પાપસમૂહના) નાશક આત્મામાં...** પાપના સમૂહને નાશ કરનારો ભગવાન આત્મા... પુણ્ય ને પાપ બેય પાપ છે. આત્મા પરમાનંદ ને જ્ઞાનની મૂર્તિ છે એવા સ્વભાવનો આશ્રય લઈને પુણ્ય ને પાપના નાશ કરનારો એવો ભગવાન... જુઓ! **નાશક આત્મામાં અને જ્ઞાનદર્શનમાં સંજ્ઞાભેદે ભેદ ઊપજે છે...** નામભેદે ભેદ છે. આત્માનું નામ આત્મા, ગુણનું નામ જ્ઞાન ને દર્શન—એમ જ્ઞાનભેદે (ભેદ) હો, પણ વસ્તુ જુદી નથી. **(અર્થાત્ સંજ્ઞા, સંખ્યા, લક્ષણ અને પ્રયોજનની અપેક્ષાએ તેમનામાં ઉપર કહ્યા પ્રમાણે ભેદ છે)...** નામભેદ, ગુણભેદ, લક્ષણભેદ, સંખ્યાભેદ, પ્રયોજનભેદ. જ્ઞાનનું પ્રયોજન જાણવું, આત્માનું અનંત ગુણનું કારણ થવું એવું આદિ ભેદ છે, તો ભેદ હો. **પરમાર્થે અગ્નિ અને ઉષ્ણતાની માફક તેમનામાં આત્મામાં અને** જાણવા-દેખવાના ગુણમાં—**જ્ઞાનદર્શનમાં ખરેખર ભેદ નથી**—જુદાઈ નથી—**(અભેદતા છે).** આરે આવી વાતું બધી. કાંઈ સમજાય એવું નથી?

કહે છે કે આ આત્મા છે... જેમ જ્ઞાન ને દર્શન.., દર્શન સ્વને દેખે એવું નથી તેમ જ્ઞાન પરને જાણે એવું નથી. દર્શન પણ સ્વ-પરને દેખે ને જ્ઞાન પણ સ્વ-પરને જાણે. એમ આત્મા પણ સ્વ-પરને જાણે, દેખે છે. કારણ કે આત્માથી ગુણ કાંઈ ભિન્ન નથી. નામભેદે ભિન્ન હોવા છતાં ભિન્ન નથી. માટે દર્શન જેમ સ્વ-પરને દેખે, જ્ઞાન સ્વ-પરને જાણે, એમ આત્મા પણ સ્વ-પરને જાણે ને દેખે. વસ્તુ, એમ કીધું. ઓલા ગુણની વાત કરી, પછી ગુણીની વાત કરી. સમજાણું કાંઈ? આ તો સૂક્ષ્મ, અંતર વસ્તુ સૂક્ષ્મ છે. પુણ્ય-પાપના વિકલ્પથી પાર છે. પુણ્ય-પાપના વિકલ્પને તો ભગવાન એમ કહે છે કે એ તો સ્થૂળ.. સ્થૂળ—જાડા પરિણામ છે હોં. પુણ્ય-પાપ પરમાણુની પ્રકૃતિની વાત નહીં, (પણ) શુભ-અશુભભાવ છે એ સ્થૂળ છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ સ્થૂળ છે, એ આત્મામાં છે નહીં. આહાહા! એ (આત્મા) તો મહાસૂક્ષ્મમાં સૂક્ષ્મ વસ્તુ છે. એનું જ્ઞાન સૂક્ષ્મ, દર્શન સૂક્ષ્મ, પોતે સૂક્ષ્મ. સમજાણું કાંઈ?

પૂર્વાપર... ત્યાં આ આવ્યું. **ઉભયયુક્ત (આત્મા) સ્વપરને વિષયને અવશ્ય જાણે છે. પરમાર્થે અગ્નિ ને ઉષ્ણતાની માફક તેમનામાં** એટલે કે **આત્મા ને જ્ઞાન-દર્શનમાં** એટલે ગુણી અને ગુણમાં, આત્મા ગુણી છે... ગુણી એટલે આ ગુણી છે એ હશે? આ અનાજની ગુણી નથી નાખતા? ચોખાની ગુણી, બાજરાની ગુણી, ઘઉંની ગુણી એ નહીં. અહીં તો ગુણનો ધરનાર તે ગુણી. એ ગુણી જેમ મોટી થેલી છે, એમ આ પણ ગુણની મોટી થેલી છે. સમજાણું કાંઈ? એ ગુણી એને કહેવાયને ચોખાના મોટા...? જેમ ગુણીમાં અનેક—લાખો-હજારો (મણ) ચોખા પડ્યા

હોય, એમ ભગવાન ગુણી એમાં અંદર જ્ઞાનદર્શનાદિ અનંત ગુણ પડ્યા છે. ગુણનો ધરનારો ગુણી. જ્યારે ગુણના જ બે સ્વભાવો સિદ્ધ થયા, તો ગુણના ધરનાર આત્માના પણ બે સ્વભાવો સિદ્ધ થયા. શું બે? સ્વ-પર પ્રકાશવું. જેમ દર્શનમાં સ્વ-પરપ્રકાશનું સાબિત થયું, એમ જ્ઞાનનું પણ સ્વ-પરપ્રકાશન સાબિત થયું, તો ગુણના ધરનાર ગુણીનું સ્વ-પરપ્રકાશન સાબિત થયું એમ કહે છે. કેમકે ગુણ ને ગુણીમાં કથંચિત્ સંજ્ઞા ભેદ આદિ હોવા છતાં ખરેખર ભેદ છે નહીં. આહાહા!

અહીં તો, પુણ્ય-પાપના ભાવ કંઈ જાણતા નથી, એ જડ છે કહે છે. વ્રત ને તપના વિકલ્પ ઉઠે એ તો અચેતન છે એમ કહે છે. એ ચેતન નહીં, એ ચેતનની સાથે અભેદ નહીં. એ તો તદ્દન ભિન્ન છે, એમ. (જેમ) પુણ્ય-પાપના વિકલ્પો તો ગુણ-ગુણી બેયથી તદ્દન ભિન્ન છે, એમ ગુણ ને ગુણી તદ્દન ભિન્ન નહીં. જાણવા-દેખવાની અપેક્ષાએ ગુણને જ્યારે ભિન્ન ગણો, તો ગુણીને પણ એનાથી ભિન્ન વ્યવહારે કહેવાય નામ, સંજ્ઞા આદિથી. પણ વસ્તુ–ગુણી ને ગુણના પ્રદેશ જુદા છે એમ નથી. સમજાણું કાંઈ? ખરેખર તો, શુભ-અશુભભાવ છેને એના તો પ્રદેશ પણ જુદા છે એમ કહે છે, ભાવેય જુદો. એમ આ ગુણ ને ગુણીના પ્રદેશ જુદા નહીં. ભાવ ને ભાવવાન—આત્મા ભાવવાન, ગુણ જ્ઞાન-દર્શન ભાવ—એવો નામ, સંજ્ઞાભેદે ભેદ દેખાય, પણ પ્રદેશભેદે, વસ્તુભેદે ભેદ નથી. સમજાણું કાંઈ? ૧૬૩ ગાથા.

**अप्पा परप्पयासो तइया अप्पेण दंसणं भिण्णं ।**
**ण हवदि परदव्वगयं दंसणमिदि वण्णिदं तम्हा ॥१६३॥**

આ તો આચાર્ય પોતે કહે છે, નહીંતર ટીકા કરનારનો વાંક શું કામ કાઢે?

માણસને પોતાના અભિપ્રાય પ્રમાણે ઠીક ન લાગેને (એટલે) એ ખોટું, એ ખોટું. તારો અભિપ્રાય ખોટો છે માટે ખોટું લાગે છે, એમ એને નક્કી થાતું નથી.

**પરને જ જાણે જીવ તો દગ જીવથી ભિન્ન જ ઠરે,**
**દર્શન નથી પરદ્રવ્યગત—એ માન્યતા તુજ હોઈને. ૧૬૩.**

**ટીકા : આ, એકાંતે આત્માને પરપ્રકાશકપણું હોવાની વાતનું ખંડન કરે છે. જેવી રીતે પૂર્વે (૧૬૨ મી ગાથામાં) એકાંતે જ્ઞાનને પરપ્રકાશકપણું ખંડિત કરવામાં આવ્યું...** એકલું જ્ઞાન પરને જાણે એમ છે નહીં. આમ કહો તો જ્ઞાનનો આધાર આત્મા રહેતો નથી. એમાં આવી ગયું. **તેવી રીતે હવે જો 'આત્મા કેવળ પરપ્રકાશક છે'...** હવે આત્માને, દેખો! ઓલો ગુણને લીધું. **એમ માનવામાં આવે તો તે વાત પણ તેવી જ રીતે ખંડન પામે છે...** એકલો આત્મા કેવળ પરને પ્રકાશે અને સ્વને ન પ્રકાશે—એમ છે નહીં. **કારણ કે ભાવ અને ભાવવાન એક અસ્તિત્વથી રચાયેલા હોય છે.** જુઓ! ભાવ એટલે ગુણ, ભાવવાન એટલે ગુણી. ભાવવાન, ભગવાન આત્મા

ભાવવાન અને જ્ઞાન-દર્શન એ એના ભાવ. એ ભાવવાન ને ભાવ એક અસ્તિત્વ–એક સત્તાથી રચાયેલા છે. બેની સત્તાનું અસ્તિત્વ જુદું નથી. કહો, સમજાણું કાંઈ?

જ્ઞાન-દર્શનનું જે હોવાપણું તે જ આત્માનું હોવાપણું, આત્માનું હોવાપણું એ જ જ્ઞાન-દર્શનનું હોવાપણું છે. અસ્તિત્વ બે જુદા નથી. સમજાણું કાંઈ? ગુણ ને ગુણીની વાત ચાલે છે આ. પર્યાય ને દ્રવ્ય ભિન્ન થઈ ગયા. એ તો ... એ જુદી વસ્તુ થઈ. અહીં તો ગુણ ને ગુણીની વાત ચાલે છે. સમજાણું કાંઈ? જ્ઞાન-દર્શન જે ગુણ છે એનાથી ગુણી ભિન્ન જો કહો તો એમ છે નહીં. કેમકે બેનું હોવાપણાની શક્તિનું એક જ તત્ત્વ છે. બેય એક અસ્તિત્વથી રચાયેલા છે. જ્ઞાન-દર્શનનું હોવાપણું–અસ્તિત્વ જુદું અને આત્માનું અસ્તિત્વ જુદું—એમ છે નહીં. ઝીણું છે થોડું. ત્યારે પર્યાયનું અસ્તિત્વ સર્વથા જુદું એમ કહેતા હતાને? એય! એ જુદી વસ્તુ છે. આ તો ગુણ ને ગુણીની વાત છે. એની પર્યાય જે થાય છે.... સમજાણું કાંઈ? ભારે ઝીણી વાત.

પર્યાય જે અવસ્થા છે એ ગુણીથી એક ન્યાયે નિશ્ચયથી તો (ભિન્ન છે). એનો અર્થ .... ભિન્ન છે વ્યવહારે. નિશ્ચયથી ભિન્ન છે, વ્યવહારે અભિન્ન કહેવામાં આવે છે. શું કહ્યું વળી? અહીં તો કહે છે કે ગુણ-ગુણીનું અસ્તિત્વ એક છે, એ ભાવ અને ભાવવાન. પછી, ભાવની જાણવા-દેખવાની ક્રિયા પછી નાખશે. ભાવ જ્ઞાન-દર્શન ભાવ અને ભાવવાન એ એક અસ્તિત્વથી–એક સત્તાથી–એક હોવાપણે રહેલું છે. બેના હોવાપણાના અસ્તિત્વ જુદા નથી. ઓલી જે વાત છે પર્યાયની, એ બીજી વાત છે. પર્યાય છે એ કથંચિત્ નિશ્ચયથી ભિન્ન છે ને વ્યવહારે (અભિન્ન છે). ત્યાંય કથંચિત્ છે. સમજાણું કાંઈ?

શ્રોતા : જીવનું અસ્તિત્વ.......

પૂજ્ય ગુરૂદેવશ્રી : ... વિશેષ થઈ ગયોને. સામાન્ય તો ગુણ રહ્યોને. એનું વિશેષપણું થઈ ગયુંને. એ તો બીજી અવસ્થા થઈ ગઈ. સમજાણું કાંઈ?

અહીં તો એની અભિન્નતા બતાવવી છે. સમજાણું કાંઈ? જેમ ગુણની અભિન્નતા છે એમ જાણવાની-દેખવાની પર્યાયની પણ અભિન્નતા બતાવવી છે. આહાહા! સમજાણું કાંઈ? .....પાછું નડે ત્યારે (કહે), આમ કહ્યું હતુંને? એક સમયની પર્યાય ને દ્રવ્ય સર્વથા ભિન્ન છે નિશ્ચયથી. સમજાણું કાંઈ? અહીં તો એ કહ્યું નથી. અભિન્નપણાનું અહીં વર્ણન છે એટલે ગુણ ને ગુણની પર્યાય એ બધો આત્મા સાથે એક અસ્તિત્વે રચાયેલા છે, એમ સિદ્ધ કરવું છે. ભારે કેટલી વાતું આમાં! સમજાણું કાંઈ?

**પૂર્વે (૧૬૨મી ગાથામાં) એમ જણાવ્યું હતું કે જો જ્ઞાન (કેવળ) પરપ્રકાશક હોય તો આત્માથી જ દર્શન ભિન્ન ઠરે!** કારણકે જ્ઞાન પરપ્રકાશક ને દર્શન સ્વપ્રકાશક (હોય તો) બેય તદ્દન જુદા ઠરે. બે ગુણો અભિન્ન રહ્યા નહીં. ગુણ અભિન્ન રહે (નહીં). **અહીં (આ ગાથામાં) એમ સમજવું કે જો આત્મા (કેવળ) પરપ્રકાશક હોય...** આત્મા લીધો અહીં. ઓલો ગુણ ને ગુણી

લીધું હતું. **આત્મા (કેવળ) પરપ્રકાશક હોય તો આત્માથી જ દર્શન ભિન્ન ઠરે!** કારણ કે આત્મા પરપ્રકાશક ને દર્શન સ્વપ્રકાશક (એમ) બે ભિન્ન ઠરે, (પણ) એમ છે નહીં. આહાહા! કેટલી ગાથામાં લીધું છે જુઓ! ફક્ત વ્યવહાર એકાંત ભેદને માનનારા એનો નિષેધ કરવા આ બધું લીધું જુઓ!

**વળી જો 'આત્મા પરદ્રવ્યગત નથી (અર્થાત્ આત્મા કેવળ પરપ્રકાશક નથી, સ્વપ્રકાશક પણ છે)' એમ (હવે) માનવામાં આવે તો આત્માથી દર્શનનું (સમ્યક્ પ્રકારે) અભિન્નપણું સિદ્ધ થાય એમ સમજવું.** તો આત્મા ને દર્શન એક જ ઠરે, જુદા ઠરે નહીં. **માટે ખરેખર આત્મા સ્વપરપ્રકાશક છે.** આત્મા એકલો પરપ્રકાશક છે ને દર્શન (એકલો) સ્વપ્રકાશક છે એમ રહ્યું નહીં. દર્શન પણ સ્વપરપ્રકાશક ને આત્મા પણ સ્વપરપ્રકાશક છે. **જેમ (૧૬૨મી ગાથામાં) જ્ઞાનનું કથંચિત્ સ્વપરપ્રકાશકપણું સિદ્ધ થયું તેમ આત્માનું પણ સમજવું,** લ્યો. જેમ જ્ઞાન પણ પરને જાણે ને સ્વને જાણે એવો સ્વપરપ્રકાશક જ્ઞાનનો સ્વભાવ સિદ્ધ કર્યો, તો એ આત્માનું પણ કથંચિત્ સ્વપરપ્રકાશક (એટલે કે) નિશ્ચયથી સ્વને જાણે વ્યવહારથી પરને (જાણે એ નક્કી થયું). એ જુદું કહેશે. સમજાણું કાંઈ? એ હવેની ગાથામાં લેશે. વ્યવહારનયથી પરને જાણે, એમ.

**કારણ કે અગ્નિ અને ઉષ્ણતાની માફક ધર્મી અને ધર્મનું એક સ્વરૂપ હોય છે.** અગ્નિ ધર્મી (અને) ઉષ્ણતા ધર્મ, એમ આત્મા ધર્મી અને જ્ઞાન-દર્શન એનો ધર્મ. એ બેનું એક સ્વરૂપ હોય છે. બે જુદા હોતા નથી. થોડો-થોડો વિચાર કરવો. થોડો વિચાર કરે તો સમજાય. ન સમજાય એવું નથી. આહાહા! આ વ્યાકરણ નથી. વર્તમાનમાં તો કાંઈ (જ્ઞાન જ ન મળે કે) આ આત્મા શું ને એની શક્તિ શું, એની દશા શું, એ દ્રવ્ય શું, ગુણ શું ને પર્યાય શું. સમજાણું કાંઈ? પર્યાય શું એની ખબર ન મળે.

દિગંબર એક આવ્યા હતા પંડિત, લ્યોને. સુભય શાસ્ત્રી, સોલાપુર. શું કહેવાય? મહારાષ્ટ્ર. મહારાષ્ટ્રના પંડિત આવ્યા હતા અહીંયા સુભય. સુભય ને? સુભૈયા. કહે, પર્યાય ક્યા? આમ કહેવાય પંડિત મોટા. પર્યાય ક્યાંય સાંભળી નથી. લ્યો, અરે ભગવાન! પણ એને કાંઈ ભાનેય નહીં, લક્ષેય નહીં. તત્ત્વાર્થસૂત્રમાં છે, ગુણપર્યયવત્ દ્રવ્યં. આહાહા! દ્રવ્ય-પર્યાયને જાણે કેવળજ્ઞાન.... એક જણો વળી એમ કહેતો હતો કે પર્યાય તો બ્રાહ્મણમાંથી આવી છે. પણ બ્રાહ્મણમાં ક્યાં પર્યાય હતી ન્યાં? એ તો વેદાંત કૂટસ્થ માનનારા છે. ત્યાં તો પર્યાય છે જ નહીં. અહીં આવું ક્યાંથી આવ્યું? મૂળ દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન જગતમાં ઘટી ગયું એટલે પછી વાંધા ઉઠ્યા બધા. એમ સિદ્ધાંત કરે કે પર્યાય મારી છે, ગુણ મારો, દ્રવ્ય મારા—ત્રણેય અભેદ છે. તો પરની પર્યાયનું કરવું ઠરે નહીં અને પરથી પોતામાં કાંઈ થાય એવું પણ રહે નહીં. સમજાણું કાંઈ?

અપવાસ કરો, રોટલા છોડ્યા, પાણી છોડ્યું. શું છોડ્યું હતું? પરના દ્રવ્ય-ગુણ-પર્યાય છોડ્યા છે? એ છૂટા જ છે. જો દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન યથાર્થ હોય તો એના અભિમાન રહે નહીં. મેં આ છોડ્યા એ મારે અપવાસ થયો, એ નહીં. રાગ છોડે સ્વભાવને આશ્રયે, આનંદને આશ્રયે, એને ઉપવાસ થાય. એને રાગનો ત્યાગ કર્યો એમ વ્યવહારે કહેવાય. કહો, સમજાણું કાંઈ? આવ્યું હતુંને, ઓલું નાશક નહોતું આવ્યું? **અઘસમૂહના નાશક...** જુઓ! પહેલા કળશમાં આવ્યું એના પહેલા. ભગવાન (આત્મા) પુણ્ય-પાપરૂપી સમૂહના નાશક, એમ કહ્યું. સમજાવવું છે તો શું સમજાવે?

આમ જુઓ તો પુણ્ય-પાપનો નાશક આત્મા છે જ નહીં. આવ્યુંને ૩૪ ગાથામાં, સમયસાર. રાગના દોષનો નાશકર્તા આત્માને કહેવો એ વ્યવહાર વાતું છે. પરમાર્થે દોષનો નાશક એ આત્મા નથી. કેમકે દોષ આ છે ને નાશ કરું એ તો પર્યાયબુદ્ધિ થઈ ગઈ. એ એના સ્વભાવમાં છે નહીં. એ તો ચૈતન્યનો પૂર્ણ આનંદ સ્વભાવ એનો આશ્રય લેતાં રાગની–વિકારની ઉત્પત્તિ થતી નથી એને 'નાશ કર્યો' એમ વ્યવહારથી કહેવામાં આવે છે. કહો, પોપટભાઈ! આ વર્ષીતપ કર્યો, ઉજવ્યો. શેના વર્ષીતપ? લાંઘણું છે બધી. ભારે! લાખોપતિની બાઈયું કરતી હશેને. રોટલા ઘરના છે છતાં છોડે છે એ. છોડે છે એ ધર્મ નહીં, સાંભળને! તને ખબર નથી. જ્ઞાન-દર્શન જાણવા-દેખવાનો સ્વભાવ એને છોડે છે અને આ ગ્રહું-મૂકું એવા ભાવને તે ગ્રહે છે. કહો, સમજાણું કાંઈ?

ભાઈ! દુનિયાથી વીતરાગનો માર્ગ એવો જુદો છે. અપવાસ થાય, પછી પારણા થાય, પછી મોટા શું કહેવાય? વરઘોડા. વરઘોડા. બાઈ પણ રાજી થાય, વળી ધણી પાંચ-પચ્ચીસ ખરચે, એ તો શક્તિ પ્રમાણે. કોઈક પચાસ લાખ ખરચે, કોઈ પચાસ હજાર ખરચે, લાખ ખરચે. એક વર્ષીતપનું પારણું કર્યું, પોણો લાખ ખરચ્યો. ગૃહસ્થ માણસ હતા, પોણો લાખ. આખી સ્પેશિયલ (ટ્રેન) ઉતારી અહીં પાલીતાણા. રાજી થઈ જાય કે આપણે કાંઈ ધર્મ કર્યો અને ઓલા જાણે કે આપણે વર્ષીતપને ઉજવ્યો. મિથ્યાત્વને ઉજવ્યું છે. એય!

અહીં તો કહે છે કે 'પરનો ત્યાગ કરું છું' એ માન્યતા જ મિથ્યાત્વ છે. અહીં તો, રાગનો નાશ કરું એ માન્યતા જ સાચી નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! કેમ કે પરવસ્તુ તો અહીંથી દૂર રહેવાની હતી તે રહી છે. તેં છોડી છે માટે આઘી ગઈ છે એમ છે નહીં. હવે, રાગનો નાશ કરવો એ પણ વસ્તુમાં નથી. આવો માર્ગ! કેમકે રાગ છે તો પર્યાયમાં–વિકૃતદશામાં. આ છે અને એને નાશ કરવો, એમ છે? છે એને નાશ કરું કે નથી એને નાશ કરું? સમજાણું કાંઈ? શબ્દ તો આમ આવ્યા જુઓને! **અઘસમૂહના નાશક આત્મામાં...** બીજી બાજુ કહે કે આ તો કર્મનો નાશક શું, પણ પુણ્ય-પાપનો નાશક કહેવો એ

પણ વ્યવહારનું અભૂતાર્થનયનું કથન છે. આહાહા! એવી ચીજ.... એ ચીજની એને ખબર ન મળે એટલે ક્યાંય ને ક્યાંય ગોટા ખતવી નાખ્યા.

અહીં તો કહે છે કે અગ્નિ ને ઉષ્ણતાની માફક ધર્મી અને ધર્મનું એક સ્વરૂપ હોય છે. ગુણ ને ગુણી નામભેદે (ભેદ) હોવા છતાં... અગ્નિ અને ઉષ્ણતાના નામ ભેદ છે, અગ્નિ એવું નામ છે, ઉષ્ણતા એવું નામ છે. સંજ્ઞા ભેદ છે, (પણ) વસ્તુ જુદી નથી.

**(હવે આ ૧૬૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે:)** ૨૭૯ ને?

**आत्मा धर्मी भवति सुतरां ज्ञानदृग्धर्मयुक्तः**
**तस्मिन्नेव स्थितिमविचलां तां परिप्राप्य नित्यम् ।**
**सम्यग्दृष्टिर्निखिलकरणग्रामनीहारभास्वान्**
**मुक्तिं याति स्फुटितसहजावस्थया संस्थितां ताम् ॥२७९॥**

**શ્લોકાર્થ :** કહે છે કે આ ભગવાન આત્મા **જ્ઞાનદર્શનધર્મોથી યુક્ત** છે. ધર્મ નામ એનો સ્વભાવ. શરીર ને રાગ સહિત છે નહીં આત્મા. એનાથી રહિત છે, પણ પોતાના જ્ઞાન-દર્શનના ધર્મથી સહિત છે. **જ્ઞાનદર્શનધર્મોથી યુક્ત** નામ સહિત **હોવાને લીધે**... આ કારણે, એમ. જ્ઞાન-દર્શનના સ્વભાવથી સહિત **હોવાને લીધે આત્મા ખરેખર ધર્મી છે.** આત્મા ધર્મી... આ ધર્મ સમ્યગ્દર્શન-જ્ઞાનની અત્યારે વાત નથી. એનો જે જાણવા-દેખવાનો સ્વભાવ–ધર્મ એ સહિત આત્મા હોવાથી (એટલે) આત્મા તે ધર્મનો ધરનાર હોવાથી એને ધર્મી કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? એણે ઝીણવટથી તત્ત્વ શું, ગુણ શું, ધર્મ શું, સ્વભાવ શું—એના વિચારો કર્યા નથી, એનું મંથન કર્યું નથી, એનો નિર્ણય કર્યો નથી. આ તો બધું પરનું કામ થયા કરે એ તો જડનું જડમાં થાય છે. સમજાણું કાંઈ?

તારામાં શું થાય છે ને શું છે? એનામાં જાણવા-દેખવાનો ધર્મ નામ સ્વભાવ છે. એ જાણવા-દેખવાના સ્વભાવથી સહિત હોવાથી... આત્મા જાણવા-દેખવાના ગુણ નામ ધર્મના સ્વભાવ સહિત હોવાથી–તેથી યુક્ત હોવાથી ધર્મી કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? અને જાણવા-દેખવાની પર્યાય એ પોતે ધર્મ છે. દયા, દાન, વ્રત પરિણામ એ કોઈ ધર્મ નથી. એ વિકારના પરિણામને પોતામાં રહીને પૃથક રહીને જાણવા-દેખવાની પર્યાય (થાય), એ આત્માનો પર્યાયધર્મ મુક્તિનો માર્ગ છે. સમજાણું કાંઈ?

**સકળ ઇન્દ્રિયસમૂહરૂપી હિમને (નષ્ટ કરવા) માટે..** આહાહા! **સૂર્ય સમાન એવો સમ્યગ્દૃષ્ટિ જીવ...** દેખો! સકળ ઇન્દ્રિયસમૂહરૂપી હિમ એને નષ્ટ કરવાને સૂર્ય સમાન એવો સમકિતી જીવ... પોતામાં પૂર્ણ આનંદ ને જ્ઞાન ભરેલું છે એવો એ ધર્મી જીવ... ધર્મી ઉપર એની દૃષ્ટિ હોવાથી, એમ કહે છે. ધર્મીની ધર્મી ઉપર દૃષ્ટિ હોવાથી... ધર્મી એટલે અહીં સમ્યગ્દૃષ્ટિ,

એની દૃષ્ટિમાં સ્વીકાર તો પૂર્ણાનંદ પ્રભુ આત્માનો છે. એને કારણે સમ્યગ્દૃષ્ટિ જીવ ઇન્દ્રિયના સમૂહના હિમને નષ્ટ કરવાને સૂર્ય સમાન છે. હિમ હોય, પણ જ્યાં સૂર્ય ઉગ્યો, હિમનો નાશ થાય. એમ ભગવાન આત્મા પોતાના શુદ્ધ આનંદ ને જ્ઞાન સ્વભાવ પૂર્ણની પ્રતીત ને અનુભવ થયો-એવું જે સમ્યગ્દર્શન (થયું), એ સમ્યગ્દૃષ્ટિ જીવ અણીન્દ્રિયની રમતમાં રમનારો છે એમ કહે છે. સમજાણું કાંઈ? ચોથે ગુણસ્થાનથી હોં.

ભગવાન આત્મા અણીન્દ્રિયસ્વરૂપ એના અનુભવથી પ્રગટેલી જે દૃષ્ટિ, એવો સમ્યગ્દૃષ્ટિ જીવ ઇન્દ્રિયોના સમૂહને-હિમને નાશ કરવાને સૂર્ય સમાન છે. આહાહા! ઇન્દ્રિયો તરફના ઝુકાવવાળી વૃત્તિઓ એને નાશ કરવાને સમ્યગ્દૃષ્ટિ સૂર્ય સમાન છે. રાખવાને નહીં, ઉત્પન્ન કરવાને નહીં. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ જીવ, જ્ઞાન-દર્શનના ધર્મથી ભરેલો ધર્મી એવો આત્મા એની દૃષ્ટિમાં આવવાથી-દૃષ્ટિ થવાથી, એ જીવ પોતાના સ્વભાવ સન્મુખની ક્રિયામાં પડ્યો હોવાથી, એને વિભાવને-ઇન્દ્રિયો તરફના વલણની વૃત્તિઓને નાશ કરવાની તાકાતવાળો છે. સમજાણું કાંઈ? ધર્મી જીવ રાગ, ઇન્દ્રિયો તરફના વલણવાળા ભાગને રાખનારો રક્ષક નથી, એનું પાલન-પોષણ કરનાર નથી એમ કહે છે. એ તો અતીન્દ્રિય આનંદ સ્વભાવના આશ્રયે પરિણતિમાં પડેલો ધર્મી પાંચ ઇન્દ્રિયના વલણવાળી વૃત્તિઓને નાશ કરવાને સમર્થ છે. લ્યો, અહીં 'નાશ કરવાને સમર્થ' આવ્યું. એય! પણ શું સમજાવવું?

એક બાજુ કહેતા હતા કે રાગનો નાશ કરે આત્મા એ વ્યવહાર કહેવાય, અભૂતાર્થનયથી-અસત્યાર્થદૃષ્ટિથી કહેવાય. એમને એમ સમજવું અહીં પણ તે. કથનની પદ્ધતિ શું આવે? ભગવાને ચાર ઘનઘાતિકર્મ ટાળ્યા. જડને ટાળતા હશે આત્મા? ભાવકર્મને ટાળે નહીં ત્યાં વળી કર્મને ટાળે? પણ ટળી જાય છે એથી વ્યવહારથી 'ટાળે છે' એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઝીણું ભારે. આમાં પકડવું શું? બિચારા માંડ-માંડ ધંધામાંથી આવ્યા હોય, કલાક-બે કલાક વખત મળે, હવે આમાં આવી ઝીણી વાતું. મોક્ષમાર્ગ તો સૂક્ષ્મ ને ગંભીર જ હોયને. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના પરિણામને જ્યાં કુળ કહ્યા છે એ કુળને અડતોય નથી આત્મા, એમ કહે છે. સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાનો સૂક્ષ્મ અતિન્દ્રિય પદાર્થસ્વભાવ એને સ્પર્શેલો છે, એને અડેલો છે, એથી એ દયા, દાન, વ્રતના પરિણામને અડતોય નથી. આહાહા! એવો એ જીવ રાગ-દ્વેષના ભાવને-હિમને નષ્ટ કરવાને સૂર્ય સમાન ચૈતન્યની જ્યોત છે.

**તેમાં જ (જ્ઞાનદર્શનધર્મયુક્ત આત્મામાં જ)...** દેખો! સમ્યગ્દૃષ્ટિ જીવ ધર્મી એને કહીએ કે આ રાગ-દ્વેષના પરિણામને નાશ કરવાને સૂર્ય સમાન છે અને આમાં સ્થિર રહેવામાં પુરુષાર્થ છે. **જ્ઞાનદર્શનધર્મયુક્ત આત્મા...** આત્મા કેવો છે? કે જાણવા-દેખવા સહિતવાળો ભગવાન. એ **સદા અવિચળ સ્થિતિ પ્રાપ્ત કરીને...** એ સ્વરૂપમાં ઠરીને (અર્થાત્) અંતરની આનંદની ક્રિયામાં ઠરીને સદા અવિચળ સ્થિતિ પ્રાપ્ત કરે છે. **મુક્તિને પામે છે,** એમ કહે છે. સમજાણું કાંઈ?

ઓહો! ન્યાય, ધર્મનો ન્યાય પાછો... પર્યાયનો. કેમકે જ્ઞાન ને દર્શનનો સ્વભાવ જેમ સ્વપરપ્રકાશકપણું છે, એવો જ આત્માનો સ્વભાવ પણ સ્વપરપ્રકાશપણું છે. અને તે જ્ઞાન-દર્શન ધર્મ સહિત હોવાથી ભગવાન આત્મા જ્ઞાન-દર્શનના સ્વભાવવાળો હોવાથી તે સ્વભાવવાન ધર્મી છે.

એવા ધર્મી ઉપર દૃષ્ટિ હોવાથી... ધર્મીની–સમ્યગ્દૃષ્ટિની ધર્મી ઉપર દૃષ્ટિ હોવાથી... આહાહા! એ **સદા અવિચળ સ્થિતિ પ્રાપ્ત કરી મુક્તિને પામે છે**. ધ્રુવમાં સ્થિર થઈને... જ્ઞાન-દર્શન સ્વભાવ એવો ધ્રુવ એનો ધરનાર ભગવાન ધ્રુવ, એમાં સ્થિર થઈને–સદા અવિચળ સ્થિતિ પ્રાપ્ત કરી મુક્તિને પામે છે. લ્યો, આ સાર કાઢ્યો આમાંથી. પરપ્રકાશક ને સ્વપ્રકાશક ને આત્મા સ્વપરપ્રકાશક કરીને શું કરવું છે પણ? જ્યારે દર્શન પણ સ્વપરપ્રકાશક, જ્ઞાન પણ સ્વપરપ્રકાશક, તો એક ગુણ ને બીજો ગુણ અભિન્ન ઠર્યો. અને જ્યારે બે ગુણ અભિન્ન ઠર્યા, ત્યારે ગુણનો ધરનાર આત્મા એ પણ અભિન્ન ઠર્યો.

એ આત્મા પણ આવો સ્વપરપ્રકાશક હોવાથી એવા આત્માની દૃષ્ટિવાળો ધર્મી જીવ... આહાહા! સમજાણું કાંઈ? પોતાનો ધર્મ ધરનારું તત્ત્વ પૂર્ણસ્વરૂપ પ્રભુ એની દૃષ્ટિવાળો જીવ–સમ્યગ્દૃષ્ટિ જીવ એમાં રહીને—જ્ઞાન-દર્શન સહિત એવો આત્મા એમાં રહીને, સદા અવિચળ (સ્થિતિ પ્રાપ્ત કરે છે). એથી વચમાં આ વ્યવહાર વિકલ્પો આવે એનો તો એ નાશ કરનાર છે એમ કહે છે. સમજાણું કાંઈ? એનો રક્ષક, એનો પાલક, એ સહિત નથી. ફક્ત એને સ્વભાવ સન્મુખની દૃષ્ટિમાં એ ઉત્પન્ન થતાં નથી એથી એનો 'નાશ કર્યો' એમ કહેવામાં આવે છે. આહાહા! એવા ભગવાન આત્માના ધર્મવાળો–સ્વભાવવાળો એવો સ્વભાવવાન એની દૃષ્ટિ કરીને, એમાં સ્થિર રહીને, સદા અવિચળપણાની પ્રાપ્તિ એવી મુક્તિને પ્રાપ્ત કરે છે.

**કે જે મુક્તિ પ્રગટ થયેલી સહજ અવસ્થારૂપે સુસ્થિત છે.** મુક્તિ કેવી છે? મુક્તિ પણ પર્યાય છે, મુક્તિ કાંઈ દ્રવ્ય-ગુણ નથી. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે. સિદ્ધપદ પણ પર્યાય છે. મોક્ષમાર્ગમાં જે સ્થિત થવું, ધર્મીની દૃષ્ટિ કરી સ્થિર થવું એ પણ પર્યાય છે. સમજાણું કાંઈ? કેટલું યાદ રાખવું આમાં? **કે જે મુક્તિ પ્રગટ થયેલી સહજ અવસ્થારૂપે સુસ્થિત છે.** સુસ્થિત છે એમ કહે છે. એ દશા પ્રગટી એ પ્રગટી, એ પાછી જાય એવી નથી. કહેને કે મુક્તિ થયા પછી પણ અવતાર ધારણ કરે. એ ખોટી વાત છે. આહાહા! શુદ્ધસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ એના ઉપર ઠરતાં પાછો હઠતો નથી, એ પૂર્ણ થયા પછી પાછો હઠે? આહાહા! એ પ્રગટ થયેલી સહજ દશાઓ છે, સ્વભાવિક અવસ્થા છે એ તો. સિદ્ધ–મુક્તિની અવસ્થા તો સ્વભાવિક અવસ્થારૂપે છે. જે સ્વભાવ છે ધર્મીનો, એવા સ્વભાવની પરિણતિરૂપે પૂર્ણ પર્યાય પ્રગટ થઈ એને મુક્તિ કહે છે અને એમાં એ સુસ્થિત છે. બરાબર સ્થિત છે કે જેમાંથી પર્યાય એક સમય પણ ફરે નહીં.

લ્યો, શ્લોક એ નાખ્યો. ઠીક! આ શું કરવા કહ્યું આ બધું? એ બધું કહ્યું અભિન્નને સિદ્ધ કરવા. જ્ઞાન સ્વને પ્રકાશે, પરને નહીં, પણ જ્ઞાનનો આધાર આત્મા ... છે. જેમ દર્શન સ્વને દેખે... આંખ તો પરને દેખે છે, સ્વને દેખતી નથી લ્યો. માટે તું એમ ઠરાવવા જાય કે દર્શન (કેવળ) સ્વને દેખે, તો વાત બંધબેસતી નથી. માટે દર્શન પણ સ્વને દેખે ને પરને દેખે, જ્ઞાન પણ સ્વને જાણે ને પરને જાણે, એ ધર્મનો ધરનાર ધર્મી પણ સ્વપરપ્રકાશક (એમ) એનું સ્વરૂપ અભેદ છે. સમજાણું કાંઈ? અહીં જરી વ્યવહાર નાખે છે. પરને જાણવું-દેખવું એમ કહેવું એ વ્યવહાર છે. એ વ્યવહાર ત્રણેને લાગુ પડે છે એમ કહે છે. ત્રણે કોણ? જ્ઞાન, દર્શન ને આત્મા. જેમ ત્રણેયને સ્વપરપ્રકાશક લાગુ પાડ્યું, તેમ ત્રણેયને વ્યવહાર લાગુ પડે છે કહે છે. ૧૬૪.

નિયમસાર શાસ્ત્ર જ બહુ થોડા વખત (પહેલા) આવ્યું બહાર. એમાં પણ વાંચવામાં ઓછું આવે એટલે લોકોને એનો અભ્યાસ ન હોય તો જરી આકરું લાગે. પણ અભ્યાસે બધું સહેલું છે. અભ્યાસે કેવળજ્ઞાન લઈ શકાય, તો અભ્યાસે આ સમજાય નહીં એમ કેમ બને? સમજાણું કાંઈ?

**णाणं परप्पयासं ववहारणयेण दंसणं तम्हा ।**
**अप्पा परप्पयासो ववहारणयेण दंसणं तम्हा ॥१६४॥**
**વ્યવહારથી છે પરપ્રકાશક જ્ઞાન, તેથી દૃષ્ટિ છે;**
**વ્યવહારથી છે પરપ્રકાશક જીવ, તેથી દૃષ્ટિ છે. ૧૬૪**

આમાં 'અન્વયાર્થ' (શબ્દ) લીધો છે. આમાં 'અન્વયાર્થ' લખે છે, ઓલામાં 'ગાથાર્થ' (લખે છે) સમયસારમાં. **અન્વયાર્થ : વ્યવહારનયથી જ્ઞાન...** વ્યવહારનયથી જ્ઞાન **પરપ્રકાશક છે.** 'પરને પ્રકાશે' કહેવું એ વ્યવહાર છે. એ સ્વપરપ્રકાશક સ્વનું સ્વરૂપ છે, પણ પરને પ્રકાશે છે એમ કહેવું એ (વ્યવહાર છે). 'પરાશ્રિત વ્યવહાર' છેને. **તેથી દર્શન પરપ્રકાશક છે.** એ દર્શનેય પરપ્રકાશ છે વ્યવહારથી. **વ્યવહારનયથી આત્મા પરપ્રકાશક છે...** જ્યારે બે ગુણોને પરપ્રકાશક વ્યવહારથી કહ્યા, ત્યારે ધરનાર પણ આત્મા પરને જાણનાર પરપ્રકાશક (કહ્યો). **તેથી દર્શન પરપ્રકાશક છે.** લ્યો. આત્મા પરપ્રકાશક છે તેથી દર્શન પણ પરપ્રકાશક છે. એ પરની અપેક્ષાનું કથન ત્રણેને લાગુ પડે છે. એ તો આવી ગયું હતું કે દર્શન પરપ્રકાશક છે, પણ દર્શનને એકલું 'સ્વદર્શન' કીધું હતુંને, તો વ્યવહારે દર્શન પણ પરપ્રકાશક છે (એમ સિદ્ધ કર્યું). જ્ઞાનેય પરપ્રકાશક ને આત્મા પણ પરપ્રકાશક. એ વ્યવહારનયના સફળપણાનું કથન છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**માગશર સુદ ૧૪, બુધવાર, તા. ૧-૧૨-૧૯૭૧**
**ગાથા - ૧૬૪-૧૬૬, શ્લોક - ૨૮૦-૨૮૨ પ્રવચન નં. ૧૯૧**

નિયમસાર. **ટીકા : આ, વ્યવહારનયનું સફળપણું દર્શાવનારું કથન છે.** પહેલી ગાથામાં જોકે આવી ગયું હતું. ૧૫૯, પહેલી ગાથા. વ્યવહારનયથી પરને જાણે, નિશ્ચયથી સ્વને જાણે. પણ વધારે સ્પષ્ટ કરે છે. પહેલી ગાથા શરૂ કરી ત્યારે એમ આવ્યું હતું. ૧૫૯. ૧૫૯, શરૂઆતની પહેલી.

**जाणदि पस्सदि सव्वं ववहारणएण केवली भगवं ।**
**केवलणाणी जाणदि पस्सदि णियमेण अप्पाणं ॥१५९॥**

કેવળજ્ઞાન ને કેવળદર્શનનો વિષય જરી સૂક્ષ્મ.. સૂક્ષ્મ પડે એવો છેને. પણ સાંભળીને કંઈ વિચારવો તો પડશેને? કહે છે કે વ્યવહારનયનું સફળપણું દર્શાવવામાં આવે છે. વ્યવહાર કેમ કહ્યો? કઈ અપેક્ષાએ કહ્યો? એ કથન છે આમાં. **સમસ્ત (જ્ઞાનાવરણીય) કર્મનો ક્ષય થવાથી** કેવળી ભગવાનને **પ્રાપ્ત થતું સકળ-વિમળ કેવળજ્ઞાન...** 'કર્મનો ક્ષય થવાથી' એમ શબ્દ ઉપાડ્યો છે, ટૂંકું કરવું હોય તો એમ જ કહેને? **કર્મનો ક્ષય થવાથી પ્રાપ્ત થતું સકળ-વિમળ કેવળજ્ઞાન પુદ્ગલાદિ મૂર્ત-અમૂર્ત ચેતન-અચેતન પરદ્રવ્યગુણપર્યાયસમૂહનું પ્રકાશક કઈ રીતે છે...** પુદ્ગલાદિ મૂર્ત અને અમૂર્ત. એક મૂર્ત ને પાંચ અમૂર્ત, એક ચેતન ને પાંચ અચેતન. છ દ્રવ્ય છેને? એવા **પરદ્રવ્યગુણપર્યાયસમૂહનું...** પરદ્રવ્યના ગુણ ને પર્યાયનો સમૂહ (એનો) પ્રકાશક કઈ રીતે છે—**એવો અહીં પ્રશ્ન થાય, તો તેનો ઉત્તર એમ છે કે—**

**'પરાશ્રિતો વ્યવહારઃ (વ્યવહાર પરાશ્રિત છે)' એવું (શાસ્ત્રનું) વચન હોવાથી વ્યવહારનયના બળે એમ છે (અર્થાત્ પરપ્રકાશક છે)...** વ્યવહારનયના બળે જ્ઞાન પરપ્રકાશક છે એમ છે. એનો ખુલાસો આગળ કર્યો છે નીચે. વ્યવહારે કેમ કહ્યું? (કેમકે) પરમાં તન્મય થતો નથી. પરને જાણતો નથી એમ નહીં, સમજાણું કાંઈ? પણ એમાં તન્મય થઈને જાણતો નથી તેથી એને વ્યવહાર કહેવામાં આવે છે. ખુલાસો આગળ કર્યો છે. મોટો પેરેગ્રાફ છે. ૩૩૬ પાને છે, ૧૫૯ ગાથામાં છે. એ વ્યવહારનયના બળે પરપ્રકાશક છે. શું પરપ્રકાશક છે? કેવળજ્ઞાન. ભગવાનનું કેવળજ્ઞાન વ્યવહારથી પરપ્રકાશક છે. પરમાં તન્મય થયા વિના જાણે છે, એથી એને વ્યવહારે પરપ્રકાશક કહેવામાં આવે છે.

**તેથી દર્શન પણ તેવું જ (વ્યવહારનયના બળે પરપ્રકાશક) છે.** જેવું જ્ઞાન છે એવું દર્શન પણ પરપ્રકાશક જ છે. **વળી ત્રણ લોકના પ્રક્ષોભના હેતુભૂત...** ભગવાનને જ્ઞાન થતાં ત્રણ લોકમાં આનંદનો ખળભળાટ થઈ જાય છે. ક્ષણભર તો નારકીને પણ શાતા (થાય). શાતાનો આનંદ હોં, ઓલો અતીન્દ્રિય આનંદની વાત નથી અહીં. સમજાણું કાંઈ? લોકના–**ત્રણ લોકના પ્રક્ષોભના હેતુભૂત તીર્થંકર પરમદેવને...** ત્રણ લોકના પ્રક્ષોભના હેતુભૂત કહ્યું છેને? નિમિત્ત.

**તીર્થંકર પરમદેવને કે જેઓ સો ઇન્દ્રોની પ્રત્યક્ષ વંદનાને યોગ્ય છે...** સિદ્ધ છે એ તો પરોક્ષ વંદનાને યોગ્ય છે. આ તો અરિહંત સાક્ષાત્ સમવસરણમાં બિરાજતા હોય તો સો ઇન્દ્રોની પ્રત્યક્ષ વંદનાને યોગ્ય છે. **અને કાર્યપરમાત્મા છે...** પોતે કાર્યપરમાત્મા છે. પૂર્ણ જ્ઞાન, દર્શન આદિ પૂર્ણ દશા થઈ ગઈ એનું નામ કાર્યપરમાત્મા.

**તેમને જ્ઞાનની માફક જ (વ્યવહારનયના બળે) પરપ્રકાશકપણું છે...** એમ આત્માને પણ એમ છે. જ્ઞાનને પરપ્રકાશપણું છે, દર્શનને પણ પરપ્રકાશપણું છે ને આત્માને પણ છે. **તેથી વ્યવહારનયના બળે તે ભગવાનનું કેવળદર્શન પણ તેવું જ છે.** જોકે પહેલા આવી ગયું હતું દર્શન સામાન્ય. પહેલા આવી ગયું હતુંને. તેથી દર્શન પણ તેવું જ છે, એટલું કહ્યું... ભગવાનનું કેવળદર્શન પણ તેવું જ છે. પરને પ્રકાશનારું છે વ્યવહારનયે. વ્યવહારનો અર્થ કે એમાં પર નિમિત્તની અપેક્ષા આવીને, પરને જાણે એટલી અપેક્ષા આવી. પરને જાણે એવી અપેક્ષા આવી એ વ્યવહાર, એમ. **એવી રીતે શ્રુતબિન્દુમાં (શ્લોક દ્વારા) કહ્યું છે કે :** ઘણી ગાથાઓ લીધી છે આમાં આચાર્યે. અભેદનું સિદ્ધ કરવા, ભેદને વ્યવહાર કહેવો છે ને અભેદને નિશ્ચય કહેવો છે. શ્રુતબિંદુમાં કહ્યું છે.

**जयति विजितदोषोऽमर्त्यमर्त्येन्द्रमौलि-**
**प्रविलसदुरुमालाभ्यर्चितांघ्रिर्जिनेन्द्रः ।**
**त्रिजगदजगती यस्येदृशौ व्यश्नुवाते**
**सममिव विषयेष्वन्योन्यवृत्तिं निषेद्धुम् ॥**

**શ્લોકાર્થ : જેમણે દોષોને જીત્યા છે...** સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ કેવળજ્ઞાનીએ બધા દોષોને જીત્યા છે. **જેમના ચરણો દેવેન્દ્રો તેમજ નરેન્દ્રોના મુગટોમાં પ્રકાશતી કીમતી માળાઓથી પૂજાય છે...** ભગવાનના ચરણ પૂજાય છે. **(અર્થાત્ જેમના ચરણોમાં ઇન્દ્રો તથા ચક્રવર્તીઓનાં મણિમાળાયુક્ત મુગટવાળાં મસ્તકો અત્યંત ઝુકે છે)...** એ પુણ્ય વર્ણવ્યું છે. દોષો નાશ થયા છે એ ગુણ વર્ણવ્યા. ભગવાને દોષો જીત્યા છે એ ગુણ વર્ણવ્યા અને આ પુણ્ય વર્ણવ્યું. પુણ્ય પણ એવું. પવિત્રતા પણ પૂરી ને પુણ્ય પણ પૂરા. બેમાં એ પૂરા હોય તીર્થંકર. **અને (લોકાલોકના સમસ્ત) પદાર્થો એકબીજામાં પ્રવેશ ન પામે...** એટલે કે જુદા જુદા જણાય. પરમાણુ પરમાણુપણે, આત્મા આત્માપણે, ધર્માસ્તિ ધર્માસ્તિપણે, ગુણ ગુણપણે, પર્યાય પર્યાયપણે (જણાય).

**એકબીજામાં પ્રવેશ ન પામે એવી રીતે ત્રણ લોક અને અલોક જેમનામાં એકીસાથે જ વ્યાપે છે...** લ્યો, ત્રણ લોક ને અલોક જેમને એકીસાથે જ વ્યાપે છે. **(અર્થાત્ જે જિનેન્દ્રને યુગપદ્ જણાય છે), તે જિનેન્દ્ર જયવંત છે.** આ જગતમાં એ જિનેન્દ્ર બિરાજે છે. જ્ઞાનથી પરને

જાણે, દર્શનથી પરને દેખે, આત્માથી પણ સ્વ-પરને દેખે. એ વ્યવહાર થઈ ગયોને. એવું જિનેન્દ્રપણું જયવંત વર્તે છે. એની ટીકા મુનિ પોતે કહે છે.

**વળી (આ ૧૬૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :**

**व्यवहरणनयेन ज्ञानपुंजोऽयमात्मा**
**प्रकटतरसुदृष्टिः सर्वलोकप्रदर्शी ।**
**विदितसकलमूर्तामूर्ततत्त्वार्थसार्थः**
**सभवति परमश्रीकामिनीकामरूपः ॥२८०॥**

કેવળજ્ઞાન ને કેવળદર્શનમાં ગરબડ છે એ બધી સમજાવે છે. કેટલાક (કહે કે) કેવળજ્ઞાન છે જ નહીં. કેમકે એક સમયમાં બધું જાણે એવું હોય? કોઈ કહે કે કેવળજ્ઞાન જાણે ને કેવળદર્શન દેખે એનો ફેર છે. સમયફેર છે. એ પહેલી વાત ખુલાસો કરી દીધો. કોઈ કહે કે કેવળજ્ઞાન અને કેવળદર્શનમાં જ્ઞાન પરને પ્રકાશે, દર્શન સ્વને પ્રકાશે—એટલો ભેદ જ છે. એમ માને એની સામે આ બધી દલીલ છે. સમજાણું કાંઈ? આવે ત્યારે બધી વાત આવેને.

**શ્લોકાર્થ : જ્ઞાનપુંજ એવો આ આત્મા અત્યંત સ્પષ્ટ દર્શન થતાં (અર્થાત્ કેવળદર્શન પ્રગટ થતાં) વ્યવહારનયથી સર્વ લોકને દેખે છે...** આત્મા સિવાય પરચીજ છેને, એટલે એને દેખે છે એમ કહેવું વ્યવહાર છે કારણ કે એને દેખતાં એના સુખ-દુઃખને વેદતાં નથી. પોતાને દેખતાં, પોતાના આનંદને વેદતાં પોતાને દેખે છે. પરને દેખતાં પરનું સુખ-દુઃખ વેદીને જાણતા-દેખતા નથી. એને તન્મય થયા વિના દેખે માટે એને વ્યવહાર કહેવામાં આવે છે. નથી જાણતા એ માટે નહીં. વ્યવહારે જાણે છે અને ખરેખર જાણતા નથી એમ નહીં. સમજાણું કાંઈ? વ્યવહારે જાણે, નિશ્ચયથી નહીં—એમ નહીં. 'વ્યવહારે જાણે'નો અર્થ કે એમાં તન્મય થઈને જાણતા નથી. જાણે છે બધું. સમજાણું કાંઈ? આવડો આત્મા એક પર્યાયમાં જ્ઞાન-દર્શનથી પરિપૂર્ણ એનું સામર્થ્ય એવડું છે, એવા આત્માને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**આત્મા અત્યંત સ્પષ્ટ દર્શન થતાં વ્યવહારનયથી સર્વ લોકને દેખે છે તથા (સાથે વર્તતા કેવળજ્ઞાનને લીધે)...** જ્ઞાન નાખ્યું. **સમસ્ત મૂર્ત-અમૂર્ત પદાર્થસમૂહને જાણે છે.** ઓલામાં દેખવાની વાત હતી વ્યવહારથી. **તે (કેવળદર્શનજ્ઞાનયુક્ત) આત્મા...** હવે આત્મા નાખ્યો. દર્શન પરને દેખે, જ્ઞાન પરને જાણે, એમ આત્મા પણ (દેખે-જાણે). કેવળજ્ઞાનદર્શન(યુક્ત) આત્મા **પરમશ્રીરૂપી કામિનીનો (મુક્તિસુંદરીનો) વલ્લભ થાય છે.** એ આત્મા મુક્તિરૂપી પરમ આનંદની દશા એને છોડે નહીં એવી દશા એને પ્રગટ થાય. એ વ્યવહારની વાત કરી, હવે નિશ્ચયથી. ૧૬૫. **णाणं अप्पपयासं णिच्छयणयएण दंसणं तम्हा..** આ તો બધું ગાથામાં નાખ્યું છે જુઓને! જરીક ઓલું ખટક્યું છે કે ૧૬૧માં (લખ્યું છે) જડ જેવો સ્વભાવ.... એ ખટક્યું, એણે એ ટીકામાં નાખ્યું.

શ્રોતા : .... એમાં લખ્યું છે કે વ્યવહારનયને માનતા નથી. .....

પૂજ્ય ગુરૂદેવશ્રી : એમ નથી. એ તો બરાબર છે એમ માને છે. ગુણભેદે ભેદથી કહ્યું.... દર્શનવિશુદ્ધિથી રહિત મૂરખ છો? એથી કહ્યું છેને કે પરને દેખે ને જાણે, સ્વને દેખે ને જાણે નહીં, પરને દેખે ને જાણે એ જ્ઞાન પરને જાણે અને દર્શન સ્વને દેખે. ભલે પાઠમાં છે એટલું. ... તો વિશેષ કીધો, પણ ૧૬૧માં એટલું તો છેને.

પાઠ જુઓ! મુનિની .... છેને. **णाणं परप्पयासं दिट्ठी अप्पप्पयासया चेव।अप्पा सपरपयासो...** જ્ઞાન પરને જાણે અને દર્શન સ્વને દેખે ને આત્મા સ્વ-પરને પ્રકાશે. **होदि त्ति हि मण्णसे जदि हि।** આવું જો માનતો હોય તો એમ કહીને જૂઠો ઠરાવ્યો છે. એ બધી ટીકા કરી એને..... (ગાથા-૧૬૧) **આમ હે જડમતિ પ્રાથમિક શિષ્ય! જો તું દર્શનશુદ્ધિના અભાવને લીધે માનતો હોય તો ખરેખર તારાથી અન્ય કોઈ પુરુષ જડ (મૂર્ખ) નથી.** આચાર્ય આમ કહે છે, વળી પદ્મપ્રભમલધારિદેવ મુનિ તરીકે આવા મૂરખ ઠરાવે છે. કઈ અપેક્ષાએ કહે છે? ભેદથી તું એકલો માનતો હો અને અભેદ ન માને તો મૂરખ છો, એમ કહે છે. એકલો જ વ્યવહારથી જે માન્યું છે એને જ માન. નિશ્ચય અભેદ છે આત્મા. એના જ્ઞાનથી સ્વ-પરને જાણે, દર્શનથી સ્વ-પરને જાણે અને આત્મા પણ સ્વ-પરને જાણે—એવું એનું સ્વરૂપ છે. આહાહા!

**णाणं अप्पपयासं णिच्छयणयएण दंसणं तम्हा ।**
**अप्पा अप्पपयासो णिच्छयणयएण दंसणं तम्हा ॥१६५॥**

નીચે હરિગીત.

**નિશ્ચયનયે છે નિજપ્રકાશક જ્ઞાન, તેથી દૃષ્ટિ છે;**
**નિશ્ચયનયે છે નિજપ્રકાશક જીવ, તેથી દૃષ્ટિ છે. ૧૬૫**

ઓહો! કુંદકુંદાચાર્ય જેવા ત્રીજે નંબરે આવ્યા! ભગવાન મહાવીર ને પછી ગણધર ને પછી કુંદકુદાચાર્ય. એમને આ વાતનું આટલું સ્પષ્ટીકરણ કરવું છે. મુનિ છે મહા સંત... એના બધા કેડાયતો, જે આ મુનિ આદિ થયા એ એના (-કેવળીના) કેડાયત કહેવાય એમને આટલું સ્પષ્ટ કરવું પડ્યું. ગુણભેદે એકલો ગુણને જ માન અને અભેદ ન માન, તો અજ્ઞાન છે. ખોટી દૃષ્ટિ તારી છે એમ કહે છે. વ્યવહાર જ એકલો માન અને નિશ્ચય ન માન, (તો) મૂરખ છો એમ કહે છે. સમજાણું કાંઈ?

**ટીકા : આ, નિશ્ચયનયથી સ્વરૂપનું કથન છે.** ઓલામાં વ્યવહારનયથી આવ્યું હતું. સફળપણું એટલે કહ્યું કે આ પરને જાણે છે એટલી અપેક્ષા વ્યવહારની છે, એમ. પરની અપેક્ષા આવીને જાણવામાં. પરની અપેક્ષા આવી એ વ્યવહાર. સ્વની અપેક્ષા આવે એનું નામ નિશ્ચય. **અહીં નિશ્ચયનયથી શુદ્ધ જ્ઞાનનું લક્ષણ સ્વપ્રકાશકપણું કહ્યું છે...** લ્યો, નિશ્ચયથી તો શુદ્ધજ્ઞાન સ્વ એને-પોતાને પ્રકાશે છે, પોતે પોતાને જ જાણે છે. **તેવી રીતે સર્વ આવરણથી મુક્ત શુદ્ધ**

**દર્શન પણ સ્વપ્રકાશક જ છે.** જ્ઞાન જેમ સ્વપ્રકાશક છે, એમ દર્શન પણ સ્વપ્રકાશક છે. દર્શન એટલે સમકિત નહીં, દર્શન-ઉપયોગ. આહાહા!

**આત્મા ખરેખર, તેણે સર્વ ઇન્દ્રિય-વ્યાપારને છોડ્યો હોવાથી, સ્વપ્રકાશકસ્વરૂપ લક્ષણથી લક્ષિત છે...** એમ બીજાનું નાખવું છેને. જેમ જ્ઞાન સ્વપ્રકાશક છે, એમ દર્શન સ્વપ્રકાશક છે, એમ આત્મા પણ સ્વપ્રકાશક છે, એમ. સર્વ ઇન્દ્રિય વ્યાપારને છોડ્યો હોવાથી, એમ. સ્વપ્રકાશકસ્વરૂપ લક્ષણથી લક્ષિત છે એ તો. ઇન્દ્રિય વ્યાપાર છોડ્યો હોવાથી સ્વપ્રકાશસ્વરૂપ લક્ષણથી લક્ષિત છે. **દર્શન પણ, તેણે બહિર્વિષયપણું છોડ્યું હોવાથી, સ્વપ્રકાશકત્વપ્રધાન જ છે.** એમ લીધું. કહો, સમજાણું? દર્શન નામની પર્યાયે પણ બહિર્વિષય છોડ્યો છે... કારણકે વ્યવહારે બહિર્વિષય આવે છે, નિશ્ચયમાં પરવિષય આવતો નથી. જેણે બહિર્વિષયપણું–વ્યવહારપણું છોડ્યું છે (તેથી) સ્વપ્રકાશકત્વપ્રધાન જ છે. દર્શન પણ સ્વને પ્રકાશે એવી મુખ્યતા (છે). પ્રધાન છે... ઓલામાં આવ્યું હતું એક ફેરી નહીં? જ્ઞાનપ્રધાન છે.

**આ રીતે સ્વરૂપપ્રત્યક્ષ-લક્ષણથી લક્ષિત...** દેખો! પોતાનું જે સ્વરૂપ છે દ્રવ્ય-ગુણ-પર્યાયનું આખું, એવા સ્વરૂપપ્રત્યક્ષ-લક્ષણથી લક્ષિત... પોતાના સ્વરૂપને પ્રત્યક્ષ (એવા) લક્ષણવાળો એ આત્મા છે. કહો, સમજાણું? **અખંડ-સહજ-શુદ્ધજ્ઞાનદર્શનમય હોવાને લીધે...** અખંડ છે. સ્વભાવિક શુદ્ધજ્ઞાનદર્શનમય હોવાને લીધે... સ્વભાવિક જ્ઞાન ને દર્શન અભેદ છે આત્મા સાથે. **નિશ્ચયથી**–ખરેખર **ત્રિલોક-ત્રિકાળવર્તી...** ત્રણ લોકમાં રહેનારા ને ત્રિકાળવર્તી એમાં આકાશ પણ આવી જાય. **સ્થાવર-જંગમસ્વરૂપ...** સ્થિર અને ગતિ કરનારા દ્રવ્યોસ્વરૂપ **સમસ્ત દ્રવ્યગુણપર્યાયરૂપ વિષયો...** બધા દ્રવ્ય-ગુણ-પર્યાય **સંબંધી પ્રકાશ્ય-પ્રકાશકાદિ વિકલ્પોથી** રહિત... પ્રકાશ્ય-પ્રકાશક (અર્થાત્) પ્રકાશવાયોગ્ય ને પ્રકાશ કરનાર એવો પણ જેમાં ભેદ નથી.

**અતિ દૂર વર્તતો થકો...** ભેદથી અતિ દૂર વર્તતો થકો. પ્રકાશ કરનાર છે ને આ પ્રકાશ દેખાય છે આ પ્રકાશ... પ્રકાશવાયોગ્ય જણાય છે ને પ્રકાશ કરનાર છે—એમ ભેદ પણ એમાં નથી. એવા ભેદથી પ્રકાશ્ય ને પ્રકાશક (એટલે) પ્રકાશવાયોગ્ય–જણાવાયોગ્ય ને જાણનાર એવા ભેદથી અતિ દૂર વર્તતો થકો... ઝીણો અધિકાર છે આ નિયમસાર. આવી વાત ક્યાંય બીજે આવતી નથી. શ્વેતામ્બરમાં આ વાત ક્યાંય છે જ નહીં. એ તો વ્યવહારે એમ છે ને તેમ છે, એટલું. આમ એક સમયે જાણે ને બીજે સમયે દેખે, બસ થઈ રહ્યું, જાઓ.

અહીં તો કહે છે કે જાણનાર અને જણાવાયોગ્ય એવો પણ જેમાં ભેદ–પ્રકાર પડતો નથી. આહાહા! સમજાણું? પોતાને પ્રકાશે છે અને પ્રકાશવાયોગ્ય પણ પોતે છે એવો પણ જેમાં ભેદ નથી. આહાહા! પરને જાણે છે ને જાણનારો પોતે—એ તો એમાં નિશ્ચયથી તો નથી. શું કીધું સમજાણું? પર પ્રકાશ્ય–જણાવાયોગ્ય ને જ્ઞાન પ્રકાશક એવું તો એમાં નથી, પણ પોતે

પોતામાં ભેદ કે પ્રકાશવાયોગ્ય આત્મા ને પ્રકાશ કરનાર આત્મા એવો ભેદ એમાં નથી. સમજાણું કાંઈ?

**સ્વસ્વરૂપસંચેતન જેનું લક્ષણ છે...** લ્યો. સ્વસ્વરૂપ સંચેતન (અર્થાત્) પોતાના સત્‌ને વેદે ને જાણે એવું જેનું લક્ષણ છે **એવા પ્રકાશ વડે સર્વથા અંતર્મુખ હોવાને લીધે...** સર્વથા અંતર્મુખ છે એ તો. આહાહા! **આત્મા નિરંતર અખંડ-અદ્વૈત-ચૈતન્યચમત્કારમૂર્તિ રહે છે.** આહા! ભગવાન આત્મા નિરંતર–સદા અખંડ-અદ્વૈત ચૈતન્યચમત્કારમૂર્તિ... ચૈતન્યચમત્કારવાળો એમેય નહીં. ચૈતન્યચમત્કારમૂર્તિ અભેદ છે. ઝીણી વાત છે. થોડી થોડી ચાલે છે. આ કાંઈ બહુ.... આચાર્યે જ પોતે આટલું કહ્યું છે. એની પૂરી દશા પ્રાપ્ત થતાં પૂરી દશાનું સ્વરૂપ શું છે? સમજાણું? પૂરું ન જાણે તો એ જ્ઞાન કેવું? પુરૂં જાણવાના પ્રકાર ક્યા? એમ. પરને પૂરું જાણવું એ? સ્વને પૂરું જાણવું એ? કે પરને પૂરું જાણવું એમ કહેવું એ તો વ્યવહાર છે (કેમકે) પરની અપેક્ષા આવી એટલે. નિશ્ચયને પૂરું જાણવું એ તો એનું સ્વરૂપ છે એમ કહે છે.

**સ્વસ્વરૂપસંચેતન જેનું લક્ષણ છે**... પોતાના પૂર્ણ આનંદ-જ્ઞાન દ્રવ્ય-ગુણ-પર્યાયને પૂર્ણ રીતે પૃથક્ સ્વને જાણે, એ તો એનો લક્ષણ સ્વભાવ છે. **સર્વથા અંતર્મુખ** છે. એ તો અંતર્મુખ જ છે. પરને જાણે છે એટલે બહિર્મુખ થઈ ગયો છે એમ નથી. પણ પરને જાણવું એમ કહેવું એ વ્યવહાર છે, એમ. સમજાણું કાંઈ? એક તો ધર્મનું સ્વરૂપ ઝીણું, એમાં વળી આ જ્ઞાન-દર્શનનું ફળ જે છે મોક્ષમાર્ગમાં એ ઝીણું છે. એક કોર કહે કે વિકલ્પથી ધર્મ થાય એને, અહીં કહે કે ભેદથી આત્મા જાણે નહીં. એ અભેદ નિશ્ચય અંતર્મુખથી જાણે છે. કહો, સમજાણું કાંઈ? વ્યવહારનો વિકલ્પ છે એનાથી ધર્મ થાય નહીં, એમ આત્મા ભેદથી પોતાને ને પરને જાણે એમ છે નહીં. અંતર્મુખ અભેદતત્ત્વ તે જાણે છે એવી રીતે જ કીધું છે–સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ?

**નિરંતર અખંડ-અદ્વૈત-ચૈતન્યચમત્કારમૂર્તિ રહે છે.** લ્યો. મૂળ આત્માને વર્તમાનમાં બધું ખરીને બધું ક્રિયાકાંડમાં ગોઠવાઈ ગયું છે. એ કાંઈ ધર્મનું સ્વરૂપ જ નથી. આ સ્વરૂપ જ્ઞાન-દર્શન સ્વરૂપવાળો આત્મા છે. દર્શન એટલે ઉપયોગ. એનું સ્વરૂપ જ ત્રિકાળ જ્ઞાન ને દર્શન સ્વરૂપ છે. પંચાસ્તિકાયમાં આ બધે ઠેકાણે આવે છે. આપણે આવી ગયુંને સમયસારમાં. ‘**દર્શન-જ્ઞાન(સ્વભાવમાં) નિયત વૃત્તિ**..’ ‘નિયત વૃત્તિ’ બીજી ગાથામાં આવ્યું. ભગવાન આત્મા જ્ઞાન-દર્શન બે એવું નિશ્ચય અસ્તિત્વરૂપ ટકવું એવું એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? એવો એ ચૈતન્યચમત્કારમૂર્તિ પોતાને જાણે છે, તેમ આ અનાદિ-અનંત એ પ્રમાણે એનું સિદ્ધપણું આદિ છે એ એમને એમ રહ્યા છે. મુનિરાજ શ્લોક કહે છે.

[હવે આ ૧૬૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છેઃ]

**आत्मा ज्ञानं भवति नियतं स्वप्रकाशात्मकं या**
**दृष्टि: साक्षात् प्रहतबहिरालंबना सापि चैषः।**
**एकाकारस्वरसविसरापूर्णपुण्यः पुराणः**
**स्वस्मिन्नित्यं नियतवसतिर्निर्विकल्पे महिम्नि ॥२८१॥**

દૃષ્ટિ શબ્દે અહીં દર્શન છે. **स्वरसविसरापूर्णपुण्यः** ઘણે ઠેકાણે આવે છે આ શબ્દ, નહીં? બીજે આવે છે. **एकाकारस्वरसविसरापूर्णपुण्यः पुराणः** એવી અમૃતચંદ્રાચાર્યની ઘણી શૈલી લીધી છે.

**શ્લોકાર્થ : નિશ્ચયથી**–ખરેખર **આત્મા સ્વપ્રકાશક જ્ઞાન છે...** એ પોતે પોતાને પ્રકાશે છે એવો જ એનો સ્વભાવ છે. આ શરીર ને વાણી જણાય છેને? લોકાલોક જણાય છેને? કે ના. પોતાનું જ્ઞાન જે થયું છે એ જ્ઞાન જણાય છે. કેવળીને પણ જે જ્ઞાન થયું છે લોકાલોકનું એ જ્ઞાન જણાય છે. સમજાણું કાંઈ? **જેણે બાહ્ય આલંબન નષ્ટ કર્યું છે...** નિષેધ વ્યવહારનો કરવો છેને. લોકાલોકનું જાણવું એમાં બાહ્યનું આલંબન છે જ નહીં એવો એ સ્વપ્રકાશક છે. અહીં પણ આ જ્ઞાનની પર્યાયમાં આ શરીર, રાગ જણાય, એ શરીર ને રાગાદિ નથી જણાતું એમ કહે છે. એ જ્ઞાનની પર્યાયમાં જ્ઞાન પોતે પોતાને જાણે છે, પોતે જણાય છે. સમજાણું કાંઈ? જેમ વ્યવહારથી ભગવાન પરને જાણે અને તન્મય નથી, એમ નીચે(ના ગુણસ્થાને) પણ આત્મા રાગને ને પરને વ્યવહારથી જાણે, પણ તેમાં તન્મય નથી. સમજાણું કાંઈ?

રાગ છે, પુણ્ય છે, દયા-દાનના વિકલ્પ છે એને ધર્મી જીવ આત્મા... આત્મા એને કહીએને? એ રાગાદિને જાણે, શરીરને જાણે—એમ કહેવું એ પણ વ્યવહાર છે. કારણ કે એને ખરેખર જાણતો નથી, ખરેખર તો પોતાની જ્ઞાનપર્યાય, દ્રવ્ય-ગુણ-પર્યાય એને જાણે છે. સમજાણું કાંઈ? નીચે પણ બાહ્ય આલંબનનો ત્યાગ છે, ભગવાનને પણ બાહ્ય આલંબનનો ત્યાગ છે. સમજાણું કાંઈ? ધર્મીજીવમાં એટલે કે આત્મામાં એટલે કે આત્માની દૃષ્ટિ થઈ એને પણ બાહ્યનું આલંબન છે નહીં, એમ કહે છે. અહીં તો એની માંડી છે આત્માની. ...ની વાત અહીં ક્યાં છે? આહાહા! ભગવાનનું જ્ઞાન સ્વપ્રકાશક છે, એ જ્ઞાને બાહ્યનું આલંબન છોડ્યું છે. લોકાલોક છે માટે સ્વને જાણે છે એમ છે નહીં. આહાહા! એ જ્ઞાનનો પર્યાય જ એવડો પ્રગટ્યો છે એ એને જ જાણે છે. એને જાણતા પરને જાણે છે એમ કહેવું એ વ્યવહાર કહેવામાં આવે છે.

પરમાત્મપ્રકાશનો દાખલો આપ્યો હતો, નહીં? યોગીન્દ્રદેવ કહે છે કે પાણી છે આમ પાણી–જળ નદીનું સ્વચ્છ નિર્મળ... રાત્રિનો વખત છે. ચંદ્ર ને તારાઓ માથે લાખો-કરોડો છે. ચંદ્ર (ને તારા) એ પાણીમાં જણાય છે, પાણીમાં એ ચંદ્ર ને તારા નથી. ન્યાં છે? પાણી છેને પણ. પાણીની સ્વચ્છતાનું એ બધું એક જ રૂપ પોતાનું છે. પાણીનું એ રૂપ છે, એ કંઈ પરને લઈને છે

ને પર એમાં આવ્યા છે—એમ છે નહીં. સમજાણું કાંઈ? સ્વચ્છ પાણીનો પ્રવાહ ચાલતો હોય એને આમ જોતાં, પાણીની પર્યાય જ છે એ બધી. એ પર્યાયમાં ચંદ્ર-સૂર્ય આદિ દેખાય છે બધું, એ કંઈ ચંદ્ર-સૂર્ય નથી, જળની અવસ્થા છે. તેમ કેવળજ્ઞાનમાં લોકાલોક જણાય એ કાંઈ લોકાલોક એમાં નથી આવ્યા. લોકાલોક સંબંધી પોતાનું જ્ઞાન થયું તેને એ જાણે છે. સમજાણું કાંઈ?

ભાઈ! વીતરાગમાર્ગ છે આ તો. આને કોઈ સાથે મેળવી શકાય એવું નથી. ઝીણી વાત છે. સાધારણ પ્રાણીને એમ લાગે છેને કે ભગવાન જેવું કહ્યું, ફલાણા જેવું કહ્યું. આ ભગવાનનો માર્ગ–સર્વજ્ઞનો કહેલો એવા માર્ગની નિશ્ચય-વ્યવહારની વાત જ જગતમાં છે નહીં. એકલો ભગવાન આત્મા, પોતાની જ્ઞાનની નિર્મળતામાં જે નિર્મળતાને જાણે એમાં લોકાલોક જણાય એમ કહેવું એ વ્યવહાર છે, પણ એ સંબંધીનું ને પોતા સંબંધીનું જ્ઞાન જે પરિણમ્યું છે એને જાણે છે એ નિશ્ચય છે. સમજાણું કાંઈ? એ પાણીને દાખલે (સિદ્ધ થાય છે). અહીં પણ એ જ છે. પોતાનો જે જ્ઞાનસ્વભાવ એ આત્મા, જ્ઞાનપણે પરિણમન થયું–જ્ઞાનની અવસ્થા થઈ તે જ્ઞાનમાં જ્ઞાનની પર્યાય જણાય, એ પર્યાયમાં લોકાલોક સંબંધીનું જ્ઞાન આવ્યું છે, એના સંબંધીનું નહીં પણ એ સંબંધીનું પોતાનું. એ જ્ઞાન જણાય. અહીં તો નીચે પણ રાગ, પુણ્ય, વ્યવહાર એને જાણવું કહેવું એ પણ વ્યવહાર છે (કેમકે) એ પણ પરાલંબી થઈ ગયું.

ભગવાન આત્મા પોતાનો જ્ઞાનપર્યાય–સ્વ-પરને પ્રકાશવાની તાકાતવાળું જ્ઞાન એ સ્વનું–પોતાનું છે. સર્વ-જ્ઞ આવ્યું કે નહીં? સર્વ-જ્ઞ થયુંને? સર્વજ્ઞ એટલે સર્વને જાણે માટે સર્વજ્ઞ છે એમ નહીં. આને જાણે માટે સર્વજ્ઞ. 'સર્વ' શબ્દ આવ્યો છેને એમાં? સર્વજ્ઞજ્ઞાનની પર્યાય એ આત્મજ્ઞ પર્યાય છે. 'સર્વ' શબ્દ લાગુ પડ્યો માટે વ્યવહાર થઈ ગયો એમ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? ત્યાં મોટા વાંધા ઉઠ્યા છેને. જુઓ! સર્વજ્ઞ કહ્યું. સર્વજ્ઞમાં 'સર્વ' આવ્યું, સર્વ આવ્યું એ 'પર' આવ્યું, પર આવ્યું એટલે વ્યવહારે પરને જાણે છે. નિશ્ચયથી પરને નહીં. પણ કઈ અપેક્ષાએ? સમજાણું કાંઈ? એ સર્વજ્ઞપણું જ પોતાનું આત્મજ્ઞપણું છે, નિશ્ચયથી એને જાણે છે. સમજાણું કાંઈ?

પોતાની પર્યાય જે સર્વજ્ઞપણું પ્રગટ્યું છે એ આત્મજ્ઞ જ છે, એ આત્માનો જાણનાર છે, સર્વજ્ઞપર્યાય એ આત્મજ્ઞ છે, એ આત્માની પર્યાય છે. એ પરને લઈને સર્વજ્ઞપર્યાય થઈ છે એમ નહીં. આહાહા! મોટા વાંધા સર્વજ્ઞપણામાં એટલા બધા. અત્યારે જૈનમાં ગોટેગોટા ઉઠે. અને દરકાર સમજવાની ન હોય એને જે ભગવાન કહે એ સાચું, જાઓ. પણ ભગવાન શું કહે છે એનો તને સાચા નિર્ણય આવ્યા વિના સાચું ક્યાંથી સમજાય? વળી બીજો કોઈક કહેશે તો ત્યાંય હા, હા, એ બરાબર.. એ બરાબર. ભગવાનનો માર્ગ અનેકાંત છેને. કઈ રીતે અનેકાંત

છે? સ્વથી જાણવું એ બરાબર છે, પરને જાણવું એ વ્યવહાર કહેવામાં આવે છે. ખરેખર એ પરને જાણતો નથી. એમ અનેકાંત છે. સમજાણું કાંઈ?

બાહ્ય આલંબન છોડ્યું છે **એવું (સ્વપ્રકાશક) જે સાક્ષાત્ દર્શન તે-રૂપ પણ આત્મા છે.** લ્યો, ઠીક. આત્મા સ્વપ્રકાશક જ્ઞાન છે, જેણે બાહ્ય આલંબન છોડ્યું છે–નષ્ટ કર્યું છે, એ જે સાક્ષાત્ દર્શન તે રૂપ પણ આત્મા છે. દર્શને પણ બાહ્યનું આલંબન છોડ્યું એમ કહે છે. જેમ જ્ઞાન સ્વપ્રકાશક છે, એમ દર્શન પણ સ્વપ્રકાશક જ છે. એને બહારનું દેખવું છે નહીં. એ તો ઓલાને અનુકૂળ પડે. આ તો બીજી વાત કહે છે. ત્યાં એમ કે દર્શન અભ્યંતર છે, એ અહીં નહીં. અહીં તો, અભ્યંતર ને બાહ્યનું જે દર્શન છે એ નિશ્ચયથી સ્વનું જ છે, એમ વાત છે. સમજાણું કાંઈ? આ તો અંતર આત્માની અંતર વસ્તુ શું છે એની વાત ચાલે છે. આહાહા!

ભગવાન આત્મા તો જ્ઞાન ને દર્શનથી પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ ભરેલો પદાર્થ છે. એની જ્યાં પર્યાય એટલે જ્ઞાનદશા પ્રગટ થઈ, એ પણ પોતાને આશ્રયે પ્રગટ થાય છે. એ કાંઈ લોકાલોક છે માટે કેવળજ્ઞાન પ્રગટ થાય છે (એમ નથી). લોકાલોક તો અનાદિના છે, એનાથી થાય તો અનાદિનું કેવળજ્ઞાન બધાને હોવું જોઈએ. એ કેવળજ્ઞાન ને કેવળદર્શન પણ પોતાથી થાય છે અને પોતાને જાણે છે એમ કહે છે. પોતાથી થાય છે ને પોતાને જ જાણે છે. કેમકે પોતે તન્મય થઈને જાણે માટે નિશ્ચય છે. બીજાને તન્મય થઈને જાણતો નથી એટલે 'જાણે' કહેવું એ વ્યવહાર કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

અને **તે રૂપ પણ આત્મા છે**, પાછો. જેમ જ્ઞાનરૂપ આત્મા છે, એમ દર્શનરૂપ પણ આત્મા છે. **એકાકાર નિજરસના ફેલાવથી પૂર્ણ હોવાને લીધે**... ભગવાન આત્મા એક જ સ્વરૂપે અખંડ જ્ઞાન ને દર્શનરૂપે પરિણમ્યો. **એકાકાર નિજરસ...** નિજ શક્તિનો વિસ્તાર–પોતાની શક્તિનો જ ફેલાવ થયો છે. જાણવું-દેખવું એ નિજ શક્તિ સંપૂર્ણ હતી એનો જ ફેલાવ–વિસ્તારપણે પરિણમન એનું થયું (કે) જે પવિત્ર છે. પોતાના નિજરસના **ફેલાવથી પૂર્ણ હોવાને લીધે જે પવિત્ર છે,** એમ. પરને જાણવું માટે પવિત્ર છે (એમ નથી). એમ કહે છેને કે આપણે થોડું જાણી શકીએ તો થોડું સુખ (અને) ભગવાન તો બધાને જાણે માટે એને અનંતું સુખ છે પરને જોવાનું. કેમ આ નાટક થોડું જોવાય છે તો સુખ નથી થોડું? ભલે એણે કલ્પેલું. ભગવાન ત્રણ કાળ, ત્રણ લોકનું નાટક દેખે માટે એ સુખી છે.—એમ નથી. પોતાને પૂર્ણપણે પ્રગટ્યું છે માટે સુખી છે. પોતાને પૂર્ણપણે જાણે માટે સુખી છે. આહાહા!

**એકાકાર નિજરસના ફેલાવથી પૂર્ણ હોવાને લીધે**... જોયું! એમ કહે છે. પરને લઈને નહીં. પ્રગટ પોતાની શક્તિનો ફેલાવ–વિસ્તાર થયો એ રીતે પવિત્ર છે. જેને કોઈની અપેક્ષા નથી. **અને જે પુરાણ (સનાતન) છે...** ભગવાન સનાતન આત્મા (અર્થાત્) અનાદિનો એ આત્મા છે. **એવો આ આત્મા સદા પોતાના નિર્વિકલ્પ મહિમામાં નિશ્ચિતપણે વસે છે.** એવો આત્મા

સદાય પોતાના અભેદ મહિમામાં, પોતાના પ્રકાશમાન મહિમામાં નિશ્ચિતપણે વર્તે છે. પરની અપેક્ષા જેને છે નહીં. આચાર્યે પોતે આટલો ખુલાસો કર્યો છે લ્યો! વ્યવહાર...... એમાં વળી જરી ગાથાઓ આઘીપાછી કરી છે. કોણ? ઓલો શું સાધુ? તીર્થસાગર. આઘીપાછી કાંઈક ગાથાઓ કરી છે. માળા દોઢડાહ્યા ઘણા છે. કોઈકે કાંઈક કર્યું, કોઈકે કાંઈક કર્યું, એણે વળી ગાથાઓ આઘીપાછી કરી. નગ્ન સાધુ છે તીર્થસાગર. ...... આવ્યા હતા. અહીં આઠ દિ' રહ્યા હતા, પડિમાધારી હતા ત્યારે. જુઓ! હવે શું કહે છે?

**अप्पसरूवं पेच्छदि लोयालोयं ण केवली भगवं ।**
**जइ कोइ भणइ एवं तस्स य किं दूसणं होइ ॥ १६६ ॥**

નિશ્ચયનું પહેલું નાખ્યું, વ્યવહારનું પછી નાખશે. પરને જાણે ને સ્વને ન જાણે—એમ કોઈ વ્યવહારથી કહે એને શું (દૂષણ) એ પછી કહેશે. અહીં તો સ્વને જાણે ને પરને ન જાણે એમ કોઈ કહે તો એમાં દૂષણ શું છે? એમ કે છે. નીચે હરિગીત.

**પ્રભુ કેવળી દેખે નિજાત્માને, ન લોકાલોકને,**
**જો કોઈ ભાખે એમ તો તેમાં કહો શો દોષ છે? ૧૬૬.**

શ્રીમદ્દમાં એમ આવે છે જુઓને! શું આવ્યું? 'કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન, કહીએ કેવળજ્ઞાન તે દેહ છતાં નિર્વાણ.' એમ આવ્યુંને. લોકાલોક આવ્યુંને. ત્યાં નિશ્ચય નાખ્યું. ઓલાપણે વળી ... વ્યવહાર... 'કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન, કહીએ કેવળજ્ઞાન તે દેહ છતાં નિર્વાણ.' એ નિશ્ચયથી પોતાની અપેક્ષાએ.

**ટીકા : આ, શુદ્ધનિશ્ચયનયની વિવક્ષાથી...** વિવક્ષા એટલે કહેવું. શુદ્ધનિશ્ચયના કથનથી **પરદર્શનનું (પરને દેખવાનું) ખંડન છે.** પરને ખરેખર દેખતો નથી એમ ખંડન કરે છે. આહાહા! **જોકે વ્યવહારથી એક સમયમાં ત્રણ કાળ સંબંધી પુદ્ગલાદિ દ્રવ્યગુણપર્યાયોને જાણવામાં સમર્થ સકળ-વિમળ કેવળજ્ઞાનમયત્વાદિ...** કેવળજ્ઞાન આદિ... કેવળજ્ઞાનમયત્વાદિ એનો ગુણ.... **વિવિધ મહિમાઓનો ધરનાર છે, તોપણ તે ભગવાન...** વ્યવહારથી એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક સંબંધીનું પુદ્ગલાદિ દ્રવ્યગુણપર્યાયોને જાણવામાં સમર્થ... એ વ્યવહાર. **સકળ-વિમળ કેવળમયત્વાદિ વિવિધ મહિમાઓનો ધરનાર છે, તોપણ તે ભગવાન કેવળદર્શનરૂપ તૃતીય લોચનવાળો હોવા છતાં...** કેવળદર્શનરૂપ ત્રીજા લોચનવાળો હોવા છતાં...

**પરમ નિરપેક્ષપણાને લીધે નિઃશેષપણે (સર્વથા) અંતર્મુખ હોવાથી...** બે આંખ્યું ઉપરાંત કેવળદર્શન ત્રીજું લોચન છે એમ કહે છે. પરને દેખવાની અપેક્ષા લીધી ત્યાં. છતાં એ વ્યવહારથી પરને દેખે છે. **પરમ નિરપેક્ષપણાને લીધે સર્વથા અંતર્મુખ હોવાથી કેવળ સ્વરૂપપ્રત્યક્ષમાત્ર વ્યાપારમાં લીન...** લ્યો. એકલા સ્વરૂપપ્રત્યક્ષમાં લીન છે. ભલે એને કેવળદર્શન કહો કે પરને દેખવાવાળી અપેક્ષા કહો, પણ પરમાર્થે કેવળ સ્વરૂપપ્રત્યક્ષમાત્ર...

એકલું સ્વરૂપપ્રત્યક્ષમાત્ર વ્યાપારમાં લીન... સ્વરૂપપ્રત્યક્ષ પહેલું આવી ગયું છે એક. એ ત્રિકાળની વાત છે. પહેલાં આવી ગયું છે. જ્ઞાનમાં આવી ગયું પહેલાં. આ એની પર્યાયની વાત છે. **કેવળ સ્વરૂપપ્રત્યક્ષમાત્ર વ્યાપારમાં લીન**... ઉપયોગના અધિકારમાં એ આવ્યું છે સ્વરૂપ-પ્રત્યક્ષ, એ ત્રિકાળી સ્વરૂપપ્રત્યક્ષ. ત્રિકાળી વસ્તુ સ્વરૂપપ્રત્યક્ષ જ છે. આ સ્વરૂપપ્રત્યક્ષ પર્યાયની વાત છે. કેવળ સ્વરૂપપ્રત્યક્ષમાત્ર—એકલો સ્વરૂપપ્રત્યક્ષ... જ્ઞાન, દર્શન આદિની પર્યાય પ્રત્યક્ષપણું અખંડ એવા વ્યાપારમાં લીન... લ્યો, એવી પર્યાયમાં એ અભેદ લીન છે.

**એવા નિરંજન નિજ સહજદર્શન વડે...** એવા નિરંજન–અંજન વિનાનું, નિર્મળ નિજ સહજદર્શન વડે **સચ્ચિદાનંદમય આત્માને...** લ્યો, સચ્ચિદાનંદમય ભગવાન આત્માને... લ્યો આત્માને સચ્ચિદાનંદમય કીધો. ઓલા કહે, સચ્ચિદાનંદ આપણે હોય નહીં. સચ્ચિદાનંદ એમને હોય. શબ્દને શું વાંધો? સાંભળને! સત્-ચિદ્-આનંદમય આત્મા—સત્ નામ શાશ્વત, ચિદ્ ને આનંદ–જ્ઞાન ને આનંદમય એવો ભગવાન આ આત્મા. એ તો આત્માની વ્યાખ્યા છે. એ લોકો સચ્ચિદાનંદ કહે છે એ તો ભગવાનને બધું વ્યાપક છે એમ કહે છે—એમ છે નહીં. આ તો એક જ ભગવાન આત્મા પોતાના **નિરંજન નિજ સહજદર્શન વડે**.... નિરંજન નિજ સહજદર્શન વડે, એમ. નિર્વિકલ્પ શુદ્ધ પૂર્ણ થયેલું દર્શન વડે સચ્ચિદાનંદમય આત્માને **નિશ્ચયથી દેખે છે...** એ પોતે પોતાને જ ખરેખર દેખે છે.

**(પરંતુ લોકાલોકને નહિ) એમ જે કોઈ પણ શુદ્ધ અંતઃતત્ત્વનો વેદનાર...** શુદ્ધ અંતઃતત્ત્વનો વેદનાર–**(જાણનાર, અનુભવનાર) પરમ જિનયોગીશ્વર શુદ્ધનિશ્ચયનયની વિવક્ષાથી કહે છે, તેને ખરેખર દૂષણ નથી.** નિશ્ચયથી પોતાને જાણે છે, લોકાલોકને નહીં, એ બરાબર છે. પોતાને જાણે છે એનો અર્થ કે લોકાલોક સંબંધીનું જ્ઞાન પોતાનું છે એને જાણે છે, લોકાલોકને નહીં, એમ. સમજાણું કાંઈ? આવા ધર્મની વાતું, કહે છે, ઝીણી પડે ઘણી. તારા ઘરની વાતું કેવી છે ને કેમ છે—એનો નિર્ણય છે આ તો. તારા ઘરમાં શું છે, તારા માટે શું છે, તારામાં શું છે? આહાહા! શુદ્ધ અંતઃતત્ત્વનો વેદનાર એમ પરમ કોઈ મુનિ શુદ્ધનિશ્ચયના કથનથી કહે તેને ખરેખર દૂષણ નથી. એટલો ખુલાસો ત્યાં કર્યો છે અંદરથી. શ્લોકમાંથી કર્યો છે, નહીં?

**હવે આ ૧૬૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છેઃ** લ્યો, ૨૮૨.

**पश्यत्यात्मा सहजपरमात्मानमेकं विशुद्धं**
**स्वान्तःशुद्धयावसथमहिमाधारमत्यन्तधीरम् ।**
**स्वात्मन्युच्चैरविचलतया सर्वदान्तर्निमग्नं**
**तस्मिन्नैव प्रकृतिमहति व्यावहारप्रपंचः ॥२८२॥**

**શ્લોકાર્થ : (નિશ્ચયથી)...** એનો ખુલાસો નીચે કર્યો છે. જુઓ! **અહીં નિશ્ચય-વ્યવહાર સંબંધી એમ સમજવું કે—જેમાં સ્વની જ અપેક્ષા હોય તે નિશ્ચયકથન છે.** સ્વાશ્રય નિશ્ચયઃ **અને જેમાં પરની અપેક્ષા આવે તે વ્યવહારકથન છે; માટે કેવળી ભગવાન લોકાલોકને** એટલે કે **પરને જાણે-દેખે છે એમ કહેવું તે વ્યહારકથન છે અને કેવળી ભગવાન સ્વાત્માને જાણે-દેખે છે એમ કહેવું તે નિશ્ચયકથન છે.** એમાં સ્વની અપેક્ષા આવી એ નિશ્ચય, પરની અપેક્ષા એ વ્યવહાર. **અહીં વ્યવહારકથનનો વાચ્યાર્થ એમ ન સમજવો કે જેમ છદ્મસ્થ જીવ લોકાલોકને જાણતો-દેખતો જ નથી તેમ કેવળી ભગવાન લોકાલોકને જાણતા-દેખતા જ નથી.** એમ ન સમજવું. સમજાણું કાંઈ? લોકાલોકને જાણે છે.

**છદ્મસ્થ જીવ સાથે સરખામણીની અપેક્ષાએ તો કેવળી ભગવાન લોકાલોકને જાણે-દેખે છે તે બરાબર સત્ય છે—યથાર્થ છે, કારણ કે તેઓ ત્રિકાળ સંબંધી સર્વ દ્રવ્યગુણપર્યાયોને યથાસ્થિત બરાબર પરિપૂર્ણપણે ખરેખર જાણે-દેખે છે, 'કેવળી ભગવાન લોકાલોકને જાણે-દેખે છે' એમ કહેતાં પરની અપેક્ષા આવે છે એટલું જ સૂચવવા...** લ્યો. **તથા કેવળી ભગવાન જેમ સ્વને તદ્રૂપ થઈને...** પોતામાં તદ્રૂપ થઈ વેદે—અનુભવે. **નિજસુખના સંવેદન સહિત જાણે-દેખે છે,** પોતાના આનંદના વેદન સહિત જાણે-દેખે, **તેમ લોકાલોકને (પરને) તદ્રૂપ થઈને પરસુખદુઃખાદિના સંવેદન સહિત જાણતા-દેખતા નથી.** નારકીને ભગવાન જાણે છે, તો નારકીનું દુઃખ વેદે છે? સમજાણું કાંઈ?

**પરંતુ પરથી તદ્દન ભિન્ન રહીને, પરના સુખદુઃખાદિનું સંવેદન કર્યા વિના જાણે-દેખે છે એટલું જ સૂચવવા તેને વ્યવહાર કહેલ છે.** પણ એનો એવો અર્થ નથી કે લોકાલોકને જાણતાં જ નથી. લોકાલોકનું જ્ઞાન એ તો પોતાની પર્યાયનું જ્ઞાન છે એમ કહે છે. સમજાણું કાંઈ? અહીં કહે છે.... ક્યારેક-ક્યારેક મોટો પ્રશ્ન ઉઠે છે. કેવળી તો સર્વજ્ઞ છે એ વ્યવહારે પરને જાણે છે. વ્યવહારે પરને જાણે, એનો અર્થ શું? એ જાણતા નથી પરને? પરમાં તન્મય થઈને જાણતા નથી માટે વ્યવહારથી જાણે એમ કીધું. સમજાણું કાંઈ? જ્ઞાનમાં અગ્નિનું જ્ઞાન થાય છે કે નહીં? એ અગ્નિનું જ્ઞાન થયું, આ જ્ઞાન અગ્નિને જાણે છે એ તો વ્યવહાર થયો. કારણ કે અગ્નિમાં કાંઈ જ્ઞાન એકમેક થઈને અગ્નિને નથી જાણતું. જો અગ્નિમાં (એકમેક થઈને) જ્ઞાન જાણે તો આખું જ્ઞાન બળી જાય ત્યાં. જ્ઞાન અગ્નિથી ભિન્ન રહીને અગ્નિ સંબંધીનું જે પોતાનું જ્ઞાન એ પોતાને થઈને પોતાને જાણે છે. આહાહા!

આટલી બધી ચર્ચા લીધી છે તો કાંઈ હેતુસર હશે કે નહીં? કુંદકુંદાચાર્ય જેવા અધ્યાત્મના પ્રખર પ્રણેતા, પ્રખર સ્વસંવેદનના વેદનારા, પ્રચૂર સ્વસંવેદન... કહો, સમજાણું કાંઈ? કેવળજ્ઞાન ને કેવળદર્શન એની પોતાની સંપદામાં ફેરફાર થઈને માને તો એ વસ્તુને માની શકતો નથી. માટે એની છણાવટ કરીને જણાવ્યું છે.

**(નિશ્ચયથી) આત્મા સહજ પરમાત્માને દેખે છે...** પોતે પોતાને જ દેખે છે. એમાં એ બધું લોકાલોકનું જ્ઞાન આવી જાય છે. એ લોકાલોકનું નહીં, પણ પોતાનું સ્વપરપ્રકાશક જ્ઞાન એ પોતાનું છે. પરપ્રકાશક કહેવું એ તો પરની અપેક્ષાથી ભલે કહ્યું, પણ છે એ સ્વપરપ્રકાશક પોતાનું જ્ઞાન–આત્મજ્ઞાન છે. સમજાણું કાંઈ? **આત્મા સહજ પરમાત્મા દેખે છે કે જે પરમાત્મા એક છે...** પોતે એક છે એમ કહે છે. બધા થઈને પરમાત્માની વાત નથી અહીં. પોતે પોતાનો આત્મા એક છે, એમ. બીજાની સાથે કાંઈ સંબંધ નથી.

**વિશુદ્ધ છે, નિજ અંતઃ શુદ્ધિનું રહેઠાણ હોવાથી (કેવળજ્ઞાનદર્શનાદિ) મહિમાનો ધરનાર છે...** લ્યો. અંતઃશુદ્ધિ જ્ઞાન ને આનંદનો રહેઠાણ આત્મા છે. લોકાલોક એમાં નથી આવતા એમ કહે છે. લોકાલોકને એ રહેવાનું સ્થાન નથી, પણ કેવળજ્ઞાન ને કેવળદર્શનને રહેવાનું એ આત્મભગવાન સ્થાન છે. આહાહા! **અત્યંત ધીર છે અને નિજ આત્મામાં અત્યંત અવિચળ હોવાથી સર્વદા અંતર્મગ્ન છે...** લ્યો. એ પોતે પોતામાં જ છે. સર્વજ્ઞ પરમાત્મા પોતે પોતામાં અંતર્મગ્ન જ છે. બહારમાં કાંઈ જાતો નથી, બહારને કાંઈ જોતો નથી. પોતામાં રહીને પોતાને જાણે ને દેખે છે. વિશેષ છે બાકી.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## માગશર વદ ૧, શુક્રવાર, તા. ૩-૧૨-૧૯૭૧
## ગાથા - ૧૬૭-૧૬૮, શ્લોક - ૨૮૨-૨૮૩, પ્રવચન નં. ૧૯૨

૧૬૬ ગાથા. નહીં કળશ છે, કળશ છે. ૨૮૨ છેને. અડધો ચાલ્યો છે, અડધો બાકી છે. ફરીને લઈએ.

**पश्यत्यात्मा सहजपरमात्मानमेकं विशुद्धं**
**स्वान्तःशुद्धयावसथमहिमाधारमत्यन्तधीरम् ।**
**स्वात्मन्युच्चैरविचलतया सर्वदान्तर्निमग्नं**
**तस्मिन्नैव प्रकृतिमहति व्यावहारप्रपंचः ॥२८२॥**

આ જ્ઞાન-દર્શનની વ્યાખ્યા ચાલે છે. ભગવાનનું જ્ઞાન પોતાને જાણે છે એ નિશ્ચય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? અહીં પણ પોતે પોતાને જ જાણે છે ખરેખર તો. પરને જાણવું એ તો એક વ્યવહાર કહેવામાં આવે છે. પરસંબંધીનું જ્ઞાન પોતાનું એ પોતાના જ્ઞાનને જાણે એ નિશ્ચય છે. 'પરને જાણવું' કહેવું એ ઉપચાર, વ્યવહાર છે. ભગવાનને પણ એમ છે.

**શ્લોકાર્થ : નિશ્ચયથી આત્મા...** સહજ પરમાત્મા પોતાનો સ્વભાવ ત્રિકાળ આત્મા. **સહજ પરમાત્માને...** પોતાનો સહજ પરમાત્મા એને **દેખે છે**... એને દેખે છે. ભગવાન તો પોતાના આત્માને દેખે છે એમ કહે છે. સમજાણું કાંઈ? **કે જે પરમાત્મા એક છે...** પોતે એક સ્વરૂપે પરમાત્મા છે, એમાં બીજો લોકાલોકનો ભેળસેળ નથી એમ કહે છે. આહાહા! કેવળજ્ઞાન કેવું હોય એની વ્યાખ્યા છે. અરિહંત પરમાત્મા એને જે કેવળજ્ઞાન થાય, એ કેવળજ્ઞાન પોતાને દેખે છે એમ કહે છે. **વિશુદ્ધ છે**... પોતે પરમાત્મા આત્મા પૂર્ણ શુદ્ધ એક છે, વિશુદ્ધ છે. **નિજ અંતઃશુદ્ધિનું રહેઠાણ હોવાથી...** પોતે આત્મા, અંતરશુદ્ધિનું રહેવાનું એ આત્મા સ્થાન છે. નિર્મળ આનંદાદિ દશા એનું રહેઠાણ ભગવાન પોતે આત્મા છે. **(કેવળજ્ઞાનદર્શનાદિ) મહિમાનો ધરનાર છે...** કેવળજ્ઞાન, અનંત આનંદ આદિ દશાનો–અવસ્થાનો એ ધરનાર છે.

**અત્યંત ધીર છે...** પરમાત્મા અત્યંત ધીર શાંત.. શાંત.. શાંત. **અને નિજ આત્મામાં અત્યંત અવિચળ હોવાથી...** પોતાના જ આત્મામાં એ અત્યંત અવિચળ હોવાથી **સર્વદા અંતર્મગ્ન છે...** ભગવાન પોતાના સ્વરૂપમાં જ અંતર્મગ્ન છે. એ સુધાર્યું છે થોડું. સુધાર્યું છે? ભાઈએ સુધાર્યું છે. હવે સુધાર્યું છે. અંતર્મગ્ન પછી સુધારવું આ. **સ્વભાવથી મહાન એવા તે...** એમ સુધારવાનું. એ લખ્યું છે એમાં ફેર છે. **સ્વભાવથી મહાન એવા તે**... એ 'સ્વભાવથી મહાન એવા આત્મામાં વ્યવહાર' એ બધું કાઢી નાખવું, એ ચેકી નાખવું. **સ્વભાવથી મહાન**

**એવા તે આત્મામાં વ્યવહારપ્રપંચ નથી જ.** સમજાણું કાંઈ? ‘વ્યવહારસંબંધી પ્રપંચ કરવામાં આવે છે’ એ બધું કાઢી નાખવું.

અહીં તો કહે છે કે ભગવાન આત્મા પોતાનો અને ભગવાનનો આત્મા, એ પોતાના સ્વભાવની મહિમાથી તે આત્મામાં વ્યવહારપ્રપંચ નથી. પરને જાણવું એવું એમાં નથી, એ કહે છે. સમજાણું કાંઈ? આ આત્મા, આવો આત્મા અનુભવે, જાણે એને સમ્યગ્દર્શન થાય. જે આત્મા પોતાના સ્વરૂપમાં જ છે, સ્વભાવથી મહાન છે. એ પુણ્ય ને પાપ, શરીરાદિથી તો રહિત છે, પણ પરના જાણવાથી પણ રહિત છે. સમજાણું કાંઈ? પરનું જાણવું એટલે કે ‘આ છે’ એમ જાણવું એ તો વ્યવહાર છે. એ સંબંધીનું પોતાનું જ્ઞાન અને પોતા સંબંધીનું પોતાનું જ્ઞાન એને જાણે એ નિશ્ચય છે. ઝીણી વાત છે ભાઈ! સમજાય છે કાંઈ?

**સ્વભાવથી મહાન એવા તે આત્મામાં વ્યવહારપ્રપંચ નથી જ**. પરને જાણવું એ એનામાં છે નહીં. લ્યો ઠીક! પોતાનો સર્વજ્ઞ સ્વભાવ છે એને જાણે છે. પરને જાણે છે એ તો વ્યવહાર છે, એવો પ્રપંચ એમાં નથી. કૌંસ છે. **(અર્થાત્ નિશ્ચયથી આત્મામાં લોકાલોકને દેખવારૂપ વ્યવહારવિસ્તાર નથી જ).** એટલું નાખવું. કૌંસમાં છે એમાં. **(અર્થાત્ નિશ્ચયથી આત્મામાં લોકાલોકને દેખવારૂપ વ્યવહાર વિસ્તાર નથી જ**). સમજાણું કાંઈ? શું કહ્યું આ? લોકાલોકને જાણતો નથીને આત્મા. એ કીધુંને? ‘નથી જાણતો’ એનો અર્થ કે લોકાલોક આ છે એમ જાણતો નથી. એ લોકાલોક અને પોતાનું જે જ્ઞાન પોતામાં એને જાણતાં લોકાલોક જણાઈ જાય છે. સમજાણું કાંઈ? એવા ભગવાન આત્મામાં લોકાલોકને (દેખવારૂપ) વ્યવહાર વિસ્તાર નથી.

શ્રીમદ્‌માં પણ એમ આવે છેને. શું આવે છે? ‘કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન..’ એ નિશ્ચયથી વાત કરી છે. એથી લોકાલોક નથી જાણતા એમ નહીં. લોકાલોકને આમ જાણવું, એ પર છે એને ‘જાણવું’ કહેવું એ વ્યવહાર છે. પણ લોકાલોક અને પોતે જે સ્વરૂપે છે એનું જ્ઞાન પોતામાં પોતાથી પોતામાં થાય છે, એને જાણે એનું નામ નિશ્ચય છે. એથી કેવળી લોકાલોકને જાણતા નથી એમ નથી. સમજાણું કાંઈ? ‘વ્યવહારે જાણે છે’ એનો અર્થ કે પરને તન્મય થઈને જાણતા નથી એથી તેને વ્યવહાર કહેવામાં આવે છે. પણ એ સંબંધી પોતાનું જ્ઞાન એમાં તન્મય થઈને પોતામાં જાણે છે. એમાં લોકાલોકનું જ્ઞાન પોતાની પર્યાયમાં પોતાથી પોતામાં પોતાને કારણે આવી જાય છે. એ વાત વંચાઈ ગઈ. હેઠે છેને નોટ એ વંચાઈ ગઈ છે.

અહીં તો ‘પરને જાણે’ એમ કહેવું એમાં પરની અપેક્ષા આવે છેને, એથી એને વ્યવહાર કહેવાય છે અને સ્વને જાણતાં સ્વની અપેક્ષા આવે એટલે નિશ્ચય કહેવાય. સ્વના જ્ઞાનમાં સર્વજ્ઞમાં બધું જણાઈ ગયું છે, પણ એ સર્વજ્ઞની પર્યાય પોતાની છે એને જાણે છે એ નિશ્ચય છે, એમ કહે છે. તત્ત્વની વાત એવી છે ભાઈ! સમજાણું કાંઈ? અંતરાત્મા આ જ્ઞાન જ્ઞાનને જાણે. એ જ્ઞાનમાં, રાગ, શરીરાદિ શું છે એવું આમાં જ્ઞાન પોતાના સ્વપરપ્રકાશના સામર્થ્યમાં આવી

જાય છે. છતાં એને દેખે એમ કહેવું એ વ્યવહાર છે. અને પોતાનું સ્વ-પર સામર્થ્ય છે–સ્વપરપ્રકાશક–જાણવાનું સામર્થ્ય એને દેખે એ નિશ્ચય છે. આરે ભારે! જાણવામાંય વ્યવહાર ને નિશ્ચય, આચરણમાંય વ્યવહાર ને નિશ્ચય, શ્રદ્ધા-જ્ઞાનમાંય વ્યવહાર ને નિશ્ચય, ચારિત્રમાંય વ્યવહાર ને નિશ્ચય. કઈ અપેક્ષાએ વાત છે એમ સમજવી જોઈએને.

આત્મા પોતાના સ્વરૂપને–શુદ્ધ અખંડ અભેદને શ્રદ્ધે એ સમ્યગ્દર્શન નિશ્ચય સ્વાશ્રિત છે અને દેવ, ગુરુ, શાસ્ત્ર આદિ પરને શ્રદ્ધે આદિ એ વ્યવહાર વિકલ્પ છે. સમજાણું કાંઈ? એમ આત્મા પોતાને જાણે એ સમ્યગ્જ્ઞાન છે, શાસ્ત્રને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. એમ આત્મા પોતાના આનંદસ્વરૂપમાં રમે એ નિશ્ચય ચારિત્ર છે અને એમાં પંચમહાવ્રતાદિના વિકલ્પો ઉઠે એ વ્યવહારચારિત્ર એટલે કે નથી તેને કહેવું એનું નામ વ્યવહાર. સમજાણું કાંઈ? એમ લોકાલોકને જાણે એમ કહેવું એ વ્યવહાર. કારણકે લોકાલોકનું આ જ્ઞાન નથી. અહીં તો જ્ઞાન પોતાનું છે. સમજાણું કાંઈ?

અરે! આત્માની એણે વાત જ કોઈ દિ' પ્રેમથી સાંભળી નથી. જગતના થોથા કરી-કરીને મરી ગયો. સમજાણું કાંઈ? પણ એ આત્મા કેટલો સામર્થ્યવાળો છે? સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા તીર્થંકરદેવે કહ્યો એ હોં. જે આવો ... આત્માની વાત કરે એણે આત્મા જાણ્યો નથી. અહીં તો ભગવાન આત્મા, કહે છે કે પોતે જ્ઞાનની દશા પોતાના સ્વભાવના આશ્રયથી–જ્ઞાનથી પ્રગટ કરી એ જ્ઞાનમાં, એ જ્ઞાન સ્વ-આત્મા પરમાત્માને જાણે છે. પરમાત્માનું જ્ઞાન પોતાના પરમાત્માને જાણે છે એમ કહે છે. સમજાણું કાંઈ?

પરમાત્માનું જ્ઞાન પરને જાણે એમ કહેવું એમાં પરની અપેક્ષા આવી એટલે વ્યવહાર, પણ પરસંબંધીનું જ્ઞાન પોતામાં નથી એમ નહીં. સમજાણું કાંઈ? પરસંબંધીનું પોતાનું જ્ઞાન છે. સર્વજ્ઞપણું એ આત્મજ્ઞ છે. એ કંઈ સર્વજ્ઞપણું પરને લઈને છે એમ નથી. આહા! ન્યાંય વ્યવહાર ને નિશ્ચય, નીચે(ના ગુણસ્થાનમાં) વ્યવહાર ને નિશ્ચય. વાંધા કાઢે બધા. નિમિત્ત અકિંચિત્કર નહીં, ફલાણું નહીં, વ્યવહાર સાધન છે. મોટા લેખો (આવે). ભાઈ! એ બધું છે, સાંભળને! ભગવાન આત્મા પોતાનો જ્ઞાન ને આનંદ સ્વભાવ એને અંતરમાં અનુભવીને જે સમ્યગ્દર્શન થાય અને એને જાણીને જે જ્ઞાન થાય અને એમાં રમણતા કરીને ચારિત્ર થાય—એ નિશ્ચય કહેવાય, કેમકે સ્વને આશ્રયે થયું. એ સાચું જ્ઞાન, દર્શન ને ચારિત્ર છે. અને પરને આશ્રયે જેટલું કહેવાય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા... દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા... એ ભીખાભાઈ! એ રાગ કહેવાય, એ વ્યવહાર કહેવાય, એ સાચું ન કહેવાય. આહાહા! ભારે વાત ભાઈ!

નિશ્ચય તે સત્યાર્થ છે, વ્યવહાર તે અસત્યાર્થ. 'અસત્યાર્થ'નો અર્થ પરને જાણે તે અસત્યાર્થ છે. પરને જાણવું યથાર્થમાં નથી. આહાહા! પોતાનો ભગવાન આત્મા પોતાના જ્ઞાન, દર્શન, આનંદને અને આત્માને જાણે, એ સ્વને જાણે એ યથાર્થ છે. સમજાણું કાંઈ? નિશ્ચય ને

વ્યવહાર, નિશ્ચય ને વ્યવહાર તે ઠેઠ કેવળજ્ઞાન સુધી લઈ ગયા. આહાહા! આવું સ્વરૂપ સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર સિવાય ક્યાંય હોઈ શકે નહીં. બધાએ વાતું ભલે આત્મા.. આત્મા કરી હોય વેદાંત ને. સમજાણું કાંઈ? આ વસ્તુ છે જ નહીં ક્યાંય. સમજાણું કાંઈ? દેવજીભાઈ! એ ૨૮૨ કળશ થયો. ૧૬૭ ગાથા.

**मुत्तममुत्तं दव्वं चेयणमियरं सगं च सव्वं च।**
**पेच्छंतस्स दु णाणं पच्चक्खमणिंदियं होइ ॥१६७॥**

નીચે એનું હરિગીત છે.

**મૂર્તિક-અમૂર્તિક ચેતનાચેતન સ્વપર સૌ દ્રવ્યને**
**જે દેખતો તેને અતીંદ્રિય જ્ઞાન છે, પ્રત્યક્ષ છે. ૧૬૭.**

**ટીકા : આ, કેવળજ્ઞાનના સ્વરૂપનું કથન છે. છ દ્રવ્યોમાં...** છ દ્રવ્ય છે જગતમાં. ભગવાને છ દ્રવ્ય જોયા છે. છ દ્રવ્ય જુએ, પણ એ જ્ઞાનમાં એનું જ્ઞાન પોતાને જુએ છે. આ છ દ્રવ્યને જોયા (એમ કહેવું) એ વ્યવહાર થયો. સમજાણું કાંઈ? ઓલું છ દ્રવ્યને જ્ઞાન બરાબર દેખે છે. પોતાની જ્ઞાનપર્યાયમાં છ દ્રવ્ય સંબંધીનું જે જ્ઞાન ખીલ્યું છે એને દેખે છે. અને આ છ દ્રવ્યને દેખે એમ કહેવું તે વ્યવહાર છે. પરાશ્રિત થયોને? આહાહા! **છ દ્રવ્યોમાં...** જુઓ! છ દ્રવ્ય લીધા છે જગતમાં. અનંત આત્માઓ, એથી અનંતગુણા પરમાણુઓ, અસંખ્ય કાલાણુઓ, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ ને આકાશ.—એ છ દ્રવ્ય જગતની અંદર છે, અનાદિ-અનંત છે. કેવળજ્ઞાનમાં તે પ્રત્યક્ષ જાણવામાં આવ્યા છે.

એમાં **પુદ્‌ગલને મૂર્તપણું છે...** આ શરીર, વાણી, મન, કર્મ, આ બધું દેખાય એ બધું મૂર્ત છે. પુદ્‌ગલને મૂર્તપણું છે. એ રૂપી છે, મૂર્ત છે. **(બાકીનાં) પાંચને અમૂર્તપણું છે...** ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ ને જીવ. જીવમાં અમૂર્તપણું છે એમ કહ્યું છે. ક્યાંક વળી એને કર્મના સંબંધે મૂર્ત કહ્યો એ વ્યવહારે કહ્યો છે. સમજાણું કાંઈ? એ મૂર્ત છે નહીં. આલાપ પદ્ધતિમાં લીધું છે. ....... આ તો આલાપ પદ્ધતિમાં એક પાઠ લીધો છે. જીવ મૂર્ત છે, અમૂર્ત છે. મૂર્ત છે એનો અર્થ કે કર્મ જે મૂર્ત છે એના નિમિત્તના સંબંધમાં એને મૂર્તનો ઉપચાર આપ્યો છે. વસ્તુ અમૂર્ત છે. પર્યાય અમૂર્ત છે. સીધી ઓલા નિમિત્તને લઈને. છે નહીં એને કીધું છે. પર્યાય અમૂર્ત છે. જીવની વિકારી પર્યાય અમૂર્ત છે. કઈ અપેક્ષાથી? આત્માના ત્રિકાળી જ્ઞાયકસ્વભાવની અનુભવદશાના ભાવમાં રાગાદિ પરિણામ એનું સ્વરૂપ નથી, તેથી એને પુદ્‌ગલના પરિણામ કહ્યા છે. કહો, સમજાણું કાંઈ?

અહીં તો એના અસ્તિત્વમાં, એનું અસ્તિત્વ શું છે એટલું સિદ્ધ કરવું છે. પછી દ્રવ્ય અને વિકારીપર્યાય—બેના અસ્તિત્વની ભિન્નતા કરવી હોય, ત્યારે દ્રવ્યમાં વિકાર છે નહીં. પણ વિકાર છે એ અમૂર્ત છે. સમજાણું કાંઈ? દ્રવ્યની અશુદ્ધપર્યાય, સંસાર એ દ્રવ્યની અશુદ્ધ પર્યાય

છે. આહાહા! સંસાર કાંઈ જીવની પર્યાયથી બહાર નથી રહેતો. આહાહા! સંસાર જીવનો, બાયડી, છોકરા, કુટુંબ મકાન એ સંસાર નથી. જીવનો સંસાર એ બાયડી, છોકરા, પૈસો, શરીર, કર્મ એ સંસાર નથી. એ તો પરવસ્તુ છે. સંસાર, એના સ્વરૂપથી ખસીને વિકારની પર્યાયરૂપે એમાં આવ્યો એ વિકારભાવ તેનો સંસાર છે. સમજાણું કાંઈ? એ વિકારભાવ 'સંસરણં ઇતિ સંસારઃ' ભગવાન પોતાના શુદ્ધ આત્માથી ખસી ગયો છે, ખસીને રાગમાં આવ્યો એ સંસાર છે. આહાહા! સમજાણું કાંઈ?

'સંસારનો નાશ કરવો છે' એનો અર્થ કે આ અજ્ઞાન ને મિથ્યાત્વ ને રાગ-દ્વેષનો નાશ. સંસારનો નાશ એટલે બાયડી-છોકરાનો નાશ કરવો છે? સમજાણું કાંઈ? લોકો બહારથી એમ માને કે લ્યો, આ બાયડી-છોકરા છોડ્યા એ સંસાર છોડ્યો. અરે! સંસાર કહેવો કોને એની તને ખબર નથી. બાયડી-છોકરા સંસાર હતા? પોતાના શુદ્ધસ્વરૂપથી ખસીને રાગ, પુણ્ય-પાપ આદિ મારા એવો જે મિથ્યાત્વભાવ અને પુણ્ય-પાપભાવ એ સંસાર છે. આહાહા! સમજાણું કાંઈ? એ અમૂર્તદશા છે એની. ઘણા પડખા પડે. એક બાજુ કહે કે વિકાર છે એ પુદ્ગલના પરિણામ છે, એક બાજુ કહે કે જીવની પર્યાયના સત્ત્વમાં–તત્ત્વમાં એ છે માટે એના પરિણામ છે. બીજી બાજુ કહે કે આત્મા આનંદસ્વભાવના ભાવમાં આવીને જ્યાં પરિણમે પછી જે રાગ રહ્યો એ કર્મને લઈને પરિણમે છે.

આવે છેને ૭૫ ગાથા. ચાલ્યું હતુંને તે દિ' આપણે રાજકોટ સોમચંદભાઈ. કેવા સોમચંદ? શાહ. સોમચંદભાઈ હતાને. આ મનુના બાપ. એણે પ્રશ્ન કર્યો હતો તે દિ'. ક્યાં કર્યો હતો? રાજકોટ (સંવત) ૯૯માં. કહે, નિશ્ચયથી વિકાર છે કોનો આ? ૯૫માં એમ કહ્યું કે વિકાર તો કર્મનું કાર્ય છે, આત્માનું નહીં. વળી કહો કે વિકાર આત્મામાં થાય છે. જુઓ! અમૂર્ત છેને. આત્મામાં છે. એનું પરથી ભિન્ન અસ્તિત્વ સિદ્ધ કરવું હોય ત્યારે તો એનામાં જ છે, એનાથી થયેલો વિકાર છે. પણ વિકારથી પણ ભિન્ન જ્યારે એકલો સ્વભાવ સિદ્ધ કરવો હોય, (તો કહે કે) એકલો શુદ્ધ ચિદાનંદમૂર્તિ આત્મા છે, વિકારને અડ્યોય નથી, વિકાર તો પર છે. વળી ત્યાં રૂપી કહે, એને મૂર્ત કહે, એ બધું કહે. કઈ અપેક્ષાએ છે એને સમજવું જોઈએને. નીકળી જાય છે, એની જાતના નથી માટે એને મૂર્ત કહીને પરના કહ્યા, પણ થાય છે એની દશામાં. કાંઈ પરની દશામાં થાય છે સંસાર? વિકારનું હોવાપણું એની દશામાં છે.

શ્રોતા : બેય અપેક્ષા છે એમાં સાચી કઈ?

પૂજ્ય ગુરુદેવશ્રી : બેય સાચી, જે અપેક્ષાએ કીધી એ અપેક્ષાએ. પરથી ભિન્ન કહેવામાં વિકાર એનો છે. વિકારથી ભિન્ન કહેવામાં વિકાર એનો નથી. ...જાણવું જોઈએને. સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ બહુ ગૂઢ છે, ગંભીર છે. નયોના પડખાં એટલા બધા પડે કે જે અપેક્ષાએ કહ્યું એને સમજે નહીં તો એકાંત થઈ જાય. સમજાણું કાંઈ? આહાહા!

એણે એ પૂછ્યું હતું ત્યાં કે આમાં નિશ્ચયથી વિકાર કર્મનો કીધો છે. કોણે ના પાડી હતી? કઈ અપેક્ષાએ? આત્મા આનંદસ્વરૂપ જ્ઞાનાનંદ–ચિદાનંદ છે એવું જ્યાં ભાન થયું, એથી એનું દ્રવ્યનું પરિણમન, સ્વભાવ છે એનું પરિણમન થાય એને. વિકારનું પરિણમન પછી રહ્યું, એ કર્મ જેમ ભિન્ન છે એમ પરિણમન પણ ભિન્ન ગણીને, કર્મના કાર્ય ગણીને કાઢી નાખ્યા. પણ પહેલેથી જ (કહે કે) વિકાર કર્મથી થાય, કર્મથી થાય, એ તો પહેલેથી ભૂલ્યો છે. કર્મ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યને લઈને (પરિણમન) સ્વદ્રવ્યમાં થાય નહીં. એથી કહે છે જુઓ! પાંચને અમૂર્તપણું છે. જીવને અમૂર્તપણું છે. વિકારી પર્યાય પણ અમૂર્ત છે. આહાહા! સમજાણું કાંઈ?

સમયસારમાં નિશ્ચયનો અધિકાર આવશે ત્યાં કહેશે કે એ તો મૂર્ત છે, સ્થૂળ છે, વિકાર હોં. પુણ્ય-પાપના પરિણામ એ સ્થૂળ છે. સૂક્ષ્મતાનો એમાં અભાવ છે. કારણ કે ભગવાન આત્મા આનંદ ને જ્ઞાનનું જ્યાં ભાન થયું, એવા સૂક્ષ્મની અપેક્ષાએ તો વિકલ્પ ઘણો સ્થૂળ છે. અને નીકળી જાય છે માટે એની ચીજ નથી એમ કહેવું છે. છે ત્યાં સુધી તો એની દશામાં છે. આવું અનેકાંત સ્વરૂપ ભગવાનનું છે એવું સ્વરૂપ જ વસ્તુનું છે. સમજાણું કાંઈ? માણસને વાસ્તવિક શું ચીજ છે એના જ્ઞાન કર્યા વિના એકલા ઓઘે-ઓઘે ક્રિયાકાંડ કરે, ભક્તિ ને પૂજા, દાન, દયા ને વ્રત—એ બધા પુણ્ય બંધાય મિથ્યાત્વ સહિત, (પણ) ચાર ગતિમાં રખડવું મટે નહીં. આહાહા! કહે છે કે ભાઈ! તું તો ત્રણે કાળે અમૂર્ત છોને! ઓલો કહે કે મૂર્ત કહ્યું છે એને. ઓલો બહુ તકરાર કરતો હતોને. દિગંબર ક્ષુલ્લક થયો હતો, નહીં? વેદાંતી આર્યસમાજ....... શું નામ? કર્માનંદ.

કર્માનંદ કહે, વિકારને રૂપી કહ્યો છે, આમ કહ્યું છે, મૂર્ત જીવને કહ્યો છે. અરે! મૂર્ત જીવને કહ્યો છે. અરે ભગવાન! સાંભળને ભાઈ! એ તો અંતરના સૂક્ષ્મસ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ કાઢી નાખવા એને રૂપી કહ્યો, એને મૂર્ત કહ્યો. પણ તારામાં થાય છે એનું અસ્તિત્વ સિદ્ધ કરવા એને અમૂર્ત કહ્યો. સમજાણું કાંઈ? આહાહા! આ માણસને આવું જ્ઞાન કરવું સૂક્ષ્મ પડેને એટલે પછી વ્યવહારે ચડી ગયા. દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરો, ભગવાનની પૂજા કરો, હળવે હળવે ચડી ગયા. ભગવાન સિવાય ક્યાંય હોય જ નહીંને. તીર્થંકર પરમેશ્વર સિવાય આ વાત ક્યાંય હોય નહીં. ત્રણ કાળમાં ન હોય. વાડાવાળાને સમજાતું નથી તો બીજે તો ક્યાં હોય? બીજે હોય શેમાં આ વસ્તુ? આ બધું ....... છે. આહાહા! એનો કર્યો છે ખુલાસો મોક્ષમાર્ગપ્રકાશકમાં. મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છેને પાંચમા... પરગુણદ્રષ્ટિ, નિર્ગુણદ્રષ્ટિ બધું ઘણું લીધું છે. બધું બહુ સારું લીધું છે. એકેક વાત કરી છે. એ બધું ખોટું....

અહીં તો, છ દ્રવ્યમાં પાંચ તો અમૂર્ત છે અનાદિ-અનંત, લ્યો. એ તો આપણે પહેલું આવ્યું. ઓલામાં આવ્યું પ્રવચનસારમાં. અમૂર્તના અમૂર્તગુણો, અમૂર્તના અમૂર્તપર્યાય. પહેલાં આવી ગયું છે આમાં. પહેલા આવી ગયું છે. પ્રવચનસારમાં છે. **જીવને જ ચેતનપણું છે...** છ

દ્રવ્યમાં એ ભગવાન આત્મા જ ચેતનારો, જાણનારો છે. **(બાકીનાં) પાંચને અચેતનપણું છે.** અચેતનપણું છે. આ શરીર, કર્મ, વાણી બધા અચેતન–જડ છે, માટી છે. આહાહા! **ત્રિકાળ સંબંધી મૂર્ત-અમૂર્ત ચેતન-અચેતન સ્વદ્રવ્યાદિ અશેષને (સ્વ તેમ જ પર સમસ્ત દ્રવ્યોને)...** લ્યો. કહે છે, ભગવાનનું જ્ઞાન–કેવળજ્ઞાન ત્રિકાળ સંબંધી મૂર્ત વસ્તુ પુદ્ગલ, અમૂર્ત વસ્તુ પાંચ... ચેતન એક, અચેતન પાંચ. એ સ્વદ્રવ્ય આદિ અશેષ (એટલે) પોતાને ને પરને સમસ્ત દ્રવ્યોને **નિરંતર દેખનાર ભગવાન...** આહાહા!

**નિરંતર દેખનાર ભગવાન શ્રીમદ્ અર્હત્પરમેશ્વરનું જે** જ્ઞાન... શ્રીમદ્ (અર્થાત્) સ્વરૂપના લક્ષ્મીવાળા એવા અર્હંત પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા. **ક્રમ, ઇન્દ્રિય અને વ્યવધાન વિનાનું...** એને જાણવામાં ક્રમ ન હોય. કે પહેલું આ જાણે, પહેલો સ્વને જાણે ને પછી પરને જાણે એવો ક્રમ કેવળીને ન હોય. ઇન્દ્રિયનું અવલંબન ન હોય. ભગવાનને ઇન્દ્રિયનું અવલંબન નથી, અતીન્દ્રિય જ્ઞાન થયું. નીચે છદ્મસ્થને જાણવામાં એક સમયનું ઇન્દ્રિયનું નિમિત્ત છે. અવલંબન એટલે નિમિત્ત એ એને (-કેવળીને) હોતું નથી. **વ્યવધાન વિનાનું...** આડ અને પડદા વિનાનું. ખુલાસો આગળ આવી ગયો છે. કેવળજ્ઞાનને જાણવામાં કોઈ આડ નથી, પડદો નથી, વિઘ્ન નથી. આવી કેવળજ્ઞાનની પૂર્ણ પર્યાય અરિહંતને હોય, એવું જો યથાર્થ જ્ઞાન કરે તો એને અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણતાં, પોતાનો આત્મા એવો છે એમ મેળવે તો એને સમ્યગ્દર્શન થયા વિના રહે નહીં. સમજાણું કાંઈ?

સર્વજ્ઞની મહત્તા જ્યાં-ત્યાં ગાય છે. પૂર્ણ પર્યાય ...દર્શન... અરે! આવું પૂર્ણ ન હોય તો દિવ્યજ્ઞાન કહે કોણ? પરને લઈને જાણે, પરોક્ષ જાણે અને અવલંબે એને દિવ્યજ્ઞાન કહે કોણ? પ્રવચનસારમાં આવ્યું છે. **અતીન્દ્રિય સકળ-વિમળ (સર્વથા નિર્મળ)...** ભગવાનનું જ્ઞાન તો અતીન્દ્રિય, સકળ-વિમળ–સર્વથા નિર્મળ **કેવળજ્ઞાન તે સકલપ્રત્યક્ષ છે.** લ્યો. એ બધાને જાણે. ઓલામાં ના પાડી હતી કે બધાને ન જાણે. એ વ્યવહારથી જાણે એની ના પાડી હતી, પણ જાણવાનું તો એનું બરાબર છે. સમજાણું કાંઈ? **સકલપ્રત્યક્ષ છે**. અસંખ્યપ્રદેશી ચૈતન્યસૂર્ય શક્તિમાંથી વ્યક્તિ પ્રગટ થઈ ગઈ છે. સર્વજ્ઞ જે શક્તિ હતી એ તો છે, પર્યાય પ્રગટી તો .... સમજાણું કાંઈ? આહાહા!

સર્વજ્ઞશક્તિવાન દ્રવ્ય એની અંતરમાં એકાગ્ર થઈને સર્વજ્ઞ(શક્તિ)ની વ્યક્તતા પ્રગટ કરી, એ સકળ પ્રત્યક્ષ છે. આ એનું સ્વરૂપ ને એના સ્વભાવની પૂર્ણતાની આ સત્તા છે. સમજાણું કાંઈ? અરે! આવા અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે... **जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**.. આવે છેને? **सो जाणदि अप्पाणं**... એ આત્માને જાણે, એમ. છે તો નિમિત્ત, પણ એના જ્ઞાનમાં–જ્ઞાનની પર્યાયમાં એની મહત્તા જ્યાં ખ્યાલમાં આવી કે દ્રવ્યથી પ્રગટ્યું છે, એને એના દ્રવ્યથી પ્રગટ્યું છે (અને) મારું દ્રવ્ય પણ એવું જ છે. એવી કેવળજ્ઞાનની

પર્યાય આવડી મોટી એની સત્તાનો જેને સ્વીકાર થાય, એને સ્વીકાર પર્યાયદૃષ્ટિથી ન થાય. એનો સ્વીકાર, 'દ્રવ્યમાં આવી શક્તિ અનંતી છે' એના સ્વીકારથી અરિહંતની પર્યાયનો સ્વીકાર કહેવામાં આવે છે. એ તો સમ્યગ્દર્શન થયું. આહાહા! સમજાણું કાંઈ?

આ વાત સાધારણ નથી હોં. અહીં કહે છે. ગાથા લીધી છે તો કારણથી લીધી છેને. કુંદકુંદાચાર્ય જેવા નિર્ગ્રંથ મુનિ (જેને) ત્રણ કષાયનો અભાવ, વીતરાગના આનંદના વેદનારા, જેને કોઈ વિકલ્પ પણ છઠ્ઠું ગુણસ્થાન હોય ત્યારે આવે, નિર્વિકલ્પ થાય ત્યારે આનંદમાં મસ્ત છે. એવા આવી ગાથાઓને કહે છે. અરિહંતનું પૂર્ણ રૂપ સ્વતઃ સ્વપ્રત્યક્ષ છે એમ કહે છે. એમાં બધું પરનું જ્ઞાન આવી જાય છે. **સકલપ્રત્યક્ષ છે**. આહાહા! એવો તો એનો જ્ઞાનનો સ્વભાવ છે. કોઈ પુણ્ય-પાપ થવા ને રહેવા એવો એનો સ્વભાવ નથી. આહાહા! નિશ્ચયથી. કેવળજ્ઞાન તે સકળ-પ્રત્યક્ષ છે. કહો, સમજાણું કાંઈ? એમ કે આ સકળ-પ્રત્યક્ષમાં 'સકળ' આવ્યુંને? એ વ્યવહાર કહેવો કે નિશ્ચય? અહીં તો, સકળ પ્રત્યક્ષ નિશ્ચય પોતાનું છે.

**એવી રીતે (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસારમાં (૫૪મી ગાથા દ્વારા) કહ્યું છે કે :**

**जं पेच्छदो अमुत्तं मुत्तेसु अदिंदियं च पच्छण्णं।**
**सयलं सगं च इदरं तं णाणं हवदि पच्चक्खं ॥**

**ગાથાર્થ : દેખનારનું જે જ્ઞાન અમૂર્ત, મૂર્ત પદાર્થોમાં પણ...** અહીં તો એનો જ્ઞાતા-દૃષ્ટાનો સ્વભાવ કેવડો હોય એ અહીં સિદ્ધ કરવું છે. કંઈ રાગ-બાગ, પુણ્ય-ફુણ્ય એના છે? એ એનામાં છે જ નહીં. આહાહા! એવો ભગવાન આત્મા, જેમ ગુલાબની કળી ખીલે, એમ જ્યારે ખીલીને કેવળજ્ઞાન પામે છે, ત્યારે દેખનારનું મૂર્ત-અમૂર્ત બધામાં... **અતીંદ્રિયને** પણ જાણે **અને પ્રચ્છન્નને** જાણે. પ્રચ્છન્ન એટલે ભૂતકાળ, ભવિષ્યકાળ (સંબંધી) વર્તમાનમાં નથી, ઢંકાયેલા છે એને પણ જાણે. આહાહા! પરમાણુને જાણે, કાળને જાણે. આહાહા! **એ બધાંયને—સ્વને તેમ જ પરને દેખે છે...** સ્વ-પરને દેખે છે એવું જ જ્ઞાન પોતાને **તે જ્ઞાન પ્રત્યક્ષ છે.** ફક્ત પરને જાણવું એ ઉપચાર છે એટલું, પણ પરને જાણવું એ પોતાનું જ્ઞાન છે એ ઉપચાર નથી, એ પ્રત્યક્ષ જ છે. સમજાણું કાંઈ? આહાહા! પોતાને–પોતાની જાતને જાણ એમ કહે છે. બીજાને જાણવું, એ તો એક તારું જ્ઞાન થાશે એમાં બધું જ્ઞાન આવી જશે. શ્રીમદ્માં એક પત્રમાં આવે છે લીટી. 'તને એકને જાણતાં તારા જ્ઞાનમાં લોકાલોક જણાઈ જશે.' સમજાણું કાંઈ? શ્લોક ૨૮૩.

**વળી (આ ૧૬૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :**

**सम्यग्वर्ती त्रिभुवनगुरुः शाश्वतानन्तधामा**
**लोकालोकौ स्वपरमखिलं चेतनाचेतनं च।**
**तार्तीयं यन्नयनमपरं केवलज्ञानसंज्ञं**
**तेनैवायं विदितमहिमा तीर्थनाथो जिनेन्द्रः ॥२८३॥**

**શ્લોકાર્થ : કેવળજ્ઞાન નામનું જે ત્રીજું ઉત્કૃષ્ટ નેત્ર...** લ્યો, આ બે આંખ્યું તો ક્યાંય રહી ગઈ. આ તો ત્રીજી આંખ અંદર ઉગી. આહાહા! કેવળજ્ઞાનરૂપી પર્યાયનું ત્રીજું નેત્ર એ પણ ઉત્કૃષ્ટ નેત્ર છે. **તેનાથી જ જેમનો પ્રસિદ્ધ મહિમા છે...** એ કેવળજ્ઞાનથી ભગવાનનો મહિમા છે, કહે છે. અતિશય, પુણ્ય ને બહારના સમવસરણ હોય—એનાથી એનો મહિમા નથી. એ તો વ્યવહાર થયો. આહાહા! ભગવાનને અતિશય આવા છે એ તો બધો વ્યવહાર છે, પુણ્ય છે. સમવસરણ હોય, આમ દિવ્યધ્વનિ નીકળે ને. અહીં તો કહે છે કે કેવળજ્ઞાન નામનું ત્રીજું નેત્ર... ભગવાન જ્ઞાનની દશા... પોતાના જ્ઞાનસ્વભાવમાં જ્ઞાનનું આરાધન કરી–પોતાના જ્ઞાનનું આરાધન કરી અને જેને કેવળજ્ઞાન પર્યાય પ્રગટ થઈ છે, એનાથી એની મહિમા છે. **જેમનો પ્રસિદ્ધ મહિમા છે**... એ તો પ્રસિદ્ધ મહિમા છે. આહાહા!

દુનિયામાં કેવળજ્ઞાનીનો કેવળજ્ઞાનને લઈને પ્રસિદ્ધ મહિમા છે, એમ કહે છે. એની દશા, પૂર્ણ પરમાત્મદશા પ્રગટ થઈ, જ્ઞાનની પૂર્ણતા એ એની મહિમા છે. સમજાણું કાંઈ? ફલાણાના એ દીકરા હતા, ફલાણા માતાના કૂંખે જન્મ્યા, ઇન્દ્રોએ આવીને આમ કર્યું, મેરુ પર્વત લઈ ગયા—આ મહિમા છે? આહાહા! સમજાણું કાંઈ? એને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણનારું જ્ઞાન પ્રગટે એ એની મહિમા છે. સમજાણું કાંઈ? સ્વયંભૂસ્તોત્રમાં કહ્યુંને કે 'હે ભગવાન! એક સમયમાં, જગતના ઉત્પાદ-વ્યય ને ધ્રુવ એક સમયમાં તમે જાણો, એ જ આપની સર્વજ્ઞતાની વિશેષતા–ખાસ મહિમા છે'. સમય એક અને ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ. એવું જે જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય એ સર્વજ્ઞપણું જણાવે છે. આપની સર્વજ્ઞતા છે એ. સમજાણું કાંઈ?

નિમિત્ત, વિકલ્પ ને પર્યાયથી પાછો વાળી અને દ્રવ્યસ્વભાવની મહિમામાં જાય ત્યારે એને કેવળજ્ઞાન.. કેવળજ્ઞાનનો મહિમા યથાર્થપણે દેખાય. સમજાણું કાંઈ? ઓહો! આવો સ્વભાવ તે ગુપ્ત ચૈતન્યચમત્કાર... ગુપ્ત ચૈતન્યચમત્કાર.. જેના સ્વભાવમાં ગુપ્તપણે રહેલું જ્ઞાન-દર્શન-આનંદ મહાન સામર્થ્ય છે. એવો જે ચમત્કાર એ એની મહિમા જીવની છે અને અહીં પ્રસિદ્ધ કેવળજ્ઞાન થયું એ એની મહિમા છે. સમજાણું કાંઈ? એણે તીર્થંકરગોત્ર બાંધ્યું, સમવસરણ આવ્યું ને ઈન્દ્રો આવ્યા—એ કાંઈ મહિમા નથી. સમજાણું કાંઈ?

**જેઓ ત્રણ લોકના ગુરુ છે...** ગુરુ એટલે ત્રણ લોકના જાણનાર છે. ગુરુ એટલે મોટા, જાણનારા મોટા. ત્રણ લોકમાં જાણનાર એ મોટા છે. બધું એના જ્ઞાનમાં.... આહાહા! એવો તું

છો એમ જો તો ખરા. જેવા એ છે એવો તું છો. તારી શક્તિમાં એ પડ્યું છે બધુંય, પણ એને ખબર નથી. અરિહંત, સિદ્ધ (આદિ) પાંચ પદો તારા પર્યાય-ગુણમાં પડ્યા છે. આહાહા! અરિહંત પદ તારા સ્વભાવમાં પડ્યું છે. આહાહા! આ તકરાર બહારની કરીને મંડે. અરે! આ માંડને આની. તકરાર શેની કરે છે તું? મોટો ભગવાન છોને. આહાહા! ત્રણ લોકનો ગુરુ છો તું. દેવાધિદેવ તું છો ભાઈ! આહાહા! પર્યાયે પ્રગટ્યા એ પરમાત્મા સાક્ષાત્ દેવ છો. તારો સ્વભાવ પણ પરમાત્મા છે. તું પણ અંદર પરમાત્મા અપેક્ષાએ ત્રણ લોકનો જાણનાર તું પણ એક ગુરુ છો. આહાહા! સમજાણું કાંઈ?

**અને શાશ્વત અનંત જેમનું ધામ છે...** લ્યો. **(ધામ) = ભવ્યતા, તેજ, બળ.** અનંત જેનું બળ છે આત્મામાં. એ બળનું કાર્ય અનંત પૂર્ણ સ્વરૂપની રચના. સમજાણું કાંઈ? શું કીધું એ? **શાશ્વત અનંત જેમનું ધામ છે...** કોઈ એમ કહે કે ભગવાનને અનંત સર્વ શક્તિ નથી. અનંત બળ કહો, પણ સર્વશક્તિમાન ન કહો. કેમકે સર્વશક્તિમાન હોય તો બીજાના કર્મ પણ નાશ કરે. આવી વ્યાખ્યા, પંડિતો આવી વ્યાખ્યા કરે. એય! એક પંડિતે એમ લખ્યું હતું. દાસભાઈ હતા, એ બિચારા ગુજરી ગયા હમણાં. ફિરોજાબાદવાળા નહીં માણિકચંદ? સર્વશક્તિમાન ન કહો, અનંતશક્તિમાન કહો. સર્વશક્તિમાન... એ તો સર્વશક્તિમાન કહો કે અનંતશક્તિમાન કહો—બધું એક જ છે. પૂર્ણ શક્તિમાન કહો, સર્વજ્ઞ કહો તો એનો શું અર્થ હશે? પૂર્ણ બળવાળો છે, પૂર્ણ જ્ઞાનવાળો છે. એ પણ પોતા માટે છેને. પરનું કરી દે માટે સર્વશક્તિવાળો છે એમ છે નહીં. ત્રણ કાળ, ત્રણ લોકને જાણે છે, કરતા નથી કોઈનું, કોઈ પાસેથી લેતા નથી. લે છે દ્રવ્યમાંથી અને જાણે છે પર બધાને. સમજાણું કાંઈ? આહાહા!

આવા ભગવાનને જે દેવ તરીકે સ્વીકારે, સમજાણું કાંઈ? એને પામરતાની ગણતરી એની દૃષ્ટિમાં હોય નહીં. આ દેવ-દેવલાને માને છેને ઠેકઠેકાણે. આ હનુમાન ને સિકોતેર ને આ ઢીકણું, ફીંકણું. એય મનહર! તારે શું હતું ઓલું? સાંઈબાબા. સાંઈબાબા નહીં શું કહેવાય? હૈદરસાંઈ. હૈદરસાંઈને માનનારા વાણિયા. આવાને આવા બધા ભોટ જેવા બધા ભેગા થયેલા. હૈદરસાંઈને બહુ માનતા. ખબર છે કે નહીં? આહાહા! આવા ત્રણ લોકના નાથ ત્રણ લોકને–લોકાલોકને જાણે એ અપેક્ષાએ (દેવ). એવા દેવ સિવાય બીજો દેવ ધર્મીને હોય નહીં. અને તે દેવનો દેવ તો પાછો પોતે આત્મા છે. એને જાણતા અનંત જ્ઞાનને–પોતાને જાણે છે. એવા અનંતા અરિહંતોને, સિદ્ધોને જાણનારો આત્મા છે. સમજાય છે કાંઈ?

એ તું દેવ છો, એમ કહ્યું છેને. તું ગુરુ છો, તારો ગુરુ તું. તું તને સમજાવે માટે તું ગુરુ તારો. તું તારો દેવ. દિવ્યશક્તિનો ભંડાર માટે દેવ. આહાહા! શાશ્વત જેની અનંત તેજશક્તિ છે, બળ છે, ભવ્યતા... **શાશ્વત અનંત જેમનું ધામ છે**.. આહા! **એવા આ તીર્થનાથ જિનેન્દ્ર લોકાલોકને...** એવા જિનેન્દ્ર ભગવાન લોકાલોકને **અર્થાત્ સ્વ-પર એવાં સમસ્ત ચેતન-અચેતન**

**પદાર્થોને...** સ્વ ને પરને, સમસ્ત ચેતન ને અચેતનને **સમ્યક્ પ્રકારે (બરાબર)** અંતર **જાણે છે.** આહાહા! સમજાણું કાંઈ? ૨૮૩ કળશ થયો. હવે (ગાથા) ૧૬૮.

**पुव्वुत्तसयलदव्वं णाणागुणपज्जएण संजुत्तं।**
**जो ण य पेच्छइ सम्मं परोक्खदिट्ठी हवे तस्स॥ १६८॥**
**વિધવિધ ગુણો ને પર્યયો સંયુક્ત દ્રવ્ય સમસ્તને**
**દેખે ન જે સમ્યક્ પ્રકાર, પરોક્ષ દૃષ્ટિ તેહને. ૧૬૮.**

**ટીકા : અહીં, કેવળદર્શનના અભાવે (અર્થાત્ પ્રત્યક્ષ દર્શનના અભાવમાં) સર્વજ્ઞપણું હોતું નથી એમ કહ્યું છે. સમસ્ત ગુણો અને પર્યાયોથી સંયુક્ત પૂર્વસૂત્રોક્ત (૧૬૭મી ગાથામાં કહેલાં) મૂર્તાદિ દ્રવ્યોને...** શું કીધું? જગતમાં જેટલા દ્રવ્યો–પદાર્થો છે, એ સમસ્ત ગુણો અને પર્યાયથી સહિત છે. જુઓ! ગુણો ને પર્યાય—બે નાખ્યા છે. સમજાણું? સમસ્ત ગુણપર્યાયાત્મક... છેને. જુઓ! આ ગુણ ને પર્યાય બે પ્રકાર નાખ્યા. કેટલાક કહે છેને કે દ્રવ્ય ને પર્યાય બે, હવે ગુણ ત્રીજો નહીં. શ્વેતામ્બર નાખે છે.

અહીં તો કહે છે કે વસ્તુ છે એ દ્રવ્ય છે અને એની કાયમ રહેનારી શક્તિઓ તે ગુણ છે અને એની વર્તમાનદશા તે એની પર્યાય છે.—ત્રણ સિદ્ધ થાય છે. સમસ્ત ગુણો ને પર્યાયથી સહિત, એમ નાખ્યું જુઓ! પૂર્વસૂત્રોક્ત ૧૬૭ ગાથામાં કહેલા **મૂર્તાદિ દ્રવ્યોને જે દેખતો નથી...** અરે! બધા પદાર્થને તેની શક્તિઓ એટલે ગુણ ને પર્યાય એ સહિત **જે દેખતો નથી—અર્થાત્ મૂર્ત દ્રવ્યના મૂર્ત ગુણો હોય છે...** લ્યો, **અચેતનના અચેતન ગુણો હોય છે...** લ્યો, અહીં આવ્યું પાછું. એમ કે ગુણ-પર્યાય સહિત દ્રવ્યને દેખે તો ગુણ કેવા? મૂર્ત દ્રવ્યના મૂર્ત ગુણો. આ પરમાણુઓ જે રજકણો છે એ મૂર્ત દ્રવ્ય છે આ જડ, એના ગુણો મૂર્ત છે—રંગ, ગંધ, સ્પર્શ. આહાહા! શરીર મૂર્ત છે. એના ગુણો રંગ-ગંધ-સ્પર્શ આદિ મૂર્ત છે.

**અચેતનના અચેતન ગુણ હોય છે**... લ્યો, આત્મા સિવાય પાંચ દ્રવ્ય અચેતન છે એના ગુણો અચેતન છે. **અમૂર્તના અમૂર્ત ગુણો હોય છે...** લ્યો, અહીં ખુલાસો કર્યો છે. પહેલાં આવી ગયું છે. અમૂર્તના અમૂર્ત ગુણો હોય. પુદ્ગલ સિવાય પાંચ અમૂર્ત–અરૂપી છે તેના અરૂપી ગુણો હોય છે. દ્રવ્ય પોતે અરૂપી, તેના ગુણ પણ અરૂપી. **ચેતનના ચેતન ગુણો હોય છે...** લ્યો, ચેતનના ચેતન ગુણો હોય છે બધા થઈને. ઠીક! શું કીધું સમજાણું? આત્માના જેટલા ગુણો છે એ ચેતનના ચેતન ગુણો હોય છે એમ અહીં સિદ્ધ કરવું છેને. આહાહા!

**ચેતનના ચેતન ગુણો હોય છે**... આહાહા! એ અહીં નહીં. એની પર્યાય નહીં, અહીં તો ગુણોના વાત છેને. ચેતન ગુણ હોય છે. અહીં તો કહેવું છે કે ચેતનના ચેતન ગુણો હોય છે. ચૈતન્યના ગુણો ચૈતન્ય જ હોય. નહીંતર ક્યાંક એવું આવેને કે ચેતન છે, એ જ્ઞાન-દર્શન ઉપયોગ છે એને જીવ કહ્યો છે અને બીજાને અજીવ કહ્યો છે. એ અહી નહીં. સપ્તભંગી લીધી.

સપ્તભંગીમાં છે. જ્ઞાન-દર્શન એ ચેતન, એ સિવાયના અચેતન—એમ કરીને સપ્તભંગી ઉતાર્યું છે.

અહીં કહે છે કે એનું લક્ષણ મુખ્ય છે એનું સ્વરૂપ જાણવાનું, એની મુખ્યતા બતાવવા એમ નાખ્યું છે. બાકી અહીં તો ચેતનના ગુણો બધા ચેતન છે. સમજાણું કાંઈ? વ્યાપક છેને. કેટલું યાદ રાખવું માણસને? ઓલું કહે, છકાયની દયા પાળવી લ્યો, એક અપવાસ કરવો, પોષો કરવો આઠમ ને ચૌદશનો. આને આ લોકોને ચૌદશ ન હોય, પૂનમનો કરે. પોષો થઈ ગયો, ધર્મ થઈ ગયો લ્યો. ધૂળેય ધર્મ નથી તારા, સુકાઈ જાને પોષા કરીને. પોષો તો એને કહીએ કે જેમાં આત્માના આનંદ ગુણને પુષ્ટિ મળે. હવે આત્માની ખબર ન મળે, પુષ્ટો ક્યાંથી લાવવો? સમજાણું કાંઈ?

આત્મા કોણ છે, ગુણ શું છે, દશા શું છે, એનું સામર્થ્ય કેટલું છે—એની ખબર વિના પુષ્ટિ ક્યાંથી લાવવી? જાણેલો હોય, આત્મા આનંદ ને શાંતિનો સાગર છે એવું ભાન થયું હોય, એ અંદરમાં એકાગ્ર થાય તો પુષ્ટિ કરે. એનું નામ પ્રૌષધ કહેવાય. આ તો બધી લાંઘણું છે. પોપટભાઈ! છ કાયનો કૂટો, તો છ કાયમાં પોતે નથી? પોતાને કૂટી માર્યો છે કે નહીં એણે? આ કરું, આ કરું—એમાં મિથ્યાત્વથી કૂટી માર્યો છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! ચેતનના તો ચેતનગુણ હોય છે, અચેતનના અચેતન ગુણ હોય છે.

**ષટ્ (છ પ્રકારની) હાનિવૃદ્ધિરૂપ, સૂક્ષ્મ, પરમાગમના પ્રમાણથી સ્વીકારવાયોગ્ય અર્થપર્યાયો** છે. એ પર્યાયમાં વાત આવી. દ્રવ્ય કીધું, એના ગુણ કીધાં. એ ઝીણી વાત છે થોડી. છ પ્રકારની હાનિવૃદ્ધિ થાય છે. એક સમયમાં અનંતગુણી હાનિ, અનંતગુણી વૃદ્ધિ, અસંખ્યગુણી હાનિ, અસંખ્યગુણી વૃદ્ધિ—એમ છ પ્રકાર પડે છે. એ જરી સૂક્ષ્મ વિષય છે. **હાનિવૃદ્ધિરૂપ સૂક્ષ્મ પરમાગમના પ્રમાણથી**... ભગવાને કહ્યા એ આગમથી માનવાલાયક છે. અર્થપર્યાયો છે એ **છ દ્રવ્યોને સાધારણ છે**. બધા દ્રવ્યોને અર્થપર્યાય હોય છે. છએ દ્રવ્યોને—કાળને, ધર્માસ્તિને, બધાને અર્થપર્યાયો હોય છે. **નરનારકાદિ વ્યંજનપર્યાયો પાંચ પ્રકારના સંસારપ્રપંચવાળા જીવોને હોય છે.** દેખો! સમજાણું?

વ્યંજનપર્યાય અહીં સિદ્ધની નથી લીધી. નરનારકાદિ વ્યંજનપર્યાયો... અહીં વિભાવિક વ્યંજનપર્યાયને લે છેને. એક શૈલી છે આમાં, એ શૈલી આમાં છે. મનુષ્ય, નારકી આદિ આકાર છેને દ્રવ્યનો આકાર, એ વિભાવ વ્યંજનપર્યાયો **પાંચ પ્રકારના સંસારપ્રપંચવાળા જીવોને હોય છે**. લ્યો. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ—એવા પાંચ પરાવર્તનમાં રખડનારા એને એ વ્યંજનપર્યાય હોય છે. આ બધું જાણીને એણે, અંદર એનો જાણનાર આત્મા છે એનો અનુભવ કરવો, એની દૃષ્ટિ કરવી, એમાં સ્થિર થવું—એ એનો સાર છે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## માગશર વદ ૨, શનિવાર, તા. ૪-૧૨-૧૯૭૧
## ગાથા - ૧૬૮-૧૭૦, શ્લોક - ૨૮૪-૨૮૫, પ્રવચન નં. ૧૯૩

શુદ્ધોપયોગ અધિકાર ચાલે છે. (ગાથા) ૧૬૮નો થોડોક ભાગ બાકી છે. સર્વજ્ઞ બધું ન જાણે તો એ સર્વજ્ઞ શેના? એમ કહે છે. સમજાણું કાંઈ? એમ કરીને (સિદ્ધ કર્યું કે) જ્ઞાનનો સ્વભાવ સંપૂર્ણ પ્રગટ થાય એ બધાને જાણે એવો જીવનો સ્વભાવ છે. અહીં સુધી આવ્યું છે.

**નરનારકાદિ વ્યંજનપર્યાયો પાંચ પ્રકારના સંસારપ્રપંચવાળા જીવોને હોય છે...** દરેક દ્રવ્ય—મૂર્ત હોય એના મૂર્ત ગુણ (હોય), અમૂર્તના અમૂર્ત ગુણ (હોય) અને એની પર્યાય સ્વભાવિક અને વ્યંજનપર્યાય (હોય). સ્વભાવિકમાં તો આ ષટગુણહાનિવૃદ્ધિ દરેક દ્રવ્યમાં થાય છે એ આગમગમ્ય છે અને આ વ્યંજનપર્યાય (એટલે) એની આકૃતિ... **પુદ્ગલોને સ્થૂલ-સ્થૂલ વગેરે સ્કંધપર્યાયો હોય છે...** આ જડ પરમાણુઓમાં ઘણા રજકણો ભેગા થાય ત્યારે તેને સ્કંધ એટલે જથ્થાની અવસ્થા હોય છે. **અને ધર્માદિ ચાર દ્રવ્યોને શુદ્ધ પર્યાયો હોય છે...** ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળ—ચાર દ્રવ્ય-વસ્તુ છે એની પર્યાયમાં શુદ્ધપણું હોય છે. એને વિભાવ ને અશુદ્ધિ હોતા નથી. **આ ગુણપર્યાયોથી સંયુક્ત...** હવે એનો સરવાળો કરે છે. જેના મૂર્તગુણ છે તે મૂર્ત, અમૂર્ત ગુણ છે તે અમૂર્ત અને એની સ્વભાવિક ને વિભાવિક પર્યાય... પરમાણુ પુદ્ગલમાં અને જીવમાં (વિભાવિક અને) ચારમાં તો સ્વભાવિક પર્યાય છે.

એવા ગુણ ને પર્યાયથી સહિત **એવા તે દ્રવ્યસમૂહને જે ખરેખર દેખતો નથી...** પૂર્ણ સ્વરૂપને જે દેખતો નથી એ **(ભલે તે સર્વજ્ઞપણાના અભિમાનથી દગ્ધ હોય તોપણ)...** અમે સર્વજ્ઞ છીએ એમ અજ્ઞાનથી માનતા હોય. ... ઘણા કહે છેને કે અમે સર્વજ્ઞ છીએ. વર્તમાનનું બધું જાણે એ સર્વજ્ઞ, એમ કહે છે. ભાઈએ નાખ્યું છેને મહેન્દ્રે. વર્તમાન સૌથી વધારે જાણે એને સર્વજ્ઞ કહીએ. અહીં તો કહે છે કે વર્તમાન, ભૂત અને ભવિષ્ય... બધું આવી ગયુંને? પ્રછન્નનું આવી ગયું પહેલું. પ્રછન્ન, નહીં? ભૂતકાળનું, ભવિષ્યકાળનું, ઢાંકેલા કાળાદિ દ્રવ્યનું, ધર્માસ્તિ આદિનું, અલોકાકાશાદિ ક્ષેત્ર પ્રછન્ન-ઢાંકેલાનું—એ બધાને, ઢાંકેલા એટલે બહુ સૂક્ષ્મ, એને પણ આ આત્માનો જ્ઞાનસ્વભાવ પૂર્ણ પ્રગટ થયે બધાને જાણે છે. સમજાણું કાંઈ?

એમ કહીને એના જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય બધું કેટલું એ જણાવ્યું. પણ એ જ્ઞાનની પર્યાય પ્રગટે છે અસાધારણ જ્ઞાયકભાવ જ્ઞાનગુણ છે એમાંથી. સમજાણું કાંઈ? અસાધારણ એવો આત્માનો જ્ઞાનસ્વભાવ એનો આશ્રય કરીને ધર્મ થાય છે. સમજાણું કાંઈ? જ્ઞાનસ્વભાવ વસ્તુ ત્રિકાળ એનો આશ્રય કરતાં વ્યક્તરૂપે જે જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્રની પર્યાય (થાય) એ બધી જ્ઞાનની પર્યાય કહેવાય, રાગની નહીં. એ પર્યાય પ્રગટ થતાં એનું પૂર્ણ સ્વરૂપ સર્વજ્ઞપણું એને પ્રગટે. સમજાણું કાંઈ? વસ્તુ જ્ઞાનસ્વભાવ એનો આશ્રય લઈને જ્ઞાનની એટલે રાગ વિનાની

જ્ઞાનની–શ્રદ્ધા-જ્ઞાન આદિ પર્યાય પ્રગટ થાય એ ધર્મ (અને) એનું પૂર્ણ ફળ એ કેવળજ્ઞાન. સમજાણું કાંઈ?

એટલે જ્ઞાનનો સ્વભાવ આવડો છે એવો અહીંયા નિશ્ચય કરાવે છે. તું એવડો છો એમ નિશ્ચય કરાવે છે. સમજાણું કાંઈ? 'જ્ઞાન' એમ બતાવીને (સિદ્ધ કર્યું કે) એ જ્ઞાનસ્વભાવ કોઈનું કરતું નથી અને કોઈ પાસેથી કંઈ લેતું નથી અને જેટલા છે એટલાને જાણ્યા વિના રહેતું નથી. સમજાણું કાંઈ? એવો આત્માનો જ્ઞાનસ્વભાવ પ્રગટ થતાં પૂર્ણ બધાને જાણે—ત્રણ કાળ, ત્રણ લોકને. ત્રણ કાળમાં ભવિષ્ય અનંત-અનંત છે એને પણ એ જાણે. કંઈ એને બાકી નથી. એવું જો ન જાણે અને પરની અપેક્ષાથી જાણે, એ સર્વજ્ઞ નહીં. એ તો પરોક્ષ દૃષ્ટિ છે. એ જ્ઞાનનો પૂર્ણ સ્વભાવ નહીં. ઝીણું લાગે... આવું શું? સિદ્ધ કરીને જ્ઞાનનો સ્વભાવ આવો છે એમ વર્ણવે છે. સમજાણું કાંઈ? એની ટીકાનો મુનિરાજ શ્લોક કહે છે.

**(હવે આ ૧૬૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)**

**यो नैव पश्यति जगत्त्रयमेकदैव**
**कालत्रयं च तरसा सकलज्ञमानी ।**
**प्रत्यक्षदृष्टिरतुला न हि तस्य नित्यं**
**सर्वज्ञता कथमिहास्य जडात्मनः स्यात् ॥२८४॥**

ઓલી કોર અર્થ છે. જુઓ! આ આત્મા ને આત્માનો સ્વભાવ ને સ્વભાવનું સામર્થ્ય કેટલું, એ જણાવે છે. એ વસ્તુનું સ્વરૂપ વાસ્તવિક જાણવું અને એનો આશ્રય લેવો ત્રિકાળી જ્ઞાનનો, એનું નામ ધર્મ ને મુક્તિનો માર્ગ છે, એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

**શ્લોકાર્થ : સર્વજ્ઞતાના અભિમાનવાળો...** 'અભિમાનવાળો' ક્યાંથી કાઢ્યું? **માની.. सकलज्ञमानी...** સકળજ્ઞ માનનારો. કહો, સમજાણું કાંઈ? સર્વજ્ઞના અભિમાનવાળો.... સર્વજ્ઞપણું નથી. સર્વજ્ઞપણું હોય તો એ તો ત્રણ કાળ, ત્રણ લોકનું જાણવાનું જ એ કાર્ય એનું છે, કોઈને બાકી રાખ્યા વિના. કહો, સમજાણું કાંઈ? એમાં જ વાંધા કાઢ્યા બધાય. કેટલાય પ્રશ્નો ઉઠે, સર્વજ્ઞ.... કોઈ કહે કે સર્વજ્ઞ જાણે, (પણ) છેલ્લી પર્યાય ન જાણે. કોઈ કહે કે સર્વજ્ઞ... પણ છેલ્લી પર્યાય છે જ નહીં તો જાણે ક્યાંથી? સર્વજ્ઞ અનંતને જાણે માટે ત્યાં અનંતનો અંત આવી ગયો. ઘણા પ્રકારે સર્વજ્ઞની શક્તિના સામર્થ્યમાં લોકોને સંદેહ છે. નિઃસંદેહ ચીજ શું છે એની ખબર નથી.

તો કહે છે કે સર્વજ્ઞતાના માની માણસો–**જે જીવ શીઘ્ર એક જ કાળે...** એક જ સમયમાં... બહુ સૂક્ષ્મ વાત છે. **ત્રણ જગતને અને ત્રણ કાળને...** એક સમયમાં ત્રણ કાળ ને... ત્રણ જગત તો લીધું છે, પણ અલોક પણ ભેગું લીધું છે. સમજાણું કાંઈ? **દેખતો નથી, તેને**

**સદા (અર્થાત્ કદાપિ) અતુલ પ્રત્યક્ષ દર્શન નથી...** આવું દેખતો નથી એને કદાપિ અતુલ– ઉપમા ન આપી શકાય એવું પ્રત્યક્ષ દર્શન નથી. દેખવું નથી એટલે એને સર્વજ્ઞપણું નથી.

**તે જડ આત્માને...** આહાહા! ભગવાન (આત્મા) તો જગતની આંખ્યું છે. આ આત્મા હોં. ભગવાન તો ભગવાન છે. આ આત્મા પણ જગતની ચક્ષુ છે. ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એવો જ એનો–એક સમયની પર્યાયનો સ્વભાવ છે. સર્વજ્ઞની વ્યાખ્યા કરી છે. કોઈ જ્ઞાની પણ એક સમયમાં બધું જાણે, એવો જે જ્ઞાનના અંશનો–પર્યાયનો સ્વભાવ છે. આવું સર્વજ્ઞપણું જેને નથી એ જડ જેવો છે, કહે છે અહીં તો. સમજાણું કાંઈ? અને અમે બધું ત્રણ કાળ, લોકને જાણીએ છીએ એમ કહે છે. **અતુલ પ્રત્યક્ષ દર્શન નથી, તે જડ આત્માને સર્વજ્ઞતા કઈ રીતે હોય?** સર્વ-જ્ઞ (અર્થાત્) બધાને પૂર્ણ જાણવું એવો જ્ઞાનની પૂર્ણ પર્યાયનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એની સાથે પોતાને મેળવે કે હું એક આત્મા આનંદસ્વરૂપ છું, જ્ઞાનસ્વરૂપ છું. એ જ્ઞાનસ્વરૂપમાં વર્તમાન પર્યાયમાં પૂર્ણતા કેમ નથી? એથી એ જ્ઞાનની પર્યાય ક્યાંક અટકી રહેલી છે. સમજાણું કાંઈ?

એ જો, પૂર્ણ જ્ઞાનસ્વભાવ પોતાનો છે, ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવ જ છે એમાં જો રહે, લીન થાય તો એ સર્વજ્ઞપર્યાય પ્રગટ થાય. સમજાણું કાંઈ? અને એને મોક્ષ કહેવામાં આવે. અરે! **જડ આત્માને**... કહે છે. અહીં તો એને જડ કીધો છે. હવે એક સમયમાં પૂર્ણ બધાને ન જાણે, મહારાજ! એ જ્ઞાનની સર્વજ્ઞતાના સ્વભાવ વિનાનો, એમ. કહે છે, જડ છે. કહો, સમજાણું કાંઈ? ચૈતન્ય તો એના ચૈતન્યની શક્તિ... ચેતન તો ચૈતન્યની શક્તિ... ચેતન દ્રવ્ય એની ચૈતન્યશક્તિ–ગુણ એને આશ્રયે થયેલી ચૈતન્યની પ્રગટ અવસ્થા–સર્વજ્ઞતા એ દ્રવ્ય-ગુણ-પર્યાયનું એનું પૂરું રૂપ છે. સમજાણું કાંઈ? આવું પૂરું રૂપ નથી તો, કહે છે કે એ આત્મા જ નથી, બધા જડ છે. આહાહા! સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને એ પૂર્ણ નથી, પણ એને પૂર્ણની પ્રતીતિ છે. આત્મા પૂર્ણ સ્વભાવે છે અને મારી પર્યાય પૂર્ણ થવાની છે. એ પૂર્ણ સ્વભાવનો આશ્રય લઈને ચૈતન્યના અંતર ઘોલનમાં જે દશા પ્રગટ થઈ, એનાથી પૂર્ણ દશા ક્રમે પ્રગટ થશે (એમ) એ માને છે. સમજાણું કાંઈ? આ તો સર્વજ્ઞ નથી અને સર્વજ્ઞ માને, (તો) પરોક્ષ દૃષ્ટિ એકલી જડ છે. સમજાણું કાંઈ? ૧૬૯. જરી બીજી વાત છે. **लोयालोयं जाणइ...** જરી શાંતિથી–ધીરજથી સમજવા જેવી વાત છે. આ તો અંતરની અલૌકિક વાતું છે. સમજાણું કાંઈ?

**लोयालोयं जाणइ अप्पाणं णेव केवली भगवं।**
**जइ कोइ भणइ एवं तस्स य किं दूसणं होइ॥ १६९॥**
**પ્રભુ કેવળી જાણે ત્રિલોક-અલોકને, નહિ આત્મને,**
**જો કોઈ ભાખે એમ તો તેમાં કહો શો દોષ છે? ૧૬૯.**

શું કીધું? લોકાલોકને જાણે ને આત્માને ન જાણે તો વાંધો શું છે? કહે છે. **ટીકા : આ, વ્યવહારનયની પ્રગટતાથી કથન છે. 'पराश्रितो व्यवहारः (વ્યવહારનય પરાશ્રિત છે)' એવા (શાસ્ત્રના) અભિપ્રાયને લીધે, વ્યવહારે વ્યવહારનયની પ્રધાનતા દ્વારા (અર્થાત્ વ્યવહારે વ્યવહારનયને પ્રધાન કરીને), સકળ-વિમળ કેવળજ્ઞાન જેમનું ત્રીજું લોચન છે...** આ બે આંખ્યું તો જડની આ બહારની છે. અંદરની આંખ્યું ખીલી ગઈ છે એને કેવળજ્ઞાનના નેત્ર. ભગવાન ચૈતન્યના પૂર્ણ સ્વભાવવાળું એની પર્યાયમાં પૂર્ણ સ્વભાવ પ્રગટ થઈ ગયો. કળી જેમ ખીલે, એમ આત્માનું જ્ઞાન અંતરમાં પૂર્ણ હતું એની એકાગ્રતા દ્વારા એ જ્ઞાન ખીલી ગયું. આહાહા! કહો, સમજાણું કાંઈ? એને અહીંયા સર્વજ્ઞજ્ઞાન કહે છે.

એવા સર્વજ્ઞનું ત્રીજું લોચન **અને અપુનર્ભવરૂપી સુંદર કામિનીના જેઓ જીવિતેશ છે (મુક્તિસુંદરીના જેઓ પ્રાણનાથ છે)...** મુક્તિરૂપી સ્ત્રી–પરિણતિ એના એ પ્રાણનાથ છે (એટલે) જીવિતેશ છે. આહાહા! સર્વજ્ઞ, ભગવાન આત્માનો સ્વભાવ સર્વજ્ઞ છે, એ સર્વજ્ઞપણું જેણે પ્રગટ કર્યું, એ સુંદર પૂર્ણ મુક્તિરૂપી સ્ત્રી એના એ પ્રાણનાથ છે, એના જીવતરના ઈશ્વર છે. આહાહા! સમજાણું કાંઈ? **એવા ભગવાન છ દ્રવ્યોથી વ્યાપ્ત ત્રણ લોકને...** છ દ્રવ્ય.. આ ચૌદ બ્રહ્માંડ છે એમાં છ દ્રવ્યો છે એને **અને શુદ્ધ-આકાશમાત્ર અલોકને જાણે છે...** છ દ્રવ્ય અને લોકને-અલોકને જાણે, (પણ) પોતાને ન જાણે. કઈ અપેક્ષાએ? જેમ પરને આમ જાણે એ વ્યવહાર છે, એ રીતે વ્યવહારથી પોતાને ન જાણે. પોતાને જાણે તો નિશ્ચયથી તન્મય થઈને જાણે છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે.

આ પુસ્તક છે એને જાણવું. જાણવું એ જ્ઞાન કાંઈ પુસ્તકમાં તન્મય થતું નથી, માટે તેને વ્યવહાર કહ્યો. એમ વ્યવહારે આત્માને જાણે, પરને જેમ જાણે એમ વ્યવહારે આત્માને જાણે—એમ નથી. સમજાણું કાંઈ? આત્મા તો નિશ્ચયથી પોતાને જાણે. તન્મય થઈને જાણે માટે નિશ્ચય છે. એ વ્યવહારે ન જાણે એમ કહેવું (એમાં) વાંધો નથી કાંઈ. આમ પરમાં તન્મય થઈને જાણતો નથી, સમજાણું કાંઈ? એમ આત્મામાં, તન્મય થઈને ન જાણે એવો વ્યવહાર (નથી માટે) એ વ્યવહારે આત્માને જાણતો નથી. સમજાણું કાંઈ? પરને જુદું રાખીને જાણવું એ વ્યવહાર થયો, એમ આત્માને જુદો રાખીને જાણે—એમ નથી એમાં. શું કીધું આ સમજાણું કાંઈ?

આ શું કહેવાય? આ પ્લાસ્ટિક છેને. રતિભાઈનું, આ રાજકોટનું પ્લાસ્ટિક છે. આ તમારું છે. આ લાકડીનો લ્યો દાખલો. આ લાકડીને જાણે જ્ઞાન, (તો) જ્ઞાન એમાં એકમેક થઈને જાણે છે? પર અપેક્ષાથી એને 'જાણે છે' એમ કહેવું એ વ્યવહાર. એમ આત્મા વ્યવહારથી આત્માને જાણે? સમજાણું કાંઈ? જ્ઞાન પરને જાણે એમ કહેવું એ વ્યવહાર છે, એ રીતે જ આત્મા વ્યવહારથી જણાય—એમ નથી. જુદો રહીને એને જાણે એવું આત્મામાં નથી. માટે વ્યવહારથી આત્માને જાણે નહીં, વ્યવહારથી આને જાણે. હીરાભાઈ! ભારે વાતું આવી... સાધારણ સમાજને

(આકરું લાગે). બાપુ! તારો સ્વભાવ એવો છે ભાઈ! એમ કહે છે. પોતે પોતાને જાણે તો એકરૂપ–તન્મય થઈને જાણે. વેગળો રહીને જાણે એવું એનામાં છે નહીં. સમજાણું કાંઈ?

**નિરુપરાગ (નિર્વિકાર) શુદ્ધ આત્મસ્વરૂપને નથી જ જાણતા...** જેમ પરને જુદા રાખીને જાણે છે, એમ આત્માને જુદો રાખીને જાણે છે એમ છે નહીં. **એમ જો વ્યવહારનયની વિવક્ષા** નામ કથનથી **કોઈ જિનનાથના**—સર્વજ્ઞ પરમાત્માના **તત્ત્વવિચારમાં નિપુણ જીવ (જિનદેવે કહેલા તત્ત્વના વિચારમાં પ્રવીણ જીવ) કદાચિત્ કહે, તો તેને ખરેખર દૂષણો નથી.** કેમ નથી દૂષણ? આત્માને ન જાણે એ દૂષણ નથી? જુદો રાખીને જાણે એવું એમાં છે જ નહીં, માટે દૂષણ છે નહીં. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! આત્મા જ્ઞાનાનંદસ્વભાવ, એ જ્ઞાનને તો જ્ઞાનમાં તન્મય થઈને એને જાણે. જ્ઞાનથી દૂર રહીને જ્ઞાનને જાણે એ વ્યવહાર એનામાં છે નહીં. સમજાણું કાંઈ આમાં? આહાહા!

એમ કોઈ તત્ત્વવિચારથી કહે તો એને વાંધો–દૂષણ નથી. પહેલાં એમ આવ્યું હતું કે નિશ્ચયથી આત્મા આત્માને જાણે, લોકાલોકને ન જાણે. એમ આવ્યું હતુંને? લોકાલોકને તન્મય થઈને જાણે છે? કડવાશ છે જુઓ! અહીં મોઢામાં કડવાશ આવી કે ગળપણ આવ્યું. ગળપણ લ્યો સાકર. જ્ઞાન સાકરને, જ્ઞાન સાકરમાં તન્મય થઈને જાણે છે? સાકરને ભિન્ન રાખીને જ્ઞાન જાણે માટે વ્યવહાર થયો. પણ જ્ઞાન જ્ઞાનને જાણે, એ સાકરની પેઠે જ્ઞાનને ભિન્ન રાખીને જ્ઞાનને જાણે? ઝીણું પડે. સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્યે ગાથાઓ આ લીધી છે તો કાંઈ હેતુથી લીધી છેને. એનો સ્વભાવ પૂર્ણ છે. શક્તિએ તો પૂર્ણ છે, પણ પ્રગટ થાય ત્યારે પૂર્ણ છે અને પૂર્ણ જ્ઞાનમાં અનંત આનંદ છે. સમજાણું કાંઈ? એવું સ્વરૂપનું સામર્થ્ય છે કે જે પોતે પોતાને એકમેક–તદાત્મક થઈને જાણવું એનું નામ નિશ્ચય છે અને તદાત્મક થઈને ન જાણવું એનું નામ વ્યવહાર છે. તો વ્યવહારે આત્મા જણાતો નથી. વ્યવહારે પર જણાય છે. સમજાણું કાંઈ? **તેને ખરેખર દૂષણ નથી**. શ્લોક છે એનો. બીજો છે.

**એવી રીતે (આચાર્યવર) શ્રી સમંતભદ્રસ્વામીએ (બૃહત્સ્વયંભૂસ્તોત્રમાં શ્રી મુનિસુવ્રત ભગવાનની સ્તુતિ કરતાં ૧૧૪મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :**

**स्थितिजनननिरोधलक्षणं**
**चरमचरं च जगत्प्रतिक्षणम्।**
**इति जिन सकलज्ञलांछनं**
**वचनमिदं वदतांवरस्य ते ॥**

**શ્લોકાર્થ : હે જિનેન્દ્ર! તું વક્તાઓમાં શ્રેષ્ઠ છે...** સત્યને કહેવાના કથનના વક્તામાં તમે શ્રેષ્ઠ છો. **ચરાચર (જંગમ તથા સ્થાવર) જગત...** ગતિમાન પદાર્થો અને સ્થિર રહેલા પદાર્થો. એવા જગતને **પ્રતિક્ષણ (પ્રત્યેક સમયે)**—સમયે સમયે... એક 'ક' બોલે એમાં અસંખ્ય સમય

જાય. એના નાનામાં નાનો ભાગને સમય કહેવામાં આવે છે. એવા પ્રતિક્ષણ–પ્રત્યેક સમયે આ જગત **ઉત્પાદવ્યયધ્રૌવ્યલક્ષણવાળું છે' એવું આ તારું વચન...** વક્તામાં લીધું છે ખરુંને. વક્તાઓમાં શ્રેષ્ઠ છે, એમ કહ્યું છેને? એક સેકંડના અસંખ્ય ભાગમાં પ્રત્યેક દ્રવ્ય– વસ્તુમાં નવી અવસ્થા ઉત્પન્ન થાય, પુરાની અવસ્થા વ્યય થાય, સદશપણે ધ્રૌવ્યપણે તે તત્ત્વ રહે. સમય એક અને ત્રણ અંશ. એવું ઉત્પાદવ્યયધ્રૌવ્યલક્ષણવાળું છે. કોણ? આ જગત. **એવું આ તારું વચન**... એ વાણી તમારી એવી આવી એ **(તારી) સર્વજ્ઞતાનું ચિહ્ન છે.** એ સર્વજ્ઞતાનું ચિહ્ન, 'આપ સર્વજ્ઞ છો' એમ એનું લક્ષણ જણાય છે. આહાહા! સમજાણું કાંઈ?

એવો સર્વજ્ઞ જીવ થઈ શકે એવું એનું સ્વરૂપ છે. ભારે કરી.. ત્રણ કાળ, ત્રણ લોક... અહીં તો શ્રુતજ્ઞાન આત્માનું થતાં, જ્ઞાનમાં ભગવાન અનંતસ્વરૂપ પ્રભુ આત્મા છે એવું અંતર વેદન જ્ઞાનનું થતાં, એ જ્ઞાનની પર્યાય પણ જેટલું છે એટલું જાણવાની તાકાત રાખે છે. એથી બીજો અનંતગુણું હોત (તો એને જાણવાની) એ તાકાત રાખે છે. આહાહા! કોઈનું કરવું કે કોઈથી લેવું કે કોઈને જાણ્યા વિના રહેવું—એવું એનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? ..... પૂર્ણ જાણે, પૂર્ણ જાણે. એક સમયમાં ત્રણ ભાગ—ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય એ રીતે ત્રણે કાળે વર્તે છે. એક સમયમાં ત્રણ પકડ્યા અને આપે કહ્યું કે એક સમયમાં ત્રણ છે. આપે કહ્યું એ સર્વજ્ઞતાનું ચિહ્ન છે. આ વાણી સર્વજ્ઞને અનુસારે નીકળેલી છે. સમજાણું કાંઈ?

એ સમંતભદ્ર આચાર્યની સ્તુતિ છે મુનિસુવ્રતનાથ ભગવાનની. હમણાં આવી ગયું છે, સ્તુતિમાં આવી ગયું છે ભક્તિમાં. આખું જગત–ચૌદ બ્રહ્માંડ(માં રહેલા) છ દ્રવ્યો એક સેકંડના અસંખ્યભાગમાં–એક સમયમાં—જે કાળના બીજા ભાગ ન પડે એવા કાળમાં–એક સમયમાં—જગતના દ્રવ્યો ઉત્પાદ-વ્યય ને ધ્રુવ(પણે) વર્તે એમ આપે કહ્યું. એ કહ્યું એ વચન સર્વજ્ઞતાનું લક્ષણ બતાવે છે. સમજાણું કાંઈ? વક્તાઓમાં શ્રેષ્ઠ છે. તમે શ્રેષ્ઠ છો વક્તાઓમાં. સમજાણું કાંઈ? જે સર્વજ્ઞતામાં એક સમયમાં દરેક દ્રવ્યની ત્રણ વસ્તુ (-અંશ) જણાણી અને આમ છે એમ કહ્યું આપે. ઠીક! વક્તામાં શ્રેષ્ઠ છો અને સર્વજ્ઞતાનું લાંછન છે (એટલે) ચિહ્ન છે ચિહ્ન, એમ. સમજાણું કાંઈ? છેને અંદર લાંછન છેને? **લાંછનં**.. લાંછન એટલે આ લાંછન (-કલંક) લાગે એમ નહીં. ચિહ્ન. આહાહા!

અનંત-અનંત આકાશ છે આમ. છે કે નહીં? આમ ચીજ છે એ. એમ જતાં.. જતાં.. જતાં.. જતાં કાંઈ અંત આવે? અંત આવે કાંઈ આમાં? અંત આવે તો પછી શું? આકાશ અરૂપી આમ અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત એમને એમ જતાં.. જતાં.. જતાં.. જતાં.. જતાં, કે હવે ખલાસ થઈ ગયું (એમ) છે? એવા ભાગને પણ આપે ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્યવાળો એક સમયમાં કહ્યું. એ સર્વજ્ઞનું ચિહ્ન છે. આપે બધું જોયું છે. સમજાણું કાંઈ? અનંત ક્ષેત્ર, અનંત કાળ, અનંત દ્રવ્ય, અનંત ગુણ, અનંત અવસ્થા, અવસ્થાના પણ અનંત-અનંત

અવિભાગો પ્રતિચ્છેદોના અંશો પ્રત્યક્ષ પ્રભુ આપે જોયા છે. એથી તમારું વચન, ઉત્પાદ-વ્યય-ધ્રુવ એક સમયમાં કહેવાવાળું એ તમારું વચન સર્વજ્ઞતાને બતાવે છે. આવી વાણી સર્વજ્ઞ સિવાય હોય નહીં ક્યાંય. સમજાણું કાંઈ? આહા! અમે પરમેશ્વર છીએ એમ કહે ને વળી ઘોડીએ બેસે, અમે પરમેશ્વર છીએ ને વળી આહાર કરે, અમે પરમેશ્વર છીએ અને રોગ શરીરમાં થાય—એ પરમેશ્વર જ નથી. સમજાણું કાંઈ? આવા આચરણમાં સર્વજ્ઞપણું હોઈ શકે નહીં અને એનામાં એક સમયમાં ત્રણ (અંશ) જાણે એવી વાણી પણ હોય નહીં. આહાહા!

**વળી (આ ૧૬૯ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :** ૨૮૫.

**जानाति लोकमखिलं खलु तीर्थनाथः..** આવા જીવને દેવ કહીએ એમ કહે છે. એ સિવાયના બધા દેવ નામ ધરનારા બળી રહ્યા છે અજ્ઞાનથી, કહે છે. સમજાણું કાંઈ? જેને દિવ્યશક્તિ જ્ઞાનની પૂર્ણ પ્રગટ થઈ ગઈ છે એને દેવ કહીએ, બીજાને દેવ કહેવાય નહીં. મનાય નહીં કહે છે. માનવાના વાંધા હજી.

**जानाति लोकमखिलं खलु तीर्थनाथः**
**स्वात्मानमेकमनघं निजसौख्यनिष्ठम्।**
**नो वेत्ति सोऽयमिति तं व्यवहारमार्गाद्**
**वक्तीति कोऽपि मुनिपो न च तस्य दोषः॥२८५॥**

**मुनिपो** એટલે? **मुनिपो** શબ્દ આવ્યોને. મુનિવર સહિત. 'મુનિવર' છે અંદર. **मुनिपो** એટલે મુનિવર.

**શ્લોકાર્થ : તીર્થનાથ**–જિનેન્દ્રદેવ સર્વજ્ઞ પરમાત્મા જેણે એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણ્યા એવા તીર્થનાથ **ખરેખર આખા લોકને જાણે છે અને તેઓ એક, અનઘ (નિર્દોષ)** છે. જે રીતે લોકને–પરને જાણે છે એ રીતે એક નિર્દોષ **નિજ સૌખ્યનિષ્ઠ (નિજસુખમાં લીન)** ભગવાન આત્મા છે. સર્વજ્ઞ થયા એ તો પૂર્ણ આનંદમાં લીન છે. આનંદ સ્વભાવ જે આત્મામાં હતો, અતીન્દ્રિય આનંદનો નાથ આત્મા છે એ આનંદ જ્યાં સર્વજ્ઞપણામાં પ્રગટ્યો, પૂર્ણ આનંદમાં લીન છે. એ ભગવાન **સ્વાત્માને જાણતા નથી.** જેમ બીજાને દૂર રાખીને જાણે, એમ આત્માને દૂર રાખીને જાણતા નથી. આહાહા! સમજાણું કાંઈ?

**નિજ સૌખ્યનિષ્ઠ...** ભગવાન તો પોતાના આનંદમાં લીન છે. એને દૂર રાખીને જાણે એવું છે નહીં અને વ્યવહારે આત્માને આત્મા જાણતો નથી. અહીં તો એમ વિચાર આવ્યો કે જ્યાં નિશ્ચય આત્માનું ભાન થયું, નિશ્ચય હો તો તેને રાગાદિ વ્યવહાર હોય. કારણ કે ભિન્ન જાણીને–જુદો રાખીને જાણે. સમજાણું કાંઈ? એમ નીચે(ના ગુણસ્થાને) પણ આત્મા જુદો રાખીને એને જાણે એવો વ્યવહાર એમાં નથી. રાગને જુદો રાખીને જાણે એવો વ્યવહાર છે. સમજાણું કાંઈ? આત્માના સ્વભાવમાં નિશ્ચય લીન રહીને રાગને જાણે એ વ્યવહાર છે, પણ

રાગને ભિન્ન રાખીને જાણે એમ આત્માને ભિન્ન રાખીને જાણે એમ છે નહીં. શું કીધું સમજાણું આમાં? વેપારીઓને આવા બધા તર્કો ઉઠે નહીં. ઓઘે ઓઘે હાલે ગાડાં. આહાહા!

અહીં તો વાસ્તવિક તત્ત્વ ભગવાન ચૈતન્યસ્વરૂપ આ દેહના પરમાણુ–માટીથી જુદો છે. ચૈતન્યસ્વભાવ–જેનો જાણવું સ્વભાવ છે, જગતની આંખ્યું એ તો છે. જગતરૂપ નથી, જગતની આંખ્યું છે. એ જગતને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. અને એ જ રીતે આત્મા આત્માને વ્યવહારથી જાણે એમ બની શકે નહીં, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? એમ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાનમાં આત્મા આત્માથી–પોતાથી જાણે, તન્મય થઈને જાણે એ તો નિશ્ચય છે અને રાગને તન્મય થયા વિના જાણે એ વ્યવહાર કહેવાય. પણ (જેમ) રાગને તન્મય થયા વિના જાણે, એમ આત્માને તન્મય થયા વિના જાણે એમ એના સ્વભાવમાં છે નહીં. આહાહા! સમજાણું કાંઈ?

સાધારણ વાત લાગે, પણ વાતમાં અંદર ઊંડા માલ છે. માણસને આ દ્રવ્ય-ગુણ-પર્યાય શું એનું જ્ઞાન જ ફેરફાર થઈ ગયો. પછી વ્યવહાર ને નિશ્ચયના ભાગલા પાડવા એ તો વળી ક્યાંય રહી ગયા. આહાહા! ભગવાન આત્મા... અહીં તો જુઓને! એક સાધારણ કેળવણીનું જ્ઞાન કાંઈ મોટું પામે ને કંઈ પાર પામ્યા. શું કહેવાય છે? એને–માસ્તરને કહેવાય છેને. એ શું કહેવાય? માસ્તર કહેવાય છેને બહુ ભણેલાને. બધામાં હુશિયાર એ માસ્તર કહેવાય. એવું આવે છે ક્યાંક. ...... એ તો ઉપાધિ, પણ માસ્તર મોટો પ્રોફેસર. આ માસ્તર સાધારણ એમ નહીં. અહીં આપે છે, પદવી આપે છે. .... મોટો માસ્તર નિષ્ણાંત. ધૂળમાંય નિષ્ણાત નથી. પરવસ્તુનું જ્ઞાન એ જ્ઞાન નથી. એ કેળવણીનું જ્ઞાન, આ વકિલાતનું જ્ઞાન, આ ડોક્ટરનું જ્ઞાન— એ બધું અજ્ઞાન છે. સમજાણું કાંઈ? કુજ્ઞાન કહો કે અજ્ઞાન કહો. કુજ્ઞાન છે, બંધનું કારણ છે, રખડવાનું કારણ છે. કેમકે તે જ્ઞાનમાં પોતે આવ્યો નથી. એ જ્ઞાનમાં આ બધું.. આ બધું.. આ બધું આવ્યું, એમ. સમજાણું કાંઈ?

જે જ્ઞાનમાં પોતે નથી આવ્યો એ જ્ઞાનને અજ્ઞાન કહે છે. જે જ્ઞાનમાં પોતે આવ્યો, યથાર્થપણે સ્વજ્ઞેયને જાણ્યો, એ નિશ્ચયજ્ઞાની કહેવાય છે. અને રાગાદિ બાકી રહે છે... દેવ-ગુરુ-શાસ્ત્રને જાણે એને વ્યવહાર કહેવાય. કેમકે એમાં એકમેક થઈને જાણતો નથી. જુદા રાખીને જાણે તેને વ્યવહાર કહીએ. અભેદ થઈને–તન્મય થઈને જાણે તેને નિશ્ચય કહીએ. સમજાણું કાંઈ? આ વ્રત પાળવા, બ્રહ્મચર્ય (પાળવા), અપવાસ કરવા—એવા એવા.... શું કહે છે આમાં કાંઈ મોં-માથું હાથ આવે નહીં. આહાહા!

તીર્થનાથ આખા લોકને જાણે છે. અને એક આ જે આનંદમાં લીન પ્રભુ આત્મા છે... સર્વજ્ઞની વાત છેને. એવા સ્વાત્માને... (નિજ સુખમાં) લીન છે એમાં લીન રહ્યા વિના **સ્વાત્માને જાણતા નથી—એમ કોઈ મુનિવર વ્યવહારમાર્ગથી કહે તો તેને દોષ નથી**. એને જુદો રાખીને

એ જાણતા નથી માટે વ્યવહારે જાણતા નથી. આહાહા! સમજાણું કાંઈ? .... ક્યાં જાય છે? જાય છે ક્યાં? ...... વ્યવહારથી ન જાણે એટલે વ્યવહારથી જુદો છે એમ જાણે? જેમ જગતને જુદો રાખીને જ્ઞાન જાણે એને વ્યવહાર કહ્યો, એ રીતે આત્માને જુદો રાખીને જાણે? માટે વ્યવહારે જાણતો જ નથી. સમજાણું કાંઈ? ખુલાસો તો આવી ગયો બે-ત્રણ વાર.

સચ્ચિદાનંદ પ્રભુ, આનંદનો નાથ આત્મા એને તો એમાં એકાકાર થઈને એ જાણે છે. સમજાય છે કાંઈ? એકાકાર થયા વિના એ જણાય જ નહીં એમ કહે છે, અને રાગમાં એકાકાર થયા વિના રાગ જણાય. સમજાણું કાંઈ? આ શરીર છે લ્યો હાડકાં. આ તો જડ છે, માટી છે. એ જ્ઞાન જાણે છે કે નહીં? જ્ઞાન શું જાણે? શી રીતે જાણે છે? આ ઠંડું છે. ઠંડામાં પેસીને જાણે છે? જુદું રાખીને જાણે છે. આમ પરાશ્રિત છેને એટલે. આ છે, આ છે એનું જે જ્ઞાન થયું એ તો પોતામાં થયું છે, પણ એ જ્ઞાન આને જાણે છે એમ એમાં એક (થયા) વિના જાણે એટલે એને વ્યવહાર કહેવાય. એમ આત્મા પોતાના સ્વરૂપને જ્ઞાનમાં એકાકાર થયા વિના જાણે? વ્યવહારે જાણતો નથી. એકમેક થયા વિના જાણતો નથી, એકમેક થઈને જાણે એ નિશ્ચય છે.

રાત્રે પ્રશ્ન થયો હતોને. નહોતું તમે કહ્યું સવારમાં? ઓલા ત્રણ બોલ નહોતા આવ્યા? ત્રણ નય છે. આત્મા પોતાનો જ્ઞાનગુણ જે ત્રિકાળ એનાથી જાણે એ શુદ્ધનિશ્ચય છે. કેમકે જ્ઞાન પોતાને જાણે આખાને એ તો નિશ્ચય છે. ઓલો તો ત્રિકાળીજ્ઞાન ત્રિકાળીને જાણે એ શુદ્ધનિશ્ચય છે. વર્તમાનજ્ઞાન ત્રિકાળી આદિને જાણે અને પોતાને જાણે એ નિશ્ચય છે સ્વ-આત્મા. અને એ જ્ઞાન પરને જાણે એ વ્યવહાર છે. પરમાં તન્મય થતો નથી. જ્ઞાન પોતાને જાણે ગુણ હોં, એ તો તન્મય છે–એમાં એકાકાર છે. ત્રિકાળી જ્ઞાન, ત્રિકાળી દર્શન એ ત્રિકાળીને જાણે એ તો તન્મય.. તન્મય–એકરૂપ ત્રિકાળ છે. અને આ નિશ્ચય અભેદ છે અને આ પણ નિશ્ચય અભેદ છે એટલે એને શુદ્ધનિશ્ચય કહ્યો. આખા આત્માને પૂર્ણ જાણે એકલો સ્વાશ્રયે એ નિશ્ચય કહ્યો, પર્યાયથી જાણે એમ. ઓલો ગુણથી દ્રવ્યને જાણે, ઓલો પર્યાયથી જાણે.

કાર્યપરમાત્મા હોવા છતાં... આવ્યું છેને એમાં? કોણ કાર્યપરમાત્મા? પર્યાયમાં કાર્યપરમાત્મદશા છે. છતાં ત્રિકાળી ગુણ એ ગુણીને જાણે. તન્મય છેને એકમેક. અંદરમાં ગુણ જે ત્રિકાળી દ્રવ્યને જાણે એનું નામ શુદ્ધનિશ્ચય. અને એક સમયની વર્તમાનપર્યાય પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય—ત્રણેને જાણે એ સ્વ-આશ્રિત નિશ્ચય. અને વર્તમાનપર્યાય જેમાં તન્મય નથી એવી ચીજને જાણે એનું નામ વ્યવહાર. આવું.... આવી વાતું કાંઈ ચાલતી હશે બધા ભાઈઓના વેપારમાં? ન્યાં તો ધંધો આમ કરવો, ઘરનું આ કરવું, ફલાણું આ કરવું, ઢીકણું આ કરવું. આહાહા! ઘરની ચીજને ઘરમાં રહીને જાણવી એ નિશ્ચય છે. ઘરની ચીજમાં–ઘરમાં ચીજ નથી એને જાણવું એ વ્યવહાર છે. નથી એને જાણવું એનું (નામ) વ્યવહાર, પણ છે એનામાં એને જાણવું એ વ્યવહારથી જાણે છે? વ્યવહાર જાણતો જ નથી. સમજાણું કાંઈ?

કુંદકુંદાચાર્યે આ ગાથામાં લીધું છે... મહામુનિ પ્રમત્ત-અપ્રમત્તમાં ઝુલતાં, પોતાની ભાવના માટે ગ્રંથ રચ્યો છે એમ કહે છે. છેલ્લી ગાથા છેને. ભાવના માટે રચ્યો છે. આહા! અમે તો અમારા આત્માને અભેદથી–નિશ્ચયથી જાણીએ છીએ. જુદો રાખીને જાણીએ તન્મય થયા વિના, એમ નથી. માટે અમે આત્માને જાણીએ એ નિશ્ચય–યથાર્થ છે. એ આત્મા.... અહીં તો કહે છે કે પરનું જ્ઞાન એ તો ઠીક, એકલું અજ્ઞાન છે, પણ પરવસ્તુ સિદ્ધભગવાનાદિ છે, જ્ઞાનની મૂર્તિ આનંદકંદ પ્રભુ છે—એને જાણે કહેવું એ વ્યવહાર છે. આત્માને જાણ્યા વિના એકલું પરનું જ્ઞાન એ તો અજ્ઞાન છે. પણ આત્માને જાણેલું જ્ઞાન, એ જ્ઞાન સિદ્ધને જાણે એ વ્યવહાર છે. આહાહા! એ જ્ઞાન વ્યવહારે પોતાને જાણતું નથી એટલે જુદું રહીને જાણતું નથી. વ્યવહારે આત્મા આત્માને જાણતો નથી. આહાહા! સમજાય છે કાંઈ?

પોતાનો ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ એને જાણ્યા વિના એકલું આ લૌકિકજ્ઞાન, શાસ્ત્રજ્ઞાન, ડોક્ટરજ્ઞાન, વકીલાતનું જ્ઞાન એ અજ્ઞાન છે. એ તો અજ્ઞાન છે. એક વાત. પોતાને જાણતા થયેલું જ્ઞાન એ જ્ઞાન પરને જાણે, આ સ્વ સહિત હોં. આવા સહિત નથી ને એકલું પરને જાણે એ તો એકલું અજ્ઞાન છે. સમજાણું? પોતાના જ્ઞાનના ભાન વિના પરનું એકલું જાણપણું એ તો અજ્ઞાન છે. હવે અહીં તો ભાનવાળો–જ્ઞાનવાળો, પોતાનું જ્ઞાન પોતાને થયું કે હું તો ચૈતન્ય આનંદ શુદ્ધ છું, એવા જ્ઞાનવાળો પરને જાણે એ પરાશ્રિત વ્યવહાર કહેવાય. સમજાણું કાંઈ? એ પરાશ્રિત વ્યવહાર, એ રીતે આત્માને વ્યવહારથી જાણે એમ નથી. સમજાણું કાંઈ? કહો, પંડિતજી! આ આત્માના ભાન વિનાની પંડિતાઈ અજ્ઞાન છે એમ કહે છે. સોલહ આના સહી હૈ.

અને આત્માના ભાનવાળું પરનું, લોકનું જ્ઞાન એ વ્યવહાર અને આત્માનું ભાન વ્યવહારે થઈ શકે નહીં અને વ્યવહારે આત્મા (પોતાને) જાણતો નથી. એ તો નિશ્ચયથી ભગવાન પોતામાં રાગથી પૃથક્ પડી, શરીર ને રાગ ને વિકારથી જુદો થઈ, પોતે પોતાને અંદર જાણે એ નિશ્ચયજ્ઞાન છે, એ સાચું જ્ઞાન છે. એવા જ્ઞાનીને પરનું જ્ઞાન વ્યવહારે છે એમ કહેવામાં આવે છે. આહાહા! ભારે વાત ભાઈ! તેને શું દોષ છે? એ ૨૮૫ (શ્લોક) થયો. એ તો સુખમાં લીન છે. ભગવાન આત્મા પૂર્ણ સર્વજ્ઞદશા... જ્યાં પૂર્ણ જ્ઞાન ત્યાં પૂર્ણ આનંદ. સમજાણું કાંઈ? એને દેવ કહીએ. આત્મા શક્તિએ એવો દેવ છે. એ સુખમાં જ લીન છે ભગવાન આત્મા. એનો આશ્રય લઈને જેણે પર્યાય પૂર્ણ પ્રગટ કરી એ સુખમાં લીન છે. સુખમાં લીન છે એને એમ કહેવું કે વ્યવહારે આત્મા જાણે છે, સુખમાં લીન છે એને એમ કહેવું કે વ્યવહારે આત્મા જાણે છે આત્માને—એમ બની શકે નહીં. આહાહા! હવે ૧૭૦.

**णाणं जीवसरूवं तम्हा जाणेइ अप्पगं अप्पा।**
**अप्पाणं ण वि जाणदि अप्पादो होदि विदिरित्तं ॥ १७० ॥**
**છે જ્ઞાન જીવસ્વરૂપ, તેથી જીવ જાણે જીવને;**
**જીવને ન જાણે જ્ઞાન તો એ જીવથી જુદું ઠરે! ૧૭૦.**

**ટીકા : અહીં (આ ગાથામાં) 'જીવ જ્ઞાનસ્વરૂપ છે' એમ વિતર્કથી (દલીલથી) કહ્યું છે. પ્રથમ તો, જ્ઞાન ખરેખર જીવનું સ્વરૂપ છે...** જેમ ગળપણ એ સાકરનું જ સ્વરૂપ છે, એમ આ ભગવાન આત્માનું જ્ઞાન જ સ્વરૂપ છે. જીવ જ્ઞાનસ્વરૂપ જ છે. આ આત્મા શરીરસ્વરૂપે નથી, વાણીરૂપે નથી, કર્મરૂપે નથી, એમ પુણ્ય-પાપના ભાવરૂપે નથી. એ તો જ્ઞાનસ્વરૂપ છે. ચૈતન્યસૂર્ય જ્ઞાનસ્વરૂપ છે. **તે હેતુથી, જે અખંડ અદ્વૈત સ્વભાવમાં લીન છે...** અખંડ પોતાની દશા અદ્વૈત સ્વભાવમાં અથવા વસ્તુસ્વભાવમાં લીન છે. લીન એ પર્યાય. તે **નિરતિશય પરમ ભાવના સહિત છે...** જેનાથી કોઈ ચડિયાતું નથી. **અનુત્તમ** એટલે ઉત્તમ નથી. **અજોડ** એવી પરમભાવના સહિત, જ્ઞાનની પરમ ભાવના સહિત છે.

**જે મુક્તિસુંદરીનો નાથ છે...** આહાહા! જ્ઞાનસ્વરૂપ છે એવો ભગવાન એની એકલી જ્ઞાનની પર્યાય પૂર્ણ થઈ ગઈ, એ મુક્તિસુંદરીનો–પૂર્ણ મુક્તદશા એનો એ સ્વામી છે. **અને બહારમાં જેણે કૌતુહલ વ્યાવૃત્ત કર્યું છે...** લ્યો, બહારનું જોવું જેણે ઉત્સુકતા છોડી દીધી છે. **(અર્થાત્ બાહ્ય પદાર્થો સંબંધી કુતુહલનો જેણે અભાવ કર્યો છે).** આહાહા! **એવા નિજ પરમાત્માને કોઈ આત્મા—ભવ્ય જીવ—જાણે છે.** એવા નિજ પરમાત્માને—પોતાનું ત્રિકાળી સ્વરૂપ એને—કોઈ આત્મા ભવ્યજીવ જાણે છે.**—આમ આ ખરેખર સ્વભાવવાદ છે.** કહો, સમજાણું કાંઈ?

તર્કથી કહે છે કે આત્મામાં જ્ઞાન છે, પણ જ્ઞાન આત્માને જાણે નહીં. એમ શિષ્યનો તર્ક છે એ. સ્થિર રહે, પણ આત્મા જ્ઞાનમૂર્તિ જ્ઞાનથી આત્મા જાણે, જ્ઞાનથી આત્મા જાણે—આ શું? આવો ભેદ શો? પછી આત્માનું.... સામા શિષ્યનો તર્ક છે. એમ નથી. જ્ઞાન આત્માને જાણે—આમ ખરેખર સ્વભાવવાદ છે, લ્યો. ભવ્યજીવ જાણે છે પોતાને પોતાના જ્ઞાન દ્વારા.. જ્ઞાન દ્વારા જાણે છે, માટે તે જ્ઞાન ભિન્ન અને આત્મા ભિન્ન એમ નથી. સમજાણું કાંઈ?

**આમ આ ખરેખર સ્વભાવવાદ છે**. ભાષા જુઓ! જ્ઞાન પોતાને જાણે છે એ સ્વરૂપ છે એનું. જ્ઞાન પોતાને ન જાણે તો એનું સ્વરૂપ શું? સમજાણું કાંઈ? એમ કે જ્ઞાન તો આત્મામાં સ્થિર છે, વળી જ્ઞાન આને જાણે આવું શું? એમ ભેદ કરીને સ્વભાવવાદ સિદ્ધ કર્યો. જ્ઞાન સ્વરૂપને જાણે, પોતાનું સ્વરૂપ છે, પોતાના સ્વરૂપને જાણે છે. **આનાથી વિપરીત વિતર્ક (વિચાર) તે ખરેખર વિભાવવાદ છે...** આનાથી ઊંધો એ બધો વિભાવવાદ છે. **પ્રાથમિક શિષ્યનો અભિપ્રાય છે.** આ તર્ક થયો. (પ્રમાણ વચન ગુરુદેવ)

**માગશર વદ ૩, રવિવાર, તા. ૫-૧૨-૧૯૭૧**
**ગાથા - ૧૭૦-૧૭૧, શ્લોક - ૨૮૬-૨૮૭, પ્રવચન નં. ૧૯૪**

આ નિયમસાર, શુદ્ધોપયોગ અધિકાર છે. અત્યારે અધિકાર (એનો છે કે) જ્ઞાન અને આત્મા એવા જ્ઞાનથી બે ભેદ પડવા છતાં જ્ઞાન ને આત્મા બે અભેદ છે, એથી જ્ઞાનની ભાવના કરનાર એ આત્માની જ ભાવના કરે છે. સમજાણું કાંઈ? જેમ રાગ અને દ્વેષના ભાવ એ આત્માની સાથે સંયોગીભાવ છે, એ સ્વભાવભાવ નથી. એમ જ્ઞાન ને આત્મા જુદા નામ પડ્યા, છતાં એ બે સંયોગીભાવ નથી, સ્વભાવભાવ છે. સમજાણું કાંઈ? આ વાત, અહીં સ્વ-પરપ્રકાશની ચર્ચામાં આ વાત લીધી છે. એ આવી ગયું છે ૧૭૦. **એ ખરેખર વિભાવવાદ છે, પ્રાથમિક શિષ્યનો અભિપ્રાય છે**. ત્યાં સુધી. છેને? ૧૭૦નો પહેલો પેરેગ્રાફ. હવે એની દલીલ છે શિષ્યની.

**તે (વિપરીત વિતર્ક—પ્રાથમિક શિષ્યનો અભિપ્રાય) કયા પ્રકારે છે? (તે આ પ્રકારે છે:)** શરૂઆતમાં તેણે સાંભળ્યું ખરું કે જ્ઞાન તે આત્મા અથવા જ્ઞાન ને આત્મા—(એવા) બે નામ સાંભળ્યા એટલે પ્રથમ શિષ્યને એમ થયું કે જ્ઞાન પણ આત્મા સાથે સંયોગસંબંધે લાગે છે. સમજાણું કાંઈ? આ આત્મા અને જ્ઞાન, એમ કહ્યુંને? એ પહેલામાં આવી ગયું છે આપણે કર્તા-કર્મમાં, નહીં? વિકારના ભાવ અને આત્માનો ભાવસ્વભાવ બેની ભિન્નતા–તફાવત ન જાણે, ત્યાં સુધી એ અજ્ઞાની મૂઢ છે. પુણ્ય ને પાપના ભાવ એ વિભાવભાવ છે અને સ્વભાવ ભિન્ન છે. એમ બેના તફાવતને ન જાણે ત્યાં સુધી એ અજ્ઞાનભાવે–બેની ભિન્નતાના અભાવે વિભાવભાવમાં પ્રવર્તે છે, ત્યાં સુધી એ મિથ્યાદૃષ્ટિ વિકારમાં પ્રવર્તે છે. એમ આત્મા ને જ્ઞાનસ્વભાવ—બેમાં એની પેઠે તફાવત નથી. વિકારના ભાવ અને જ્ઞાનના અથવા આત્માના ભાવ, એ જ્ઞાન ને જેમ આત્મા નામભેદ પડ્યા છતાં સ્વભાવભેદે એક છે, એમ પુણ્ય-પાપના ભાવ નામભેદ પડ્યા (અને) ભાવ પણ ભેદ છે. સમજાય છે કાંઈ?

એ આવ્યું છે. 'તફાવત' છેને શબ્દ ત્યાં? 'વિશેષાંતર' શબ્દ છે ત્યાં. અહીં 'તફાવત' શબ્દ છે. ભાષા એકની એક છે. સમજાણું કાંઈ? આ તો ધીરેથી સમજવાની વાત છે. ભગવાન આત્મા અને એનો જ્ઞાનભાવ-સ્વભાવ એ એકરૂપ છે, એ સ્વભાવવાદીની માન્યતા છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અને જ્ઞાનભાવ, સ્વભાવ (અને) સ્વભાવવાન અભેદ છે. જ્ઞાનની ભાવના ભાવતાં આત્માની જ ભાવના ભાવે છે ધર્મી. સમજાણું કાંઈ? પણ એ નામભેદે ભેદ થતાં સ્વભાવભેદે એક છે અને પુણ્ય-પાપના ભાવ સંયોગસંબંધે છે. હા, એ સંયોગસંબંધ છે.

'તદાત્મસંબંધ' એમ શબ્દ આવ્યો. જ્ઞાન અને આત્મા (વચ્ચે) તદાત્મસંબંધ છે. સંબંધ છે, પણ તદાત્મ છે. પણ સંબંધ કહેતા બે થઈ જાય છે એમ આ શિષ્યને પ્રશ્ન છે. સમજાણું કાંઈ?

સંબંધ કીધોને? આત્મા ને જ્ઞાનને સંબંધ છે. પણ કેવો સંબંધ છે એ લક્ષમાં ન લીધું. સમજાણું કાંઈ? એટલે બે ભિન્ન છે એમ થઈ ગયું એને. જાણવું–જ્ઞાન ને આત્મા બે ભિન્ન છે. સૂક્ષ્મ હૈ જરી, સમજનેકો કઠિન પડેગા. તુમકો તો અભ્યાસ નહીં હૈ ન. હિન્દી કરેંગે તો ભી સૂક્ષ્મ પડેગા. આ વ્યાખ્યા જ આખી જુદી જાતની છે. સૂક્ષ્મ વિષય છે. બપોરે રહે તો આ થઈ શકે. આમાંથી માંડ-માંડ ભેગું થાય. સમજાય છે કાંઈ? છેને? વિપરીત તર્ક... પ્રાથમિક શિષ્યનો અભિપ્રાય. આ બાજુ, પહેલી લીટી. પાનું ૩૪૩ પહેલી લીટી. એટલે કે પ્રથમ સાંભળનારે એમ સાંભળ્યું કે આત્મા ને જ્ઞાન. એમ સાંભળ્યું એટલે એને એમ થઈ ગયું કે આત્મા ને જ્ઞાન બે જુદા છે. સમજાણું કાંઈ? એટલે જ્ઞાન આત્માને જાણે, એમ નથી. બે જુદા છે. એમ શિષ્યને શંકા થઈ. શિષ્ય તો લીધો છે, પણ સાંભળેલો એવો લીધો છે. સમજેલો એવો નહીં. સમજાણું કાંઈ?

કહે છે કે **પૂર્વોક્તસ્વરૂપ (જ્ઞાનસ્વરૂપ) આત્માને આત્મા ખરેખર જાણતો નથી...** શિષ્યનો પ્રશ્ન છે. પૂર્વોક્તસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ એ આત્મા ભિન્ન છે, કારણ કે જ્ઞાન ને આત્મા બે થઈ ગયા. સમજાણું કાંઈ? ઝીણું બહુ થઈ ગયું. આત્માને–જ્ઞાનસ્વરૂપ આત્માને આત્મા ખરેખર જાણતો નથી. જ્ઞાનસ્વરૂપ છું એમ એ આત્માને આત્મા જાણતો નથી. એ તો **સ્વરૂપમાં અવસ્થિત રહે છે.** એ તો આત્મા આત્મામાં છે. આત્મા વળી બીજી ચીજ છે માટે જ્ઞાન આને જાણે એવું છે નહીં. ઝીણું લીધું છે. (**આત્મામાં માત્ર સ્થિત રહે છે**).

**જેવી રીતે ઉષ્ણતાસ્વરૂપ અગ્નિના સ્વરૂપને (અર્થાત્ અગ્નિને) શું અગ્નિ જાણે છે?** જડનો દાખલો આપ્યો પોતે પોતાના પક્ષનો. જેવી રીતે ઉષ્ણતાસ્વરૂપ અગ્નિના સ્વરૂપને... ઉષ્ણતાસ્વરૂપ અગ્નિના સ્વરૂપને (-અગ્નિને) શું અગ્નિ જાણે? પોતાનું સ્વરૂપ આવું શું છે એમ અગ્નિ જાણે? **(નથી જ જાણતો). તેવી જ રીતે જ્ઞાનજ્ઞેય સંબંધી વિકલ્પના અભાવથી...** વળી જ્ઞાન અને આત્મા જ્ઞેય એવા ભેદનો એમાં અભાવ છે, એટલે જ્ઞાન જુદું છે ને આત્મા જુદો છે. એવા ભેદના અભાવથી **આત્મામાં સ્થિત રહે છે.** એ તો આત્મા આત્મામાં જ છે, આત્મા જ્ઞાનમાં છે અને જ્ઞાન એનો સ્વભાવ છે (અને) આત્મા સ્વભાવવાન છે એવું છે નહીં, એમ કહે છે. સમજાણું કાંઈ? આજ ઝીણું આવ્યું છે. જ્ઞાન-જ્ઞેય એવા ભેદ શું વળી? કહે છે. એ તો આત્મા આત્મામાં છે, બસ. સમજાય છે? આત્મા જ્ઞાનસ્વરૂપ વડે પોતાને જાણે એવો છે—એમ છે નહીં. **(આત્માને જાણતો નથી).**

**ઉપરોક્ત વિતર્કનો ઉત્તર :** હવે, એ શિષ્યની શંકા. આત્મા ને જ્ઞાન એવું નામ પડતાં એવી શંકા પડી કે એ તો બે ભિન્ન ચીજ છે. આત્મા આત્મામાં છે. આત્મા જ્ઞાનસ્વભાવવાળો

છે એમ છે નહીં. જેમ આત્મા વિભાવવાળો નથી, પુણ્ય-પાપના સંયોગીભાવવાળો નથી, એમ જ્ઞાન ને આત્મા (એક) સ્વભાવવાળો છે એમ નથી. જ્ઞાનેય ભિન્ન ને આત્માય ભિન્ન. આરે વાત ઝીણી. પંડિતજી! **હે પ્રાથમિક શિષ્ય! અગ્નિની માફક શું આ આત્મા અચેતન છે?** અગ્નિ તો અચેતન છે એટલે અગ્નિના સ્વરૂપને અગ્નિ જાણતી નથી. એનું સ્વરૂપ ઉષ્ણતા છે. સમજાણું કાંઈ? એમ અચેતન છે. આ આત્મા અચેતન છે એવું કાંઇ હશે? **(કે જેથી તે પોતાને ન જાણે)?** આહાહા!

**વધારે શું કહેવું? (સંક્ષેપમાં) જો તે આત્માને જ્ઞાન ન જાણે...** આત્માને જ્ઞાન ન જાણે, જ્ઞાન છે તે આત્માને ન જાણે, **તો તે જ્ઞાન, દેવદત્ત વિનાની કુહાડીની માફક, અર્થક્રિયાકારી ન ઠરે.** જરીક ઝીણી વાત છે. નીચે છે એનો અર્થ. **પ્રયોજનભૂત ક્રિયા કરનારું.** 'અર્થક્રિયા' છેને? **(જેમ દેવદત્ત વગરની એકલી કુહાડી...** દેવદત્ત વગરની એકલી કુહાડી.. કુહાડી **અર્થક્રિયા–કાપવાની ક્રિયા કરતી નથી. તેમ જો જ્ઞાન આત્માને જાણતું ન હોય તો જ્ઞાને પણ અર્થક્રિયા—જાણવાની ક્રિયા—ન કરી.** એમ જ્ઞાન આત્માને જાણતું ન હોય તો જ્ઞાને પણ અર્થક્રિયા–જાણવાની ક્રિયા ન કરી. **જેમ અર્થક્રિયાશૂન્ય કુહાડી દેવદત્તથી ભિન્ન છે... જેમ અર્થક્રિયાશૂન્ય કુહાડી દેવદત્તથી ભિન્ન છે, તેમ અર્થક્રિયાશૂન્ય જ્ઞાન આત્માથી ભિન્ન હોવું જોઈએ! પરંતુ તે તો સ્પષ્ટપણે વિરુદ્ધ છે. માટે જ્ઞાન આત્માને જાણે જ છે).** આહાહા!

અહીં તો એ સિદ્ધ કરવું છે કે વિકલ્પાદિ આત્માને ન જાણે. એ તો રાગ ને વિભાવ છે. સમજાણું કાંઈ? પણ જ્ઞાન તો એનો સ્વભાવ છે, તેથી જ્ઞાન આત્માને જાણે. આહાહા! ભારે વાત. સમજાણું કાંઈ? અને જ્ઞાન આત્માને જાણે એવી જે જ્ઞાનની ક્રિયા એ ધર્મ છે. કેમ કે એ બેય સ્વભાવ એનો છે. સ્વભાવિક ક્રિયા થઈને એ? એમાં એ આવ્યું છેને ભાઈ? સ્વભાવક્રિયા હોવાથી નિષેધ કરવામાં આવી નથી. આમાં જ નાખવું છે આ. ... શી રીતે કરે? જેમ આત્મામાં, પુણ્ય-પાપના ભાવો વિભાવ હોવાથી નિષેધ થઈ શકે છે, કેમકે એના સ્વભાવમાં એ ચીજ છે નહીં. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના વિકલ્પ જે રાગ એનો અભાવ થઈ શકે છે અને એથી એનો નિષેધ કરી શકાય છે, પણ આત્મા અને જ્ઞાન બે એક હોવાથી–તદાત્મસંબંધે હોવાથી, ભલે સંબંધ કીધો, પણ તદાત્મસંબંધ છે–એકરૂપ સંબંધ છે. ભારે ભાઈ!

એવો આત્મા ને જ્ઞાન એકરૂપ હોવાથી જ્ઞાનની ભાવના કરનાર એ આત્માની જ ભાવના કરે છે. અંતર જ્ઞાનમાં એકાગ્ર થનાર એ આત્મામાં જ એકાગ્ર થાય છે. કારણ જ્ઞાન ને આત્મા એકરૂપ છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ આકરી. આવા બધા પડખાં જાણવા ઝીણા પડે ને ધર્મ કેમ કરવો? ધર્મ કરવો હોય એણે એનો સ્વભાવ છે એને જાણવો જોઈશે. ધર્મ, એ એનો વસ્તુનો સ્વભાવ જ્ઞાન છે. જ્ઞાનસ્વભાવની એકાગ્રતા એ જ આત્માની એકાગ્રતા અને એ

જ એનો ધર્મ. પુણ્ય-પાપના ભાવની એકાગ્રતા તે અધર્મ. સમજાણું કાંઈ? અને આત્મા ને જ્ઞાન બે એકરૂપ હોવાથી જ્ઞાનની ભાવના કરનાર–જ્ઞાનની એકાગ્રતા કરનારને સ્વભાવિક ક્રિયા હોવાથી તે નિષેધ થઈ શકતી નથી (અને) તે નિષેધ કરવામાં આવી પણ નથી. સમજાણું કાંઈ?

કહે છેને કે આ દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો વ્યવહાર તમે નિષેધો છો. એ નિષેધ કરી શકાય છે માટે નિષેધાય છે. એમાં નથી માટે નિષેધાય છે. સમજાણું કાંઈ? વીતરાગ ધર્મ એવો ઝીણો છે. લોકોને એ વાત જ મળી નથી અને અજૈનને એણે જૈનપણું માન્યું છે. કહે છે કે આત્મામાં, જેમ એ પુણ્ય-પાપના ભાવ અને સ્વભાવમાં તફાવત છે, સમજાણું કાંઈ? એમ આત્મા ને જ્ઞાનસ્વભાવમાં તફાવત–ભેદ નથી. તફાવત નથી એટલે ભેદ નથી. તેથી પુણ્ય-પાપના ભાવને અને આત્માને સ્વભાવભેદ, ભાવભેદ હોવાથી નિષેધી શકાય છે એટલે કે છોડી શકાય છે એટલે કે એના વિના રહી શકાય છે. સમજાણું કાંઈ?

આવા બધા સાધારણ માણસને બિચારાને કાંઈ ખબર નહીં. આ પૂજા કરી, ભક્તિ કરી, વ્રત પાળવા ને અપવાસ કરવા. આહાહા! ભાઈ! એ બધી ક્રિયાઓમાં તો રાગ છે. એ રાગ તો નિષેધ કરવાલાયક છે. ઓલો કહે કે આદરણીય છે, આ કહે કે નિષેધ કરવાલાયક છે. કેમકે એ સંયોગસંબંધે ભાવ છે, એ સ્વભાવસંબંધે ભાવ નથી. પણ જેમ એનો–વિભાવનો નિષેધ કરી શકાય છે, એમ સ્વભાવનો પણ નિષેધ કરી શકાય એમ હોય નહીં. સ્વભાવવાન ને સ્વભાવ બે અભિન્ન છે તેથી સ્વભાવની એકાગ્રતાની ક્રિયા... આવશે, એમાં જ આવશે આમાં. **ઇચ્છનાર જીવે જ્ઞાનની ભાવના ભાવવી**. કળશ છેને ૮૨. ૮૨મો કળશ નહીં, પણ આધાર છે. છેને ઓલીકોર. **જીવે જ્ઞાનની ભાવના ભાવવી**. એ વાત આ સિદ્ધ કરી. ઝરીક ઝીણું તો પડે એવું છે, પણ હોય એ રીતે આવેને. સમજાય છે કાંઈ?

સંસારમાં પણ આ જુઓને! વાણિયા ચક્રવૃદ્ધિ વ્યાજ કાઢે. ઝીણામાં ઝીણું વ્યાજ કાઢે. બધું કાઢે છે કે નહીં રખડવાના ભાવમાં? ત્યાં ભૂલતો નથી. અહીં એને લાગે ઝીણું, આ બહુ ઝીણું. બાપુ! તું ઝીણો કેવડો ભાઈ! અહીં તો કહે છે કે દયા, દાન, વ્રત ને પૂજાના ભાવથી પણ ન જણાય, ન પકડાય એવો ઝીણો છો. સમજાણું કાંઈ? તો આ બધી બહારની ક્રિયાથી પકડાય ને જણાય એવો તું છે નહીં. એ તો અંદરમાં જ્ઞાનની ક્રિયા(થી પકડાય), કારણ કે જ્ઞાન ને આત્મા બે એક છે. એથી જ્ઞાનને પકડીને એકાગ્ર થાય તે આત્માની ક્રિયા ધર્મની કરે છે. એ મનસુખ! ભારે ઝીણું આ. આવો ધર્મ જૈનનો હશે? એ ચીમનલાલભાઈ! આપણે તો અહીં કંદમૂળ ન ખાવા, રાત્રે ચોવિહાર કરવો, સામાયિક કરવું—એવું આવતું હતું કે નહીં? સાંભળ્યું હતું કે નહીં? તમે ત્યાં બધા અગ્રેસર હતા. બાપુ! એ બધી વાતું તો રાગની મંદતાના ભાવની વાત છે કે જે આત્મામાં છે નહીં. સમજાણું કાંઈ? આહાહા! ભારે માર્ગ બાપુ!

કહે છે કે આત્મા તો ફક્ત આત્મામાં સ્થિર રહે છે. વળી જાણે, જ્ઞાન વડે આત્મા જણાય, આત્મા જ્ઞાનથી જાણે, આવું જ્ઞાન ભિન્ન છે એથી આત્માને જાણે—એવું છે નહીં. હે શિષ્ય! **અગ્નિની માફક શું આત્મા અચેતન છે? જો તે આત્માને જ્ઞાન ન જાણે તો જ્ઞાન, દેવદત્ત વિનાની કુહાડીની માફક**, જ્ઞાનની–જાણવાની ક્રિયા વિનાનું જ્ઞાન રહ્યું–આત્મા રહ્યો. **અને તેથી તે આત્માથી ભિન્ન ઠરે!** તો તો એ જ્ઞાનની ક્રિયા આત્માથી ભિન્ન થઈ. **તે તો (અર્થાત્ જ્ઞાન ને આત્માની સર્વથા ભિન્નતા તો)...** આત્મા ને જ્ઞાનની સર્વથા ભિન્નતા... સમજાય કાંઈ? નામભેદે ભેદ છે ભલે... સમજાણું કાંઈ? આત્મભાવ ને જ્ઞાનભાવ એમ ભલે ભેદ હો, પણ સર્વથા ભિન્નતા છે એમ છે નહીં. સમજાણું કાંઈ?

**ખરેખર સ્વભાવવાદીઓને સંમત નથી. (માટે નક્કી કર કે જ્ઞાન આત્માને જાણે છે).** જ્ઞાન તે આત્માનો સ્વભાવ છે એ ભિન્ન નથી, અભિન્ન છે. એવા સ્વભાવવાદીઓને, જ્ઞાન આત્માને ન જાણે એ વાત માન્ય નથી. સમજાણું કાંઈ? આહાહા! આવી વાત કરીને શું કહેવું છે એને? ભાઈ! તું રાગથી ભિન્ન પડ અને જ્ઞાન ને આત્મા તો અભિન્ન એક છે એથી જ્ઞાનની ભાવના કર. એ જ્ઞાનની ભાવના—સ્વભાવની ભાવના એ જ આત્માની ભાવના ને આત્માનો ધર્મ છે. આહાહા! સમજાણું કાંઈ?

**એવી રીતે (આચાર્યવર) શ્રી ગુણભદ્રસ્વામીએ (આત્માનુશાસનમાં ૧૭૪મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :**

**ज्ञानस्वभावः स्यादात्मा स्वभावावाप्तिरच्युतिः।**
**तस्मादच्युतिमाकांक्षन् भावयेज्ज्ञानभावनाम् ॥**

**શ્લોકાર્થ : આત્મા જ્ઞાનસ્વભાવ છે...** એ તો જ્ઞાનસ્વભાવ જ છે. પુણ્ય ને પાપ ને શરીર એ સ્વભાવભાવરૂપે છે નહીં. **સ્વભાવની પ્રાપ્તિ**—સ્વભાવનું પ્રાપ્તપણું **તે અચ્યુતિ છે...** પોતાનો અવિનાશી સ્વભાવ પ્રગટ થયો. એ **(અવિનાશી દશા) છે**. સ્વભાવની પ્રાપ્તિ, આત્મા જ્ઞાનસ્વભાવથી જ્ઞાનસ્વભાવની પ્રાપ્તિ, જ્ઞાનની એકાગ્રતાથી જ્ઞાનસ્વભાવની પ્રાપ્તિ, એ તો અવિનાશી દશા જીવની છે. સમજાણું કાંઈ? શું કીધું એ? આત્મા જ્ઞાનસ્વભાવ છે તો જ્ઞાનની એકાગ્રતાથી જે દશા પ્રગટ થાય એ અવિનાશી દશા પોતાની છે. કેવળજ્ઞાનદશા પ્રાપ્ત થાય... આત્મા વસ્તુ અને એનો જ્ઞાનગુણ અભેદ છે, તો એની એકાગ્રતાથી એ જ્ઞાનની જે પૂર્ણ દશા થાય, એ અવિનાશી દશા એની છે. સમજાણું કાંઈ?

એમ નીચે પણ રાગથી ભિન્ન પડીને જ્ઞાનની એકાગ્રતાની ક્રિયા એની સ્વભાવની ક્રિયા છે, એ ધર્મ છે અને એકાગ્રતા થતાં પૂર્ણ દશા થાય, એ શાશ્વત અવિનાશી કેવળજ્ઞાન દશા છે. સમજાણું કાંઈ? **માટે અચ્યુતિને (અવિનાશીપણાને, શાશ્વત અવસ્થાને) ઇચ્છનાર જીવે...** એનો અર્થ કે કેવળજ્ઞાન ને મોક્ષની ભાવનાવાળાએ, જેને મોક્ષ જોઈતો હોય એટલે કેવળજ્ઞાનની

પ્રાપ્તિ જેને કરવી હોય એણે શું કરવું? એવા ઇચ્છનાર **જીવે જ્ઞાનની ભાવના ભાવવી.** પુણ્ય-પાપ ને રાગની ભાવના ન ભાવવી. કહો, સમજાણું કાંઈ? કેમકે પોતાનો જ્ઞાનસ્વભાવ છે એથી સ્વભાવની ક્રિયા પૂર્ણ થતાં અવિનાશીપણે રહેશે. એની સ્વભાવની પરિણતિ થશે એ તો. સમજાણું કાંઈ?

એવી સ્વભાવની પૂર્ણતાના ઇચ્છનાર જીવે... શરત એટલી કે મુક્તિનો ઇચ્છનાર જીવ હોય તો. સમજાણું કાંઈ? એણે જ્ઞાનની ભાવના ભાવવી, જ્ઞાનસ્વરૂપ આત્મા એની અંદર એકાગ્રતાની ભાવના ભાવવી. કારણ કે જ્ઞાન તે આત્મા અને જ્ઞાન તે આત્માને જાણનાર છે. એવી દશા–જ્ઞાનની એકાગ્રતા કરતાં જ્ઞાનની પૂર્ણ દશા પ્રગટ થાય છે. લ્યો, માર્ગેય કહ્યો ને માર્ગનું પૂર્ણ સ્વરૂપ (કહ્યું). પણ જ્ઞાનની પૂર્ણ દશા એ માર્ગનું સ્વરૂપ છે. જ્ઞાનની પૂર્ણ દશા એ માર્ગનું ફળ છે. છેને. માર્ગ ને માર્ગનું ફળ. આ માર્ગ ન્યાંથી શરૂ થાય છેને? સમજાણું કાંઈ? આત્મા એટલે જ્ઞાનસ્વરૂપી. એ છેને શબ્દ જુઓને! એ શબ્દ છે. **णाणं जीवस्वरूपं..** ૧૭૦નો પહેલો શબ્દ છે. **णाणं जीवस्वरूपं तम्हा जाणेइ अप्पगं अप्पा..** એની વાત ચાલે છેને આ. **णाणं जीवस्वरूपं...** જાણવું–જ્ઞાન એ જીવનું સ્વ-રૂપ છે.. સ્વ-રૂપ છે. **तम्हा जाणेइ अप्पगं अप्पा...** જ્ઞાન એનું સ્વરૂપ છે તેથી જ્ઞાન એને જાણે. આહાહા! સમજાણું કાંઈ?

અહીં તો જ્ઞાનને સ્વપરપ્રકાશકપણું સિદ્ધ કરતાં, જ્ઞાન એનો સ્વભાવ છે તો જ્ઞાન આત્માને જાણે, જ્ઞાન પરને જાણે. છેલ્લે સરવાળો લેશે ૧૭૧માં. અને આત્મા પણ સ્વપરપ્રકાશક છે. જ્ઞાન જેમ આત્માને જાણે, જ્ઞાન પરને પણ જાણે, એમ આત્મા પણ સ્વને જાણે ને પરને પણ જાણે. કારણ જ્ઞાન ને આત્મા અભેદ ને એક હોવાથી... આરે ભાઈ! કેટલું આમાં? પંડિતજી! આવો ધર્મ સમજવા માટે.... ..ભાઈ! આ દુનિયા બહારમાં બધા ડહાપણ કરે એથી બીજું જુદી જાતનું ડહાપણ છે, કહે છે. આ કોઈ દિ' કર્યું નથી. એણે લક્ષમાં લીધું જ નથી કે શું ચીજ છે. એમને એમ ક્રિયા કરવા માંડી. ભક્તિ કરો ને, પૂજા કરો, વ્રત પાળો ને અપવાસ કરો. એ બધી ક્રિયામાં રાગની મંદતા હોય તો પુણ્ય થાય. એ ક્રિયા તો જડની બહારની થતી હોય આમ, આમ ને આમ હાલવું-ચાલવું. (જોડે કદાચિત્) રાગની મંદતા (હોય), પણ રાગ એનો સ્વભાવ નથી માટે ધર્મ છે નહીં. ભારે વાત ભાઇ! સમજાણું કાંઈ?

માટે ધર્મી જીવે... ભગવાન આત્મા ને જ્ઞાન, જેમ સાકર ને ગળપણ બે એક છે, એમ આત્મા ને જ્ઞાન બે એક છે. સાકર ઉપરનો મેલ એ ગળપણથી ભિન્ન છે. સમજાણું કાંઈ? એમ પુણ્ય ને પાપના વિકલ્પો ને રાગભાવ એ સ્વભાવની પર્યાય ને સ્વભાવ–ગુણ ને દ્રવ્યથી ભિન્ન છે. કહો, સમજાણું આમાં? એથી ધર્મી જીવે—જ્ઞાનની પૂર્ણતાની પ્રાપ્તિ કાંક્ષાવાળા જીવે—આત્માનો જ્ઞાનસ્વભાવ પૂર્ણ થાય એ મુક્તિ એવી આકાંક્ષાવાળા જીવે—ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવ છે તેમાં એકાગ્ર થાવું–એની ભાવના ભાવવી. ભાવના ભાવવી શબ્દે વિકલ્પ એમ નહીં. એ જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થાવું, એનાથી પૂર્ણ પ્રાપ્તિ થાય. એ જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતા

એ મુક્તિનો માર્ગ અને એના ફળ તરીકે જ્ઞાન પૂર્ણ થવું એ મુક્તિ. કહો, સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ!

**વળી (આ ૧૭૦મી ગાથાની ટીકાના કળશરૂપે ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :**

**ज्ञानं तावद्भवति सुतरां शुद्धजीवस्वरूपं**
**स्वात्मात्मानं नियतमधुना तेन जानाति चैकम्।**
**तच्च ज्ञानं स्फुटितसहजावस्थयात्मानमारात्**
**नो जानाति स्फुटमविचलाद्भिन्नमात्मस्वरूपात् ॥२८६॥**

એ તો સીધું. સીધું છેને **सुतरां**? ....

**શ્લોકાર્થ : જ્ઞાન તો બરાબર શુદ્ધજીવનું સ્વરૂપ છે...** ઓહોહો! જ્ઞાન એવો સ્વભાવ એ તો જીવનું સ્વરૂપ છે, એ જીવનો ભાવ છે. **તેથી (અમારો) નિજ આત્મા હમણાં...** અમારો આત્મા અત્યારે **(સાધક દશામાં)** અત્યારે, એમ કહે છે. જુઓ! આ ધર્મીનું સ્વરૂપ. ધર્મી કહે છે કે અત્યારે અમારો આત્મા **એક (પોતાના) આત્માને નિયમથી (નિશ્ચયથી) જાણે છે.** આહાહા! અને જ્ઞાન દ્વારા આત્માને અત્યારે નિયમથી–ચોક્કસ જાણીએ છીએ. સમજાણું કાંઈ? જુઓ! આ ધર્મીની દશા. એ બધી રાગક્રિયા કરીએ છીએ, વ્યવહાર કરીએ છીએ—એમ નથી. સમજાણું કાંઈ? હમણા સાધકદશામાં અમારો આત્મા–નિજ આત્મા આત્માને.. નિજાત્મા એક આત્માને નિશ્ચયથી જાણે છે. અહીં શબ્દ એ લીધો, **આત્મા હમણાં એક આત્માને નિયમથી જાણે છે**. કહો, સમજાણું કાંઈ?

આત્માને જ્ઞાન જ્ઞાનથી જાણે છે કહો તો જ્ઞાન ને આત્મા બેય એક છે, એમ. અત્યારે આત્મા આત્માને જાણે છે. ધર્મીનો જીવ–સમ્યગ્દૃષ્ટિનો જીવ–ધર્મમાં શરૂઆત થયેલો જીવ એ એમ જાણે છે કે હમણાં અમે આત્માને આત્માથી જાણીએ છીએ. કારણ કે આત્મા તે જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાન તે આત્મા છે. છેને? હમણાં આત્મા (એક) આત્માને નિયમથી જાણીએ છીએ. એક આત્માને નિયમથી જાણે છે. આત્મા જ્ઞાનસ્વભાવ એવો જે આત્મા એને અત્યારે જાણીએ છીએ. લ્યો, આનું નામ સમ્યગ્દર્શન ને આનું નામ ધર્મ. સમજાણું કાંઈ?

આત્મા આત્માને જાણે એટલે આત્માને જ્ઞાન જાણે છે, એમ થયુંને? જ્ઞાન એ પોતે આત્મા છે. જ્ઞાન આત્માને જાણે છે, આત્મા આત્માને જાણે છે, આત્મા આત્માને જાણે છે. એ જ્ઞાન તે આત્મા છે, જ્ઞાન તે આત્મસ્વરૂપ છે. તે સ્વરૂપ તે આત્માને જાણે છે. સમજાય છે કાંઈ? **નિયમથી જાણે છે**, એમ પાછું. (એટલે) નિશ્ચયથી જાણે છે. સ્વને જાણવું છેને એટલે. લાખ વાતની વાત બધી મૂકીને આ એણે કરવાનું છે. આ જ્ઞાનભાવ એથી આત્મા જાણે, બસ એ એની ક્રિયા. જ્ઞાનથી આત્મા જાણે એવી જે ક્રિયા થઈ એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

**અને, જો તે જ્ઞાન પ્રગટ થયેલી સહજ અવસ્થા વડે સીધું (પ્રત્યક્ષપણે) આત્માને ન જાણે તો તે જ્ઞાન અવિચળ આત્મસ્વરૂપથી અવશ્ય ભિન્ન ઠરે!** જો એ પ્રગટ થયેલી જ્ઞાન અવસ્થા વડે સીધો આત્માને આમ ન જાણે... વર્તમાન અને પૂર્ણ... જ્ઞાનની વર્તમાન પ્રગટ થયેલી દશા–સહજ અવસ્થા વડે, પોતાની જ્ઞાનની અવસ્થા–પર્યાય વડે પ્રત્યક્ષપણે આત્માને ન જાણે... કહો, સમજાણું કાંઈ? પ્રગટ જ્ઞાનસ્વરૂપ તો ત્રિકાળ છે, એમ કીધું. પણ હવે એ જ્ઞાનની પ્રગટેલી દશા, જ્ઞાનમાં એકાગ્ર થઈને પ્રગટેલી દશા, એ દશા વડે સીધું આત્માને ન જાણે, વચમાં કોઈ આડ વિના, મનના અવલંબન વિના એ સીધું પ્રગટેલું જ્ઞાન આત્માને ન જાણે, તો આત્મા ને જ્ઞાન ભિન્ન ઠરે. (પણ) એમ છે નહીં. સીધું જ્ઞાન પ્રગટેલું આત્માને જાણે છે.

શું કીધું આ? આત્મા ને જ્ઞાન બે સ્વભાવ અભિન્ન છે અને એ જ્ઞાનની ભાવનાથી જે એકાગ્રતા થઈ એ પ્રગટેલી દશા. એ પ્રગટેલી દશા સીધો આત્માને, પરની–મન ને રાગની અપેક્ષા રાખ્યા વિના એ જ્ઞાનની દશા સીધો આત્માને ન જાણે, તો તો જ્ઞાન ને આત્મા બે ભિન્ન ઠરે. (પણ) એમ છે નહીં. સમજાણું કાંઈ? બધો વિષય એકલો જ્ઞાયક ભાવ્યો આખો. શું પાળવું, શું કરવું? એ આ કરવું ને પાળવું. જ્ઞાનને પાળવું ને જ્ઞાનને રાખવું. જીવની દયા પાળવી, જીવને રાખવું—એ આત્મામાં છે નહીં. પરને કોણ પાળે? એ ચેતનજી! ભારે વાતું ભાઈ આવી! આખા સમાજને તો ભારે બોજો પડે. આ સમજવું જ હજી કઠણ પડે કે શું કહે છે આ.

કહે છે કે આત્માને ન જાણે તો તે જ્ઞાન, અવિચળ એવો જે આત્મા–ચળે નહીં એવો જે આત્મા એનાથી તે જ્ઞાન અવશ્ય (ભિન્ન) નામ જુદું ઠરે. પણ એમ છે નહીં. આહાહા! અહીં કહે છે કે આત્મા ને જ્ઞાન એક છે, તેથી સ્વભાવ તેને જાણે. સ્વભાવ તેને જાણે. જો એને ન જાણે તો જ્ઞાન એનાથી ભિન્ન થાય, (પણ) એમ હોઈ શકે નહીં. ભારે વાત ભાઈ! રાગ અને પુણ્ય-પાપના ભાવ એ ભિન્ન છે, તો ભિન્ન એને જાણે નહીં. સમજાણું કાંઈ? એમ આત્મા ને જ્ઞાન ભિન્ન ઠરે તો જ્ઞાન એને જાણે, પણ એમ છે નહીં. આહાહા! પંડિતજી! આહાહા!

આચાર્યોની કથની, કુંદકુંદાચાર્યની પદ્ધતિ આખી બીજાથી જુદી જાતની છે. ભગવાન આત્મા અને એનો જ્ઞાનભાવ–સ્વભાવ એ આત્માને જાણે એવો સ્વભાવવાદીઓનો મત છે. વિભાવવાદીઓ એમ કહે કે જ્ઞાન આત્માને ન જાણે. એમ જ્ઞાન ને આત્મા બે જુદા પડે છે. ભિન્ન નામ પડે માટે ભાવ ભિન્ન છે. એમ વિભાવવાદી માનનારાઓ જ્ઞાન આત્માને ન જાણે એમ માને છે, એ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આજનો વિષય જરી એકદમ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણની વાત પ્રસિદ્ધિ કરે છે. આહાહા! આ તો બહુ પરિચય હોય તો સમજાય એવું છે. ચીમનલાલભાઈ! આ એમને એમ ઉપર ટપકે એકાદ દિ' આવી જાય એમાં સમજાય એવું નથી. આહાહા!

**વળી એવી રીતે (અન્યત્ર ગાથા દ્વારા) કહ્યું છે કે :** છેને.

**णाणं अव्विदिरित्तं जीवादो तेण अप्पगं मुणइ ।**
**जदि अप्पगं ण जाणइ भिण्णं तं होदि जीवादो ॥**

**ગાથાર્થ : જ્ઞાન જીવથી અભિન્ન છે...** અભિન્ન હોવાથી જ્ઞાન જીવને જાણે એ આત્માને જાણે છે. અહીં તો જાણનાર જાગ્યાની વાત છેને. આ જ્ઞાન ને આત્મા એમ જ્યાં ભાન થયું, ત્યારે એ જ્ઞાન આત્માને જાણે છે, કહે છે. સમજાણું કાંઈ? આ જ્ઞાન જાણવું અને આત્મા એમ જ્યાં ભાન થયું અભેદ, એટલે જ્ઞાન આત્માને જાણે. **જો જ્ઞાન આત્માને ન જાણે...** જ્ઞાન ને આત્મા અભિન્ન છે માટે જ્ઞાન આત્માને જાણે છે. જ્ઞાનનું જાણવું થતાં જ આત્મા જણાય. ન જાણે **તો જીવથી ભિન્ન ઠરે.** જ્ઞાનભાવ–જ્ઞાનસ્વભાવ સ્વભાવવાનથી જુદો રહે, જુદો ઠરે, પણ એમ હોઈ શકે નહીં. ૧૭૦ થઈ. હવે મૂળ તો સ્વપરપ્રકાશક સંકેલવું છે. ...

**अप्पाणं विणु णाणं णाणं विणु अप्पगो ण संदेहो ।**
**तम्हा सपरपयासं णाणं तह दंसणं होदि ॥ १७१ ॥**
**રે! જીવ છે તે જ્ઞાન છે, ને જ્ઞાન છે તે જીવ છે;**
**તે કારણે નિજપરપ્રકાશક જ્ઞાન તેમ જ દૃષ્ટિ છે. ૧૭૧.**

કારણ કે જ્ઞાન, દર્શન ને આત્મા અભેદ છે. જ્ઞાન સ્વને જાણે ને પરને પણ જાણે, એમ દર્શન પણ સ્વને દેખે ને પરને પણ દેખે, તો આત્મા પણ સ્વપરપ્રકાશક થયો. સમજાણું કાંઈ? અહીંયા તો એનો સ્વભાવ ને સ્વભાવવાનને અભિન્ન ઠરાવી અને એની સ્વભાવની ક્રિયાથી ધર્મ અને તેનું ફળ તે મુક્તિ. પરની, રાગની ક્રિયા એનાથી ધર્મ થાય ને એનાથી મુક્તિ થાય (એમ બને નહીં). પણ એનો સ્વભાવ જ નથી તો મુક્તિ કેમ એનાથી થાય? એ તો સ્વ-પર પ્રકાશનારો આત્મા અને જ્ઞાન ને દર્શન પણ સ્વ-પરપ્રકાશવાળું સ્વરૂપ છે. પરને કરનારું સ્વરૂપ નથી એ કાંઈ. વ્યવહારનો રાગાદિ આવે એનો પ્રકાશક છે. જ્ઞાન પ્રકાશક છે, દર્શન પ્રકાશક છે ને આત્મા પણ પ્રકાશક છે અને જ્ઞાન-દર્શન ને આત્મા સ્વનો પણ પ્રકાશક છે. સ્વ-પરનો પ્રકાશક આત્મા, સ્વ-પરનો પ્રકાશક જ્ઞાન, સ્વ-પરનો પ્રકાશક દર્શન. પણ પરનો કરનાર ને પરને લાવનાર ને પરને ઉપજાવનાર—એવો આત્માય નહીં, જ્ઞાનેય નહીં, દર્શનેય નહીં. આ વ્યવહારને ઉપજાવે વિકલ્પ. એ તો પ્રકાશક છે, કહે છે. આહાહા!

જ્ઞાન પોતાને જાણે, જ્ઞાન આત્માને જાણે, જ્ઞાન રાગને જાણે. પરનો પ્રકાશક ખરો, પણ પરથી પોતે પ્રકાશે એમ નહીં. પોતાથી પ્રકાશે સ્વ અને પરને. સમજાણું કાંઈ? આહાહા! બહુ ઝીણી વાતું. આ રાગ આવે વ્યવહાર, એ વ્યવહાર જ્ઞાનને પ્રકાશવામાં કારણ થાય કે નહીં? આહાહા! વિભાવવાદીઓનું કથન છે. જ્ઞાન જ્ઞાનને સીધું જાણે એ આત્માનો સ્વભાવ છે. આહાહા! સમજાણું કાંઈ? વિષય ઝીણો છે. બહુ જરી મંથન માંગે છે. અનાદિકાળનો અભ્યાસ (નથી). એ આત્મા વસ્તુ અને એનો સ્વભાવ જ્ઞાન ને દર્શન અને તે જ્ઞાન આત્માને પણ જાણે

અને જ્ઞાન પરને પણ જાણે. પરના પછી બે પ્રકાર લીધા. એ જ્ઞાન જ્ઞાનને જાણે અને જ્ઞાન સિવાય પોતાના અનંતા ગુણોને પણ જાણે.

હવે જ્ઞાનનો બીજો પ્રકાર. જ્ઞાન જ્ઞાનને જાણે અને જ્ઞાનથી પર–રાગ ને શરીર એને પણ જાણે અને એ જ્ઞાન પોતાને પણ જાણે–આત્મા ને જ્ઞાનને. એ રીતે જ્ઞાનમાં સ્વ-પરપ્રકાશકપણાનો સ્વતઃસિદ્ધ સ્વભાવ છે. કોઈના મદદે થાય એવો એ છે નહીં. સમજાણું કાંઈ? જ્ઞાનમાં સ્વપરપ્રકાશકપણું એનો સ્વતઃ–પોતાથી સ્વભાવ છે. એથી એને રાગ ને વ્યવહારથી આ પ્રકાશપણું પ્રગટે છે એ વાતમાં કંઈ અંશેય સાચું નથી. વિભાવવાદ કીધો છે.... પણ બે નામ પડ્યાને એટલે.... અજ્ઞાનવાદ છે. આહા! આવું ધર્મનું સ્વરૂપ કઠણ પડે છે.

શ્રીમદ્‌માં એક આવે છે ૨૯મા છાયામાં. છ કાયની દયા પાળી એ વાત તો તમે ઘણા વર્ષથી કરો છો, પણ હવે આ સમકિતની ગોઠવણ કરજો. છ કાયની દયા પાળવી, પોષા કરવા, આ કરવા—એ તો ઘણા વર્ષથી સાંભળીએ છીએ. એ જયંતિભાઈ! પણ હવે સમકિત કેમ થાય, સમકિત કોને કહેવું ને સમકિતનું શું સ્વરૂપ છે—એની ગોઠવણ કરજો. એટલે કે તમે આ બધી માંડો છે એમાં સમકિત નથી, એમ. બરાબર છે? એવું આવે છે શ્રીમદ્‌માં. આ પાળવું, આ કરવું, એમાં કાંઈ સમકિત છે નહીં. રાગનો કર્તા થાય, પરની ક્રિયાનો કર્તા થાય, એ તો મિથ્યાત્વ છે. આ સમકિતની વ્યાખ્યા તો કરો, સમકિતની ગોઠવણ કરો. ઓલા કહેનારને ભાન ન હોય શું કરે એ? આહાહા! પંડિતજી! આહા! ટીકા એની છેને. ૧૭૧.

**ટીકા : આ, ગુણ-ગુણીમાં ભેદનો અભાવ હોવારૂપ સ્વરૂપનું કથન છે. હે શિષ્ય! સર્વ પરદ્રવ્યથી પરાઙ્મુખ આત્માને તું નિજ સ્વરૂપને જાણવામાં સમર્થ સહજજ્ઞાનસ્વરૂપ જાણ...** જોયું! સર્વ પરદ્રવ્યથી વિમુખ... આત્માને તું નિજસ્વરૂપને જાણવામાં–પોતાના સ્વરૂપને જાણવામાં સમર્થ એવા સહજજ્ઞાનસ્વરૂપ જાણ.. એ સહજજ્ઞાનસ્વરૂપ જાણ. જે જ્ઞાન પોતાને જાણી શકે આત્માને એવું સહજજ્ઞાનસ્વરૂપને તું જાણ. કહો, સમજાણું? **તથા જ્ઞાન આત્મા છે એમ જાણ.** જોયું! નિજસ્વરૂપને જાણવામાં સમર્થ સહજજ્ઞાનસ્વરૂપ જાણ અને જ્ઞાન તે આત્મા છે એમ જાણ. જ્ઞાન તે જ આત્મા છે, બીજી કોઈ જુદી ચીજ નથી.

**માટે તત્ત્વ (-સ્વરૂપ) એમ છે કે...** છેને? **જ્ઞાન તથા દર્શન બન્ને સ્વપરપ્રકાશક છે. આમાં સંદેહ નથી.** સરવાળો અહીં લાવ્યા. વ્યવહારે જ્ઞાન પરને જાણે ને દર્શન સ્વને દેખે, એમ ધવલમાં આવે છે. એ ભેદની દૃષ્ટિથી કથન છે. અભેદનું સ્વરૂપ નિશ્ચય હોય તો ભેદથી જાણવાનું એ કથન છે. કહો, સમજાણું કાંઈ? કેમ કે ન્યાં તો આમ જ કહ્યું છે, એ જ બરાબર છે, એમ કહે. જ્ઞાન પરને જાણે, દર્શન પોતાને દેખે. અહીં કહે છે કે જ્ઞાન આત્માથી જુદું ઠરી ગયું. આત્મા સ્વપરપ્રકાશક, જ્ઞાન પરને પ્રકાશે, તો આત્માથી જ્ઞાન જુદું થયું. દર્શન સ્વને દેખે, પરને ન દેખે (અને) આત્મા સ્વપરપ્રકાશક તો આત્માથી દર્શન જુદું ઠર્યું. જ્ઞાન પરને જાણે ને દર્શન સ્વને દેખે તો જ્ઞાન ને દર્શન ગુણ બે જુદા પડી ગયા. એમ છે નહીં.

આચાર્ય વચ્ચે અભિપ્રાયભેદ હશે? એ તો અપેક્ષાનું કથન છે. વ્યવહારથી ભેદ–ગુણના ભેદથી, જ્ઞાનમાં ઘણું–પરને જાણવાનું ઘણું છે એ અપેક્ષાએ એને પરપ્રકાશક કહ્યો. પણ પોતામાં રહીને જાણતા પરને પ્રકાશે છેને. જ્ઞાન અહીં ન જાણે, આને જાણે? જાણે શી રીતે? સમજાણું કાંઈ? એમ સંદેહ નથી. આમાં સંદેહ નથી. છેને, પાઠ એમ છેને. **तम्हा सपरपयासं णाणं तह दंसणं होदि...** આહાહા! આવા વાંધા મોટા કાઢે છે.

**(હવે આ ૧૭૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)**

**आत्मानं ज्ञानदृग्रूपं विद्धि दृग्ज्ञानमात्मकं।**
**स्वं परं चेति यत्तत्त्वमात्मा द्योतयति स्फुटम्॥२८७॥**

**શ્લોકાર્થ : આત્માને જ્ઞાનદર્શનરૂપ જાણ...** ઓલામાં 'શુદ્ધજ્ઞાનસ્વરૂપ જાણ' એમ હતું. સમજાણું? અહીં આત્મા ને (જ્ઞાનદર્શન) ભેગા બેય લીધા. આત્માને જાણનાર-દેખનારરૂપે જાણ. એ રાગરૂપે, પુણ્યરૂપે, શરીરરૂપે નહીં. આત્માની હયાતીમાં જ્ઞાન ને દર્શન રૂપ એનું છે એમ જાણ. તું કોણ છો? કે જ્ઞાનદર્શનરૂપે છો એમ જાણ, એમ કહે છે. સમજાણું કાંઈ? અહીં તો અમે બાયડી-છોકરાવાળા છીએ, દુકાનદાર છીએ, આ નોકરી કરીએ છીએ, વેપાર કરીએ છીએ. એમ ન જાણ. સમજાણું કાંઈ? તું તો જ્ઞાન ને દર્શનસ્વરૂપ (છો) એમ જાણ. એ થાય તેનો જાણનાર એમ છે એમ તું જાણ. એ જેઠાભાઈ! ચોપડામાં નામા લખનારો, ઓડિટર છું, એમ ન જાણ. હું આ ધંધા કરનારો છું... એ ગુલાબચંદભાઈ! તમે બધા ધંધા કરે છોને ન્યાં કલકત્તા. એમ ન જાણ. એ આત્મા નહીં. આહાહા!

તું તો જ્ઞાન ને દર્શનસ્વરૂપે તને જાણ. એ ચીજને જાણવું કે પોતાને જાણવું—એવા જ્ઞાન-દર્શનરૂપે તું છો. રાગનો પણ જાણનાર છો, રાગવાળોય નથી, એમ તું જાણ. તો પછી આ અમારી બાયડી-છોકરા ને ધંધા ને કુટુંબ મોટા... ઓહોહો! આ શું સટ્ટાના ધંધામાં હતાને તમારે? એ રજનીભાઈ! એ કહે છે કે એ ધંધા-બંધા, વાણી-બાણી એ બધું પર જાણ. એને જાણનાર-દેખનાર તારું સ્વરૂપ છે એમ જાણ. એને કરનાર-રચનાર તું છો નહીં. આહાહા! કહો, સમજાણું કાંઈ? લ્યો, તમારે ઝવેરીનો ધંધો હતો. ઝવેરીનો ધંધો કરનાર ન જાણ, એમ કહે છે. આહાહા! તું તો તેનો જાણનાર કહેવો એ પરપ્રકાશક વ્યવહારથી છે. સમજાણું કાંઈ? એનો કરનારો નહીં, રચનારો નહીં, બનનારો એ રૂપે તું નહીં, તું બનાવનાર નહીં, પણ એનો જાણનાર કહેવો એને વ્યવહાર કહેવાય છે. આહાહા!

**આત્માને જ્ઞાન-દર્શનરૂપ જાણ...** આત્માને વ્યવહાર પુણ્યવાળો જાણ, એમ છે એમાં? એ વ્યવહાર આવે છેને. અથવા તો જ્ઞાન ને દર્શન એને જાણે ને આત્માને ન જાણે, એ વિભાવવાદ છે. સમજાણું કાંઈ? એમ કહે છે. રાગાદિ થાય એને જાણે અને પોતાને ન જાણે, તો અભિન્ન ન ઠર્યું. આત્મા ને જ્ઞાનને ભિન્ન ઠરાવ્યું. એ વિભાવવાદ છે, એ સ્વભાવવાદ નથી. આહાહા! ઝીણું ભારે ભાઈ! **અને જ્ઞાનદર્શનને આત્મા જાણ...** આત્માને જ્ઞાન-દર્શનરૂપ જાણ

અને જ્ઞાન-દર્શનને આત્મા જાણ, એમ કહે છે. સમજાણું કાંઈ? અરસપરસ લીધું. રાગને આત્મા જાણ અને આત્માને રાગ જાણ—એમ નથી અહીં કહેવું. વસ્તુ છે જ નહીં એ. આહાહા!

**સ્વ અને પર એવા તત્ત્વને (સમસ્ત પદાર્થોને) આત્મા સ્પષ્ટપણે પ્રકાશે છે.** લ્યો. **સ્ફુટમ્** છે એ. ભગવાન આત્મા તો પોતાને સ્પષ્ટ પ્રકાશે અને પરને પણ સ્પષ્ટ પ્રકાશે—એ એની જાત ને એ એનું સ્વરૂપ છે. આહાહા! રાગાદિભાવ થાય એને પ્રકાશે, સમજાય છે? અને એ પ્રકાશ તે દર્શન-જ્ઞાન તે આત્મા અને આત્મા તે દર્શન-જ્ઞાન. રાગ તે આત્મા અથવા રાગ તે જ્ઞાન-દર્શન અને જ્ઞાન-દર્શન તે રાગ, રાગ તે આત્મા ને આત્મા તે રાગ—એમ છે નહીં. આહાહા! આત્મા સ્પષ્ટપણે પોતાને પ્રકાશે છે. ૧૭૧ ગાથા સુધી સ્વપરપ્રકાશકપણાની સિદ્ધિ કરી. હવે બીજો વિષય લેશે ૧૭૨માં. એ કેવી રીતે બોલે છે ને શું છે એ બીજી વાત.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**માગશર વદ ૪, સોમવાર, તા. ૬-૧૨-૧૯૭૧**
**ગાથા - ૧૭૨-૧૭૪, શ્લોક - ૨૮૮-૨૮૯ પ્રવચન નં. ૧૯૫**

આ નિયમસાર, ૧૭૨ ગાથા છે.

**जाणंतो पस्संतो ईहापुव्वं ण होइ केवलिणो ।**
**केवलिणाणी तम्हा तेण दु सोऽबंधगो भणिदो ॥१७२॥**
**જાણે અને દેખે છતાં ઇચ્છા ન કેવળીજિનને;**
**ને તેથી 'કેવળજ્ઞાની' તેમ 'અબંધ' ભાખ્યા તેમને. ૧૭૨.**

આ અધિકાર બધો શુદ્ધોપયોગનો–કેવળજ્ઞાન, કેવળદર્શનનો છે. પહેલા ગાથામાં આવ્યું કે વ્યવહારનયે બીજા પદાર્થોને જાણે-દેખે છે, નિશ્ચયથી પોતાને જાણે છે. એમ પહેલી ગાથા આવી ગઈ ૧૫૯. બીજી ગાથાથી આ લીધું કે કેવળજ્ઞાન ને કેવળદર્શન એક સમયમાં હોય છે. બે ગાથા પછી ત્રીજી ગાથાથી આ ઉપાડ્યું સ્વપરપ્રકાશક. જ્ઞાનેય સ્વપરપ્રકાશક છે, દર્શનેય સ્વપરપ્રકાશક છે ને આત્મા પણ સ્વપરપ્રકાશક છે. જ્ઞાનેય વ્યવહારે પરને જાણે છે, દર્શનેય વ્યવહારે પરને જાણે છે, આત્માય વ્યવહારે પરને જાણે છે. આત્મા નિશ્ચયથી પોતાને જાણે છે, જ્ઞાન પણ નિશ્ચયથી પોતાને જાણે છે, દર્શન પણ નિશ્ચયથી પોતાને દેખે છે. એ અગિયાર ગાથા થઈને. ૧૬૦ ને એક અગિયાર. અગિયાર ગાથામાં વર્ણવ્યું આખું સ્વપરપ્રકાશક. હવે બીજો અધિકાર ચાલે છે.

**ટીકા : અહીં, સર્વજ્ઞ વીતરાગને વાંછાનો અભાવ હોય છે એમ કહ્યું છે.** ઇચ્છા હોતી નથી. **ભગવાન અર્હંત પરમેષ્ઠી સાદિ-અનંત અમૂર્ત અતીંદ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્ભૂત-વ્યવહારથી કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોના આધારભૂત હોવાને લીધે વિશ્વને નિરંતર જાણતા હોવા છતાં અને દેખતા હોવા છતાં...** મોટી વ્યાખ્યા લાંબી કરી છે. **તે પરમ ભટ્ટારક કેવળીને મનપ્રવૃત્તિનો (મનની પ્રવૃત્તિનો, ભાવમનપરિણતિનો) અભાવ હોવાથી ઇચ્છાપૂર્વક વર્તન હોતું નથી; તેથી તે ભગવાન 'કેવળજ્ઞાની' તરીકે પ્રસિદ્ધ છે; વળી તે કારણથી તે ભગવાન અબંધક છે.**

હવે એની વ્યાખ્યા. ભગવાન અરિહંત પરમેષ્ઠી એનાં જે કેવળજ્ઞાનાદિ ગુણ છે કે પર્યાયો... શબ્દ 'ગુણ' છે, પણ એ પર્યાય છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદાદિ પર્યાયો (એટલે) એના ગુણ, એમ. એ સાદિ-અનંત છે. ત્રિકાળી ગુણ હોય તો અનાદિ-અનંત (હોય). આ તો કેવળજ્ઞાનાદિ પર્યાય છે એ પ્રગટી ત્યાંથી સાદિ, પછી અનંત રહે છે. એ સાદિ-અનંત છે. સમજાણું કાંઈ? **અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાળા, શુદ્ધસદ્ભૂત વ્યવહાર...** અમૂર્ત છે, અતીન્દ્રિય

સ્વભાવવાળી પર્યાય છે અને એવો શુદ્ધસદ્ભૂત વ્યવહાર છે. કારણ કે કેવળજ્ઞાન એ વ્યવહાર છે, સદ્ભૂત વ્યવહાર છે, નિશ્ચય નહીં. વસ્તુ તો ત્રિકાળ હોય. સમજાણું કાંઈ?

કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ એ બધો અમૂર્તસ્વભાવ... સ્વભાવવાળા શુદ્ધસદ્ભૂત વ્યવહાર... શુદ્ધ, પવિત્ર, વર્તમાન હયાતીવાળો પણ, ભેદરૂપ. ત્રિકાળ નહીં (કેમકે) સાદિ-અનંત થયોને. એ વર્તમાનની અપેક્ષાએ ત્રિકાળમાંનો એક અંશ છે એટલે વ્યવહાર થઈ ગયો. સમજાણું કાંઈ? આહાહા! કેવળજ્ઞાન એ વ્યવહાર. વીરજીભાઈ કહેતા એકવાર કે કેવળજ્ઞાનને વ્યવહાર કહ્યો? ઝાટકો લાગ્યો. આ શું છે? કેવળજ્ઞાનેય વ્યવહાર? પછી કહે, કેવળજ્ઞાન એક સમયની પર્યાય છે, એ કાંઈ ત્રિકાળી ગુણ નથી. સમજાણું કાંઈ?

એ પ્રશ્ન થયો હતોને હમણાં? શું? ગુણ કીધો, આ કેવળીનો ને? નાગપુર. એ પ્રશ્ન થયો હતો મખ્ખનલાલજી સાથે. કેવળજ્ઞાન ગુણ છે કે પર્યાય? મખ્ખનલાલજી કહે, ગુણ છે. ગુણની શું વ્યાખ્યા? સાદિ-અનંત હોય એની વ્યાખ્યા શું? ગુણ હોય તો અનાદિ-અનંત હોય. ચર્ચા થઈ હતી હમણાં નાગપુરમાં. સાગરવાળા છે કોઈક કપૂરચંદજી. આ શિવનીનો ઉત્તમચંદ સાથે. આ તો આની સાથે–શિવનીનો ઉત્તમચંદ સાથે. ઉત્તમચંદ છે છોકરા જેવો. હવે માળા પાક્યા છે.... પંડિતોને પૂછ્યું પંડિતને કે આ કેવળજ્ઞાન શું છે? ગુણ. આ કહે, નહીં, પર્યાય છે. જુઓ! આપ્યું છે આ. ભાષા (ગુણ) છે, પણ એને સાદિ-અનંત કીધો એનો અર્થ શું થયો? સાદિ-અનંત ગુણ હોય? ગુણ તો અનાદિ-અનંત હોય. વસ્તુ અનાદિ-અનંત, એમ એનો ગુણ અનાદિ-અનંત છે.

**સાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાળા શુદ્ધસદ્ભૂત વ્યવહાર...**, પાછું એમ. એ **અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાળા શુદ્ધસદ્ભૂત વ્યવહારથી કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણ** એટલે પર્યાયોનો **આધારભૂત હોવાને લીધે વિશ્વને નિરંતર જાણતા હોવા છતાં**... સમજાણું કાંઈ? **અને દેખતા હોવા છતાં, તે પરમ ભટ્ટારક કેવળીને મનપ્રવૃત્તિનો**–ભાવમનનો **અભાવ** છે. ભાવમનનો અભાવ છે. દ્રવ્યમન તો જડ છે, એની સાથે ભાવમનનો એને અભાવ છે. **ઇચ્છાપૂર્વક વર્તન હોતું નથી**... ભગવાનને જાણવામાં ઇચ્છાપૂર્વક વર્તન (નથી). પાઠમાં એ છેને **ઈહાપૂર્વ**. એ તો ભેદવાળી વાત થઈ. એ ઈહા (આદિ) તો છદ્મસ્થને હોય, કેવળીને હોય નહીં.

**તેથી તે ભગવાન 'કેવળજ્ઞાની' તરીકે પ્રસિદ્ધ છે**. ઇચ્છાપૂર્વક વર્તન હોતું નથી તેથી તે કેવળજ્ઞાનીપણે પ્રસિદ્ધ છે. એને વિચારીને જાણવું, વિચારીને બોલવું એ છે નહીં. તે ભગવાનને ઇચ્છાપૂર્વક વર્તન નથી અને કેવળજ્ઞાની તરીકે પ્રસિદ્ધ છે, તેથી તેને અબંધ છે–બંધ છે નહીં. કેવળી **ભગવાન અબંધક છે**. સમજાણું કાંઈ? બોલવું, ચાલવું એ બધી ઉદયની ક્રિયા છે. એને બંધ છે નહીં.

**એવી રીતે (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસારમાં [બાવનમી ગાથા દ્વારા] કહ્યું છે કે :** આધાર આપે છે આની સાથે સંબંધવાળો.

**ण वि परिणमदि ण गेण्हदि उप्पज्जदि णेव तेसु अट्ठेसु ।**
**जाणण्णवि ते आदा अबंधगो तेण पण्णत्तो ॥**

**ગાથાર્થ : (કેવળજ્ઞાની) આત્મા...** છેને? **जाणण्णवि ते आदा... પદાર્થોને જાણતો હોવા છતાં...** પદાર્થ શબ્દે પોતાના સિવાય. સમજાણું કાંઈ? **આત્મા પદાર્થોને જાણતો હોવા છતાં તે રૂપે પરિણમતો નથી...** પરપદાર્થને જાણતા હોવા છતાં પરરૂપે થતો નથી. સમજાય છે કાંઈ? કેવળજ્ઞાની ભગવાન–આત્મા પદાર્થોને જાણતો હોવા છતાં... એ 'પદાર્થ' શબ્દે પર. એ પદાર્થમાં આત્મા પોતે નહીં. તે રૂપે પરિણમતો નથી. નહીંતર તો આત્મા આત્મારૂપે પરિણમે છે એને જાણવા-દેખવારૂપે. પરરૂપે પરિણમતો નથી. પ૨મી ગાથા છે. આ પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય નાખ્યું છેને આપણે. તમે નાખ્યું છે? આ રહ્યું. જયચંદ પંડિતે ભાવાર્થમાં નાખ્યું છે. આ છેને શબ્દો. **ण वि परिणमदि ण गेण्हदि उप्पज्जदि...** પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય. પરપદાર્થને જાણતાં છતાં પરપદાર્થનું પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય આત્મામાં નથી. સમજાણું કાંઈ?

**તે-રૂપે પરિણમતો નથી...** લોકાલોકને જાણે છતાં લોકાલોકરૂપે પરિણમતો નથી. સમજાણું કાંઈ? **તેમને ગ્રહતો નથી...** લોકાલોકને જાણે છતાં તેને ગ્રહતો નથી. એને શું ગ્રહે? એ તો (એ રૂપે) પોતાનું જ્ઞાન પરિણમે છે. એ જાતનો પ્રકાર છે એવું જ્ઞાન પરિણમે છે પોતાથી. જાણે છતાં એને ગ્રહે છે, એમ નથી. **અને તે પદાર્થોરૂપે ઉત્પન્ન થતો નથી...** લોકાલોકપણે રૂપે ઉત્પન્ન થતાં નથી. પરપદાર્થને જાણવા છતાં પરપદાર્થરૂપે ઉત્પન્ન થતાં નથી. પ૨મી ગાથા પ્રવચનસારની છેને. **તેથી તેને અબંધક કહ્યો છે.** 'કેવળજ્ઞાની આત્મા' શબ્દ છેને. એટલે આત્માને અબંધક કહ્યો છે. કેવળજ્ઞાની એટલે આત્માને અબંધક કહ્યો છે, એમ. નહીં તો કહે, કેવળીને અબંધક કહ્યો છે. એ તો ... ઉત્પન્ન થઈ ગયું. અહીં તો આત્મા અબંધક કહ્યો છે એમ થયુંને? આત્મા... તેથી તે આત્મા... તેથી તે આત્મા પરપદાર્થને જાણતા છતાં તે રૂપે થાય નહીં, ગ્રહે નહીં, પરિણમે નહીં એટલે ઉત્પન્ન થાય નહીં. તેથી તે આત્માને અબંધક કહ્યો છે.

શ્રોતા : આત્મા તો અનાદિસે અબંધક હી હૈ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : અબંધક કહાં હૈ? પર્યાયમેં અબંધક હૈ? પર્યાયમેં અબંધક નહીં, યે તો દ્રવ્ય અબંધક હૈ. પર્યાય, યહાં તો પર્યાયકી બાત હૈ. ઇચ્છાપૂર્વક ભાવ નહીં હૈ તો બંધન નહીં, ઐસે સિદ્ધ કરના હૈ ન? વસ્તુની ક્યાં વાત છે? અહીં તો પર્યાયની વાત છેને. પર્યાયમાં ઇચ્છા હોય તો બંધન હોય. ઇચ્છા નથી તો બંધન છે નહીં. કર્મનો ઉદય આવે એ પ્રમાણે વાણી નીકળે, ચાલવું-ગતિ થાય, (છતાં) એને બંધ નથી. અહીં તો ક્ષાયિકભાવ લીધો છે. ઉદય આવે તે ખરી જાય છે. બંધ નથી, સંયોગમાં બંધ નથી એમ કહેવું છે અહીં તો. ..... ઈચ્છાપૂર્વક નથી એટલે બંધ નથી. ઈચ્છાપૂર્વક હોય તો બંધ થાય. એમ પર્યાયની વાત ચાલે છેને અહીં. બંધ

નથી, કેવળજ્ઞાનીને બંધ છે જ નહીં. યોગનો (બંધ) એક સમય માટે આવે એ જુદી વાત છે. અહીં તો, ઇચ્છાપૂર્વકનું જે કાર્ય છે તેનું એને બંધપણું નથી, એમ સિદ્ધ કરવું છેને.

**વળી (આ ૧૭૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :**

**जानन् सर्वं भुवनभवनाभ्यन्तरस्थं पदार्थं**
**पश्यन् तद्वत् सहजमहिमा देवदेवो जिनेशः ।**
**मोहाभावादपरमखिलं नैव गृह्णाति नित्यं**
**ज्ञानज्योतिर्हतमलकलिः सर्वलोकैकसाक्षी ॥२८८॥**

**શ્લોકાર્થ : સહજમહિમાવંત દેવાધિદેવ...** સ્વભાવિક જેની મહિમા છે એવા તીર્થંકરદેવ કે કેવળી **જિનેશ લોકરૂપી ભવનની અંદર...** લોકરૂપી ભવન આ જગત એમાં અંદર **રહેલા સર્વ પદાર્થોને જાણતાં હોવા છતાં...** ત્રણ કાળ, ત્રણ લોકને જાણતાં હોવા છતાં **તેમ જ દેખતાં હોવા છતાં, મોહના અભાવને લીધે સમસ્ત પરને...** એમ છેને અહીંયા? **સમસ્ત પરને (કોઈ પણ પર પદાર્થને) નિત્ય (કદાપિ) ગ્રહતા નથી જ...** પોતા સિવાય પરને પૂર્ણ જાણવા છતાં સમસ્તને તે ગ્રહતા નથી. સમજાણું કાંઈ? (પ્રવચનસાર ગાથા) પ૨માં તો આવે છેને કે જ્ઞાનને ગ્રહે છે. એમ આવે છે. જ્ઞાનને ગ્રહે છે, એવું આવે છે. આમાં આવે છે. આમાં આવી ગયું, નહીં? ગ્રહતો નથી. (ગાથા) ૧૫૯માં આવી ગયું. ૧૫૯માં આવ્યું છે. **પરદ્રવ્યના ગ્રાહકત્વ, દર્શકત્વ, જ્ઞાયકત્વ વગેરે નથી**. ૧૫૯માં છે. છેને?

આમાં સવારમાં ન ચાલ્યું? ગ્રહતા નથી પણ ગ્રહે છે એવું.... ઓલું પ૨માં હોં. ગ્રહતા નથી. (પ્રવચનસાર ગાથા) પ૨. એ તો બતાવ્યું પહેલું. આ તો પ૨માં..... એ ... જ્ઞાનપરિણમન ક્રિયા નથી. **'આત્મા ક્રિયાફળભૂત બંધને અનુભવે છે, પણ જ્ઞાનથી નહિ. .... અર્થપરિણમનક્રિયાના ફળપણે બંધનું સમર્થન કરવામાં આવ્યું છે. ... પદાર્થોરૂપે પરિણમવારૂપ ક્રિયાનું ફળ એમ નક્કી કરવામાં આવ્યું છે. અર્થપરિણમવાની ક્રિયાનો અભાવ નિરૂપિત કરવામાં આવ્યો છે તેથી જે (આત્મા) પદાર્થોરૂપે પરિણમતો નથી... તે આત્માને જ્ઞપ્તિક્રિયાનો સદ્ભાવ હોવા છતાં ખરેખર....** એ ન આવ્યું. ભાવાર્થમાં આવ્યું. શું કાંઈ સમજાણું? પરને જ્યારે ગ્રહતો નથી, **પણ પોતાના જ્ઞાનને જ ગ્રહે છે, જ્ઞાનરૂપે જ પરિણમે છે**...'

ભાવાર્થમાં નાખ્યું છે. આહાહા! **'કર્મના ત્રણ ભેદ પાડવામાં આવ્યા છે. પ્રાપ્ય, વિકાર્ય ને નિર્વર્ત્ય. કેવળી ભગવાનનું પ્રાપ્ય કર્મ, વિકાર્ય કર્મ અને નિવર્ત્ય કર્મ જ્ઞાન જ છે, કારણ કે તેઓ જ્ઞાનને જ ગ્રહે છે'**. એને (-પરપદાર્થને) ગ્રહતા નથી. જ્ઞાનને જ ગ્રહે છે, જ્ઞાનરૂપે જ પરિણમે છે અને જ્ઞાનરૂપે જ ઊપજે છે. એમ આવવું જોઈએને વસ્તુમાંથી. 'નથી ગ્રહતા' એનો અર્થ કર્યો કે પરને નથી ગ્રહતા. પોતાને ગ્રહે છે. એ શૈલી છેને આખી. ..... શાસ્ત્રમાં ટીકામાં નાખ્યું છે. ભાવાર્થમાં.... એ તો પણ બરાબર છે.

આત્માનું ખરેખર તો કર્મ નામ કાર્ય તો જ્ઞાન જ છે. આત્માનું પ્રાપ્ય એ જ્ઞાન, વિકાર્ય–પલટવું એ જ્ઞાન અને નિવર્તવું–ઉપજવું એ પણ (જ્ઞાન). પોતાને–પોતાની જ્ઞાનપર્યાયને ગ્રહે, પકડે ને ઉપજે, પણ પરને જાણતા છતાં પરને ગ્રહે, પકડે કે ઉપજે નહીં. સમજાણું કાંઈ? આ તો કેવળજ્ઞાન, કેવળદર્શનનો ખુલાસો કર્યો છે. વ્યવહાર... લઈ, પહેલી ગાથાથી અગિયાર ગાથા સુધી. બીજી ગાથામાં જુદું મૂક્યું શ્વેતામ્બર આમ્નાયનું. નાખીને પછી તરત એકલા વ્યવહારને માનનારાની સામે સ્વપરપ્રકાશકની અગિયાર ગાથા લીધી. પછી (કહ્યું કે) આવા પરને જાણવા છતાં ઇહાપૂર્વક નથી માટે બંધ છે નહીં, એમ. જરી આ વિષય ઝીણો તો છેને. શુદ્ધોપયોગને..... એનો અધિકાર. એની દશાનું આવું સ્વરૂપ છે એમ એણે બરાબર જાણવું જોઈએ. પૂર્ણ લોકાલોક જાણે માટે તે લોકાલોકને ગ્રહે છે એમ નથી.

શ્રોતા : ધર્મની પર્યાય નથી ગ્રહણ નથી કરતો.......

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ ક્યાં પ્રશ્ન છે? એ પ્રશ્ન અહીં ક્યાં છે? અહીં તો, એ ગ્રહતો નથી, પણ રાગ સહિત ક્રિયા કરે છેને? એની વાત છે અહીં તો. ઇહાપૂર્વક ક્રિયા છેને? ભલે જ્ઞાની હોય, એને પણ ઇહાપૂર્વક ક્રિયા છે ત્યાં સુધી બંધ છે એમ કહેવું છે. અજ્ઞાનીની વાત તો એકકોર રાખો. અહીંયા તો પૂર્ણ જ્ઞાનમાં વિચારણાપૂર્વક–ઈચ્છાપૂર્વક એના પરિણામ હોતા નથી એમ સિદ્ધ કરવું છેને? પાઠ એમ છેને. સમજાણું? **जानन् पश्यन्नीहापूर्वं न भवति...** સિદ્ધાંત એ સિદ્ધ કરવો છે. એ તો અજ્ઞાનીને ઇચ્છાપૂર્વક પરિણામ છે. જ્ઞાનીને ઇચ્છાપૂર્વક પરિણામ નથી, સહજ પરિણામ વર્તે છે. અજ્ઞાનીને રાગ સહિતની વાત છે, મિથ્યાત્વ સહિત. આને એકલી અસ્થિરતાનો ભાવ છે એ પણ છેને. ઇહાપૂર્વક વિકલ્પ ઉઠે ત્યાં સુધી એને બંધ છે.

અહીં તો ઇહાપૂર્વક વિચારણા જ નથી. પૂર્ણાનંદ જ્ઞાન સહજપણે પૂર્ણ રીતે બધાને જાણવારૂપે પરિણમી ગયું, છતાં તેને ગ્રહ્યું નથી, પકડ્યું નથી, ઉપજ્યો નથી એ-રૂપે, તેથી તેને બંધન છે નહીં. જ્ઞેયાર્થ આત્મા પરિણમે છે, એવું આવે છે. પ્રવચનસારમાં આવે છે. (ગાથા ૪૩). જ્ઞેયાર્થ એટલે એના લક્ષે પરિણમે છે. ભલે એ જ્ઞેયરૂપે પરિણમતો નથી, પણ જ્ઞેયાકારમાં પરિણમન છે એનું, એ કહે છે. એ તો રાગ છે અને બંધન છે. આવે છે ક્યાંક પ્રવચનસારમાં. આહાહા! આવે છે. ગાથાનો ખ્યાલ નથી. આવે છે. જ્ઞેયાર્થ પરિણમન છે એ બંધનું કારણ છે. આ જ્ઞેયાર્થ પરિણમન નથી. જ્ઞાનાર્થ છે એમ લીધું અહીં. સમજાણું કાંઈ? ઘણી વાતું લીધી છે. કુંદકુંદાચાર્યે તો આખો દરિયો ભરી દીધો છે.

'**જ્ઞાતા જો જ્ઞેયપદાર્થરૂપે પરિણમતો હોય તો...**' જુઓ! 'જ્ઞેયપદાર્થરૂપે પરિણમતો' એટલે? પાઠ તો આવો છે. **તો તેને**.... ભાષા લીધીને. જ્ઞેયપદાર્થરૂપે પરિણમતો (એટલે) જ્ઞેય પદાર્થના લક્ષે આમ રાગરૂપે પરિણમે છેને, ભેદ પાડીને. '**તેને સકળ કર્મવનના ક્ષયે પ્રવર્તતા સ્વભાવિક જાણપણાનું કારણ ક્ષાયિક જ્ઞાન નથી**.' અરે! '**તેને જ્ઞાન જ નથી. કારણ કે દરેક**

**પદાર્થરૂપે પરિણતિ દ્વારા મૃગતૃષ્ણામાં જળસમૂહની કલ્પના કરવાના માનસવાળો તે (આત્મા) દુઃસહ કર્મભારને જ ભોગવે છે એમ જિનેન્દ્રોએ કહ્યું છે**.' આહાહા! બધો રાગ પણ બીજે... '**જ્ઞેયપદાર્થરૂપ પરિણમન જેનું લક્ષણ છે**...' જુઓ આવ્યું, એ પછી ૪૩માં આવ્યું. જ્ઞેયપદાર્થમાં પરિણમન જેનું લક્ષણ છે, એનો અર્થ કે '**(જ્ઞેયાર્થપરિણમનસ્વરૂપ) ક્રિયા**.' જુઓ! કૌંસમાં નાખ્યું. એ ૪૩ ગાથા. બરાબર છે. સમજાણું? જ્ઞેયપદાર્થમાં પરિણમન જેનું લક્ષણ છે એટલે કે જ્ઞેયરૂપે પરિણમતો નથી, પણ જ્ઞેયાર્થના પરિણમનસ્વરૂપ ક્રિયા–રાગ એની સાથે જોડાય છે. કેવળીને એ હોતું નથી. બહુ સૂક્ષ્મ. એ ક્રિયાફળ........

એના ભાવાર્થમાં ખુલાસો કર્યો છે. **જ્ઞેયપદાર્થરૂપે પરિણમવું**... ૪૨નો ભાવાર્થ. '**આ લીલું છે, પીળું છે, ઇત્યાદિ વિકલ્પરૂપે જ્ઞેયપદાર્થોમાં પરિણમવું**, એમ. પરરૂપે તો ક્યાં પરિણમે છે? (શ્રોતા : એ જયસેન આચાર્યમાં છે.) છેને. વિકલ્પરૂપે પરિણમવું એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? **ज्ञानं बन्धकारणं न भवति कर्मोदयोऽपि, किंतु रागादयो बंधकारणमिति...** જયસેન આચાર્યનું છે. **ज्ञानं बन्धकारणं न भवति, कर्मोदयोऽपि बंधकारण न भवति...** ઉદય આવે એ કંઈ બંધનું કારણ છે? એ તો રાગાદિ બંધકારણ છે. રાગ જે વૃત્તિ ઉભી થાય છે એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? છેને આ વાત આપણે ઘણા દિ'થી છે. આમણે નાખ્યું હતું.... કર્મનો ઉદય બંધનું કારણ હોય તો ઉદય તો સદાય છે. મોટી ચર્ચા ચાલી હતીને. ઉદય બંધનું કારણ નથી, જ્ઞાન બંધનું કારણ નથી, ફક્ત રાગાર્થથી જ્ઞેયાર્થ કરીને જાણે રાગથી, એ બંધનું કારણ છે. આહાહા! ગણધરને પણ .... છેને.

અહીં કહે છે, **સહજમહિમાવંત દેવાધિદેવ જિનેશ લોકરૂપી ભવનની અંદર રહેલા સર્વ પદાર્થોને જાણતાં હોવા છતાં, તેમજ દેખતાં હોવા છતાં**... સર્વ એમ લીધું. **મોહના અભાવને લીધે સમસ્ત પરને,** એમ, **(કોઈપણ પરપદાર્થને) નિત્ય (કદાપિ) ગ્રહતા નથી**. સમજાણું કાંઈ? ... કથન છે કે ભઈ! આ પરને જાણે એ પરમાં પેઠા વિના શી રીતે જાણે? એવો પ્રશ્ન થયો હતો ૮૪માં રાણપુર. ખત્રી હતો ખત્રી. વેદાંતી. નારણભાઈ, નહીં? એના દુકાનની સામે રહેતો. આ ૮૪ની વાત છે. વૃજનાથ આની કોર મકાન છેને.. ઓલી કોર ઘર છે. એ આવ્યા હતા. વ્યાખ્યામાં તો આવેને. વૃદ્ધ હતા. મહારાજ! તમે કહો છો કે પરમાણુને જાણે તો પરમાણુમાં પેઠા વિના જાણે? કીધું, હા, પેઠા વિના જાણે. આહા! મરચું તીખું છે એમ જણાય છે કે નહીં? એ જ્ઞાન તીખામાં ગરીને જાણે છે? સમજાણું કાંઈ? (ગરે તો) જ્ઞાન તીખું થઈ જાય. જ્ઞાન તો અરૂપી છે. તીખું હોય જ્ઞાન?

પરને જાણતા પરમાં પેઠે તો જાણે, એમ વેદાંતમાં એમ છેને. સર્વવ્યાપક કહેવું છેને એને. આહા! પર બધાને જાણે માટે બધું એક થઈ ગયું જ્ઞાન.—એમ નથી. પરમાં પેઠા વિના, પરને અડ્યા વિના, પરને ગ્રહ્યા વિના, પરરૂપે પરિણમ્યા વિના, પરરૂપે ઉત્પન્ન થયા વિના જાણે

છે. સમજાણું કાંઈ? આહાહા! એનો સ્વભાવ, જ્ઞાનનું આવું સ્વરૂપ જ એનો સ્વભાવ છે એમ નિર્ણય કર, એમ કહે છે. સમજાણું કાંઈ? નિમિત્ત ઊભો છે. નિમિત્ત ઊભો હોય તો શું છે? એને જાણતા એને કંઈ ગ્રહે છે? એને જાણતા એ પણે ઊપજે છે? એને જાણતા એનામાં આવે છે એ? આવે છે એટલે પરિણમે છે એ રૂપે? પોતાના જ્ઞાનમાં પોતે પોતે પરિણમે છે, ઊપજે છે ને ગ્રહે છે. આહાહા! ભેદજ્ઞાન.. ભેદજ્ઞાન.

**(પરંતુ) જેમણે જ્ઞાનજ્યોતિ વડે મળરૂપ ક્લેશનો નાશ કર્યો છે...** એવા જે પરમાત્મા... અરિહંતનું કેવળજ્ઞાનનું સ્વરૂપ શું છે એને વર્ણવે છે. આમ સમુચ્ચય અરિહંત.. અરિહંત કહેવું એમ નહીં. કેવળજ્ઞાન ને કેવળદર્શન બે હોવા છતાં એક સમયે વર્તે અને કેવળજ્ઞાન ને કેવળદર્શન સ્વને પ્રકાશે ને પરને પણ પ્રકાશે. હવે કહે છે કે પરને પ્રકાશતા છતાં... એમ આવ્યું. ૧૫૯.. ૧૫૯. વ્યવહારે કેવળી જાણે, પણ નિશ્ચયે પોતાને જાણે—એમ કરીને બે ભાગ પાડ્યા. ૧૬૦માં જુદું નાખ્યું શ્વેતામ્બર સામે. કેવળજ્ઞાન, કેવળદર્શન એક સમયે જ છે. પહેલું કેવળ..... પછી આ નાખ્યું. સ્વપરપ્રકાશક, ગુણ ને દ્રવ્ય બેય સ્વપરપ્રકાશક છે. હવે કહે છે કે પરને પ્રકાશતા છતાં... આ વાત આવી. સમજાણું કાંઈ? આહાહા! આટલું બધું લોકાલોકને જાણવું, આટલું પ્રકાશે તોય કાંઈ પર અને એને સંબંધ નહીં? કાંઈ સંબંધ નહીં. આહાહા!

**જેમણે જ્ઞાનજ્યોતિ વડે મળરૂપ ક્લેશનો નાશ કર્યો છે**... વળી શું સિદ્ધાંત નાખ્યો? કેવળજ્ઞાન પ્રગટ્યું છે એ કઈ રીતે પ્રગટ્યું છે? કે જ્ઞાનજ્યોતિ વડે મળનો નાશ કર્યો છે. કોઈ વ્યવહારની ક્રિયા વડે રાગનો નાશ કર્યો છે, સંસારનો નાશ કર્યો છે—એમ નથી. ચૈતન્યજ્યોત ભગવાન આત્માએ જ્ઞાનની અંતરની એકાગ્રતાની ક્રિયા એવી જ્યોતિ વડે સંસારરૂપી ઉદયભાવનો નાશ કર્યો છે.

**એવા તે જિનેશ સર્વ લોકના એક સાક્ષી (કેવળ જ્ઞાતાદ્રષ્ટા) છે.** આત્મા સિવાય બધાના સાક્ષી છે. પોતાના (સાક્ષી) છે એ જુદી વાત છે. સર્વે લોકાલોકના, એવા તે જિનેશ્વર સર્વ લોકના એ કેવળ જ્ઞાતા-દૃષ્ટા છે. એને ગ્રહતા, પકડતા ને ઉપજતા નથી. આચાર્યને કુંદકુંદાચાર્યને આ વાત મૂકવી પડી છે. પરથી ઘણા ઉદાસ. પોતે જ્ઞાતા-દૃષ્ટા.... છતાં મૂકવી પડી છે, એમાં જરીક ફેરફાર માનનારા હોય એની સામે આ વાત મૂકી છે. બાપુ! માર્ગ આવો છે. મેં પોતે મારી ભાવના માટે ગ્રંથ રચ્યો છે એમ કહ્યું છેને? સમજાણું કાંઈ? વાસ્તવિક તત્ત્વની સ્થિતિ આવી મારી ભાવનામાં છે એ તમને વર્ણવું છું. ૧૭૩-૧૭૪.

**परिणामपुव्ववयणं जीवस्स य बंधकारणं होइ ।**
**परिणामरहियवयणं तम्हा णाणिस्स ण हि बंधो ॥ १७३ ॥**
**ईहापुव्वं वयणं जीवस्स य बंधकारणं होइ ।**
**ईहारहियं वयणं तम्हा णाणिस्स ण हि बंधो ॥ १७४ ॥**

**પરિણામપૂર્વક વચન જીવને બંધકારણ થાય છે;**
**પરિણામ વિરહિત વચન તેથી બંધ થાય ન જ્ઞાનીને. ૧૭૩.**
**અભિલાષપૂર્વક વચન જીવને બંધકારણ થાય છે;**
**અભિલાષ વિરહિત વચન તેથી બંધ થાય ન જ્ઞાનીને. ૧૭૪.**

અહીં જ્ઞાની શબ્દે 'કેવળી' લેવો છે. સમજાણું કાંઈ? નહીં તો બીજે ઠેકાણે એમ આવે કે જ્ઞાનીને બંધ નથી. ઇહાપૂર્વક વિકલ્પ હો તોપણ જ્ઞાનીને બંધ નથી. એ બીજી વાત. આવે છે કે નહીં? એ અહીં નથી. અહીં તો કેવળજ્ઞાનીને બંધ નથી એમ સિદ્ધ કરવું છે. બંધનો અભાવ છે એવો આત્મા અબંધસ્વરૂપ એનું જ્યાં ભાન થયું એટલે જ્ઞાનીને અબંધસ્વભાવના પરિણામ છે, તેથી તેને બંધના પરિણામ છે જ નહીં એમ ગણીને એને બંધ છે નહીં એમ કીધું છે. અહીંયા તો સૂક્ષ્મપણે જે વિકલ્પ ઉઠ્યો અને પર્યાયમાં સર્વથા અબંધપણું નથી એને પણ આવી ઇચ્છાપૂર્વક વાત હોય ... આદિમાં (તો) બંધ છે.

એક બાજુ કહેવું કે જ્ઞાનીને બંધ જ નથી. ચાહે તો ભોગ ભોગવે તોય નિર્જરા થાય, છદ્મસ્થને. ભોગ ભોગવનાર તો ચોથા-પાંચમેવાળો હોય. સમજાણું કાંઈ? એ તો દૃષ્ટિમાં અબંધસ્વભાવનું ભાન વર્તે છે, અબંધપરિણામ એના વર્તે છે, એને આ જરી રાગાદિ આવ્યો એને ગૌણ ગણીને, અબંધદૃષ્ટિના વિષય તરફનું જોર છે તેથી તેને બંધ નથી અને નિર્જરા છે, એમ અધિકપણે રાગથી ભિન્ન વર્તતા ભાવને લઈને કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? ભારે ભાઈ વીતરાગના માર્ગ!

શ્રોતા : ચરણાનુયોગમાં એમ કીધું કે ઘણો બંધ છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ....ઘણો બંધ છે. એમ જ આવેને. .... પાંચમે થોડો, છટ્ઠે એથી થોડો. ચોથે તો ઘણો બંધ છે, ત્રણ કષાય છેને. જ્યારે એની પર્યાયની અપૂર્ણતાનું વર્ણન કરીને ભાવવિકાર વર્તે એને જણાવવું હોય તો બંધ છે એમ કહેવું. જ્યારે એ બંધના વિકારનો પણ જાણનાર છે, એના ભાવમાં એ આવતો નથી, સમ્યગ્દૃષ્ટિ વ્યવહારથી મુક્ત છે. દૃષ્ટિમાં તો વ્યવહારથી મુક્ત જ્ઞાની છે. જો રાગથી મુક્ત ન હોય તો સ્વભાવની દૃષ્ટિ જ ન થાય. સમજાણું કાંઈ? રાગ-દ્વેષના પરિણામ એ વિભાવ છે, ઉપાધિ છે. વસ્તુ તો નિરુપાધિ છે અને દૃષ્ટિ થઈ એ દૃષ્ટિવાન પણ નિરુપાધિ છે. સમજાણું કાંઈ? દૃષ્ટિપૂર્વક એ રૂપે પરિણમતો નથી. પણ હવે પરિણમે છે એની અહીં વાત લેવી છે પાછી. નીચલી દશામાં ઇચ્છાપૂર્વક જે વચન નીકળે એ બંધનું કારણ છે, પણ ઇચ્છા (હોય તો) હોં. સમજાણું કાંઈ?

નીચલાવાળાને એમ કહેવું કે એ તો વાણીનો ઉદય છે એ ખરી જાય છે અને ઈચ્છા જરી થઈ એ પણ ખરી જાય છે—એ તો દૃષ્ટિ અને જ્ઞાનના જોરની અધિકતાની વાતનું વર્ણન છે. પણ પર્યાયમાં જેટલી નબળાઈ છે એ એનામાં–એના અસ્તિત્વમાં છે માટે તેને વિકલ્પ ને

રાગ ઉઠે છે. માટે તે વિકલ્પ ને રાગ બંધનું કારણ છે. આહાહા! (શ્રોતા : બેધારી તલવાર છે). બેધારી... બેનું જ્ઞાન થવું જોઈએ કે નહીં? બિલકુલ અબંધ હોય તો મુક્તિ થઈ જાય ચોથે. ભોગ નિર્જરાનું કારણ હોય તો છોડવું (શું કામ)? પછી ભોગનો રાગ છોડવો જ નહીં. એનો અર્થ શું? સમજાણું કાંઈ?

ભોગ નિર્જરાનું કારણ છે. ભોગ નિર્જરાનું કારણ છે તો પછી સંયમ લેવું નહીં? છોડવો નહીંને, (કેમકે) એનાથી નિર્જરા થઈ જશે.—એમ નથી. સમજાણું કાંઈ? આહાહા! ભારે માર્ગ ભાઈ! ગમે એ પડખેથી વાતું એની અલૌકિક છે. હે નાથ! તારી નય તો ઇન્દ્રજાળ જેવી છે કહે છે. કહ્યું છેને એમાં? એય! બે ઠેકાણે કહ્યું છે. સમયસારમાં છે. ઇન્દ્રજાળ છે પ્રભુ! એ ઇન્દ્રજાળને.... અલૌકિક વાત છે. જેમ છે તેમ નયનું જ્ઞાન બરાબર હોવું જોઈએ. સમ્યક્ થયું એટલે અમારે હવે બંધ નથી એટલે ગમે તે રીતે વર્તીએ એમ ન હોય એને. સમજાણું કાંઈ? મુનિને, શું ગણધર જેવાને પણ અહીં નાખ્યા છે. ઇહા વિચારના ...પૂર્વક વચન છે, તો બંધ છે એને. લે! (એક બાજુ કહેવું કે) ચોથે બંધ નથી, (બીજી બાજુ કહેવું કે) છઠ્ઠે બંધ છે ગણધર જેવાને. શુભભાવ છેને. જે અપેક્ષા હોય એ સમજવી જોઈએ કે નહીં? ઓલી દૃષ્ટિ ને જ્ઞાનના જોરની અપેક્ષાએ વાત કરી છે. અસ્થિરતા આવે છે એનામાં છે માટે એને બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

**એવા તે જિનેશ સર્વ લોકના એક સાક્ષી** એવા દૃષ્ટા **છે**. એ આવી ગયુંને. ૧૭૩-૧૭૪ ગાથા. ગાથા થઈ ગઈ. હેઠે (હરીગીત) થઈ ગયું. એ થઈ ગયું. બોલાઈ ગયું, બેય બોલાઈ ગયું. હવે તો એની ટીકા જ લેવાની છે. અહીં તો ઓલો 'જ્ઞાની' શબ્દ આવ્યો હતોને એ ઉપરથી 'બંધ થાય ન જ્ઞાનીને' એમાં જરી વર્ણન આવ્યું. બંધ થાય ન જ્ઞાનીને એટલે ઓલો કેવળી.... જ્ઞાનીની વાત નથી અહીં. એ ઉપરથી આ ચર્ચા ચાલી. આહાહા! ટીકા એની. **ईहारहियं**— (ઇચ્છા રહિત). એનો અર્થ જ એવો કર્યો. **ईहापुव्वं**—ઇચ્છાપૂર્વક... ઇહાનો અર્થ જ ઇચ્છા કર્યો છે. **ईहापुव्वं**—ઇચ્છાપૂર્વક એમ અર્થ કર્યો. ઇહા એટલે વિચારણા એમ અર્થ છે. પણ અહીં ઇહાનો અર્થ જ ઇચ્છા. **ईहापुव्वं**—ઇચ્છાપૂર્વક.

**ટીકા : અહીં ખરેખર જ્ઞાનીને (કેવળજ્ઞાનીને)...** ખુલાસો કરવા પડ્યો. બીજે ઠેકાણે (કહ્યું છે કે) જ્ઞાનીને બંધ નથી, વળી એ નથી અહીં. કેવળજ્ઞાનીને **બંધના અભાવનું સ્વરૂપ કહ્યું છે.** સમ્યગ્જ્ઞાની એટલે કેવળજ્ઞાની, એમ. ન્યાંય ખુલાસો કરવો પડ્યો પાછો. **સમ્યગ્જ્ઞાની (કેવળજ્ઞાની) જીવ ક્યાંય ક્યારેય...** ક્યારેય ને ક્યાંય (અર્થાત્) કોઈ ઠેકાણે ને કોઈ કાળે. **સ્વબુદ્ધિપૂર્વક...** આ ઇહાનો અર્થ કર્યો 'સ્વબુદ્ધિપૂર્વક'. **અર્થાત્ સ્વમનપરિણામપૂર્વક વચન બોલતો નથી.** કેવળજ્ઞાની બોલતો નથી એનો અર્થ કે કેવળજ્ઞાની જીવ, એમ. જીવ બોલતો નથી. કહો, સમજાણું કાંઈ?

સમ્યગ્જ્ઞાની (એટલે) કેવળજ્ઞાની જીવ, એમ. નહીંતર કેવળજ્ઞાની બોલતો નથી એમ...... અહીં તો સ્વબુદ્ધિપૂર્વક એટલે સ્વમન-પરિણામપૂર્વક, એમ. સ્વમનના રાગ પરિણામપૂર્વક, એમ. વચન બોલતો નથી કેવળજ્ઞાનીનો જીવ. **કેમ? 'अमनस्काः केवलिनः (કેવળીઓ મનરહિત છે)'...** કેવળીને મન હોતું નથી. ભાવમન હોં. દ્રવ્યમન તો છે, એ તો જડ છે. **(કેવળીઓ મનરહિત છે) એવું (શાસ્ત્રનું) વચન હોવાથી...** ઉમાસ્વામી (રચિત) તત્ત્વાર્થસૂત્રનું વાક્ય આ. **આ કારણથી (એમ સમજવું કે) જીવને મનપરિણતિપૂર્વક વચન બંધનું કારણ છે...** મનની પરિણતિપૂર્વક–ભાવમનપૂર્વક એટલે ઇચ્છામનપૂર્વક, એમ. **વચન બંધનું કારણ છે એવો અર્થ છે અને મનપરિણતિપૂર્વક વચન તો કેવળીને હોતું નથી...** વાણી તો, સહજ ઇચ્છા વિના ધ્વનિ–દિવ્યધ્વનિ ઉઠે છે. પૂર્વના કારણ .... બંધન છે તીર્થંકરગોત્ર આદિનું, (તેથી) ધ્વનિ ઉઠે છે, એ ભગવાનને મનપરિણતિપૂર્વક વચન તો કેવળીને હોતું નથી.

**ઇચ્છાપૂર્વક વચન જ...** વિશેષ એનો ખુલાસો લીધો. ત્રણ બોલ વાપર્યા. સ્વબુદ્ધિપૂર્વક–સ્વમનપરિણામપૂર્વક, બીજું મનપરિણતિપૂર્વક, ત્રીજું ઇચ્છાપૂર્વક. આવ્યુંને ત્રીજું. **(વળી) ઇચ્છાપૂર્વક વચન જ સાભિલાષસ્વરૂપ જીવને બંધનું કારણ છે... (સાભિલાષસ્વરૂપ) = જેનું સ્વરૂપ સાભિલાષ (ઇચ્છાયુક્ત) હોય એવા.** એવા જીવને બંધનું કારણ છે. આહાહા! સમ્યગ્દૃષ્ટિને અબંધ પરિણામ... લ્યો એમ લીધું છેને. બંધ અધિકારમાં જ લીધું છે. સમકિતિ પણ નિશ્ચયથી તો અબંધ જ છે, પણ સમિતિ આદિ નથી એથી એને જરી મુખ્ય દૃષ્ટાંતમાં ન નાખ્યા અને મુનિને દૃષ્ટાંતમાં નાખ્યા. એ અબંધ છે. અહીં કહે છે કે ગણધર જેવા ને તીર્થંકર જેવા પણ જ્યાં સુધી છદ્મસ્થને ઇચ્છાપૂર્વક વચન છે, એ બંધનું કારણ છે. બેય સાચું છે. કહો, સમજાણું કાંઈ?

ઓલું દૃષ્ટિ ને જ્ઞાનની અપેક્ષાએ કહ્યું, આ પોતે અસ્થિરતાની અપેક્ષાએ કહ્યું. એમ જાણવું જોઈએ કે નહીં? જાણવું, પોતે જ્ઞાનસ્વરૂપ જ છે, જ્ઞાનસ્વરૂપ છે એવું જાણે. એનો સ્વભાવ જ જાણવું છે. આહાહા! રાગનું કરવું-ફરવું એ કાંઈ એનો સ્વભાવ જ ક્યાં છે? જાણનાર.. જાણનાર.. જાણનાર.. જાણનાર.. જાણનાર.. સ્વ-પરનું એક .... એના ઉપર તો આખું અધ્યયન નાખ્યું જુઓને! જાણનાર.. જાણનાર.. જાણનાર..

**અને કેવળીના મુખારવિંદમાંથી નીકળતો...** ભાષા જુઓ! ભગવાન સર્વજ્ઞ પરમાત્માના મુખારવિંદ–મુખરૂપી કમળમાંથી નીકળતો... કોણ? દિવ્યધ્વનિ. લ્યો એક બાજુ કહે કે ભગવાનને હોઠ હાલે નહીં, મુખમાંથી વાણી નીકળે નહીં, લ્યો. પંચાસ્તિકાય. મુખારવિંદ એટલે આમ લોકો કહે છે કે એ રીતે નીકળે છે એટલી અપેક્ષાએ ભાષા (લીધી), બાકી આખા આત્મામાં(થી નીકળે છે), ઓમ ધ્વનિ આખા આત્મામાંથી નીકળે છે. એને આમ લૌકિકની ભાષાએ સમજાવ્યું છે. મુખારવિંદ–મુખરૂપી કમળમાંથી નીકળતો... ત્યાંય છેને પંચાસ્તિકાયમાં પહેલી ગાથાઓમાં? મુખરૂપી અરવિંદમાંથી નીકળે છે. પંચાસ્તિકાયની પહેલી ગાથાઓ છે. પહેલી (-શરૂઆતની) ગાથા હોં, પહેલી એમ નહીં. કહો, સમજાણું કાંઈ? આખા પ્રદેશે ઓમનો

ધ્વનિ નીકળે છે. કંઠ હાલે નહીં, હોઠ હલે નહીં, હોઠ ઉઘડે નહીં. કહો, સમજાણું કાંઈ? આહાહા! હોઠ હલે નહીં, કંઠ હાલે નહીં—એ અપેક્ષાએ મૌન છે. વાણી નીકળે છે આખા પ્રદેશે. અઘાતિકર્મનું બંધન છેને માટે ધ્વનિ ઊઠે છે.. ધ્વનિ ઊઠે છે.

**સમસ્ત જનોનાં હૃદયને આહ્લાદના કારણભૂત...** વળી એ શબ્દ આવ્યો પાછો. ભગવાનની દિવ્યધ્વનિ કેવો? સમસ્તજનોના હૃદયને આહ્લાદનું કારણ છે. આહાહા! પાછું આહ્લાદનું કારણ પરપદાર્થ અને આહ્લાદનું કારણ એની વાણી. અહીં કહેવું કે ભગવાનની વાણી સાંભળનારને બંધનું કારણ. એય! કારણ કે દિવ્યધ્વનિ પર છે અને પરને સાંભળવામાં તો વિકલ્પનો ભાગ છે. સમજાય છે? આવે ખરો, પણ છે એ બંધનું કારણ. જ્ઞાન ને દર્શનનું કારણ તો આત્મા છે. એવી વાત છે. અહીં કહે છે કે **સમસ્ત જનોના**, એમ પાછું. ભવ્યજનોના, એમ કાઢવું હતું. એ વાણી તો **સમસ્ત જનોના હૃદયને આહ્લાદના કારણભૂત** દિવ્યધ્વનિ... એ તો સુખરૂપ ધ્વનિ છે બધાને. આનંદનું જ, સહજાનંદની વાત કરી. સમજાણું કાંઈ?

**સમસ્ત જનોના**, આહાહા! હૃદયને આહ્લાદ–સુખના કારણભૂત છે, સુખના કારણભૂત છે એની વાણી. ભીખાભાઈ! એકકોર (કહે કે) ભગવાનની વાણી સાંભળતા બંધનું કારણ છે. સોગાની કહે કે બંધ છે, નુકશાન છે. લ્યો. વાત સાચી, પણ એ અપેક્ષાએ વ્યવહારે આહ્લાદ છે (કેમકે) વાસ્તવિક તત્ત્વને સમજવામાં નિમિત્ત છેને વાણીનો ધ્વનિ. આહાહા! ભગવાનની દિવ્યધ્વનિ એના સમવસરણમાં, કહે છે, બધા જનોના હૃદયને આહ્લાદના કારણભૂત **દિવ્યધ્વનિ તો અનિચ્છાત્મક (ઇચ્છારહિત) હોય છે...** એને–ભગવાનને ઇચ્છા હોતી નથી. **માટે સમ્યગ્જ્ઞાનીને (કેવળજ્ઞાનીને) બંધનો અભાવ છે.** લ્યો, સમ્યગ્જ્ઞાનીનો અબંધભાવ... ટીકા એમ છેને એટલે પછી ખુલાસો કરવો પડ્યો ત્યાં. પહેલેથી લીધુંને કે **इह हि ज्ञानिनो बंधाभावस्वरुपमुक्तम । सम्यग्ज्ञानी जीव:..** ટીકામાં છે એટલે 'કેવળજ્ઞાની' (શબ્દ) લેવો પડ્યો. કેવળજ્ઞાનીની વાત છે અહીં. સમ્યગ્જ્ઞાની તો ચોથેથી જ છે. અહીંયા સમ્યગ્જ્ઞાની (એટલે) કેવળજ્ઞાનીને લેવા છે. અનિચ્છાત્મક ઇચ્છારહિત હોય છે માટે સમ્યગ્જ્ઞાનીને બંધનો અભાવ છે. લ્યો,

**(હવે આ ૧૭૩-૧૭૪મી ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ત્રણ શ્લોક કહે છે) :**

**ईहापूर्वं वचनरचनारूपमत्रास्ति नैव**
**तस्मादेष: प्रकटमहिमा विश्वलोकैकभर्ता ।**
**अस्मिन् बंधः कथमिव भवेद्रव्यभावात्मकोऽयं**
**मोहाभावान्न खलु निखिलं रागरोषादिजालम् ॥२८९॥**

**શ્લોકાર્થ : આમનામાં** એટલે **(કેવળી ભગવાનમાં) ઇચ્છાપૂર્વક વચનરચનાનું સ્વરૂપ નથી જ...** એ વચનરચના ઇચ્છાપૂર્વક ભગવાનને હોતી નથી, એની મેળાએ ઉઠે છે. **તેથી તેઓ**

**પ્રગટ-મહિમાવંત છે...** ઇચ્છાપૂર્વક વચનરચનાનું સ્વરૂપ નથી એથી તે ભગવાન પ્રગટ મહિમાવંત છે. પૂર્ણ જ્ઞાન, આનંદાદિ મહામહિમાવંત પરમાત્મા છે. **અને સમસ્ત લોકના એક (અનન્ય) નાથ છે.** લ્યો, સમસ્ત લોકના એક અનન્ય નાથ છે. જાણનાર તરીકે બધાના જાણનાર છેને. **એક (અનન્ય) નાથ છે**. જાણવાની અપેક્ષાએ નાથ કહ્યા છે. જગતના ધણી નથી, લોકાલોકના કાંઈ સ્વામી નથી, પણ એને જે માને, ઓળખે એને ધર્મની દશા પ્રગટ થાય અને આગળ વધીને નહીં પામેલી પામે, એ અપેક્ષાએ ભગવાનને એક નાથ કહ્યા છે. નાથની વ્યાખ્યા આ છે કે મળેલીને રાખે અને અણમળેલીને આપે. સમજાણું કાંઈ?

લ્યો, ભગવાન આપે એમ કહે છે. 'દદાતિ ઇતિ દેવ' આવે છે. ધર્મ, અર્થ, કામ ને મોક્ષ—ચારેય ભગવાન આપે છે. માટે એને દેવ કહેવામાં આવે છે. આહાહા! એ તો નિમિત્તના વાક્યો છે. જે મેળવે એને આ નિમિત્ત થાય માટે એને ધર્મ, અર્થ, કામ, મોક્ષના 'દદાતિ ઇતિ દેવ' એમ કહ્યું. એ આપી (શકે) તો બધાને આપી દે. કોઈ કોઈના આત્માને આપે નહીં. કહે છે કે કોઈની પર્યાય કોઈ લઈ શકે નહીં, દઈ શકે નહીં. એવા ભગવાન સર્વજ્ઞને જેણે પોતાના જ્ઞાનમાં સ્વીકાર્યા, એની માન્યતા થઈ, એની સ્થિરતા થઈ, એમાં કાંઈ ઇચ્છા રહી એમાંથી અર્થ ને કામ પણ આવે, નિર્મળતામાં મોક્ષ આવે અને ઇચ્છા છે સાંભળવા (આદિની) એ પુણ્ય છે. સમજાણું કાંઈ? આહાહા!

**તેમને દ્રવ્યભાવસ્વરૂપ એવો આ બંધ કઈ રીતે થાય?** દ્રવ્યબંધ પણ નથી ને ભાવબંધ પણ નથી. લ્યો, એક સમયનો છેને. અહીં એ બંધ નહીં. એ તો આવે ને જાય, આવે ને જાય. એક સમય આવીને વયો જાય. એ બંધન છે નહીં. એ આસ્રવ એટલે વ્યવહાર ... કંપન્ન છે એટલે ગણવામાં આવ્યું છે. દ્રવ્યભાવસ્વરૂપ એવો બંધ કઈ રીતે થાય ભગવાનને? **(કારણ કે) મોહના અભાવને લીધે...** ભગવાનને તો મોહ છે નહીં. એને તો ઉદય છે એ સમૂળગું ક્ષાયિકનું કામ કરે છે એમ કહે છે. એમ કહ્યું છેને. કારણકે ઉદય આવે એ ક્ષાયિકનું કામ (કરે એટલે કે) ખરી જાય છે, ખરી જાય છે.

'(પુણ્યફલા) અરિહંતા.' આ શું કીધું? પુણ્યફલા અરિહંતા. પુણ્યફળથી અરિહંતપદ મળે એવો અર્થ કરે છે. (પણ) એમ નથી. કેવળજ્ઞાનીની વાત ક્યાં છે? આ તો વળી એને સમવસરણ ને વાણી ને ઉદયભાવ આવે એ પુણ્યનું ફળ છે એમ કહેવું છે. એનો અર્થ આવા ઊંધા મારે છે. તમે પુણ્યને વિષ્ટા કહો છો, નિષેધ કરો છો, પણ પુણ્યના ફળમાં તો તીર્થંકર કેવળજ્ઞાન પામે. અરેરે ભગવાન! શું કરે છો? એ તો વાત કહી ગયા હતા પહેલાં. જ્ઞાનીને જ્ઞાનથી થાય છે, અહીં કહ્યું પહેલું. **જ્ઞાનજ્યોતિ વડે મળનો નાશ થાય છે**. કારણ કે **તેમને ખરેખર સમસ્ત રાગદ્વેષાદિ સમૂહ તો છે નહિ.** વિકલ્પ પણ નથી ને બહારમાં બંધ પણ નથી. તદ્દન મોહરહિત ભગવાન પૂર્ણાનંદ એવું જ્ઞાન ને દર્શનનું પૂર્ણસ્વરૂપ પ્રાપ્ત એને પરમાત્મા કહેવાય છે, એને બંધ હોતો નથી.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**માગશર વદ ૫, મંગળવાર, તા. ૭-૧૨-૧૯૭૧**
**શ્લોક - ૨૯૦-૨૯૨, ગાથા - ૧૭૫-૧૭૬, પ્રવચન નં. ૧૯૬**

૨૯૦ કળશ છે.

**एको देवस्त्रिभुवनगुरुर्नष्टकर्माष्टकार्धः...** અષ્ટક અર્ધઃ એમ લીધું, ચાર ન લીધું.

**एको देवस्त्रिभुवनगुरुर्नष्टकर्माष्टकार्धः**
**सद्बोधस्थं भुवनमखिलं तद्गतं वस्तुजालम् ।**
**आरातीये भगवति जिने नैव बंधो न मोक्षः**
**तस्मिन् काचिन्न भवति पुनर्मूर्च्छना चेतना च ॥२९०॥**

અરિહંત ભગવાન એને ઇચ્છા હોતી નથી એ સિદ્ધ કરવા વધારે સ્પષ્ટ કરે છે. ભગવાન બોલે ખરા એમ કહેવાય, પણ ખરેખર એને ઇચ્છા હોતી નથી. ઇચ્છા વિના પરમાત્મા અરિહંતને વાણી નીકળે છે, તેથી એને બંધનું કારણ નથી

**શ્લોકાર્થ : ત્રણ લોકના જેઓ ગુરુ છે...** સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્મા ત્રણ લોકના ગુરુ છે. ત્રણ લોકને જાણે છે એટલે એના ગુરુ તરીકે કહેવામાં આવે છે. અથવા ઉત્તમમાં ઉત્તમ પુરુષો જે ઇન્દ્રો, ગણધરાદિના ગુરુ છે એટલે ત્રણ લોકના એને ગુરુ કહેવામાં આવે છે. **ચાર કર્મનો જેમણે નાશ કર્યો છે...** આઠ કર્મો... અહીં તો વાણીવાળા લેવા છેને. સિદ્ધ નથી લેવા એકલા. ચાર કર્મોને જેમણે નાશ કર્યો છે (અને) ચાર કર્મ જેને બાકી છે. આઠ કર્મ....

**અને આખો લોક તથા તેમાં રહેલો પદાર્થસમૂહ જેમના સદ્જ્ઞાનમાં સ્થિત છે,** લ્યો. ત્રણ કાળ ને ત્રણ લોક જેમના સદ્જ્ઞાનમાં સ્થિત છે, લ્યો. એટલે કે એનું જ્ઞાન પૂર્ણ વર્તે છે. પાઠ તો એમ છે કે પદાર્થસમૂહ ને લોક સદ્જ્ઞાનમાં સ્થિત છે. એમના જ્ઞાનમાં રહેલા છે. એનો અર્થ કે જેટલા ત્રણ કાળ, ત્રણ લોક છે એ બધું જાણે ભગવાનના જ્ઞાનમાં વર્તે છે. એક સમયમાં કેવળજ્ઞાનમાં (જાણે) એવું એ અરિહંતપદ છે.

**તે (જિન ભગવાન) એક જ દેવ છે.** આવા હોય તેને દેવ કહેવાય એમ કહે છે. આ સિવાય અજ્ઞાનીઓએ કલ્પેલા દેવ એ દેવ હોઈ શકે નહીં. જેને એક સમયની અંદર ત્રણ કાળ, ત્રણ લોક જ્ઞાનમાં જાણ્યા વર્તે અને ઇચ્છા વિના જેને વાણી હોય, એ એક જ દેવ હોય. એ સિવાય કોઈ જગતમાં સાચા દેવ નથી. **તે નિકટ (સાક્ષાત્) જિન ભગવાનને વિષે...** સાક્ષાત્ જિન ભગવાનને વિષે, એમ. **નથી બંધ કે નથી મોક્ષ...** બંધેય નથી, મોક્ષેય નથી. મોક્ષ થઈ ગયો છે ભાવમોક્ષ તો. બાહ્ય મોક્ષ હજી ચાર કર્મનો બાકી છે માટે મોક્ષપણું હજી નથી અને

બંધ પણ નથી. ભગવાનને બંધેય નથી અને હજી પૂર્ણ મોક્ષેય નથી. ચાર (અઘાતી) કર્મનો જે અભાવ થઈને દ્રવ્યમોક્ષ થવો જોઈએ એ નથી, ભાવમોક્ષ છે.

**તેમ જ તેમનામાં નથી કોઈ મૂર્છા** (એટલે) અજ્ઞાનદશા. જાણવાનું કાંઈ બાકી હોય એવું એમાં છે નહીં. **કે નથી કોઈ ચેતના...** એટલે જાણવું કાંઈ બાકી છે એમ છે નહીં. પૂર્ણ આશ્રય દ્રવ્યનો પ્રગટ થઈ ગયો છે. એવા એ ભગવાન એક જ દેવ છે. એને વાણી ઇચ્છા વિના નીકળે છે. એને અભિલાષપૂર્વક વાણી હોતી નથી. એને બંધ હોતો નથી. .... વાણી તો વાણીને કારણે નીકળે, પણ એને–નીચે(ના ગુણસ્થાનવાળાને) ઇચ્છાપૂર્વક હોય છે માટે તે બંધનું કારણ છે. નીચે બંધનું કારણ છે, એને (-અરિહંતને) બંધનું કારણ નથી. પૂર્ણ થઈ ગઈ દશા. ૨૯૦ કહ્યો. 'ચેતના' કીધુંને? જાણવાનું બાકી નથી અથવા આશ્રય કરવો બાકી નથી, પૂર્ણ આશ્રય થઈ ગયો. ચેતવું એટલે અંદર એકાગ્ર થવું હવે બાકી નથી. પ્રશ્ન તો કરે છે. કહો, સમજાણું કાંઈ?

નીચે ખુલાસો કર્યો છે. (**દ્રવ્યસામાન્યનો પૂર્ણ આશ્રય છે**). છેને? હવે આશ્રય કરવો બાકી નથી, એમ. અહીં તો 'નથી ચેતના' એમ કહેવું છે. 'નથી ચેતના'માં પૂર્ણ ચેતના છે એમ કેમ (આવે)? 'નથી ચેતના' એટલે હવે કાંઈ ચેતવું ને આશ્રય કરવો બાકી નથી, એમ. જેમ હોય એમ હોયને એનો અર્થ. ૨૯૦ થયો. જુઓ! આવા અરિહંત ભગવાનને આવી દશા હોય છે. એને વાણી નીકળે પૂર્વના કર્મને કારણે, પણ એને ઇચ્છા ને રાગ ને અભિલાષપૂર્વક વાણી હોતી નથી. દિવ્યધ્વનિ નીકળે. ચાર (વેળા—સવાર), બપોર, સાંજ, રાત ઇચ્છા વિના વાણી નીકળે. ઇચ્છા નથી, એ તો પૂર્ણ વીતરાગ છે. ૨૯૧.

**न ह्येतस्मिन् भगवति जिने धर्मकर्मप्रपंचो**
**रागाभावादतुलमहिमा राजते वीतरागः।**
**एषः श्रीमान् स्वसुखनिरतः सिद्धिसीमन्तिनीशो**
**ज्ञानज्योतिश्छुरितभुवनाभोगभागः समन्तात् ॥२९१॥**

**શ્લોકાર્થ : આ જિન ભગવાનમાં...** જ્યાં પરમેશ્વર વીતરાગદશા પૂર્ણ થઈ ગઈ. જેને કંઈ રાગનો અંશ ને ઇચ્છા છે નહીં. એ ભગવાનને **ખરેખર ધર્મ અને કર્મનો પ્રપંચ નથી...** હવે ધર્મ કરવો એટલે શુદ્ધિ અને અશુદ્ધિનો ભાગ નથી. **(અર્થાત્ સાધકદશામાં જે શુદ્ધિ અને અશુદ્ધિના ભેદપ્રભેદો વર્તતા હોય છે તે જિન ભગવાનમાં નથી)...** પૂર્ણ વીતરાગદશા થઈ ગઈ, પછી આના શુદ્ધિ ને અશુદ્ધિ બે ભેદ છે જ નહીં. શરીર એક બાકી છે, ચાર કર્મ બાકી છે. સમજાણું કાંઈ? પણ રાગ કંઈ છે નહીં. તેમ શુદ્ધિ ને અશુદ્ધિના પ્રકાર પણ, પૂર્ણ શુદ્ધિ થઈ ગઈ એટલે એમાં બે ભેદ નથી.

**રાગના અભાવને લીધે અતુલ-મહિમાવંત...** આહાહા! એકલી આનંદદશા અને કેવળજ્ઞાનદશા એ તો અતુલ મહિમાવાળી છે. એવી જ આત્માની શક્તિ છે કે એ રૂપે પરિણમે

ને થઈ શકે છે. દરેક આત્મા એવી શક્તિવાળો છે. સમજાણું કાંઈ? કહે છે કે **રાગના અભાવને લીધે અતુલ મહિમાવંત...** જેની મહિમાની કોઈ ઉપમા નથી. કોઈની સાથે ઉપમા–તુલના કરી શકાય નહીં. **એવા તે (ભગવાન) વીતરાગપણે વિરાજે છે. તે શ્રીમાન (શોભાવંત ભગવાન)...** જુઓ! એ શ્રીમાન છે. **(શોભાવંત ભગવાન)...** શ્રી એટલે શોભા. **નિજસુખમાં લીન છે...** પરમાત્મા તો પોતાના અતીન્દ્રિય આનંદમાં લીન છે. આ જ આત્મા પરમાત્મા થાય એટલે આત્મા આનંદમાં જ લીન રહે છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

પોતાનો આનંદસ્વભાવ, અત્યારે પણ અનંત આનંદથી બિરાજમાન આત્મા છે. એમાં એકાગ્ર થવાથી વ્યક્તરૂપે–પ્રગટ અનંત આનંદ પ્રગટ્યો, એવા પરમાત્મા અરિહંત એ આનંદમાં લીન છે. કોઈનું ભલું કરવું, ભૂંડું કરવું એવું એને છે નહીં, એમ કહે છે. સમજાણું કાંઈ? કહે છેને, ભગવાન અવતરે, રાક્ષસોને મારે ને ભક્તોની ભીડ ટાળે. એવા ભગવાન હોઈ શકે નહીં. એ ભગવાન જ નથી. સમજાણું કાંઈ? પોતાના અનંત જ્ઞાન, અનંત આનંદ, વીતરાગતા પ્રગટ્યા છે તેમાં એ લીન છે. **મુક્તિરૂપી સ્ત્રીના નાથ છે...** મોક્ષ થયો છેને કેવળજ્ઞાનીને. પોતાની મુક્તદશા એના એ નાથ–સ્વામી છે. પૂર્ણ પવિત્રતા પ્રગટી છે એના એ ધણી–સ્વામી છે. એ કોઈ જગતના સ્વામી નથી. પોતાને પૂર્ણ આનંદદશા, પૂર્ણ જ્ઞાન, શાંતિદશા પ્રગટ થઈ એના એ નાથ છે.

**અને જ્ઞાનજ્યોતિ વડે તેમણે લોકના વિસ્તારને સર્વતઃ છાઈ દીધો છે.** જ્ઞાનજ્યોતિ વડે લોકાલોકના વિસ્તારને જેણે જાણી લીધા છે. આખી દુનિયા છવાઈ ગઈ છે જાણે જ્ઞાનમાં એટલે કે આખી દુનિયા–લોકાલોક જેમના જ્ઞાનમાં વર્તે છે. આહાહા! આવું અરિહંત પરમાત્માનું પરિણામપૂર્વક બોલવા વિનાનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? ૧૭૫ ગાથા.

**ठाणणिसेज्जविहारा ईहापुव्वं ण होइ केवलिणो ।**
**तम्हा ण होइ बंधो साक्खट्ठं मोहणीयस्स ॥१७५॥**

**અભિલાષપૂર્વક વિહાર...** અર્થ કર્યો છે. 'વિહાર' શબ્દ પડ્યો છે. ટીકામાં પણ 'વિહાર' છે.

**અભિલાષપૂર્વક વિહાર આસન, સ્થાન નહિ જિનદેવને,**
**તેથી નથી ત્યાં બંધ; બંધન મોહવશ સાક્ષાર્થને. ૧૭૫.**

**ટીકા : આ, કેવળીભટ્ટારકને...** સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતદેવ જેને પૂર્ણ જ્ઞાન ને આનંદ પ્રગટ્યા એવા તીર્થંકર અથવા કેવળી એને **મનરહિતપણાનું પ્રકાશન છે...** લ્યો, એને મન હોતું નથી. ભાવમન છે નહીં, દ્રવ્યમન તો જડ છે. **(અર્થાત્ અહીં કેવળી ભગવાનનું મનરહિતપણું દર્શાવ્યું છે). અર્હંતયોગ્ય પરમ લક્ષ્મીથી વિરાજમાન...** અર્હંતયોગ્ય–એને યોગ્ય પરમલક્ષ્મી— અનંત જ્ઞાન, દર્શન, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા, વીતરાગતા આદિ લક્ષ્મી એની પાસે છે. આ ધૂળની લક્ષ્મી નથી. સમજાણું કાંઈ? આ ધૂળની લક્ષ્મી આત્મા પાસે ક્યાં છે? એ તો જુદી છે.

એને મૂઢ માને છે કે હું લક્ષ્મીવાળો છું. આ પૈસા ધૂળ તો બાહ્ય છે. એની પાસે ક્યાં આવ્યા? ગરી ગયા છે એમાં? પૈસા મારા, લક્ષ્મી મારી, એ જડનો સ્વામી મૂઢ થાય છે. આહાહા! આ લક્ષ્મીનો સ્વામી તે ભગવાન છે. સમજાણું કાંઈ? અર્હંતને યોગ્ય પરમલક્ષ્મી... એમ કીધું છેને?

**પરમવીતરાગ સર્વજ્ઞ કેવળીભગવાનને...** પરમ વીતરાગ સર્વજ્ઞ, એમ. ઇચ્છા રહિત થઈ ગયા અને વીતરાગ, સર્વજ્ઞ છે એવા કેવળી ભગવાનને **ઇચ્છાપૂર્વક કાંઈ પણ વર્તન હોતું નથી...** ઇચ્છાપૂર્વક એને કાંઈપણ વર્તન હોતું નથી. આહાહા! **તેથી તે ભગવાન (કાંઈ) ઇચ્છતા નથી...** એને કોઈ ઇચ્છા હોતી નથી. હાલવું-ચાલવું, બોલવું, વિહાર કરવો એવી કોઈ ઇચ્છા હોતી નથી, એમ કહે છે. ઓલું વચનનું નાખ્યું હતું, હવે બધું નાખ્યું. **કારણ કે મનપ્રવૃત્તિનો અભાવ છે...** ભગવાનને મનની પ્રવૃત્તિ જ નથી. ભગવાન તો એકલા કેવળજ્ઞાનમય–સ્વરૂપ છે. આહાહા! દેવનું સ્વરૂપ એણે બરાબર જાણ્યું નથી. દેવનું વાસ્તવિક સ્વરૂપ જાણે એ આત્મા સાથે મેળવે. એવો ને એ જાતનો જ હું છું (એમ માને) તો એને સમ્યગ્દર્શન થયા વિના રહે નહીં. પણ દેવની વ્યાખ્યાની ખબર ન મળે. સમજાણું કાંઈ?

બધા દેવ સરખા, બધે ચોખા મૂકવા, બધાને માનવા. મિથ્યાભ્રમ છે, અજ્ઞાન છે કહે છે. સમજાણું કાંઈ? જય નારાયણ કરવા બધાને—હનુમાનને, શિકોતેરને, અંબાજીને. મૂઢ છે કહે છે. એને ભાન નથી કે આત્મા શું છે, એની કિંમત કેટલી છે. કરે છેને દેવને નામે કેટલાક. કેટલાક દેવનો નામનો શનિવાર કરે, કોઈ સોમવાર કરે, કોઈ રવિવાર કરે. જૈનમાં જન્મ્યા પણ મૂઢના મોટા બળદ જેવા છે. સમજાણું કાંઈ? ભાન ન મળે કાંઈ ભાન. અક્કલ વિસારી ગયા. આવા (વીતરાગી) દેવને મૂકીને આવા (રાગી) દેવને માનવા, મૂઢ છે કહે છે.

**અથવા, તેઓ ઇચ્છાપૂર્વક ઊભા રહેતા નથી...** આમ ઊભા રહે ભગવાનનું શરીર. ઇચ્છાપૂર્વક ઊભા રહેતા નથી. એ તો દેહની ક્રિયાનો ઉદયની એવી સ્થિતિ છે કે ઊભા થઈ જાય. ભગવાનને ઇચ્છા નથી, ઇચ્છાપૂર્વક ઊભા રહેતા નથી. **બેસતા નથી** ઇચ્છાપૂર્વક. આસન થઈ જાય એમ ઇચ્છાપૂર્વક થાતું નથી. સભામાં–સમવસરણમાં ભગવાન બિરાજતા હોય, વિહાર કરીને આમ આમ.... બેસવું–પલોઠી વાળીને બેસવું એ ઇચ્છાપૂર્વક નથી. જડના ઉદયનો કાળ છે તે પ્રમાણે ક્રિયા થઈ જાય છે એમ કહે છે. આહાહા! સમજાણું?

શ્રોતા : તો આહારની ક્રિયા એમ થઈ જાય.

પૂજ્ય ગુરૂદેવશ્રી : આહારની ક્રિયા એમ ન થાય. એ ઠીક કહે છે. આહારની ક્રિયા પણ એમ થઈ જાય ભગવાનને, એમ કહે. પ્રશ્ન તો થાયને. આહારમાત્ર.. ઇચ્છા વિના આહાર લેવાની વૃત્તિ થાય જ નહીં અને એ આહાર લેવો એમાં પવનની પ્રેરણા વિના આહાર અંદર આવે જ નહીં. કહો, સમજાણું કાંઈ? ભગવાનને પવન ..... છે નહીં. અહીં અત્યારે જુઓને આ પાણી એને આહાર લેને. આમ પવન ખેંચે ત્યારે પાણી ને આહાર અંદર આવે. એમને એમ કોળિયો ન આવી જાય. એવી પવનની પ્રવૃત્તિ ભગવાનને હોતી નથી. માટે ભગવાનને આહાર ને પાણી હોતા નથી. એના ભાઈનું છેને. એ હતાને એમાં પહેલા. કહો, સમજાણું કાંઈ?

ભગવાન અરિહંત પરમેશ્વર એને શરીરમાં રોગ ન હોય, એને આહાર-પાણી ન હોય, એને નિદ્રા ન હોય. એને ઇચ્છાપૂર્વક વાણી ન હોય પછી પ્રશ્ન ક્યાં રહ્યો? આહા! વાણી છે છતાં ઇચ્છા નથી, એમ આહાર હોય ને ઇચ્છા ન હોય એમ બને નહીં. ઇચ્છા વિના આહાર લેવાની વૃત્તિ થાય નહીં. આહાર લેવા જાવું, આહાર ખાવો, વળી આહાર પેટમાં નાખવો એમ....

શ્રોતા : અગિયાર પરિષહ......

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ તો ઉદયની દશા છે માટે. ઉદયની જરી અવસ્થા છે એટલી... પણ એને છે નહીં આહાર-બાહાર. પ્રશ્ન ઠીક છે એનો. અગિયાર પરિષહ કીધા છેને? અશાતાના ઉદયનો ભાગ છેને, પણ એથી એવી ક્ષુધા ન આવે કે આહાર લેવાની વૃત્તિ થાય કે આહાર આવે. એ બધા દેવના સ્વરૂપને જાણતા નથી. કહો, સમજાણું કાંઈ? ભગવાનને આહાર ઠરાવ્યો, ભગવાનના શરીરને રોગ ઠરાવ્યો—એ ભગવાનને જાણતા નથી. એ ઊંધે સ્વરૂપે ચડાવી દીધા જીવોને.

શ્રોતા : ભગવાનને ઓસડ હોય કે નહીં?..

પૂજ્ય ગુરૂદેવશ્રી : ઓસડ-ફોસડ કેવા? રોગ હોય તો ઓસડ હોયને? આહાહા! સમજાણું કાંઈ? ગોશાળાએ મારી લેશ્યા.. આવે છેને? છ મહિના સુધી લોહીખંડ ઝાડો રહ્યો. બિલકુલ જૂઠી વાત છે. બધી કલ્પિત, બધી કલ્પિત વાત છે. એ શાસ્ત્રની, ભગવાનની વાણી નથી. આહાહા! ભારે કામ આકરું ભાઈ! સમજાણું કાંઈ? .... લોકોને પોતાનો વાડો વાળવો હતો કલ્પિત કરીને. કલ્પિત શાસ્ત્ર બનાવ્યા. સમજાણું કાંઈ? સ્ત્રીને મુક્તિ ઠરાવી, બધાને મુક્તિ ઠરાવી. બધા હોય વાડાવાળા, ભેગા થાય, આપણે ચાલો. ભગવાન સ્ત્રી હતા તો આપણે પણ સ્ત્રી ભગવાન થઈ શકીએ. એમ કરીને બધાને સારું લગાડ્યું.

એક હતા, નામ ભૂલી ગયા. અમદાવાદના દલાલ, નહીં? હરિભાઈ દેરાવાસી. હરિભાઈ દલાલ હતો બહુ જબરો. અમદાવાદનો હતો દેરાવાસી. આ બધા નહીં આ પૈસાવાળા ભગુભાઈ? એ બધાને લડાવે એવો બુદ્ધિવાળો. પછી એક હતાને કેવા? ભોગીભાઈ. ભગુભાઈના નાના ભાઈ. ભોગીભાઈ અમદાવાદના મોટા ગૃહસ્થ હતા. ૫૦ લાખ... એ અહીંયા ગયા હતા. દરરોજ સાંભળવા આવે. નજીક હતાને. અહીં ગામમાં ક્યાં જાવું? પછી હરિભાઈ જોવા આવેને. પંદર-વીસ દિ' સાંભળ્યું. કહે, વાત જુદી કહે છે. વાત આમ..... કીધું, સ્ત્રીનો મોક્ષ ઠરાવ્યો એનો અર્થ કે બધાને ભેગા કરવા. વાત સાચી લાગે છે. બધામાં હુશિયાર માણસ હતો. ગુજરી ગયો. ૯૨માં આવ્યા હતા. હરિભાઈ અમદાવાદ દેરાવાસી. માર્ગ બીજો છે બાપા! સમજાણું કાંઈ?

એને ઇચ્છા વિના... ....અનંત આનંદ પ્રગટ્યો, એને ઇચ્છાપૂર્વક વાણી કેવી ને એને ખોરાક કેવા ને પાણી કેવા ને રોગ કેવા ને ઓસડ કેવા? એ દેવના સ્વરૂપને જાણતા નથી. એ બધી વાર્તા. એ તો થઈ ગઈ. આનું કાંઈ નહીં. આપણે .... હોય નહીં. પણ આ વાત લ્યોને

અત્યારે ચાલે છે એ. સમજાણું કાંઈ? ભગવાનને આહાર નહીં, પાણી નહીં, રોગ નહીં. અનંત આનંદનો જ્યાં અનુભવ છે ત્યાં એને વળી આહાર કેવા? આહાહા! એને પાણી કેવા? બધું વસ્તુનું સ્વરૂપ તત્ત્વથી વિરુદ્ધ કરી નાખ્યું છે. સમજાણું કાંઈ? જાદવજીભાઈ! તારો દાદો એમાં હતા. એને શી ખબર હોય? આમ હતું એ વખતે. વાત જ નહોતી, ઓલી ધર્મની નહોતી. દયા, દાન, વ્રત પાળે એને ધર્મ થાય—એ વાતેય જૂઠી, આ વાતેય જૂઠી. બધી જૂઠી વાત છે. ધર્મ એ શું છે એની એને ખબર નથી, દેવ કોને કહેવાય એની ખબર નથી, ગુરુ કોને કહેવાય એ ખબર નથી અને શાસ્ત્ર કોને કહેવાય એની પણ ખબર નથી. એવું છે. ભારે આકરું કામ. ભગવાનને નામે ચડાવી દીધાને પુસ્તક. બિચારા છેતરાઈ ગયા લોકો. ઊંધું માથું ઊંચું કરી શક્યા નહીં. એમ ને એમ મરી ગયા એમાં.

કહે છે કે ભગવાન ઇચ્છાપૂર્વક બેસતા નથી. બેસતા નથી, ઇચ્છાપૂર્વક બેસતા નથી. એ તો શરીર બેસી જાય. આહાહા! શ્રીમદ્માં આવે છેને 'વિચરે ઉદય પ્રયોગ..' આવે છેને. (શ્રોતાઃ આત્મજ્ઞાન સમદર્શિતા....) ..... એ તો છદ્મસ્થને પણ નથી હોતું. સમજાણું? સમકિતી–જ્ઞાની, મુનિ ધર્માત્મા એ પણ જેવો ઉદય હોય એ પ્રમાણે થયા કરે એને જાણનાર- દેખનાર છે, કરનાર નથી. આહાહા! સમ્યગ્દૃષ્ટિ પણ વિહારની ક્રિયા, ખાવાની ક્રિયાના કર્તા છે જ નહીં. (અજ્ઞાની) માને છે. ખાય ક્યાં છે? જૂઠ માને છે. પણ માને છે કે હું ખાઉં છું એ જડની ક્રિયા છે. કોળિયા આવવા-જવા એ જડની, માટીની, પુદ્ગલની ક્રિયા છે. મૂઢ થઈને માને છે કે હું ખાઉં છું, પીવું છું, લાડવા ખાઉં છું, મોસંબી પીવું છું. ધૂળમાંય નથી, મફતનો. આનંદનો નાથ પ્રભુ એને આ પરનું ખાવા-પીવાની ક્રિયાનો કર્તા કહેવો એ તો મહામિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? માર્ગ આવો છે ભાઈ! આ કાંઈ પક્ષની વાત નથી. વસ્તુનું સ્વરૂપ જ આવું છે.

શ્રોતા : આ બધું વાયુકાય ...........

પૂજ્ય ગુરૂદેવશ્રી : ક્યાં વાયુકાય ને કોણ રચના કરી શકતો હતો? વાયુકાયની રચના કરે કોણ? મુનિ તો નગ્ન હોય. વસ્ત્રનો કટકો પણ હોય નહીં. જંગલમાં મુનિ વસે છે. સમજાય છે કાંઈ? આકરો માર્ગ છે બાપા! જૈનદર્શનનો. વાડા બાંધીને બેઠા એ કાંઈ જૈનદર્શન નથી. સમજાણું કાંઈ?

ઇચ્છાપૂર્વક **શ્રીવિહારાદિક કરતા નથી...** દેખો! ભાષા એવી વાપરી છે. શ્રીવિહારાદિ–ભગવાનનો શ્રીવિહાર. આહાહા! એવો વિહાર આદિ... ડગલા ભરવા કે આ પગ આમ મૂકવો, ફલાણું—એ કરતા નથી. આહાહા! એવું અરિહંતનું સ્વરૂપ, એવું જ આત્માનું સ્વરૂપ છે. ફક્ત પર્યાયમાં ઉણપ છે, પણ (દ્રવ્યની) દૃષ્ટિ કરતાં દ્રવ્યમાં એ અરિહંત જેવો જ આત્મા છે. કહો, સમજાણું કાંઈ?

ભગવાન ઇચ્છાપૂર્વક શ્રીવિહારાદિ કરતા નથી. **કારણ કે अमनस्का केवलिनः (કેવળીઓ મનરહિત છે) એવું શાસ્ત્રનું વચન છે.** તત્ત્વાર્થસૂત્રનું એ વચન છે. **માટે તે તીર્થંકર-પરમદેવને દ્રવ્યભાવસ્વરૂપ ચતુર્વિધ બંધ** નથી. ભગવાનને બંધ નથી એમ કહેવું છેને. તીર્થંકર

પરમદેવને દ્રવ્ય એટલે કર્મપ્રકૃતિનો બંધ નથી ને ભાવબંધ પણ નથી, રાગનોય બંધ નથી ને પરનોય બંધ નથી. આહાહા! **પ્રકૃતિબંધ, પ્રદેશબંધ...** પરમાણુમાં એનો સ્વભાવ પડે, એની સંખ્યા હોય, એની મુદત હોય અને એમાં રસ હોય—એવો બંધ ભગવાનને હોતો નથી.

**વળી, તે બંધ (૧) કયા કારણે થાય છે અને (૨) કોને થાય છે?** આ બે પ્રશ્ન. બંધ ભગવાનને થતો નથી તો પછી એ બંધ ક્યા કારણે થાય છે? અને કોને થાય છે? આ બે પ્રશ્ન. **(૧) બંધ મોહનીયકર્મના વિલાસથી ઉત્પન્ન થાય છે...** રાગથી ઉત્પન્ન થાય છે, એમ. સમજાણું કાંઈ? **(૨) 'અક્ષાર્થ' એટલે ઇન્દ્રિયાર્થ** પાંચ **(ઇન્દ્રિયવિષય); અક્ષાર્થ સહિત હોય તે** (એટલે) ઇન્દ્રિયના વિષય સહિત હોય તે. ભગવાન તો અણીન્દ્રિય છે. **સાક્ષાર્થ'; મોહનીયને વશ થયેલા...** ઇન્દ્રિય સહિત હોય તે મોહનીયને વશ થયેલા **સાક્ષાર્થપ્રયોજન..** સ-અક્ષ એટલે **(ઇન્દ્રિયવિષયરૂપ પ્રયોજનવાળા)** એવા **સંસારીઓને જ બંધ થાય છે.** સમજાણું? ભગવાનને બંધ હોતો નથી.

**એવી રીતે (શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસારમાં (૪૪મી ગાથા દ્વારા) કહ્યું છે કે :** લ્યો, આધાર આપે છે પ્રવચનસારનો.

**ठाणणिसेज्जविहारा धम्मुवदेसो य णियदयो तेसिं।**
**अरहंताणं काले मायाचारो व्व इत्थीणं॥**

**ગાથાર્થ : તે અર્હંતભગવંતોને તે કાળે ઊભા રહેવું...** ભાષા જુઓ! તે સમયે ઉભા રહેવું એ જ એની પર્યાયની ક્રિયા છે. **બેસવું,** આહાહા! **વિહાર અને ધર્મોપદેશ...** ચાલવું અને ધર્મનો ઉપદેશ. **સ્રીઓને માયાચારની માફક...** સ્ત્રીને સ્હેજે માયા વર્તે છે, એમ **સ્વાભાવિક જ—પ્રયત્ન વિના જ—હોય છે.** ભગવાનને (નોકર્મ) આહાર, બેસવું, ઊભા રહેવું, વિહાર, ધર્મોપદેશ સહજ છે. કહો, સમજાણું કાંઈ? સ્ત્રીને માયા–કપટ તો સહજ થઈ જાય, એને ખ્યાલેય ન હોય એવી રીતે. એનો સ્વભાવ જ એવો છે. માયા-કપટથી સ્ત્રી થઈને આવ્યા છે. પૂર્વે માયા-કપટ કરી હોય તો એ સ્ત્રી થાય. બધી સ્ત્રીઓની વાત નથી, સામાન્યની વાત છે. ભગવાનની માતા (આદિ) બધા આવા ન હોય. આ તો સામાન્ય વાત છે. **સ્ત્રીઓને માયાચારની માફક**... એને માયા–કપટ સ્હેજે સાધારણ થઈ જાય છે.

એમ ભગવાનને ઇચ્છા વિના (નોકર્મ) આહાર, વિહાર, હાલવું-ચાલવું, આહારમાં જે કર્મના રજકણો આવે એ પણ ઇચ્છા વિના આવે છે. આહારક ગણ્યા છેને? એ આ. ભગવાન ઊભા રહે, બેસે, વિહાર—એ સ્વાભાવિક જ છે, પ્રયત્ન વિના જ હોય છે. આહાહા! ભગવાનને પ્રયત્ન હોતો નથી કે હું ઊભો રહું, પ્રયત્ન નથી કે હું ચાલું, પ્રયત્ન નથી કે હું બોલું, ઊભો રહું. પ્રયત્ન વિના હોય છે. એ બધો ઉદયભાવ છે. ક્ષાયિકભાવ છે, ખરી જાય છે. પ્રવચનસારમાં કહ્યું છેને, એ બધો ઉદયભાવ છે. 'પુણ્યફલા અરિહંતા'ની વ્યાખ્યા આ છે. પુણ્યના ફળ તરીકે કેવળી થાય એ વ્યાખ્યા નથી. પણ પૂર્વે જે પુણ્ય બાંધ્યું એને કારણે હલન-ચલન, વાણી, વિહાર,

બેસવું, ઉઠવું થાય—એ બધી પુણ્યની ક્રિયા છે. એ ખરી જાય છે. ભગવાનને ખરી જાય છે. .... એને તો જ્ઞાનમાં વર્તે છે કે આ સમયે દેહ ચાલશે, આ સમયે ભાષા નીકળશે, આ સમયે દેહ ઊભો રહેશે, આ સમયે ચાલશે. એ બધું જ્ઞાનમાં છે પહેલેથી. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનીનું સ્વરૂપ જાણવું આકરી વાત છે. એથી કાંઈ કેવળજ્ઞાન, કેવળદર્શનને કેટલી ... જુઓને! આહાહા!

શ્રોતા : .......

પૂજ્ય ગુરુદેવશ્રી : એ સમય ત્યાં આવ્યો ખરી ગયો, બીજો સમય આવ્યો ખરી ગયો. એમ ક્ષાયિક છે. એ આવીને ખરી જાય છે. એ ક્ષાયિકનું કામ કરે છે, એમ. પંડિતજી! આહાહા! અરે! આત્માની ઋદ્ધિ... અંતર આનંદ ને જ્ઞાન સ્વભાવવાન પ્રભુ એ અંતરના જ્ઞાન દ્વારા જે ચીજ અંદરમાં–આત્મામાં છે એની એકાગ્રતા દ્વારા બહાર પરિણતિરૂપે પૂર્ણ દશા થઈ ગઈ, એવા અનંત જ્ઞાનાદિ ઋદ્ધિના ધારી પરમાત્મા એને કોઈ જાતની ઇચ્છા હોતી નથી. એને પ્રયત્ન વિના જ એ બધા કામ ચાલે છે એમ કહે છે. એનો પ્રયત્ન હોય તો આ ઉભા રહેવું, બેસવું, ચાલવું થાય—એમ છે નહીં. આહાહા! આ તે કાંઈ વાત! સાધારણ પ્રાણીને તો બેસે નહીં. સમજાણું કાંઈ?

ચાર કર્મ બાકી રહ્યા એ પણ બળી દોરડી જેવા છે. આવે છે, ખામણામાં આવે છે, પણ એનો અર્થ ન સમજે. ચાર કર્મ નાશ કર્યા, ચાર કર્મ બળી દોરડીવત્–સમાન પડ્યા છે. બળેલી દોરડી બાંધવામાં કામ ન આવે. અરે! એવા આત્માની જાત જ જ્યાં પ્રગટી પૂર્ણ, ત્યાં આ જાત હોય છે. એવો જ આ ભગવાન આત્મા (અને) અનંત આત્માઓ એવા જ છે. સમજાણું કાંઈ? એ અંતરમાં છે એને કાઢે બહાર પરિણતિ, ત્યારે સાક્ષાત્ પરમાત્મા થાય છે. એ વસ્તુ પોતે આત્મા એ પરમાત્મા જ છે. પરમાત્મા ન હોય તો પર્યાયમાં પરમાત્મપણું ક્યાંથી આવશે? બહારથી આવે એવું છે? આહાહા! સમજાણું કાંઈ?

**(હવે આ ૧૭૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)**

**देवेन्द्रासनकंपकारणमहत्कैवल्यबोधोदये**
**मुक्तिश्रीललनामुखाम्बुजरवेः सद्धर्मरक्षामणेः ।**
**सर्वं वर्तनमस्ति चेन्न च मनः सर्वं पुराणस्य तत्**
**सोऽयं नन्वपरिप्रमेयमहिमा पापाटवीपावकः ॥२९२॥**

**શ્લોકાર્થ : દેવેંદ્રોના આસન કંપાયમાન થવાના કારણભૂત મહા કેવળજ્ઞાનનો ઉદય થતાં...** આહાહા! આત્મામાં અંતરના આનંદમાં લીનતા થતાં કેવળજ્ઞાન થાય છે. ભગવાન આત્મા પોતાનો જે અનંત જ્ઞાન, આનંદાદિ સ્વભાવ અંતર પરિપૂર્ણ પડ્યો છે અત્યારે. એમાં લીનતા કરતાં–એની એકાગ્રતા સાધતાં કેવળજ્ઞાન થાય છે. એ કેવળજ્ઞાન દેવેન્દ્રના આસનનું કંપાયમાનનું નિમિત્ત છે, કારણ છે. કહો, સમજાણું કાંઈ? લ્યો, અહીં કેવળજ્ઞાન થાય (ત્યાં) દેવોના આસન ચળે. દેવેન્દ્રો–જે ઇન્દ્રો આદિ છે એના **આસન કંપાયમાન થવાના કારણભૂત**

**મહા કેવળજ્ઞાનનો ઉદય થતાં**... લ્યો, કેવળજ્ઞાન પ્રગટ થતાં કંપાયમાન થાય. નિમિત્તથી થાય એમાં. એ દિલીપ! કેવળજ્ઞાન થાય ત્યારે કંપાયમાન થાય કે નહીં ત્યાં? શું હશે? નિમિત્ત છેને. થયુંને એનાથી? ન થાય? ચીમનભાઈ! કહો, સમજાણું કાંઈ? એનાથી થતું નથી, પણ તે કાળે ત્યાં થવાની પર્યાય હતી એમાં આ નિમિત્ત કહેવામાં આવે છે. એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. આહાહા!

શ્રોતા : ખરું નિમિત્ત તો એનું દ્રવ્ય થયું?

પૂજ્ય ગુરૂદેવશ્રી : કોનું? એની અહીં વાત નથી. અહીં તો કેવળજ્ઞાન થયું એટલે ત્યાં કંપન થાય એ એને કારણે થાય, એટલી આપણે વાત છે. એટલો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. કેવળજ્ઞાન........ અહીં તો કીધું, જન્મે ત્યાં કંપાયમાન થાય. તીર્થંકરનો જીવ જ્યાં જન્મે છે ત્યાં દેવના આસન ચળે છે. એ પણ એ વખતે ચળવાની લાયકાતમાં નિમિત્ત કહેવાય છે. નિમિત્તની સામગ્રી પૂરી મળે છે જેને જોઈતી હોય એને.

**દેવેન્દ્રના આસન ચલાયમાન થવાના કારણભૂત કેવળજ્ઞાનનો ઉદય**... કેવળજ્ઞાનનો ઉદય છે ત્યારે કંપન થયું. પહેલાં કેમ ન થયું? એ તો એ વખતે એની થવાની ક્રિયા હતી, એમાં કેવળજ્ઞાનને નિમિત્ત કહેવામાં આવે છે. એવી વાત છે. વીતરાગમાર્ગની સ્વતંત્રતા દરેક દ્રવ્યની-ગુણની પર્યાય સ્વતંત્ર છે. કોઈ કોઈને કારણે કોઈની પર્યાય થાય નહીં એવું વસ્તુનું સ્વરૂપ છે. શું થાય? લોકોને બહાર મળે નહીં સાંભળવા, એ પછી એમાં માનીને પડ્યો, જિંદગી પૂરી કરે. ભવનો અભાવ કરવાનો ભવ, એમાં ભવ વધારીને જાય. આહાહા!

**જે મુક્તિલક્ષ્મીરૂપી સ્રીના મુખકમળના સૂર્ય છે...** મુક્તિરૂપી લક્ષ્મી, એની પરિણતિના મુખકમળ એટલે ખીલવાનું સૂર્ય છે. શુદ્ધ પરિણતિને ખીલવાનું કારણ છે એ તો. સમજાણું કાંઈ? **અને સદ્ધર્મના રક્ષામણિ છે...** લ્યો, પહેલાંય આવી ગયું છે એકવાર. ૨૮૨ પાને આવી ગયું છે (શ્લોક ૨૪૧). **આપત્તિઓથી, પિશાચ વગેરેથી પોતાની જાતને બચાવવા માટે પહેરવામાં આવતો મણિ**. ઠીક. **કેવળી ભગવાન સદ્ધર્મના રક્ષણ માટે—અસદ્ધર્મથી બચવા માટે—રક્ષામણિ છે**. આહાહા! સમજાણું કાંઈ? ૨૮૨ પાને આવી ગયું છે. રક્ષામણિ. **સદ્ધર્મની રક્ષા કરનારો મણિ. રક્ષામણિ—આપત્તિઓથી ને પિચાશ વગેરેથી પોતાની જાતને બચાવવા માટે પહેરવામાં આવતો મણિ**. ઉપમા આપી લ્યો. અહીં પણ ભગવાન સદ્ધર્મના રક્ષક છે. આહાહા! અધર્મથી–અસત્‌ધર્મથી બચવા માટે ભગવાનને રક્ષામણિ કહેવામાં આવે છે. જે એને સમજે ને આશ્રય લે, એને પણ સદ્ધર્મના રક્ષણમાં ભગવાન મણિ–રક્ષામણિ છે. આહાહા!

સ્તવનમાં આવે છેને અમુક ઠેકાણે. 'મારે માથે સીમંધરસ્વામી અખંડ મારી રક્ષા કરે.' આવે છે? રક્ષા કરવા આવતા હશે ભગવાન? ભગવાન અરિહંતનું જે સ્વરૂપ છે એવું એના જ્ઞાનમાં બરાબર બેસે, એને અંતરનો લાભ થાય એમાં ભગવાન નિમિત્ત કહેવામાં આવે છે, એમ કહે છે. પોતાનો સદ્ધર્મનો રક્ષક છે અને અસત્‌ધર્મથી બચવા માટે રક્ષામણિ. એમ પોતે પણ એમ છે અને બીજાને માટે પણ એ એમ છે. જેણે અરિહંત પરમાત્માનું વાસ્તવિક આવું

સ્વરૂપ હોય એવું જાણ્યું, એ પછી પોતાના આત્માને એની સાથે મેળવે તો એને સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન થાય, તો એના આત્માના પણ એ રક્ષામણિ કહેવામાં આવે છે વ્યવહારે. નિશ્ચયથી તો પોતાના રક્ષામણિ છે. કહો, સમજાણું કાંઈ? આહાહા!

**એવા પુરાણ પુરુષને...** એવા ભગવાન અરિહંત પરમેશ્વર પુરાણપુરુષ–જૂના આત્મા. જેવો છે એવો પ્રગટ્યો, એમ. એવો પુરાણ પુરુષને **બધું વર્તન ભલે હોય...** હાલવું-ચાલવું, બોલવું, ઊભા રહેવું, ઉપદેશ હો, **તોપણ મન સઘળુંય હોતું નથી...** એમાં મન સઘળુંય હોતું નથી. આહાહા! ભારે વાત ભાઈ! કહો, ઇચ્છા નહીં, મન નહીં ને ચાલે. એની મેળાએ ચાલે? એની મેળાએ હાલે જડ. હા, ક્રિયાવર્તી શક્તિ છે એ. સમજાણું કાંઈ? ચાલવાની ક્રિયા, જે આ ચાલે છે એ ક્રિયાવર્તી શક્તિ છે એનાથી ચાલે છે, આત્માની ઇચ્છાથી નહીં. આત્માની પ્રેરણા થાય, પ્રયત્ન થાય માટે આમ ચાલે છે એમેય નહીં. આહાહા! આ તો જડતત્ત્વ છે, અજીવતત્ત્વ છે. અજીવતત્ત્વની ક્રિયા અજીવમાં અજીવને કારણે સ્વતંત્ર થાય છે, આત્માથી થતી નથી. અહીં નીચે (છદ્મસ્થને) થતી નથી તો ભગવાનને વળી શું કહેવું? કહે છે. આહાહા!

**મન સઘળુંય હોતું નથી, તેથી તેઓ (કેવળજ્ઞાની પુરાણપુરુષ)** છે. ઠીક! **ખરેખર અગમ્ય મહિમાવંત છે...** એની મહિમા અગમ્ય છે (એટલે) મનથી કે વિકલ્પથી કહી શકાય નહીં. એ ધ્યાનથી કળી શકાય. આહાહા! આમ તો બધા 'ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં' કરે સવારમાંથી ઉઠીને, પણ અરિહંત કેવા હોય, એની પર્યાય કેવી હોય, એને ઇચ્છાપૂર્વક હાલવું-ચાલવું ન હોય એ એનું વાસ્તવિક સ્વરૂપ છે એને જાણતા નથી તો એનું 'ણમો અરિહંતાણં' સાચું નથી. એ તો રાગને નમસ્કાર કરે છે. સમજાણું કાંઈ? **અને પાપરૂપી વનને બાળનાર અગ્નિ સમાન છે.** કેવળજ્ઞાની પરમાત્મા એને પાપાદિ તો છે નહીં, પણ બીજા જીવોને પાપ હોય એ કેવળજ્ઞાની પરમાત્માનું જ્ઞાન યથાર્થ કરે (તો) એને પાપરૂપી વન.. પાપરૂપી વનને બાળવામાં અગ્નિ સમાન છે ભગવાન. સમજાણું કાંઈ? પાપ શબ્દે પુણ્ય ને પાપ—બેય. પુણ્ય ને પાપ બેય.... ભગવાન અરિહંતનું વાસ્તવિક સ્વરૂપ અંતર જાણે એ આત્માને જાણે અને આત્માને જાણે એથી એના પુણ્ય ને પાપ નાશ થઈ જાય. સમજાણું કાંઈ? ૨૯૨ થયો. ગાથા ૧૭૬.

**आउस्स खयेण पुणो णिण्णासो होइ सेसपयडीणं।**
**पच्छा पावइ सिग्घं लोयग्गं समयमेत्तेण ॥ १७६ ॥**

સિદ્ધ લીધા. અરિહંતનું સ્વરૂપ સ્થાપ્યું, હવે સિદ્ધ લીધા સિદ્ધ.

**આયુક્ષયે ત્યાં શેષ સર્વે કર્મનો ક્ષય થાય છે;**
**પછી સમયમાત્રે શીઘ્ર તે લોકાગ્ર પહોંચી જાય છે. ૧૭૬.**

**ટીકા : આ, શુદ્ધ જીવને સ્વભાવગતિની પ્રાપ્તિ થવાના ઉપાયનું કથન છે.** આત્માને અહીંયા મોક્ષ–શુદ્ધતા થઈ, ઓલા ચાર કર્મ ગયા, જે પહેલા બાકી હતા અરિહંત સુધી એ ચાર

કર્મ ગયા. અહીં શુદ્ધદશા પ્રગટી. સિદ્ધદશા પણ અહીં જ પ્રગટી અને અહીંથી ઉપર જાય એ એનું અગ્રસ્થાન, એ સ્વાભાવિક ગતિ છે. એની સ્વભાવિક ગતિથી જાય છે. ૬૩ પાને છે એ ગતિનું. અક્રમ છેને. ૬૩ પાને છે. **જેઓ છ અપક્રમથી વિમુક્ત છે**. ૩૦મી ગાથામાં છે, ૩૦મી ગાથા. ભગવાન પરમાત્મા અરિહંત થયા પછી... આ અરિહંતની વ્યાખ્યા તો કરી કે આવા હોય. હવે એને ચાર કર્મ બાકી હતા તે ગયા. સમજાય છે કાંઈ?

ભગવાન મહાવીર આદિ અહીં બિરાજતાં ત્યાં સુધી અરિહંત હતાં. છેલ્લે જ્યારે ચાર કર્મનો જે સમયે નાશ થયો ત્યારે સિદ્ધ થયાં, ત્યારે ઉર્ધ્વગતિ થઈ. સ્વભાવિક ગતિ છે. એનો સ્વભાવ ઊર્ધ્વ જઈને લોકાગ્રે પોતાને કારણે રહેવાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? **સ્વભાવગતિક્રિયારૂપે પરિણત, છ અપક્રમથી રહિત...** એમ લેવું. 'છ કાયના ક્રમથી' એ છેકી નાખવું. એ સુધાર્યું છે પાછળ, નહીં? છ અપક્રમથી રહિત એટલે આડી-અવળી ગતિથી રહિત, એમ. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઉર્ધ્વ ને નીચે. ઉર્ધ્વ, નીચે ને ચાર આ—છ દિશા છેને છ. ઉર્ધ્વ, નીચે ને ચાર આમ પૂર્વ, પશ્ચિમ આદિ એનાથી રહિત **સિદ્ધક્ષેત્રસંમુખ ભગવાનને પરમ શુક્લધ્યાન વડે...** આહાહા! **સિદ્ધક્ષેત્રસંમુખ**... લોકાગ્રે-લોકને અગ્રે સિદ્ધ બિરાજમાન છે. અનંતા સિદ્ધો, અનાદિથી અનંતા.. અનંતા.. અનંતા સિદ્ધ પરમાત્મા બિરાજે છે. એ શુક્લધ્યાન વડે..

**સિદ્ધક્ષેત્રસંમુખ ભગવાનને પરમ શુક્લધ્યાન વડે**... પરમ શુક્લધ્યાન.. દેખો! **કે જે (શુક્લધ્યાન) ધ્યાન-ધ્યેય-ધ્યાતા સંબંધી, તેની ફળપ્રાપ્તિ સંબંધી અને તેના પ્રયોજન સંબંધી વિકલ્પો વિનાનું છે...** એવું પરમશુક્લધ્યાન છેલ્લે.... **અને નિજ સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ છે...** ચાર કર્મ ગયા, શુક્લધ્યાનથી સ્થિર થઈ ગયા સીધા. **તેના વડે આયુકર્મનો ક્ષય થતાં...** લ્યો, ઠીક! અંદરનું ધ્યાન, કેવળીને પણ ચૌદમે ગુણસ્થાને સ્થિરતાનું ધ્યાન થયું, એનાથી આયુષ્યકર્મ બાકી હતુંને ભગવાનને, એનો ક્ષય થયો. હજી મહાવિદેહમાં ભગવાન સીમંધર પરમાત્મા બિરાજે છે. ચાર કર્મનો નાશ થયો ને ચાર કર્મ હજી ભગવાનને બાકી છે. જ્યારે મોક્ષ થશે આવતી ચોવીસીના જ્યારે ૧૩મા તીર્થંકર થશે ત્યારે મોક્ષ થશે. ત્યારે સિદ્ધગતિમાં નિજસ્વરૂપમાં સ્થિતિરૂપ એના વડે આયુકર્મનો ક્ષય થતાં **વેદનીય, નામ ને ગોત્ર નામની શેષ પ્રકૃતિઓનો સંપૂર્ણ નાશ થાય છે** લ્યો. ભગવાનને પછી ચારેય કર્મનો નાશ થાય છે. આહાહા!

**(અર્થાત્ ભગવાનને શુક્લધ્યાન વડે આયુકર્મનો ક્ષય થતાં બાકીનાં ત્રણ કર્મોનો પણ ક્ષય થાય છે અને સિદ્ધક્ષેત્ર તરફ સ્વભાવગતિક્રિયા થાય છે).** શુદ્ધ નિશ્ચયનયથી– **શુદ્ધનિશ્ચયનયથી સહજમહિમાવાળા નિજ સ્વરૂપમાં લીન હોવા છતાં...** આત્માની પૂર્ણ દશામાં તો એ ભગવાન લીન છે. સિદ્ધ થઈ ગયા એને કાંઈ બાકી છે નહીં. અહીં શરીરમાં રહ્યે સિદ્ધ થયા હોં. છૂટી ગયું આ બધું. **શુદ્ધનિશ્ચયનયથી સહજ મહિમાવાળા નિજ સ્વરૂપમાં લીન હોવા છતાં, વ્યવહારે તે ભગવાન** એક સમયમાં, **'અર્ધ ક્ષણ'** શબ્દ વાપર્યો છે, **(સમયમાત્રમાં) લોકાગ્રે પહોંચે છે.** એક આંખ મીંચીને ઉઘાડે એમાં અસંખ્ય સમય (જાય). એક સમયે લોકાગ્રે

પહોંચે છે. સાક્ષાત્ એક સમયમાં પોતાની સ્વભાવિક ગતિથી જાય છે. કોઈ એમાં કર્મનું કારણ કે ફલાણું કારણ છે નહીં. વર્તમાન પોતાનો સ્વભાવ જ એવો છે. સમજાણું કાંઈ?

**વ્યવહારે તે ભગવાન અર્ધક્ષણમાં** લોકાગ્રે.... વ્યવહારનો અર્થ શું? કે લોકાગ્રે પહોંચે તે વ્યવહાર છે અને બાકી પોતામાં છે એ નિશ્ચય છે, એમ. લોકાગ્રે એટલે આ બહારથી થયુંને, એ વ્યવહાર કહેવાય. બાકી અંદરમાં લીન છે એ નિશ્ચય છે. એ ભગવાનની ગતિ સ્વભાવિક છે એમ કહે છે. જ્યાંથી ગતિ થઈ–સ્વભાવિક ગતિ થઈ છે એને. સમજાણું કાંઈ? એમ કે અહીં ગતિ કરે ત્યાં સુધી એને વિભાવ છે એમ નથી. સમજાણું કાંઈ? કારણ કે ગતિ તો કરે છેને આમ. ગતિ કરે ત્યાં સુધી વિભાવ છે અને ઠરે ત્યારે સ્વભાવ છે. સમય તો એક જ છે. ઝીણી વાત છે. અહીં ચાર કર્મનો નાશ થઈ શુક્લધ્યાન વડે સિદ્ધ થયા, અહીં સિદ્ધની પર્યાય પ્રગટી, એ જ સમયે જ રસ્તો ને એ જ સમયે ત્યાં (પહોંચે) છે. સમયભેદ ક્યાં છે? આહાહા!

શ્રોતા : એક સમયે આટલા બધા કામ થાય?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એટલા બધા ક્યાં હતા? આમ જ્યાં છૂટ્યો, પૂર્ણ થઈ દશા, બસ એ જ સમયે આ થઈ ને એ જ સમયે રસ્તામાં છે, એ જ સમયે ન્યાં છે. સમય(ભેદ ક્યાં છે?) માટે તે એક સમયમાં આમ થાય, ગતિ કરે ત્યાં સુધી વિભાવિક કહેવાય—એમ નથી. તેથી માથે પહેલું લીધું હતું 'સ્વભાવગતિ'. સ્વભાવગતિ ક્રિયારૂપે પરિણમી છે, એમ કહ્યું છેને. એ સ્વાભાવિકગતિ, પોતાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? આહાહા!

શ્રોતા : ....એ તો વિભાવ કહ્યો?

પૂજ્ય ગુરૂદેવશ્રી : કોણે કીધું? ...... એ પોતાની પર્યાય ન્યાં એ તો ઉદયનો વિભાવ છે. પોતાને ક્યાં લીધો? ......... એ તો જડની ક્રિયા છે. .... અનુસાર થાય એ તો પોતાનો સ્વભાવ છે. એ તો પોતાના સ્વભાવને કારણે છે, કાંઈ પરને કારણે નથી.

અહીં આત્મા સિદ્ધ થયો ને આમ ક્ષેત્રાંતર થાય અહીંથી, લ્યોને ક્ષેત્રાંતર થાય, એ તો સ્વભાવ છે. ક્ષેત્રાંતર થવું તો એક સમય જ છે, વિભાવ નથી. એમાંય ગોટા છે અત્યારે ઘણા. (શ્રોતા : સિદ્ધ થાય ને વિભાવ ઊભો રહે?) કેમકે અહીં એની ગતિ કરે ત્યાં સુધી વિભાવ, પછી ત્યાં સ્વભાવ, એમ. પહેલા-પછી છે જ ક્યાં? પૂર્ણાનંદ પ્રભુ જ્યાં દશા પ્રાપ્ત થઈ, એ જ સમય છે. અહીં, વચલું ને ત્યાં—બધો એક જ સમય છે. એવા ભગવાન લોકાગ્રે પહોંચે છે, એ વ્યવહાર થયો. લોકનો અગ્ર છેને. ન્યાં ક્ષેત્ર કહેવાયને એ ક્ષેત્ર, બાકી છે તો પોતાને પોતામાં. ત્યાં પણ પોતામાં છે, કાંઈ બહારમાં નથી. લોકાગ્રે છે એ વ્યવહારે કહેવામાં આવે છે. પોતાના સ્વરૂપમાં આનંદમાં લીન છે તે નિશ્ચય છે. એવું સિદ્ધનું સ્વરૂપ પણ અરિહંત થયા પછીનું આવું હોય, એવું પણ અહીં વર્ણન ભેગું થઈ જાય છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**માગશર વદ ૬, બુધવાર, તા. ૮-૧૨-૧૯૭૧**
**શ્લોક - ૨૯૩-૨૯૬, ગાથા - ૧૭૭, પ્રવચન નં. ૧૯૭**

૨૭૬ ગાથા, એનો કળશ ૨૯૩.

**(હવે આ ૧૭૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ત્રણ શ્લોક કહે છે :)**

**षड्कापक्रमयुक्तानां भविनां लक्षणात् प्रथक् ।**
**सिद्धानां लक्षणं यस्मादूर्ध्वगास्ते सदा शिवाः ॥२९३॥**

સંસારી જીવો કેવા છે? કે **શ્લોકાર્થ : જેઓ છ અપક્રમ સહિત છે...** મરીને છ દિશામાં ગમન કરનારા છે. સમજાણું કાંઈ? સંસારી જીવનો દેહ છૂટે તો એ છ દિશા — ઉર્ધ્વ, અધો, પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ—છ દિશાઓમાં એમનું ગમન હોય છે. **એવા ભવવાળા જીવોના... ભવિનાં..** 'ભવિ' શબ્દ છેને અંદર? ભવિનો અર્થ ભવ. આવે છેને, પહેલા આવી ગયું છે. એવા ભવવાળા જીવોના–**(સંસારીઓના) લક્ષણથી સિદ્ધોનું લક્ષણ ભિન્ન છે...** સંસારી જીવો દેહ છૂટે ત્યારે છ દિશામાં જાય, છમાંથી કોઈ એકમાં. એનાથી સિદ્ધનું લક્ષણ જુદું છે. **તેથી તે સિદ્ધો ઊર્ધ્વગામી છે...** એ તો ઉર્ધ્વગામી છે. દેહ છૂટે એટલે સિદ્ધ ભગવાન ઊર્ધ્વગામી થાય એક સમયમાં. **અને સદા શિવ (નિરંતર સુખી) છે.** નિરંતર આનંદના–સુખના અનુભવમાં પડ્યા છે. **સદા શિવ** છેને? **સદા શિવ (નિરંતર) સુખી છે**. શિવ એટલે કલ્યાણસ્વરૂપ. આનંદનો અનુભવ નિરંતર (હોય) તેને સિદ્ધ કહેવાય છે, એમ. ૨૯૪.

**बन्धच्छेदादतुलमहिमा देवविद्याधराणां**
**प्रत्यक्षोऽद्य स्तवनविषयो नैव सिद्धः प्रसिद्धः।**
**लोकस्याग्रे व्यवहरणतः संस्थितो देवदेवः**
**स्वात्मन्युच्चैविचलतया निश्चयेनैवमास्ते ॥२९४॥**

સિદ્ધ ભગવાન લોકાગ્રે રહ્યા છે. **શ્લોકાર્થ : બંધનો છેદ થવાથી જેમનો અતુલ મહિમા છે...** અશરીર પરમાત્મા સિદ્ધ થયા એને બંધનો છેદ છે (અર્થાત્) આઠે કર્મનો અભાવ છે, એથી જેમનો અતુલ મહિમા છે. એની શું મહિમા કહેવી! અતુલ (એટલે કે) એની કોઈ સાથે તુલના થઈ શકે નહીં. એકલો ચૈતન્યરસ ને આનંદ સ્વભાવ હતો એ પર્યાયમાં પ્રગટ થયો. પૂર્ણ.. પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ વીર્ય, પૂર્ણ સ્વરૂપ બધું (એવી) અતુલ મહિમા છે. જે સંસારીને સાધ્ય તરીકે સિદ્ધ છે એ આવા છે, એમ કહે છે. પોતાને પણ સિદ્ધ સાધ્ય છેને? **જેમનો અતુલ મહિમા છે...** એની તુલના નથી. એવું તો જેને જ્ઞાન, દર્શન, આનંદાદિ અનંત શક્તિ વડે વ્યક્તતા અનંત મહિમા સહિત પ્રગટ થઈ છે.

**એવા (અશરીરી અને લોકાગ્રસ્થિત)** છે એ **સિદ્ધભગવાન હવે...** (જે) ઉપર છે એ સિદ્ધભગવાન હવે... અરિહંત હતા ત્યાં સુધી પ્રત્યક્ષ વંદનને યોગ્ય હતા. હવે પ્રત્યક્ષ સ્તવનને યોગ્ય રહ્યા નહીં. સમવસરણમાં હતા ત્યાં સુધી તો આમ ભગવાન બિરાજતા એટલે પ્રત્યક્ષ સ્તવન આદિ હતું. **સિદ્ધ ભગવાન હવે દેવો અને વિદ્યાધરોના પ્રત્યક્ષ સ્તવનનો વિષય નથી જ એમ પ્રસિદ્ધ છે.** એ તો ઉપર–લોકાગ્રે ગયા. અહીં કહે, દેવો અને વિદ્યાધરોને પ્રત્યક્ષ વંદનને લાયક રહ્યા નહીં. પરોક્ષ છે. **તે દેવાધિદેવ...** લ્યો, એ સિદ્ધને દેવાધિદેવ કહ્યા. **વ્યવહારથી લોકના અગ્રે સુસ્થિત છે...** લોકને અગ્રે છે એ પરક્ષેત્ર છે એટલે એને વ્યવહારથી 'ત્યાં છે' એમ કહેવામાં આવે છે.

**અને નિશ્ચયથી નિજ આત્મામાં...** પોતાનો આનંદ ને જ્ઞાનાદિ સ્વભાવ એમાં સ્થિત છે. પોતે પોતાના ક્ષેત્રમાં, પોતાના ભાવમાં સ્થિત છે. પરક્ષેત્રમાં છે એમ કહેવું એ વ્યવહાર છે. આહાહા! **નિશ્ચયથી** તો એ સિદ્ધ ભગવાન **નિજ આત્મામાં**—પોતાના આત્મામાં **એમ ને એમ અત્યંત અવિચળપણે રહે છે.** ચળ્યા વિના–અસ્થિર થયા વિના એવું સ્વરૂપ એનું એ પ્રમાણે રહે છે. પોતના સ્વરૂપમાં અવિચળપણે રહે છે એને સિદ્ધ ભગવાન કહીએ. કહો, સમજાણું કાંઈ? આવા સિદ્ધ હોય. ૨૯૫.

**पंचसंसारनिर्मुक्तान् पंचसंसारमुक्तये।**
**पंचसिद्धानहं वंदे पंचमोक्षफलप्रदान्॥२९५॥**

**શ્લોકાર્થ : દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ ને ભાવ એવાં પાંચ પરાવર્તનરૂપ...** જગતના પદાર્થોમાં એક પરમાણુથી માંડીને અનંત (પરમાણુ) એના સંબંધમાં અનંતવાર આવવું એવું (દ્રવ્ય) પરાવર્તન. એમ ક્ષેત્રમાં, કાળમાં, ભવ ને ભાવ—એવા પાંચ પરાવર્તનરૂપ **પાંચ પ્રકારના સંસારથી મુક્ત** છે. ભગવાન સિદ્ધ તો આવા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ ને ભાવ એવા પાંચ પરાવર્તનરૂપ સંસાર એનાથી મુક્ત છે. **પાંચ પ્રકારના મોક્ષરૂપી ફળને દેનારા** છે. પાંચ પ્રકારના મોક્ષરૂપી ફળને **(અર્થાત્ દ્રવ્યપરાવર્તન, ક્ષેત્રપરાવર્તન, કાળપરાવર્તન, ભવપરાવર્તન ને ભાવપરાવર્તનથી મુક્ત કરનારા)...** મુક્ત કરનારા છે. મુક્ત કરનારા. મુક્ત છે કે મુક્ત કરનારા પરને? **पंचसंसारमुक्तये** એમ છે. **पंचमोक्षफलप्रदान्** છે. **पंचमोक्षफलप्रदान्...** પોતે પામ્યા છે અને નિમિત્ત તરીકે પાંચ પ્રકારના સંસારથી રહિત થવામાં મુક્ત કરનારા છે. લ્યો, સિદ્ધ ભગવાન મુક્ત કરનારા છે.

ઓલી તો નિમિત્તથી વાણી છે. જે કોઈ સિદ્ધસ્વરૂપને પોતાના સરખું જાણે, એના સરખું પોતાને જાણે, એને પાંચ પરાવર્તનનો નાશ થઈ મુક્તિ થાય, એટલે સિદ્ધ દેનારા એમ કહેવામાં આવે. વ્યવહારની કથની એવી હોયને, બીજી શું હોય? **પંચપ્રકાર સિદ્ધોને...** લ્યો, એ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ ને ભાવ રહિત થયા એવા પાંચ પ્રકારના સિદ્ધ. **(અર્થાત્ પાંચ પ્રકારની મુક્તિને—**

**સિદ્ધિને—પ્રાપ્ત સિદ્ધભગવંતોને) હું...** મુનિ કહે છે કે બધા પાંચ પ્રકારના સંસારથી મુક્ત થવા માટે હું વંદું છું. **પાંચ પ્રકારના સંસારથી મુક્ત થવા માટે વંદું છું.** સિદ્ધને વંદન કરું છું એ વિકલ્પ છે, પણ મારો આશય અંદર બીજો છે. મુક્ત થવા માટે મારે વિકલ્પ રહ્યો, પણ વંદનનો આદર તો મારા સ્વભાવ તરફનો છે. સમજાણું કાંઈ? આવી પાંચ પ્રકાર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવથી મુક્તિ થવા માટે વંદું છું. એમાં તો કોઈ સ્વર્ગ જોઈએ છે કે એમ નહીં. વ્યવહારના કથન તો એવા જ હોય.

લ્યો, ભગવાનને વંદું છું એ ભગવાન થવા માટે વંદું છું, એમ કહે છે. એમાં વળી પુણ્ય થાશે, સ્વર્ગ મળે—એ માટે નહીં, કહો, સમજાણું કાંઈ? 'તદ્દગુણલબ્ધયે' આવે છેને? તદ્દગુણલબ્ધયે.. (શ્રોતાઃ વંદે તદ્દગુણલબ્ધયે). હા, એ. એમાંથી કાઢે છે એ લોકો. એ ... આવ્યો છે ત્યાંથી. દલીલ આ રહી. આ પાઠમાં રહી. 'તદ્દગુણલબ્ધયે' હે પ્રભુ! પરમાત્મા! આપના ગુણની પ્રાપ્તિ માટે આપને વંદું છું. વિકલ્પ, પરદ્રવ્યને વંદન કરવાનો વિકલ્પ હોય એનાથી ગુણની પ્રાપ્તિ કેમ થાય? 'તદ્દગુણલબ્ધયે..' તમારા ગુણલબ્ધિ માટે પગે લાગું છું. હા, પ્રાપ્તિ માટે. વિકલ્પ આમ ભગવાનને વંદન કરું એમાંથી.

એક પ્રશ્ન આવ્યો હતો એક પંડિતનો. એ બાજુથી પ્રશ્ન આવ્યો હતો. દેખો! આમાં આમ છે. દલીલ કરે શું કામ આવે? એ તો વ્યવહારની વાત છે. આઘે તો એમ જ કહેને કે પ્રભુ! આપથી મને પ્રાપ્ત થયું. એમ જ કહે. ત્યારે એમ કહે કે મને મારાથી થયું? વિનયની ભાષા કેવી હોય? સમજાય છે કાંઈ? આપ ન હોત તો હું રઝળી મરત. આપને લઈને તો અમારો સંસાર..... એમ જ ભાષા બોલાયને. વિનયની શૈલી.... એને લઈને છે કે આત્માને લઈને છે? સમજાણું કાંઈ? **પાંચ પ્રકારના સંસારથી મુક્ત થવા માટે હું વંદું છું**. મારો આદર ગુણનો છે. એ ગુણના આદરમાં મને ગુણની પૂર્ણ પ્રાપ્તિ થાય (અને) પાંચ પ્રકારના સંસારથી મુક્ત થાઉં. ભાષા તો એમ જ હોયને! ગાથા ૧૭૭.

**जाइजरमरणरहियं परमं कम्मट्ठवज्जियं सुद्धं ।**
**णाणाइचउसहावं अक्खयमविणासमच्छेयं ॥१७७॥**

**કર્માષ્ટવર્જિત, પરમ, જન્મજરામરણહીન, શુદ્ધ છે,**
**જ્ઞાનાદિ ચાર સ્વભાવ છે, અક્ષય, અનાશ, અછેદ્ય છે. ૧૭૭.**

આ કારણપરમાત્માની વ્યાખ્યા છે. પહેલી ગઈ એ સિદ્ધની-કાર્યપરમાત્માની વ્યાખ્યા હતી. સમજાણું કાંઈ? **ટીકા : (જેનો સંપૂર્ણ આશ્રય કરવાથી સિદ્ધ થવાય છે એવા) કારણપરમતત્ત્વ...** કારણપરમતત્ત્વ—ત્રિકાળી જ્ઞાયકભાવ—દ્રવ્યસ્વભાવ કારણપરમાત્મા—ધ્રુવ કારણજીવ એના **સ્વરૂપનું આ કથન છે. સંપૂર્ણ આશ્રય કરવાથી...** પોતાનો ભગવાન એનો સંપૂર્ણ આશ્રય કરવાથી... અલ્પ આશ્રય કરવાથી સમ્યક્ થાય, વિશેષ આશ્રય કરવાથી ચારિત્ર

થાય, સંપૂર્ણ આશ્રય કરવાથી સિદ્ધ થાય. સમજાણું કાંઈ? લ્યો, આમાં તો કાંઈ ન આવ્યું પાછું. ફેરવી નાખ્યું. પરનો આશ્રય કરવાથી થાય એમ ન આવ્યું. .... કઈ રીતે? આનાથી વિરુદ્ધ આવ્યું? નિમિત્તના કથન હોય તો એમ જ બોલાયને કે નિમિત્તથી થયું.

ઓલો કહેતો હતો નેમિચંદભાઈ, નહીં? જૂનાગઢ. અમે તો આ ભગવાનની ભક્તિ વીતરાગતા માટે કરીએ છીએ, અમારે કાંઈ રાગ-બાગ જોઈતો નથી. પણ ભગવાનની ભક્તિ પોતે જ રાગ છે. પરમાત્મા ત્રિલોકનાથની ભક્તિ કરવી એ તો શુભરાગ, પુણ્ય છે, એ કાંઈ ધર્મ નથી. સ્વભાવનું નિશ્ચય ભાન ને અનુભવ હોય તો એ પુણ્યને વ્યવહારધર્મ કહેવામાં આવે. ધર્મનું એ સ્વરૂપ નથી. એ કહેતા હતા. ખૂબ ચર્ચા ચાલી હતી ૯૫માં. ૯૫. શ્વેતામ્બરના અગ્રેસર છે. ગિરનાર, જૂનાગઢ. નેમિચંદભાઈ, દીપચંદભાઈના ભાઈ. બહુ ચર્ચા (થઈ). અમારે તો ભગવાનની ભક્તિમાંથી મુક્તિ જોઈએ છે, અમારે કાંઈ રાગ-બાગ જોઈતો નથી. ભગવાનની ભક્તિ પોતે જ રાગ છે. રાગમાંથી મુક્તિ ક્યાંથી મળતી હતી? આકરું કામ છે. સમજાણું કાંઈ?

પરદ્રવ્યની ભક્તિમાં વીતરાગતા હોઈ શકે જ નહીં. સ્વદ્રવ્યના આશ્રયે ભક્તિ કરે તો વીતરાગતા થાય. લોકોને તત્ત્વની ખબર ન મળે એટલે બિચારા... ભગવાનની ભક્તિ આમાં ભગવાન થઈ જશે. ભગવાન અમને મુક્તિ આપશે, અમે તો એના દર્શન કરીએ. તદ્દન મિથ્યાશ્રદ્ધા છે. સમજાણું કાંઈ? અહીંયા આત્મા જે છે અંદર અખંડાનંદ પ્રભુ પૂર્ણ જ્ઞાયકભાવ કારણતત્ત્વ, એનો આશ્રય કરવાથી મુક્તિ થાય. એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય, સંપૂર્ણ આશ્રય કરવાથી મુક્તિ થાય. કહો, સમજાણું કાંઈ? **જેનો સંપૂર્ણ આશ્રય કરવાથી**... ચોખ્ખી ટીકા છેને આમાં. .... ટીકા છે. **સિદ્ધ થવાય છે**. ટીકામાં ચોખ્ખી વાત કરી. કારણપ્રભુની જ વાત છે. **કારણપરમતત્ત્વના સ્વરૂપનું આ કથન છે**.

**(કારણપરમતત્ત્વ આવું છે :)** કારણપરમતત્ત્વ આ આત્મા કારણરૂપ એ મોક્ષના કાર્યનું કારણ છે, સમ્યગ્દર્શન-ચારિત્રરૂપી કાર્યનું કારણ છે એવો જે ત્રિકાળી જ્ઞાયકભાવ એને અહીંયા કારણપરમાત્મા કહેવામાં આવે છે. આહાહા! જેમાં જ્ઞાન ને આનંદ પરિપૂર્ણ ભર્યા છે એવો જે ભગવાન કારણપરમાત્મા પોતાનું સ્વરૂપ, એનો આશ્રય કરવાથી જઘન્યદશાથી માંડીને સિદ્ધદશા ઉત્પન્ન થાય છે. ત્રણ લોકના નાથ તીર્થંકરનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન પણ થાય નહીં. કારણ કે એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યનો આશ્રય કરવા જાય તો રાગ થાય છે. સમજાણું કાંઈ? હોય ખરો વ્યવહાર, પણ એ નિશ્ચયનું કારણ છે એમ નથી. ભારે વાત આ.

કારણપરમાત્મા આનંદથી ભરેલો, સ્વભાવથી ભરેલો પદાર્થ પોતાનો નિજ આત્મા **નિસર્ગથી (સ્વભાવથી) સંસારનો અભાવ હોવાને લીધે...** આ કારણપરમાત્મામાં સ્વભાવથી સંસારનો અભાવ છે, એમાં સંસાર છે નહીં. કારણપરમાત્મા પોતાનો દ્રવ્યસ્વભાવ અનાદિ-

અનંત અવિનાશી કારણતત્ત્વ આત્મા, એમાં નિસર્ગથી–સ્વભાવથી સંસારનો અભાવ છે. સહજસ્વભાવ જ એનો છે કે એમાં સંસાર નથી. **જન્મ-જરા-મરણ રહિત છે...** ભગવાન આત્મા કારણપ્રભુ, અવિનાશી કારણ-આત્મા એ જન્મ-જરા-મરણ રહિત છે. એને જન્મવું નથી, મરવું નથી ને જરાય નથી.

**પરમ-પારિણામિકભાવ વડે...** લ્યો. એ તો પરમપારિણામિકભાવવાળો ભગવાન આ કારણપરમાત્મા છે. એમાં તો ઉદય, ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિકભાવ પણ નથી. આહાહા! ભારે કરી. સમજાણું કાંઈ? **પરમપારિણામિકભાવ વડે**... અંતરના સહજ અવિનાશી સ્વભાવના ભાવ વડે **પરમસ્વભાવવાળું હોવાને લીધે પરમ છે...** આવા સ્વભાવ વડે પરમસ્વભાવ... એ તો પરમસ્વભાવ છે. કેવળજ્ઞાન ને કેવળદર્શનની પર્યાય એનાથી પણ આ પરમસ્વભાવ તો ભિન્ન છે. સમજાણું કાંઈ? **પરમસ્વભાવવાળું હોવાને લીધે**... શું કીધું? **પરમપારિણામિકભાવ વડે પરમસ્વભાવવાળું હોવાને લીધે**, એમ. પરમપારિણામિક સહજસ્વભાવભાવ અવિનાશી એવા ભાવ વડે પરમસ્વભાવવાળો એ કારણપરમાત્મા હોવાથી તે પરમ છે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

એ સિદ્ધની દશાથી પણ આ પરમ(ભાવ) ભિન્ન છે. સિદ્ધની દશા તો એક સમયનો અંશ છે, એ તો ક્ષાયિકભાવ છે. આ તો પરમસ્વભાવવાળું પરમતત્ત્વ છે. જેમાં એવા અનંતા.. અનંતા.. અનંતા.. અનંતા સિદ્ધની પર્યાયનો સમૂહરૂપ ત્રિકાળ ગુણ ભરેલો છે. સહજ પારિણામિક સ્વભાવ.. કહો, સમજાણું કાંઈ? એવું પરમતત્ત્વ છે એનો આશ્રય કરે તો ધર્મ થાય. બાકી ત્રણ કાળમાં બીજી રીતે ધર્મ થાય નહીં. ભારે (કઠણ) જગતને. પોતાના પરમાત્માનો સ્વભાવ પરિપૂર્ણ છે, એ જ પરમતત્ત્વ છે, પરમપારિણામિક-સ્વભાવભાવને લઈને પરમસ્વભાવવાળું હોવાથી પરમ છે.. પરમસ્વભાવવાળું હોવાથી પરમ છે. સિદ્ધનો પર્યાય પણ પરમસ્વભાવવાળો નથી. આહાહા! એવો અંદર કારણપરમાત્મા પરમપારિણામિક સ્વભાવવાળો હોવાથી પરમ છે, એને અંતર દૃષ્ટિમાં લેતાં સમ્યગ્દર્શન થાય છે, એનો પૂર્ણ આશ્રય કરતાં સિદ્ધ થાય છે. કહો, સમજાણું કાંઈ?

પોતે મહાન છે, એને ઠેકાણે એ ક્યાં છે ને કેમ છે—એની એને ખબર નથી. કહો! સમજાણું કાંઈ? પોતે મહાન પરમસ્વભાવ સહજભાવ.. સહજસ્વભાવ, વસ્તુનો સહજ સ્વભાવ પરમભાવ એ સ્વભાવથી પરમતત્ત્વ છે એની મહિમાની તો એને ખબર નથી અને આ બધી બહારની બધી વાતું—દયા, દાન ને વ્રત ને ભક્તિ ને પૂજા એ બધા વિકલ્પો કે જે એમાં નથી. અને એના આશ્રય વિના એ ટળે નહીં. ટાળવા માટે પણ એનો આશ્રય હોય તો ટળે. સમજાણું કાંઈ? એવો પરમતત્ત્વ–પરમ સત્‌નું સત્ત્વ પરમપારિણામિકભાવ જેને અહીંયા બીજા તત્ત્વો કરતાં પરમ કહેવામાં આવે છે. આહાહા!

**ત્રણે કાળે નિરુપાધિ-સ્વરૂપવાળું હોવાને લીધે આઠ કર્મ વિનાનું છે...** ભગવાન આત્મા કારણવસ્તુ ધ્રુવ નિત્યાનંદપ્રભુ ત્રણે કાળે કર્મરહિત છે એ તો. પર્યાયમાં કર્મના નિમિત્તનો સંબંધ છે. વસ્તુમાં તો છે નહીં. આહાહા! **ત્રણે કાળે નિરુપાધિ-સ્વરૂપવાળું...** ઉપાધિ વિનાનું એ તો સ્વરૂપ છે. ભગવાન સત્ત્વ એકલું જ્ઞાનનો ભાવ, આનંદનો ભાવ, શાંતિ-વીતરાગતાવાળો ભાવ એવો ત્રિકાળી પરમસ્વભાવ નિરુપાધિ છે. એને લીધે આઠ કર્મ વિનાનું છે. એ કારણપરમાત્મા આઠ કર્મ વિનાનો છે. લ્યો, આ કારણપરમાત્માની વ્યાખ્યા ચાલે છે. શું પ્રશ્ન આવ્યો હતોને રાત્રે? કારણપરમાત્મા, કારણપર્યાય ને કાર્યપરમાત્મા. કીધુંને, એ કીધુંને. એ કારણપર્યાય કીધીને. એ ન સમજે. એ જ કીધું. એ જ શબ્દ છે. કારણપરમાત્મા, કારણપર્યાય અને કાર્યપરમાત્મા—એમ ત્રણ બોલ એમાં આવ્યા.... આ કારણપરમાત્માની વ્યાખ્યા ચાલે છે. જેની પર્યાયમાં ઉત્પાદ-વ્યય વિનાની જે શુદ્ધ કારણપર્યાય છે એ તો ધ્રુવ છે. સમજાણું કાંઈ?

કારણપ્રભુ ત્રિકાળ નિરુપાધિ–ઉપાધિ વિનાનો અને એનો કારણપર્યાય પણ ત્રિકાળ ઉપાધિ વિનાનો. સમજાણું કાંઈ? અને પોતે કારણ દ્રવ્યસ્વભાવ અને કારણપર્યાય—બેય ઉત્પાદ-વ્યય વિનાનો. આવો તે આત્મા સાંભળ્યો નથી. આ તો આત્મા એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, તેઇન્દ્રિયા, ચઉઇન્દ્રિયા, પંચેન્દ્રિયા. એ શિવલાલભાઈ! અભિહયા, વત્તિયા, લેસિયા... મિચ્છામિ દુક્કડમ્, જાઓ. જીવિયાઓ, વવરોવિયા.. આહાહા! પણ આ જીવિયાઓ, વવરોવિયા.. આવો આત્મા ત્રિકાળ છે એને તો તું માનતો નથી ને જીવિયાઓ, વવરોવિયા તેં કરી નાખ્યા છે તારા. એ ભીમજીભાઈ!

આવો કારણપ્રભુ ત્રિકાળ આનંદકંદપ્રભુ, મુક્તસ્વરૂપ, ધ્રુવતત્ત્વ આત્મા એનો તો સ્વીકાર નથી ને આમ એક પર્યાયનો ને રાગનો સ્વીકાર છે. આનો નકાર કર્યો. તું આવો છો? કે ના. હું તો આવો છું—રાગવાળો છું, પુણ્યવાળો છું, એક સમયની પર્યાયવાળો છું. આવું જે જીવતર એનું જીવન જીવિતેશ... લ્યો આવ્યું હતુંને જીવિતેશ? આહાહા! એના ટકવાનો ઈશ્વર પોતે ત્રિકાળતત્ત્વ..... અરૂપી પણ વસ્તુ છેને. આહાહા! અને એ વસ્તુ છે તે અનંત-અનંત બેહદ સહજ પરમસ્વભાવભાવવાળું તત્ત્વ છે. આહાહા! સમજાણું કાંઈ? આ સિદ્ધની વ્યાખ્યા આવી. હવે તો સિદ્ધની આવશે ૧૭૮થી. આ વચ્ચે કારણપરમાત્માની વાત નાખી છે. આહાહા!

**દ્રવ્યકર્મ અને ભાવકર્મ રહિત હોવાને લીધે...** ભગવાન કારણપ્રભુ ધ્રુવતત્ત્વ, જ્ઞાયકભાવ, પરમપારિણામિક એટલે સહજભાવસ્વરૂપ એને દ્રવ્યકર્મ ને ભાવકર્મ નથી. ઓલામાં એકલા આઠ જડકર્મ નાખ્યા હતા. આ બેય નાખ્યા. **દ્રવ્યકર્મ ને ભાવકર્મ રહિત હોવાને લીધે** એને શુદ્ધ કહેવામાં આવે છે. છેને? **कम्मदुवज्जियं सुद्धं.** ભગવાન આત્મા ત્રિકાળી એનું સ્વરૂપ એ તો આઠ કર્મ ને ભાવકર્મ રહિત **શુદ્ધ છે.** તદ્દન શુદ્ધ.. શુદ્ધ.. શુદ્ધ.. અનાદિનો શુદ્ધ છે. સમજાય છે કાંઈ? **સહજજ્ઞાન...** ખુલાસો કર્યો. ઓલો પારિણમિકભાવ સમુચ્ચય કહ્યો

હતેનો. **પારિણામિકભાવ વડે પરમસ્વભાવવાળું**... હવે કેવો એનો સ્વભાવ છે? **સહજજ્ઞાન**. વસ્તુનો સ્વભાવ સ્વભાવિક ત્રિકાળ જ્ઞાન, એવા જ્ઞાનસ્વભાવવાળું એ પરમતત્ત્વ છે. સ્વભાવિકજ્ઞાન... કેવળજ્ઞાનની અહીં વાત નથી. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન તો એક સમયની પર્યાય છે. આ તો ત્રિકાળી સહજ જ્ઞાન ગુણ.. ગુણ. આહાહા!

અરે! આવો ભગવાન એનું એને માહાત્મ્ય ન આવ્યું ને દુનિયાના બધા માહાત્મ્ય. છોકરો સારો પાકે તો ખુશી, લગન સારા થાય તો ખુશી, પૈસા પાંચ-પચીસ લાખ થાય તો ખુશી. ધૂળ.. ધૂળ.. ધૂળ. આ પરમાત્મા પોતે આવો હોય એની તો એને ખબર નથી. આહાહા! મોહનભાઈ! પૈસા કાંઈ પાંચ-પચ્ચીસ લાખ મળે અને દીકરા સારા થાય. ધૂળેય નથી, મરી ગયો માળા, સાંભળને! જીવતી જ્યોત એનો તો તું અનાદર કરે છો. આહાહા! આવો પરમાત્મા તું પોતે અવિનાશી શક્તિના સત્ત્વરૂપ–રસરૂપ–ભાવરૂપ–સ્વભાવભાવરૂપ એની તો તને શ્રદ્ધા નથી, એનો તને આશ્રય નથી. સમજાણું કાંઈ?

અહીં તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ પણ વિકલ્પ–રાગ છે, એ કાંઈ સમકિત નથી. સમ્યક્ તો ત્રિકાળી પરમસ્વભાવભાવ એની અંતર રુચિ કરવી, અનુભવ..... એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા! સમજાણું કાંઈ? સંપ્રદાયમાં તો હાથ એવું નથી ક્યાંય. ચીમનલાલભાઈ! લ્યો આવ્યા છે. હવે કબુલ કરતાં જાય છે. આહાહા! મોટો વર... ભગવાન વર મૂકીને જાન જોડી દીધી. કોણ છે એ ત્રિકાળી? એક સમયની પર્યાયેય નહીં. સિદ્ધની પર્યાયથી રહિત એ છે. આહાહા! સમજાણું કાંઈ? વસ્તુ છેને. વસ્તુ છે તો એનો વસ્તુનો જેટલો ત્રિકાળભાવ એ જ એનો સ્વભાવભાવ છે. એ સ્વભાવવાળું તત્ત્વ એને અહીં કારણપરમાત્મા અથવા કારણતત્ત્વ કહ્યું છે. આહાહા! એવી ચીજનો વિશ્વાસ, આવું છે એનો વિશ્વાસ (આવ્યો તો) ઉડી ગયો બધેથી વિશ્વાસ. પર્યાય ને રાગનો વિશ્વાસ ઉડી ગયો. આવો હું છું. એવો જે વિશ્વાસ એને સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

સ્વભાવિક જ્ઞાન.. નિસર્ગથી–સ્વભાવથી સંસારનો અભાવ છે, પણ હવે ભાવ શું? સમજાણું કાંઈ? **સહજજ્ઞાન...** ત્રિકાળી પરમસ્વભાવભાવરૂપ સહજજ્ઞાન, **સહજદર્શન, સહજચારિત્ર...** સ્વભાવિક દર્શન–ત્રિકાળી દર્શન, ત્રિકાળી સહજદર્શનરૂપ સ્વભાવભાવ એ કારણપરમાત્મા. એવા ચાર સ્વભાવવાળું છે એમ કહેવું છે. **સહજચારિત્ર**... ચારિત્ર વીતરાગીદશા પ્રગટ થાય એ આ નહીં. ત્રિકાળી સહજચારિત્ર વીતરાગભાવ. આત્મામાં–કારણપરમાત્મામાં સ્વભાવિક ચારિત્ર એટલે સ્વભાવિક વીતરાગતા, સ્વભાવિક વીતરાગતા એ એનું પુરું સ્વરૂપ છે. આહાહા! **અને સહજચિત્શક્તિ**... જ્ઞાનની શક્તિનું વીર્ય. સ્વભાવિક **ચિત્શક્તિમય હોવાને લીધે**... એની તો સ્વભાવિક જ્ઞાનના સામર્થ્યરૂપ શક્તિ છે. આહાહા! એની શક્તિ સ્વભાવચિત્શક્તિરૂપ શક્તિ છે. ત્રિકાળ.. ત્રિકાળ શક્તિ એની છે. આહાહા!

એવા **હોવાને લીધે**–આવાને કારણે **જ્ઞાનાદિક ચાર સ્વભાવવાળું** તત્ત્વ **છે...** કારણપરમાત્મા ધ્રુવભાવવાળું તત્ત્વ આવા સ્વભાવવાળું છે. આહાહા! કેવળજ્ઞાનની એક સમયની પર્યાય પણ જ્યાં અતુલ ને અમાપ છે, તો આ તો ગુણ છે ત્રિકાળી સ્વભાવ. એની શક્તિ, એનું સામર્થ્ય, એનું બળ ને એનું સત્ત્વ અપાર.. અપાર.. અપાર. એવા અપાર સત્ત્વવાળું એ તત્ત્વ છે. લ્યો, આત્મા આ. ઓલો કહેને, જીવ કોને કહેવો? કે હાલે-ચાલે એને જીવ કહેવો. જીવવિચાર આવેને જીવવિચાર? જીવવિચાર આવે છે શ્વેતામ્બરમાં. છ કાયના બોલ..... જીવવિચાર. જીવ કોને કહેવો? હાલે-ચાલે એને જીવ કહેવો. એક ઠેકાણેથી બીજે ઠેકાણે પરમાણુ હાલે-ચાલે છે ને એક ઠેકાણેથી બીજે ઠેકાણે જાય છે. એરોપ્લેન જાય એની મેળાએ. આ તો ભગવાન આત્મા જીવ એને કહેવો કે સ્વભાવિક જ્ઞાન, દર્શન, આનંદ ને વીર્યથી ભરેલા સ્વભાવવાળો પદાર્થ એને અહીં આત્મા કહેવો. કોઈકનું કરી દે ને કોઈકને મદદ કરે, કોઈકથી લે મદદ—એ આત્મા નહીં. આહાહા! ભારે વાત ભાઈ!

એ **ચાર સ્વભાવવાળું...** અનંત ચતુષ્ટય લીધા ત્રિકાળ. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ ને અનંત વીર્ય—એવા અનંત ચતુષ્ટયના સ્વભાવવાળો ત્રિકાળ કારણપરમાત્મા જેની ખાણમાં આવું અનંતું ભર્યું છે. આહાહા! એનો આશ્રય લેતાં ધર્મ થાય. સમજાણું કાંઈ? 'કાળે-દુકાળે' કહેને શેઠિયાને. જુઓ! આ કાળ આવો આવ્યો છે, તમારે ઓથે અમારે નભવું છે. નભાવજો, કાળ-દુકાળ છે. એમ અહીં કહે છે કે આ સંસારના ભાવથી નભાવજો. કોણ? આ આત્મા. આહાહા! સંસારની આપદા ચાર ગતિની એનાથી અભાવ કરવાનો સ્વભાવ, એ આપદાને ટાળવાનો સ્વભાવ તો આત્મા છે. તું લક્ષ્મીવંત છો મોટો પ્રભુ! કાળ-દુકાળે અમારું સહન કરજે એમ કહે છેને. શેઠિયાને કહે. એ પોપટભાઈ! ...... મદદ કરશું અનાજની, ફલાણી, ઢીંકણી. આ તો ત્રણ કાળ, ત્રણ લોકમાં જે પરાધીનતા છે એ બધી મટાડવામાં સમર્થ એ ભગવાન આત્મા એકલો છે. સમજાણું કાંઈ? આ શું પણ આવો?

કારણપરમાત્માનું તો સંપ્રદાયમાં નામેય સાંભળ્યું નહોતું, નહીં? નિયમસારમાં તો દિગંબર સંતોએ તો ગજબ કામ કર્યાં છે! કેવળજ્ઞાનના પેટ ખોલ્યા છે! આહાહા! વીતરાગનો ધર્મ જૈનદર્શન વિશ્વદર્શન એ તો વિશ્વનું સ્વરૂપ છે. એ સંતોએ–દિગંબર સંતોએ ધારી રાખ્યું છે. એ સિવાય બીજે વાત ક્યાંય આવી છે જ નહીં. સમજાણું કાંઈ? આહાહા! તું કોણ છો? આવો છો એ વાત ક્યાં છે બીજે ક્યાંય? સમજાણું કાંઈ? આવો છે, .... રહિત ને અક્ષય કહે છે. આ **સાદિ-સાંત...** આ શરીર છેને. મળે છે એ શરૂઆત ને પછી અંત આવી જાય છે. **મૂર્ત** છે. **ઇન્દ્રિયાત્મક વિજાતીય...** ઇન્દ્રિયાત્મક વિજાતીય **વિભાવવ્યંજનપર્યાય** છે શરીરની. વિભાવવ્યંજનપર્યાય **રહિત હોવાને લીધે અક્ષય છે...** આ શરીર રહિત થવું છે એમ છે નહીં. એ અક્ષય જ છે. આહાહા! જેમાં શરીરની કે એની આકૃતિની વિભાવવ્યંજનપર્યાય એમાં નથી.

**પ્રશસ્ત-અપ્રશસ્ત ગતિના હેતુભૂત પુણ્ય-પાપકર્મરૂપ દ્વંદ્વનો અભાવ હોવાને લીધે...** લ્યો, બધા શબ્દો છે એના છે. **अक्खयमविणासमच्छेयं...** કેવો છે ભગવાન આત્મા ત્રિકાળી? તેનું ધ્રુવતત્ત્વ પરમભાવવાળું? કે જે પ્રશસ્ત-અપ્રશસ્ત ગતિ... દેવ ને મનુષ્ય પ્રશસ્ત કહેવાય, નારકી ને ઢોર અપ્રશસ્ત કહેવાય. એવા **ગતિના હેતુભૂત પુણ્ય-પાપકર્મરૂપ...** એ પુણ્ય ને પાપ એના દ્વંદ્વનો અભાવ છે. એ પુણ્ય-પાપના દ્વંદ્વ વિનાનું તત્ત્વ છે અંદર. સમજાણું કાંઈ? એને લઈને **અવિનાશી છે; વધ, બંધ અને છેદને યોગ્ય મૂર્તિથી (મૂર્તિકતાથી) રહિત હોવાને લીધે...** લ્યો. આહાહા! **अच्छेयं** છેને? **વધ, બંધ અને છેદને યોગ્ય...** વધેય નથી, એમાં બંધેય નથી અને છેદને યોગ્ય મૂર્તિકતાથી રહિત છે. **મૂર્તિકતાથી રહિત હોવાને લીધે અચ્છેદ્ય છે.** અછેદ્ય ને ભેદ ને એવા શબ્દો ગીતામાં આવે છે. આવું તત્ત્વ હોય એને અછેદ્ય ને અભેદ કહે છે. સમજાણું કાંઈ? 'અચ્છેદ્ય' શબ્દ આવે છેને આમાં (-ગીતામાં)? છેદાય નહીં, ભેદાય નહીં. એ ભાષા છે.

અહીં તો કહે છે કે ભગવાન કારણપરમાત્મા ત્રિકાળી ધ્રુવ પરમસ્વભાવ એને વધ નથી–વધાય નહીં, બંધ નહીં અને છેદ નહીં. એવું ને એવું અચ્છેદ્ય વસ્તુ છે. કહો, સમજાણું કાંઈ? હીરાના થાંભલા પણ છેદાઈ જાય. જુઓને! આમ તલવાર મૂકે પોતે સરકાર.. કેવા? ચક્રવર્તી. એક તલવારની હજાર દેવ (સેવા કરે). આમ કાતળી કાપે એમ હીરાના થાંભલા કાપી નાખે ફડાક દઈને. હીરાના થાંભલા હોં. ઓલા થાંભલાની જાત છેને ત્યાં? મુડબિદ્રી. મુડબિદ્રી. એકસો ચોરાણું છે. મકાન બધા જૂના થઈ ગયા છે ઝીર્ણ. એના થાંભલા એવા મોટા મજબૂત છે. પહેલાના રાજકુટુંબ કહેવાય છે. ન્યાં ગયા હતા. થાંભલા... આ તો હીરાના થાંભલા. તલવાર હાથમાં આમ કરે, કાકડી ચીરે એમ ચીરી નાખે. આ આત્મા કપાય નહીં, છેદાય નહીં એવો આત્મા છે. આહાહા! આ આત્મા ત્રિકાળી ધ્રુવ આત્માની વાત છે. એક સમયની પર્યાયનું પલટવું એ ભિન્ન ચીજ છે. એ સિવાયની ત્રિકાળી ચીજ આવો આત્મા છે એનું આ વર્ણન છે. સમજાણું કાંઈ? **(હવે આ ૧૭૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે:)**

એવો સર્વજ્ઞે જોયો, આવો જોયો ભગવાને. ધ્રુવ આત્માને પરમાત્માએ આવો જોયો. એવો જે જોવે અને માને એ પરમાત્માનો માનનારો કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? એ અલ્પ કાળમાં પર્યાયમાં પરમાત્મા થઈ જશે. પરમાત્માનો આશ્રય લીધો એ પરમાત્મા થયા વિના રહે નહીં. પણ ધર્મ શું આમાં? કંઈ કરવું, આ દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા એ તો કાંઈ આવ્યું નહીં આમાં. એ તો બધો વિકલ્પ છે. એની વાતેય ક્યાં છે? એ વિકલ્પ તો એની નિર્મળ પર્યાયમાંય નથી, તો દ્રવ્યમાં તો ક્યાંથી હોય? આહાહા! સમજાણું કાંઈ?

આવો આત્મા સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ સિવાય કોઈએ આ રીતે જાણ્યો નથી, કોઈએ આ રીતે કહ્યુંય નથી. .... ક્યાં જાણ્યું છે? સમજાણું કાંઈ? કહો, સમજાણું આમાં? શ્વેતામ્બરમાં પણ આ વાત આવી નથી. આહાહા! અનાદિ સનાતન જૈનદર્શન–દિગંબર દર્શન

એની અંદર આ વાત છે. આ કહે છેને એ તો. કલ્પિત બધી છે. ઉત્તરાધ્યયન પણ કલ્પિત કરેલું છે. ભગવાનની વાણી તો આ સંતોએ રાખી દિગંબરમાં એ વાણી છે. માર્ગ તો આ છે બાપા! કોઈને ખોટું લગાડવા માટે કાંઈ નથી. વસ્તુનો સ્વભાવ છે. આહાહા! સમજાણું કાંઈ? ઉત્તરાધ્યયનમાં આવે છેને. છેલ્લે એમ કે ભગવાનની દેશના.... ખોટી વાત, તદ્દન ખોટી વાત છે. એમાં તો કપડાં રાખવા, આમ કરવું, તેમ કરવું—એવું તો ઉત્તરાધ્યયનમાં છે. ખોટી વાત, બધી કલ્પના છે. જિનેશ્વરદેવે તો આવો આત્મા કહ્યો. એનો આશ્રય કરીને જેને સમ્યગ્દર્શન થાય એ બીજાને માને નહીં. અને એનો આશ્રય કરીને જેને ચારિત્ર થાય એની દશા બાહ્યમાં નગ્ન થઈ થાય અને ૨૮ મૂળગુણનો વિકલ્પ હોય વ્યવહારે, એને હેય તરીકે જાણે. આહાહા! ભારે વાત. સમજાણું કાંઈ?

ઉત્તરાધ્યયનમાં બધું ઘણું ફેરફાર છે. શિષ્ય..... ચર્ચા આવે છેને? જૂઠી, જૂઠી. અંતિમ દેશના ક્યાં હતી? ધ્યાનમાં..... વાણી બંધ થઈ ગઈ. એ બધો ઘણો ફેરફાર છે. અત્યારે તો કોઈ સાથે વાંધાવચકા કાઢવા જેવું નથી. વસ્તુસ્વરૂપ આ છે. એવી વાત છે. એક વ્યાખ્યા તો જુઓ આ! પરમસ્વભાવવાળું આ તત્ત્વ એ ચાર સ્વભાવવાળો પરમભાવ છે. આહાહા! ત્રિકાળ અનંત ચતુષ્ટય જેમાં પડ્યા છે ધ્રુવ અવિનાશી તરીકે. જેને અનંત ચતુષ્ટય પ્રગટ કરવા હોય એણે આ અનંત ચતુષ્ટયનો આશ્રય લેવો જોઈએ. બીજી કોઈ ક્રિયા એવી છે જ નહીં. આહાહા! સમજાણું કાંઈ? માથે કીધુંને, એનો આશ્રય કરવાથી... એટલે કે રાગાદિ વચ્ચે આવે એનો આશ્રય નહીં અને એ વસ્તુ કોઈ કારણ નથી. વ્યવહાર હોય ખરો વચમાં, પણ એ કાંઈ કારણ નથી, એ તો બંધનું કારણ છે. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પૂજાનો વિકલ્પ હોય, પણ એ બંધનું કારણ છે. વ્યવહાર પરાશ્રિત બંધનું કારણ છે, સ્વાશ્રિત એ મુક્તિનું કારણ છે. આવો માર્ગ ત્રિકાળ છે. માનવો-ન માનવો એ જગતને સ્વાધીન છે. ૨૯૬.

**अविचलितमखंडज्ञानमद्वन्द्वनिष्ठं**
**निखिलदुरितदुर्गव्रातदावाग्निरूपम् ।**
**भज भजसि निजोत्थं दिव्यशर्मामृतं त्वं**
**सकलविमलबोधस्ते भवत्येव तस्मात् ॥ २९६ ॥**

દુસ્તર.. ઠીક! ... નાખ્યું બાળવા માટે. **દુર્ગત.. શ્લોકાર્થ : અવિચળ, અખંડજ્ઞાનરૂપ...** કેવો છે ભગવાન આત્મા? ચળે નહીં એવો અખંડજ્ઞાનરૂપ.. અખંડજ્ઞાનરૂપ એકરૂપ છે. ત્રિકાળ.. ત્રિકાળ અદ્વંદ્વ એટલે દ્વંદ્વ વિનાનો. **અદ્વંદ્વનિષ્ઠ (રાગદ્વેષાદિ દ્વંદ્વમાં નહિ રહેલ) અને સમસ્ત પાપના દુસ્તર સમૂહને બાળવામાં...** સમસ્ત પુણ્ય-પાપના દુસ્તર સમૂહને... **દાવાનળ સમાન એવા સ્વોત્પન્ન (પોતાથી ઉત્પન્ન થતા) દિવ્યસુખામૃતને...** દિવ્ય આનંદના અમૃતને... એવા દિવ્ય સુખામૃતને એટલે **(દિવ્યસુખામૃતસ્વભાવી આત્મતત્ત્વને)...** આહાહા! જુઓ! પોતે (કહે

છે). **કે જેને તું ભજી રહ્યો છે તેને ભજ...** ભગવાન પૂર્ણાનંદ સ્વભાવ એને તું એકાગ્ર થઈને ભજી રહ્યો છે એને ભજ. ભગવાનના ભજન-બજન એ બધો વિકલ્પ છે. કહો, સમજાણું કાંઈ? આહાહા!

લ્યો, આ 'ભજ' કહે છે. ભજી રહ્યો છે એને ભજ. પૂર્ણાનંદનો નાથ સહજાનંદમૂર્તિ પ્રભુ એને તું ભજી રહ્યો છો, એમાં વલણ તારું ત્યાં જ છે, એને ભજ. આહાહા! વ્યવહાર અને નિમિત્તને ન ભજ. કહો, સમજાણું કાંઈ? આવો માર્ગ પહેલેથી ભારે છે. માર્ગ જ એવો છે ભગવાન! તું મોટો છો ને તારો માર્ગ પણ એવડો જ મોટો છે. આહાહા! પોતે મુનિરાજ દિગંબર સંત છે વનવાસી પદ્મપ્રભમલધારિદેવ. આહાહા! હવે એને ઓલા ખોટા ઠરાવે છે. આવા દાખલા કેમ નિશ્ચયના આપ્યાને... પણ અહીં કહે છે, ભજી રહ્યો છે એને વચમાં આવે વિકલ્પ.... એની શૈલી આ છે. મારું ભજન, આત્મા આનંદસ્વરૂપ છે એનું ભજન છે.

**દિવ્યસુખામૃતથી ભરેલો**... દિવ્ય નામ આનંદના અમૃતથી ભરેલો ભગવાન પૂર્ણસ્વરૂપ એવા આનંદને ભજે છો, અનુભવે છો, એને જ અનુભવ કર. બાકી કોઈ અનુભવવા જેવું નથી. આહાહા! પોતાને ખાતરી થઈ ગઈ છે કે હું આવા આત્માને ભજું છું? આહાહા! પૂર્ણાનંદ સ્વભાવથી ભરેલો ભગવાન એમાં જ મારી એકાગ્રતા ને સ્વસન્મુખતા છે. બસ એમને એમ રાખ, એનું ભજન કર. ભજે છો તેનું ભજન કર.. ભજે છો તેનું ભજન કર. આહાહા! બીજી બધી વાત છોડી દે. વ્યવહારના વિકલ્પો હોય... આનું ભજન કરતાં એ બધું છૂટી જાય છે. સમજાણું કાંઈ? અહીં તો પર્યાયનું ભજન કર એમ પણ ન કીધું. આવા ત્રિકાળીને ભજ. એ ભજન પર્યાય છે, પણ ત્રિકાળીને ભજ. એય! 'ભજી રહ્યો છો' એ તો પર્યાય થઈ. ત્રિકાળી ભગવાન આનંદનું ધામ અતીન્દ્રિય આનંદ જેના... જેના એક સમયના આનંદના સ્વાદની આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનો સડેલા તરણા, ઉકરડા જેવા લાગે. સડેલા મીંદડા ને કુતરાના ક્લેવર હોય એવા એને (લાગે). આહાહા!

દિવ્યસુખામૃત... ભગવાન આનંદ અમૃતનો દરિયો છું, સ્વભાવનો સાગર છે. સ્વભાવ છે એને ક્ષેત્રની કોઈ મોટપની જરૂર નથી. એનો સ્વભાવ બેહદ–અપરિમિત છે. એને તું ભજે છો.. આહાહા! એનો અનુભવ તું કરે છો, એનો અનુભવ કર. આહાહા! લ્યો, આ આત્મા ત્રિકાળી આવો એને ભજવું એનું નામ મોક્ષનો માર્ગ. આહાહા! સમજાણું કાંઈ? આમાં વાદવિવાદને સ્થાન જ ક્યાં છે? વસ્તુની સ્થિતિ જ આવી છે ત્યાં. આહાહા! આવડા મોટા ભગવાનનો વિશ્વાસ, એ વિશ્વાસની કિંમત કેટલી! આહાહા! વિશ્વાસ એટલે સમ્યગ્દર્શન. આવો પરમાત્મા પરમસ્વભાવભાવનો એકલો પિંડ પ્રભુ, પૂર્ણ સાગર એની શ્રદ્ધા.. એની શ્રદ્ધામાં કિંમત કેટલી એ શ્રદ્ધાની–સમકિતની! આહાહા! જેણે આવા આત્માને અંદરમાં સ્વીકાર્યો અને અનુભવમાં લીધો, (**તને સકળ-વિમળ જ્ઞાન (કેવળજ્ઞાન) થશે જ.)**

(પ્રમાણ વચન ગુરુદેવ)

## માગશર વદ ૭, ગુરુવાર, તા. ૯-૧૨-૧૯૭૧
## ગાથા - ૧૭૮, શ્લોક – ૨૯૭, પ્રવચન નં. ૧૯૮

૧૭૮ ગાથા છે.

**अव्वाबाहमणिंदियमणोवमं पुण्णपावणिम्मुक्कं ।**
**पुणरागमणविरहियं णिच्चं अचलं अणालंबं ॥ १७८ ॥**
**અનુપમ, અતીન્દ્રિય, પુણ્યપાપવિમુક્ત, અવ્યાબાધ છે,**
**પુનરાગમન વિરહિત, નિરાલંબન, સુનિશ્ચળ, નિત્ય છે. ૧૭૮.**

**ટીકા : અહીં પણ...** એમ શબ્દ કહીને જાણે પૂર્વે કીધું હોય એ જ કહેતા હોય, એમ. પોતે તો એમાં પારિણામિકભાવ ઉતાર્યા કહ્યા છે. ૧૭૭માં આવી ગયુંને કાલ. આ તો સિદ્ધ ભગવાન પરમાત્મતત્ત્વની ગાથા છે. ઓલી હતી કારણપરમાત્માની... આ ગાથા હવે બધી કાર્યપરમાત્મા–સિદ્ધપરમાત્મા(ની છે). આ ટીકામાં 'અહીં પણ' એમ શબ્દ છે. એ એટલી સંધિ કરી છે અહીં. પાઠમાં છેને **अत्रापि**.. પહેલા કહ્યું **अत्रापि** એનો અર્થ કે જાણે ન્યાં કીધું એવું જ અહીં કહ્યું છે, એમ. પણ એ તો અપેક્ષાએ બરાબર છે. કારણપરમાત્મા જે ત્રિકાળસ્વરૂપ છે એની વ્યાખ્યા કરો કે કાર્યની કરો. જેમ કાર્યમાં રાગાદિ કાંઈ નથી, એમ આત્મામાં પણ નથી એમ લેવાય. વસ્તુ જેવી અંદર ચીજ છે એવી જ પર્યાય પ્રગટ થાય, તો એ એવી જ છે ને એના જેવી જ છે. સમજાણું કાંઈ? એવી શૈલી છેને આમાં? જે કાર્ય પ્રગટ્યું સિદ્ધનું, એમાં જે કાંઈ નથી એવું આત્માના દ્રવ્યમાં પણ નથી.

વાત એટલી કે આત્મદ્રવ્ય એ ત્રિકાળી પરમસ્વભાવભાવ છે અને સિદ્ધની પર્યાય ક્ષાયિકભાવની છે. કહે છે કે **અહીં પણ, નિરુપાધિ સ્વરૂપ જેનું લક્ષણ છે એવું પરમાત્મતત્ત્વ કહ્યું છે.** સિદ્ધ ભગવાનનું સ્વરૂપ. **(પરમાત્મતત્ત્વ આવું છે:) સમસ્ત દુષ્ટ અઘરૂપી વીર શત્રુઓની સેનાના ધાંધલને... 'वरुथी'**ને ધાંધલ કહે છે? **संभ्रम**.. ઠીક. 'ધાંધલ' તો આપણો કાઠીયાવાડી શબ્દ છે. ધાંધલ નામ નથી આવતું? ધાંધલ કરો મા, એમ. તોફાન કરો મા. તુમ્હારે ક્યા કહતે હૈં? એ ધાંધલબાજી. ઠીક. **સમસ્ત દુષ્ટ અઘરૂપી વીર...** દુષ્ટ પુણ્ય-પાપરૂપી અઘ. પુણ્ય-પાપ બધે અઘમાં ગણાય છે આમાં. પુણ્ય-પાપરૂપી જે અઘ એવું જે વીર સેનાની ધાંધલ. આહાહા! પુણ્ય-પાપના ભાવ વીરસેના છે. અનાદિથી ધાંધલ છે એમ આવે છે.

એવાને **અગોચર...** એવી સેનાના ધાંધલને અગમ્ય **એવા સહજજ્ઞાનરૂપી કિલ્લામાં રહેઠાણ હોવાને લીધે...** સહજજ્ઞાનરૂપી કિલ્લામાં રહેઠાણ છે આત્માનું, એથી **અવ્યાબાધ (નિર્વિઘ્ન) છે.** સિદ્ધ ભગવાનને કોઈ વિઘ્ન નથી, એમ દ્રવ્યને પણ કાંઈ વિઘ્ન નથી. દ્રવ્ય પણ

એવું જ છે. અહીં તો એમ કહ્યું કે સહજજ્ઞાનરૂપી કિલ્લો એમાં રહેલું છે. જ્ઞાનરૂપી કિલ્લામાં ભગવાન સિદ્ધ રહેલ છે. એને કોઈ બહારના વિઘ્ન કે બાધા-પીડા નથી. વળી કેવા છે તે? એવો જ આત્મા છે એમ સમજવો. સમજાણું કાંઈ? **સર્વ આત્મપ્રદેશે ભરેલા ચિદાનંદમયપણાને લીધે અતીન્દ્રિય છે**... સર્વ આત્મપ્રદેશે (એટલે) અસંખ્ય પ્રદેશે, એમ લીધું. **ભરેલા ચિદાનંદમય...** જ્ઞાન ને આનંદમય છે. સિદ્ધ તો અસંખ્ય પ્રદેશમાં એકલા જ્ઞાન ને આનંદમય છે. આ આત્મા પણ અંદર વસ્તુએ અસંખ્ય પ્રદેશમાં એકલું જ્ઞાન ને આનંદમય ભરેલું તત્ત્વ છે. સમજાણું કાંઈ?

**અતીન્દ્રિય છે; ત્રણ તત્ત્વોમાં વિશિષ્ટ હોવાને લીધે અનુપમ છે**—કોઈ એને ઉપમા નથી. ત્રણમાં એ ઉત્તમ છે એમ કહે છે. **(બહિરાત્મતત્ત્વ, અંતરાત્મતત્ત્વ અને પરમાત્મતત્ત્વ એ ત્રણેમાં વિશિષ્ટ—ખાસ પ્રકારનું—ઉત્તમ હોવાને લીધે)** સિદ્ધપદ એ ઉત્તમ તત્ત્વ છે. એથી એ અનુપમ છે–એને કોઈ ઉપમા નથી. વસ્તુ–ભગવાન આત્મા પણ એવો છે. એ તો બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માની પર્યાયથી પણ ભિન્ન છે. એમ કે ખરેખર સિદ્ધને જ આ બધું છે.... ગાથામાં સિદ્ધથી જ ચાલે છે.

**સંસારરૂપી સ્ત્રીના સંભોગથી ઉત્પન્ન થતાં સુખ-દુઃખનો અભાવ હોવાને લીધે પુણ્યપાપ વિનાનું છે...** સિદ્ધને આત્માના આનંદની ઉત્પત્તિ છે, એથી સંસારરૂપી સ્ત્રીથી ઉત્પન્ન સુખ-દુઃખની કલ્પના એવો જે એમાં ભાવ એનો અભાવ છે (તેથી) એ પુણ્ય-પાપ વિનાનું છે. એમ આ આત્મા પણ સંસારના રાગથી ઉત્પન્ન સુખ-દુઃખની કલ્પના વિનાનો આત્મા છે. **પુનરાગમનના હેતુભૂત... (ચાર ગતિમાંની કોઈ ગતિમાં) પાછા આવવું, ફરીને જન્મવું**—એવું જે પુનરાગમનના હેતુભૂત **પ્રશસ્ત-અપ્રશસ્ત મોહરાગદ્વેષનો અભાવ હોવાને લીધે...** પ્રશસ્ત ને અપ્રશસ્ત... ઠીક! મોહ પ્રશસ્ત-અપ્રશસ્ત, રાગ પ્રશસ્ત-અશસ્ત, દ્વેષ પ્રશસ્ત-અપ્રશસ્ત.—ત્રણેય. અપેક્ષા છેને. કહે છે કે **પ્રશસ્ત-અપ્રશસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાને લીધે પુનરાગમન રહિત છે.** સિદ્ધને ન્યાંથી પાછું આવવું નથી.

**નિત્ય મરણના અને તે ભવ સંબંધી મરણના કારણભૂત કલેવરના (શરીરના) સંબંધનો અભાવ હોવાને લીધે નિત્ય છે...** લ્યો, નિત્ય મરણ છેને. સમયે-સમયે આયુ.. સમયે-સમયે આયુ ઉદયે આયુશી મરણ છેને. ક્ષણે-ક્ષણે આયુષ્યના પરમાણુ જાય છે (તો) ક્ષણે-ક્ષણે મૃત્યુ જ છે. જેટલું આયુષ્ય લઈને આવ્યો છે એમાંથી ક્ષણે-ક્ષણે મૃત્યુ થતું જાય છે. એ નિત્યમરણ એનો પણ એમાં અભાવ છે, નિત્યમરણનું મૂળ કારણ તો ક્ષય છે, એમ. એનો પણ એમાં અભાવ છે. **ભવસંબંધી મરણના કારણભૂત કલેવરના સંબંધનો**... આત્મા ને શરીરનો સંબંધ છે જ નહીં સિદ્ધને, તેથી તે નિત્ય છે.

**નિજ ગુણો અને પર્યાયોથી ચ્યુત નહિ થતું હોવાને લીધે (અચળ છે).** ભગવાન સિદ્ધ પરમાત્મા પોતાના નિજ ગુણો જ્ઞાન, દર્શન આનંદાદિ ભાવો અને એની પર્યાય અનંત કેવળજ્ઞાન આદિ એનાથી ચ્યુત નહીં થતું.. એમાંથી કોઈ દિ' ભ્રષ્ટ થતું નથી.

શ્રોતા : ત્રિકાળીમાં આ બોલ કેવી રીતે ચાલે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ત્રિકાળીની એ (વાત) નથી, અહીં તો સિદ્ધની વાત છે. આમ તો એમાં નથી એ આમાં (પણ) નથી. એ જુદી વાત છે. ત્રિકાળીમાં તો પર્યાય પણ નથી. એનું અહીં શું છે? જેટલું ઉતરે એટલું ઉતરેને. અહીં તો ક્ષાયિક પર્યાય છે એમ સિદ્ધ કરવું છેને.

**પરદ્રવ્યના અવલંબનનો અભાવ હોવાને લીધે...** સિદ્ધ ભગવાનને પરદ્રવ્યનું અવલંબન નથી તેથી તે **નિરાલંબ છે.** એમ આત્મા પણ પરદ્રવ્યના અભાવ વિનાનું નિરાલંબી તત્ત્વ છે. ભગવાન આત્મા પરના આલંબન વિનાનું છે.

**એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૩૮મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :**

**आसंसारात्प्रतिपदममी रागिणो नित्यमत्ताः**
**सुप्ता यस्मिन्नपदमपदं तद्विबुध्यध्वमंधाः।**
**एतैतेतः पदमिदमिदं यत्र चैतन्यधातुः**
**शुद्धः शुद्धः स्वरसभरतः स्थायिभावत्वमेति॥**

**શ્લોકાર્થ : શ્રી ગુરુ સંસારી ભવ્ય જીવોને સંબોધે છે કે : હે અંધ પ્રાણીઓ!** એટલે ત્રિકાળી દ્રવ્યને નહીં જોનાર. જેનું જોવું (જોઈએ) એને નહીં જોનાર હે અંધ પ્રાણી! એમ કહે છે. સમજાણું કાંઈ? **અનાદિ સંસારથી માંડીને...** એકેન્દ્રિય, નિત્ય-નિગોદ તેનાથી માંડીને **પર્યાયે પર્યાયે...** સમયે-સમયે **આ રાગી જીવો સદાય મત્ત વર્તતા થકા...** વિકારમાં ઘેલા બનતા થકા... આહાહા! પોતાનું નિજ પદ આનંદ ને જ્ઞાન છે એવા નિજ પદથી આંધળા અને પરમાં મત્ત. સમજાણું કાંઈ? રાગ અને દ્વેષ, શુભ ને અશુભભાવ એમાં મત્ત થયેલા... મત્ત થયેલા (એટલે) કે એ જ હું એમ માનીને ગાંડા થઈ ગયા છે એ. સમજાણું કાંઈ?

**રાગી જીવો સદાય મત્ત વર્તતા થકા...** નિરંતર વિકારમાં જ વર્તતા, પુણ્ય-પાપના વિકલ્પમાં જ વર્તતા. જે એનું સ્વરૂપ નથી, જે એના સ્વભાવમાં નથી એમાં–વિભાવમાં તદાત્મપણે, એમ કહે છે, વિભાવમાં તદાત્મપણે વર્તતા થકા **જે પદમાં સૂતા છે–ઊંઘે છે તે પદ અર્થાત્ સ્થાન અપદ છે—અપદ છે...** એ રાગનું પદ તારું નથી. એમાં સૂતો છો નિરાંતે, કહે છે. આહાહા! રાગ પુણ્ય-પાપનો વિકલ્પ એ તારું પદ નહીં. એમાં તું સોડ તાણીને સૂતો છો. (પદ) નથી એમાં સૂતો છો એમ કહે છે. આહાહા! એ અપદ છે, અપદ છે. એ **(તમારું સ્થાન નથી)...**

વ્યવહારના વિકલ્પો જે દયા, દાન વ્રતાદિ રાગ એમાં, કહે છે કે અનાદિથી સૂતો છો. એ પદ તારું નથી, એ તારું સ્થાન નથી, એ તારું ધામ નથી, એ તારું ગામ નથી. સમજાણું કાંઈ? પડખું ફેરવ એમ કહે છે.

**એમ તમે સમજો.** એમ કીધુંને? **(બે વાર કહેવાથી અતિ કરુણાભાવ સૂચિત થાય છે.)** વ્યવહાર કહ્યોને. અપદ છે.. અપદ છે. આહાહા! ભગવાન પોતાનો આનંદધામ, નિજજ્ઞાનધામ ધ્રુવ સ્વભાવ એને ભૂલીને, એકલા પુણ્ય-પાપના વિકલ્પનો–વિકારનો–વિભાવનો ભાવ એમાં સૂતો છો, એ તારું સ્થાન, તારું પદ, તારો ભાવ નહીં. કહો, સમજાણું કાંઈ? શરીર ને દેશ ને કુટુંબ ને આબરૂ તો ક્યાંય રહી ગયા. એ તો તારું સ્થાન નહીં, એ તારા ઘર નહીં, પણ પુણ્ય-પાપના ભાવ (પણ) તારા સ્થાન ને તારું ઘર નહીં. આહાહા! અહીં તો ભઈ! ઘર કહે છેને. આ મારી ઘરવાળી છે, અમારા ઘરવાળા છે એમ કહે છેને? શું કરવું આમાં? પુણ્ય-પાપના ભાવ એ ઘરવાળો એમ નથી જ્યાં, (ત્યાં) ઘરવાળી, ઘરવાળો ક્યાંથી આવ્યો? આહાહા! સમજાણું કાંઈ? એ તો પરઘર છે. આહાહા! બાયડી, છોકરા, કુટુંબ તો ક્યાંય રહી ગયા. એ તો પરઘરના પરના પદાર્થો છે. પણ એણે એમાં નથી એવા ભાવ ઊભા કરીને સૂતો એ તારા ઘર નહીં. આહાહા!

એ કરવટ બદલ હવે, કહે છે. પડખું બદલ હવે. 'કરવટ' સમજતે હો? પડખા બદલ દે. સમજ.. સમજ.. આ નહીં તારું ઘર. આહાહા! પુણ્યના ભાવ એ તારા ઘર નહીં. ભાવ હોં. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ–રાગ એ તારું પદ નહીં. એ તો વિભાવનું પદ છે, પરનું છે. એમ તમે સમજો. એમ આવ્યુંને? બે વાર કહેવાથી કરુણા છે. ભાઈ! એ તારા ઘર નહીં. આહાહા! બાપ કહેને. છોકરો બાવણ ને વાઘરણને વ્યભિચારે કંઈક ચઢી ગયો હોય. અરે ભાઈ! આ આપણા કામ નહીં. તું ક્યાં ચડી ગયો? એમ આ પુણ્ય-પાપના ભાવે ક્યાં ચડી ગયો તું? કહે છે. આહાહા! એ તારા ઘર નહીં, એ તારું પદ નહીં, એ તારો ભાવ નહીં. તારું સ્થાન નહીં, ત્યાં રહેવા જેવું નથી. આહાહા!

**આ તરફ આવો—આ તરફ આવો..** લ્યો ઠીક! એ દિશા બદલી દે. જયંતીભાઈ! આ પણ છોકરાનું ક્યાં અમેરિકા ભણે, ..... એને છોડવું શી રીતે? એ તો છૂટેલા જ પડ્યા છે. ક્યાં ગરી ગયા છે તારામાં? તેં ઊભા કરેલા પુણ્ય ને પાપમાં...... ગયાને ભાઈ? નવરંગભાઈ ગયા.... ગયા એ. ......થઈ ગયું. લ્યો, આ તરફ આવો, આ તરફ આવો, અહીં કહે છે. પુણ્યના પ્રભાવમાં વસી ગયો છે તો હવે ખસ, એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? બાયડી, છોકરા, ઘર, મકાન, દુકાન તારું નહીં—એ તો અહીં કહ્યું જ નહીં. એ તો હતું જ કે દિ'? એ તો તેં આ ઊભું કરીને માન્યું છે એ પણ તારું નથી. એ તો માન્યતા તારા ખાતામાં (નથી). આ તો માને છે કે આ છે. રાગરૂપ હું. અહીં અસ્તિત્વ છે. ત્રિકાળી અસ્તિત્વ હયાતીની ખબર નથી તો ક્યાંક પોતાનું હોવાપણું તો માનશેને. આહાહા!

શ્રોતા : મહાભાગ્યે આપ મળ્યા એનો નકાર કેમ કરાય?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ઠીક, પ્રશ્ન.... મહાભાગ્યે આવી વિષ્ટા મોઢામાં આવી, એ કાઢી કેમ નખાય? મૈસુબની વિષ્ટા આવી સારી. એક માણસને ઉલટી થઈ. ઉલટી થઈ એમાં આ વિષ્ટા આવી. મોઢે વિષ્ટા આવી. નીચે ન જતાં, ઉલટી થઈ તે એ આંતરડાના ભાગનો અહીં વિષ્ટા આવી. હવે એ કેમ કાઢવી?

પુણ્યની વાત છે અહીં તો. પુણ્યનો ભાવ છે એને વિષ્ટા (કહેતા) ઓલાને આકરું લાગે છે. અરેરે! વિષ્ટા કહે છે. અરે! ઝેર છે, સાંભળને હવે! ભગવાન અમૃતસ્વરૂપ આત્મા એનાથી વિરુદ્ધભાવ રાગ એ તો ઝેર છે. ઝેરમાં વસવું એ તારું સ્થાન નહીં પ્રભુ! તું તો અમૃતમાં રહેનારો છો. આહાહા! એ હંસલાને દાણાના ચારા હોય નહીં, પણ કાંકરાના તો હોય જ નહીં. હંસ તે કાંઈ દાણા ખાતા હશે હંસલા? એ તો મોતી ચરે. બાપુ! તું કોણ છો? ભાઈ! આહાહા! જુઓને! કરુણાથી કહ્યું છેને! આહાહા! અપદ છે, અપદ છે. આ હોં. પુણ્યનો સંયોગ-બંયોગ એની વાત જ નથી. ભાવ જે વિકારી દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ ભાવ એ રાગભાવ છે, એ અપદભાવ છે, પ્રભુ! એ તારું સ્થાન નથી. આહાહા!

**આ તરફ આવો—આ તરફ આવો**. એ આમ ... ભાઈ! આહાહા! બહુ ટૂંકું. રાગના વિકલ્પના વેગમાં ગયો છો પ્રભુ! ન્યાંથી ખસ તું અને અંદર ચૈતન્ય આનંદ ધાતુ છે, ચૈતન્યથી બિરાજમાન ભગવાન છે ત્યાં આવને! એમ કહે છે. આહાહા! કહો, ભીખાભાઈ! શું છે એ? આહાહા! હીરાભાઈ જેવા છોકરા, બંગડીના વેપાર, ત્રીસ રૂપિયાના પગાર સામે દસ-દસ હજારની પેદાશ, વળી પાછા હુશિયાર ડાહ્યા. .....તારું નહીં એમ કહે છે. એ તો નહીં, એના તરફના રાગનો ભાવ પણ તું નહીં. એ તો નહીં, પણ ત્રણ લોકના નાથ તરફનો રાગભાવ એ પણ તારું પદ નહીં. આહાહા!

પ્રભુ! તું તો ત્રણ લોકનો નાથ પોતે તું છોને! આહાહા! એની કોર આવી જાને ન્યાં. એને પડખે ચડને! આહાહા! મોટાને સંગે જા, આ પામરના સંગને છોડી દે. **આ તરફ આવો—આ તરફ આવો. (અહીં નિવાસ કરો), તમારું પદ આ છે—આ છે.** આહાહા! છ બોલ લીધા છે. એ અપદ છે.. અપદ છે—બે થયા એ. આ પદ છે.. આ પદ છે. આનંદ ને જ્ઞાનથી બિરાજમાન પ્રભુ તું છો એ તારું પદ છે. તમારું પદ આ છે. પૂર્ણ આનંદનું ધામ એ તારું પદ છે, ત્યાં નજર કરને! રાગની નજરું છોડને, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? છે શુદ્ધ. લ્યો, છેને? બે વાર એ પાછું આવ્યું. **શુદ્ધઃ શુદ્ધઃ** ભારે શ્લોક છે હોં. આ તો સમયસારનો કળશ છે. આહાહા! ત્યાં તો ઘણીવાર વંચાણું છે. **આ છે—આ છે...** શું આ છે?

**જ્યાં શુદ્ધ-શુદ્ધ ચૈતન્યધાતુ** છે. આહાહા! શુદ્ધ-શુદ્ધ ચૈતન્યધાતુ. દ્રવ્યે શુદ્ધ ને ભાવેય શુદ્ધ એવી ચૈતન્યધાતુ, જ્ઞાનધાતુ સ્વભાવભાવ જ્ઞાનનો, આનંદનો—એવો જે ભાવ. **નિજ રસની**

**અતિશયતાને લીધે...** એ પોતે પોતાના સ્વભાવની મહિમાને લીધે **સ્થાયીભાવપણાને પ્રાપ્ત છે.** સ્થિર.. સ્થિર.. સ્થાયી નિત્ય છે. કહો, સમજાણું કાંઈ? એક શ્લોકે બસ છે. આહાહા! રાગની, પુણ્યની દૃષ્ટિને લઈને એના હોવાપણાના ભાસમાં, આખો ભગવાન ચૈતન્યધાતુ હોવાપણે બિરાજમાન એ નજરે ન આવ્યો તું. સમજાણું કાંઈ? **શુદ્ધ ચૈતન્યધાતુ...** જ્ઞાનાનંદ ધાતુ એટલે જેણે જ્ઞાન ને આનંદને ધારી રાખ્યું છે. એવી ચીજ **નિજરસની અતિશયતાને લીધે**—પોતાના સ્વભાવના સામર્થ્યતાને લીધે, પોતાના સ્વભાવની વિશેષતાને લીધે, ચૈતન્યધાતુ નિજશક્તિના સ્વભાવની ખાસ વિશેષતાને લીધે **સ્થાયીભાવપણાને પ્રાપ્ત છે—સ્થિર છે**...

રાગભાવ તો ક્ષણે ક્ષણે ભિન્ન-ભિન્ન કર્મને આધીન થયેલો ભાવ ભિન્ન-ભિન્ન થયા કરે છે. એ કાંઈ સ્થાયી નથી. આ સ્થાયી છે. એનો સ્વીકાર કેમ દેખાય એને? પહેલા અનુમાનથી એમ નક્કી કરે કે આ વિકલ્પાદિ ભાવ છે એ તો ક્ષણિક–અસ્થાયી, અપદ છે. એની પાછળ અંતરમાં આખી ચીજ છે–વસ્તુ છે ચૈતન્યધાતુથી ભરેલી એવો જે ભગવાન આત્મા એના તરફ જવું, એમાં વળવું—એમ પહેલો નિર્ણય કરે વિકલ્પ દ્વારા તો એને લક્ષ ફેરવવાનો પ્રસંગ બને. સમજાણું કાંઈ? રામની રમતુંમાં આવી જા ભાઈ! એમ કહે છે. વિભાવની રમતું છોડ હવે. આહાહા!

**અર્થાત્ સ્થિર છે–અવિનાશી છે.** ભગવાનની ચૈતન્યધાતુ એટલે? જેમ આ સોનાની ધાતુ સોનાપણે ધારી રાખી છે. રૂપાની ધાતુ, હીરાની ધાતુ, એમ આ ચૈતન્યધાતુ છે. એણે ચૈતન્યપણું અંદર ધારી રાખ્યું અનાદિ-અનંત. એવો જે ભગવાન આત્મા એને પડખે આવ, અહીં આવ. એ શુદ્ધ છે.. શુદ્ધ છે. આહાહા! ભારે.! **(અહીં 'શુદ્ધ' શબ્દ બે વાર કહ્યો છે તે દ્રવ્ય અને ભાવ બન્નેની શુદ્ધતા સૂચવે છે...** દ્રવ્યે પણ શુદ્ધ છે, ભાવે શુદ્ધ છે, ગુણે પણ શુદ્ધ છે. **સર્વ અન્યદ્રવ્યોથી જુદો હોવાને લીધે...** ભગવાન આત્મા અન્ય કર્મ, શરીર આદિ રજકણોના અન્ય દ્રવ્યોથી જુદો હોવાથી **શુદ્ધ છે અને પરના નિમિત્તે થતા પોતાના ભાવોથી રહિત હોવાને લીધે,** એમ. **પોતાના ભાવોથી** પાછા શબ્દો એમ છે. પરના નિમિત્તે થતા પોતાના ભાવ, એમ. પોતાની પર્યાયમાં થતાં, એમ. પુણ્ય ને પાપ, રાગ ને દ્વેષ વિભાવ, સંકલ્પ-વિકલ્પ એ પરના નિમિત્તે થતાં પોતાના ભાવ એટલે એની પર્યાયમાં થતાં એનાથી રહિત છે, એને લીધે **ભાવે શુદ્ધ છે).**

**વળી (આ ૧૭૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :**

**भावाः पंच भवन्ति येषु सततं भावः परः पंचमः**
**स्थायी संसृतिनाशकारणमयं सम्यग्दृशां गोचरः ।**
**तं मुक्त्वाखिलरागरोषनिकरं बुद्धवा पुनर्बुद्धिमान्**
**एको भाति कलौ युगे मुनिपतिः पापाटवीपावकः ॥ २९७॥**

**શ્લોકાર્થ : ભાવો પાંચ છે...** ઉદયભાવ, ઉપશમભાવ, ક્ષયોપશમભાવ, ક્ષાયિકભાવ અને પારિણામિકભાવ—પાંચ ભાવ છે. ઉદયભાવ, આ રાગ-દ્વેષનો ભાવ એ ઉદયભાવ છે. ઉપશમભાવ એ સમકિતની પર્યાય. દર્શનમોહનો ઉપશમ થતાં ને પોતામાં એ જાતનો પુરુષાર્થ થતાં જે ક્ષય થયા વિનાની દશા એ ઉપશમ. ક્ષાયિકદશા પર્યાય રાગાદિનો ક્ષય થઈને (થાય). એક ક્ષયોપશમદશા—કાંઈક ઉદય ને કાંઈક ઉઘાડ. એવો ઉદય, ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયકભાવ ચાર અને પાંચમો પારિણામિકભાવ. ભાવો પાંચ છે. **જેમાં આ પરમ પંચમ ભાવ (પરમ પારિણામિક ભાવ) નિરંતર સ્થાયી છે...** લ્યો. સ્થાયી છે, સ્થાયી છે.. એમ થયુંને. આ કારણપરમાત્મા કહો કે પંચમ પારિણામકભાવ કહો. સમજાણું કાંઈ?

નિયમસારમાં પારિણામિકભાવના ગાણા બહુ ખુલ્લા ગાયા છે. અહો! જેમાં પરમ પંચમભાવ નિરંતર સ્થાયી છે. ક્ષાયિકભાવ પણ સમયે-સમયે પરિણમે છે. આ તો એમને એમ અપરિણામી ત્રિકાળી વસ્તુ, પારિણામિકભાવે અપરિણામી છે. આહાહા! સમજાણું કાંઈ? પારિણામિકભાવ એટલે સહજસ્વભાવે. બદલ્યા વિનાનો એમને એમ સ્થાયી–નિત્ય છે. અને એ ભાવ **સંસારના નાશનું કારણ છે...** લ્યો. સમજાણું કાંઈ? મોક્ષનું કારણ–સંસારનાશનું કારણ તો સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્રની પર્યાય છે.. સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્રની પર્યાય છે. પણ એ પર્યાયનું કારણ આ દ્રવ્ય છે. આહાહા!

**સંસારના નાશનું કારણ છે...** ત્રિકાળી સ્થાયીભાવ, નિત્યભાવ, ધ્રુવભાવ, અવિનાશી સ્વભાવભાવ એને આશ્રયે સંસારનો નાશ થાય માટે એ સંસારના નાશનું કારણ છે. ભગવાને તો, દ્રવ્યને સંસારના નાશનું કારણ છે એમ કહ્યું. સમજાણું કાંઈ? કેમ કે દ્રવ્ય ત્રિકાળી વસ્તુ છે એને આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થાય છે અને પર્યાયથી સંસારની પર્યાયનો નાશ થાય છે. દ્રવ્યને આશ્રયે થતાં દ્રવ્ય જ પોતે સંસારના નાશનું કારણ છે એમ કીધું. સમજાણું કાંઈ?

**અને સમ્યગ્દૃષ્ટિઓને ગોચર છે.** વસ્તુ જે ધ્રુવ ચૈતન્ય છે એ સમ્યગ્દર્શનમાં ગમ્ય છે. સમ્યગ્દૃષ્ટિને ત્રિકાળ ધ્રુવનું ભાન વર્તે છે એમ કહે છે. સમજાણું કાંઈ? ચૈતન્ય ભગવાન આત્મા અનાદિ-અનંત સ્વભાવનો ભંડાર ભરપૂર ભગવાન એવી ચીજ–એવી વસ્તુ ધર્મીને ગમ્ય છે. એક બાજુ કહે કે ચાર ભાવને ગમ્ય નથી. આવ્યું છે એમાં પહેલાં. ચાર ભાવને ગમ્ય નથી. એનો અર્થ જ કે ચાર ભાવને આશ્રયે તે ગમ્ય નથી, એમ. ક્ષાયિકભાવને પણ ગમ્ય નથી, એમ આવે છે. પહેલું આવી ગયું છે. એનો અર્થ કે ક્ષાયિકભાવનો આશ્રય કરતાં એનું ગમ્ય થાય એમ નથી. એનો (-દ્રવ્યનો) આશ્રય કરતાં ગમ્ય થાય. આહાહા! આવું ભારે આકરું...

જેણે આવી દયા, દાન, વ્રત ને ભક્તિ ને પૂજામાં ધર્મ માન્યો હોય, એને એમાંથી ખસવું (આકરું). અહીં તો એનાથી તો ઠીક, પણ આ ક્ષાયિક પર્યાય થાય એનાથી પણ ભિન્ન છે. ક્ષાયિક પર્યાયને આશ્રયે પણ કર્મનો નાશ ન થાય. એમ કહ્યુંને આમાં? ત્રિકાળીને આશ્રયે

થાય. આહાહા! સમજાણું કાંઈ? મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર એ સંસાર. એનો નાશ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી થાય. પણ એ તો બેય પર્યાયની વાત છે. અહીં તો ધ્રુવને આશ્રયે સંસારનો નાશ થાય એમ કહે છે. આહાહા! મોટો ભગવાન, ભીડ ભાંગે એવો પરમાત્મા છે કહે છે. સમજાય છે કાંઈ? સંસારની ભીડ ભાંગી નાખે એવો જ ભગવાન છે. જેનું શરણ લેતાં સંસારનો નાશ થઈ જાય.

તે સમ્યગ્દષ્ટિને ગમ્ય છે. **બુદ્ધિમાન પુરુષ સમસ્ત રાગ-દ્વેષના સમૂહને છોડીને...** મતિજ્ઞાનવાળો—બુદ્ધિવાળો—મતિ ને શ્રુતજ્ઞાન એવી બુદ્ધિવાળો જીવ **સમસ્ત રાગદ્વેષના સમૂહને...** બધો જે ઉદયભાવ છે, સંસારના વિકલ્પની લાગણીનો ઉદયભાવ છે એને છોડીને... લ્યો ઠીક. રાગ-દ્વેષના સમૂહને છોડીને... શું થાય પણ? શૈલી તો બધી કેવી નાખે? એમ નખાતા હશે કે એની મેળે નાશ થાય, એની મેળે નાશ થાય? (નાશ) થાય તો એની મેળાએ. ઉત્પન્ન ન થાય એનો અર્થ 'નાશ થાય' એમ કહેવામાં આવે છે. આહાહા! શબ્દોની રચનાથી કાંઈ પાર પડે નહીં ચર્ચા. એના ભાવ સમજવા માગે તો પાર પડે. એકલા શાસ્ત્રના અભ્યાસથી નિવેડો ન આવે. આહાહા! અનુભવથી નિવેડા આવે. સમજાણું કાંઈ?

રાગ-દ્વેષના સમૂહને **છોડીને તેમ જ તે પરમ પંચમ ભાવને જાણીને,** એમ પાછું. આનું (-રાગનું) લક્ષ છોડી અહીં લક્ષ કર્યું પંચમ પરમભાવ.. પરમ પંચમભાવ એકલો જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ, આનંદભાવ, પૂર્ણાનંદરૂપી નિત્ય અવિનાશી સદૃશભાવ એને જાણીને... લ્યો, આ જાણવું. **એકલો...** આહાહા! **એકલો, કળિયુગમાં પાપવનના અગ્નિરૂપ મુનિવર તરીકે શોભે છે...** આહાહા! અરે! આવા પંચમકાળમાં–કળિયુગમાં પણ પુણ્ય-પાપના વિકલ્પનો આશ્રય છોડી અથવા લક્ષ છોડી ત્રિકાળી પંચમ પરમભાવના શરણમાં ગયો, એ મુનિ એકલો થયો. જેને પુણ્યના વિકલ્પ નામ બેકલાનો પણ સંબંધ નથી. **એકલો, કળિયુગમાં...** આહા! આવો કળીયુગ છે તોપણ તું એકલો પડીને અંદર **પાપવનના અગ્નિરૂપ મુનિવર...** પાપરૂપી વનને બાળી નાખવાને મુનિવર જેવો, **મુનિવર તરીકે શોભે છે...** આહાહા! સમજાણું કાંઈ?

એક બાજુ એમ કહ્યું હતું એકવાર કે પ્રભુ! આપે કહેલા ચારિત્રને પાળવાને મેં તો આ કાળમાં.. તારી ભક્તિ અમને તારશે. કહ્યું છેને? ભક્તિ એટલે આત્માનું સમ્યગ્દર્શન, એમ. ન કરી શક બધું તો એક શ્રદ્ધા તો રાખજે, એમ આવ્યું હતુંને? અહીં તો કહે છે કે મુનિપણું શોભે છે અત્યારે. લે! સમજાણું કાંઈ? આપે કહેલા મુનિવર.... આ પંચમકાળમાં અમારા જેવાને.... પદ્મપ્રભમલધારિદેવ મુનિ પોતે કહે છે. અહીં કહે છે કે અરે! એવા કળિયુગમાં પણ.. ભલે કાળ કળિયુગ હોય, પણ એ રાગ-દ્વેષના ઉદયભાવનું લક્ષ છોડી અને પૂર્ણ સ્વભાવ ધ્રુવધાતુ એને શરણે ગયો, એ પાપ-પુણ્ય-પાપના વનને બાળી નાખવાને અગ્નિ સમાન મુનિવર અંતરના શરણે ગયો એ શોભે છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

એ પુણ્ય-પાપના ભાવ વ્યવહાર સારો હોય માટે શોભે—એમ નહીં, એમ કહે છે. આહાહા! આચરણ સારા હોય પુણ્યના, આવા ચરણાનુયોગના, એ બાહ્ય આચરણે કળી શકાય, એમ કહે છે. અહીં તો કહે છે કે અમારી શોભા, અમારો ભગવાન ધ્રુવ એને શરણે જઈએ એમાં અમારી શોભા છે, શરણમાં વર્તીએ છીએ અમારી શોભા છે. આહાહા! પાંચ મહાવ્રતના પરિણામ કે ૨૮ મૂળગુણના વર્તન બરાબર હોય તો શોભીએ છીએ એ અમારી શોભા નહીં. કહો, પંચમકાળના મુનિ પણ આટલી વાત જોરદાર કરે છે. આહાહા! પોતાની (વાત) છે. કારણપરમાત્મા પૂર્ણાનંદ પ્રભુ પંચમ પરમભાવ એને જાણીને એમાં રહે છે, એકલો રહે છે. વિકલ્પને છોડીને એવા ભાવમાં અંતરમાં વસે છે તે અગ્નિરૂપ મુનિવર તરીકે શોભે છે. પુણ્ય-પાપને બાળવાને, શુભાશુભભાવ ઉત્પત્તિ ન થવાને અગ્નિ સમાન છે. આહાહા!

**અર્થાત્ જે બુદ્ધિમાન પુરુષ પરમ પારિણામિક ભાવનો ઉગ્રપણે આશ્રય કરે છે...** નિજ સ્વભાવ, હયાતીવાળો ત્રિકાળીભાવ એનો ઉગ્રપણે આશ્રય કરે છે, પર્યાયને આશ્રય દ્રવ્યનો આપે છે **તે જ એક પુરુષ...** જુઓ! ભાષા. તે એક પુરુષ **પાપવનને બાળવામાં અગ્નિ સમાન મુનિવર છે.** વ્યવહારની ક્રિયા એ બાળવા જેવી છે, એમ તો અહીં કહે છે. ગજબ કરે છે! રાખવા જેવી અને પાળવા જેવી (નથી). ઓલા કહે કે ભગવાન કુંદકુંદાચાર્યે ૨૮ મૂળગુણ પાળ્યા. એ પંડિતજી! અરે ભગવાન! એ તો વ્યવહારનયના કથન છે, એનું જ્ઞાન કરાવવા માટે. બાકી છે મુનિ. પુણ્ય ને પાપના વનને બાળવામાં અગ્નિ સમાન મુનિવર છે. એને મુનિ કહીએ. આ 'ણમો લોએ સવ્વ સાહૂણં'માં આવા મુનિ હોય. કહો, સમજાણું કાંઈ?

ઓલા કહે, 'ણમો લોએ સવ્વ સાહૂણં' એમાં ક્યાં આવ્યું (કે ફક્ત) જૈનના સાધુ? પણ સાધુ, જૈનના હોય એ સાધુ હોય. પંચમ પરમભાવના શરણે ઉગ્રપણે વર્તતા હોય એ જ સાધુ. સમજાણું કાંઈ? આહાહા! અહીં તો પંચમહાવ્રતને પાળનારો છું માટે શોભે છે એ વાત નહીં, એને તો બાળનારો છું માટે શોભું છું એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાનો શુદ્ધ ધ્રુવભાવ એના આશ્રયથી પુણ્ય-પાપને બાળવામાં અગ્નિ સમાન એવા સંતો શોભે છે. જૈન સંપ્રદાયમાં આવા સાધુ તેને મુનિ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? હજી, પંચમ પરમભાવ શું એ નામેય સાંભળ્યું ન હોય. પંચમ પરમભાવ શું હશે કાંઈક? સંપ્રદાયમાં કાંઈ નામ નથી. છે? નામ આવે, એના ઉપદેશમાં..... ...શાસ્ત્રમાં નામ આવે. પાંચ ભાવ ને આ પંચમ પારિણામિકભાવ, નિત્યભાવ એનું અસ્તિનું શરણ લેવું, એને આશ્રયે જવું, એનો સ્વીકાર થવો, એમાં સ્થિર થઈને રહેવું એનું નામ મુનિ છે. આહાહા! સમજાણું કાંઈ?

આવે છે. શબ્દ આવે પણ એની વ્યાખ્યા ક્યાં છે? તત્ત્વાર્થસૂત્ર તે ક્યાં એનું છે? સ્થાનકવાસીમાં તો છે નહીં. શ્વેતામ્બરે અહીંનું લઈને.... દિગંબરનું છે એમાં ફેરફાર કરી નાખ્યો. અમારું છે... સ્થાનકવાસી તો માને નહીં. એ ભાઈએ એક ઊભું કર્યું છે આત્મારામે,

પોતાના ૩૨ સૂત્ર સાથે મેળવવા. બિલકુલ ખોટી વાત છે. ..... છેને અહીં. શું નામ? છેને આ આત્મારામનું કરેલું. છેને આમાં. આમાં મેળવવા માગે છે ૩૨ સૂત્ર સાથે. આમાં..... ખોટી વાત છે. હતા કે દિ'? લખેને, લખવામાં શું જાય છે? આહાહા! આધાર પણ ..... નાખ્યા છે. શું નામ એ પુસ્તકનું? ભૂલી ગયા. આપણે છેને આ. 'તત્ત્વાર્થસૂત્ર સમન્વય' એમ કરીને છે. નાટકનું નામ પણ કર્યું આત્મારામ.... ....નામ શું? આત્મારામજીએ બનાવ્યું છે. તત્ત્વાર્થસૂત્રમાંથી આ કાઢેલું છે. સ્થાનકવાસી હતા જ કે દિ'? એ તો હમણાં નીકળ્યા છે. શ્વેતામ્બર ૨૦૦૦ વર્ષ પહેલા.... શાસ્ત્રો તો કોના? શ્વેતામ્બરના....

કાગળ આવ્યો હતો. ....... ત્યાં આવ્યા હતા જામનગર. 'ઓમ તત્ત્વાર્થસૂત્ર જૈનાગમસમન્વય', એમ. 'તત્ત્વાર્થસૂત્ર જૈનાગમસમન્વય.' જૈનાગમ સાથે મેળવે છે. જૈનાગમ મૂળ પાઠ સંસ્કૃત છાયા ભાષા-ટીકા સહિત. જૈનદિવાકર ઉપાધ્યાય મુનિ આત્મારામજી મહારાજ. છેને આખું વાંચ્યું છે. ગોકુળચંદજી છેને એમાં મૂળ, એ આવ્યા હતા ત્યાં જામનગર. દિલ્હીના છે. ગોકુળચંદજી દિલ્હીના. આ મહારાજ અહીં નહીં રહી શકે. એની લાઈન જુદી વાત કરે છે આપણાથી. ઓલાથી કહેતો હતો, વિરોધથી એમ નહીં. માણસ ખાનદાની. આમંત્રણ દેવા આવ્યા હતા ઓલું મોટું સાધુનું ભરાવાનું હતુંને. બ્યાવર? અજમેરમાં કોન્ફરન્સ ભરાવાની હતી. વિનંતી કરવા આવ્યા હતા બધા શેઠીયાઓ અગ્રેસરો. સાંભળ્યું બે દિ'. આ મહારાજ અહીં નહીં રહી શકે.

એ તો કહે એ જુદી, પણ આ તો એનો અગ્રેસર મોટો પૈસાવાળો લાખોપતિ અને ખાનદાની માણસ હોં. સાંભળવામાં એમ કહે, ઓહો! આના દાખલા ને વાતું આખી જુદી લાગે છે. આપણે ક્યાંય સાંભળી નથી. વીરજીભાઈને કીધેલું. ગુજરી ગયા બિચારા. આ તો આત્માની વાત, બાપા! બીજી જાતની છે. આહાહા! જ્યાં ક્ષાયિકભાવનો પણ આશ્રય લેવો નથી. અરે! જ્યાં ક્ષાયિકભાવને પણ પરદ્રવ્ય, પરભાવ કહીને હેય બતાવવું છે. આહાહા! જ્ઞેય તરીકે જાણવાલાયક છે, ઉપાદેય તરીકે એ ક્ષાયિકભાવ પણ નહીં. આહાહા! ત્રિકાળ ભગવાન પરમાનંદનો નાથ, કહે છે કે એવો એ પંચમભાવ એનું જેણે શરણ લીધું, એવા મુનિ આ જગતમાં શોભે છે, અથવા એને જ મુનિ કહીએ એમ કહે છે. સમજાણું કાંઈ?

(પ્રમાણ વચન ગુરુદેવ)

## માગશર વદ ૮, શુક્રવાર, તા. ૧૦-૧૨-૧૯૭૧
## ગાથા - ૧૭૯, શ્લોક - ૨૯૮-૨૯૯, પ્રવચન નં. ૧૯૯

... આચાર્ય આરોહણ તિથિ છે. માગશર વદ ૮ એટલે આમ સિદ્ધાંત તરીકે પોષ વદ આઠમ છે. આપણે માગશર વદ ૮ છે. આચાર્યપદ તેત્રીસ વર્ષે મળ્યું હતું. ૧૧ વર્ષે દીક્ષા લીધી હતી અને તેત્રીસ વર્ષે આચાર્યપદ. ૯૨ વર્ષે દેહ છૂટી ગયો. આચાર્યપદનું આરોહણ, માગશર વદ આઠમ. અત્યારે આ ત્રણ ...... છે. 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો..' કુંદકુંદાચાર્યનું નામ ત્રીજે નંબરે આવે છે. ગણધર પછી આખા શાસનના નાયક તરીકે એને સ્વીકાર્યા છે. એવી એમની શક્તિ (હતી). છેને એક-એક લીટી, એક-એક પંક્તિ શાસ્ત્રની જુઓ તો ઓહોહો! અલૌકિક વાત! કેવળજ્ઞાનના કેડાયત એને આચાર્યપદ તો કુદરતે સહેજે મળ્યું. એવી એમની શક્તિ હતી. આચાર્યપદનું માગશર વદ આઠમ. મુંબઈ ગયા હતાને ૧૫ વર્ષ પહેલાં. તલાસરીમાં હતા, નહીં? હરિભાઈ! બહાર બેઠા હતા. ઓલી ચણોઠી હતીને, ચણોઠી. ૧૫ વર્ષ પહેલા મુંબઈ ગયા હતાને ૧૩ની સાલમાં. માગશર વદ આઠમ ત્યાં હતી. જંગલમાં બેઠા હતા બહાર.

આ કુંદકુંદાચાર્ય એમનું બનાવેલું આ નિયમસાર છે. ભગવાન પાસે જઈ આઠ દિ' ત્યાં રહ્યા હતા. કોઈક ઠેકાણે એવું આવે છે કે પોતાને ભગવાનનો વિરહ પડ્યો એટલે ભગવાન પાસે ગયા. કોઈક ઠેકાણે એવું પણ આવે છે કે કોઈ વિચારશ્રેણીમાં–સૂક્ષ્મ વિચારમાં અંદર બરાબર સમાધાન ન થયું ધ્યાનમાં... ત્યાં પોન્નુર હીલ, વંદેવાસની પાંચ માઇલ, મદ્રાસથી એંસી માઇલ આ બાજુ. સૂક્ષ્મ વિચારમાં જરી... એટલે એકદમ જવાનો વિચાર (કર્યો). ભગવાનને નમસ્કાર કર્યો. એમ ભગવાનની ધ્વનિમાં પણ 'સદ્ધર્મવૃદ્ધિરસ્તુ' એવું આવ્યું. આપણે નાખ્યું છે સમવસરણ (સ્તુતિ)માં. કુંદકુંદાચાર્યની વાણી સાક્ષાત્ ભગવાનના સમવસરણમાંથી શ્રવણ થઈને એના અનુભવમાંથી આવેલી છે. ચારિત્ર સહિત અનુભવ પ્રમત્ત-અપ્રમત્તમાં ઝૂલતા હતાં. એમાં આ એક વિકલ્પ આવ્યો અને આ શાસ્ત્ર રચાઈ ગયા. એવો આચાર્ય આરોહણ પદવીનો આ દિવસ છે આજ. પૂજા કરીને આજે બાઈઓએ? ત્યાં પૂજા કરીને? આદમી હતા? એકલા....? આદમી કેટલા હતા? એમ હું કહું છું. ૧૭૯ ગાથા. પરમતત્ત્વ, આત્મા ત્રિકાળી પરમતત્ત્વ અને પરમાત્મા સિદ્ધ બેયની અપેક્ષાથી વાત ચાલે છે.

**णवि दुक्खं णवि सुक्खं णवि पीडा णेव विज्जदे बाहा ।**
**णवि मरणं णवि जणणं तत्थेव य होइ णिव्वाणं ॥ १७९ ॥**
**જ્યાં દુઃખ નહિ, સુખ જ્યાં નહીં, પીડા નહીં, બાધા નહીં,**
**જ્યાં મરણ નહિ, જ્યાં જન્મ છે નહિ, ત્યાં જ મુક્તિ જાણવી. ૧૭૯.**

**ટીકા : અહીં, (પરમતત્ત્વને) ખરેખર સાંસારિક વિકારસમૂહના અભાવને લીધે નિર્વાણ છે એમ કહ્યું છે.** બેય અર્થ કાઢશે. ત્રિકાળી આત્મતત્ત્વ નિર્વાણસ્વરૂપ જ છે અને સિદ્ધ છે એ વર્તમાન પર્યાયમાં નિર્વાણસ્વરૂપ છે. અહીં શૈલી એવી છેને. જે કાંઈ પર્યાયમાં હોય છે એવો એનો ત્રિકાળી દ્રવ્યસ્વભાવ હોય છે એવી જ એની શૈલી છે આમાં. **પરમતત્ત્વને** એટલે ત્રિકાળી વસ્તુને **ખરેખર સાંસારિક વિકારસમૂહના અભાવને નિર્વાણ છે એમ કહ્યું છે**. એનો નીચે ખુલાસો કર્યો છે થોડો.

**નિર્વાણ** એટલે **મોક્ષ; મુક્તિ. (પરમતત્ત્વ** ભગવાન આત્મા **વિકારરહિત હોવાથી દ્રવ્ય અપેક્ષાએ સદા મુક્ત જ છે...** વસ્તુ જે આત્મા વસ્તુ છે એ વસ્તુ–પદાર્થની અપેક્ષાએ તો મુક્ત જ છે. પદાર્થ કોઈ બંધના નિમિત્તના સંબંધમાં આવ્યો નથી. ત્રિકાળ નિર્વાણસ્વરૂપ જ ભગવાન છે. નિર્વાણ નામ પૂર્ણ શુદ્ધ, પૂર્ણ પવિત્ર. પૂર્ણ શાંતિનો સાગર ભગવાન છે આત્મા. એમાંથી નિર્વાણપદ પર્યાયની પ્રાપ્તિ થાય છે. **માટે મુમુક્ષુએ એમ સમજવું કે વિકારરહિત પરમતત્ત્વના...** પોતાનો આત્મા વિકારરહિત ત્રિકાળ દ્રવ્યસ્વભાવ છે એના આશ્રયે... **પરમતત્ત્વના સંપૂર્ણ આશ્રયથી...** પરમાત્મા પોતાનો ત્રિકાળી જ્ઞાયકભાવરૂપ સ્વભાવ મુક્તસ્વરૂપ એનો જઘન્ય આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય, વિશેષ આશ્રય કરવાથી ચારિત્ર થાય, પૂર્ણ આશ્રય કરવાથી મુક્તિ થાય. સમજાણું કાંઈ?

જેમાં મુક્તપણું પડ્યું છે (એવી) ત્રિકાળી વસ્તુ તો મુક્તસ્વરૂપ જ છે. એવા મુક્ત સ્વરૂપમાં અંદરમાં પૂર્ણ શાંતિ, પૂર્ણ આનંદ, નિર્બાધ શીતળભૂત એકલો શાંત સાગરનો દરિયો આખો ભરેલો છે. આહાહા! શાંત સાગર–શાંતિસાગર જ પોતે છે, એમ. એવા સ્વભાવનો અંતર આશ્રય લેતાં એને શાંતિનો અંશ સમકિત સહિત પ્રગટ થાય છે. એને પોતાની શાંતિ શોધવા માટે બહારમાં ક્યાંય જવું પડે એવું નથી, એમ કહે છે. એનામાં સુખનો સાગર છે. સુખનો ભરપૂર દરિયો ભર્યો છે. વસ્તુ છેને! અસ્તિ છેને! અરૂપી પણ પદાર્થ છેને! પદાર્થ છે તો એનો ભાવ છેને! ભાવ છે તો એ પરિપૂર્ણ ભાવ છે. આનંદ, જ્ઞાન, દર્શન, શાંતિ વિગેરે પરિપૂર્ણ ભાવ થયો. એનો અંતર આશ્રય લીધે ધર્મની, શાંતિની, સ્વચ્છતાની, પવિત્રતાની પ્રગટ દશા થાય છે, એને અહીંયા શરૂઆતનું સમ્યગ્દર્શન-જ્ઞાન કહેવામાં આવે છે.

પૂર્ણ જો આશ્રય કરે, એમ શબ્દ છેને? **સંપૂર્ણ આશ્રયથી જ (અર્થાત્ તેના જ શ્રદ્ધાન-જ્ઞાન-આચરણથી)...** જેમાં પૂર્ણતા, શાંતિ ને આનંદ એવું તત્ત્વ ભરેલું છે એના આશ્રયથી, એની

શ્રદ્ધાથી, એના જ્ઞાનથી અને એમાં રમણરૂપ આચરણથી **તે પરમતત્ત્વ પોતાના સ્વાભાવિક મુક્તપર્યાયે પરિણમે છે.)** પોતાના સ્વરૂપની પૂર્ણતાના આશ્રયે શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રની પરિણતિ થતાં એ પરમતત્ત્વ સ્વભાવિક જે મુક્તસ્વરૂપ છે એ મુક્તપર્યાયે પરિણમે છે. સમજાણું કાંઈ? આ એની મુક્તિ થવાની ક્રિયા. સુખી થવાના પંથ આ છે. આહાહા! અંતરના આનંદથી ભરેલો ભગવાન જેનું સત્ત્વ આનંદ જ છે એનો આશ્રય કરવાથી સુખને પંથે દોરાય છે. પૂર્ણ આશ્રય કરે પૂર્ણ સુખી થઈ જાય છે. કહો, સમજાણું કાંઈ?

**સતત અંતર્મુખાકાર પરમ-અધ્યાત્મસ્વરૂપમાં લીન એવા તે નિરુપરાગ-રત્નત્રયાત્મક પરમાત્માને...** સિદ્ધ ભગવાન પણ આવા છે અને ત્રિકાળી તત્ત્વ પણ એવું છે. સિદ્ધ ભગવાનની પર્યાયની વાત છે, ત્રિકાળમાં દ્રવ્યની વાત છે. સમજાણું કાંઈ? **સતત અંતર્મુખાકાર**... નિરંતર અંતર્મુખ જેનો આકાર છે–અંતર્મુખ જેનું રૂપ છે. એક સમયની પર્યાયમાં અંતર્મુખ તત્ત્વ આવતું નથી, આખું તત્ત્વ નથી આવતું. એક સમયનો પર્યાય આવે એ જુદી વાત છે. અંતર્મુખ તત્ત્વ આખું ત્રિકાળ અંદર દ્રવ્યસ્વભાવ જેનું સ્વરૂપ છે. **પરમ અધ્યાત્મસ્વરૂપમાં લીન** છે એ તો. ભગવાન આત્મા પોતાના અધ્યાત્મ એટલે પોતાનો સ્વભાવ એમાં લીન છે. **એવા તે નિરુપરાગ રત્નત્રયાત્મક**... નિર્વિકાર–નિર્મળ એવી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરમાત્માને... ત્રિકાળીને પણ અને સિદ્ધપર્યાયને પણ. સમજાણું કાંઈ? આહાહા! અને જે સિદ્ધમાં નથી તે અહીં આત્મામાંય નથી. સિદ્ધમાં છે તે અહીં આત્મામાં છે. કહો, સમજાણું કાંઈ?

**અશુભ પરિણતિના અભાવને લીધે...** ભગવાન આત્માને અશુભ પર્યાય જ નથી. સિદ્ધને નથી અને દ્રવ્યસ્વભાવમાં પણ નથી. અશુભ પરિણતિ—આર્તધ્યાન, રૌદ્રધ્યાન, શુભ-અશુભભાવ એવી જે અશુભ પરિણતિ. અહીં એકલી અશુભ (લેવી). એના અભાવે **અશુભકર્મ નથી**. અશુભ પર્યાય નથી એટલે **અશુભકર્મ નથી અને અશુભકર્મના અભાવને લીધે દુઃખ નથી.** ભગવાન આત્મામાં એ અશુભ પરિણતિ નથી, તેથી અશુભ કર્મ નથી, તેથી તેને દુઃખ નથી. સિદ્ધપર્યાયમાં પણ અશુભ પરિણતિ નથી, તેથી અશુભકર્મ નથી, તેથી તેને દુઃખ નથી. આહાહા!

**શુભ પરિણતિના અભાવને લીધે...** શુભ પરિણતિ—દયા, દાન, વ્રત. ભક્તિ, પૂજા એવા જે શુભભાવ એની પરિણતિના અભાવને લીધે **શુભકર્મ નથી**. ત્રિકાળી દ્રવ્યસ્વભાવમાં પણ શુભ કર્મ નથી અને સિદ્ધપર્યાયને શુભ પરિણતિ નથી, (તેથી) એને શુભકર્મ નથી. **શુભ કર્મના અભાવને લીધે ખરેખર સંસારસુખ નથી.** આ સંસારી (જેને) સુખ કહે છેને એ બધા દુઃખ છે. કોઈ શુભ પરિણતિ હોય તો એને શુભકર્મ બંધાય અને એને લઈને આ સંયોગો બહારના મળે અને એમાં માને કે અમે સુખી છીએ. સુખ ક્યાં હતો સંસારમાં? ધૂળેય નથી, માને છે. કહો,

આ અમેરિકન સુખી છે બધા. એય મણિપાલ! તમારો ભત્રીજો કહે અમેરિકામાં સુખી બહુ. એ તો ધૂળેય નથી સુખ ક્યાંય. સુખ તો આત્મામાં છે.

એમ કે અહીં બધા સાધારણ માણસ લાગે. પાંચ-પચાસ હજારની સાધારણ મૂડી કોઈને નહીં. ન્યાં તો મોટા-મોટા બંગલા, મોટા શહેર અને હિન્દુસ્તાનથી પણ મોટો દેશ. આ બધા ટોપા મોટા પહેરે, લૂગડાંની અનેક ભાતું, મોટી લાખ-લાખ, બે-બબ્બે લાખની મોટરું, ભૂંગળા લગાડે, આરસપહાણની નીચે સડકું. ક્યાંક હશે લ્યોને. એવું સાંભળેલું હોય. આરસપહાણની સડકું એની ઉપર મોટર ચાલે. પાછી એક મિનિટમાં એક મિલ ચાલવું પડે એને. ઓછી કરે તો દંડ પડે. કારણકે બધું ચાલતું હોય એમાં બધાને રોકાવું પડે. એકદમ ચાલો.. એકદમ ચાલો. કૂતરાની જેમ ચાલો. મુંબઈ એમ જ છેને. મુંબઈમાં શું છે? આહાહા! ઘોડાની જેમ દોડે, કૂતરાની જેમ ભસે. આહાહા! હા, હા, વાત સાચી. લોકો પણ કહે છે. આહાહા!

ભગવાનની આત્મનગરી, અંતર આત્મનગર, નિરુપાધિ નગર. આ સોપાધિ મુંબઈ. મોહમય નગરી કીધી છેને શ્રીમદ્દે. આહાહા! આ તો નિરુપાધિ નગરી. ભગવાન આત્મા અનંત આનંદાદિ શક્તિઓનો સાગર ભગવાન જેમાં નજર કરે આનંદ થાય, જેનો આશ્રય લઈ શાંતિ મળે એવી આત્મનગરી, એ નગર છે. એને આશ્રય કરનારા સુખી છે, બાકી બધા દુઃખી છે. સળગી રહ્યા બધા. કહે, માળા પણ માંસ ખાય, દારૂ પીવે અને આવું કરે ને વળી બહાર સુખી દેખાય. દીપચંદભાઈ! કહો, માંસ ખાય ને દારૂ પીવે ને સુખી દેખાય. સુખી છે ક્યાં? બહારની સંયોગી અનુકૂળતાએ કાંઇ સુખ છે? અનુકૂળતા માને છે. અનુકૂળતા શું? એ તો જ્ઞેય છે, એ જ્ઞાનનું જ્ઞેય છે. આ અમને આમ.. આમ, બસ. પણ અંતે... આવે છે, લખાણમાં આવે છે. કાલે આવ્યું છે. એ લોકો પણ હવે થાકીને અધ્યાત્મશાંતિ લેવા માગે છે. આહાહા!

હરે કૃષ્ણ.. હરે કૃષ્ણ. છાપામાં આવ્યું હતું. કાલે આવ્યું હતું. અમેરિકાવાળા કેટલાક એમ કે માથે મુંડાવી અને લૂગડાં ભગવા પહેરી, હરે કૃષ્ણ.. હરે કૃષ્ણ બકે છે હવે. આ પૈસા-બૈસા ધૂળમાંય કાંઈ નથી. આમાં આવ્યું હતું, કાલે આવ્યું હતું. હા, એ તો અહીં મુંબઈમાં આવ્યા છેને કેટલા અમેરિકન લોકો. .... એકાએક લોકો ભેગા થાય. આ લોકો પણ હરે કૃષ્ણ.. હરે કૃષ્ણ.. હાથમાં તંબૂરો ને ચામડી કંઈ બીજી હોય, વિલાયતી હોય અને અંગ્રેજી બોલતા હોય, એમાં કાંઈ આવું બોલે ઓહોહો.. એક મંડળ નીકળ્યું છે. લાખો માણસ ભેગા થયા એમાં. કાલ આવ્યું હતું વીરવાણીમાં.

અરે! એમાં ક્યાંય ધૂળેય નથી. હરે કૃષ્ણમાંય નથી. 'કર્મ કૃષે સો કૃષ્ણ કહીએ.' કર્મને ટાળે એ કૃષ્ણ, એ તો આત્મા પોતે કૃષ્ણ છે. આહાહા! અને 'પાપ ઓઘં હરતિ ઇતિ હરી.' પાપના ઓઘને ટાળે તે હરિ, એ આત્મા હરિ છે. બીજા કોઈ હરિ ને કૃષ્ણ હોય તો એના. આના

હરિ-કૃષ્ણ તો આત્મા છે. એની જેને ખબર નથી એ બધા ભજન કોઈકના કરે, એ બધા દુઃખી થવાના એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

પોતાને ભજ. ન આવ્યું? આપણે આવી ગયું કે નહીં? જેને ભજે છે એને ભજ. જુઓ! ૧૭૭માં આવ્યું હતું. જેને તું ભજી રહ્યો છે તેને ભજ. આહાહા! ૧૭૭નો છેલ્લો કળશ. ૨૯૬ કળશ. આહાહા! આનંદસાગર આત્મા એને ભજી રહ્યો છે તું, કહે છે. એનું ભજન–એની એકાગ્રતા તો કરી રહ્યો છો, એને ભજ અંદર. આહાહા! પૂર્ણ આનંદની પ્રાપ્તિનો એ ઉપાય છે. બીજો કોઈ ઉપાય છે નહીં. કહે છે કે સંસારસુખ કલ્પનાનું–અજ્ઞાનીએ માનેલું... અબજો રૂપિયા ને મોટા મહેલ ને. ધૂળમાંય નથી. આકુળતાથી પીડાતા હોય બિચારા. ક્યાંય શાંતિ નથી. ઊંઘ માટે ગોળીયું લેવી પડે. આહાહા! એટલી તો ખળભળાટ સંકલ્પ-વિકલ્પની. એ તો ઘેનની વાત છે. એમાં આ નિદ્રા ક્યાં હતી? આહાહા! જેને નિદ્રામાં સુખ નથી નિદ્રાનું, એને આત્માનું સુખ તો ક્યાંથી હોય? આહાહા!

ભગવાન આત્મા પ્રભુ, પૂર્ણાનંદનું મંદિર પ્રભુ આત્મા એમાં જાને, દેવદર્શન કરને, એમ કહે છે. આહાહા! કહેશે આગળ. આનંદમંદિર આત્મા. એવો આનંદમંદિર પ્રભુ છે એ મંદિરમાં દેવદર્શન કર અંદર. સમજાણું કાંઈ? એ દેવદર્શનથી તને આનંદ થશે એમ કહે છે. તારો દેવ હોં તું. ભગવાનના દેવદર્શનમાં પણ શુભભાવ, એ દુઃખ. ભારે! કહો, સમજાણું કાંઈ? ભગવાનને તો ખરેખર સંસારિક સુખ છે નહીં. એટલા તો એ દુઃખી ખરાને ત્યારે? સંસારિક સુખ નહીં, ઇન્દ્રિયનું જ્ઞાન નહીં. નથી આવતું પરમાત્મપ્રકાશમાં? ઇન્દ્રિયનું જ્ઞાન નથી એટલે હજી દુઃખી છે, અજ્ઞાન છે એમ. એ તો કહેવા માટે. અહીં કહે છે, **પીડાયોગ્ય યાતનાશરીરના અભાવને લીધે...** શું કહે છે? આ શરીર કેવું? કે યાતનાશરીર. એ તો પીડા–વેદનાની મૂર્તિ છે. ભાષા શું છે? જુઓ! **પીડાયોગ્ય યાતનાશરીર**, એમ. પીડાને લાયક તે શરીર છે એટલે વેદનાની મૂર્તિ છે. આહાહા!

એવી વેદનાની મૂર્તિ... નીચે ખુલાસો કર્યો છે જુઓ! **વેદના-પીડા. (શરીર વેદનાની મૂર્તિ છે)**. પાઠ છેને? **પીડાયોગ્ય યાતનાશરીર**... પીડાને યોગ્ય યાતનાનું શરીર, દુઃખનું શરીર, દુઃખમૂર્તિ છે. કાંઈક ઠીક ન પડે તો આહા.. આકુળતા. હસમુખભાઈ! હસમુખનું થયું હતુંને છેલ્લું. આવા સ્વપ્ના આવે છે. મહારાજ! આવા સ્વપ્નાઓ, ભૂંડા સ્વપ્ના. એને એ સ્થિતિ હતી. એને એમ થઈ ગયું કે મહારાજ આવ્યા, મારો રોગ મટશે. ... હસમુખ. સંચો ચડી ગયો હતો કાલ. ન્યાલભાઈ આવી ગયા ત્યાં. સ્વીત્ઝરલેન્ડથી ચડી ગયો. ન્યાલભાઈ આવ્યા છેને, મુંબઈ આવ્યા છે. ચડાવીને આવ્યા છે. આવવાના હતા. એ આવવાના હતાને તમારા? આ એનો વેવાઈ છે. એ માટે આવવાના છે લગન-બગન કરવા. આહાહા!

આનંદના સાગરને અનુભવ અને એ ભોજન કર ભાઈ! આહાહા! તારા ભોજન ખૂટે નહીં એવો એ ભંડાર છે. આ ભોજન તો ખુટી જાય. આનંદનું મંદિર પ્રભુ.. આહાહા! થોડે પણ ઘણું લખ્યું જાણજે એમાં. તારો નાથ આનંદનો સાગર ભગવાન.. અરે! એની પાસે તું જાને, અહીંયા તને આનંદ મળશે. આ શરીર ને કુટુંબ ને... આ જ્યાં-ત્યાં ભટક્યાભટક કરે છે એ બધા દુઃખના રસ્તા, આકુળતાના ગુમડાંની પીડા છે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

એવું **પીડાયોગ્ય યાતનાશરીરના અભાવને લીધે**... 'વેદનાની મૂર્તિ' ભાઈએ એમ લખ્યું છે શ્રીમદ્દે. આમાં તો લખ્યું છે, પણ શ્રીમદ્દે લખ્યું છે. **આ શરીર વેદનાની મૂર્તિ છે**. આહાહા! આ સરખું ન ચાલે ત્યાં રાડ, પેટમાં કાંઈક શ્વાસ ચડે ત્યાં રાડ, ગેસ ચડે ત્યાં રાડ, .. અટકે ત્યાં રાડ. આહાહા! અરે! એક બાઈ હતીને અહીં પોરબંદર ૮૭માં. સાડા ત્રણ વર્ષ સુધી આમ ઊંધી પડી રહી એટલી પીડા.. એટલી પીડા. આમ સુવે તો પણ પીડાનો પાર નહીં. .... સાડા ત્રણ વર્ષ સુધી ઊંધે માથે. અંદર પેટમાં એવું કાંઈક હોય. આમ હોય તો કંઈક બહુ ન થાય. આહાહા! બોલતી હતી બાઈ..... દેરાવાસી હતા. સાડા ત્રણ વર્ષથી આ પીડા છે આમને આમ. પીડાનો..... ડોક્ટર ધૂળ કરે? ડોક્ટર મરી જાય છે બધાય. ડોક્ટર ચાલી જાય છે. એમાં ડોક્ટર શું કરતો હતો? આહાહા!

નવનીતભાઈએ નહોતું કહ્યું? અમે ગયાને પહેલું જ કહ્યું હતું. આ દવા ને હવાથી..... નવનીતભાઈ! પહેલે દિ'એ. દવા ને હવા—બેયથી... દવાથી કંટાળ્યા. બધી દવા વિરુદ્ધ પડી. જેટલી લે એટલી વિરુદ્ધ. ભાઈએ કહ્યુંને પહેલે દિ' દસમને દિ.' આસો સુદ દસમ. પહેલા આવ્યાને ન્યાં. બે મહિના થયા એમાં બે દિ' ઓછા. આસો સુદ દસમે ગયા હતા.. દસમે ગયા હતા. પહેલે જ દિ' બોલ્યા, અહીંની દવા ને હવા. આહા! આહાહા! આ આત્મા આનંદસ્વરૂપ છે ભગવાન! જ્યાં છે ત્યાં તે કોઈ દિ' નજર કરી નથી અને નથી ત્યાં નજરુંને રોકી છે. આહાહા! સમજાણું કાંઈ? એ બધા સુખી નથી, અમેરિકન સુખી નથી, કાઠિયાવાડી સુખી નથી. (શ્રોતાઃ આત્મા સુખી હોય. કોઈ દેશને લઈને સુખ હોય?) ભાઈ કહેતા હતા સવારના.... ત્યાં બધા સુખી કેમ હશે? ધૂળેય સુખી નથી. ધોળા ચામડા ને બંગલા મોટા એટલે કાંઈ સુખી થઈ ગયા? આહાહા!

અરેરે! સડેલા ગધેડાના ચામડામાં મૈસૂબ મૂક્યો હોય, એમ આ ભગવાન આનંદમૂર્તિ શરીરની ચામડાના સંયોગમાં વીંટાયેલો દેખાય છે. આહાહા! સમજાણું કાંઈ? કહે છે, **પીડાયોગ્ય યાતનાશરીરના અભાવને લીધે પીડા નથી...** ભગવાન આત્મામાં પીડા નથી અને સિદ્ધની પર્યાયમાં પણ પીડા નથી. બેય વાત અહીં લાગુ પડે છે. સુખ હશે કે નહીં હવે અહીંયા? એય ગુલાબચંદભાઈ! ગયા ત્યારે છ ભાઈએ ભેગા હતા, કેટલું મોટું નામ અપાય... પાંચ-પાંચ, છ-છ લાખ રૂપિયા એકેક પાસે. ૩૦-૩૫ લાખ, ૪૦ લાખ, મોટી આબરૂ, લાંબા

નાક. એવું સાંભળેલું. આ તો લોકો કહેને તમારી પાછળ... આહાહા! ધૂળેય નથી ત્યાં. દુઃખના દરિયા છે. આહાહા! મોટા ભાઈને તો અહીં શ્વાસ હતોને–દમ હતોને. સાંભળેલું છે, ખબર છે. આહા! વેદનાની મૂર્તિ છે આ તો, દુઃખની મૂર્તિ છે. પ્રભુ આનંદની મૂર્તિ આત્મા છે. એની ખબર ન મળે, નિજનિધાન દાટેલા પડ્યા એની એને ખબર નથી. આહાહા!

**અશાતાવેદનીય કર્મના અભાવને લીધે બાધા નથી...** અશાતાવેદનીય છે નહીં એટલે એને પ્રતિકૂળ સંયોગ નથી. કોને? આત્મદ્રવ્યને અને સિદ્ધની પર્યાયને. બેયને લઈ લેવું. આહાહા! **પાંચ પ્રકારનાં નોકર્મના અભાવને લીધે...** પાંચ પ્રકારના નોકર્મ—ઔદારિક, વૈક્રિયક, આહારક, ભાષા ને મન એવા અભાવને લીધે **મરણ નથી...** નોકર્મ છેને.... એટલે પાંચ શરીર નથી.... નોકર્મને નાખ્યું. સમજાણું કાંઈ? ઔદારિક શરીર નથી, વૈક્રિયક શરીર નથી, આહારક શરીર નથી, ભાષા અને મન નથી. આહાહા! એના અભાવને લીધે મરણ નથી. નોકર્મમાં... અર્થમાં આવે છેને. આપણે આ, નહીં? પંચાસ્તિકાય? ...... એમાં (ગાથા ૫૦ થી ૫૫) આવે છેને એ ૨૯ બોલનો ઉકરડો. સમયસાર. આમાં આણેય લીધા છે પાંચ .... ઔદારિક, વૈક્રિયક, આહારક ને ભાષા ને મન—એમ લીધું. કાર્મણ તો નોકર્મમાં ન જાયને એટલે. કેટલામું આવ્યું આ? ઓલામાં..... પણ નથી, અનુભૂતિથી ભિન્ન છે. .... અનુભૂતિથી ભિન્ન છે. ઔદારિક, વૈક્રિયક, આહારક, તૈજસ..... સંસ્થાન નથી, વજ્રનારાચ નથી... પુદ્‌ગલદ્રવ્યના પરિણામ હોવાને લીધે ભિન્ન છે. નોકર્મ.. નોકર્મ. આવ્યું.

**જે છ પર્યાપ્તિયોગ્ય અને ત્રણ શરીરયોગ્ય વસ્તુરૂપ નોકર્મ છે તે બધું જીવને નથી**. છ પર્યાપ્તિયોગ્ય.... છ પર્યાપ્તિયોગ્ય નાખ્યુંને એમાં નોકર્મ નાખ્યું. ચૌદમો બોલ છે. છ પર્યાપ્તિયોગ્ય અને ત્રણ શરીરયોગ્ય એવા નોકર્મ છે તે બધુંય જીવને નથી. ત્યાં એનો અર્થ ત્રણ શરીરને નોકર્મ નાખ્યું એટલે આણે નોકર્મને અહીં નાખ્યું છે. ઔદારિક, આહારક, વૈક્રિયક, ભાષા ને મન. આમાં આવ્યું છેને, પાઠ છેને. **षट् पर्याप्तित्रिशरीरयोग्यवस्तुस्वरुपं नोकर्म तत्सर्वमपि नास्ति जीवस्य**.. જીવમાં એ છે નહીં. ઓલામાં.... હતો નવ તત્ત્વ... આત્મામાં ભાષા નથી, મન નથી અને ત્રણ શરીર નથી. નોકર્મ લેવું છે એની અપેક્ષાએ. કાર્મણશરીર નોકર્મ નથીને. અને સિદ્ધમાં પણ નથી. ઔદારિક નથી, વૈક્રિયક નથી, આહારક નથી અને ભાષા ને મન નથી.

**પાંચ પ્રકારનાં નોકર્મના હેતુભૂત...** એ પાંચ પ્રકારનું જે નોકર્મ એનું કારણ **કર્મપુદ્‌ગલના સ્વીકારના અભાવને લીધે...** લ્યો, **જન્મ નથી.** આત્માને જન્મ નથી, સિદ્ધને જન્મ નથી. આત્મા જન્મે? **આવાં લક્ષણોથી લક્ષિત અખંડ, વિક્ષેપરહિત પરમતત્ત્વને સદા નિર્વાણ છે.** આ ત્યાં 'સદા' આવ્યું ખરુંને શબ્દ એટલે જરી.... **વિક્ષેપરહિત પરમતત્ત્વને સદા નિર્વાણ...** ત્રિકાળી દ્રવ્યને પણ સદા નિર્વાણ છે અને સિદ્ધપર્યાય પણ જ્યારથી થઈ ત્યારથી સદા નિર્વાણ

છે. શીતળીભૂત.. શીતળીભૂત. શાંતિ.. એકલી શાંતિ.. શાંતિ.. શાંતિ, અકષાયરસની શાંતિ. આહાહા! અકષાયની શાંતિ, કષાયની અશાંતિ. જેટલો કષાય શુભ-અશુભ વિકલ્પ એ બધી અશાંતિ, એના રસથી રહિત અકષાયરૂપ શાંતિ. એ જીવમાં છે ને સિદ્ધમાં છે. અંદરમાં હતું તો એ શાંતિરૂપ પર્યાય આવી, એમ કહે છે. શાંતિપર્યાય કાંઈ બહારથી આવતી નથી. સિદ્ધપર્યાય એ અકષાયભાવ છે. એ અકષાયભાવ સ્વભાવમાં હતો એ પર્યાયમાં આવ્યો. દ્રવ્ય ને પર્યાય વચ્ચે રમતું છે. પરની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા!

શરીરમાં રોગ આવે અને જ્યારે આમ ચાર-છ મહિના તણાય, કાયર થઈ જાય કાયર. છ મહિના, આઠ મહિના, બાર મહિના, પાંચ વર્ષ, બાર-બાર વર્ષ. આહાહા! હવે તો આ શરીર છૂટી જાય. પીડા શેની છે એને? દેહમાં એકત્વબુદ્ધિની. પીડા બીજી કોઈ ચીજ નથી. આનંદમાં રાગને એકત્વ માન્યો એ પીડા ને દુઃખ છે. આહાહા! સમજાણું કાંઈ? એવો સદા નિર્વાણસ્વરૂપ ભગવાન અને પર્યાયમાં સિદ્ધ નિર્વાણસ્વરૂપ—એ સાધ્ય છે જીવને. નિર્વાણ પ્રાપ્તિ કરવી એ અને એનું સાધન ત્રિકાળી દ્રવ્યનો આશ્રય કરવો તે. આહાહા!

**(હવે આ ૧૭૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :)**

૨૯૮ કળશ

**भवभवसुखदुःखं विद्यते नैव बाधा**
**जननमरणपीडा नास्ति यस्येह नित्यम्।**
**तमहमभिनमामि स्तौमि संभावयामि**
**स्मरसुखविमुखस्सन् मुक्तिसौख्याय नित्यम् ॥२९८॥**

**શ્લોકાર્થ : આ લોકમાં જેને સદા ભવભવનાં સુખદુઃખ નથી...** આ લોકમાં જેને સદા.. ત્રિકાળી ભગવાન આત્મા એને સુખ-દુઃખ નથી, ભવ-ભવના સુખ-દુઃખ નથી. નારકી ને તિર્યંચનું દુઃખ, મનુષ્ય ને દેવનું (સુખ)—એ બેય પીડાવાળા સુખ-દુઃખ આત્મામાં નથી, એમ સિદ્ધની પર્યાયમાં પણ નથી. ચારેય ગતિને અહીં તો દુઃખરૂપ લીધી. આહાહા! **બાધા નથી.** ભગવાનને બાધા નથી. પૂર્ણાનંદ પ્રભુ દ્રવ્યને શું બાધા હોય? એ તો જ્ઞાન ને આનંદ કિલ્લામાં પડ્યો છે. એમાં પ્રવેશ ક્યાંથી હોય બીજાનો? એવો ભગવાન આત્મા બાધારહિત છે, એમ સિદ્ધની પર્યાય પણ બાધારહિત છે.

**જન્મ, મરણ અને પીડા નથી...** ભગવાન આત્માને જન્મ નથી. આત્મા જન્મતો નથી, મરતો નથી, પીડા નથી. માથે આવ્યું હતુંને બધું? **તેને (તે પરમાત્માને) હું...** એવું પરમાત્મસ્વરૂપ મારું એને **હું મુક્તિસુખની પ્રાપ્તિ અર્થે...** પૂર્ણ આનંદની દશારૂપ મુક્તિ, પૂર્ણ અતીન્દ્રિય આનંદની અવસ્થારૂપ મુક્તિ—એવા મુક્તિના સુખની પ્રાપ્તિને માટે **કામદેવના સુખથી વિમુખ વર્તતો થકો...** અસ્તિ-નાસ્તિ કરી. પાંચ ઇન્દ્રિયના વિષયના કામભોગની

વાસના એવું જે કામદેવનું સુખ... આહાહા! પાંચ ઇન્દ્રિયના વલણમાં કલ્પનાનું સુખ કામદેવનું... આહાહા! એનાથી વિમુખ વર્તતો થકો, ઇન્દ્રિયોના ભોગની વાસનારૂપી દુઃખ એનાથી વિમુખ વર્તતો થકો અને ભગવાન આત્માની સન્મુખ વર્તતો થકો **નિત્ય નમું છું,**

પૂર્ણાનંદ પ્રભુ આત્મા અતીન્દ્રિય આનંદનો સાગર-સમુદ્ર એને, વિષયસુખના ભાવથી વિમુખ થયો થકો હું નમું છું. લ્યો આ ધર્મ. આહાહા! અને એ મુક્તિના સુખ માટે આમ કરું છું, એમ કહે છે. મુક્તિસુખ તેનું ફળ. કહો, સમજાય છે કાંઈ? મુક્તિસુખની પ્રાપ્તિ માટે કામદેવના સુખથી વિમુખ વર્તતો થકો... વિષયના સુખો, કામદેવના સુખો ભોગ એ તો હળાહળ હળાહળ ઝેર છે. આહાહા! એના સુખથી પાછો ફરીને (એટલે) વિમુખ વર્તતો થકો નિત્ય ભગવાન આનંદમૂર્તિને હું નમું છું. ઓહોહો! મારું નમન અને વલણ ત્રિકાળી આનંદકંદ પ્રભુ આત્મામાં છે કહે છે. આહાહા! ધર્મીનું નમન ને વલણ ત્રિકાળી ભગવાન સન્મુખનું હોય છે. આહાહા! સમજાણું કાંઈ?

આ અંતરની વાતું જેને બેસવી કઠણ પડેને, એ કહે, આ શું હશે આ? મોટો ભગવાન છો તું અંદર. આ બહારના કામદેવના સુખથી વિમુખ છો તું. સમજાય છે? એ કામદેવના સુખથી વિમુખ થઈને અંદરમાં જા. આહાહા! એને **હું નિત્ય નમું છું**... મારું વલણ એક સમય પણ, દ્રવ્યના નમન સિવાય મારો એકેય સમય (જતો) નથી. આહાહા! વ્યવહારના વિકલ્પને નમું છું એ પણ મારું સ્વરૂપ નથી. પણ નમતો જ નથી કહે છે. આહાહા! ભગવાન ધ્રુવ નિત્ય વજ્ર, સુખનો વજ્રબિંબ પ્રભુ એમાં મારું નિત્ય વલણ છે, એમાં જ મારો ત્રિકાળ આશ્રય છે. ત્રિકાળીનો મારે આશ્રય છે ત્રિકાળ–કાયમ. આહાહા! એવા આત્માને નિત્ય નમું છું. શબ્દો થોડા, ભાવ ઘણા. સમજાણું કાંઈ?

એની સ્તવના કરું છું, ત્રિકાળી આનંદમૂર્તિની હું તો સ્તવના કરું છું. ભગવાનનું સ્તવન ને રાગનું સ્તવન એ મારી ચીજ નહીં. આહાહા! સમજાણું કાંઈ? અરે! આવો આત્મા ન બેસે (એને) એ સર્વજ્ઞપણાની પર્યાય બેઠી નથી. અરે બાપા! તું આવો આત્મા નિત્યાનંદ સર્વજ્ઞસ્વભાવી તો ત્રિકાળ છો. સર્વજ્ઞની પર્યાય પ્રગટ કરવા સર્વજ્ઞસ્વભાવમાં જ હું સ્તવન કરું છું, એનું સ્તવન કરું છું. આહાહા! સર્વજ્ઞસ્વભાવીનો જ હું આદર કરું છું સર્વજ્ઞપર્યાય પ્રગટ કરવા માટે. સમજાણું કાંઈ? અરેરે! આવા આત્માને એમ કહેવું કે સર્વજ્ઞપણું ન હોય. લોકોએ ગોઠવી દીધું છે માન-મર્યાદાને... પંડિતજી! માન આયા ન માન. માન-મર્યાદા કહા ન? સંસ્કૃત ટીકા, હિન્દી શબ્દોમાંથી કાઢ્યું હોં. ભાઈએ કોષમાંથી કાઢ્યું. માન-મર્યાદા-પ્રતિષ્ઠા. હરિભાઈએ પ્રતિષ્ઠા કીધું. પ્રતિષ્ઠાય થાય. મનુષ્યની પ્રતિષ્ઠા બહુ કરી નાખી, એમ કરીને... આહાહા! અરે ભગવાન! શું કહે છે ભાઈ?

આહાહા! એ સ્વભાવની મૂર્તિ એને બહુ આપ્યું માન. ભાઈ! એમ નથી. એ સ્વરૂપ જ એનું એવું છે. આહાહા! અહીં તો એક સમયની પર્યાયમાં જે કંઈ, સર્વજ્ઞસ્વભાવમાં નમીને પ્રગટ થઈ, એના આગળ તો કહે છે કે હજી અનંત ગુણો કાળ ને ક્ષેત્ર હોત... જેનો સ્વભાવ જ જાણવાનો છે એને ન જાણવાની વાત એમાં કેમ આવે? એવી સર્વજ્ઞની પર્યાય છે. એ પર્યાયને માટે, એ પર્યાય પ્રાપ્ત કરવા માટે, જેમાં પૂર્ણ સર્વજ્ઞસ્વભાવ પૂર્ણ પડ્યો છે એને હું નમું ને સ્તવું છું. આહાહા! સમજાય છે કાંઈ? આ સ્તવના. લ્યો, આ સ્તુતિ.. સ્તુતિ.

**णाणसहावाधियं मुणदि आदं..** (સમયસાર ગાથા ૩૧). એ સ્તુતિ કીધીને. ભગવાન જ્ઞાનસ્વભાવ... આહાહા! એ જ્ઞાનસ્વભાવ એટલે પરિપૂર્ણ સ્વભાવ, પરથી અધિક નામ જુદો ભાવ. પાંચ જડ ઇન્દ્રિયો અને ખંડખંડ (ભાવેન્દ્રિય) અને એના વિષયો બાહ્ય—એ ત્રણેયને ઇન્દ્રિય ગણીને એનાથી અધિક નામ જુદો ભગવાન જ્ઞાનસ્વભાવે જુદો છે. આહાહા! એને અપૂર્ણ કહેવો ને એની સર્વજ્ઞપર્યાય ન થાય. ગજબ કરે છે ભાઈ! પ્રભુને તું પામર કહીને ગાળો દે છે. આહા! અરે! એવા માનનારાઓને ગોતી-ગોતીને નાખ્યા છે. એવા માનનારા આખી દુનિયા અજ્ઞાની છે. શું છે તારે? આહાહા! પ્રતિષ્ઠા કોની? મૂઢ હતા બધાય. આહાહા! મૂર્ખાઈની પ્રતિષ્ઠા હતી. વાત સાચી. આહાહા!

ભાઈ! આવો જ્ઞાનસ્વભાવે અધિક... રાગ ને ખંડ ઇન્દ્રિય, (જડ) ઇન્દ્રિય ને ભગવાનની વાણીથી પણ અધિક એટલે જુદો એવો પરિપૂર્ણ પરમાત્મા એની એકાગ્રતા એ એની સ્તુતિ છે. આહાહા! એ દેવીલાલજી! ત્યારે વળી સાંભળીને (કહે કે) જુઓ! તમે તો આમ કહો છો, વળી પાછું મંદિર ને ભગવાનની સ્તુતિ ક્યાં નાખો છો? વળી એમ કહે. અરે ભગવાન! તું વળી પાછો... એ તો અંદરમાં ઠરી શકે નહીં, ત્યારે બહારના પરમાત્માના બહુમાનના વિકલ્પો આવે. અહીંનું બહુમાન છે એમાં ઠરી ન શકે ત્યારે પ્રાપ્ત થયેલા ઉપર બહુમાન આવે, એવો શુભ વિકલ્પ વચમાં હોય છે, એ ઉપચાર સ્તુતિ છે. (શ્રોતાઃ શુભ વિકલ્પ ન આવે તો?) ન આવે એમ રહે જ નહીં. સમજાણું કાંઈ?

પોતાથી ગુણમાં અધિક દશાવંતને વિનય કરવાનો ભાવ (હોય). આ બાજુ વિનય ઢળ્યો છે એમાં બાકી રહેલી ચીજ (-વિકલ્પ)માં પૂર્ણતાને પામેલા (પ્રત્યે) વિનય આવ્યા વિના રહે જ નહીં. છે એ શુભભાવ. સમજાણું કાંઈ? છે એ વ્યવહાર. એ નિશ્ચયસ્તુતિ નથી. નિશ્ચયસ્તુતિ આત્માના (જ્ઞાન)વાનને પણ, પૂર્ણ થયો નથી એટલે આવે, એમ. અને કરે એમ પણ વ્યવહારે (કહેવાય). સ્તુતિ કરે, ભગવાનની સ્તુતિ કરે. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા... આહાહા! શું પણ ટીકા! પાઠ ને ટીકા તે પણ અમૃતને રેલમછેલ કર્યો છે, અમૃતના સાગર ઉછાળ્યા છે. ભાષા પૂરી મળી નથી. ભાઈએ લખ્યું છે. ભાષા બહુ ગોતવા... પૂરી મળી નથી. ..... સાચી વાત છે. આહાહા! આવા મુનિને માટે એમ કહેવું કે બરાબર સમજ્યા નથી. ટીકામાં

આવું... અરે ભગવાન! શું કરે છો તું? બાપુ! તારા પરમાત્મદશાના એમાં અનાદર થાય છે, અસ્તુતિ થાય છે.

ધર્મીને પોતાના પૂર્ણ સ્વભાવની રુચિ સિવાય ક્યાંય રુચિ જામતી નથી. સમજાણું કાંઈ? એ વિષયની વાસનાનો વિકલ્પ હો, અરેરે! એ તો ઝેર છે. તેથી કહ્યુંને કે તેનાથી વિમુક્ત વર્તતો થકો... સમજાણું કાંઈ? વિમુખ વર્તતો થકો તો બધું છોડી દે ને? કોઈ વખતે આવો વિકલ્પ આવે તો મિથ્યાદૃષ્ટિ થઈ ગયો તું. એમ નથી. ભગવાન! તું સાંભળ ભાઈ! સમજાણું કાંઈ? અમૃતના સાગરને દૃષ્ટિમાં રાખતાં ઠરી શકતો નથી (તેથી) એમાં કોઈ ભાવ આવે, પણ એમાં એને રસ હોય નહીં. ધર્મીને રાગમાં રાગનો રસ હોય નહીં. આહાહા!

જો રસ ન હોય તો આવે શું કરવા? અરે ભગવાન! ભાઈ! રાગ ભલે હો, હોય પણ એ તો દોષ તરીકે આવે વચ્ચે. (તો) ન લાવવો. પણ ન લાવવો બાપુ! પૂર્ણ સાધક નથી, પૂર્ણ આશ્રય જ્યાં નથી ત્યાં પૂર્ણ સાધક નથી, ત્યાં વચ્ચે બાધકપણું હોય છે. આહાહા! આવો માર્ગ વીતરાગનો. સત્ય આવું સ્વરૂપ છે એનું નિશ્ચય ન સમજે, વ્યવહાર ન સમજે. આહા! બાપુ! તારા આરા ક્યાં આવશે? જન્મ-જરા-મરણના અંત લાવવાના છેડા તો આ આત્મા છે અંદર. એને સ્તવું છું એટલે જરી સ્તવવામાં આવ્યું. વ્યવહારને સ્તવતો નથી એમ કહે છે. આવે જરી, પણ એમાં રસ નથી. સમજાણું કાંઈ?

**સમ્યક્ પ્રકારે ભાવું છું.** મારા ભગવાનને જ હું ભાવું છું. મારો નાથ–પૂર્ણ આનંદનો નાથ... એ કામદેવના સુખ, વિસ્મયતા, આશ્ચર્યતા, પાંચ ઇન્દ્રિયના ભોગ તરફની અતિશયતા, આસક્તિ, વિસ્મયતા એને છોડી દઉં છું. વિસ્મયસ્વરૂપ તો મારો આનંદ છે. ધર્મીને આ હોય છે એમ કહે છે. સમજાણું કાંઈ? **સમ્યક્ પ્રકારે** એમ છેને? **संभावयामि** છેને? **संभावयामि**.. મારો નાથ આત્મા પૂર્ણાનંદનો પ્રભુ અસ્તિપણે બિરાજમાન છે એ હું છું. એની હું ભાવના કરું છું–સમ્યક્ પ્રકારે એમાં એકાગ્ર થાઉં છું એ જ મારું ધર્મનું આચરણ છે. આહાહા! આકરું ભારે!

દુનિયાને એવું લાગે કે આ તો એકલી નિશ્ચય માંડી. આ કીધુંને. વચ્ચે વ્યવહારની વાત તો કરી, કરી એ કાંઈ હોંશની વાત નથી. **भावयामि**ની નથી. પંડિતજી! **संभावयामि** નથી. હોય છે અંદર. ખેદ છે કે વચ્ચે વ્યવહાર આવે છે. આવે છેને? એથી કરીને એ સમ્યગ્દૃષ્ટિપણું મટી જાય છે, સમ્યગ્જ્ઞાન મટી જાય છે—એમ નથી. એના અંતરના આદરમાં કંઈપણ વિઘ્ન પડે છે એમ નથી. આદર તો એનો જ છે. સમજાણું કાંઈ? સાચી રીતે મારી ભાવના તો આત્મામાં છે કહે છે. એ ભાવ આવો, પણ એની મારી ભાવના નથી. આહાહા! સમજાણું કાંઈ? ૨૯૯.

**आत्माराधनया हीनः सापराध इति स्मृतः।**
**अहमात्मानमानन्दमंदिरं नौमि नित्यशः॥२९९॥**

નમું છું, નિત્ય નમું છું. આહાહા! મુનિની શૈલી! અરે ભગવાન! જે પોતાનો જ અનાદર કરે એ પછી આવા સંતોનો આદર કરે ક્યાંથી?

**શ્લોકાર્થ : આત્માની આરાધના રહિત જીવને...** નિત્યાનંદ સ્વભાવવાળો પ્રભુ એવા આત્માની આરાધના–સેવા–ઉપાસના વિનાના જીવને અપરાધી ગણાવામાં આવે છે. આહાહા! રાગની સેવા કરનારને તો અપરાધી કહેવામાં આવ્યો છે. આહાહા! આત્માની આરાધના.. આ દેવી ને દેવની આરાધના કરે છેને? એ તો ક્યાંય ગઈ, પણ ત્રણ લોકના નાથની આરાધના એ પણ વ્યવહારમાં જાય છે. ભગવાન પોતે પૂર્ણાનંદનો નાથ જેમાં આનંદના મીણા તરે છે એવો પ્રભુ એની સેવા રહિત અને રાગની સેવા સહિત એ અપરાધી છે, એ ગુનેગાર છે. એને ચાર ગતિનો દંડ મળશે ફળ (તરીકે). આહાહા! સમજાણું કાંઈ?

**(અપરાધી) ગણવામાં આવ્યો છે.** એમ અપરાધી ગણવામાં આવ્યો છે. **સ્મૃતઃ... (તેથી) હું...** આવા કારણે હું... એમ મુનિ પોતાની વાત ભેગી નાખી અને આનંદના આદર કરનારને પણ આવું હોય છે એમ કહે છે. સમજાણું કાંઈ? **હું આનંદમંદિર આત્માને..** લ્યો. હું તો અતીન્દ્રિય અનાકુળ આનંદમંદિર છું, એ આત્મા. હું આનંદમંદિર આત્મા, એમ. આહાહા! જેમાં પ્રવેશ કરતાં, એ ભગવાન આનંદમંદિરમાં જતાં આનંદનો દેવ પ્રાપ્ત થાય, જેમાં આનંદનો દેવ આત્મા એની પ્રાપ્તિ થાય. સમજાણું કાંઈ? લ્યો, આ મંદિરમાં જાય છેને? ષટ્કારક શું, ષટ્ ઓલું આવે છેને આવશ્યક? દેવપૂજા, ગુરુસેવા વગેરે. હું તો આનંદમંદિરમાં જાઉં છું હોં.

**આનંદમંદિર આત્માને (આનંદના ઘરરૂપ નિજાત્માને)**, એમ પાછું. **નિત્ય નમું છું.** કોઈપણ સમય મારા પૂર્ણાનંદના આદર વિનાનો છે નહીં. આહાહા! સમ્યગ્દૃષ્ટિને કોઈપણ ક્ષણ પૂર્ણાનંદનો નાથ આત્મમંદિરના આદર વિના જતો નથી. આહાહા! અને જો આત્માનો આદર ભૂલીને પરનો આદર થઈ ગયો તો મિથ્યા દ્રષ્ટિ છે. ભારે આકરું ભારે. આની કોર આત્મમંદિર (કહે) ને વળી પાછા મંદિર કરવા, સ્વાધ્યાયમંદિર કરવા. એય! દેવીલાલજી પંડિત કહેવાય છે, એ પાછા સ્વાધ્યાયમંદિર કરશે. મંદિર એક થયું, વળી સ્વાધ્યાયમંદિર. વાતો મોટી મોટી કરો ને વળી આવા પાછા ધંધા કરો. ભાઈ! એ તો એને કારણે થાય. ધર્મી જીવનો શુભ વિકલ્પ નિમિત્તરૂપે કહેવાય. બાકી આમ છે વાત તો. નિત્ય આનંદના ઘરમાં જાઉં છું, અહીં તો એમ કહે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## માગશર વદ ૧૦, રવિવાર, તા. ૧૨-૧૨-૧૯૭૧
## ગાથા - ૧૮૦, પ્રવચન નં. ૨૦૦

આ નિયમસાર, ૧૮૦ ગાથા. નિર્વાણનું સ્વરૂપ છે. મોક્ષ થઈ ગયો એવા જે સિદ્ધ ભગવાન એ કેવા છે એનું સ્વરૂપ છે. આત્માનું સ્વરૂપ એવું જ છે દ્રવ્યે તો. એ વાત સમજાવે છે.

**णवि इंदिय उवसग्गा णवि मोहो विम्हिओ ण णिद्दा य।**
**ण य तिण्हा णेव छुहा तत्थेव य होइ णिव्वाणं॥ १८०॥**
**નહિ ઇન્દ્રિયો, ઉપસર્ગ નહિ, નહિ મોહ, વિસ્મય જ્યાં નહીં,**
**નિદ્રા નહીં, ન ક્ષુધા, તૃષા નહિ, ત્યાં જ મુક્તિ જાણવી. ૧૮૦.**

**ટીકા : આ, પરમ નિર્વાણને યોગ્ય...** પરમ નિર્વાણપર્યાય પ્રાપ્ત **પરમ તત્ત્વના સ્વરૂપનું કથન છે.** આત્મા પોતે પરમ નિર્વાણસ્વરૂપ જ છે. ભગવાન આત્મા પરમ શાંત, અવિકારી શાંત પૂર્ણ સ્વરૂપ જ છે. એની પર્યાયમાં નિર્વાણ પ્રગટ થવું એનું નામ અહીંયા નિર્વાણ ને સિદ્ધ કહે છે. કેવું છે પરમતત્ત્વ? **અખંડ-એકપ્રદેશી-જ્ઞાનસ્વરૂપ હોવાને લીધે...** ... સિદ્ધ ભગવાન છે એ તો છે અસંખ્યપ્રદેશી, પણ અખંડ એકપ્રદેશી છે. બધાના ભેદ ન પાડતાં, અખંડ એકપ્રદેશી સ્વરૂપ છે. **અખંડ-એકપ્રદેશી-જ્ઞાનસ્વરૂપ હોવાને લીધે...** જ્ઞાન અખંડ છેને અખંડ પ્રદેશમાં. સમજાણું કાંઈ?

**અખંડ-એકપ્રદેશી-જ્ઞાનસ્વરૂપ હોવાને લીધે...** આમ તો જ્ઞાન અસંખ્યપ્રદેશી છે, પણ એમ ન ગણતાં... અસંખ્ય છે નિશ્ચયથી, જ્ઞાનસ્વરૂપ અસંખ્યપ્રદેશી છે નિશ્ચયથી, પણ એ અસંખ્ય(પ્રદેશી) 'છે' અપેક્ષાએ નિશ્ચય છે, પણ ભેદની અપેક્ષાએ એને અસંખ્યને વ્યવહાર કહી, એકને નિશ્ચય કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એકપ્રદેશી અખંડ... એ શું કહેવું છે? ઇન્દ્રિયો નથી એમ કહેવું છે? ખંડખંડ ઇન્દ્રિયથી જાણવું કે પ્રદેશનું ખંડખંડ થવું—એવું એને નથી. અખંડનો નીચે (અર્થ) છે. **ખંડરહિત અભેદપ્રદેશી જ્ઞાન પરમતત્ત્વનું સ્વરૂપ છે...** આમ તો અસંખ્યપ્રદેશીને એકપ્રદેશી કહ્યો છે. સમજાણું કાંઈ? આવે છેને પંચાસ્તિકાયમાં. ધર્માસ્તિકાયનું જ્યાં વર્ણન કર્યું છે ત્યાં (કહ્યું કે) અસંખ્ય પ્રદેશ હોવા છતાં એકપ્રદેશી છે. અસંખ્ય કહેવાય ત્યાં વ્યવહાર કહે છે. અભિન્ન એકપ્રદેશી તે નિશ્ચય. બીજી બાજુ એમ કહે કે અસંખ્યપ્રદેશી નિયત પ્રદેશ એ નિશ્ચય છે. કેમકે એટલા જ છે, ઓછાવત્તા નથી. આહાહા!

એક ફેરી પ્રશ્ન થયેલો ૭૯ની સાલમાં. આ હંસરાજભાઈ છેને હંસરાજભાઈ. એ કહે કે આ બધા પ્રદેશ ગણ્યા છે એ તો કલ્પનાથી ગણ્યા છે. હંસરાજભાઈ હતાને અમરેલી. વાંચતા

બહુ, નવરા હતા તે. એ રસ્તામાં સામા આવ્યા હતા. ..... અમરેલી સામા આવ્યા હતા. રસ્તામાં રેલ આવે છે પાટા. ત્યાં આવ્યા. પશ્ન ઉઠ્યો ગામમાં જતાં. અસંખ્યપ્રદેશી ભગવાન જીવને કહ્યો છે એ બધી કલ્પના છે. કલ્પના એટલે શું? કીધું. અસંખ્યપ્રદેશી જ છે. આકાશ અનંત પ્રદેશી જ છે. કલ્પનાથી કહ્યું છે એમ નહીં. પણ એને વ્યવહાર કહ્યો છે એક ઠેકાણે એનું કારણ કે અભેદની એકપણાની અપેક્ષાએ ભેદને વ્યવહાર કહ્યો છે. સમજાણું કાંઈ?

ધર્માસ્તિમાં નાખ્યું છેને પંચાસ્તિકાયમાં. વ્યવહાર લખ્યો છે એમાં. અસંખ્યપ્રદેશ કહેવાય એ વ્યવહાર છે, એકપ્રદેશી કહેવો એ નિશ્ચય છે. વસ્તુ તો વસ્તુ જ છે, અસંખ્ય પ્રદેશમાં જ્ઞાનસ્વરૂપ વ્યાપેલું (હોવા) છતાં અખંડ એકપ્રદેશી જ્ઞાનસ્વરૂપ એ એનો નિશ્ચય સ્વભાવ છે. એને લઈને પાંચ ઇન્દ્રિયો નથી. કારણ કે એ તો ખંડખંડ હોય તો ઇન્દ્રિય હોય. તેથી આ અખંડ નાખવું પડ્યું. ખંડખંડ ભાવેન્દ્રિય એ છે નહીં સિદ્ધને. સિદ્ધને તો નથી, પણ આત્માના સ્વભાવમાંય ખરેખર નથી. સમજાણું કાંઈ? ૩૧મી ગાથામાં આવ્યુંને? ૩૧, સમયસાર. ભાવેન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય એનાથી જુદી ચીજ છે એ. ભાવેન્દ્રિય એક-એક ઇન્દ્રિયથી જાણવું એ ખંડજ્ઞાન છે. જ્યારે આ તો છે એ જુદી વાત... વાણી, શબ્દ આદિ એ તો ઇન્દ્રિયોમાં નિમિત્ત છે એટલે એને પણ ઇન્દ્રિય કીધી. અને આ વર્તમાન ખંડખંડ જ્ઞાનનો પર્યાય ખંડથી જાણે એક-એક વિષયને, એ તો આત્મા નથી એવો કંઈ. સમજાણું કાંઈ?

આત્મા તો એ ખંડ-ઇન્દ્રિયથી અધિક–જુદો છે. જુઓ! એ સમ્યગ્દર્શનનો વિષય. **णाणसहावाधियं मुणदि आदं**... જ્ઞાનસ્વભાવે એ ખંડ-ઇન્દ્રિયના ભાવથી અધિક–જુદો–ભિન્ન અતીન્દ્રિય છે, એને અહીંયા આત્મા કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? એ આત્મા આત્મારૂપે–સિદ્ધપર્યાયરૂપે પરિણમ્યો એની વ્યાખ્યા ચાલે છે. **અખંડ-એકપ્રદેશી-જ્ઞાનસ્વરૂપ હોવાને લીધે (તેને) સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ ને શ્રોત્ર નામની પાંચ ઇન્દ્રિયોના વ્યાપારો નથી..** અખંડ જ્ઞાનનો જ્યાં વેપાર છે ત્યાં ખંડજ્ઞાનનો વેપાર નથી એમ કહે છે. સમજાણું કાંઈ? અહીં ખરેખર તો ખંડ-ઇન્દ્રિયથી ભિન્ન એવો અખંડ ભગવાન આત્મા છે એવું જ્યાં ભાન થયું, એને પણ ખંડ-ઇન્દ્રિયથી જાણવું હોતું નથી. સમજાણું કાંઈ? કેમકે એને ઇન્દ્રિયના વિષયનો ભોગ જ નથી આત્માને. સમજાણું કાંઈ?

ક્યાં લીધું એ? અલિંગગ્રહણ. બારમો બોલ છેને. ભગવાન આત્મા એને ઇન્દ્રિયના વિષયનો ભોગ જ નથી. ઇન્દ્રિયથી જાણવું એવું એનું સ્વરૂપ જ નથી. આહાહા! સમજાણું કાંઈ? ઇન્દ્રિયથી જણાય એવો એ નથી અને ઇન્દ્રિયથી જાણે એવો પણ નથી. આહાહા! સમજાણું કાંઈ? ઇન્દ્રિયથી જણાય એવો તો એ નથી, પણ ઇન્દ્રિયથી જાણે એવો પણ નથી. આહાહા! એને આત્મા કહીએ. સમજાણું કાંઈ? અને ઇન્દ્રિયના વિષયને ભોગવે નહીં એને આત્મા કહીએ. અહીં છેને.

અખંડ છે તેથી પાંચ ઇન્દ્રિયના વ્યાપારો નથી. જેમ આત્મામાં એનો સ્વભાવ, ઇન્દ્રિયના વિષયને જાણવું કે ઇન્દ્રિયથી જાણવું કે ઇન્દ્રિયના વિષયને ભોગવવું—એના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? સમકિતી ઇન્દ્રિયના વિષયને ભોગવતો નથી એમ કહે છે. ભોગવતો નથી એની વ્યાખ્યા શું? લ્યો, આ તો જુદું આવ્યું. અભિપ્રાયથી નિવર્ત્યો નથી એને જ્ઞાન નથી. ઓલો કહે આસ્રવથી નિવર્ત્યો નથી માટે જ્ઞાન નથી. એમ નહીં. અભિપ્રાયમાંથી નિવર્ત્યો છે એટલે એને.. સમજાણું કાંઈ? નિવૃત્તિ જ છે આસ્રવની. સમ્યગ્દૃષ્ટિને પુણ્ય-પાપના પરિણામ મારા છે એવો અભિપ્રાય છૂટી ગયો છે એથી આસ્રવ રહિત જ છે. આહાહા! ભારે વાત.

એમ સમ્યગ્દૃષ્ટિ, અહીં તો ઇન્દ્રિયના વેપાર વિનાનો આત્મા સિદ્ધ, એવો જ આ આત્મા છે અહીં. અતીન્દ્રિય આનંદના ભોગવટો કરનાર એવો જે આત્મા, એ આત્મા ઇન્દ્રિયના વિષયને ભોગવે એવું એની પર્યાયમાં નથી. સમજાણું કાંઈ? સિદ્ધ ભગવાન ભોગવે નહીં, પણ અહીં સમકિતી (પણ ન ભોગવે)? આત્મા ન ભોગવે એનો અર્થ કે આત્માનો જાણનાર (પણ ન ભોગવે). સમજાણું કાંઈ? આહાહા! આત્મા ઇન્દ્રિયના વિષયને ભોગવે નહીં અથવા આત્માને ઇન્દ્રિયના વિષયોનો વેપાર નહીં—એમ કહ્યુંને અહીં? સિદ્ધને ઇન્દ્રિયના વિષયનો વેપાર નહીં. એનો અર્થ એ થયો કે ભગવાન આત્માને પણ ઇન્દ્રિયના વિષયનો વેપાર નથી. એનો એ અર્થ થયો કે જેણે આત્મા આવો જાણ્યો એવા સમકિતીને પણ ઇન્દ્રિયના વિષયનો વેપાર છૂટી ગયો છે. એને વિષયનો ભોગ નથી. આહાહા! ભારે ભાઈ વાતું આ. સમજાણું કાંઈ?

**અખંડ-એકપ્રદેશી-જ્ઞાનસ્વરૂપ હોવાને લીધે**... આ તો ટીકા પદ્મપ્રભમલધારિદેવની છે. નહીં તો એમ થઈ ગયું કે અમૃતચંદ્રાચાર્યદેવની છે. સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત—પાંચ ઇન્દ્રિયોના વેપારો સિદ્ધને નથી. એનો અર્થ થયો કે દ્રવ્યને નથી. દ્રવ્યને નથી એટલે દ્રવ્યદૃષ્ટિવંતને પણ નથી. હિંમતભાઈ! આહાહા! ભારે માર્ગ ભાઈ! ભગવાન આત્મા નિર્વાણસ્વરૂપે બિરાજમાન, કહે છે કે એ તો અખંડ એકપ્રદેશી જ્ઞાનસ્વરૂપ છે. પાંચ ઇન્દ્રિયથી જાણવું એવો વેપાર સિદ્ધને નથી. એનો અર્થ એ થયો કે એનો જે સ્વભાવ હતો એ આવી ગયો. ત્યારે હવે એનો સ્વભાવ–ત્રિકાળી ભગવાન આત્માનો સ્વભાવ અખંડ એક જ્ઞાનસ્વભાવવાળો છે, ખંડજ્ઞાનવાળો છે નહીં. ખંડજ્ઞાન વડે ઇન્દ્રિયનો વેપાર દ્રવ્યને નથી, સિદ્ધને નથી અને દ્રવ્યની દૃષ્ટિના જાણનાર સમકિતીને નથી. ભારે વાતું ભાઈ!

કહો, આમ ભોગવેને ૯૬ હજાર સ્ત્રી (એમ) લાગે. આહા! અરે ભાઈ! તને ખબર નથી. એ રાગનું ને હરખનું અસ્તિત્વ જ આત્માની પર્યાયમાં સ્વીકારતો નથી. એ તો સમ્યક્ ચૈતન્યમૂર્તિ અખંડ પ્રદેશ એવો એક ભગવાન આત્મા એના આશ્રયથી નિર્મળદશા થાય એને એ કરે અને એ ભોગવે. સમજાણું કાંઈ? આહાહા! આ બધું દેખાય, સમકિતી છ ખંડના રાજ કરે. સિદ્ધ રાજ કરે તો સમકિતી રાજ કરે. સમજાણું કાંઈ? આહાહા! ભારે! **णवि इंदिय** એમાંથી

કાઢ્યું બધું. ઇન્દ્રિય સિદ્ધને નથી એટલે કે આત્માને ઇન્દ્રિય નથી, એટલે કે ઇન્દ્રિયનો વેપાર સિદ્ધને નથી, એટલે કે આત્માને ઇન્દ્રિયનો વેપાર નથી, એટલે કે સમકિતીને પણ ઇન્દ્રિયનો વેપાર નથી. આહાહા! સમજાણું કાંઈ? ભારે વસ્તુ ભાઈ!

એક વાત કરી. **णवि इंदिय**.. હવે **णवि इंदिय णवि उवसग्गा**... જ્યાં શરીરનો વેપાર નથી (તો) એને ઉપસર્ગ જ નથી. **દેવ, માનવ, તિર્યંચ ને અચેતનકૃત**—ચાર. નારકી તો કાંઈ ઉપસર્ગ કરવા આવતા નથી. દેવ ઉપસર્ગ–પ્રતિકૂળતા કરે, માનવ, ઢોર કાં અચેતન. ... ભીંત પડે, ઝાડ પડે. એવા ઉપસર્ગો–પ્રતિકૂળતા સિદ્ધને નથી. આહાહા! શરીર જ જ્યાં ઇન્દ્રિયનો વેપાર નથી ત્યાં વળી ઉપસર્ગ કેવો? આહાહા! ભારે! એમ ભગવાન આત્મામાં પણ ઉપસર્ગ નથી, એમ ધર્મીને પણ ઉપસર્ગ નથી લ્યો. એય! મુનિને ઉપસર્ગ થાય છેને આ? સિંહ આમ ખાય છે, આ ખાય છે. ખાય છે કોને? ખાય કોણ? એના મોઢામાં આત્માના પ્રદેશ આવે છે? સમજાણું કાંઈ? ધર્મી તો પોતાના આત્માના આનંદના વેદનને અનુભવે છે. એમાં ઉપસર્ગ કેવો? આહાહા! સમજાણું કાંઈ?

.....લાગે એને, દુઃખ તે ભલે ઉપસર્ગના હોય. પણ ઉપસર્ગ લાગે તો દુઃખ થાય અને દુઃખ તો વિભાવ છે. એ આત્માનો સ્વભાવ નથી. અહીં વિભાવમાં સમકિતી આવતો જ નથી એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? પોતાનું સ્વરૂપ જ ચૈતન્ય આનંદમય એવું જ્યાં 'છે' એવો અસ્તિભાવ ... અનુભવમાં, કહે છે કે એને ઉપસર્ગ નથી હોં. સમજાણું કાંઈ? આવી ધર્મની ચીજ છે. કંઈ મામુલી સાધારણ વાત કરે ને આ ધર્મ થઈ ગયા.. ધર્મ થઈ ગયા.. ફલાણું થઈ ગયું. સમજાણું કાંઈ? આહાહા! વળી કેવા છે સિદ્ધ ભગવાન?

**ક્ષાયિકજ્ઞાનમય અને યથાખ્યાતચારિત્રમય હોવાને લીધે**... બે ભેદવાળો હું નથી એમ કહેવું છે. **દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય એવા ભેદવાળું બે પ્રકારનું મોહનીય નથી.** સિદ્ધને મોહ કેવો? એમ દ્રવ્યને મોહ કેવો? આહાહા! ગજબ શૈલી છેને! જેમ સિદ્ધ ભગવાનને ઇન્દ્રિય નથી એટલે ઉપસર્ગ નથી, મોહ નથી. મોહ નથી એવું થયું કેમ? કે એના દ્રવ્યસ્વભાવમાં મોહ હતો નહીં એટલે મોહરહિત થઈ ગયા. અને આત્મા પણ મોહરહિત અત્યારે છે, તો મોહરહિત થઈને સિદ્ધ થશે. અને આત્માની દૃષ્ટિ થઈ એ જીવ પણ મોહરહિત જ છે. કહો, સમજાણું કાંઈ? સાધકમાં ચોથે ગુણસ્થાનથી જ... આહાહા! કેમકે મોહ તો એક દોષ છે. કર્મ તો એકકોર રાખો, (પણ) દોષેય નથી. આહાહા! સિદ્ધને નથી, એમ દ્રવ્યમાં નથી, એમ દ્રવ્યદૃષ્ટિવંતને નથી. સમજાણું કાંઈ? જુઓ! આવો ધર્મ છે. આહાહા! વીતરાગીસ્વરૂપ એવો ભગવાન આત્મા એને વીતરાગતા, સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ પ્રગટ થતાં–ધર્મ પ્રગટ થતાં, એને અધર્મ એવો મોહ ક્યાંથી હોય? એમ કહે છે સમજાણું કાંઈ?

બે ભેદવાળું–બે પ્રકારનું મોહનીય નથી. વિસ્મય. આહાહા! **બાહ્ય પ્રપંચથી વિમુખ હોવાને લીધે (તેને) વિસ્મય નથી...** સિદ્ધને વિસ્મય શું? પૂર્ણ કેવળજ્ઞાનથી પૂર્ણ જાણવું-દેખવું (એવું) એક સમયમાં પરિણમન થઈ ગયું છે. આ! આ! એવું વિસ્મય નથી. એમ ભગવાન આત્માના સ્વભાવમાં પણ વિસ્મય નથી. (દ્રવ્યમાં વિસ્મય) નહોતો ત્યારે તો (પર્યાયમાં વિસ્મય રહિત) થયો. આહાહા! સમજાણું કાંઈ? અને એ આત્માનો સ્વીકાર કરનાર, એનું આવું શુદ્ધ ચૈતન્યજ્ઞાયકભાવ અસ્તિત્વ છે એમ અનુભવનાર, માનનાર, જાણનાર સાધકને વિસ્મય નથી. સમજાણું કાંઈ? વિસ્મય તો વિકલ્પ છે. એમાં નથી, એને નથી. એ તો પર છે. આહાહા! સમજાણું કાંઈ?

**વિસ્મય નથી**... આમ કાંઈક નવું લાગે. આહા! આવું! આહાહા! શું છે? ભાઈ! એવી વિસ્મયતા એમ તને પરની કંઈક અધિકતા લાગે, એ તો રાગ છે, એ વિકલ્પ છે. એવી વિસ્મયેતા સિદ્ધને નથી. પણ સિદ્ધને વિસ્મયતા નથી એવું થયું કેમ? વર્તમાન વિસ્મયતા નથી. આહાહા! એવો વિસ્મય આશ્ચર્યકારી રાગ થવો... આહાહા! આવું આ! સમજાણું કાંઈ? આટલા પૈસા પેદા થઈ ગયા! નાની ઉંમરનો ને પાંચ-દસ કરોડ, અબજ-બે અબજ! વિસ્મય થયું. શું વિસ્મય? શું છે પણ હવે? સમજાણું કાંઈ?

**વિસ્મય નથી**... વળી એક કોર ભગવાનના શરીરને દેખીને ઇન્દ્રો હજાર આંખ્યું કરે છે જોવા. એવું આવે છે શાસ્ત્રમાં લ્યો. એવું શરીર છે સુંદર, રૂપાળું, બધા નમણા અવયવો કે એક-બે આંખે જોતાં તૃપ્તિ ન થતાં હજાર આંખ કરે અને છે ક્ષાયિક સમકિતી. આહાહા! છતાં એને પર્યાયમાં વિસ્મય નથી. આહાહા! ગજબ વાત છે! સમજાણું કાંઈ? દ્રવ્યમાં તો નથી, પણ દ્રવ્યમાં નથી એવું જેને દ્રવ્યનું ભાન કર્યું એને એની પર્યાયમાં પણ નથી. આહાહા! ગજબ વાત છે! કહો, સમજાણું આમાં? લાખ પેદા થાય મહિનાના, બે લાખ પેદા થાય, પાંચ લાખ પેદા થાય. આહાહા! છોકરો ભારે રળાઉ જાગ્યો હોં, કહે. એ પોપટભાઈ! છોકરો છોકરાનો એમ કરીને બહુ ન કરે. ભાઈ! એનું વિસ્મયપણું થવું એ તો વસ્તુના સ્વરૂપમાં નથીને ભગવાન! હોય તો સિદ્ધ કેમ વિસ્મય વિનાના થઈ ગયા? આહાહા! કહે, ....ભાઈ!

પણ અહીં નાગનેશના ઘરે કરોડપતિના દીકરા, (તો) વિસ્મય ન થાય? થાય કે નહીં કાંઈક? એય મલૂકચંદભાઈ! ન થાય? કારણ કે વસ્તુનું સ્વરૂપ એવું નથી એમ કહે છે. આહાહા! .... આ શું છે? અદ્ભૂતાદ્ભૂતં તો એનું પોતાનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? એને કોઈ ચીજની અદ્ભૂતતા દેખાતી નથી. આહાહા! જુઓ! આ વીતરાગીમાર્ગ. આહાહા! સમજાણું કાંઈ? **વિસ્મય નથી, નિત્ય-પ્રકટિત શુદ્ધજ્ઞાનસ્વરૂપ હોવાને લીધે (તેને) નિદ્રા નથી...** ભગવાનને નિદ્રા નથી. આહાહા! **નિત્ય-પ્રકટિત...** નિત્ય પ્રગટ્યો છે ભગવાન આત્મા આનંદસ્વરૂપે. એવો

**શુદ્ધજ્ઞાનસ્વરૂપ હોવાને લીધે (તેને) નિદ્રા નથી**... આહાહા! નિદ્રા નથી–ઊંઘ નથી. એ કર્મ... કર્મ ને કર્મનો ભાવ બેય. કહો, સમજાણું કાંઈ?

**નિદ્રા નથી**. વસ્તુ આત્મદ્રવ્યમાંય નિદ્રા નથી અને આત્મદ્રવ્યના દૃષ્ટિવંતને નિદ્રા નથી. ભારે! એય! નિદ્રાના પ્રમાદભાવથી સમકિતી મુક્ત છે. એય! ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદના સત્-પણે બિરાજમાન એવી ચીજમાં નિદ્રા નથી. એની પર્યાયમાં પ્રાપ્ત થયા એવા સિદ્ધને નિદ્રા નથી, એવી દ્રવ્યદૃષ્ટિ જેને પ્રાપ્ત થઈ એને નિદ્રાનો અભાવ છે. સાધુને આવે છેને? પાછલા પહોરમાં જરી... એય! એ બધો વ્યવહાર જણાવ્યો છે. આહાહા! ભારે વાત ભાઈ! વીતરાગના માર્ગની શૈલી પણ ગજબ છે! વસ્તુના સ્વભાવની શૈલી છેને. સ્વભાવવાદીનું આ કથન છે. પહેલા આવી ગયુંને. વિભાવવાદીઓ! તમારું અમને માન્ય નથી. એ જ્ઞાન જાણે, દર્શન દેખે, આત્મા જાણે-દેખે—એ બધું વ્યવહારવાદીઓની વાત છે.

અમે તો એક જ અખંડાનંદ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ચૈતન્યનો પિંડલો પ્રભુ, અનાકુળ આનંદનો એકલો દરિયો એવી વસ્તુમાં નિદ્રા કેવી? અને એવી જ્યાં પૂર્ણ પર્યાય પ્રગટ થઈ ગઈ એને (નિદ્રા) કેવી? અને પૂર્ણ થઈ નથી પણ ભાનમાં આવ્યો... આહાહા! કહો, નેમિદાસભાઈ! આવું છે આ. નિદ્રા નથી. અહીં તો સૂવે છેને સમકિતી? બે કલાક, ચાર-ચાર કલાક સુવે, પાંચ-સાત કલાક. મુનિ પણ પાછળની જરીક.... એ તો ... થાય છે એ જાણવાલાયક છે. એનામાં–અસ્તિત્વમાં છે એમ નહીં. સમજાણું કાંઈ? એ નાનજીભાઈ! આવો માર્ગ છે. આહાહા! સમજાણું કાંઈ?

**અશાતાવેદનીય કર્મને નિર્મૂળ કર્યું હોવાને લીધે...** ભગવાનને, અશાતાવેદનીય કર્મના નિમિત્તે ક્ષુધા, તૃષા થાય એ અશાતાવેદનીય કર્મને મૂળમાંથી નાશ કર્યું હોવાથી **એને ક્ષુધા-તૃષા નથી.** આહાહા! લ્યો, સિદ્ધ ભગવાનને ક્ષુધા-તૃષા નથી. અહીં તો કેવળીને ઠરાવે છે ક્ષુધા-તૃષા. અહીં તો કહે છે કે સમકિતીને ક્ષુધા-તૃષા નથી, સાંભળને! એ તો જ્ઞાનમાં જ્ઞેય જાણવાલાયક છે. જઠરમાં ક્ષુધા આદિ થાય છે એ તો પર છે, એ તો જાણે છે. આહાહા! સમજાણું કાંઈ? 'આવો માર્ગ વીતરાગનો, ભાખ્યો શ્રી ભગવાન..' આહાહા! કહે છે કે ક્ષુધા-તૃષા નથી તો પછી સમકિતી રોટલા નથી ખાતા? એય! જ્ઞાની ખાતો નથી, પણ એને રાગ થાય છેને? પણ આ રાગ છે એનું અસ્તિત્વ સ્વીકારનારને રાગ છે. રાગનું અસ્તિત્વ મારામાં નથી. હું તો વીતરાગમૂર્તિ ચિદાનંદ ઝળહળ... આહા! એવા સ્વીકારનારને ક્ષુધા-તૃષાની ઇચ્છા જ નથી.

એ તો કહ્યું નહીં? નિર્જરા અધિકારમાં. આહારની ઇચ્છા નથી, પાણીની ઇચ્છા નથી. મુનિને નથી. એ તો એનો અર્થ જ એ થયો. આહાહા! ગજબ શૈલી! ચારે બાજુથી જુઓ તો..! ભગવાન આત્મા એકલો જ્ઞાનનો સાગર અસ્તિ વસ્તુ છેને, પદાર્થ છેને. પદાર્થ છે તો એનો

સ્વભાવ પરિપૂર્ણ જ હોયને. પદાર્થ એક ને પરિપૂર્ણ તો તેનો સ્વભાવ અનંત જ્ઞાનાદિ પરિપૂર્ણ ને એક, અભેદ છે. એવા આત્મામાં ક્ષુધા-તૃષા નથી. સિદ્ધને નથી, પરમાત્મા થયા એને નથી, તો કેવળીનેય નથી. ત્યારે કહે, સિદ્ધને ને કેવળીને.... મેં દેખ્યું છે તમારામાં ૧૧ પરિષહ. .... ૧૧ પરિષહ... પછી તમારે કરવું પડ્યું ઉપચારથી. એય! ....... વળી કહે કે એ ઉપચારમાત્ર છે. એમ પાછો અર્થ કર્યો હતો. અમારે પંડિતજીએ અર્થ કર્યા પંચાસ્તિકાયના. અર્થ કરીને પાછો ભૂંસાડીયો વાળ્યો, એમ એ કહે છે. સાંભળને માળા! એ તો સ્પષ્ટીકરણ કર્યું. એમાં શું કહેવા માગે છે એને ખુલ્લું મૂક્યું છે. સામાન્યપણે હોય એને અહીં વિશેષપણે સ્પષ્ટ થાય, એમાં શું છે? સમજાણું કાંઈ?

ધર્મધારા... ધર્મ જેને પૂરો થઈ ગયો એવા સિદ્ધ એને ક્ષુધા-તૃષા નથી, કેવળીનેય નથી, વસ્તુમાં નથી, એમ જ્ઞાનધારામાં પણ કાંઈ ક્ષુધા-તૃષા ભેગી આવતી નથી. આહાહા! કહો, સમજાણું કાંઈ? કહો, હીરાભાઈ! આહાહા! સાધક, સિદ્ધ ને દ્રવ્ય ત્રણેય થઈ ગયા. દ્રવ્યમાં હોય તો પર્યાયમાં રહે સિદ્ધને. એમ દ્રવ્યમાં હોય તો સમકિતીને પર્યાયમાં રહે. આહાહા! સમજાણું કાંઈ? એવો ભગવાન અદ્ભૂતાદ્ભૂત આનંદ ને જ્ઞાનનો વિલાસી આત્મા એને ક્ષુધા-તૃષા કેવી? કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

**તે પરમ બ્રહ્મમાં (પરમાત્મતત્ત્વમાં) સદા બ્રહ્મ (નિર્વાણ) છે.** આવા આત્મામાં તો સદાય નિર્વાણ છે. સિદ્ધપદની પર્યાયમાં સદાય નિર્વાણ છે, આ દ્રવ્યમાંય સદાય નિર્વાણ છે. આહાહા! અને સમકિતીને મુક્તપણું દ્રવ્યનું ભાસ્યું એટલે એને સદાય નિર્વાણ જ છે, મુક્તપણું દ્રષ્ટિમાં છે એટલે. આહાહા! વ્યવહારથી મુક્ત છે, નિર્વાણથી પૂર્ણ થયા. મુક્તસ્વરૂપ ભગવાન છે એમાં મુક્તસ્વરૂપની દ્રષ્ટિવંતને પણ મુક્તસ્વરૂપ જ છે. સમજાણું કાંઈ? આ બધા આઠ કર્મ ને એના રાગ બધા પડ્યા છેને? એ બધા વ્યવહાર જાણવાલાયક છે. મારામાં છે એમ ખતવવાલાયક નથી. આહાહા! **તે પરમ બ્રહ્મમાં (પરમાત્મતત્ત્વમાં) સદા બ્રહ્મ છે**. એવા આત્મામાં જ નિર્વાણ છે. કંઈ બીજે નિર્વાણ બહાર જુદું છે (એમ નથી). નિર્વાણ ને આત્મા, સિદ્ધ ને આત્મા... આગળ કહેશે. સિદ્ધ ને નિર્વાણ બે એક જ છે. સમજાણું કાંઈ? આગળ ગાથા કહેશેને છેલ્લે. એક જ વાત છે. નિર્વાણ કાંઈ નામ બીજું પડ્યું એથી નામ ...છે કાંઈ? પૂર્ણ શાંતિ.. પૂર્ણ શાંતિ.. પૂર્ણ શાંતિ. આહાહા!

આ બધા અબજોપતિઓ અમેરિકા થાક્યા બિચારા. આમાં કાંઈ સખ નથી લાગતું. આહાહા! આ તો એમ કે આવા મોટા બંગલા, આમ... ઓહોહો.. ક્યાંય સુખ નથી. અહીં.... સામું દેખાય એવું કાંઈ નહીં. આ તો કૂતરાની જેમ.... મોટા બંગલા કર્યા પાંચ-પાંચ કરોડના, હેઠે લિફ્ટ ઉપર ચડે અને.. શું કહેવાય એ? લિફ્ટ. આમ ઉપર ચડે. જેમ કાગડો ઉડે એમ ઉડે. આ બેસીને ઉડે. શું છે પણ? આહાહા! ન્યાંને ન્યાં હેઠે ઉતરે પછી. દિવાન... એને શું કહેવાય?

નામ શું? દિવાનખાનું હોય, આઠ-દસ બંગલા મોટા. એય પોપટભાઈ! એવા મકાન છે કે નહીં? જોયા કે નહીં તમારા? નવા કર્યા એ જોયા છે? ચાલીસ લાખનો નવો કર્યોને? એ જોયો? આમ લુગડાં-બુગડાં પહેર્યા હોય, જાણે કોઈ ઉપરથી ઉતર્યો.... ધૂળમાંય નથી કાંઈ. આહાહા!

અરેરે! સુખના સાગરની સામું ન જોતાં, આ પર સામું જોઈને વિસ્મય ને ખુશી થાય, એ આત્માનો અનાદર કરે છે. આહાહા! સમજાણું કાંઈ? તે પરમબ્રહ્મમાં–પરમ પરમાત્માના પરમસ્વભાવમાં... એની પર્યાય અહીં સદા બ્રહ્મ નથી. સદા બ્રહ્મ છે, દ્રવ્યરૂપે વસ્તુ આત્મા પણ સદા બ્રહ્મ છે. આત્માનું દ્રવ્ય જે વસ્તુ છે એ મુક્તસ્વરૂપ જ છે. મુક્તસ્વરૂપ છે તો પર્યાયમાં મુક્ત થાય છે. સમજાણું કાંઈ? તું છો મોક્ષસ્વરૂપ.. આવે છે એમાં. આપણે આવે છે કળશમાં. 'મુક્ત એવ' કળશમાં આવે છે. 'સમ્યગ્દૃષ્ટિ મુક્ત એવ.' મુક્ત છે. વ્યવહારથી મુક્ત છે એટલે પછી વ્યવહાર એનામાં ન રહ્યો એટલે શું રહ્યું? રાગથી મુક્ત છે. આહાહા! ગજબ વાત છેને!

જેણે ધર્મીને ધારણ કર્યો, ધર્મી એવો ભગવાન આત્મા દૃષ્ટિમાં, જ્ઞાનમાં અનુભવીને ધાર્યો, કહે છે કે એમાં રાગ ને સંસારનું ધરવું, ટકવું છે નહીં. આહાહા! નિર્વાણ છે. એ આવે છે. સમકિત થયું એને મુક્તિ થઈ, એમ પણ આવે છે. મુક્ત થયો. એ પર્યાયમાં (અપૂર્ણતા) થોડી બાકી છે, એ આખા મુક્તસ્વરૂપને અનુભવમાં લીધો, એને કબ્જે કર્યો આખા આત્માને શ્રદ્ધાએ-જ્ઞાને, એ પર્યાય બહાર આવવાની થોડી-થોડી. સમજાણું કાંઈ? આહાહા! આવા આત્માની જેને ખબર નથી, આવા આત્માની જેને શ્રદ્ધા ને ઓળખાણ નથી, એ ગમે એવા મોટા કહેવાતા હોય, એ બધાય ખોટા. આહાહા!

**એવી રીતે (શ્રી યોગીન્દ્રદેવકૃત) અમૃતાશીતિમાં (૫૮મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—**

**ज्वरजननजराणां वेदना यत्र नास्ति**
**परिभवति न मृत्युर्नागतिर्नो गतिर्वा।**
**तदतिविशदचित्तैर्लभ्यतेऽङ्गेऽपि तत्त्वं**
**गुणगुरुगुरुपादाम्भोजसेवाप्रसादात् ॥**

જ્વર, જન્મ, જરા—બધા જજ્જા નાખ્યા. આ શરીરમાં પણ એવો જ ભગવાન છે એમ કહે છે.

**શ્લોકાર્થ : જ્યાં (જે તત્ત્વમાં) જ્વર** નથી. તાવ-બાવ નથી એમાં. આત્મભગવાન જ્ઞાનાનંદ ભગવાનમાં તાવ કેવો? અને જ્યાં **જન્મ** નથી. સિદ્ધને તાવ ને જન્મ નથી, એમ આત્માને પણ તાવ ને જન્મ નથી. આહાહા! **જરાની વેદના નથી...** વૃદ્ધાવસ્થા થાય, ગુમડું થાય, ચામડી લીલી પડે, ઉઠાય નહીં, પાણી મોઢામાંથી ઝરે, આંખમાં ચીપડા વળે, કાને બહેરા થાય. આહાહા! એવી જરાની વેદના નથી. વૃદ્ધાવસ્થાની વેદના સિદ્ધપરમાત્મા અશરીરીને નથી, એમ આ ભગવાન આત્મામાં પણ જરા નથી. એ તો જડની અવસ્થા છે. આહાહા! સમજાણું કાંઈ?

જરા-વૃદ્ધાવસ્થા તો દેહની છે, આત્માને છે નહીં. સિદ્ધને નથી, એમ આ આત્માને નથી. બરાબર હશે? મહારાજ પણ બધા પાસે હા પડાવે છે.

માળા! તમે ન્યાય તો જુઓ! તારા અસ્તિમાં તું હોવાવાળો-સત્તાવાળો પદાર્થ છે કે નહીં? એ પદાર્થમાં શું એનો સ્વભાવ છે? એનો સ્વભાવ જ્ઞાન છે, આનંદ છે, શાંતિ છે, સ્વચ્છતા છે, પ્રભુતા છે, અણીન્દ્રિયતા છે એવો એનો સ્વભાવ પરિપૂર્ણ છે. એવા પરિપૂર્ણ સ્વભાવમાં આહાર કેવા? આવા ભગવાનમાં આહાર કેવો? આહાહા! જેમ પાણીમાં તેલ પડ્યા છતાં તેલ તો ઉપર જ રહે છે. પ્રવેશ કરે છે અંદર? પાણી તો પૃથક્ દ્રવ્ય છે. ઉપર તેલના બિંદુ નાખો તો પણ ઉપર રહે, પાણીમાં નહીં પ્રવેશ કરે. એમ અનંત બળનો ધણી ભગવાન પાણીવાળો-તેજવાળો એમાં સંસાર ને રાગાદિ પ્રવેશ કરતા જ નથી. આહાહા! સમજાણું કાંઈ?

આવડો મોટા આત્મા એને બેસતો નથી. બીડી વિના ચાલે નહીં, તમાકુ વિના ચાલે નહીં. વળી કાંઈ માન-અપમાનમાં એક નામે બોલાવે ત્યાં આ મોળો પડી જાય. ફલાણા ભાઈ કેમ ન કહ્યું? એમ કેમ કીધું, એમ કેમ કીધું? પોપટભાઈ કેમ ન કહ્યું? એમ કેમ કહ્યું પોપટ? આ શું છે પણ....? અને મારી હીણપ શું દેખાણી? ભાષામાં મોટપ... એની મા પોપટ કહે તો વાંધો નહીં. પણ જો કોઈ એને ખોટું લાગે એવું કહે... આ શું? પણ ક્યાં છો તું પોપટ? અને તું ક્યાં છો ઉડવાવાળો? કાંઈ છે નહીં. આહાહા! તારામાં જરા-ફરા છે નહીં. શરીર જ નથી એને શરીરની અવસ્થા ક્યાંથી લાવવી અંદર? એમ કહે છે.

**મૃત્યુ નથી**... ઓલામાં જન્મ નાખ્યું છે એટલે મૃત્યુ નાખ્યું. મરે કોણ? સિદ્ધ મરે? સૂર્ય મરે? આવે છેને? આ સૂર્યનું કોઈએ સ્નાન કર્યું? સાંજે આથમી જાય તો મરી ગયો લાગે છે એમ ન કહ્યું? સાંજે આથમી જાય તો મરી ગયો, તો કરો સ્નાન. અહીં જ્યાં શરીર છૂટે તો મરી ગયો, કરો સ્નાન. એવું છે. મરે કોણ? સમજાણું કાંઈ? સિદ્ધ મરે નહીં, દ્રવ્ય મરે નહીં અને દ્રવ્યની પર્યાયવાળો મરે નહીં. જીવતી જ્યોત ચૈતન્ય ભગવાન એને મરવું શું? આહાહા! સમજાણું કાંઈ?

**એને ગતિ-આગતિ નથી...** ગતિ નામ જવું, આગતિ નામ પાછું ફરવું ગતિમાંથી. એવું એને નથી. સિદ્ધને થઈ ગઈ એ થઈ ગઈ ગતિ, હવે નથી. હવે જાવું ક્યાંય નથી ને આવવું નથી. આહાહા! એમ આ આત્મામાં પણ ગતિ-આગતિ નથી. કોઈક ગતિમાં ગયો ને એ ગતિમાંથી આવ્યો—એવું આત્મામાં નથી. એવા આત્માને સ્વીકારનારા ધર્મીને પણ ગતિ-આગતિ નથી. એ મનુષ્યગતિમાં સમકિતી છે? ના. દેવલોકમાં જાય છે? ના. માળે આ ભારે. ભગવાન ચૈતન્યપ્રભુ અનાકુળ આનંદનું સ્વરૂપ જેનું છે એમાં દૃષ્ટિ જ્યાં સ્થપાણી, એ ક્યાં ગતિ કરે ને ક્યાં ગતિમાં જાય ને પાછો ફરે? જ્યાં છે ત્યાં છે. આહાહા! સમજાણું કાંઈ?

**તે તત્ત્વને અતિ નિર્મળ ચિત્તવાળા પુરુષો...** દેખો! એવા તત્ત્વને અતિ નિર્મળ ચિત્તવાળા પુરુષો... **શરીરમાં રહ્યા છતાં પણ...** છેને? **अंगेपि**.. શ્લોકમાં છે ત્રીજા પદમાં. શરીરમાં... શું કહેવું? વળી કહે છે કે શરીરમાં નથી. સમજાવવું શી રીતે? આહાહા! **શરીરમાં રહ્યા છતાં પણ...** એટલે ક્ષેત્રમાં એમ લાગે કે જાણે આ શરીરમાં છે, એમ. એમાં રહ્યા છતાં પણ **ગુણમાં મોટા એવા ગુરુનાં ચરણકમળની સેવાના પ્રસાદથી...** આહાહા! સંત, મહંત, ધર્માત્મા ગુરુ જેને આત્માની ગુરુતા પ્રગટ થઈ છે, અંતરમાં ભગવાન એવો ગુરુ જ્ઞાનાનંદથી ભરેલો એની દશામાં ગુણની ગુરુતા પ્રગટ થઈ છે. આહાહા! ગુણની મોટપ પ્રગટ થઈ છે.

આ પદવીની મોટપ નથી કહેતા? જરીક આપે ત્યાં... આહાહા.. શું કહેવાય તમારે? જે.પી. પૂંછડા આવે તો જે.પી.ના ત્યાં આહાહા.. મોટો થઈ ગયો. આને આ પદવી આપી, આને આ પદવી આપી. પદવી જ કેવી માળા? ન્યાં ક્યાં ગરી હતો પદવીમાં એ? આહાહા! કહે છે, **ગુણમાં મોટા એવા ગુરુનાં**... ભાષા વ્યાખ્યા એવી કરી. ગુણમાં મોટા એવા ગુરુ... પોતાના આત્માની દશા આનંદની, જ્ઞાનની, ધર્મની પરિણતિ જેને ઘણી ઊંચી થઈ ગઈ છે, એવા ગુણમાં મોટા... ગુણ શબ્દે એની પર્યાય. ગુણ તો ગુણ છે. એની નિર્મળ પર્યાયમાં પોતાથી જે મોટા– અધિક છે **એવા ગુરુનાં ચરણકમળની સેવાના પ્રસાદથી**... એવા ગુરુ જે આત્માની વાત કરે છે. આવો આત્મા તું છો એને માન, અનુભવ. એના ઉપદેશમાં આ હોય છે. એ ક્યાં આવી છે આમાં? શું કીધું?

શ્રોતા : ... ઉડાડી દેવાની છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ઉડાડી દેવાની છે. છે એમ કરીને ઉડાવી દેવાની છે. આહાહા!

મોટો પ્રભુ એની–આત્માની દશામાં જેને નિર્મળતા ગુરુ એટલે વધી ગઈ છે, એ પદવીમાં જે આવ્યા, ગુણમાં જે ગુરુ થયા એ પદવીમાં આવેલા એમની ચરણકમળની સેવા... ચરણ(કમળની સેવા) એટલે પગ દાબવા હશે? પાઠ તો આ છે. એના સમીપમાં એણે કહ્યું એવું સંઘર્યું. સમજાણું કાંઈ? આહાહા! કીધુંને કુંદકુંદાચાર્યે કે અમારા ગુરુ અંતર નિમગ્ન હતાં. આહાહા! એમણે અમારા ઉપર મહેરબાની કરી. પ્રસાદી, અનુગ્રહ કરીને પ્રસાદી આપી. સમજાણું કાંઈ?

સત્યનારાયણની કથામાં આવે છેને? છેલ્લે શું કહેવાય એ? પ્રસાદી. પ્રસાદી નહીં કંઈ જુદું નામ છે. એ પ્રસાદ ન લઈ ગયો તો એક જણાનું વહાણ તુટી ગયું. એવું આવે છે એટલે શું કે સાંભળનારાઓ ઠેઠ સુધી બેસે એવા હેતુથી. સત્યનારાયણની કથા આવે છેને. ન્યાં સાંભળી છે અમારે પાલેજમાં આવતી. બ્રાહ્મણ બોલે કે આ પ્રસાદ લીધા વિના ફલાણી બાઈએ... કોઈક નામ આવે છે ખરું. લીલાવતી કે એવું કંઈક નામ. ઘણા વર્ષ પહેલા નામ સાંભળ્યું હતું. ઘણા વર્ષની વાત છે આ તો. પાલેજમાં સાંભળેલું પાલેજમાં.

અમારે એક ફેરી ... હતા. છે સ્થાનકવાસી, એ માને છે એને. સત્યનારાયણની કથા. એ આ પ્રમાણે પ્રસાદ લીધા વિના ગઈ, એનો ધણી આમ મરી ગયો, એનું આમ થયું, ફલાણું થયું. વહાણ ડૂબ્યું.. વહાણ ડૂબ્યું. આવા નાટક કરતાં. એ પ્રસાદી આ. ધર્માત્માએ આત્માના આનંદની વાતું પ્રસાદી કરી અને એણે સાંભળીને ધારી નહીં, એના વહાણ ડૂબ્યા, એમ કહે છે. ઓલાનું અહીં શું કામ છે ધૂળનું? સત્યનારાયણની કથા સાંભળી છે? નાગનેશમાં સત્યનારાયણની ચાલતી હશે. અહીંયા સાંભળી છે. આહાહા!

...સત્યનારાયણ તો આ. ત્રિકાળી સત્યનારાયણ સચ્ચિદાનંદ પ્રભુ પોતે સત્યનારાયણ– નરનો નારાયણ થાય એવી એનામાં તાકાત છે. એવા સત્યનારાયણની કથા સાંભળ્યા વિના કોરો જાય એના વહાણ ડૂબે, એમ કહે છે. આ તે દિ' સાંભળી હતી. વહાણ ડૂબી ગયું એમ કહે. પાંદડા થઈ ગયા. વહાણમાં માલ લઈને ભર્યા હતા એ પાંદડા થઈ ગયા. એ સાચી વાત. આ તો ઘણા વર્ષ થઈ ગયા. માલ ભર્યો હતો એના પાંદડા થઈ ગયા. એય નેમિદાસજી! સાંભળ્યું હતું એ? સત્યકથા તો સાંભળવા ગયા હશે કોઈ વૈષ્ણવ-ફૈષ્ણવમાં. ..... આહાહા!

આવા ચરણકમળની સેવાના પ્રસાદથી... લ્યો. શરીરમાં રહ્યા પણ ભગવાન દેવ-ગુરુની કૃપાથી ને ગુરુની સેવાથી... આહાહા! લ્યો ઠીક! એને **અનુભવે છે**. બાપુ! પ્રભુ! આવો તારો આત્મા છે. સિદ્ધ સમાન જ તારું સ્વરૂપ છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો..' આ સિદ્ધની વ્યાખ્યા આવે, પણ તું સિદ્ધ સમાન જ છો. એમ કરીને શરીરમાં અનુભવે છે. એને સિદ્ધ સમાનનો આનંદ આવે છે. બરોબર આવ્યા પંડિતજી. એને અહીંયા ધર્મી કહેવામાં આવે છે. ટીકા કહેશે લ્યો.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## માગશર વદ ૧૧, સોમવાર, તા. ૧૩-૧૨-૧૯૭૧
## શ્લોક - ૩૦૦-૩૦૧, ગાથા - ૧૮૧-૧૮૨, પ્રવચન નં. ૨૦૧

નિયમસાર, ૧૮૦ ગાથાનો કળશ છે, ૩૦૦મો કળશ.

**यस्मिन् ब्रह्मण्यनुपमगुणालंकृते निर्विकल्पे-**
**ऽक्षानामुच्चैर्विविधविषमं वर्तनं नैव किंचित् ।**
**नैवान्ये वा भविगुणगणाः संसृतेर्मूलभूताः**
**तस्मिन्नित्यं निजसुखमयं भाति निर्वाणमेकम् ॥ ३०० ॥**

સિદ્ધના ગુણની વ્યાખ્યા છે, એવા જ આત્માના છે.

**શ્લોકાર્થ : અનુપમ ગુણોથી અલંકૃત...** ભગવાન આત્મા અને સિદ્ધ એ અનુપમ ગુણોથી શોભાવાળો–અલંકૃત છે. એનો અલંકાર, અનંત અનુપમ ગુણો એ જ એનો અલંકાર છે. આહાહા! સમજાણું કાંઈ? આ બેમાં, જે ચૈતન્ય ભગવાન આત્મા છે એ અનંત અનુપમ ગુણોથી શોભિત છે. જેમ શરીર રહિત, પરમાત્મા શરીર રહિત અનંત અનુપમ ગુણથી શોભિત છે, એવો જ આ ભગવાન આત્મા અંદર અનંત અનુપમ ગુણથી અલંકૃત છે. સમજાણું કાંઈ? વળી એક પ્રશ્ન ઊઠ્યો હતોને આ ક્ષાયિકનો. સિદ્ધને તો ક્ષાયિક છે ને યથાખ્યાત ચારિત્ર છે. આત્મામાં ક્યાં છે સમકિતીને? ત્રણમાં ઉતાર્યું હતુંને. એમ છે કે આત્મામાં અનંત ગુણ છે, એ અનંત ગુણનું ભાન થતાં, સ્વસંવેદન આત્માની પ્રતીત, અનુભવ થતાં, જેટલા ગુણો છે તેના બધા ગુણોનો અંશ પ્રગટ થયો. ખરેખર તો અઘાતિ જે ગુણ(ના ઘાત)માં નિમિત્ત છે એ ગુણનોય અંશ પ્રગટ થયો છે. આહાહા! સર્વ ગુણ છે.

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં અનંત-અનંત ગુણના સ્વભાવથી ભરેલો પ્રભુ આત્મા છે. એવા અનંત ગુણનો અંતર સ્વભાવ સન્મુખ થઈને જ્યાં સ્વીકાર થયો.. સમજાય છે કાંઈ? એવા અનંત ગુણના અસ્તિ–સત્તાનો સ્વીકાર એટલે એ પોતે જ એની પર્યાયમાં અનંતા ગુણોનો અંશ પ્રગટ થયો અને દ્રવ્યથી જોઈએ તો એ સિદ્ધના આઠ ગુણથી અલંકૃત આત્મા છે. આવી ગયું છે એ? આ ૪૭-૪૮ ગાથામાં આવ્યું છે. સિદ્ધ જેવા જ આત્મામાં આઠ ગુણો અલંકૃત છે, વસ્તુએ અંદર. સમજાણું કાંઈ? ૪૭-૪૮ ગાથા. જેવા સિદ્ધ પરમાત્મા અશરીરી આત્મભગવાન, એવો જ આ આત્મા સિદ્ધના આઠ ગુણોથી અલંકૃત છે. હવે એ તો ક્ષાયિકગુણ છે. સમજાણું કાંઈ? પણ એના સ્વભાવમાં એ બધું પડ્યું છે એથી એ સિદ્ધ સમાન જ ભગવાન આત્મા છે. ભારે બેસવું કઠણ.

બીજી વાત. એની પર્યાયમાં પણ–અવસ્થામાં પણ અનંત ગુણોના જેટલા સંખ્યાએ ભાવ છે તેની અંશે શક્તિ પ્રગટ થઈ ગઈ છે. એ પ્રગટ થઈ છે એ પૂર્ણ કહીએ એક નયે, તોપણ કહી શકાય છે. સમજાણું કાંઈ? આહાહા! એ ભગવાન પણ એક સમયમાં પરિપૂર્ણ પ્રભુ 'પૂર્ણ ઇદં' એવો ભગવાન આત્મા પોતાનો નિજસ્વભાવ, એમાં જેટલા સિદ્ધને પ્રગટ થયા પર્યાયો, ગુણો, દશા—એ બધું એમાં છે. છેને? એ પંડિતજી! આહાહા! અરે! આત્માની શું વાત! લોકોને, આત્મા શું છે એને ખ્યાલમાં નથી. આ આત્મા... આ (શરીર) તો હાડકાં, જડ, માટી–ધૂળ છે. અંદરમાં પુણ્ય ને પાપના વિકલ્પો રાગ થાય એ તો પર છે, એ કાંઈ આત્મામાં છે નહીં. આહાહા! આત્મા તો અનંત અનુપમ ગુણથી અલંકૃત છે. જેમ સિદ્ધ ભગવાન પણ અનંત-અનંત બેહદ–અપરિમિત ગુણની સંખ્યાથી પ્રગટમાં અલંકૃત ને અનુપમ છે, એવો જ આ ભગવાન આત્મા 'સિદ્ધ સમાન સદા પદ મેરો..' આવે છે?

સિદ્ધમાં તો ક્ષાયિકપર્યાય છે, આ વળી ક્યાં નાખ્યું? આવ્યું હતુંને એમાં? ક્ષાયિકજ્ઞાન ને યથાખ્યાત ચારિત્ર. આ વળી ક્યાં આમાં નાખ્યું પાછું? ભાઈ! એ વસ્તુએ આખો સ્વભાવ જ્યાં સ્વસન્મુખ થઈને પૂર્ણાનંદનો નાથ આત્મા એ જ્યાં અનુભવમાં ને પ્રતીતમાં આવ્યો, કહે છે કે એને સિદ્ધ સમાન બધા ગુણો પ્રગટ્યા, ભલે અંશે પ્રગટ્યા, પણ પૂર્ણ પ્રગટ્યા એમ પણ કહેવામાં આવે છે. આહાહા! અને અલ્પ કાળમાં પ્રગટવાના છે. આહાહા! જેણે અનંત-અનંત બેહદ એવા ગુણોની સંખ્યાવાળું એક તત્ત્વ... સવારે પૂછતા હતા ભાઈ. પણ અત્યારે આવ્યા નથી. વવાણીયાના હતાને. ત્યાં આવ્યા હતા, ગુરુકુળમાં આવ્યા હતા. વ્યાખ્યાનમાં આવ્યા હતા સવારમાં. સવારે કે બપોરે? નહોતા બેઠા? વવાણીયાના ઘણું કરીને બ્રાહ્મણ હતા. એ પૂછતા હતા. આ વાત સાચી, પણ શી રીતે અમારે આત્માને જાણવો? શ્રીમદ્દે એમ કહ્યું કે 'જે સ્વરૂપ સમજ્યા વિના...' બોલ્યા હતા. વવાણીયાના છેને. અહીં આવ્યા... ભાઈને ઠીક નથી ને ગયા છે. મણિભાઈને ઠીક નથી. અમદાવાદ ગયા છે.

આહાહા! અરે ભગવાન! તું તને અજાણ્યો રહે—આ તો વિસ્મય થઈ ગયું છે. પોતે ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સત્–શાશ્વત, અનંત ગુણના સાગરથી ભરેલો... આહાહા! કહે છે કે એની શોભા અનંત ગુણને લઈને છે. આ શરીરને શણગારે છેને. દાગીના ને આ ને આ, અંદર ટીલાટપકા કરીને. એ તો ધૂળ–માટી છે, આ તો મડદાં છે. એની શોભા માટે એના અવયવો એને પૂરતા નથી લાગતા. બીજી ચીજ કાંઈ નાખે એમ દાગીના... એમ આત્મા અંદર અલંકૃત પોતાના ગુણથી શોભિત છે. એને બીજાની કાંઈ જરૂર નથી. આહાહા! સમજાણું કાંઈ? એણે અનંત કાળથી ન જાણ્યું હોય તો એ પોતાનું તત્ત્વ, બાકી બધું એણે દયા, દાન, વ્રત ને ભક્તિ ને પૂજા અનંતવાર કર્યાં. કહો, સમજાણું કાંઈ? જૈનનો દિગંબર સાધુ પણ અનંતવાર થયો, શું

થયું એમાં? વસ્તુ શું? ભગવાન અંદર આત્મા પરિપૂર્ણ ચૈતન્યનાથ એને જ્યાં અનુભવમાં ને દૃષ્ટિમાં ન આવે ત્યાં સુધી એ ધર્મી થઈ શકે નહીં. સમજાણું કાંઈ? આહાહા!

પહેલા શબ્દમાં જુઓને! **અનુપમ ગુણોથી અલંકૃત છે**... સિદ્ધેય એમ છે અને આ આત્માય એમ છે, એમ કહે છે. આહાહા! **નિર્વિકલ્પ...** ભગવાન તો નિર્વિકલ્પ છે. રાગનો એને સબંધ નથી. વિકલ્પ જે રાગાદિ (સાથે) સંબંધ નથી, અભેદ ચીજ છે ભગવાન આત્મા. પૂર્ણાનંદ પ્રભુ અભેદ ચીજ આત્મા **એવા જે બ્રહ્મમાં...** એવું જે બ્રહ્મ **(આત્મતત્ત્વમાં)** એને **ઇન્દ્રિયોનું અતિ વિવિધ અને વિષમ વર્તન જરા પણ નથી જ...** આહાહા! સિદ્ધને પણ નથી. નથી થયું કેમ? નહોતું તો નથી થયું. આહાહા! અરે! એનો વિશ્વાસ, એનો અનુભવ એ તો અલૌકિક ચીજ છે ભાઈ! લોકોને એની કિંમત નથી. આ બહારની કિંમત. કાંઈ બાયડી છોડી, છોકરા છોડ્યા, લૂગડાં ફેરવ્યા, નાગો થયો કાં સાધુ થયો બહારમાં એ સંયમ. ધૂળેય સંયમ નથી, સાંભળને! બહારના એવા ભેષ પલટે એ તો જડના છે. ચૈતન્યનો ભેષ પલટ્યા વિના... આહાહા! સમજાણું કાંઈ?

કહે છે કે એવો જે આત્મતત્ત્વ બ્રહ્મ... **ઇન્દ્રિયોનું અતિ વિવિધ**... ભગવાન સિદ્ધમાં અને આત્મામાં ઇન્દ્રિયોનો અતિ વિવિધ પ્રકાર (નથી). પાંચ ઇન્દ્રિયોનો છેને? **વિવિધ** પ્રકાર **અને વિષમ વર્તન** એ સ્વરૂપમાં છે જ નહીં. સિદ્ધ ભગવાન પણ એવા છે અને આ આત્મા પણ અણીન્દ્રિય છે. સમજાણું કાંઈ? માણસને એવું લાગે કે આ તો મોટી-મોટી વાતું છે. ભગવાન! તારા મોટપની શી વાત કરવી! તને જેટલો વ્યવહારથી ગણવામાં આવે એટલો એવો એમાં છે નહીં. સમજાણું કાંઈ? આહાહા! સિદ્ધને તો આઠ ગુણ ગણ્યા વ્યવહારે. નિશ્ચયે તો અનંત ગુણ છે. સમજાણું કાંઈ? એવો બ્રહ્મ નામ ભગવાન આત્મા, બ્રહ્મતત્ત્વ–આનંદતત્ત્વ આત્મા, એમાં **ઇન્દ્રિયોનું અતિ વિવિધ અને વિષમ વર્તન**... એ વર્તવું જરાપણ નથી. આહાહા! અશરીરી ભગવાન સિદ્ધને નથી, તો અશરીરી (એટલે) વિકલ્પ વિનાનો આત્મા એમાં પણ આ નથી. ઇન્દ્રિયોનો વિવિધ અને વિષમ વેપાર ભગવાન આત્મા અણીન્દ્રિયમાં છે નહીં. આહાહા! સમજાણું કાંઈ?

**નથી જ**, એમ પાછું. વિવિધ–અનેક પ્રકાર અને વિપરીત એવું વર્તન જરાપણ નથી. **સંસારના મૂળભૂત અન્ય (મોહ-વિસ્મયાદિ) સંસારીગુણસમૂહો નથી જ.** સમજાણું કાંઈ? એ સંસારી ગુણો... આહાહા! વિસ્મય ને જરા ને રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ ને—એ બધા સંસારીગુણો છે. આહાહા! સંસારને પુષ્ટ કરનારા છે, રખડવાના પુષ્ટ કરનાર છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજાનો વિકલ્પ–રાગ એ સંસારી ગુણ છે. આહાહા! ભારે કામ ભાઈ આકરું. એ ગુણુભાઈ! એની જાતને જાણી નહીં ને જાતમાં શું છે

એની ભાત... જાતમાં શું એની ભાત પાડી નહીં એણે. ખોટા ભાગ પાડ્યા રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ—એ બધા સંસારીગુણો છે. આહાહા! ગજબ વાત છે ને!

એવો ભગવાન આત્મા, કહે છે કે... 'મોહ વિસ્મય' હતોને શબ્દમાં. ગાથામાં હતોને? એ એમાં નથી. આહાહા! હોય તો છૂટે નહીં. નથી એટલે છૂટી જાય છે અને આત્મા જેવો પરમાત્મા થઈ જાય છે. આહાહા! **તે બ્રહ્મમાં સદા નિજસુખમય એક નિર્વાણ પ્રકાશમાન છે.** સિદ્ધને નિર્વાણ છે, શાંતિ પૂર્ણ થઈ ગઈ નિર્વાણ. એમ આત્મામાં પણ **સદા નિજસુખમય**.. આત્મા આનંદમય છે. **નિજસુખ**.. અતીન્દ્રિય સચ્ચિદાનંદ આનંદ એનો સ્વભાવ છે. અતીન્દ્રિય આનંદ એવો એનો ગુણ છે. એવા ગુણમય **એક નિર્વાણ...** એકરૂપ સ્વભાવ નિર્વાણ શાંતિ જેમાં પડી છે એવો આત્મા છે. આહાહા! ભારે વાત ભાઈ!

મૂળ આત્માની વાત મૂકી દઈને બીજી બધી વાતું. .... સંયમ? ત્યાં બોલ્યા હતાને. આ લૂગડાં ફેરવીને બેસે, બાયડી-છોકરા છોડીને, થઈ ગયા (અમે સંયમી), અમે સંયમ લીધા. ધૂળેય નથી, સાંભળને! એ બહારની ચીજ ક્યાં અંદર ગરી હતી તેં છોડી? તેં એમ માન્યું હતું કે 'હું અલ્પજ્ઞ ને રાગ-દ્વેષવાળો છું' એ છોડવું જોઈએ. હું સર્વજ્ઞ ને વીતરાગમૂર્તિ છું એવી માન્યતા દ્વારા અલ્પજ્ઞતા ને રાગ-દ્વેષ છોડવું જોઈએ. એ તો છોડ્યું નહીં ને આ બહારની (વસ્તુ) છોડીને બેઠો. થઈ ગયા અમે સાધુ. ધૂળેય નથી, કહે છે. સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ આવું. અરે! તારા મોટપની શું વાત કરવી? પ્રભુ! તું મોટો કેવો? કે વાણીમાં ન આવે એવો. વિકલ્પના રાગમાં, પ્રશસ્ત શુભરાગમાં ન આવે. અરે! એમાં તો ન આવે, પણ એક સમયની પર્યાયમાં આખું રૂપ ન આવે. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન બ્રહ્મસ્વરૂપ પ્રભુ અને સિદ્ધ બ્રહ્મસ્વરૂપ **સદા નિજસુખમય**... ત્રિકાળ આનંદમય છે. આહાહા! **નિજસુખમય**, એમ. સુખવાળો એમ નહીં, નિજસુખમય. અભેદ છે. અરે! આનો સ્વીકાર, એની દૃષ્ટિ, એની કિંમતું શું છે? કહે છે. સમજાણું કાંઈ? **એક નિર્વાણ પ્રકાશમાન છે**. મોક્ષસ્વરૂપ જ પ્રકાશમાન આત્મા છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! બહારથી પાંચ-પચ્ચીસ લાખ મળે, બંગલો મળે, બાયડી મળે, છોકરા મળે એટલે અમે કાંઈ સુખી છીએ. મૂઢ છો. ઝેરના પ્યાલા પીને અમૃત છે એમ માને છો. સમજાણું કાંઈ? અંદરનો નિર્વિકલ્પ આનંદ એને ભૂલીને, આ બધા આનંદ છે, અમને મજા છે, ઉત્સાહિત છે અમારું વીર્ય એમાં, પ્રફુલ્લિત વીર્ય થાય છે આમ. અરે ભગવાન! એ તો ઝેરના સોજા છે. સમજાણું કાંઈ? શું હશે આમાં ચીમનભાઈ?

આ બધા પૈસાવાળા કહેવાય મોટા. એય! કરોડપતિ, બે કરોડપતિ, પાંચ કરોડપતિ. જડના પતિ? ચૈતન્યના પતિ થયા વિના એની શાંતિ વળે એવું નથી. આહાહા! એક નિર્વાણ.. નિર્વાણ.. નિર્વાણ.. ઠરવાની શાંતિ છે. કષાયભાવ ઓલાઈ ગયો, એમ. નિર્વાણ એટલે

કષાયભાવ ઓલાઈ ગયો અને અકષાયભાવ પ્રગટ્યો. સમજાણું કાંઈ? એને નિર્વાણ કહેવામાં આવે છે. ભગવાન પણ અકષાયભાવસ્વરૂપ જ છે, કષાયભાવનો એમાં અભાવ છે. એથી આત્મા પણ નિત્ય પ્રકાશમાન નિર્વાણ છે. જેના સ્વીકારમાત્રથી શાંતિ આવે, એની પૂર્ણ પ્રગટતાની શાંતિની શું વાત કરવી! સમજાણું કાંઈ? ૧૮૦ ગાથાનો કળશ થયો. ગાથા ૧૮૧.

**णवि कम्मं णोकम्मं णवि चिंता णेव अट्टरुद्दाणि ।**

**णवि धम्मसुक्कझाणे तत्थेव य होइ णिव्वाणं ॥ १८१ ॥**

આમ નિર્વાણ તો કહ્યું, પણ અંદર પરમતત્ત્વ કહ્યું છે. પણ બેય વ્યાખ્યા....

**જ્યાં કર્મ નહિ, નોકર્મ, ચિંતા, આર્તરૌદ્રોભય નહીં,**

**જ્યાં ધર્મશુક્લધ્યાન છે નહિ, ત્યાં જ મુક્તિ જાણવી. ૧૮૧.**

**ટીકા : આ, સર્વ કર્મોથી વિમુક્ત (રહિત)...** સર્વ જડકર્મ ને ભાવ(કર્મ)થી રહિત **તેમ જ શુભ, અશુભ ને શુદ્ધ ધ્યાન તથા ધ્યેયના વિકલ્પોથી વિમુક્ત...** શુભધ્યાન અને અશુભધ્યાન—આર્તધ્યાન, રૌદ્રધ્યાન અને ધર્મધ્યાન અને શુદ્ધ ધ્યાન. એ ધ્યાન ને ધ્યેય એના ભેદના વિકલ્પથી મુક્ત **પરમતત્ત્વના સ્વરૂપનું કથન છે.** પરમતત્ત્વ સિદ્ધ ભગવાન અશરીરી થયા એ અને પરમતત્ત્વ આ ભગવાન આત્મા—બેયનું કથન છે. આહાહા! માળે પણ આ હોય એ ઉપાધિ ક્યાંથી આવી? નેમિદાસભાઈ! કેટલી વ્યવસ્થામાં રોકાવું... આહાહા! આ કરવું ને આ કરવું ને આ કરવું. ડાહ્યા માણસો હોય તો વ્યવસ્થાથી કામ લેને? ધૂળમાંય નથી લેવાતું, સાંભળને! આ ડાહ્યો કોને કહેવો? બહારના કામની વ્યવસ્થામાં ડાહ્યો એ મૂઢ છે. આહાહા!

ભગવાન આત્મા... નેમિદાસભાઈ! લ્યો હવે એકલાને ઉપાધિ કેટલી? શું કરવું આ મકાનોનું? આ બધું નાખવું ક્યાં? કેમ કરવું? કેટલી ચિંતાઓ આવે અંદર. બધી સરખાઈ રાખવી જોઈએ. જરી હાથમાં રાખે નહીંતર પાછું કોઈ સેવા નહીં કરે. એ બધું હાય.. હાય.. ઉપાધિ પણ કેટલી? એ પોપટભાઈ! આહાહા! ભાઈ! તારો આત્મા તો અનંત ગુણનો હીરો છે. સમજાય છે કાંઈ? તારા હાથમાં તારી ચીજ છે. આ તો ધૂળેય તારી ચીજ નથી. આહાહા! માળો પણ નથી ત્યાં મૂંઝાણો (અને) છે ત્યાં જોતો નથી. પોપટભાઈ! આહાહા!

**(પરમતત્ત્વ) સદા નિરંજન હોવાને લીધે...** સિદ્ધ ભગવાન તો સદા નિરંજન છે, એમ આ આત્મા પણ ત્રિકાળ નિરંજન છે. આહાહા! '**સદા નિરંજન**' છેને? ત્રણે કાળ ભગવાન રાગના અંજન-મેલથી રહિત પ્રભુ છે. નિરંજનનાથ.. અંજન.. અંજન.. નિર્-અંજન. પુણ્ય ને પાપના વિકલ્પો અંજન નામ મેલ નામ કાળપ છે. એનાથી (ભિન્ન) ભગવાન આત્મા નિરંજન છે. આહાહા! સમજાણું કાંઈ? **સદા નિરંજન...** પ્રભુ! ત્રણે કાળે તારી જાતમાં તો નિરંજનતા છે. અંજન નામ મેલ.. આંખને અંજન લગાવે છેને. ત્યારે એ અંજનથી વળી શોભે, એમ કહે. આ અંજનથી અશોભે. સમજ્યા? આ એમ છે. અહીંયા અંજન લાગે... છોકરા નાના હોય તો

લગાવે છેને સવારમાં. કાળી લાગે, સારી લાગે, આમ ટીકડીયું શોભે. અહીં તો કહે છે કે અંજનથી આત્મા અશોભે. એ તો નિરંજનથી શોભે છે. આહાહા!

**સદા નિરંજન હોવાને લીધે**, એમ. ત્રણે કાળે સિદ્ધ ભગવાન અને આત્મા નિરંજન હોવાને લીધે **(તેને) આઠ દ્રવ્યકર્મ નથી...** એ આઠ કર્મ નથી. કર્મ કર્મમાં જડ છે એ તો. જડ જડમાં, આત્મા આત્મામાં. આત્મામાં કર્મ કેવા? ભારે આકરું.... આઠ કર્મ સહિત છે. અરે! ત્રિલોકનાથ પણ એમ કહે છે કે આઠ કર્મને લઈને રખડ્યો જીવ. લ્યો એમ કહે છે આ તો. એય! છઠ્ઠી સાલમાં ત્યાં પાલીતાણા. છઠ્ઠી સાલમાં. બાવીસ વર્ષ થયાં. પ્રતાપભાઈ, કેવા પ્રતાપ? જીવા પ્રતાપ. એ આવ્યા લઈને.... આમ કહે છે આમ. તમે પુણ્ય-પાપ માનતા નથી, કર્મને લઈને રખડે છે એમ ભગવાન કહે છે (અને) તમે કહો કે કર્મને લઈને નહીં, પોતાની ભૂલને લઈને રખડે છે. એમ નહીં. ભગવાને એમ નથી કહ્યું. આવી તકરાર. અરર! શું કરે છો તું? તું ભૂલ્યો ને ભૂલ નાખ કર્મને માથે. આવો અન્યાય કરનારને આત્માનું સ્વરૂપ પ્રાપ્ત કેમ થાય? આહાહા!

કહે છે કે તું તો આઠ કર્મ વિનાનો છો. વસ્તુ આત્મા આઠ કર્મ વિનાની છે. કર્મ તો જડ છે, ભગવાન તો ચૈતન્યમૂર્તિ આત્મા છે. એમાં કર્મ કેવા અંદર? આહાહા! આ વાંધા ઉઠે. એ ચેતનજી! અનંત ઉપકારી એમ કહે છે. એમ કહ્યું છે હોં. અનંત ઉપકારી જિનરાજ એમ કહે છે કે આઠ કર્મને લઈને રખડ્યો (અને) તમે એનો વિરોધ કરો છો. કર્મને લઈને રખડ્યો નથી. પોતાના સ્વરૂપને ન જાણ્યું, ન માન્યું, ન ઓળખ્યું માટે રખડ્યો છે. 'અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા..' કર્મ-બર્મ કોઈ રખડાવતું નથી. 'અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા..' આ તો સાદી વાત છે લ્યો. એમાંય તકરાર. અરે ભગવાન! ક્યાં લઈને.... અરેરે ભાઈ! તું તકરાર વિનાની ચીજ છોને નાથ! આ તકરારના વિકલ્પ તને શોભે છે? ભાઈ! આહાહા! એ નિરંજન નિરાકાર બ્રહ્મ પ્રભુ સદા આઠ કર્મથી રહિત છે.

**ત્રણે કાળે નિરુપાધિસ્વરૂપવાળું હોવાને લીધે (તેને) પાંચ નોકર્મ નથી...** આહાહા! (ત્રણ) શરીર નથી, મન, ભાષાય નથી એને. ભગવાન આત્મામાં ભાષા ને મન નથી, એ તો ભિન્ન છે. ચૈતન્યમૂર્તિ અરૂપી આનંદઘન છે. આહાહા! સમજાણું કાંઈ? અરેરે! એના ઘરની વાતું સાંભળવા મળે નહીં અને પરઘરની માંડીને બેસે, આહાહા! એના રખડવાના આરા કે દિ' ઓરા (-નજીક) આવે? બહારની હોંશું.. આહાહા! છોકરો પરણતો હોય, પચ્ચીસ-પચાસ લાખની મૂડી હોય, પાંચ લાખ ખરચવા હોય, જુઓ! પછી હું પહોળો ને શેરી સાંકડી. નોટું તૈયાર કરજો સો ઉલાળવા માટે. એક સાથે વરઘોડો કાઢવો છે મોટો. જેટલા આપણા સગાવહાલા કે આડતીયા બધા મોટરું લાવજો. રાત્રે ભાઈનો વરઘોડો કાઢવો છે. ચોરાશીમાં રખડવા જાય છેને. આહાહા! જુઓ! આ એની હોંશું.

અરે! ચૈતન્યમૂર્તિ ભગવાન એના આવો ગુણો, કર્મ વિનાની ચીજ એમાં આરૂઢ થવાની તને હોંશ ન આવે અને આમાં હોંશ આવે. આહાહા! એણે સાચા તત્ત્વને ન જાણ્યું, ન માન્યું એટલે એનો અર્થ કે એણે સાચા તત્ત્વને મારી નાખ્યું છે, સ્વીકાર કર્યો નથી. આહાહા! એ જીવિઆ વવરોવિયા છે. ઇચ્છામિ પડિક્કમણું આવે છે કે નહીં. કપુરભાઈ! કર્યું હતું? તમે નહીં કર્યું હોય? ગુલાબભાઈએ નહીં કર્યું હોય. સામાયિકમાં નથી આવતું સામાયિકમાં? પહેલું ણમો અરિહંતાણં, પછી તિક્ખુતો, પછી ઇરિયાવહીયા, પછી તસ્સઉત્તરિ, પછી લોગસ્સ, પછી કરેમિ ભંતે ને નમોત્થુણં. સાત પાઠ આવે છે. કર્યા હતા તમે કે નહીં? નહીં? આહાહા! અરે! **ત્રણે કાળ નિરુપાધિસ્વરૂપ હોવાને લીધે** ભાષા, મન ને શરીર એમાં નથી.

**મન રહિત હોવાને લીધે ચિંતા નથી...** ભગવાન આત્મામાં મન ક્યાં છે? એમ સિદ્ધને મન ક્યાં છે? મન હોય તો ચિંતા થાય. આહાહા! કોની ચિંતા? સમજાણું કાંઈ? ભગવાન આત્મા નિશ્ચિંત છે. એવું તારું તત્ત્વ અનાદિનું એવું છે. માન્યું નથી, માન્યો નથી, માન્યતા બીજે નાખી દીધી માળે. આહાહા! **ઔદયિકાદિ વિભાવભાવોનો અભાવ હોવાને લીધે...** ઓલામાં કળશમાં તો સિદ્ધ જ લેશે ચોખ્ખા. કળશમાં તો સિદ્ધ લેશે..... કહે છે, સિદ્ધભગવાનમાં ઉદય-ઉપશમ આદિ છે નહીં, એમ આત્મામાં એ ઉદય-ઉપશમ આદિ કાંઈ છે નહીં. આ તો ક્ષાયિકભાવેય નથી આત્મામાં. આહાહા! ક્ષાયિકભાવ પણ, એક સ્વદ્રવ્યની પૂર્ણ અખંડતાની અપેક્ષાએ એક અંશદશાને પણ પરદ્રવ્ય કહીને, પરભાવને કહીને, હેય ઠરાવ્યું છે. આહાહા!

એને નજરુંમાં 'આવો આત્મા છે' એમ જ્યાં સુધી ન આવે, ત્યાં સુધી એને આત્મજ્ઞાન ને દર્શન થાય નહીં. આહાહા! ભાઈ સવારમાં પૂછતા હતા કે શું કરવું? ... તો છે ક્યાંક. ... બરાબર એને સમજણ જોઈએ. જેવી રીતે છે એવી રીતે પહેલી સમજણ જોઈએ. જ્ઞાન આવે પછી અંદર ઢળે ત્યારે અનુભવ થાય. એ ચીજને જે રીતે વ્યવહારુ વિકલ્પથી લક્ષમાં, શ્રદ્ધામાં, વિશ્વાસમાં લેવું જોઈએ એવી રીતે ન આવે તો અંતરમાં એમ જવાબ નહીં આવે. અંતરનો જવાબ એટલે એ અંતર્મુખ નહીં થઈ શકે. સમજાણું કાંઈ? ઉદય, રાગ-દ્વેષનો વિભાવભાવ, ઉપશમ આદિ અભાવ હોવાને લીધે... આ સિદ્ધની વ્યાખ્યા છે તેથી એમાં ક્ષાયિકભાવ ન ગણવો.

**આર્ત ને રૌદ્ર ધ્યાન નથી...** ચૈતન્યમૂર્તિ ભગવાન પરમતત્ત્વ આત્મા એને આર્ત ને રૌદ્ર–વિરુદ્ધ વિકારીભાવનું ધ્યાન એ સ્વરૂપમાં છે નહીં. **ધર્મધ્યાન ને શુક્લધ્યાનને યોગ્ય ચરમ શરીરનો અભાવ હોવાને લીધે...** લ્યો. ધર્મધ્યાન ને શુક્લધ્યાનને યોગ્ય ચરમશરીરનો અભાવ હોવાને લીધે **તે બે ધ્યાન નથી.** સમજાણું? ઓલામાં (કહ્યું કે) મન નથી માટે ચિંતા નથી, સમજાણું કાંઈ? નિરંજન હોવાને લીધે કર્મ નથી, સદા નિરુપાધિ હોવાને લીધે પાંચ નોકર્મ

નથી, એમ. આ ન્યાય આપ્યા. ઔદયિકાદિનો અભાવ હોવાને લીધે (આર્ત ને રૌદ્ર) ધ્યાન નથી અને ધર્મધ્યાન ને શુક્લધ્યાનને યોગ્ય ચરમશરીરનો અભાવ હોવાને લીધે તે બે ધ્યાન નથી.

**ત્યાં જ મહા આનંદ છે.** આત્માની મોક્ષદશા–સિદ્ધદશા છે ત્યાં આનંદ છે અને એ આનંદનું ધામ ભગવાન પોતે છે. એ આનંદ ક્યાંયથી બહારથી આવતો નથી. આહાહા! સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદનો નાથ એનો સ્વીકાર થતાં જે આનંદ પર્યાયમાં પ્રગટ થાય એને ધર્મ કહીએ અને એની પૂર્ણાનંદ દશા પ્રગટ થાય એને સિદ્ધ કહીએ. આહાહા! શાકભાજીની કિંમત કરી માણસે, પણ આત્માની કિંમત ન કરી. આહાહા! કારેલા સારા આવ્યા હોય ને ઘીમાં કરકરા કર્યા હોય, એમાંય કેરીનો રસ ને રોટલી ખાતો હોય તો આહાહા.. જાણે કે આ શું આવ્યું આમાં. ધૂળેય નથી, સાંભળને માળા! એ વિષયો સુખનું કારણ છે? એ અકિંચિત્કર છે. તેં કલ્પના કરી છે કે આ ઠીક છે. એ તો તારી કલ્પનાનો વિષય થયો. સમજાણું કાંઈ?

પ્રવચનસારમાં આવે છેને? વિષયો શું કરે? એમ છેને. આ તો પ્રવચનસારમાં. વિષયો શું કરે? વિષયો તો અકિંચિત્કર છે. તારી કલ્પના તેં માની છે કે આ મને ઠીક છે, એ ભાવ રોકાયેલો એ તારો ભાવ છે. ઓલાને લઈને નથી કાંઈ. કલ્પના તેં માની છે કે સ્ત્રીમાં સુખ છે, આબરૂમાં સુખ છે, શરીર સુંદર રૂપાળું ધોળું માખણ જેવું એને અડવાથી સુખ છે. એ વિષયો કાંઈ તને સુખની કલ્પના નથી કરાવી દેતા, તેમ એમાં વિષયનું સુખ છે પણ નહીં. તેં કલ્પનાથી એમાં માન્યું કે આમાં આમ છે. એ તો તારો વિષય, એમાં પરવિષય કરે શું? આહાહા! પરનો વિષય બનાવીને કલ્પના તેં કરી. સ્વને વિષયને બનાવીને નિર્વિકલ્પ કરે એ સુખનું કારણ છે. સમજાણું કાંઈ? ...આત્મા.. આત્મા માન્યો.

**ત્યાં જ મહા આનંદ છે**. જ્યાં શુક્લધ્યાન ને ધર્મધ્યાન પણ નથી એમ કહે છે, ત્યાં મહા આનંદ છે. શુક્લધ્યાન હોય ત્યાં પણ હજી પૂર્ણ આનંદ નથી, અવ્યાબાધ આનંદ નથી. લ્યો. આહા! સમજાણું કાંઈ? એમ આત્મામાં મહા આનંદ છે. આવે છેને ઓલા ...... યોગ. જેટલો સમકિત આદિ ગુણ પ્રગટ્યો એટલો તો યોગનો અભાવ થયો છે તે પ્રકારનો. ભાઈ! આવે છેને? અનંતાનુબંધી, મિથ્યાત્વ ગયો તો એટલો યોગ પણ ગયો છે. વાત સાચી. આહાહા! એમ તો ગયા, પણ ખરેખર તો જેટલા અઘાતિકર્મ છે એનો અંશેય ગયો છે. આખો આત્મા આખા ગુણનો પિંડ જ્યાં નિર્મળ પર્યાયમાં આવ્યો, અવ્યાબાધ આદિ પર્યાયનો અંશ તો આવ્યો છે. સમજાણું કાંઈ? શું કહેવાય છે આ?

કહે છે કે ઓલા અઘાતિકર્મના નિમિત્તવાળા જે ગુણો–અવગુણ છેને. એનોય જરી અંશે, સમ્યગ્દર્શન થતાં યોગનો ગુણ પણ એક અંશે નિર્મળ થયો છે તે સંબંધીનો. મિથ્યાત્વનો, અનંતાનુબંધીનો.... એટલો તો અઘાતિના જે નિમિત્તવાળા ગુણ એનોય અંશ તો શુદ્ધ થયો છે.

સમજાણું કાંઈ? હજી તો ઓલો, સમ્યગ્દર્શનમાં કેવળજ્ઞાનનો અંશ પ્રગટે છે એ કબૂલ કરવું હજી મુશ્કેલ પડે છે. એ કેવળજ્ઞાન તો પૂર્ણ સ્વરૂપ છે અખંડ. એ ક્ષાયિક છે માટે એમાં કટકો કેમ? અરે ભગવાન! વાંધો છેને હજી. આહાહા! આખી ચીજમાં આ વળી અંશ ક્યો? અરે પ્રભુ! એ અંશ છે એ તો એનો છે ભાઈ! એ તો પૂર્ણ નથી પ્રગટ્યો એટલે એને ઘાતિકર્મનું નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા! અનંતા ગુણોમાં એ અંશ આવ્યો કે નહીં ભેગો?

ત્યાં તો મોક્ષમાર્ગપ્રકાશમાં કીધું છેને કે અનાદિનો જે ક્ષયોપશમનો અંશ છે એ પણ બંધનું કારણ નથી.—એમ કીધું છે ત્યાં. એની જાતનો છે એ. આહાહા! ભલે સ્વલક્ષી ન હો, પણ ઉઘાડ તો છેને. એને ઉઘાડનો અંશ એ બંધનું કારણ છે? આખો આત્મા છે એ દૃષ્ટિનું જ્યાં ભાન થયું, ત્યાં તેના પરિણામ બધા અબંધપરિણામ જ થયા, કહે છે. આહાહા! સમજાણું કાંઈ? થોડા પરિણામ બંધના રહ્યા એ પરમાં પૃથક્‌માં રહ્યા. એથી એને સિદ્ધ સમાન પર્યાય થઈ એમ પણ કહેવાય. આહાહા! ગજબ વાત છેને! આહાહા! પચાસ લાખ થાય, કરોડ-બે કરોડ ત્યાં અબજપતિનો ઓલો કુદકો મારે કે હવે અમારે અબજપતિ થાવું છે, હવે અમારે આમ થાવું છે. એની હોંશું તને. નથી એને પણ જાણે લાવ્યો અને આ આવી જશે એમ માને. એમ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, કહે છે કે જ્યાં મહા આનંદ છે એની જ્યાં અંતરમાં સ્વીકારદશા થઈ, એ પર્યાયમાં પણ મહા આનંદ પ્રગટ થાય. આહાહા! સિદ્ધને મહા આનંદ પૂર્ણ છે.

**હવે આ ૧૮૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :**

**निर्वाणस्थे प्रहतदुरितध्वान्तसंघे विशुद्धे**
**कर्माशेषं न च न च पुनर्ध्यानकं तच्चतुष्कम्।**
**तस्मिन्सिद्धे भगवति परंब्रह्मणि ज्ञानपुंजे**
**काचिन्मुक्तिर्भवति वचसां मानसानां च दूरम् ॥३०१॥**

શબ્દો ઓછા પડે છેને! **શ્લોકાર્થ : જે નિર્વાણમાં સ્થિત છે...** જે આત્માની શાંતિ પૂર્ણ પરમાત્મદશા પ્રગટ થઈ છે એમાં–નિર્વાણમાં સ્થિત છે. **જેણે પાપરૂપી અંધકારના સમૂહનો નાશ કર્યો છે...** પુણ્ય ને પાપ બેય પાપ છે અહીં તો. એવા પુણ્ય ને પાપના ભાવનો જેણે નાશ કર્યો છે. એ અંધકાર છે કહે છે. દેખો! ભાષા. ચૈતન્યના પ્રકાશની આગળ એ પુણ્ય ને પાપના બે ભાવ તે અજ્ઞાન ને અંધકાર છે. સમજાણું કાંઈ? **प्रहतदुरित...** એનો જેણે નાશ કર્યો છે. અરે! જ્ઞાન ભગવાન આગળ અજ્ઞાન અંધકાર કેમ રહે? સૂરજ તપે, પ્રકાશ થાય ને અંધકાર રહે એમ બને નહીં.

પહેલા એક નહોતો દાખલો આપતા? અંધકાર ને પ્રકાશ બે જઈને... અંધકારે કરી ફરિયાદ કે આ અમને રહેવા નથી દેતો માળો. કહે, આવજો બેય ભેગા થઈને, ન્યાય આપશું. પણ સૂર્ય આવે ત્યાં અંધકાર ન હોય અને અંધકાર ત્યાં સૂર્ય ન હોય. ભેગા કે દિ' થાય?

અંધકારે ફરિયાદ કરી કે સૂર્ય અમને નડ્યા જ કરે છે, અમારો નાશ કરી નાખે છે. જરીક ન્યાય આપો ન્યાય. આવજો બેય ભેગા થઈને કોર્ટમાં. મારી પાસે આવજો તો ખરા ભેગા થઈને. ભેગા થાય શી રીતે? આહા! જ્યાં પ્રકાશ છે ત્યાં અંધકાર નથી. ત્યાં ભેગા થાય શી રીતે? એવું આવે છે. અહીં તો ભગવાન કેવળજ્ઞાનનો નાથ.. આહાહા! એના ચૈતન્યપ્રકાશના નૂર આગળ.. એ ચૈતન્યના પ્રકાશના પૂરના પ્રવાહ આગળ પુણ્ય-પાપના અંધકારનો તો નાશ થઈ જાય છે. એ ભીખાભાઈ! આવો આત્મા ક્યાં...?

એમાં પાંચ-પચાસ હજાર મળે, લાખ-બે લાખ, ત્યાં તો એમ થઈ જાય કે આહાહા.. બાહુબળથી સાંપડ્યા છે અમને, એમ.... નહોતાને સાંપડ્યા. બાપા નહોતા કાંઈ મૂકી ગયા અને અમે બાહુબળે રળ્યા છે. એમ કહી બાપને હલકા ઠરાવ્યા. એ મલૂકચંદભાઈ! કહ્યું હતું એક ફેર. ખબર છે? અમદાવાદમાં કહ્યું હતું. બાપાએ ક્યાં પૈસાનો ધક્કો જોયો છે? તત્ત્વની ખબર કાંઈક હશે, નહીં? શું હતું? એણે રસ ક્યાં જોયો છે? એમ કહ્યું હતું. એની પાસે કેટલા હોય? પચાસ હજાર, લાખ-બે લાખ... ૩૫-૪૦ હજાર હતા બાપ પાસે. ... સમૃદ્ધ થયા .... આહાહા! કરોડોપતિઓ થયા છોકરા તો (કહે), બાપાએ રસ ક્યાં જોયો છે પૈસાનો? અમે રસ જોયો છે. ઝેરના રસ છે. આહાહા! ભારે પણ દુનિયાથી ઊંધું ભારે હોં. આહાહા! કહે છે, નિર્વાણ પરમાત્મસ્વરૂપ એવા ચૈતન્યના પ્રકાશમાં જે સ્થિત છે, જેણે પાપ ને પુણ્યના અજ્ઞાનરૂપી અંધકાર સમૂહનો નાશ કર્યો છે.

**અને જે વિશુદ્ધ છે...** લ્યો. અહીં તો વિશુદ્ધ નિર્મળતાના (અર્થ)માં છે. વિશુદ્ધ.. શુભભાવને પણ વિશુદ્ધ કહેવાય, શુદ્ધને પણ વિશુદ્ધ કહેવાય છે. પૂર્ણ શુદ્ધ.. વિ-શુદ્ધ—વિશેષે પૂર્ણ શુદ્ધતા જેને પ્રગટી એવા પરમાત્મા સિદ્ધ **તેમાં એ પરમબ્રહ્મમાં અશેષ કર્મ નથી.** કોઈ કર્મમાત્ર નથી. આહાહા! અને કર્મ નથી તો કર્મને કારણે થતા ભાવ પણ નથી. **તેમ જ પેલાં ચાર ધ્યાનો નથી.** પેલા આવ્યાને. 'તત્' ને? **तच्चतुष्कम्...** નહીં? એમાં જ, એમ. પેલા ચાર ધ્યાનો નથી. આર્ત, રૌદ્રધ્યાન નથી. સમજાણું કાંઈ? પેલી ચર્ચા થાતી હતી. ઓલા પડિકમણામાં આવે છેને. 'પડિકમ્મામિ ચઉંવીહિ જાણીહી' આવે છે. 'પડિકમ્મામિ ચઉંવીહિ જાણીહી..' ચોથા શ્રમણસૂત્રમાં. આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન ને શુક્લધ્યાન. પેલા ચાર ધ્યાનથી કેમ પાછો ફરે? આર્ત-રૌદ્ર..... હવે પણ ચારેય ધ્યાનથી પાછો ફરે ત્યારે પૂર્ણ થાય છે. એય!

પડિકમણામાં ચોથા શ્રમણસૂત્રમાં છે. 'પડિકમ્મામિ ચઉંવીહિ જાણીહી..' ત્યાં રાડ પાડે. આહાહા! એનામાં સૂત્ર છે, પણ એના અર્થ કરવામાં રાડ પાડતા માળા. આ તો ઘણા વર્ષની વાત છે. પચાસ વર્ષ. 'પડિકમ્મામિ ચઉંવીહિ જાણીહી.' એ આવે છે કે નહીં? શુક્લધ્યાનથી પાછો ફરું? પડિકમામિ (એટલે) પાછો ફરું એમ છે એનો અર્થ. એનો અર્થ જ એ છે કે ચાર

ધ્યાન મારામાં નથી. હું તો અખંડાનંદ એકરૂપ છું. સમજાણું કાંઈ? શ્રમણસૂત્રમાં આવે છે. સ્થાનકવાસીમાં આવે છે. દેરાવાસીમાં નથી. ચોથું શ્રમણસૂત્ર. શુક્લધ્યાનનો દોષ લાગ્યો એનો અર્થ શું? એનો અર્થ જ એ છે. એ વાત તો એમ જ છે. એમ કે ચાર ધ્યાનનો દોષ લાગ્યો, શુક્લધ્યાન.... શુક્લધ્યાન તો ... નથી. પણ એ શુક્લધ્યાન પોતે જ અધુરું છે, એ મારું પૂર્ણ સ્વરૂપ નથી. સમજાણું કાંઈ?

**તે સિદ્ધરૂપ ભગવાન જ્ઞાનપુંજ પરમબ્રહ્મમાં કોઈ એવી મુક્તિ છે...** આહાહા! સિદ્ધરૂપ ભગવાન અશરીરી પ્રભુ થયા એવા ભગવાન જ્ઞાનપુંજ પરમબ્રહ્મમાં કોઈ એવી મુક્તિ છે **કે જે વચન ને મનથી દૂર છે.** વચન ને મનના વિકલ્પથી પણ દૂર છે એવી મુક્તિ એને મોક્ષ કહીએ. આહાહા! સમજાણું કાંઈ? વચનાતીત, વિકલ્પાતીત, મનથી રહિત એવી પૂર્ણ આનંદની દશા, પૂર્ણ જ્ઞાનપુંજની પ્રગટ દશા એને મુક્તિ કહેવામાં આવે છે. અહીં તો કહે, વૈકુંઠમાં જાઓ, ત્યાં તમને ભગવાન મળશે અને સેવા કરજો. હજી એને નોકર રહેવું છે. આવાને આવા. મુક્તિની ખબર ન મળે. ત્યાં લગી અહીં તો એને અમારા સાધુને વહોરાવ્યું, આપ્યાં લાડવા તો ત્યાં તમને લાડવા મળશે. હજી એને શરીર ને એને ભાણા, એને લાડવા. આવી મુક્તિ વૈકુંઠની. ગપ્પે-ગપ્પ માર્યા છેને. આહાહા!

અહીં તો મુક્તિ એટલે પરમાનંદની તારી દશા એનું નામ મુક્તિ કહેવામાં આવે છે. આહાહા! આ વળી ભગવાન પાસે જાય, ભગવાનની સેવા કરે, ત્યાં તો નોકર રહ્યો. પણ ભગવાનને શરીર નથી તો સેવા કોની કરે? ભગવાન તો શરીર રહિત છે. આહાહા! ભારે પણ ગપ્પ માર્યા છેને. લોકો બિચારાને કાંઈ ખબર ન મળે. આંધળે આંધળા. 'અંધો અંધ પલાય' આવે છેને? સુયગડાંગમાં આવે છે. આંધળો દેખાડનાર, આંધળો ચાલનાર, બેય પડે ખાડમાં. આવો ભગવાન આત્મા એની મુક્તિ તો અલૌકિક છે, મન ને વચનથી પાર છે. ત્યાં વળી શરીર ને એને સેવા—એવું બધું હોય નહીં. એ અજ્ઞાનીઓએ કલ્પીને ગોઠવણ કરી. આહાહા! એ ૧૮૧ થઈ. ૧૮૨. હવે આમાં તો ચોખ્ખી વાત છે. ના, છે પાઠમાં છેને.

**विज्जदि केवलणाणं केवलसोक्खं च केवलं विरियं ।**
**केवलदिट्ठि अमुत्तं अत्थित्तं सपदेसत्तं ॥१८२॥**

જ્યારે આ આત્મા સિદ્ધ પરમાત્મા થાય ત્યારે એમાં શું હોય છે એનું વર્ણન છે. અત્યારે પણ એ બધું શક્તિમાં છે, પણ પર્યાયમાં પ્રગટ થાય ત્યારે શું હોય એ વર્ણન કરે છે.

**દગ-જ્ઞાન કેવળ, સૌખ્ય કેવળ, વીર્ય કેવળ હોય છે,**
**અસ્તિત્વ, મૂર્તિવિહીનતા, સપ્રદેશમયતા હોય છે. ૧૮૨.**

***ટીકા : આ, ભગવાન સિદ્ધના...*** સિદ્ધ એટલે પરમાત્મા થાય તે. સંસારનો નાશ કરીને પોતાની પરમાત્મદશા પ્રગટ કરે એને અહીં સિદ્ધભગવાન, મુક્તિદશા કહે છે. **આ ભગવાન**

**સિદ્ધના સ્વભાવગુણોના સ્વરૂપનું કથન છે.** લ્યો. ગુણો.. ગુણો.. પર્યાયની વાત છે. ભાષા તો એમ જ બોલાયને! કહો! સ્વભાવગુણોના સ્વરૂપનું કથન છે. હવે એને કેમ પ્રાપ્ત થાય સિદ્ધપદ એની વાત સાથે કરે છે. **નિરવશેષપણે અંતર્મુખાકાર...** અંતર્મુખસ્વરૂપ... ભગવાન આત્મા અંતરમાં પૂર્ણાનંદ છે એને અંતર્મુખે ધ્યાન કરીને સર્વથા.. નિરવશેષ એટલે સર્વથા. **(સર્વથા અંતર્મુખ જેનું સ્વરૂપ છે એવા)** વસ્તુ ભગવાન. એવા **સ્વાત્માશ્રિત નિશ્ચય-પરમશુક્લધ્યાનના બળથી...** લ્યો. એવો સ્વ-આત્મા એને આશ્રયે નિશ્ચય નામ પરમ શુદ્ધ, પરમશુક્લધ્યાન... આહાહા! નિશ્ચય પરમશુક્લધ્યાન... છેલ્લું છેને આ તો.

એના બળથી **જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારનાં કર્મોનો વિલય** એમ થયો. કર્મોનો નાશ થયો તો આ બળ પ્રગટ્યું એમ નથી કહ્યું અહીંયા. આવા બળથી જ્ઞાનાવરણાદિ પ્રકારનો (કર્મોનો) નાશ કર્યો. આઠ પ્રકારના કર્મોનો વિલય થતાં... વિલય નામ નાશ. પણ આવા બળથી નાશ થતાં, એમ કહ્યું છે. ઓલા એમ કહે કે કર્મનો નાશ થાય તો ગુણ પ્રગટ થાય એમ કહો. અહીં તો આત્મબળના ધ્યાનમાં આવ તો કર્મ નાશ થઈ જશે. સમજાણું કાંઈ? ... બાકી તો પોતાના સ્વભાવનો આશ્રય કરે એટલે એની અશુદ્ધતાનો નાશ થઈ જતાં એનું નિમિત્તપણું કર્મને છે એટલે કર્મ પણ એની મેળાએ પરિણમી જાય, કર્મ અકર્મરૂપે થઈ જાય. કર્મરૂપ અકર્મરૂપે થાય એ કર્મનો નાશ કહેવામાં આવે છે.

**તે કારણે ભગવાન સિદ્ધપરમેષ્ઠીને કેવળજ્ઞાન**–પૂર્ણ જ્ઞાન **કેવળદર્શન**–પૂર્ણ દર્શન, **કેવળવીર્ય**–એકરૂપ વીર્ય, **કેવળસુખ**–એકલું સુખ, **અમૂર્તત્વ, અસ્તિત્વ**–હોવાપણું પૂર્ણ પ્રગટ થઈ ગયું. **સપ્રદેશત્વ...** અનંત પ્રદેશી છેને. એ ક્યાં વયા ગયા છે? બતાવે છે સાથે. બીજા કરતાં જુદી મુક્તિ એવી દશા. સપ્રદેશત્વ વગેરે સ્વભાવપર્યાય પ્રગટ થઈ ગઈ છે. આહાહા! વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## માગશર વદ ૧૨, મંગળવાર, તા. ૧૪-૧૨-૧૯૭૧
## ગાથા - ૧૮૨-૧૮૪, શ્લોક - ૩૦૨-૩૦૩, પ્રવચન નં. ૨૦૨

નિયમસાર, આ ૧૮૨ ગાથાનો કળશ છે. માર્ગ (અને) સાધનનું ફળ બતાવે છે. આ બે અધિકાર છેને આમાં. એક તો મોક્ષનો માર્ગ અને એનું ફળ સિદ્ધપદ અથવા મુક્તિ. મુક્તિ નામ સિદ્ધ ભગવાનના ગુણોનું વર્ણન છે. જેણે આત્માને પૂર્ણ પરમાત્મસ્વભાવનું અંતર સાધન કર્યું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દ્વારા, એના ફળરૂપે મુક્તિ કીધી એ ધ્યેય શી રીતે સિદ્ધ થાય એ ચાલે છે. મુક્તિ ને મુક્ત બે એક છે. સિદ્ધ જીવ કહો કે એને મુક્તિ કહો. આવા જીવને પ્રાપ્ત થાય (કે) જેણે આત્માનું આરાધન કર્યું છે. એ સિદ્ધના ગુણોના સ્વરૂપનું વર્ણન છે. ૩૦૨ કળશ છે.

**बन्धच्छेदाद्भगवति पुनर्नित्यशुद्धे प्रसिद्धे**
**तस्मिन्सिद्धे भवति नितरां केवलज्ञानमेतत्।**
**दृष्टिः साक्षादखिलविषया सौख्यमात्यंतिकं च**
**शक्त्याद्यन्यद्गुणमणिगणं शुद्धशुद्धश्च नित्यम् ॥३०२॥**

કહે છે કે જેણે મોક્ષમાર્ગ આરાધ્યો એના ફળરૂપે પરમાત્મા સિદ્ધ થાય, એમાં અનંત ગુણો હોય છે. ગુણ શબ્દે પર્યાયરૂપે પ્રગટતા.

**શ્લોકાર્થ : બંધના છેદને લીધે...** એણે શું કર્યું પહેલું? કે બંધનો છેદ કર્યો. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ—એ બંધ. એનો છેદ કરીને. કેમ કર્યું? પહેલો એને બંધ હતો. **બંધના છેદને લીધે ભગવાન તેમ જ નિત્યશુદ્ધ...** એમ. ભગવાન તો ખરા, પણ એ નિત્ય શુદ્ધ. પરમાત્મદશા–સિદ્ધદશા પ્રગટ થઈ ત્યારથી નિત્યશુદ્ધ છે, સાદિ-અનંત. એને અહીં નિત્યશુદ્ધ કહેવામાં આવે છે. **એવા તે પ્રસિદ્ધ સિદ્ધમાં...** આહાહા! કહે છે, એ તો પ્રસિદ્ધ સિદ્ધ છે. મુક્તિને પામેલા શુદ્ધ સ્વભાવે પ્રાપ્ત પ્રસિદ્ધ છે એ તો. જેમ સંસાર પ્રસિદ્ધ છે, એમ સંસારના અભાવ-સ્વભાવરૂપ સિદ્ધ પણ પ્રસિદ્ધ છે. સમજાણું કાંઈ?

એવા સિદ્ધ પરમેષ્ઠીમાં **સદા અત્યંતપણે...** નિરંતર અત્યંતપણે **આ કેવળજ્ઞાન હોય છે...** કેવળજ્ઞાન એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણે છે. એવું સિદ્ધ ભગવાનમાં કેવળજ્ઞાન હોય છે સદા અત્યંતપણે. **સમગ્ર જેનો વિષય છે એવું સાક્ષાત્ દર્શન હોય છે... साक्षादखिलविषया..** કેવળદર્શન... ત્રણ કાળ, ત્રણ લોકના જે પદાર્થો છે તેને સામાન્યરૂપે સમગ્ર પૂર્ણ એવો જેનો વિષય છે. ત્રણ કાળ, ત્રણ લોક જેને સામાન્યપણે–અભેદપણે દેખાય એવો એ દર્શન–કેવળદર્શન નો વિષય છે. એવું સાક્ષાત્ દર્શન હોય છે.

**આત્યંતિક સૌખ્ય હોય છે...** સર્વ શ્રેષ્ઠ અનંત જેને આનંદ હોય છે. સંસારદશામાં એકલું દુઃખ છે. મોક્ષમાર્ગની દશામાં કંઈક આનંદ છે ને કંઈક દુઃખની અવસ્થા પણ છે, પણ પૂર્ણ આનંદ નથી. સિદ્ધમાં પૂર્ણ આનંદ, અનંત આનંદ છે. સર્વ શ્રેષ્ઠ આનંદ... સર્વશ્રેષ્ઠ એટલે કે આ સંસારમાં કાંઈ સુખ હશે? જે આનંદ છે મોક્ષમાર્ગી જીવને એના કરતાં સર્વશ્રેષ્ઠ આનંદ છે એમને. સમ્યગ્દર્શનમાં આનંદની શરૂઆત થઈ જાય. સમજાણું કાંઈ? ભગવાન અનંત આનંદ, અનંત જ્ઞાન, દર્શન ને વીર્ય—ચતુષ્ટયથી ભરેલો પદાર્થ છે. વસ્તુ છેને! વસ્તુ છે તેનો સ્વભાવ હોયને! સ્વભાવ હોય એને મર્યાદા શી? અનંત જ્ઞાન, દર્શન, આનંદ ને વીર્ય જેમાં પડ્યા છે આત્મામાં. એમ જેણે સાધન કર્યું, એકાગ્રતા કરી એને અનંત સુખ સર્વોત્કૃષ્ટ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન—ધર્મની શરૂઆતમાં પણ ધર્મ કરનારને અતીન્દ્રિય આનંદ આવે છે એમ કહે છે, પણ એ અપૂર્ણ આનંદ છે. સમજાણું કાંઈ? અને એના સાધન તરીકે સાધીને પૂર્ણ દશા પ્રગટ થઈ સિદ્ધપરમાત્મા, તે તો અનંત સર્વશ્રેષ્ઠ સુખને પ્રાપ્ત છે. એવું સુખ જગતમાં એના સિવાય બીજે નથી. લ્યો, આ સુખી તો એને-સિદ્ધને સુખી કહે છે. પૈસાવાળા, છોકરાવાળા, આબરૂવાળાને નહીં. કહો, સમજાણું આમાં? અહીંયા સુખી કહે છેને. ગાંડા છે. આહાહા! સુખ તો આવે છેને ક્યાંકથી. અનંત સુખ તો મોક્ષમાં છે. માટે મોક્ષનું સાધન કરવું એ જીવને હિતકર ને શ્રેયકર છે, બાકી બધું ધૂળધાણી છે. એવું સર્વોત્કૃષ્ટ સુખ સમ્યગ્દર્શનથી પ્રગટ થતાં બારમે (પૂર્ણ) આનંદ થાય, પણ સિદ્ધને તો પૂર્ણ અનંત અવ્યાબાધ આનંદ પ્રગટ થાય. સમજાણું કાંઈ?

આઠે કર્મનું ફળ દુઃખ કહ્યું છેને? એમને તો આઠેયનો અભાવ થઈ ગયો. પરિપૂર્ણ સર્વોત્કૃષ્ટ આનંદ, પૂર્ણ અતીન્દ્રિય આનંદનો અનુભવ એવા સિદ્ધ એને અનંત આનંદ હોય છે. કહે છે, **તથા શુદ્ધશુદ્ધ એવો વીર્યાદિક અન્ય ગુણરૂપી મણિઓનો સમૂહ હોય છે.** જેને બધી અનંત ગુણની પર્યાયો શુદ્ધ-શુદ્ધ થઈ ગઈ છે. વીર્ય એટલે પુરુષાર્થ. **વીર્યાદિક અન્ય ગુણરૂપી મણિઓનો સમૂહ હોય છે**. અન્ય ગુણરૂપી મણિઓનો સમૂહ-ઢગલો હોય છે ત્યાં. આહાહા! કહો, સમજાણું કાંઈ? એને પરમાત્મદશા કે મુક્તદશા કે સિદ્ધદશા કે સિદ્ધ પરમેષ્ઠી એને કહેવામાં આવે છે. એ આત્માનું પૂર્ણ શુદ્ધ પવિત્ર પદ તે સિદ્ધપદ છે. સમજાણું કાંઈ? ૧૮૩.

**णिव्वाणमेव सिद्धा सिद्धा णिवाणमिदि समुद्दिट्ठा।**
**कम्मविमुक्को अप्पा गच्छइ लोयग्गपज्जंतं ॥१८३॥**
**નિર્વાણ છે તે સિદ્ધ છે ને સિદ્ધ તે નિર્વાણ છે;**
**સૌ કર્મથી પ્રવિમુક્ત આત્મા લોક અગ્રે જાય છે. ૧૮૩.**

ઉપાદાનથી પહેલી વાત લીધી. **ટીકા : આ, સિદ્ધિ...** સિદ્ધિ એટલે મુક્તિ **અને સિદ્ધ** એટલે આત્મા. **સિદ્ધના એકત્વના પ્રતિપાદન વિષે છે.** મુક્તિની પર્યાય ને સિદ્ધ બેય એકત્વ છે, જુદા નથી. મુક્તિ ઉપર છે ને સિદ્ધ હેઠે છે કે બહાર છે એમ નહીં, એમ કહે છે. સિદ્ધની પૂર્ણ દશા એ જ મુક્તિ અને એ પોતે મુક્તજીવ—બેય અભેદ છે. અભેદ જ છે. અભેદ છે એટલે જુદી નથી... નથી, એમ. બીજા જેમ આત્મા ને બીજા પરમાણુ, એમ નથી. બાકી છે તો પર્યાય પર્યાયની. પણ અહીં તો મુક્તિ અને મુક્તજીવની દશા—સિદ્ધિ ને સિદ્ધપર્યાય બેય એક જ છે એમ કહેવું છે. સિદ્ધની પર્યાય અને મુક્તિ એક જ છે. મુક્તિ ઉપર થાય છે, રહે છે એ કહેવું વ્યવહાર છે, એમ કહે છે. પોતામાં જ મુક્તિ છે. સમજાણું કાંઈ? સિદ્ધની પર્યાયની પૂર્ણતા એ મુક્તિ અને એ મુક્તજીવની દશા. સમજાણું કાંઈ?

**નિર્વાણ શબ્દના અહીં બે અર્થ છે. કઈ રીતે? 'નિર્વાણ તે જ સિદ્ધો છે'...** લ્યો, ઠીક! એ નિર્વાણ તે સિદ્ધ (એટલે) એની પર્યાય છે, એમ. નિર્વાણ ... થયા તે સિદ્ધની પર્યાય છે. એ સિદ્ધ છે. એમ સિદ્ધ લેવા છેને. **નિર્વાણ તે જ સિદ્ધો છે...** પરિપૂર્ણ શાંતિ પ્રગટ થઈ એ જ સિદ્ધ છે, એમ. નિર્વાણ જુદું ક્ષેત્ર છે અને સિદ્ધની પર્યાયનું જુદું ક્ષેત્ર છે એમ નથી, એમ કહેવું છે. **એવું (શાસ્ત્રનું) વચન હોવાથી. સિદ્ધો સિદ્ધક્ષેત્રે રહે છે,** જુઓ! **એમ વ્યવહાર છે...** સિદ્ધ ભગવાન સિદ્ધક્ષેત્રમાં રહે છે એ વ્યવહાર છે. એ પોતાની મુક્તદશામાં જ રહે છે. મુક્તિમાં રહે છે સિદ્ધ. આહાહા! એ સિદ્ધપર્યાય, મુક્તિ છે તે જ એની પર્યાય છે, એ જ એનું એમ કે સ્થાન છે, એમ. સિદ્ધની પર્યાય એ મુક્તિ એમ કહેવું છે. એ નિર્વાણ, એમ. નિર્વાણ કોઈ બીજી ચીજ છે ને મુક્તપર્યાય જુદી ચીજ છે એમ નથી. સિદ્ધો લીધા છેને. સિદ્ધની પર્યાય.

**સિદ્ધો સિદ્ધક્ષેત્રે રહે છે એમ વ્યવહાર છે, નિશ્ચયથી તો ભગવંતો નિજ સ્વરૂપે રહે છે...** બસ આ વાંધો. અહીં જેમ સંસારદશા એની પર્યાય મૂર્તરૂપ છે, એમ મુક્તદશા મુક્તિ એની પર્યાયનું સ્વરૂપ છે. એ ઉપર રહે છે માટે મુક્તિ છે એમ છે નહીં. છેલ્લી ગાથાઓ છેને (તેથી) અહીં ફળનું વર્ણન કરે છે. **તે કારણથી 'નિર્વાણ તે જ સિદ્ધો છે'...** જુઓ! નિર્વાણ પૂર્ણ શાંતિ અને પૂર્ણ કષાયનું ઓલવવું થઈને અકષાયપર્યાય થઈ એ જ સિદ્ધ છે. **અને 'સિદ્ધો તે નિર્વાણ છે'...** સિદ્ધની પર્યાય તે જ નિર્વાણ છે. સમજાણું કાંઈ? **એવા આ પ્રકાર વડે નિર્વાણશબ્દનું અને સિદ્ધશબ્દનું...** અહીં 'સિદ્ધ' કહેવું છે. સિદ્ધ તો પર્યાયરૂપ થઈને? સિદ્ધનો જીવ છે એ જુદી ચીજ છે. સિદ્ધ એની જે પર્યાય છે એ જ નિર્વાણ છે. નિર્વાણ એ જ સિદ્ધ. સમજાણું કાંઈ?

અહીં કહેને, ભગવાનનો આત્મા મુક્તિ પામ્યા. એ મુક્તિ ક્યાંક હશે. એમ પામ્યા હશે? ભગવાન સિદ્ધક્ષેત્રને પામ્યા. એ સિદ્ધક્ષેત્ર એ ક્ષેત્ર નહીં. પોતાની પૂર્ણ પર્યાયને પામ્યા એ એનું ક્ષેત્ર છે. સમજાણું કાંઈ? **નિર્વાણશબ્દનું અને સિદ્ધશબ્દનું એકત્વ સફળ થયું.** લ્યો. બેય એકત્વ છે, જુદા છે નહીં. વળી ટીકાકાર થોડું નાખે છે. **कम्मविमुक्को अप्पा गच्छइ**

**લોયગ્ગપજ્જંતં**.. છેને? **વળી, જે કોઈ આસન્નભવ્ય જીવ...** જેને હવે મોક્ષ નજીક છે, સંસારનો કિનારો આવી ગયો છે. એવા આસન્ન એટલે નજીક, ભવ્યતા જેની નજીક છે. મુક્તિ થવાની જેની લાયકાત તદ્દન નજીક છે. સમજાણું કાંઈ?

એવા **આસન્નભવ્ય જીવ પરમગુરુના પ્રસાદ વડે પ્રાપ્ત...** ગુરુએ એને એમ કહ્યું હતું કે પૂર્ણાનંદનો નાથ તું છો એનું આરાધન કર. એટલે પરમગુરુના પ્રસાદ વડે... પ્રસાદી એ કહી એને. આવો ભગવાન પૂર્ણ શાંતિ ને આનંદથી ભરેલો પદાર્થ છે, સ્વભાવવાન છે, એનો સ્વભાવ પૂર્ણ છે એનું આરાધન કર. એટલે એના પ્રસાદ વડે **પરમભાવની ભાવના...** જોયું! એમણે કહ્યું હતું એવું એણે કર્યું. **પરમભાવની ભાવના**... પરમભાવ એવો પારિણામિક જ્ઞાયક ત્રિકાળી સ્વભાવ શુદ્ધ આનંદ ધ્રુવતત્ત્વ એની ભાવના નામ એકાગ્રતા. લ્યો, આ ભાવનામાં નિશ્ચય મોક્ષમાર્ગ નાખી દીધો. ભગવાન પૂર્ણ સ્વરૂપ અનંત જ્ઞાન, દર્શન, આનંદથી ભરેલો પરમભાવ એની ભાવના. પુણ્ય-પાપ ને વ્યવહારની ભાવના નહીં એમ કહે છે. અને ભાવના શબ્દે કલ્પના, ચિંતવના એમ નહીં. અર્થ તો એવો કરશે એનો.

નિજભાવના. ભાઈ! મારી નિજભાવના માટે મેં બનાવ્યું છે. ટીકામાં કહ્યું કે નિજભાવના એટલે અશુભ વંચનાર્થ. બનાવવું છે ખરુંને. 'મેં કર્યું' એમ છે. 'કર્યું' એમ છે એટલે જરી એવો અર્થ લીધો. નહીં તો ભાવનાનો અર્થ તો સ્વરૂપની એકાગ્રતા તે છે. સમજાણું કાંઈ? ભાવની ભાવના. પરમભાવની ભાવના, પાછું એમ. ભાવ તો પર્યાયને પણ કહે, શુભભાવને પણ ભાવ કહે, નિર્મળ પર્યાયને ભાવ કહે, ગુણને ભાવ કહે અને દ્રવ્યને પણ ભાવ કહે. પણ અહીં પરમભાવ ત્રિકાળી સ્વભાવભાવ નિત્યાનંદ પ્રભુ એ પરમભાવ વસ્તુ એની ભાવના (અર્થાત્) એની સન્મુખતાની એકતા, એ મોક્ષનો માર્ગ લ્યો. પાછા પરમગુરુ સર્વજ્ઞ પણ કહેવાય અને બીજા ગુરુને પણ પરમગુરુ કહેવાય. પણ એમને કહેવાનો આશય આ હતો, એમ કહે છે. એ આશય એણે આરાધ્યો. સમજાણું કાંઈ?

**પરમભાવની ભાવના વડે**... પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા... સ્વરૂપ એ કંઈ દુઃખરૂપ હોય એનું? દુઃખ તો વિકૃત છે, એ તો અવસ્થામાં હોય, સ્વભાવમાં ન હોય. સ્વભાવ પરમ અતીન્દ્રિય અનંત-અનંત... માથે કહ્યું હતુંને. આત્યંતિક સુખ પ્રગટ્યું સર્વશ્રેષ્ઠ. એ અંદર હતું. પૂર્ણ સુખ ને પૂર્ણ આનંદ એવો એનો સ્વભાવ એની કરી ભાવના–એકાગ્રતા. અહીં તો નિશ્ચયમોક્ષમાર્ગથી મુક્તિ થાય એમ કહ્યું. 'વ્યવહાર હેતુ' છેને? પંડિતજી! નિયતનો હેતુ. નિયતની વાત કરી. આ એને ગોઠતું નથી કેટલાકને. સુંદર માર્ગમાં નાખ્યું છે. નાખશે આમાં હવે. એમાં નાખ્યું છે, સુંદર માર્ગ. નિશ્ચય ને વ્યવહાર બે સુંદર માર્ગ છે, પણ પ્રાપ્તિ નિશ્ચયથી થાય એમ કહેશે. સમજાણું કાંઈ? છેને એ? કેટલામું છે એ?

અભેદોપચાર... **સર્વજ્ઞવીતરાગના માર્ગને નિંદે છે**... જુઓ! નિશ્ચયની વાત. તે **સ્વરૂપવિકળ (સ્વરૂપપ્રાપ્તિ રહિત) જીવોનાં કુહેતુદૃષ્ટાંતયુક્ત કુતર્કવચનો સાંભળીને જિનેશ્વરપ્રણીત શુદ્ધરત્નત્રયમાર્ગ પ્રત્યે હે ભવ્ય! અભક્તિ ન કરજે**... ન્યાં પાછું એ લીધું. જોયું! (ગાથા) ૧૮૬. પહેલા એમ લીધું કે **પાપક્રિયાથી નિવૃત્તિ જેનું લક્ષણ છે એવા ભેદોપચાર રત્નત્રય** (એટલે) વ્યવહારરત્નત્રય.. અને અભેદોપચાર-રત્નત્રયાત્મક... નિશ્ચય સ્વભાવના આશ્રયથી પ્રગટ થયેલી દશા એ અભેદ-ઉપચાર. રત્નત્રયસ્વરૂપ ભેદ પડયોને એ અપેક્ષાએ. સર્વજ્ઞવીતરાગના માર્ગને નિંદે છે. આવાને કોઈ નિંદે કે અરે! માળા સ્વાર્થીયા એકલા અમારું કરીએ.. અમારું કરીએ, અમે કો'કનું કરી દઈએ. વ્યવહારે પણ અમારે કંઈ કરવાનું નહીં. આવે એને જાણવાનું. કોઈનું કરવું નહીં. સમજાણું કાંઈ?

આ પાંજરાપોળનું કરે, ગામના... ત્યારે કાકા કહેવાય, નહીં તો કાકા શી રીતે કહેવાય? જુવાનિયા માણસનું કરતા હશે કે નહીં? નથી કર્યું અત્યાર સુધી? આહાહા! લોકો કહે છે કે માળા આ તો સ્વાર્થના પૂતળા છે, લ્યો. અમે કોઈનું કરી શકીએ નહીં એમ કહીને પરના કરવામાં છૂટી જાય છે. એમ કે અમે કોઈનું કાંઈ કરી શકીએ નહીં, એમ કાંઈ કરી શકાય જ નહીં—એમ કહીને પરથી છૂટા પડવાનો માળું ઠીક ગોત્યું આણે. આહાહા! કોઈ કહે, ઠીક! તમે ગોત્યું કે આ દાન છે એ પુણ્ય છે, ધર્મ નહીં. વળી એક જણાએ એમ કહ્યું. ઠીક! ગોતી કાઢ્યું છે કે દાન કરવામાં પુણ્ય છે, ધર્મ નહીં. એટલે ... પુણ્ય ન કરાવે એમ. હવે અનેક પ્રકારના માણસો છે. આહાહા!

અહીં તો બીજું કહેવું છે કે બેને સુંદર કહ્યો, પણ પાછું **સ્વરૂપવિકળ એવા જીવોનાં કુહેતુદૃષ્ટાંતયુક્ત કુતર્કવચનો સાંભળીને જિનેશ્વરપ્રણીત શુદ્ધરત્નત્રયમાર્ગ પ્રત્યે**, એમ. **શુદ્ધરત્નત્રયમાર્ગ પ્રત્યે હે ભવ્ય! અભક્તિ ન કરજે**... ઓલું જ્ઞાન કરાવ્યું સાથે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના સ્વાર્થનો સાધનાર છે ભાઈ! પરનું કાંઈ કરી શકે નહીં. લોકોને પરનું કરે તો સારું લાગે બહુ. ઘણાની સેવા કરી, ઘણાની સેવા કરી છે. ધૂળેય કરી નથી, સાંભળને માળા! સેવા કોની કરે? આ દેશસેવા, કુટુંબસેવા, નાતસેવા, ગામસેવા, પાંજરાપોળના ઢોરની સેવા. કહો, સમજાણું કાંઈ? આ ઈંટું ઉભી કરી... એમ કે કરી શકાય છે, આ ના પાડે છે માટે હવે કરશે નહીં. કોણ કરે ભાઈ? એ લોકોને સારું બહુ લાગે. અમે તો તમારા સેવક છીએ, ખરે ટાણે અમે તો સેવા કરવા ઊભા છીએ. આહાહા! બિરૂદ આપો એને મોટો સેવાભાવીનો. અરે! આમને આમ અજ્ઞાની અનાદિથી ઠગાય છે. કોની સેવા કરે?

અહીં તો કહે છે, જ્ઞાનની એણે કોઈ દિ' સેવા કરી નથી. એ આવે છેને ૧૯મી ગાથા (સમયસાર)માં. કોઈકે પૂછ્યું, મહારાજ! આ જ્ઞાન ને આત્મા તો એકરૂપ છે, જુદા નથી અને તમે કહો છો કે આત્માની સેવા કરો, જ્ઞાનની સેવા કરો. એ તો અભેદ છે એમાં સેવા કોની

કરવી? પરની તો સેવાની વાત તો છે નહીં, પણ આ પોતે આત્મા ને જ્ઞાન, વસ્તુ પોતે ને એનો સ્વભાવ જ્ઞાન એ તો અભેદ છે એની સેવા શેની? ભાઈ! તેં અનંત કાળમાં આત્માના જ્ઞાનની સેવા કરી નથી. આહાહા! જ્ઞાન ને આત્મા એકરૂપ છે એની તેં કોઈ દિ' સેવા કરી નથી. આહાહા! એ સેવા કીધી લ્યો. એ પંડિતજી! સેવા માર્ગ... શું છે? .... પંડિતજીને યાદ છે. યોગીનામ અગમ્યમ્.. એ કઈ? આ. ઓલી સેવા નહીં. આહાહા! કેટલા સંસારના ઉપરી! કેટલા સંસારના નાયક! આહાહા.. એમ કહી લોકો એના વખાણ કરે. એમ હશે કે નહીં? ગુલાબભાઈ! મોટા ઝવેરભાઈ જેવા ઘણા પડે. મોટા હોય તો પડેને. પડવું જોઈએને. સેવા કરી, અમે આમ કર્યું. આ એમ અનેકની વાત છેને. એનો તો દાખલો. સેવાભાવી છે એ. ભારે! કેવું સારું લાગે લોકોને! સેવા કોની કરે પણ? સાંભળને!

એક શરીરના રજકણની પર્યાય કરી શકે નહીં. સેવા કરે કોની? આ રાગની સેવા કરવા જાય છે તો મિથ્યાત્વ થાય છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? સેવા એટલે મારા છે, એમ. હું એને રાખું છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ એ રાગ, એને રાખું એનું નામ સેવા. મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! મૂઢ છે, વલોવાઈ ગયો છે અંદરથી એમ કહે છે. આહાહા! આકરું ભારે. એકલું સ્વ-પ્રયોજનને સિદ્ધ કરી શકે એવું તત્ત્વ છે. સમજાણું કાંઈ? દયામંડળી, સેવામંડળી એવા મંડળના નામ આપે, અગ્રેસર થાવું હોય મોઢા આગળ. એ તો કહે કે આ આપે છે ઓહોહો.. એમણે તો.... જુઓ તો અગ્રદૂત છે સંસ્થાનો. પેલાને એમ થઈ જાય કે આહાહા... ધૂળેય નથી, સાંભળને! ડોક્ટર-બોક્ટર નથીને? ડોક્ટર સેવાભાવી કહેવાય બહુ. હોય પૈસાના અર્થી એકલા. સેવાભાવી છે, ઓનરરી છે. ધૂળેય નથી, સાંભળને!

ભગવાન આત્મા... અહીં તો એ કહે છે જુઓ. સમજાણું? સિદ્ધ.... આસન્નભવ્ય જીવ... આહા! **પરમભાવની ભાવના વડે**... આ વાત છે અહીં તો. શું કીધું? પૂર્ણાનંદનો નાથ ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરે કહ્યો એવો જે આત્મા અનંત ગુણનો પિંડ, અનંત ગુણનો મણિરત્ન એની અંતર એકાગ્રતા એ સેવા એની છે અને એ એની ભાવના છે. એ સાચી સેવા અને સાચી ભાવના છે. બાકી બધા ગપ્પેગપ્પ છે. સમજાણું કાંઈ? પોતાના નામ રાખવા માટે, ઘણા સંસારના અધિપતિ તરીકે કહેવરાવવું હોય તેથી ઘણામાં રાખે નામ. ભલે બાર મહિને બે દિ' જાતા હોય, પણ થોડું-થોડું નામ રાખે. ... ઘણા સંસારના સેવક હતા અને કંઈક બીજું કહે... અધિપતિ હતા, ..... પ્રમુખ હતા. આહાહા! અરે ભગવાન! ભ્રમણા તે કેવી પણ! આહા!

અહીં તો પરમપ્રભુ આત્મા સર્વજ્ઞસ્વભાવે બિરાજમાન, અનંત આનંદે શોભિત પ્રભુ એવો જે એનો ત્રિકાળ પરમભાવ એમાં પર્યાય એટલે એકાગ્રતા કરવી એ ભાવના, એનાથી મુક્તિ છે. સમજાણું કાંઈ? ઓલામાં એમ આવે છે શ્વેતામ્બરમાં કે આચાર્ય થાય ને ત્રીજે ભવે મોક્ષે જાય. સાધુને વાર લાગે. વાંધો વ્યવહારનો નાખ્યો છે. ભગવતીમાં આવે છે એવું. બિચારા

આચાર્ય (થવા) માટે મથે છેને ઘણા. આચાર્યપદવી આપે તો શાસ્ત્રના અર્થે ત્રીજે ભવે મોક્ષે જાય. એકલા સાધુ ત્રીજે (ભવે) ન જાય. અહીં તો કહે છે, આચાર્યપદ છોડે ત્યારે, સાધુપદમાં આવે ત્યારે મુક્તિ થાય. આહાહા! જગતને પ્રવૃત્તિની એટલી મહિમા અને એ ભાવે એને. આહાહા!

ભગવાનની સ્તુતિ કરતો હોય, ભગવાનને વંદન કરતો હોય, સાત-આઠ-દસ વાર જય મહારાજ.. જય મહારાજ.. જય મહારાજ. કંઈક કરે છે આ (એમ) દેખાય. ભાઈ! એ પ્રવૃત્તિ તો જડની દશાઓ છે. એના પરિણામમાં કાંઈ હોય તો રાગની મંદતા એ પ્રવૃત્તિ પુણ્યના પરિણામ છે. સમજાણું કાંઈ? એ આત્માની ભાવના નહીં. આહાહા! અહીં તો એમ કહેવું છે કે પરમગુરુએ આમ કહ્યું હતું ને એવું એણે કર્યું. આ કરવા જેવું છે. એ સિવાય બીજી કોઈ ચીજના વખાણ કરવા જેવા નથી. આહાહા!

**આસન્નભવ્ય જીવ...** આહાહા! જેના કિનારા સંસારના નજીક આવી ગયા છે. ભાઈ! કુંદકુંદાચાર્ય માટે કહ્યું છેને પહેલું. (ગાથા ૧ થી ૫). ઓહોહો! પ્રવચનસાર. 'કુંદકુંદાચાર્ય, જેના સંસારના કિનારા આવી ગયા છે.' આહાહા! એવા પરમભાવના ભાવન કરનારા... સમજાય છે કાંઈ? એ પ્રવચનસારના કર્તા સ્વયં.... આસન્નભવ્ય જીવ... **कम्मविमुक्को अप्पा...** એની વ્યાખ્યા કરે છે ત્રીજા પદની. કહે છે કે કર્મથી મુક્ત કેમ થાય? કે **પરમભાવની ભાવના વડે**... એક જ સિદ્ધાંત ને એક જ સત્ય. આનંદનો નાથ ભગવાન, જ્ઞાનનો સાગર એમાં એકાગ્ર થવાની ભાવના એ જ મોક્ષનો માર્ગ અને એ જ મુક્તિનો ઉપાય, કારણ.

**સકળ કર્મકલંકરૂપી કાદવથી વિમુક્ત થાય છે...** લ્યો. જે કોઈ આત્મા પરમભાવ એવો જે આત્માનો ત્રિકાળી સ્વભાવ, શુદ્ધભાવ, પવિત્રભાવ, આનંદભાવ એવો જે ત્રિકાળી આત્માનો પરમભાવ—એની ભાવનામાં (અર્થાત્) એની એકાગ્રતા એ વડે **સકળ કર્મકલંકરૂપી કાદવથી વિમુક્ત થાય છે**. આઠેય કર્મનું રહિતપણું આ ભાવનાથી થાય છે. કહો, સમજાણું કાંઈ? માર્ગની ખબર ન મળે, ભટક્યા-ભટક કરે, અહીંથી મળશે, અહીંથી મળશે. શાસ્ત્રમાં આવે કે ત્યાગીના હાથમાં પુસ્તક આપવું, મુનિએ ત્યાગ કરવો, એ ધર્મ. એટલે સમજી ગયો...... આવે છે, પણ કઈ અપેક્ષાએ આવે છે? એટલો રાગનો અભાવ થાય છે સ્વભાવને આશ્રયે, એ અપેક્ષાએ ત્યાગ નાસ્તિથી વાત કરી છે. પુસ્તક દેવું ત્યાગધર્મ એ છે. ...... આહાહા! ત્યાગ દસ પ્રકારના ધર્મ માંહ્યલો.... પુસ્તક દેવું એ ધર્મ થઈ ગયો. લખ્યું છે ત્યારે આ વાત ચાલે છે. એમાં લખ્યું છે પદ્મનંદિ પંચવિંશતિ, કાર્તિકેયાનુપ્રેક્ષામાં. આહાહા! એય! લખાણ કર્યા એ ખોટા હશે? એનો અર્થ સમજ્યા વિના? લખાણ કરીને શું લખાણ? લખાણ કર્યા એનો મેળ રહ્યો નહીં. અર્થ કરે એના સમજ્યે વિના.

અહીં તો કહે છે, ભગવાન આત્મા એકસ્વરૂપે પ્રભુ ત્રિકાળ છે, એની અંતરની એકાગ્રતા–સન્મુખતાની એકાગ્રતા એ એક જ મોક્ષનો માર્ગ ને ભાવના છે. વીતરાગમાર્ગમાં બીજી કોઈ ચીજ છે નહીં. બીજે તો કાંઈ છે નહીં. સમજાણું કાંઈ? આ ન્યાં નાખ્યું. **कम्मविमुक्को अप्पा** એમાં નાખ્યું. પણ કેમ મુક્ત થયા? અપવાસ કરીને, માસખમણ કરીને, અઢ્ઢાઈ કરીને નિર્જરા થઈ, ધર્મ પામ્યા—એમ હશે? આહાહા! તારા અપવાસ- બપવાસ ક્યાં હતા? બહારનો ત્યાગ, આ આહાર તો એની મેળાએ જુદો જ પડ્યો છે. ગ્રહતો હતો તો કે દિ' કે છોડે? રાગને ગ્રહતો હતો કે દિ' દ્રવ્યસ્વભાવમાં? આહાહા! ફક્ત દ્રવ્યસ્વભાવમાં એકાગ્ર થતાં રાગ છૂટી જાય છે એટલે કર્મ છૂટી જાય છે, એને અહીંયા 'છોડે છે આત્મા' એમ કહેવામાં આવે છે. આહાહા! વીતરાગમાર્ગ નિરાલંબી માર્ગ છે, જેને વ્યવહારનું આલંબન નથી.

એવા **કર્મકલંકરૂપી કાદવથી વિમુક્ત થાય છે**... કર્મરૂપી કલંકરૂપી કાદવ, એમ. કર્મનું કલંક છે એને. આહાહા! એવો જે કાદવ એથી વિ-મુક્ત (અર્થાત્) પૂર્ણ વિશેષ મુક્ત થાય છે. **તે પરમાત્મા થઈને**... તે પરમાત્મા સિદ્ધ થઈને **લોકાગ્ર પર્યંત જાય છે.** લોકને છેડે જાય છે એ વ્યવહાર કહેવાય છે. છે તો ત્યાં પોતામાં ને પોતામાં. અહીં સિદ્ધ થાય એ પોતામાં. લોકાગ્રે જાય છે. લોકને અગ્રે, સિદ્ધ ભગવાન પરક્ષેત્રના લોકને અગ્રે જાય છે. એ વ્યવહારક્ષેત્ર બતાવ્યું. નિશ્ચયથી તો પોતાની પર્યાયમાં જ પરિણમી રહ્યા છે. આકાશના ક્ષેત્રમાં છે એમ કહેવું એ તો એક વ્યવહાર છે. આહાહા! લોકાગ્ર–લોકને અગ્રે–છેડા સુધી જાય છે એમ કહે છે. છેડો લોકનો ત્યાં જાય છે. અનંતા સિદ્ધો પોતાના આનંદમાં ત્યાં બિરાજે છે. આહાહા!

**(હવે આ ૧૮૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે:)** ૩૦૩.

**अथ जिनमतमुक्तेर्मुक्तजीवस्य भेदं**
**क्वचिदपि न च विद्मो युक्तितश्चागमाच्च।**
**यदि पुनरिह भव्यः कर्म निर्मूल्य सर्वं**
**स भवति परमश्रीकामिनीकामरूपः ॥३०३॥**

લ્યો અહીં જીવ લીધો. **શ્લોકાર્થ : જિનસંમત મુક્તિમાં અને મુક્ત જીવમાં...** પર્યાય એની. મુક્ત જીવ... જિનસંમત (એટલે) વીતરાગે કહેલી મુક્તિ, સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ એણે કહેલી સિદ્ધદશા. **મુક્તિમાં અને મુક્ત જીવમાં અમે ક્યાંય પણ યુક્તિથી કે આગમથી ભેદ જાણતા નથી.** એ મુક્તિ પણ એ અને સિદ્ધપર્યાય પણ એ. **વળી, આ લોકમાં જો કોઈ ભવ્ય જીવ...** આ લોકમાં જો કોઈ ભવ્યજીવ **સર્વ કર્મને નિર્મૂળ કરે છે...** ભગવાન આત્માનું ધ્યાન કરી અને સર્વ કર્મને નિર્મૂળ કરે છે–મૂળથી ઉખેડી નાખે છે. **તો તે પરમશ્રીરૂપી (મુક્તિલક્ષ્મીરૂપી) કામિનીનો વલ્લભ થાય છે.** તો એને મુક્તરૂપી દશા એક સમય પણ છોડતી નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

આ સ્ત્રીઓ તો આવી ને ગઈ કેટલીય. ઇન્દ્રના એક ભવમાં પણ આયુષ્ય બે સાગર ને ઓલી (ઇન્દ્રાણીની) નાની હોય સ્થિતિ. એની (ઇન્દ્રની) સ્થિતિમાં કેટલી આવે ને મરે ને જાય, મરે ને જાય. ઓલો તો એક જ છે બે સાગર સુધી. ઇન્દ્રાણીની સ્થિતિ નાની હોય છે. એવા-એવા તો કેટલા દસ કોડાકોડી પલ્યોપમ, માથે સાગરોપમ. ઓલાની બહુ તો ઓલી ૫૫ની મોટી આયુ હોય તો. એની હયાતીમાં એવી સ્ત્રીઓ કરોડો મરીને જાય ને આવે. એ કાંઈ વલ્લભા કહેવાય નહીં. વલ્લભા તો છોડે નહીં એક સમય, એને વલ્લભા કહેવાય. એમ કહે છેને જુઓને! પોતાના સ્વરૂપને પ્રાપ્ત થતાં આત્માની મુક્ત દશા થઈ, એ પરિણતિ એક સમય પણ એને છોડતી નથી. એ એની ખરી કામિની છે. આહાહા! **કામિનીનો વલ્લભ થાય છે**, એમ છેને. એવા શબ્દો ઘણીવાર આવે છે. ઘણા કળશમાં આવી ગયા. ૧૮૩ થઈ. આહાહા! ૧૮૪.

**जीवाण पुग्गलाणं गमणं जाणेहि जाव धम्मत्थी।**

જુઓ! અહીં પહેલું ઉપાદાન લીધું, પછી નિમિત્ત લીધું. પહેલું તો લીધું. સિદ્ધ ભગવાન પરમાત્મા અહીં થાય છે દેહમાં, (પછી) લોકાગ્રે જાય છે. આઠ કર્મ રહિત તો અહીં થાય છે. એમ જે .... રૂપે જાય ... લોકાગ્રે. એ પોતાની લાયકાત જ લોકાગ્રે જવાની ને લોકાગ્રે રહેવાની છે. ધર્માસ્તિકાય આગળ નથી માટે (આગળ) જાતા નથી એમ કહેવું એ ધર્માસ્તિનું (નિમિત્ત) સિદ્ધ કરવા માટે છે. શાસ્ત્રમાં એમ આવે છે. આગળ કેમ જાતા નથી? અહીંયા કહેશે, ધર્માસ્તિનો અભાવ છે. એટલી જ સ્થિતિ વર્ણવે છે. ત્યાં સુધી જ ધર્માસ્તિ છે. લોકાગ્ર સુધી જ ધર્માસ્તિકાય હોય છે. આ વાંધો પહેલેથી ઊઠ્યો હતો લ્યો. ઇન્દોરના આવ્યા હતાને પંડિતજી એની સાથે. જુઓ! ધર્માસ્તિકાયના અભાવે સિદ્ધ આગળ જતા નથી.

**जीवाण पुग्गलाणं गमणं जाणेहि जाव धम्मत्थी।**
**धम्मत्थिकायभावे तत्तो परदो ण गच्छंति ॥१८४॥**

નીચે હરિગીત.

**ધર્માસ્તિ જ્યાં લગી, ત્યાં લગી જીવ-પુદ્ગલોનું ગમન છે;**
**ધર્માસ્તિકાય-અભાવમાં આગળ ગમન નહિ થાય છે. ૧૮૪.**

લ્યો, અહીં ઓલો અભાવ છે માટે ગમન થાતું નથી એમ કહ્યું. એમ જ આવે, તત્ત્વાર્થસૂત્રમાં એમ આવે છે. તત્ત્વાર્થસૂત્ર. 'ધર્માસ્તિકાય અભાવાત્.' એમ જ આવેને, નિમિત્ત સમજાવવું હોય તો. એમ કે, કાળ ન હોય તો પરિણમન ન થાય, ધર્માસ્તિ ન હોય તો ગતિ ન થાય. જુઓ! અધર્માસ્તિ ન હોય તો સ્થિતિ ન થાય. એ તો નિમિત્તને સિદ્ધ કરવાની વ્યાખ્યા છે.

**ટીકા : અહીં, સિદ્ધક્ષેત્રથી ઉપર જીવ-પુદ્ગલોના ગમનનો નિષેધ કર્યો છે.** લોકાગ્ર સ્થિત ભગવાન બિરાજે છે ત્યાંથી આગળ જતા નથી. કેમ જતા નથી? કે એની પોતાના ઉપાદાનની

લાયકાત જ એટલી છે અને ધર્માસ્તિકાયનો અભાવ છે એ નિમિત્ત. સમજાણું કાંઈ? એમ કેટલાક કહે છે કે ધર્માસ્તિકાયનો અભાવ છે એટલે સિદ્ધ આગળ જતા નથી એટલી એની પરતંત્રતા છે. નહીંતર અનેકાંત રહેતું નથી. કથંચિત્ સ્વતંત્ર, કથંચિત પરતંત્ર. સિદ્ધનેય પરતંત્ર ઠરાવવા છે હજી. આ અનેકાંતની વ્યાખ્યા. એમ કહે છે એક પંડિત. નીચે રાખ્યા છે... ધર્માસ્તિકાય નથી તો આગળ નથી જતા એટલી પરતંત્રતા નથી? એકાંત થઈ જશે નહીંતર. અનેકાંત થવું જોઈએ. કથંચિત્ સ્વતંત્ર, કથંચિત પરતંત્ર. એમ ન્યાંય પરતંત્ર છે. અહીં તો, સ્વતંત્ર સિદ્ધ ત્યાં રહેલા છે. ભગવાન પૂર્ણાનંદની પ્રાપ્તિ એમાં જ રહેલા છે. પણ સિદ્ધની ત્યાં ક્ષેત્રે એટલું રહેવાની યોગ્યતા છે. લોકનો જીવ છેને. લોકનું દ્રવ્ય છે તો લોકમાં રહે. લોકનું દ્રવ્ય અલોકમાં જાય? આ ચર્ચામાં મોટા વાંધા ઉઠ્યા છે.

એ નિમિત્ત. કેટલા દોકડા નિમિત્તના? કે ૫૦ દોકડા અને ૫૦ આત્માના. એમ કરીને ૧૦૦ દોકડા એક સાથે થાય. એ વાત ચાલી હતી લ્યો, તે દિ'. સમજાણું કાંઈ? ધર્માસ્તિકાયે રોક્યું કેટલા દોકડાએ? ૫૦. તે રોકાણો એ ૫૦ (દોકડા) સ્વતંત્ર પોતાને (કારણે), ૫૦ (દોકડા) એને કારણે—એમ કરીને...... એમ છે જ નહીં. સોએ સો દોકડાએ સ્વતંત્ર ત્યાં રહેલા છે. બહુ નાખે છે, જ્યાં હોય ત્યાં આ બહુ નાખે છે. જુઓ! સિદ્ધ ક્ષેત્રથી આગળ જતા નથી. ધર્માસ્તિ નામનું નિમિત્ત નથી માટે. જુઓ! નિમિત્તનો પ્રભાવ. આહાહા! આ પંડિતજીને તો બધું સવળું થઈ ગયું. એ સવળી વાત કરે છે. કહો, સમજાણું આમાં?

**જીવોની સ્વભાવક્રિયા સિદ્ધિગમન (સિદ્ધક્ષેત્રમાં ગમન) છે...** શું કીધું? અહીંયા આત્મા ભગવાન પૂર્ણાનંદનું સાધન કરીને સિદ્ધ થાય છે તે અહીં શરીરમાં સિદ્ધ થાય છે. એ હવે જ્યારે સ્વભાવિકક્રિયા સિદ્ધિગમન–અહીંથી ગમન થાય છે સિદ્ધક્ષેત્રમાં, એ સ્વભાવિક ક્રિયા છે. ગમન છે માટે વિભાવિક ક્રિયા છે એમ છે નહીં. કહો, સમજાણું કાંઈ? ગતિ કરે છેને અહીંથી. ગમન કરે–ગતિ કરે એટલો વિભાવ છે કે નહીં? ના. એ તો સ્વભાવિકક્રિયા સહિતનું ગમન છે. શુદ્ધસ્વભાવની ક્રિયાનું એ તો ગમન છે. વિભાવ-બિભાવ છે નહીં. આહાહા!

**અને વિભાવક્રિયા...** નીચે ખુલાસો કર્યો છે. સુધાર્યું છે કૌંસમાં. **(અન્ય ભવમાં જતાં) છ દિશાઓમાં ગમન છે** તે વિભાવક્રિયા. છકાય.. છકાય.... ઓલું પાઠમાં..... અપક્રમ એમ છે પણ છ કાય કરી નાખ્યું. ભાઈએ શીતલપ્રસાદે એમ કરી નાખ્યું છે. 'છ અપક્રમ' મૂળ તો એમ છે. છ કાય નહીં, પણ છ અપક્રમ. છ દિશાઓ. વિભાવવાળા સંસારી જીવ છ દિશામાં જાય. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઉર્ધ્વ ને અધો—છ. છ દિશાઓમાં ગમન. વિભાવિક ક્રિયાવાળાનું છ દિશામાં ગમન. સ્વભાવિક ક્રિયાવાળાનું એકદમ સીધું ગમન, એમ કહે છે. 'છકાય .. ગમણે' એટલું ચેકી નાખવું. છકાયના ક્રમથી સંયુક્તપણું અથવા છકાયનું ભ્રમણ—એ કાઢી નાખવું.

કાઢી નાખ્યું છે? **(અન્ય ભવમાં જતાં) છ દિશાઓમાં ગમન છે**... 'અન્ય ભવમાં જતાં' એ કૌંસમાં છે. છ દિશાઓમાં ગમન એ વિભાવિક ક્રિયાનું સ્વરૂપ છે.

**પુદ્ગલોની સ્વભાવક્રિયા પરમાણુની ગતિ છે...** પુદ્ગલ છેને આ જડ માટી. એનો એક પરમાણુ આમ ગતિ કરે એ સ્વભાવક્રિયા છે. જેમ સિદ્ધની સ્વભાવિકક્રિયા ગમનની છે, એમ એક પરમાણુની પણ સ્વભાવક્રિયા છે. સ્વભાવક્રિયારૂપ ગતિ છે, લ્યો. એક પરમાણુ ૧૪ રાજુલોકમાં જાય આમ, તોપણ એ સ્વભાવિક ક્રિયા છે. પછીની એ પર્યાય ત્યાં.... સિદ્ધ તો અહીંથી થાય છે, એ સાત રાજુ છે. પરમાણુ પણ નીચે હોય ને ઉપર જાય. અહીં તો એમ સિદ્ધ કરવું છે કે એટલો ૧૪ રાજુલોક જાય છતાં એ સ્વભાવિક ક્રિયા છે. ગમન આટલું કરે માટે વિભાવિક છે એમ નહીં. સ્વભાવ જ એનો એ છે. એક ક્ષેત્રેથી બીજે ક્ષેત્રે જાય છે એ પરમાણુની સ્વભાવિકક્રિયા છે. ગમન કરે ૧૪ રાજુલોક તોય, એમ અહીં કહે છે. બહુ ગતિ કરી આવડી મોટી માટે વિભાવ હશે? એમ. સમજાણું કાંઈ?

વીતરાગનો માર્ગ બહુ ઝીણો છે. સર્વજ્ઞ કેવળી પરમાત્માએ કહેલું સ્વરૂપ ઘણું ઝીણું.. ઘણું ઝીણું છે. એવું સ્વરૂપ પરમેશ્વર સિવાય ક્યાંય હોઈ શકે નહીં. ક્યાં આંતરો કેટલો! હવે એને બીજા સાથે મેળવે. સમન્વય કરો. એ પણ ધર્મ છે, આ પણ ધર્મ છે. કોની સાથે કરે? આમ બે વાત કરી. સિદ્ધ સાત રાજુ જવાના છે... અહીંથી સાત રાજુ સમજાણું? તો એ સ્વભાવિક ક્રિયા છે. પરમાણુ ચૌદ રાજુ જાય તોય સ્વભાવિક ક્રિયા છે. એક પ્રદેશ જાય એટલે વાત પૂરી થઈ ગઈ. આ તો ઠેઠ સાતમા નરકના પાતાળે પરમાણુ હોય ને એક સમયમાં સિદ્ધ છે ત્યાં ચાલ્યો જાય. આહાહા! એને ખબર નથી કે અમે આમ જાઈએ છીએ. એનો એ સ્વભાવ જ છે. છતાં ગતિવાનને પણ આટલી ઝડપી ગતિ કે એક સમયમાં તો અસંખ્યપ્રદેશ લોકના– આકાશના (પાર કરે), છતાં એને સ્વભાવિક ક્રિયા કહેવાય. વિભાવિક છે નહીં. ગમન કરે એ વિભાવિક એવો અર્થ સાચો નથી, એમ કહે છે. ગમન કરવું એ વિભાવ છે એ વાત સાચી નથી.

સ્વભાવિક ક્રિયા પુદ્ગલોની–પરમાણુની ગતિ છે. **અને વિભાવક્રિયા...** હવે એમાં પાછો વિભાવ. **દ્વિ-અણુકાદિ સ્કંધોની ગતિ છે.** બે પરમાણથી માંડી અનંત પરમાણુ. આ શરીર જુઓ! આની વિભાવિક ક્રિયા છે. આંગળી ચાલે છે ત્યાં અનંતા પરમાણુની વિભાવિક (ક્રિયા) છે. એની મેળે હોં, આત્માને લઈને નહીં. ઘણા રજકણનો જથ્થો છે માટે એને વિભાવ કહેવામાં આવે છે. એકથી આગળ વધીને જ્યાં બે થયા. બે થયા એ વિભાવક્રિયા થઈ. દ્વિ-અણુકાદિ સ્કંધોની ગતિ છે તેને વિભાવિક ક્રિયા કહેવામાં આવે છે. સમય-સમયના માપ લીધા છે એમ કહે છે. વસ્તુની સ્થિતિ... એક સમયમાં એકલો પરમાણુ ગતિ થાય એ સ્વભાવિક ક્રિયા, બે પરમાણુ ને સંસારી જીવ ગમન કરે તે વિભાવિક ક્રિયા.

**માટે આમની (જીવ-પુદ્ગલોની) ગતિક્રિયા ત્રિલોકના શિખરથી ઉપર નથી...** ત્રણ લોકથી આગળ છે નહીં. **કારણ કે આગળ ગતિહેતુ (ગતિના નિમિત્તભૂત) ધર્માસ્તિકાયનો અભાવ છે...** લ્યો, ઠીક! નિમિત્ત છેને. ગતિના નિમિત્તભૂત ધર્માસ્તિકાયનો અભાવ છે. આમાં ખૂબ લખ્યું છે. મોતીલાલે બધું આ ખૂબ લખ્યું છે. જુઓ! આ થાય, આના વિના આ ન થાય, આના વિના આ ન થાય. નિમિત્તનો પ્રભાવ છે. નિમિત્ત અકિંચિત્કર માને એની આ વાત નહીં સિદ્ધ થાય. આહાહા! અરે ભગવાન! એ વાત બેઠી હોયને પરાધીન અનાદિની એટલે આ વાત (ન બેસે કે) સિદ્ધનો પોતાનો સ્વતંત્ર સ્વભાવ છે માટે એક સમયમાં જાય છે ને રહે છે, જાય છે ને રહે છે. પરને કારણે જાય છે ને રહે છે એમ નથી. ધર્માસ્તિકાયનો અભાવ છે, લ્યો.

**જેમ જળના અભાવે માછલાંની ગતિક્રિયા હોતી નથી...** પાણી ન હોય ને માછલું આમ કાંઈ ધરતી પર ચાલે નહીં. **આથી જ, જ્યાં સુધી ધર્માસ્તિકાય છે તે ક્ષેત્ર સુધી સ્વભાવગતિક્રિયા...** દાખલામાં પણ એમ માને. પાણી હોય ત્યાં માછલું ગતિ કરે, પછી ન કરી શકે. એ તો એની સ્થિતિ જ એવી છે. ગતિ કરવાની યોગ્યતા પોતાની હોય ત્યારે પાણી હોય છે. પાછા એ બધા શબ્દો છે, ગતિપરિણિત જીવ, સ્થિતિપરિણિત જીવ. એમ છેને? (શ્રોતાઃ પંચાસ્તિકાયમાં આવે છે). બધે એમ જ છેને. ગતિપરિણત જીવને ધર્માસ્તિકાય નિમિત્ત, સ્થિતિપરિણત જીવ અને પુદ્ગલને અધર્માસ્તિ નિમિત્ત. **સ્વભાવગતિક્રિયા અને વિભાવગતિક્રિયારૂપે પરિણત જીવ-પુદ્ગલોની ગતિ હોય છે.** ધર્માસ્તિકાય હોય ત્યાં સુધી સ્વભાવવાળા પરમાણુ અને સિદ્ધ, વિભાવવાળા બે પરમાણુ અને સંસારી એની ગતિ ત્યાં સુધી હોય છે. આગળ હોતી નથી. એવો જ વસ્તુનો સ્વભાવ છે એમ બરાબર એણે જાણવું જોઈએ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**માગશર વદ ૧૩, બુધવાર, તા. ૧૫-૧૨-૧૯૭૧**
**શ્લોક - ૩૦૪-૩૦૫, ગાથા - ૧૮૫-૧૮૬, પ્રવચન નં. ૨૦૩**

કળશ છે કળશ.

**त्रिलोकशिखरादूर्ध्वं जीवपुद्गलयोर्द्वयोः।**
**नैवास्ति गमनं नित्यं गतिहेतोरभावतः ॥३०४॥**

અહીંયા, સિદ્ધ ભગવાન લોકાગ્રે જાય છે, આગળ જતા નથી એનું વ્યવહાર કારણ બતાવે છે.

**શ્લોકાર્થ : ગતિહેતુના અભાવને લીધે...** નિમિત્ત ગતિહેતુ.... ગતિનો હેતુ એવા જે ધર્માસ્તિકાયના અભાવને લીધે (એટલે કે) ગતિના નિમિત્તના અભાવને લીધે... નિમિત્તપણું એને નથી. ત્યાં એ સિદ્ધ કર્યું જુઓ! પહેલું લોકાગ્રે છે એમ લઈ ગયા હતા ઉપાદાનમાં. અહીંયા આમ. બેય રીતે સમજાવવું છેને. **ગતિહેતુના અભાવને લીધે...** આત્મા પૂર્ણાનંદની પ્રાપ્તિ પોતાની પર્યાયમાં પ્રાપ્ત કરે છે. એને અહીંયા, લોકાગ્રે જઈને સ્થિત છે (એમ કહ્યું). એ તો એનો ઉપાદાનનો પોતાનો નિજ સ્વભાવ છે. હવે એને વ્યવહારથી વર્ણવે છે. ગતિહેતુ—એને જે ગતિ કરવાનું નિમિત્ત જે છે ધર્માસ્તિ, એનો અભાવ છે ત્યાં.

**સદા (અર્થાત્ કદાપિ) ત્રિલોકના શિખરથી ઊંચે જીવ...** એમ. ત્રિલોકના શિખરથી ઊંચે **જીવ અને પુદ્ગલ બંનેનું ગમન હોતું નથી.** ત્યાં આગળ એની સ્થિતિ છે. નિમિત્તપણું બતાવ્યું છે. ઉપાદાન તો લોકાગ્રે રહેવાનું પોતાની યોગ્યતા છે. સમજાણું કાંઈ? આમાં ત્રણ પ્રશ્ન ઉઠ્યા હતાને, પહેલા શેઠ આવ્યા ત્યારે. ધર્માસ્તિકાયનો અભાવ. દેખો! નિમિત્તની મુખ્યતા. ધર્માસ્તિકાય નથી આગળ માટે સિદ્ધ જતા નથી. ત્યાં લોકાગ્રે રહેવાની સ્થિતિ છે માટે આગળ જતા નથી. અહીં ક્યાં...? પહેલું સિદ્ધ કર્યુંને ઓલું. લોકાગ્રે જાય છે એ પહેલું સિદ્ધ કર્યું. બીજું..... બીજું એનાથી વિરુદ્ધ કહે? કિંમત તો પહેલા એકડાની હોય કે મીંડાની? મીંડાની તો વાત... બીજું નિમિત્ત છે એનું જ્ઞાન કરાવ્યું છે. કિંમત એની નથી. પહેલી ચર્ચામાં જ આ વાંધા ઉઠ્યા હતા. એ તો પુદ્ગલ અને (જીવ)નું ગમન હોતું નથી એ તો પોતાની યોગ્યતા એવી છે ને નિમિત્ત ત્યાં આગળ નથી, એમ બેને સિદ્ધ કર્યું. હવે ૧૮૫, ૧૮૫.

**णियमं णियमस्स फलं णिद्दिट्ठं पवयणस्स भत्तीए।**
**पुव्वावरविरोधो जदि अवणीय पूरयंतु समयण्हा ॥१८५॥**
**પ્રવચન-સુભક્તિ થકી કહ્યાં મેં નિયમ ને તત્ફળ અહો!**
**યદિ પૂર્વ-અપર વિરોધ હો, સમયજ્ઞ તેહ સુધારજો. ૧૮૫.**

**ટીકા : આ, શાસ્ત્રના આદિમાં લેવામાં આવેલા નિયમશબ્દનો અને તેના ફળનો ઉપસંહાર છે.** બીજી ગાથામાં કહ્યું હતું **मग्गो मग्गफलं ति**... માર્ગ ને માર્ગનું ફળ બેનો હવે અહીંયા ઉપસંહાર કરે છે. **પ્રથમ તો, નિયમ**... નામ નથી આપ્યા પણ એનું સ્વરૂપ આપ્યું છે. **શુદ્ધરત્નત્રયના વ્યાખ્યાનસ્વરૂપે પ્રતિપાદિત કરવામાં આવ્યો**... સમજાણું કાંઈ? પહેલેથી ત્યાં ત્રીજી ગાથામાં એમ લીધું હતું કે જ્ઞાન, દર્શન ને ચારિત્ર એ નિયમ છે. **णियमेण य जं कज्जं**... નિયમથી જે જીવને સુખને માટે કરવાલાયક એને નિયમ કહેવામાં આવે છે. આનંદની પ્રાપ્તિ માટે કરવાલાયક તે જ્ઞાન-દર્શન-ચારિત્ર એને નિયમ કહે છે. સમજાણું કાંઈ? આમ નિયમ લેવા અને નિયમ પાળવા એ આ. સમજાણું કાંઈ? આત્માનો સ્વભાવ ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણ આનંદ એનું જ્ઞાન, એની શ્રદ્ધા, એમાં રમણતા—એ નિયમ. એ નિયમનું કર્તવ્ય એણે કરવું. એ નિયમ એને કરવાલાયક છે. આહાહા! સમજાણું કાંઈ?

ત્યાંય 'સાર' શબ્દ વડે એને કહ્યું. વિપરીતનો અભાવ બતાવવા સાર (કહ્યું). બાકી નિયમ એટલે સમ્યગ્જ્ઞાન-દર્શન ને ચારિત્ર. જ્ઞાન-દર્શન ને ચારિત્ર એ નિયમ. સમજાણું કાંઈ? જ્ઞાનથી ઉપાડી છે વાત. નિયમ એટલે કે જ્ઞાન, દર્શન ને ચારિત્ર એટલે કે શુદ્ધરત્નત્રય. વ્યવહારરત્નત્રયના નિષેધ માટે શુદ્ધરત્નત્રય કહ્યું. આહાહા! શુદ્ધરત્નત્રય એટલે કે આત્મા જ્ઞાન ને આનંદના પૂર્ણ સ્વભાવથી ભરેલો પદાર્થ એને આશ્રયે થયેલું જ્ઞાન, દર્શન ને ચારિત્ર, એનું નામ શુદ્ધ રત્નત્રય. એ શુદ્ધરત્નત્રય કહેતાં અશુદ્ધરત્નત્રય(રૂપ) વ્યવહારનો એમાં નિષેધ થાય છે. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ–રાગ, પંચમહાવ્રતનો વિકલ્પ–રાગ, શાસ્ત્ર ભણવાનો.... એ શાસ્ત્રજ્ઞાનને વિકલ્પ જાણ. એ ત્રણેયનો નિષેધ કરવા માટે 'સાર શબ્દ યોજેલ છે' એમ પહેલું આવ્યું હતુંને. ત્રીજી ગાથામાં આવ્યું હતું. અહીં નિષેધની વાત ન લેતાં અસ્તિથી વાત લીધી છે.

પહેલાં તો... કૌંસ છેને. 'નિયમ' શબ્દ છે. **नियमस्तावच्छुद्धरत्नत्रयव्याख्यानस्वरूपेण प्रतिपादितः** અરે! ભગવાન આત્માને પૂર્ણ આનંદની પ્રાપ્તિરૂપી મુક્તિ, એના ઉપાયરૂપી શુદ્ધ-રત્નત્રય એનું કારણ ને એ એનો ઉપાય. એ શુદ્ધરત્નત્રય એટલે આત્મા પૂર્ણાનંદસ્વરૂપ તેનું જ્ઞાન, તેની શ્રદ્ધા ને તેની રમણતા એનું નામ શુદ્ધરત્નત્રય મોક્ષનો ઉપાય, નિયમ કહેવામાં આવે છે. કહે છે કે એના વ્યાખ્યાનસ્વરૂપે પ્રતિપાદિત કરવામાં આવ્યો... શુદ્ધરત્નત્રયના કથન માટે આમ બધું કહ્યું છે એમ કહે છે. સમજાણું કાંઈ? શુદ્ધરત્નત્રયના વ્યાખ્યાન સ્વરૂપે પ્રતિપાદિત કરવામાં આવ્યો છે. પહેલો વ્યવહાર આવ્યો હોય, હોય એને જણાવ્યો હો, પણ આની (-મોક્ષની) પ્રાપ્તિ માટે એનું (નિશ્ચયનું) વર્ણન આમ કરવામાં આવ્યું છે.

**તેનું ફળ પરમ નિર્વાણ...** ભગવાન આત્મા એના પૂર્ણ સ્વભાવનું અંતર્મુખ સ્વસંવેદનજ્ઞાન, અંતરના આશ્રયની શ્રદ્ધા અને અંતરમાં રમણતા એનું ફળ પરમ નિર્વાણ છે.

કહો, સમજાણું કાંઈ? એનું ફળ એ વખતે આનંદ આવે એમ ન લેતાં... સમજાણું કાંઈ? શુદ્ધરત્નત્રયની પરિણતિ તે આનંદરૂપ છે. પણ અહીં તો કહે છે કે શુદ્ધરત્નત્રય કારણરૂપે છે, ઉપાયરૂપે છે, એથી એનું ફળ તે નિર્વાણ છે. સમજાણું કાંઈ? જે વખતે આત્માના સ્વભાવનું ભાન, શ્રદ્ધા ને રમણતા હોય એ વખતે ફળરૂપ તો આનંદનું વેદન છે. એ અહીં લેવું નથી. એ પોતે શુદ્ધરત્નત્રયમાં આનંદનું ફળ ભેગું આવી ગયું છે. સમજાણું કાંઈ? આ તો અંતર્મુખની શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રની રમણતા દ્વારા નિર્વાણ નામ પૂર્ણાનંદની પ્રાપ્તિ તેનું ફળ છે. આહા!

**તેનું ફળ પરમ નિર્વાણ તરીકે** એમ કીધું કે **પ્રતિપાદિત કરવામાં આવ્યું.** એના ફળનું પણ એમાં કથન કરવામાં આવ્યું છે. **આ બધું કવિપણાના અભિમાનથી નહિ, પણ પ્રવચનની ભક્તિથી...** પાઠમાં છેને. **पवयणस्स भत्तीए**.. અહો! પ્રવચન—ભગવાનના કહેલા ભાવો અને એના કથનો એની ભક્તિથી **પ્રતિપાદિત કરવામાં આવ્યું છે.** કહો, સમજાણું કાંઈ? મોક્ષમાર્ગની ભક્તિ, પ્રવચનની ભક્તિ એને માટે આ નિયમસાર કહેવામાં આવ્યું છે. પ્રવચનની ભક્તિથી કહેવામાં આવ્યું છે. એ સિવાય, અમે કંઈ જાણીએ છીએ એ માટે કહેવામાં આવ્યું છે કે અમને આવડે છે આવું માટે અમારી પ્રસિદ્ધિ કરવા માટે આ કહીએ છીએ—એમ નથી. ફક્ત સ્વરૂપ ભગવાન આત્મા એનું જે શુદ્ધ રત્નત્રય અને એના–ભગવાનના કથનો એની ભક્તિથી અમે તો કહીએ છીએ. સમજાણું કાંઈ?

અમે તો એના સેવક છીએ. આહાહા! સેવક એટલે? પૂર્ણ પ્રાપ્તિના કારણની સેવના એ જ ભગવાનની સેવના છે. સમજાણું કાંઈ? પૂર્ણાનંદની, શાંતિની પ્રાપ્તિરૂપી મુક્તિ એના કારણનું સેવન એ જ ભગવાનનું સેવન છે. (શ્રોતાઃ સીમંધર ભગવાનનો......) હા, સીમંધર ભગવાનનો.... ભગવાનને કહેવું છે એના અમે સાધક છીએ, સાધનારા છીએ, એના ... છીએ. આહાહા! સમજાણું કાંઈ? કહે છે કે **જો (તેમાં કાંઈ) પૂર્વાપર દોષ હોય તો...** આગળ-પાછળ કોઈ શબ્દોના વ્યાકરણ આદિ નિયમોમાં ફેરફાર હોય તો... સમયસારમાં આવ્યું છે કે **छलं न घेतव्वं**. એ શબ્દોમાં ફેર હોય તો છળ ન કરવો, એટલું સુધારી લેવું તમારે. અહીં ‘સુધારી લેવું’ કહ્યું છે. ત્યાં એણે કહ્યું છે કે ત્યાં તું અટકીશ નહીં એ વાતને (પકડીને). અમારે તો ભગવાન આત્મા આનંદની વાત કરવી છે, એનો અનુભવ કરજે. સમજાણું કાંઈ?

આ કોઈ પંડિતાઈ અને કવિપણાની ચતુરાઈથી કહેવામાં આવ્યું છે એમ નથી, એમ કહે છે. આહાહા! દેખાવ.. દેખાવ. ક્યા કહતે હૈં હિન્દીમેં? દિખાવા. પ્રદર્શન કરવા, દેખાવા કે અમે આવા છીએ, ડાહ્યા (છીએ) એમ દેખાવા કરવા માટે આ કહ્યું નથી. આહાહા! દુનિયામાં પ્રસિદ્ધિ અમારી પામે માટે આ કહ્યું છે, એમ કહેવામાં નથી આવ્યું. ફક્ત વીતરાગનો માર્ગ આવો આનંદસ્વરૂપ છે, સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રસ્વરૂપ છે, એના આગમોમાં એમ કહ્યું છે તેના પ્રેમ ને ભક્તિથી અમે આ વાત કહીએ છીએ. આહાહા! સમજાણું કાંઈ?

એમાં કોઈ શબ્દોના વ્યાકરણમાં, નિયમમાં, કાળ-ભેદમાં, ધાતુ આદિમાં કોઈ ફેરફાર હોય તો **સમયજ્ઞ—**આગમના જાણ(નાર) **પરમ-કવીશ્વરો દોષાત્મક પદનો લોપ...** છેને? એમાં પદની દોષાત્મકની વ્યાખ્યા છે. વસ્તુનો અનુભવ જે કહીએ છીએ એ તો બરાબર છે. એમાં પદો–શબ્દોની કોઈ શૈલીમાં આગળ-પાછળ, શબ્દમાં .... આદિ હોય એનો લોપ **કરીને ઉત્તમ પદ કરજો.** પદને સારા કરજો, તમે એવા બહુ હુશિયાર કવિશ્વર હો તો. સમજાણું કાંઈ? પદોની રચનામાં....

**હવે આ ૧૮૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :** ૩૦૫

**जयति नियमसारस्तत्फलं चोत्तमानां**
**हृदयसरसिजाते निर्वृतिः कारणत्वात्।**
**प्रवचनकृतभक्त्या सूत्रकृद्भिः कृतो यः**
**स खलु निखिलभव्यश्रेणिनिर्वाणमार्गः ॥३०५॥**

**શ્લોકાર્થ : મુક્તિનું કારણ હોવાથી નિયમસાર...** એ 'સાર' (શબ્દ) લીધો અહીં. ઓલો 'નિયમ' (શબ્દ) પાઠમાં હતો. ... નામ છેને એકલું. મુક્તિનું કારણ... પરમ શાંતિ ને પરમ આનંદની પ્રાપ્તિ. અરે! સંસારના દુઃખોથી થાક્યો હોય એને.... સંસારના સ્વર્ગાદિના સુખ પણ દુઃખ છે. આહાહા! એનાથી જેને થાક લાગ્યો હોય, આહાહા! પ્રભુ! આવા દુઃખ હવે સહ્યા નથી જાતા. ભક્તિમાં નહોતું આવ્યું? કાલ આવ્યું હતું. એવા દુઃખથી જેને મુક્ત થવું હોય, એને આ મુક્તિનું કારણ હોવાથી નિયમસાર કહેવામાં આવ્યો છે. અને **તેમ જ તેનું ફળ ઉત્તમ પુરુષોનાં હૃદયકમળમાં જયવંત છે.** એમ કહે છે આહાહા! શું કીધું એ? મુક્તિનું કારણ એવું નિયમસાર જ્ઞાનીના હૃદયમાં બિરાજમાન જયવંત વર્તે છે. આહાહા! સમજાણું કાંઈ?

પરમ આનંદ ને પરમ જ્ઞાનની મૂર્તિ પ્રભુ, એના સન્મુખનું જ્ઞાન, દર્શન ને ચારિત્ર જ્ઞાનીના હૃદયમાં વર્તમાન જયવંત વર્તે છે એમ કહે છે, (એટલે) વિદ્યમાન છે, એમ. આહાહા! સમજાણું કાંઈ? આમ અદ્ધરથી વાત કરીએ છીએ એમ નહીં. છે મારી પાસે, એમ કહે છે. આહાહા! **મુક્તિનું કારણ હોવાથી નિયમસાર તેમજ તેનું ફળ ઉત્તમ પુરુષોના હૃદયકમળમાં જયવંત છે**. મોક્ષ કેવો છે એનું પણ એને જ્ઞાન વર્તે છે. આહાહા! **પ્રવચનની ભક્તિથી સૂત્રકારે જે કરેલ છે...** દિવ્યધ્વનિ ભગવાનની વાણી એની જે ભક્તિ એનાથી સૂત્રકાર કુંદકુંદાચાર્ય મહારાજે જે આ કરેલ છે એ ખરેખર, એમ. **(અર્થાત્ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવે જે આ નિયમસાર રચેલ છે)...** લ્યો. નિયમસાર કરેલ છે, રચેલ છે એમ કીધું લ્યો. નિમિત્તપણે બતાવે છે, નિમિત્તપણું બતાવે છે. વાણી તો વાણીને કારણે રચાય છે, પણ ભાવની રચનાવાળા જે હતા એણે આ 'વાણી રચના કરી' એમ વ્યવહારે કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

અંતરમાં વસ્તુના પૂર્ણ સ્વભાવના આનંદના વેદનની દશામાં હતાં, એમાં એ હતાં, એની રચના એમણે કરી હતી. પણ એવી સ્થિતિવાળા પ્રાણીએ એને અનુસરતી વાણીની રચના પણ કરી એમ કહેવાનો વ્યવહાર છે. આહાહા! સમજાણું કાંઈ? કહેનાર એમણે તો નિયમસાર રચ્યો છે. એટલે કે પોતાની પર્યાય નિર્મળ શુદ્ધસ્વભાવના આશ્રયે એમણે રચી હતી તે નિયમસાર–ભાવનિયમસાર રચ્યો એમણે. અને તેને અનુસરતી વાણી નીકળી એને અમે નિમિત્તથી કહીએ છીએ કે એને અમે રચ્યો, એમ. સમજાણું કાંઈ? આહાહા!

કુંદકુંદાચાર્ય ને મુનિઓ–દિગંબર સંતો, ગજબ કામ કરે છે! એની વાત કરતાં કે નિયમસારની અમે રચ્યું છે.... અમારો ભગવાન રાગથી રહિત... 'સાર'નો અર્થ છેને? એવો નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર જયવંત વર્તે છે એમ કહ્યુંને પહેલું? વર્તમાન છે. આહાહા! અને એને અનુસરીને વાણી વાણીને કારણે રચાય, બોલાય છે, પણ નિમિત્તપણું છે એટલે અમે આને રચતા આને રચીએ છીએ એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહા! સમજાણું કાંઈ?

**પ્રવચનની ભક્તિથી સૂત્રકારે જે કરેલ છે**... આ નિયમસાર **તે ખરેખર સમસ્ત ભવ્યસમૂહને...** સમસ્ત ભવ્યસમૂહને... બધા ભવ્યસમૂહને... એ ભવ્યના સમૂહ–ઢગલા એને **નિર્વાણનો માર્ગ છે.** નિયમ છેને? એને નિયમ મોક્ષનો માર્ગ, નિર્વાણનો માર્ગ આ છે. સંતોએ રચ્યો છે. અને વાણી રચનામાં નિમિત્ત (હતાં) એટલે એણે 'વાણી રચી' એમ કહ્યું અને ભવ્યસમૂહને આ મોક્ષનો માર્ગ છે. આહાહા! ૧૮૫ થઈ. હવે અહીંયા ૧૮૬.

**ईसाभावेण पुणो केई णिंदंति सुंदरं मग्गं।**
**तेसि वयणं सोच्चाऽभत्तिं मा कुणह जिणमग्गे॥ १८६ ॥**

**પણ કોઈ સુંદર માર્ગની નિંદા કરે ઈર્ષા વડે...** આવો સુંદર માર્ગ એની કોઈ નિંદા (કરે કે) આ માળા સ્વાર્થના પૂતળા છે, અમે અમારું કરીએ, અમે અમારું કરીએ. એવી નિંદાઓ કરનારા કરો, પણ સ્વરૂપની ભક્તિ તેમાં મોળપ લાવવા દઈશ નહીં. સમજાણું કાંઈ?

**પણ કોઈ સુંદર માર્ગની નિંદા કરે ઈર્ષા વડે,**
**તેનાં સુણી વચનો કરો ન અભક્તિ જિનમારગ વિષે. ૧૮૬.**

... ઉન્માર્ગ લીધો છે નિશ્ચય. પહેલું ... એ લીધું છે. શુદ્ધરત્નત્રય માર્ગ પ્રત્યે ભવ્ય અભક્તિ ન કરજે, એમ કીધું છેને. અંદર માર્ગની વ્યાખ્યા કરતાં નિશ્ચય-વ્યવહાર કહ્યો.... સમજાણું કાંઈ?

**ટીકા : અહીં ભવ્યને શિખામણ દીધી છે.** ભવ્યને શિખામણ દીધી છે, લાયક જીવને કહેવામાં આવે છે. આહાહા! **કોઈ મંદબુદ્ધિઓ...** આવો નિયમ(રૂપ) મોક્ષનો માર્ગ શુદ્ધ રત્નત્રય–સ્વદ્રવ્યને આશ્રયે થતી દશા એવો માર્ગ એને નહીં સમજનારા, ઇર્ષ્યા કરનારાઓ... સમજાણું કાંઈ? કહ્યું હતું. ઘણા વર્ષ પહેલાં અહીં એક પ્રશ્ન થયો હતો. ૯૨ની સાલ. આ સિદ્ધ

ભગવાન શું કરે? કીધું, સિદ્ધ ભગવાન કોઈનું કાંઈ ન કરે. એ પોતાના આનંદના અનુભવને કરે. અરે! આવા સિદ્ધ? અહીં અમે પણ થોડાઘણા બીજાનું કરીએ અને એ મોટા થયા ને કાંઈ ન કરે? અરે ભગવાન! બાપુ! તને ખબર નથી. ત્યારે અમારે એવા સિદ્ધ નથી જોઈતા. પણ હતું ક્યાં ભાઈ! સમજાણું કાંઈ?

હીરાભાઈના મકાનમાં પ્રશ્ન થયો હતો. એ તો ગુજરી ગયા બિચારા. સી.જી. શાહ મુંબઈ. એને કાંઈ ધર્મ-બર્મનું (ભાન ન મળે). બસ મોઢા આગળ પડવું. કે આ સિદ્ધ ભગવાન પૂર્ણ થઈને, પરમાત્મા થઈને શું કરે? કીધું, કાંઈ ન કરે પરનું (અને) પોતાના પૂર્ણ આનંદનો અનુભવ કરે. લે આવા સિદ્ધ! મોટા થયા ને કાંઈ ન કરે કોઈનું એ મોટા શેના? એય પંડિતજી! અમે પણ અહીં ગામમાં.. ગામમાં નહીં તો દેશમાં કે કુટુંબમાં બધે જ્યાં હોય ત્યાં સુધારાવધારા કરવા મથીએ છીએ. એ કાંઈ ન કરે કોઈનું? કીધું, હરામ છે કાંઈ કરે જો કોઈનું. તમેય કાંઈ કરતા નથી કોઈનું. સિદ્ધભગવાન... અહીં પણ કોણ કરે છે કોઈનું? એ તો મફતનો અજ્ઞાની માને મૂઢ. ચોપડા-બોપડા, નામા-બામા જોતો હશે કે નહીં અહીં? આ બધું શું અત્યાર સુધી કર્યું? ઓડિટર થયા ને... ઓડિટર ને? ચોપડાના નામાને...

આ અમારે મંત્રી છે. કેટલું કામ કર્યું છે પોરબંદરમાં. જુઓને! મોઢા આગળ કાકા ને કાકી બહુ વખણાતા. અમારે પાલેજમાં પણ એક કાકો-કાકી હતા. મુસલમાન હતા. જૂના માણસ. ગામમાં પહેલા આવેલા. પહેલા આવેલા એટલે કાકો-કાકી કહેવાતા. અમારા ઘરની પાછળ રહેતા. મુસલમાન હતા. દરેક ગામમાં એક કાકો-કાકી હોય, એમ પોરબંદરમાં આ કહેવાતા. ઓલું તો નાનું. પાલેજ એટલે.... અને તે દિ' તો સાધારણ હતા. તે દિ' તો સાધારણ હતા. હવે તો... તે દિ' તો સાવ સાધારણ હતા. અત્યારે વધી ગયું. તે દિ' કાકો-કાકી કહેવાતા. આ તો મોટા પોરબંદરના. રહ્યા નહીં હોં. કાકી તો વઈ ગઈ. આ એક રહ્યા. કોના કાકા ને કોના કાકી? આહાહા!

અહીં તો કહે છે કે હે ભવ્ય જીવ! તારું સ્વપ્રયોજન માર્ગને સાધતો (હો અને) કોઈ દુનિયા એમ કહે કે આ તો માળા એકલા સ્વાર્થીયા છે, કોઈનું કાંઈ કરવું નહીં ને અમે ધર્મી. કોઈનું કાંઈ કરવું નહીં. પોતાનું તો કૂતરા પેટ ભરે, એમ વળી એક કહેતો હતો. એ ચેતનજી! એ ચેતનજીને ખબર છે નામ શું છે. એ આવ્યા હતા, ...માંથી આવ્યા હતા. એ કહે, કૂતરાય પેટ ભરે. અરે પ્રભુ! શું કહે છે? ભાઈ! તું શું કહે છે આ? સાધુ નામ ધરાવે. પોતાનું તો કૂતરાય પેટ ભરે. પરનું કરે એ ખરા. વાહ રે વાહ! પછી..... ચેતનજી છેને. એનું નામ તમારા જેવું નામ છે. એય! ખબર છે? હિંમતલાલ જેઠાલાલ. આવ્યા છે. આ કહેતા હતા... આહાહા! આ ભગવાન પોતાનું કર્યા સિવાય.... આ અજ્ઞાનપણે રાગ-દ્વેષ ને મિથ્યાત્વ પોતા માટે કરે છે. એ કંઈ પરનું કરે છે? આહાહા! કરે શેનું પણ? જગતના અનંત તત્ત્વો અનંતપણે પરિણમી રહ્યા

છે. અનંતપણે રહીને અનંતપણે દ્રવ્યપણે ને પર્યાયપણે રહેલા છે. હવે એના અનંતમાંથી એક બીજાનું કરે તો અનંત(પણે) ખૂટી જાય છે–અનંતની સંખ્યા રહેતી નથી. આહાહા!

કહે છે કે કોઈ મંદબુદ્ધિઓ... **ત્રિકાળ-નિરાવરણ, નિત્ય આનંદ જેનું એક લક્ષણ...** હવે અહીંયા ઉપાડે છે જુઓ! ઓલામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર લીધું. અહીં શ્રદ્ધા... ત્રિકાળ નિરાવરણ... મોક્ષમાર્ગ તો એ છે, નિયમ એ મોક્ષમાર્ગ છે, પણ જ્ઞાન-દર્શન-ચારિત્ર લીધું. ત્યાં જ્ઞાન-દર્શન-ચારિત્રને મોક્ષમાર્ગ કહ્યો છે પહેલે. અહીં આ શબ્દથી ઉપાડ્યું છે. ત્રિકાળ નિરાવરણ ભગવાન આત્મા **નિત્ય આનંદ જેનું એક લક્ષણ**... આહાહા! ભગવાન આત્માનું લક્ષણ નિત્ય આનંદ.. અતીન્દ્રિય નિત્ય આનંદ જેનું લક્ષણ છે. આહાહા! સમજાણું કાંઈ? કોઈ મંદબુદ્ધિઓ, એટલું બસ. હવે **ત્રિકાળ-નિરાવરણ નિત્ય આનંદ જેનું એક લક્ષણ**.. એક લક્ષણ છે. જોયું! અહીં જ્ઞાનલક્ષણ ન લેતાં આનંદનું લક્ષણ લીધું છે. આહાહા! સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદમાં બિરાજમાન આત્મા છે એ એનું લક્ષણ છે. આહાહા! રાગ ને પુણ્યના પરિણામ એ એનું લક્ષણ નથી.

જ્યારે જણાવવું હોય ત્યારે બીજું જણાવે. ત્યાં આવે છેને પંચાસ્તિકાયમાં. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય લક્ષણ—ત્રણ લક્ષણ છે. દરેક પર્યાય ઉત્પાદ-વ્યય એ પણ એનું લક્ષણ છે, પણ એ તો સામાન્યરૂપે લક્ષણ બતાવવું છે. આ તો ખાસ ગુણને જુદો પાડીને બતાવવું છે... સમજાણું કાંઈ? જેને જુદું પડવું છે તેને જુદું પાડીને બતાવવું છે. આહાહા! ત્રિકાળ પ્રભુ નિરાવરણ વસ્તુ છે. વસ્તુને આવરણ કેવું? એવી ચીજ જે સત્ત્વ સત્.. સત્.. સત્નું સત્ત્વ. સમયસારમાં એ આવ્યું હતું કે શુદ્ધ ને અશુદ્ધ જીવનું સત્ત્વ છે, એના સત્ત્વમાં છે. આવ્યું હતું કે નહીં? એ તો પર્યાય બતાવવા. આ તો દ્રવ્ય બતાવવું છે. સમજાણું કાંઈ?

શુદ્ધ-અશુદ્ધ પર્યાય એ પણ જીવનું સત્ત્વ છે. સત્ત્વ એટલે એના સત્ના સત્વમાં થાય છે, કાંઈ પરમાં થાતા નથી. પણ અહીં તો દ્રવ્યને બતાવવું છે, વસ્તુ કઈ છે. ઓલી તો પર્યાયને બતાવવી હતી. ઓહો! ત્રણેય કાળે નિરાવરણ પ્રભુ બિરાજે છે અને નિત્ય આનંદ જેનું લક્ષણ છે. એ સુખ ને આનંદ એ જ એનું લક્ષણ છે અને આનંદના લક્ષણે તે આત્મા લક્ષિત થઈ શકે છે. આહાહા! **એવા નિર્વિકલ્પ નિજ કારણપરમાત્મતત્ત્વનાં...** ત્રિકાળ નિરાવરણ ને નિત્ય આનંદલક્ષણ એવા નિર્વિકલ્પ–અભેદ નિજ કારણપરમાત્મા... પોતાનો કારણપરમાત્મા વસ્તુ. એવા **કારણપરમાત્મતત્ત્વનાં સમ્યક્-શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ...** એવો પોતાનો પરમાત્મા કારણસ્વરૂપ ભગવાન એની સાચી અંતરશ્રદ્ધા, એનું આત્મજ્ઞાન, એવા આત્મામાં અનુષ્ઠાનરૂપ–આચરણરૂપ એ ચારિત્ર.

**અનુષ્ઠાનરૂપ શુદ્ધરત્નત્રયથી...** આવા સમ્યક્-શ્રદ્ધાન, જ્ઞાન, અનુષ્ઠાનરૂપ. શું? શુદ્ધરત્નત્રય. એવા શુદ્ધરત્નત્રયથી... એટલી વ્યાખ્યા અત્યારે કરી હવે. એનાથી વિરુદ્ધવાળા

તારી નિંદા કરે તો અભક્તિ કરીશ નહીં, એમ સિદ્ધ કરવું છે. **પ્રતિપક્ષ...** અહીં પ્રતિપક્ષમાં આ આવ્યું. ઓલામાં વળી આ પ્રતિપક્ષ લેવા જાય તો ઓલું મળતું નથી. નિયમસાર (ગાથા ૩). ‘વ્યવહારના પરિહાર અર્થે..’ આ તો એની ને એની વસ્તુ....... વિકલ્પ છેને. નિયમસાર. વ્યવહારનો પરિહાર એટલે વ્યવહારરત્નત્રય વિકલ્પ એના પરિહાર અર્થે આ શબ્દ યોજેલ છે. ત્યાં તો એની વિકારી પર્યાયથી વિરુદ્ધ, એમ. અહીં તો કહે છે કે શુદ્ધરત્નત્રયથી વિરુદ્ધ મિથ્યાત્વકર્મના ઉદયવાળા, એમ લેવું છે. જે ઠેકાણે જે હોય ત્યાં... ત્યારે ઓલા ન્યાં રાડ પાડે કે નહીં, અહીં એમ નહીં. અહીં એમ લેવું કે મિથ્યાત્વ ને સમ્યગ્દર્શન એ વિરુદ્ધ છે, એના પરિહાર અર્થે મોક્ષમાર્ગ કહ્યો છે.—એમ કહે છે. અહીં તો વિરોધ કરનારાઓને લેવા છેને. ઓલું તો વિરુદ્ધ પર્યાયથી રહિત નિયમસાર છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? આહાહા!

એવો પોતાનો કારણપરમાત્મા ભગવાન નિત્યાનંદ પ્રભુ શાશ્વતવસ્તુ એની સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન ને અનુષ્ઠાનરૂપ શુદ્ધરત્નત્રય કે જે મોક્ષનો માર્ગ છે, એવા રત્નત્રયથી વિરુદ્ધ **મિથ્યાત્વકર્મોદયના સામર્થ્ય વડે...** વિપરીત એવું દર્શનમોહ એના ઉદયના સામર્થ્ય વડે... એમાં જોડાતાં .... છે એમ કહેવું છેને. આહા! આવ્યુંને, કર્મોદય છેને એ એના ઉદયનું સામર્થ્ય કહેવાય, એના ઉદયનું સામર્થ્ય. એ આત્માનું સામર્થ્ય ક્યાં હતું? **કર્મોદયના સામર્થ્ય વડે મિથ્યાદર્શન...** જેને મિથ્યા શ્રદ્ધા છે, મિથ્યા **જ્ઞાન** છે, મિથ્યા**ચારિત્રમાં પરાયણ** છે. **પરાયણ વર્તતા થકા..** આહાહા! **ઈર્ષાભાવથી અર્થાત્ મત્સરયુક્ત પરિણામથી...** ઇર્ષ્યા કે અમે આમ જાણનારા છીએ, અમે આમ જાણનારા છીએ, આ તમે બધા સ્વાર્થના પૂતળાઓ માળા આત્માનું અમે કરીએ છીએ, આત્માનું કરીએ છીએ. એમ કરીને એવા સુંદર માર્ગની નિંદા કોઈ કરે મત્સરયુક્તથી–ઈર્ષ્યાભાવે... એવા **પરિણામથી સુંદર માર્ગને...** હવે સુંદર માર્ગની જરી વ્યાખ્યા કરે છે.

**णिंदंति सुंदरं मग्गं... પાપક્રિયાથી નિવૃત્તિ જેનું લક્ષણ છે એવા ભેદોપચાર-રત્નત્રયાત્મક...** પહેલો એ વ્યવહાર લીધો. મુનિનો માર્ગ (જેમાં) પાપના પરિણામથી નિવૃત્તિ છે (અને) અહિંસાદિના પરિણામ, વ્યવહાર રત્નત્રયના પરિણામ છે એને. **પાપક્રિયાથી નિવૃત્તિ જેનું લક્ષણ છે એવા ભેદોપચાર-રત્નત્રયાત્મક**–વ્યવહારરત્નત્રય... વ્યવહારરત્નત્રય એવો જે એનો વિકલ્પ અને અભેદોપચાર-રત્નત્રય એ નિશ્ચય. **અભેદોપચાર-રત્નત્રયાત્મક સર્વજ્ઞ વીતરાગના માર્ગને...** જુઓ! **ભેદોપચાર-રત્નત્રયાત્મક અને અભેદોપચાર રત્નત્રયાત્મક સર્વજ્ઞવીતરાગના માર્ગને...** પ્રમાણનું જ્ઞાન કરાવ્યું છેને જરી. વ્યવહાર પણ આવો હોય, આરાધવો છે નિશ્ચય, પણ જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થઈ જાય એમાં વ્યવહાર આવો હોય છે. વ્યવહાર જ જુદી જાતનો છે વીતરાગનો. એમાં તું આરોહણ કર. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, પંચમહાવ્રતનો વિકલ્પ, એનો સાવદ્યનો ત્યાગ, બાહ્યહિંસાનો ત્યાગ—એવો વ્યવહારરત્નત્રયસ્વરૂપ અને

અભેદોપચાર-રત્નત્રયસ્વરૂપ **સર્વજ્ઞવીતરાગના માર્ગને નિંદે છે...** 'મંદબુદ્ધિઓ' કહ્યું હતું પહેલેથી. કોઈ મંદબુદ્ધિઓ આ રીતે નિંદે છે, એમ. સમજાણું કાંઈ?

અમારું કાંઈ ન કરે એ વીતરાગ શેના? ભગવાન શેના મોટા? એમ કહે. મોટા થાય તો ઘણાનું કરેને. લ્યો, આ તો અમે અમારું કરીએ છીએ, પણ અમે મોટા છીએ મોક્ષના માર્ગના. નહીં, એમ ન હોય. દુનિયાનું કરવું. કદાચિત્ ભવ કરવો પડે દુનિયા માટે તો ભવ કરવો. સમજાણું કાંઈ? એ વાત આવી ગઈ છે. સમજાણું કાંઈ? જગતના હિતને માટે ભવ કરવો પડતો હોય તો અમે ભવ કરશું. ધૂળમાંય કલ્યાણ થાતું નથી જગતને એનાથી. આહાહા! ધૂળેય ન થાય. કોને લાભ થાતો હશે? પોતે પોતાનું કરે એમાં વળી વિકલ્પ કોઈ આવી ગયો ને તીર્થંકરગોત્ર બંધાઈ ગયું તો સામાને નિમિત્ત થાય. એ પણ ઓલો કરે ત્યારે નિમિત્ત થાય કે નહીં? આનાથી ન્યાં ક્યાં થાય છે? સમજાણું કાંઈ?

કહે છે કે અરે! એવા મંદબુદ્ધિઓ આવા વીતરાગમાર્ગને... 'સર્વજ્ઞવીતરાગ શબ્દ' અહીં પાડ્યો છે. આહાહા! ત્રણ કાળ, ત્રણ લોક જેને એક સમયમાં–સૂક્ષ્મકાળમાં જાણવામાં આવી ગયા છે. એવા સર્વજ્ઞવીતરાગ એનો જે કહેલો માર્ગ એને કોઈ નિંદે. માળા! આ તો ભગવાનને પણ માને નહીં. ભગવાનને માને તો કહે રાગ થાય. આ ભારે.... સમજાણું કાંઈ? એવા **સર્વજ્ઞવીતરાગના માર્ગને નિંદે**... આહાહા! **તે સ્વરૂપવિકળ (સ્વરૂપપ્રાપ્તિ રહિત)...** વિકલેન્દ્રિય નથી થાતા? બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌઇન્દ્રિય—એ વિકલેન્દ્રિય છે. પૂરી પાંચ ઇન્દ્રિય વિનાના. **સ્વરૂપપ્રાપ્તિ રહિત**... ચૈતન્યસ્વરૂપ પૂર્ણાનંદ અખંડ આનંદસ્વરૂપની પ્રાપ્તિ જેને નથી અને આવા મિથ્યા શ્રદ્ધા-જ્ઞાનની પ્રાપ્તિ એને છે. આહાહા!

એવા **જીવોનાં કુહેતુ...** હેતુ આપે ખોટા. **કુદૃષ્ટાંત**... દૃષ્ટાંત ખોટા આપે એને. સમજાણું કાંઈ? એવા **કુહેતુ** ને **કુદૃષ્ટાંતયુક્ત કુતર્કવચનો,** એમ. દાખલા આપે પોતાના. આમ થાય, ફલાણું થાય, ઘણાને તાર્યા, જુઓ! મોક્ષમાર્ગે લઈ ગયા. એકલા રહે એ તો સ્વાર્થના પૂતળા કહેવાય. પરમાર્થ કરે એ મોટા પરમાર્થિક કહેવાય. એય! કેટલાય પાંજરાપોળમાં રોકાવું નહીં પડ્યું હોય? શેના કાકા કહેવાતા હશે? કોઈકના કામ કર્યા હોય ત્યારેને. આહાહા! તમારાથી તો કાંઈ થાય નહીં, વળી કહો કે બીજાને સમજાવવા ઊભા થયા. માળા! તમારો મેળ ક્યાં છે આમાં ક્યાંય? એય! તમે કહો કે કોઈથી કોઈનું કાંઈ થાય નહીં, વળી કહે અમે તમને સમજાવીએ. તમારો મેળ ક્યાં છે આમાં? આવા તે નિંદા વિરોધ કરે છે. તમે કહો કે મૌન રહેવામાં લાભ છે. વળી પાછું બોલવાની વાતું તમે કરો. આમાં મેળ ક્યાં છે તમારે? એય જેઠાભાઈ!

એવા કુહેતુ મૂકી અને કુદૃષ્ટાંત આપી અને કુતર્કના વચનો બોલે. આહા! સમજાણું કાંઈ? એમાં વળી તમે કહો કે એકલા ક્રમબદ્ધ થાય, વળી તમે સમજાવીને એનું ક્રમબદ્ધ ફેરવી

નખાવો છો. .... કુતર્ક કરે છે. એવું કુદૃષ્ટાંત દઈને કુતર્ક કરે છે. સમજાણું કાંઈ? જે સમયે જે પર્યાય..... એ તો ... લાગે એને. એને કાળે એની પર્યાય થશે તો પછી તમે એને 'આમ કર' એમ સમજાવવાનું શું કરવા મફતનું મંડ્યા છો? કહો, સમજાણું કાંઈ? ભાઈ! વાણીને કાળે વાણી નીકળી એ સમજાવને ભેગું. અને વિકલ્પને કાળે વિકલ્પ આવ્યો અને જાણે છે કે આ વિકલ્પ ને વાણી છે એમ જાણવાના કાળે જ્ઞાનપર્યાયનો સ્વભાવ એ જ જાણવાનો હતો. સમજાણું કાંઈ? ભારે માર્ગ એવો. .......

ફૂલચંદજી કહે કે જુઓ! અમે આ કર્યું છે. એ સોનગઢને માનતા જ નથી. સોનગઢ કહે કે નથી કરી શકતા ને જુઓ! આમ લખ્યું છે કે હું આ કરું છું. ભારે તર્ક... જૈન તત્ત્વમીમાંસા. અરે ભગવાન! શું કહે છે ભાઈ? એ તો.... પણ સમજાવવાની શૈલીમાં ભાષા તો એ જ આવેને. સમજાણું કાંઈ? તમે સમજાવો છોને. તમે ક્રમબદ્ધ માનતા નથી અને પરનું કરી શકતા નથી એમ પણ માનતા નથી. સોનગઢ કહે છે એ માનતા નથી. આહાહા!

કુહેતુ અને કુદૃષ્ટાંત સહિત... પાછો દાખલો આપે એના જેવો. બધા એની મેળાએ થઈ જાય? દીવાની આમ ચાંપ મારો ત્યાં પ્રકાશ થાય ફટ. શું કરવા ઊભા થયા? એની મેળાએ થાય છેને? થવા દો એની મેળાએ..... ત્યાં તો ઊભા થઈ આમ દાબે ત્યારે દીવો થાય. એક કોર એમ માનો કે ન થાય, વળી અમે કરીએ તો થાય. આ બેમાં તમારો મેળ ક્યાં છે? એ વજુભાઈ! આહા! એવા **સ્વરૂપવિકળ જીવોના**... ભાઈ! એને ખબર નથી. એ કુહેતુ મૂકશે, કુદૃષ્ટાંતનો દાખલો પણ એને મેળ આવે એવો કહેશે. પંચાધ્યાયીમાં કહ્યું છે નયાભાસનું. નયાભાસનું કહ્યું છે. કુદૃષ્ટાંતો-ઉદાહરણ દાખલો આપીને સિદ્ધ કરશે, પણ એ કુનય છે. કુનયો છે.

એવા **કુતર્કવચનો સાંભળીને જિનેશ્વરપ્રણીત...** વીતરાગ પરમેશ્વર જેણે પ્રાપ્ત કર્યું છે એણે કહેલું જિનેશ્વરપ્રણીત... વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એનું પ્રણીત-એમણે કહેલો **શુદ્ધરત્નત્રયમાર્ગ**... જુઓ! અહીં અભેદ કહ્યો છે. ઓલામાં બે હતું એને જણાવ્યું છે. આ શુદ્ધરત્નત્રય... શુદ્ધરત્નત્રયમાર્ગ... શુદ્ધરત્નત્રયમાર્ગ... એકલો સ્વ ....નો માર્ગ. જેમાં આત્મા પોતાનું જ કરી શકે, પરનું કાંઈ જરીએ નહીં, તેમ પર પાસેથી કાંઈ જરીએ લે નહીં. એવો જે **શુદ્ધરત્નત્રયમાર્ગ...** શુદ્ધરત્નત્રય સર્વજ્ઞે કહેલો માર્ગ એના **પ્રત્યે, હે ભવ્ય ! અભક્તિ ન કરજે...** આવો માર્ગ હોય તો આવા નિંદા કરનારા આટલા બધા ટોળા કેમ નીકળે છે? એમ માનીશ નહીં. એ તો એમ જ હોય. ભગવાને કહેલો માર્ગ એમાં અભક્તિ કરીશ નહીં. આહાહા! સમજાણું કાંઈ?

આખી દુનિયા કદાચિત્ ડોલી ઉઠે, પણ સત્યથી ખસીશ નહીં ભાઈ! આમાં શું હશે? એવું કાંઈક હશે? આ બધા આવડા મોટા-મોટા પંડિતો... એક જણો કાલ કહેતો હતો. આમ

મોટા મહારાજ કહેવાય એ બધા ખોટું કરતા હશે? બાહ્યત્યાગરૂપે એની કિંમત કરી હોયને એટલે મોટા કહેવાય. સંસારમાં રહ્યા (હોવાથી), બાયડી-છોકરામાં રહ્યા દેખાતા (હોવાથી), સમકિતી એને નાના લાગે. સમકિતી જીવ એને–મિથ્યાત્વીને નાના લાગે (અને) ઓલા મોટા લાગે. આવો ત્યાગ! બાયડી-છોકરા, સર્વ રાજપાટ છોડ્યા, મોટા ધંધા છોડ્યા ને આવા ત્યાગી થયા એના વચનો માન્ય હોય કે નહીં? સાંભળને હવે! ત્યાગ કર્યો જ છે કે દિ' એણે મિથ્યાત્વનો? સમકિતનો ત્યાગ કર્યો છે એણે તો. એની મોટપ (જોઈને) એના વચન મોટા માનવા એ તારી ભૂલ છે એ તો. સમજાણું કાંઈ?

**જિનેશ્વરપ્રણીત**–વીતરાગે કહેલો માર્ગ... શુદ્ધરત્નત્રયમાર્ગ એક જ કીધો છે જુઓ! પાઠમાં 'જિનમાર્ગ' છે ખરુંને? **अभत्तिं मा कुणह जिणमग्गे...** વીતરાગી ભગવાન આત્મા એના આશ્રયની દૃષ્ટિ, જ્ઞાન ને ચારિત્ર એમાં પ્રેમ ન છોડીશ–અભક્તિ ન કરીશ. એક જ હોય તોય બસ છે. સત્‌ને સંખ્યાની જરૂર નથી. એટલે હા પાડનારા ઘણા મળે તો સત્ય કહેવાય એવું છે નહીં. આહાહા! **પરંતુ ભક્તિ કર્તવ્ય છે.** અસ્તિ કીધી. દુનિયાના કુહેતુ-કુદષ્ટાંતયુક્ત કુતર્કવચન... કુતર્ક વચનો... કહે છે કે કેવળજ્ઞાનીના હિસાબે બધા જીવમાં ક્રમબદ્ધ થાય, શ્રુતજ્ઞાની એમ માને, પણ એના આચરણમાં એમ ન હોય. કહો! આહાહા! શ્રુતજ્ઞાની કહે કે હું પુરુષાર્થ કરું એ પ્રમાણે થાશે. પુરુષાર્થ કરું એ પ્રમાણે થાશે એમ ભગવાને દેખ્યું નથી? આહાહા! સમજાણું કાંઈ?

એક જણો વળી એમ કહેતો હતો લલિતપુરનો કે આ તમારી વાત એકાદને બેસે એવી છે. ....... રાત્રે ઓલા હતાને. નંદકુમાર.... એના ગામનો છે. નામ ભૂલી ગયા. .... રામજીભાઈને બહુ તકરાર થઈ હતી. સાથે એક બીજો હતો, લલિતપુરનો હતો પંડિત. એ બોલ્યો, આ તમારી વાત એકાદને.... ભલે એકાદને બેસે, પણ સત્ય છે કે નહીં હવે? હવે એકાદને બેસે-ન બેસે એનું શું કામ છે અહીં? ન બેસે તો શું થઈ ગયું? એ પંડિત હતો પંડિત. ગુજરી ગયો. નાની ઉંમરમાં ગુજરી ગયો. અરેરે! બાપા! આવા કાળ આવ્યા...... કરવાનું કાંઈ ને કરી બેસે કાંઈ. અરેરે! આંખ્યું મીંચાશે. અંધારે ઓરડે જઈને ચોરાસીના અવતારમાં ક્યાં અવતરશે? બાપુ! આ અવતાર છૂટવાની વાત એટલે સ્વના આશ્રયના માર્ગની ક્રિયા, અંતરની ક્રિયા એની, એ જેને ન બેસે એ ઈર્ષ્યાથી નિંદા કરે. સમજાણું કાંઈ? **ભક્તિ કરજે.** ભાઈ! એટલે ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ એની રુચિ, જ્ઞાન ને રમણતા કરજે. એમાં મોળપ આવવા દઈશ નહીં એમ કહે છે. અભક્તિ ન કરીશ. સમજાણું કાંઈ? ૧૮૬ ટીકાનો શ્લોક.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## માગશર વદ ૧૪, ગુરુવાર, તા. ૧૬-૧૨-૧૯૭૧
## શ્લોક - ૩૦૬-૩૦૭, ગાથા - ૧૮૭, પ્રવચન નં. ૨૦૪

૧૮૬ ગાથાના કળશ છે બે. ૩૦૬

**હવે આ ૧૮૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :**

**देहव्यूहमहीजराजिभयदे दुःखावलीश्वापदे**
**विश्वाशातिकरालकालदहने शुष्यन्मनीयावने ।**
**नानादुर्णयमार्गदुर्गमतमे दृङ्मोहिनां देहिनां**
**जैनं दर्शनमेकमेव शरणं जन्माटवीसंकटे ॥३०६॥**

**जन्माटवीसंकटे...** કહે છે કે આ સંસારરૂપી અટવી વિકટ સ્થળ છે.

**શ્લોકાર્થ : દેહસમૂહરૂપી વૃક્ષપંક્તિથી જે ભયંકર છે...** એક દેહ ને બીજો દેહ એમ અનંત દેહ—એનો જે સમૂહ, એની પંક્તિ–ધારા... વનમાં જેમ વૃક્ષની પંક્તિ હોય, અટવીમાં જેમ વૃક્ષની પંક્તિનો સમૂહ હોય, એમ સંસારરૂપી અટવીમાં આ દેહસમૂહરૂપી વૃક્ષની પંક્તિ છે. એક પછી એક, એક પછી એક, એક પછી એક દેહ મળ્યા જ કરે એને સંસારમાં. દેહસમૂહ–દેહનો ઢગલો આખો. એવા દેહસમૂહરૂપી વૃક્ષની પંક્તિ તેનાથી જે ભયંકર છે સંસાર અટવી. **જેમાં દુઃખપરંપરારૂપી જંગલી પશુઓ (વસે) છે...** અટવીમાં જેમ સિંહ ને વાઘ (હોય), એમ દુઃખની પરંપરા એક પછી એક, એક પછી એક દુઃખ તો ચાલ્યા જ કરે છે. સંસારમાં દુઃખરહિત છે નહીં. દુઃખની પરંપરારૂપી જંગલી પશુ વસે છે. રાગ-દ્વેષની આકુળતા છે, ચાહે તો સ્વર્ગમાં હો, નરકમાં હો, શેઠાઈમાં, રાંકાઈમાં હો, પણ એને દુઃખની પરંપરા છે. એના દુઃખની પરંપરા(રૂપ) જંગલી પશુ છે. ચીરી વેરી નાખે એવા પશુઓ છે દુઃખ તે. સંસાર અટવી એવી છે.

**અતિ કરાળ કાળરૂપી અગ્નિ જ્યાં સર્વનું ભક્ષણ કરે છે...** કરાળ કાળ ક્ષણમાં બધાનો નાશ કરી નાખે છે. કરાળ કાળરૂપી અગ્નિ વનને જેમ બાળે, એમ આ પોતાના અનેક પ્રકારના શરીરાદિનો નાશ કરી નાખે છે. સગવડતા ને અગવડતા બધાનો કરાળ કાળ... દાવાનળથી સળગી રહ્યો છે સંસારમાં. **જેમાં બુદ્ધિરૂપી જળ (?) સુકાય છે...** કંઈક અશુદ્ધિ છે એમાં. બુદ્ધિરૂપી જળ સુકાઈ જાય છે. આત્માનું જ્ઞાન શું છે એનું એને ભાન નથી. સંસારના ડહાપણ એ પણ આત્માના જ્ઞાનને સુકવી નાખે છે. સમજાણું કાંઈ? **અને જે દર્શનમોહયુક્ત જીવોને...** જેની શ્રદ્ધા વિપરીત છે એવા જીવોને **અનેક કુનયરૂપી માર્ગોને લીધે અત્યંત દુર્ગમ છે...** કુનય, એના કુતર્કો ને કુનય ને કુશાસ્ત્ર એ માર્ગને લીધે અત્યંત દુર્ગમ છે. એ અટવીમાંથી નીકળવું (દુર્ગમ છે). એવી અટવી હોય એમાં ઝાડ, બાવળ, કાંટા આડાઅવળા ભર્યા હોય એમાંથી રસ્તો

કાઢવો મુશ્કેલ છે. એમ આ દર્શનમોહ જીવને અનેક કુનય કુતર્કો એના માર્ગોને લીધે અત્યંત દુર્ગમ છે. નીચે અર્થ છે. **મુશ્કેલીથી ઓળંગી શકાય એવું** એ છે. આહાહા! **દુસ્તર** છે.

ચોરાશીના અવતારમાંથી નીકળવું મહા દુસ્તર છે. **સંસાર અટવીને વિષે અનેક કુનયરૂપી માર્ગોમાંથી સત્ય માર્ગ શોધી કાઢવો...** ઝાડા-ઝાંખરા, બાવળના કાંટા વચમાં પડ્યા હોય અટવીમાં, એમાંથી કેડો માર્ગ નીકળવો કે આ શહેરમાં પહોંચી શકાય એવો કેડો ગોતવો જ એને મહામુશ્કેલ છે. એમ આ સંસારની અટવીમાં રખડતા જીવને કુનયમાર્ગમાંથી સત્યમાર્ગ શોધી કાઢવો, સત્ય શું છે એ શોધવું **મિથ્યાદૃષ્ટિઓને અત્યંત કઠિન છે**. ક્યાંક ક્યાંક ભરાઈ જાય. સમજાણું કાંઈ? વિપરીત નયના આશ્રયે એકાંતમાં, કાં પર્યાયમાં, કાં દ્રવ્યમાં, કાં એકાંત ભેદમાં, કાં એકાંત અભેદમાં એમ ભરાઈ જાય છે કહે છે. વસ્તુની સ્થિતિ શોધવી આ કુનયના કારણે બહુ મુશ્કેલ છે. **તેથી સંસાર અટવી અત્યંત દુસ્તર છે**. દુ-સ્તર.. તરવું એટલે અટવીમાંથી નીકળવું... ધર્મને નામે પણ એટલા કુનયો વર્તે એમાંથી નીકળવું અને સત્યને શોધવું ઘણું દુસ્તર–તરવું, નીકળવું મહામુશ્કેલ છે.

અહો! **તે સંસાર-અટવીરૂપી વિકટ સ્થળમાં...** સંસારરૂપી અટવીનું વિકટ મેદાન... આહાહા! એ **જૈનદર્શન એક જ શરણ છે.** વીતરાગીસ્વભાવ આત્માનો એ જૈનદર્શન. જૈનદર્શને એ કહ્યું કે તારો સ્વભાવ વીતરાગ આનંદસ્વરૂપ ત્રિકાળ.. આહાહા! એ એક જ શરણ છે. બીજું કોઈ શરણ છે નહીં. સમજાણું કાંઈ? આવી દુર્ગમ અટવીમાંથી નીકળવા માટે એક જૈનદર્શન જ શરણ છે. **એક જ શરણ છે**. લ્યો. જૈનદર્શન જ એક જ શરણ છે. બીજું કોઈ નથી? બીજું ક્યાં? વીતરાગીસ્વભાવ આત્માનો હોય એ જૈનદર્શન છે અને એની પર્યાયની પ્રાપ્તિ થવી એ જૈનશાસન છે. ત્રિકાળી આનંદમૂર્તિ ભગવાન વીતરાગ પ્રભુ એનું શરણ, એનો આશ્રય એ એક જ ઉદ્ધાર કરવાનો ઉપાય છે. એક શ્લોક થયો.

.... આ તો એકાંત છે. પોતે જૈનદર્શનની વાત એકાંતમાં નાખે છે. એ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. વીતરાગ સર્વજ્ઞદેવે કહ્યું અને પ્રગટ કર્યું એવું એ સ્વરૂપ જૈનદર્શન એટલે આત્મા. જેમાં રાગ નથી, જેમાં સંસાર છે નહીં, એવો જે ત્રિકાળી સ્વભાવ એ એક જ શરણ છે. સમજાણું કાંઈ? ૩૦૭. **વળી,**

**लोकालोकनिकेतनं वपुरदो ज्ञानं च यस्य प्रभो-**
**स्तं शंखध्वनिकंपिताखिलभुवं श्रीनेमितीर्थेश्वरम्।**
**स्तोतुं के भुवनत्रयेऽपि मनुजाः शक्ताः सुरा वा पुनः**
**जाने तत्स्तवनैककारणमहं भक्तिर्जिनेऽत्युत्सुका ॥३०७॥**

**उत्सुका... अत्युत्सुका**–ઉત્સુક, અત્યંત ઉત્સુક. 'અતિ ઉત્સુક' અર્થ કર્યો છેને. નેમિનાથ ભગવાનને યાદ કર્યા છે. આ તો પોતે બ્રહ્મચારી હતાને, બાળબ્રહ્મચારી હતા. પદ્મપ્રભમલધારિદેવ બાળબ્રહ્મચારી હતા એટલે બાળબ્રહ્મચારી તીર્થંકરને યાદ કર્યા છે.

**શ્લોકાર્થ : જે પ્રભુનું જ્ઞાનશરીર...** નેમિનાથ ભગવાનનું જ્ઞાનશરીર... જુઓ! જ્ઞાન એનું શરીર. **સદા લોકાલોકનું (નિકેતન)**–ઘર **છે. નિકેતન** એટલે ઘર. ભગવાન નેમિનાથ પ્રભુ જેનું જ્ઞાનરૂપી સ્વભાવ-શરીર એ લોકાલોકનું ઘર છે, એટલે કે લોકાલોકને જાણવા સમર્થ છે અને લોકાલોક જેમાં જણાય છે. શબ્દ તો આમ લીધો છે કે ભગવાન જ્ઞાનસ્વભાવ લોકાલોકનું નિકેતન.. નિકેતન–રહેવાનું સ્થાન છે. એ પંડિતજી! ઘર હૈ. લોકાલોક અહીં રહે છે. એનો અર્થ **(અર્થાત્ જે નેમિનાથપ્રભુના જ્ઞાનમાં લોકાલોક સદા સમાય છે–જણાય છે).** એવું એનું જ્ઞાનશરીર છે. જ્ઞાનશરીર, દેહશરીર તો જડ છે, આ માટી છે. સમજાણું કાંઈ?

**તે શ્રી નેમિનાથ તીર્થેશ્વરને...** તીર્થેશ્વર છે–તીર્થના ઈશ્વર છે. તીર્થેશ્વર–તીર્થના ઈશ્વર. તરનારા આત્માઓના પણ એ ઈશ્વર છે. સાધકના એ પરમેશ્વર છે એમ કહે છે. **કે જેમણે શંખના ધ્વનિથી આખી પૃથ્વીને ધ્રુજાવી હતી...** આવે છેને? નેમિનાથ ભગવાન ને કૃષ્ણની રાણી રૂક્ષ્મણી... નેમિનાથ ભગવાને સ્નાન કર્યું એટલે લૂગડું કાઢી નાખ્યું ને રૂક્ષ્મણીને કહ્યું કે ધોઈ નાખ. એ કહે, તમે કોણ કહેનાર? અમારા મોટા શ્રીકૃષ્ણ એ શંખના ધ્વનિથી તો આમ હલાવી દે દ્વારિકાને, એ પુરુષ પણ અમને ન કહે અને તમે (કહો)? ગૃહસ્થાશ્રમમાં નેમિનાથ ભગવાન હતા, ત્રણ જ્ઞાનના ધણી હતા. એમ કહ્યું ભગવાનને એટલે આ શંખ હતો, નાગની શૈયા હતી...

નાગની શૈયા.. પાટી હોય છેને! પલંગની પાટી, એમ નાગ.. નાગની પાટી હોય. સુંવાળું, એકદમ સુંવાળું એવી નાગશૈયા હતી, શ્રીકૃષ્ણને સૂવા માટે નાગની શૈયા. ત્યાં ગયા, શંખ લીધો, શંખ લઈને ફૂંક્યો, દ્વારિકા ધ્રુજી ઉઠી. શંખ ફૂંક્યો તે એટલો અવાજનો જોર (કે) દ્વારિકા ધ્રુજી ઉઠી. અહીં તો આખી પૃથ્વી ધ્રુજાવી એનો અર્થ... વિકલ્પથી કહેને. પણ એ પોતે જે સ્થાન છે તેને આખું ધ્રુજાવી દીધું. શંખનો અવાજ થતાં... હાથમાં લઈને... **જેમણે શંખના ધ્વનિથી આખી પૃથ્વીને ધ્રુજાવી હતી**... લ્યો, શંખને કારણે ફૂંક પડે ત્યાં નિમિત્તથી ધરતી ધ્રુજી ઊઠી.

શ્રોતા : માનવું કે ન માનવું?

પૂજ્ય ગુરુદેવશ્રી : એ અહીં સિદ્ધ ક્યાં કરવું છે? અહીં તો, એણે આ કર્યું એમાં આમ થયું એટલું સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહા!

**જેમણે શંખના ધ્વનિથી આખી પૃથ્વીને ધ્રુજાવી હતી તેમને–સ્તવવાને ત્રણે લોકમાં કોણ મનુષ્યો કે દેવો સમર્થ છે?** એમનું સ્તવન કરવાને ત્રણ લોકમાં કોણ મનુષ્યો કે દેવો સમર્થ છે? એવી જેની શક્તિ (એવા) નેમિનાથ ભગવાન કેવળજ્ઞાન પામ્યા, પૂર્ણાનંદની દશાને

પામ્યા એની કોણ મનુષ્યો-દેવો સ્તુતિ કરી (શકે)? શું કરે...? અલૌકિક ચીજ, જેની પર્યાય અનંત જ્ઞાન ને અનંત આનંદપણે પરિણમી ગઈ છે એનું શું કહેવું? લોકાલોકથી પણ અનંત ગુણો કાળ-ક્ષેત્ર હોત તો જાણત એવું જેનું જ્ઞાનની પર્યાયનું પરિણમન સ્વચ્છ અને શુદ્ધ છે, એની સ્તુતિ કરવાને કોણ સમર્થ છે? સમજાણું કાંઈ? ત્રણ લોકમાં કોણ મનુષ્યો કે દેવો સમર્થ છે? એમ કહે છે. ગણધરો પણ શું સમર્થ છે? એમ કહે છે.

**(તોપણ) તેમને સ્તવવાનું એકમાત્ર કારણ જિન પ્રત્યે અતિ ઉત્સુક ભક્તિ છે...** લ્યો. એમના પ્રત્યે અતિ ઉત્સુક–ઉત્સાહરૂપી ભક્તિ જાગી છે તે કરીએ છીએ. આહાહા! આવે છેને? એ તો વિકલ્પ છે, પણ એ અશુભની જ્યારે સ્થિતિ ન હોય ત્યારે એવો ભાવ હોય છે. અંદરમાં ઠરી શકે નહીં ત્યારે એવો વિકલ્પ હોય છે. (શ્રોતાઃ ન હોય તો?) હોય જ. ન હોય એમ (બને)? વીતરાગ પૂર્ણ ન હોય એને ન હોય? કાં (પૂર્ણ) વીતરાગ થઈ જાય, કાં અજ્ઞાની થઈ જાય (તો ન હોય). સમજાણું કાંઈ? ભાવ આવે છેને. વીતરાગતામાં કેટલો રહે કાળ? કહે છે કે **જિન પ્રત્યે**... એવા વીતરાગ ભગવાન પ્રત્યે... જેનો સ્વભાવ (પર્યાયમાં) એકલો પૂર્ણ વીતરાગ થઈ ગયો. અહો! જુઓ! જેવો એનો સ્વભાવ હતો એવી વ્યક્તદશા પ્રગટ થઈ ગઈ. જિનસ્વરૂપ જ આત્મા હતો. વીતરાગસ્વરૂપે હતો એવો પર્યાયમાં પૂર્ણ પ્રગટ થઈ ગયો.

એના પ્રત્યે **અતિ ઉત્સુક ભક્તિ છે એમ હું જાણું છું.** સ્તવવાનું કારણ આ એક જ છે, એમ કહે છે. બીજું કોઈ કારણ નથી. સમજાણું? ૧૮૬માં આવ્યું છેને **अभत्तिं मा कुणह..** એમાંથી એ કાઢ્યું. હવે છેલ્લી ગાથા ૧૮૭. ભક્તિ કરજે. એ નિશ્ચય ભક્તિની વાત છે ત્યાં તો. આ વ્યવહારભક્તિમાં.... એ આવે છે. (શ્રોતાઃ મહાપુરુષો આવા દોષ કરે તો શું કરવું?) દોષ કરે એ આવે છે, ભાવ હોય છે. ભાવ હોય છેને. એ ભાવ પણ વ્યવહારે પ્રશંસનીય છેને વ્યવહારે. નિશ્ચયથી અપ્રશંસનીય છે. ભૂમિકાને યોગ્ય એને ભાવ આવે, એને હોય છે. છેલ્લી ગાથા ૧૮૭.

**णियभावणाणिमित्तं मए कदं णियमसारणामसुदं।**
**णच्चा जिणोवदेसं पुव्वावरदोसणिम्मुक्कं ॥१८७॥**
**નિજભાવના અર્થે રચ્યું મેં નિયમસાર-સુશાસ્ત્રને,**
**સૌ દોષ પૂર્વાપર રહિત ઉપદેશ જિનનો જાણીને. ૧૮૭.**

આવો શબ્દ તો આ ચાર શાસ્ત્રમાંથી આમાં જ આવે છે. આહા! અને તે **मए कदं** (અર્થાત્) મેં કર્યું. **णियमसारणामसुदं... णामसुदं... णियमसारणामसुदं..** પૂર્વાપરવિમુક્ત ઉપદેશને જાણીને આ કહ્યું છે એમ કહે છે. એમાં કોઈ વિરોધ છે નહીં.

**ટીકા : આ, શાસ્ત્રના નામકથન દ્વારા શાસ્ત્રના ઉપસંહાર સંબંધી કથન છે.** નિયમસાર શાસ્ત્ર અહીંયા પુરું થાય છે. **અહીં આચાર્યશ્રી (શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ) પ્રારંભેલા કાર્યના**

**અંતને પહોંચવાથી...** શરૂ કરેલા કાર્યના અંત–છેડાને પહોંચવાથી **અત્યંત કૃતાર્થતાને પામીને કહે છે...** કૃતાર્થતાને પામીને કહે છે. કૃત–કર્યું અમે (એટલે) એમ થયું. જે ધાર્યું હતું એ પુરું થયું. **કે સેંકડો પરમ-અધ્યાત્મશાસ્ત્રોમાં કુશળ...** ટીકાકાર.... કે કેવા છે કુંદકુંદાચાર્ય? **સેંકડો પરમ અધ્યાત્મશાસ્ત્રમાં કુશળ એવા મેં...** એમ પાછું.... **मए कदं...**

પૂર્વાપર જિનનો ઉપદેશ બધો જાણ્યો છે, એમ તો આવ્યુંને છેલ્લામાં. એ બધો પૂર્વાપર ઉપદેશ બધો સેંકડો (શાસ્ત્રમાં) આવી જાય છે. સેંકડો આવ્યા છે વાંચનમાં. એટલા બધા શું, હજારો.... સમજાણું કાંઈ? ઘણો વખત હોય તો શાસ્ત્ર સ્વાધ્યાયમાં તો આવે. એનો કાળ, મુનિને પણ સ્વાધ્યાયનો કાળ હોય છે, ધ્યાનમાં ન હોય ત્યારે. ધ્યાનમાં રહી શકે કેટલું? ત્યારે સ્વાધ્યાય કાળ પણ હોય છે. નહીંતર તો એને સાતમું તરત જ આવે, કાં છઠ્ઠા ગુણસ્થાનમાં શાસ્ત્ર સ્વાધ્યાયનો ભાવ હોય છે. બતાવે છે, સ્વાધ્યાયમાં બતાવે છે પાછું એ જ ને. વીતરાગતા, પૂર્ણાનંદ, પૂર્ણસ્વરૂપ એનું શરણ છે, એનો આશ્રય છે. વિષય તો ત્યાં એ છે, ભલે વિકલ્પ છે. સમજાણું કાંઈ? એનાથી જણાતો નથી, પણ એ બતાવે છે એ. સમજાણું કાંઈ? આહાહા!

**સેંકડો પરમ અધ્યાત્મશાસ્ત્રોમાં કુશળ એવા મેં...** પોતે પદ્મપ્રભમલધારિદેવ... નિજભાવનાને કારણે... **નિજભાવના**ને **નિમિત્તે** એનો અર્થ એટલો કર્યો, **અશુભવંચનાર્થે** આમ. વિકલ્પ છે ખરોને. શાસ્ત્ર બનાવવાનો વિકલ્પ છે એ અશુભને ટાળવા માટે આ શુભભાવ છે એટલી વાત છે. **અશુભવંચનાર્થે નિયમસાર નામનું શાસ્ત્ર કર્યું છે.** નિયમસાર નામનું આ સિદ્ધાંત મેં કર્યું છે, એમ. **શું કરીને (આ શાસ્ત્ર કર્યું છે)? પહેલાં અવંચક પરમ ગુરુના પ્રસાદથી જાણીને.** જોયું? **णच्चा जिणोवदेसं...** પહેલાં જાણ્યું મારા ગુરુ પાસેથી. ગુરુ કેવા છે? કે અવંચક છે. છેતરે નહીં એવા નિષ્કપટી, સરળ, ઋજુ. જેવું સ્વરૂપ હતું એવું કહેતા હતાં. સમજાય છે કાંઈ? પામેલા હતા તે પ્રમાણે કહેતા હતાં, એમ કહે છે અહીં તો. **અવંચક પરમ ગુરુના પ્રસાદથી જાણીને...** પ્રસાદ–મહેરબાનીથી. અમારા સરળ ગુરુ પ્રભુ એની મહેરબાનીથી આ અમે જાણ્યું, એમ કહે છે જુઓ!

**શું જાણીને? જિનોપદેશને અર્થાત્ વીતરાગ-સર્વજ્ઞના મુખારવિંદથી નીકળેલા પરમ ઉપદેશને** જાણ્યું. લ્યો. વીતરાગ સર્વજ્ઞના મુખ-અરવિંદ–મુખરૂપી અરવિંદ–કમળ એમાંથી નીકળેલા પરમ ઉપદેશને અમે જાણ્યું. ઠીક! એને અમે જાણ્યું એમ કહે છે. **કેવો છે તે ઉપદેશ? પૂર્વાપર દોષ રહિત છે...** પહેલાં કંઈક કહ્યું ને પછી કંઈક એવો વિરોધ એમાં છે નહીં. આહાહા! પૂર્વ ને અપર—પહેલા ને પછી. અપર એટલે પછી. પૂર્વ–પહેલા ને પછી દોષ રહિત છે. **અર્થાત્ પૂર્વાપર દોષના હેતુભૂત સકળ મોહરાગદ્વેષના અભાવને લીધે...** મોહ ને રાગ-દ્વેષનો જેને અભાવ છે વીતરાગને, એને લીધે પૂર્વાપરદોષ રહિત જ એની વાણી હોય છે. એવા **જે આપ્ત છે**

**તેમના મુખથી નીકળેલો હોવાથી** તે ઉપદેશ **નિર્દોષ છે.** કેવો છે ઉપદેશ? એમ કીધુંને. એ નિર્દોષ છે. ભગવાનની વાણી પહેલા-પછી વિરોધ રહિત છે, તેથી તે નિર્દોષ છે.

**વળી (આ શાસ્ત્રના તાત્પર્ય સંબંધી એમ સમજવું કે)...** આ સિદ્ધાંતના સાર સંબંધી એમ સમજવું કે **જે (નિયમસારશાસ્ત્ર) ખરેખર સમસ્ત આગમના અર્થસમૂહનું પ્રતિપાદન કરવામાં સમર્થ છે...** એ તો દરેક હોય છેને. અષ્ટસહસ્રીનું કહ્યું નહોતું રાત્રે? અષ્ટસહસ્રી, ઉસમેં આતા હૈ ન. એક અષ્ટસહસ્રીમેં સબ આતા હૈ. ..... આ **નિયમસાર ખરેખર**.. ખરેખર, એમ પાછું. **સમસ્ત આગમના અર્થસમૂહનું...** આગમના અર્થ–પદાર્થનું પ્રતિપાદન કરવામાં સમર્થ છે. બધા પદાર્થો ભગવાને જે જોયા ત્રણ કાળ, ત્રણ લોકના, એ બધાને કહેવા સમર્થ છે. આ નિયમસાર એકમાં બધું આવી જાય છે એમ કહે છે. સમયસારમાં એમ, આ પ્રવચનસારમાં, એકમાં બધું આવી જાય છે.

**જેણે નિયમ-શબ્દથી...** હવે આ નિયમસારનો અર્થ કરે છે. **નિયમ શબ્દથી વિશુદ્ધ મોક્ષમાર્ગ સમ્યક્ પ્રકારે દર્શાવ્યો છે...** લ્યો. નિયમ શબ્દથી... નિયમસાર છેને. તો નિયમ શબ્દથી વિશુદ્ધ મોક્ષમાર્ગ–શુદ્ધ મોક્ષમાર્ગ–નિશ્ચય મોક્ષમાર્ગ–યથાર્થ મોક્ષમાર્ગ સમ્યક્ પ્રકારે નિયમસારે દર્શાવ્યો છે. પરની અપેક્ષા વિનાનો, વ્યવહારની પણ અપેક્ષા વિનાનો એવો નિરપેક્ષ વિશુદ્ધ માર્ગ, દ્રવ્યને આશ્રયે પ્રગટ થતો એવા મોક્ષમાર્ગને જેણે દર્શાવ્યો છે.

રાત્રે નહોતા, નહીં? આ પ્રશ્ન રાત્રે થયો હતો. કે અભૂતાર્થ છેને અસત્યાર્થ. પર્યાય દ્રવ્યમાં નથી માટે અસત્યાર્થ છેને? દ્રવ્યમાં પર્યાય ગૌણ કરીને... દ્રવ્યમાં પર્યાય ગૌણ કરીને અસત્યાર્થ કહ્યું, એમ ને? હા, પણ એમ કીધુંને. દ્રવ્યમાં પર્યાય છે ખરી, પણ એને ગૌણ કરીને કહેવામાં આવી. રાત્રે ચર્ચા થઈ હતી. પર્યાય છે એ પર્યાયને ગૌણ કરીને... (ત્રિકાળી) દ્રવ્યમાં છે એની વાત ક્યાં છે? દ્રવ્ય જે છે ત્રિકાળી એમાં પર્યાય છે નહીં એ વાત અહીં છે જ નહીં, એનું અહીં કામ નથી. ત્રિકાળી દ્રવ્યનું મુખ્યપણું બતાવીને જે પર્યાય વર્તે છે તે પણ ગૌણ કરીને ‘નથી’ એમ કહ્યું. પર્યાય છે એને ગૌણ કરીને ‘નથી’ કહ્યું. દ્રવ્યમાં પર્યાય નથી. (ત્રિકાળી) દ્રવ્યમાં પર્યાય છે એ માટે ગૌણ કરીને કહ્યું એ પ્રશ્ન અહીં છે જ નહીં. સમજાણું કાંઈ? એય! તમે નહોતા. યાદ કર્યું હતું.

અસત્યાર્થ કહ્યું છે એ તો ત્રિકાળી દ્રવ્યની મુખ્યતા, દૃષ્ટિ કરાવવા, પર્યાય પર્યાયમાં હોવા છતાં, એને ગૌણ કરીને એ પર્યાય નથી–અવિદ્યમાન છે, પર્યાય પોતે અવિદ્યમાન છે, વર્તમાન અવસ્થા અવિદ્યમાન છે—એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? મોહનભાઈ હતા કે નહીં? કહ્યું હતુંને. રાત્રે ચાલતું હતું કે નહીં? આહાહા! ભગવાન આત્માના બે અંશો છે. બે અંશ છે એમાં એક અંશ નથી એ અંશરૂપે અંશ નથી. એ અહીં પ્રશ્ન જ નથી. બે અંશો છે—એક ત્રિકાળી અંશ ને એક પર્યાય અંશ. એમાં ત્રિકાળી અંશની અપેક્ષાએ પર્યાય અંશ પોતે નથી,

એમ. છે એ પોતે નથી. સમજાણું કાંઈ? કેમ નથી? છે તો ખરી પર્યાય, પણ એનું લક્ષ છોડાવવું છે અને દ્રવ્યની મુખ્યતાની દૃષ્ટિ કરાવવી છે એટલે તે છે છતાં તે 'નથી' એમ કહેવામાં આવે છે. એમ વાત છે. સમજાણું કાંઈ? ૧૧મી ગાથા તો...

શ્રોતા : આપ ઘણીવાર કહો છોને કે દ્રવ્યમાં પર્યાય નથી એટલે અમને બહુ દ્રઢ થઈ ગયું છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ માટે તો આ વાત કરી છે. હીરાભાઈએ એમ કહ્યું. પણ એમ શી રીતે દ્રઢ થયું? ચેતનજી! હતા કે નહીં તમે? દ્રવ્યમાં પર્યાય છે કે નહીં? આહાહા! ચેતનજી! ઠીક, સ્પષ્ટીકરણ તો આવે છેને. રાત્રે કહ્યું હતું.

અહીં જે વ્યવહાર અસત્ય કહ્યો છે એ પર્યાયને જૂઠી કીધી છે. (ત્રિકાળી) દ્રવ્યમાં પર્યાય નથી એ પ્રશ્ન અહીં છે જ નહીં. (ત્રિકાળી) દ્રવ્યમાં તો પર્યાય છે જ નહીં. બિલકુલ નથી. આ તો પર્યાયમાં પર્યાય છે એ 'નથી' એમ કહેવું છે. કેમકે ત્રિકાળી સત્યાર્થનો આશ્રય લેવા એને મુખ્યપણે કરીને, પર્યાય હોવા છતાં એને ગૌણ કરીને એ 'નથી' એમ કહેવામાં આવ્યું છે. પર્યાય ગૌણ કરીને 'નથી' કહેવામાં આવ્યું છે. (ત્રિકાળી) દ્રવ્યની વાત અહીં નથી. (ત્રિકાળી) દ્રવ્યમાં પર્યાય નથી એ પ્રશ્ન છે જ નહીં અહીંયા. ચેતનજી! આહાહા! વાત જેમ હોય એમ જાણવી જોઈએને. દ્રવ્ય–વસ્તુ સામાન્ય છે એમાં તો પર્યાય નથી જ. એ પ્રશ્ન જ નથી. સમજાણું કાંઈ? હવે અહીં તો પર્યાય પર્યાયપણે છે, ભૂતાર્થ છે, વ્યવહારે ભૂતાર્થ છે, એને અહીં નિશ્ચયથી 'અસત્ય છે' એમ ગૌણ કરીને (કહ્યું છે). અભાવ કરીને અસત્ય છે એમ નહીં. સમજાણું કાંઈ? દિલીપ હતો કે નહીં? લ્યો, ડોસાને સમજાવે? આ ... છેને. બાપનો બાપ હતો.

શું શૈલી છે આ ૧૧મી ગાથાની! વસ્તુ પોતે આમ ધ્રુવ નિત્યાનંદ ભૂતાર્થ, સત્યાર્થ, પરમાર્થ એ વસ્તુ. બસ, એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય. એમ મુખ્યપણે એને 'છે' એમ કહીને, પર્યાયને ગૌણ કરીને 'નથી' એમ કહેવામાં આવ્યું. આ (ત્રિકાળી અંશ) મુખ્યપણે કરીને 'છે' અને પર્યાય જે છે એને ગૌણ કરીને 'નથી' એમ કહેવામાં આવ્યું છે. કહો, સમજાણું કાંઈ? એય પંડિતજી! રાત્રે આવ્યું હતું આ. **ववहारोऽभूदत्थो**.. કહ્યું છેને. વ્યવહાર એટલે પર્યાય. રાગાદિ ભલે હોય, એનું કાંઈ નહીં. આપણે તો મુખ્ય પર્યાય છે અહીં. તદ્દન નિત્ય જ છે, પર્યાય નથી જ એમ માનવું એમ નહીં. પર્યાય પર્યાયપણે નથી હોં. (ત્રિકાળી) દ્રવ્યમાં નથી એ પ્રશ્ન અહીં છે જ નહીં.

શ્રોતા : દ્રવ્યમાં પર્યાય છેને ધ્રુવમાં?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ધ્રુવમાં ક્યાં છે? આ અંશ અહીં છે એ અંશ અહીં નથી. એ પ્રશ્ન અહીં નથી. આ (પર્યાય) અંશ અહીં છે એ અંશ નથી (કહ્યું). સમજાણું? એ અંશ અહીં નથી એમ નહીં. એ (પર્યાય) અંશ અહીં છે એ નથી. કેમ? મુખ્યનો આશ્રય કરાવવા, એને ગૌણ

કરીને 'નથી' એમ એનો પેટાભેદ કાઢી નાખ્યો. સમજાણું કાંઈ? આ કરી હતી, રાત્રે ખૂબ કરી હતીને. પર્યાપ્ત, અપર્યાપ્ત આવશે. વળી આમાં યાદ આવ્યું.

આ આવ્યુંને. વિશુદ્ધ મોક્ષમાર્ગ સમ્યક્ સ્વરૂપે દર્શાવ્યો છે. એનો અર્થ છેને. એ જ કહું છું. અમારા જેઠાભાઈએ જવાબ આપ્યો હતો સરખો. પૂછ્યું તો જવાબ સરખો આપ્યો હતો. ....... આ તો સીધી વાત છેને. ભગવાન આત્મા બે અંશે પ્રમાણનો વિષય છે. બે અંશમાં એક અંશ વર્તમાન પર્યાય અને એક ત્રિકાળ. વસ્તુ–દ્રવ્ય એને દ્રવ્ય કહેવું પરથી જુદું પાડવાને. હવે બેમાંથી દ્રવ્ય–ધ્રુવ જે મુખ્ય છે તેને 'દ્રવ્ય' સિદ્ધ કરીને એનો આશ્રય લેવા અને આ લક્ષ છોડાવવા એ પર્યાય છે છતાં તે 'નથી' (એમ કહ્યું). એ નથી ને આ છે. આ નથી ને આ છે. ..ભાઈ! નહોતા તમે રાત્રે. આ વિચાર તો પહેલો આવી ગયો હતો, ત્યારે વળી રાખ્યો. કંઈ પૂછે નહીં ને બેઠા હોય સૌ, તો થોડું જાણવું તો જોઈએને. કંઈ સૂઝ પડતી ન હોય... શું પૂછવું. આહાહા!

**જેણે નિયમ-શબ્દથી વિશુદ્ધ મોક્ષમાર્ગ સમ્યક્ પ્રકારે દર્શાવ્યો છે**... સ્વના આશ્રયથી સમ્યગ્દર્શન થાય એ એમાં–નિયમસારમાં દર્શાવ્યું છે. કારણપરમાત્માને જ્યાં ત્યાં વર્ણવ્યો છેને. આહા! કારણપરમાત્મા કહો કે દ્રવ્ય કહો, ભૂતાર્થ કહો, સત્યાર્થ કહો, કારણપરમાત્મા કહો, કારણજીવ કહો—એ બધું એક જ છે. આહાહા! કહે છે કે **નિયમ-શબ્દથી વિશુદ્ધ મોક્ષમાર્ગ**... દેખો! અહીં મોક્ષમાર્ગને–નિશ્ચય મોક્ષમાર્ગને પણ 'વિશુદ્ધ' શબ્દ વપરાય છે. વિશેષે શુદ્ધ, એમ. શુભ નહીં. શુભ નહીં, એકલું શુદ્ધેય નહીં, વિશેષ શુદ્ધ. એવો **મોક્ષમાર્ગ સમ્યક્ પ્રકારે**, પાછો. જેમ છે તેમ દેખાડ્યો છે.

**જે શોભિત પંચાસ્તિકાય સહિત છે...** પંચાસ્તિકાયથી શોભાયમાન. પંચાસ્તિકાયનું વર્ણન પણ આમાં ભલી રીતે કર્યું છે. (શ્રોતાઃ બીજા પર પદાર્થને જાણવાનું શું કામ છે?) આ પર છે એ વિના સ્વ જુદો કેમ પડશે? પરને જાણ્યા વિના? જુદો છે એ ક્યાં એને લક્ષમાં છે? જુદો છે એ તો વાણીમાં આવ્યું છે. આ પંચાસ્તિકાય અને એની જ્ઞાનની પર્યાય– પંચાસ્તિકાયને જાણવાની પર્યાય એ પર્યાયને પણ ગૌણ કરીને આના ઉપર દૃષ્ટિ દેવી જોઈએ. એ પંચાસ્તિકાય તો ક્યાંય રહી ગયા આઘા. સમજાણું કાંઈ? બધું છે આમાં એમ કહે છે.

પંચાસ્તિકાય સહિત... **શોભિત પંચાસ્તિકાય સહિત**, એમ. **જેમાં પંચાચાર-પ્રપંચનો સંચય કરવામાં આવ્યો છે...** લ્યો. એમાં પહેલું જ્ઞાનાચાર લીધું છે. જ્ઞાનાચાર, દર્શનાચાર.. જુઓ! પંચાચાર પ્રપંચ એટલે વિસ્તાર. એનો સંચય એટલે ગોઠવવામાં આવ્યું છે. **(અર્થાત્ જેમાં જ્ઞાનાચાર...** પહેલો જ્ઞાનાચાર લીધો છે. અહીં સમકિત આચાર નથી લીધો પહેલો. સમજાણું કાંઈ? અહીં પહેલા શબ્દમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર લીધું કુંદકુંદાચાર્યે પોતે. નિયમસારના શરૂઆતમાં આવ્યુંને પહેલું. **णियमेण...** કાલ બતાવ્યું હતું. **णियमेण य जं कज्जं...**

**णाणदंसणचरित्तं णियमेण य जं कज्जं तं णियमं । णाणदंसणचरित्तं...** કુંદકુંદાચાર્યનું છે. ટીકામાં એમ કહ્યું છે. નહીંતર ઓલા પદની ગોઠવણીમાં આમ આવ્યું હોય ને એમ હોય... આ તો ટીકામાં એમ છે કે **જ્ઞાન-દર્શન ને ચારિત્ર—તે ત્રણમાંના દરેકનું સ્વરૂપ કહેવામાં આવે છે.** લ્યો. પહેલેથી ભાષા વાપરી છેને. જુઓને! **ઉપયોગને સંપૂર્ણપણે અંતર્મુખ કરીને ગ્રહણ કરવાયોગ્ય એવું નિજ (પરમતત્ત્વનું) પરિજ્ઞાન એ જ્ઞાન છે.** જાણવું તો જ્ઞાનમાં આવે છેને.

અહીં કહે છે કે પંચાચાર વિસ્તારનો સંશય કરવામાં આવ્યો છે. કેટલો ઢગલો પડ્યો છે.... નિયમસારમાં આ બધું વર્ણન છે. **જ્ઞાનાચાર, દર્શનાચાર...** જ્ઞાનનો આચાર નિશ્ચય, દર્શનાચાર નિશ્ચય. વ્યવહાર એ ભલે હો, એ જાણવાલાયક છે. **ચારિત્રાચાર, તપાચાર–**ઇચ્છાનિરોધ **અને વીર્યાચાર–**વીર્યની સ્ફુરણાનું આચરણ. **પાંચ પ્રકારના આચારનું કથન કરવામાં આવ્યું છે), જે છ દ્રવ્યોથી વિચિત્ર છે (અર્થાત્ જે છ દ્રવ્યોના નિરૂપણથી વિધવિધ પ્રકારનું સુંદર છે)...** છ દ્રવ્યોનું વર્ણન છે નિયમસારમાં. છ દ્રવ્યોના નિરૂપણથી વિવિધ પ્રકારનું સુંદર છે. **સાત તત્ત્વો અને નવ પદાર્થો જેની અંદર સમાયેલાં છે...** સાત તત્ત્વની વ્યાખ્યા છે. પુણ્ય-પાપને આસ્રવમાં સમાડી દઈ અને સાત તત્ત્વનું આમ (વર્ણન કર્યું કે) નવ પદાર્થ જુદા પાડીને જેની અંદર સમાયેલા છે...

**જે પાંચ ભાવરૂપ વિસ્તારના પ્રતિપાદનમાં પરાયણ છે...** ઔદયિકભાવ, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ને પારિણામિક—ચાર પર્યાય ને એક ગુણ—એવા પાંચ ભાવરૂપી વિસ્તારના પ્રતિપાદનમાં પરાયણ છે. પાંચ ભાવમાં ચાર પર્યાય છે. એ પર્યાયને જ અહીં અભૂતાર્થ કહ્યું છે. પરમપારિણામિકભાવ ભૂતાર્થ, સત્યાર્થ છે. **જે નિશ્ચય-પ્રતિક્રમણ...** નિશ્ચય પ્રતિક્રમણ (અર્થાત્) રાગથી ખસીને પોતાના સ્વરૂપમાં સ્થિર થવું .... છે. પંચમહાવ્રતના પરિણામ એ બધા વ્યવહાર ક્રિયાકાંડ છે, પણ આ નિશ્ચય હોય એને. સમજાણું કાંઈ?

**સકળ પરમાર્થ ક્રિયાકાંડના આડંબરથી સમૃદ્ધ છે (અર્થાત્ જેમાં પરમાર્થ ક્રિયાઓનું પુષ્કળ નિરૂપણ છે).** આડંબરનો અર્થ (કે) ઘણું એમાં છે. સમૃદ્ધ છે. આહાહા! **પરમાર્થ ક્રિયાઓનું પુષ્કળ નિરૂપણ છે અને જે ત્રણ ઉપયોગથી સુસંપન્ન છે (અર્થાત્ જેમાં અશુભ, શુભ ને શુદ્ધ ઉપયોગનું પુષ્કળ કથન છે)...** શુભ કોને કહેવો? અશુભ કોને કહેવો અને શુદ્ધ ઉપયોગ (કોને કહેવો?) બે મલિન ને એક નિર્મળ—એનું પુષ્કળ આમાં વર્ણન છે. **એવા આ પરમેશ્વર શાસ્રનું...** લ્યો. એવા પરમેશ્વર–પરમ ઈશ્વર. ગ્રંથાધિરાજને એક ઠેકાણે પરમેશ્વરશાસ્ત્ર (કહ્યું છે). ઠીક! ગ્રંથરાજ. આ તો ગ્રંથનો પરમેશ્વર. આહાહા! પરમેશ્વરશાસ્ત્ર.

**ખરેખર બે પ્રકારનું તાત્પર્ય છે :** એવા પરમેશ્વરશાસ્ત્રનો ખરેખર બે પ્રકારનો સાર છે. એક **સૂત્રતાત્પર્ય અને** એક **શાસ્ત્રતાત્પર્ય.** સૂત્રતાત્પર્ય એટલે ગાથા દીઠ જે કહેવું એ સૂત્રતાત્પર્ય. **સૂત્રતાત્પર્ય તો પદ્યકથનથી દરેક સૂત્રને વિષે (પદ્ય દ્વારા દરેક ગાથાના અંતે)**

**પ્રતિપાદિત કરવામાં આવ્યું છે.** આ સૂત્રમાં-ગાથામાં શું કહેવું છે એ સૂત્રતાત્પર્ય. **અને શાસ્રતાત્પર્ય...** આખા બધા આ સિદ્ધાંતશાસ્ત્રો આટલા બધા કહ્યા એનું તાત્પર્ય **આ નીચે પ્રમાણે ટીકા વડે પ્રતિપાદિત કરવામાં આવે છે : આ (નિયમસારશાસ્ત્ર) ભાગવત શાસ્ત્ર છે.** લ્યો, ભગવતી શાસ્ત્ર છે. **ભાગવત-ભગવાનનું, દૈવી** શાસ્ત્ર. ભગવાનનું શાસ્ત્ર.. ભગવાનનું શાસ્ત્ર.. લ્યો. **દૈવી અને પવિત્ર** શાસ્ત્ર. ભાગવત..

**જે (શાસ્ત્ર) નિર્વાણસુંદરીથી ઉત્પન્ન થતાં...** મુક્તિરૂપી સુંદરી પરિણતિ-મોક્ષરૂપી દશા-આત્માની પરમ આનંદદશા-અતીન્દ્રિય આનંદનો અમૃતની દશા—એ રૂપી પરિણતિથી ઉત્પન્ન થતાં **પરમવીતરાગાત્મક...** પરમ વીતરાગસ્વરૂપ, **નિરાબાધ-બાધા રહિત, નિર્વિઘ્ન. નિરંતર અને અનંગ પરમાનંદનું દેનારું છે...** મોક્ષરૂપી સુંદરી એટલે પરિણતિ એનાથી ઉત્પન્ન થતા પરમ વીતરાગસ્વરૂપ, નિરાબાધ (એટલે) વિઘ્ન ન હોય હવે એને. નિરંતર, પાછું એમ. અંતર પડ્યા વિના **અનંગ-અશરીરી, આત્મિક, અતીન્દ્રિય** આનંદ. અનંગ પરમાનંદનું દેનારું છે. આહાહા! અનંગ પરમાનંદ, એમ. અનંગ પરમાનંદ—અશરીરી આત્માનો જે પરમ આનંદ, એનું આ શાસ્ત્ર દેનારૂં છે. સમજાણું કાંઈ?

વળી એ શાસ્ત્ર **જે નિરતિશય...** જેનાથી કોઈ ચડિયાતું નથી એવું **અનુત્તમ...** અનુત્તમ એટલે ઉત્તમમાં ઉત્તમ, એમ. **શ્રેષ્ઠ, અજોડ.** આમ તો અનુત્તમનો અર્થ એવો જ છે. .... એના જેવું કોઈ નથી, નિરતિશય, એમ. **નિત્યશુદ્ધ...** એવો જે ભગવાન આત્મા કારણપરમાત્મા નિરતિશય એના સિવાય કોઈ ... નહીં એવો નિત્યશુદ્ધ **નિરંજન નિજ કારણપરમાત્માની ભાવનાનું કારણ છે...** પૂર્ણાનંદ પ્રભુ અખંડ આનંદનું અભેદસ્વરૂપ એની ભાવનાનું આ કારણ છે. આ નિયમસાર એની ભાવનાને બતાવે છે. આહાહા! ભાવના મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? આવી ભાષાય નથી ક્યાંય. **જે સમસ્ત નયોના સમૂહથી શોભિત છે...** ઘણા નયોનું વર્ણન કર્યું છે. જે સમસ્ત નયોનો ઢગલો-સમૂહ એનાથી શોભિત છે. વ્યવહાર કોને કહેવો, સદ્ભૂત, અસદ્ભૂત, ઉપચાર, અનુપચાર, નિશ્ચય, યથાર્થ, પરમાર્થ વિગેરે.

**જે પંચમ ગતિના હેતુભૂત છે...** એવું આ ભાગવત્ શાસ્ત્ર પંચમગતિના હેતુભૂત છે, મોક્ષનું કારણ છે. આહાહા! **અને જે પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર-પરિગ્રહવાળાથી (નિર્ગ્રંથ મુનિવરથી) રચાયેલું છે...** નિર્ગ્રંથ મુનિએ કુંદકુંદાચાર્યે રચેલું છે એમ કહે છે. સમજાણું કાંઈ? વસ્ત્રવાળાએ રચ્યા હતા એ નહીં આ. પાંચ ઇન્દ્રિયના ફેલાવથી રહિત છે, અતીન્દ્રિય આનંદમાં મસ્ત છે મુનિ અને બાહ્યમાં દેહમાત્ર પરિગ્રહ છે. લ્યો, નિર્ગ્રંથ મુનિવર એનાથી આ રચાયેલું છે. **એવા આ ભાગવત શાસ્ત્રને જેઓ નિશ્ચયનય અને વ્યવહારનયના અવિરોધથી જાણે છે...** જેઓ એ નિશ્ચયનય અને વ્યવહારનયનો અવિરોધ (એટલે) બેનો મેળ કરીને (એટલે) નિશ્ચય આ ને વ્યવહાર આ છે, એમ.

**તે મહાપુરુષો—સમસ્ત અધ્યાત્મશાસ્રોના હ્રદયને જાણનારાઓ...** હ્રદય–હાર્દ, રહસ્ય, મર્મ. (**આ ભાગવત શાસ્રને જેઓ સમ્યક્ પ્રકારે જાણે છે, તેઓ સમસ્ત અધ્યાત્મશાસ્રના હાર્દના જ્ઞાતા છે**). સ્વને બરાબર જાણે અને બધા અધ્યાત્મશાસ્રનું હ્રદય એને હાથ આવી જાય છે કે આ ઠેકાણે આ કહ્યું, આ ઠેકાણે આ અપેક્ષાથી કહ્યું છે. સમસ્ત અધ્યાત્મશાસ્રોના હ્રદયને–મર્મને–એના રહસ્યને જાણનારાઓ **અને પરમાનંદરૂપ વીતરાગ સુખના અભિલાષીઓ...** પરમાનંદરૂપ વીતરાગ સુખ–આત્માનો આનંદ એના અભિલાષીઓ—**બાહ્ય-અભ્યંતર ચોવીશ પરિગ્રહોના પ્રપંચને** ત્યાગીને–**પરિત્યાગીને...** મુનિની વાત લેવી છેને! આહાહા! બાહ્ય ને અભ્યંતર ચોવીસ પરિગ્રહોના પ્રપંચને પરિત્યાગીને... ચૌદ પ્રકારનો અંતરંગ ને દસ પ્રકારનો બાહ્ય પરિગ્રહનો વિસ્તારને છોડીને.

**ત્રિકાળનિરુપાધિ સ્વરૂપમાં લીન...** ત્રણે કાળે ઉપાધિ વિનાનું દ્રવ્યસ્વરૂપ એમાં લીન. સ્વરૂપમાં લીન.. **ત્રિકાળનિરુપાધિ સ્વરૂપમાં લીન નિજ કારણપરમાત્માના...** એ ત્રણે કાળે સ્વરૂપમાં લીન જ છે વસ્તુ, એમ કહે છે. ત્રણે કાળે નિરુપાધિ સ્વરૂપમાં લીન છે એ વસ્તુ. એવો નિજ કારણપરમાત્મા લ્યો. **નિજ કારણપરમાત્માના સ્વરૂપના...** નિજ કારણપરમાત્માના સ્વરૂપના... અહીં લીધું આ હવે. **શ્રદ્ધાન-જ્ઞાન-આચરણાત્મક...** એવી જે નિરુપાધિ ત્રણે કાળે સ્વરૂપમાં લીન જ વસ્તુ છે, એના સ્વરૂપના શ્રદ્ધાન, એનું શ્રદ્ધાન, એનું જ્ઞાન, ત્રિકાળી કારણપરમાત્માના સ્વરૂપનું શ્રદ્ધાન, નિજ કારણપરમાત્માના સ્વરૂપનું જ્ઞાન, નિજ કારણપરમાત્માના સ્વરૂપનું આચરણ. આહાહા! આચરણાત્મક **ભેદોપચાર-કલ્પનાથી નિરપેક્ષ...** એ બીજા સમયે કહ્યું હતું. પહેલું પૂરું કર્યું ત્યારે ત્રીજી ગાથામાં. નિરપેક્ષ રત્નત્રયસ્વરૂપ... છેલ્લો સરવાળા. નિરપેક્ષ ભેદોપચાર કલ્પના... વ્યવહારની જે કલ્પના—વ્યવહારશ્રદ્ધા, વ્યવહાર(જ્ઞાન) એ બધા ઉપચારથી નિરપેક્ષ. એ છે તો નિશ્ચય થાય છે એમ નહીં. એની અપેક્ષા વિનાનો.

**એવા સ્વસ્થ રત્નત્રયમાં પરાયણ વર્તતા થકા... સ્વસ્થ—નિજાત્મસ્થિત**. (**નિજાત્મસ્થિત શુદ્ધરત્નત્રય ભેદોપચાર-કલ્પનાથી નિરપેક્ષ છે**). એવા સ્વસ્થ—સ્વ નામ પોતામાં રહેલા, રત્નત્રયમાં પરાયણ વર્તતા થકા. ઠીક! શેમાં પરાયણ વર્તતા થકા? રત્નત્રયમાં પરાયણ વર્તતા થકા. **શબ્દબ્રહ્મના ફળરૂપ શાશ્વત સુખના ભોક્તા થાય છે.** લ્યો. સમયસારમાં છેલ્લે એ લીધું છે 'સુખ પામી જાય છે'. શબ્દબ્રહ્મના... જુઓ! શબ્દબ્રહ્મનું ફળ આ. વીતરાગી દિવ્યધ્વનિના શાસ્રોનું ફળ આ. **શબ્દબ્રહ્મના ફળરૂપ શાશ્વત સુખ...** આત્માનો અતીન્દ્રિય આનંદ એનો એ જીવ ભોક્તા થાય છે. સમજાણું કાંઈ? હવે ચાર શ્લોક કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પોષ સુદ-૧, શનિવાર, તા. ૧૮-૧૨-૧૯૭૧**
**શ્લોક ૩૦૮-૩૧૧ તથા ૧-૩, પ્રવચન નં. ૧**

છેલ્લા કળશ છેને.

**सुकविजनपयोजानन्दिमित्रेण शस्तं**
**ललितपदनिकायैर्निर्मितं शास्त्रमेतत् ।**
**निजमनसि विधत्ते यो विशुद्धात्मकांक्षी**
**सभवति परमश्रीकामिनीकामरूपः ॥३०८॥**

ઓલી કોર અર્થ છે. પૂરું કરે છે આ નિયમસાર.

**શ્લોકાર્થ : સુકવિજનરૂપી કમળોને આનંદ દેનારા...** જેમ કમળને ખીલવામાં સૂર્ય નિમિત્ત છે, એમ સુકવિજનરૂપી કમળો એને આનંદ દેનારા સૂર્ય... **(વિકસાવનારા) સૂર્યે,** એમ. કવિજનરૂપી કમળોને આનંદ દેનારા સૂર્યે... કમળને જેમ ખીલવામાં સૂર્ય કારણ છે, એમ સુકવિજનરૂપી કમળોને આનંદ દેનારા સૂર્ય છે. **લલિત પદસમૂહો વડે...** ઘણા ઊંચા પદના સમૂહો વડે **રચેલા આ ઉત્તમ શાસ્ત્રને જે વિશુદ્ધ આત્માનો આકાંક્ષી જીવ...** વિશુદ્ધ અર્થ પવિત્રતાના અર્થમાં છે, તદ્દન શુદ્ધ. વિશુદ્ધ નિર્મળ આનંદ પવિત્રધામ ભગવાન એને અહીં 'વિશુદ્ધ' શબ્દના અર્થમાં કહ્યું છે. નહીં તો વિશુદ્ધ તો શુભભાવને પણ કહેવાય છે, પણ અહીંયા વિશુદ્ધ આખા આત્માને (કહ્યો છે). નિર્મળાનંદ પ્રભુ એકલો જ્ઞાનાનંદથી ભરેલો આત્મા એવા વિશુદ્ધ આત્માનો આકાંક્ષી જીવ (એટલે) એની જેને અભિલાષા છે એવો જીવ **નિજ મનમાં ધારણ કરે છે...** નિજ મનમાં શાસ્ત્રના ભાવને ધારણ કરે છે. મનમાં એટલે જ્ઞાનમાં. આમનો કહેલો ભાવ શુદ્ધ આત્મા પવિત્ર એને શ્રદ્ધા-જ્ઞાનથી ધારે છે, એ જીવ **તે પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે.**

મોક્ષનો માર્ગ ને મોક્ષ બેય બતાવી દીધા. એ પરમશ્રી (અર્થાત્) પરમ આનંદરૂપી લક્ષ્મી, મુક્તિ–સિદ્ધપદની પૂર્ણ આત્માની દશા એ રૂપી કામિની એની જે પરિણતિ–સ્ત્રી, એનો વલ્લભ થાય છે. એ પર્યાય હવે એને કદી છોડશે નહીં. પૂર્ણાનંદની પ્રાપ્તિ... ગ્રંથમાં કહેલા ભાવો... સ્વભાવનો આશ્રય લેતાં ભાવ (ઉત્પન્ન થાય) એ ભાવ મોક્ષનો માર્ગ છે. એને– મોક્ષના માર્ગને જેણે અંતરમાં ધાર્યો, પૂર્ણ પવિત્ર ભગવાન આનંદસ્વરૂપ એની શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતાથી માર્ગને ધાર્યો, એ અલ્પકાળમાં પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપી મુક્તિને પામશે એમ કહ્યું. ૩૦૯.

**पद्मप्रभाभिधानोद्धसिन्धुनाथसमुद्भवा ।**
**उपन्यासोर्मिमालेयं स्थेयाच्चेतसि सा सताम्॥ ३०९॥**

**શ્લોકાર્થ : પદ્મપ્રભ નામના ઉત્તમ સમુદ્રથી ઉત્પન્ન થતી જે આ ઊર્મિમાળા...** ટીકાને ઊર્મિમાળા(ની ઉપમા આપી છે). ઉરની–હૃદયની માળા ધારાવાહી. પદ્મપ્રભ પોતે મુનિ છે–દિગંબર સંત છે, આત્માના અતીન્દ્રિય આનંદના ઝૂલે ઝૂલનારા છે. એ કહે છે કે આવા પદ્મપ્રભ નામના ઉત્તમ સમુદ્રથી ઉત્પન્ન થતી જે આ ઊર્મિમાળા–હૃદયની અંદર ઊર્મિએથી થયેલી આ કથા છે એમ કહે છે. આહાહા! **કથની (ટીકા), તે સત્પુરુષોનાં ચિત્તમાં સ્થિત રહો.** સત્પુરુષો–ધર્માત્મા એના જ્ઞાનમાં આ ભાવ સ્થિર રહો. એ ટીકા સ્થિર રહો એટલે ભાવ સ્થિર રહો. ટીકાનો ભાવ તો એ જ છે. પરમ નિરપેક્ષ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (કે જે) વ્યવહારના નિમિત્તની અપેક્ષા વિનાની દશા છે એને અહીંયા મોક્ષનો માર્ગ કહ્યો છે. એવા **સત્પુરુષોનાં ચિત્તમાં સ્થિત રહો**. જ્ઞાનીના જ્ઞાનમાં જ એ સ્થિર હોય છે, એમ કહે છે, અજ્ઞાનીને એ હોય નહીં. આહાહા! આમાં કહેલો ભાવ પૂર્ણાનંદ પ્રભુ એવો આનંદ ને જ્ઞાનના સ્વભાવનો સાગર આત્મા. એમાં ભાવ–એની પર્યાયમાં આ વસ્તુ આવી છે એમ સ્થિર થઈને રહો. એમ અહીંયા આર્શીર્વાદ અથવા મંગળિક કર્યું છે. છેલ્લું મંગળિક છેને એનું. ૩૧૦.

**अस्मिन् लक्षणशास्त्रस्य विरुद्धं पदमस्ति चेत्।**
**लुप्त्वा तत्कवयो भद्राः कुर्वन्तु पदमुत्तमम्॥ ३१०॥**

**શ્લોકાર્થ : આમાં જો કોઈ પદ લક્ષણશાસ્ત્રથી વિરુદ્ધ હોય...** અનુભવથી વિરુદ્ધ નહીં. કોઈ શાસ્ત્રોના શબ્દોના લક્ષણ... શાસ્ત્ર અનેક પ્રકારના છે, શાસ્ત્રોનો કાળ, ભેદ, શબ્દો વગેરે વિરુદ્ધ હોય **તો ભદ્ર કવિઓ તેનો લોપ કરીને ઉત્તમ પદ કરજો.** સરળ પ્રાણી–ભદ્ર જીવો, એ શબ્દોના મેળમાં કંઈ અમેળ થતો હોય તો એનો લોપ કરીને ઉત્તમ પદ કરજો. એમ પોતાની નિર્માનતા બતાવી છે. શબ્દોમાં હોં, શબ્દોની રીતની પદ્ધતિમાં. કોઈ કાનો, માત્રા ફેરફાર હોય (તો) તાત્પર્ય (જોવું). છેલ્લો કળશ. ૩૧૧.

**यावत्सदागतिपथे रुचिरे विरेजे**
**तारागणैः परिवृतं सकलेन्दुबिंबम्।**
**तात्पर्यवृत्तिरपहस्तितहेयवृत्तिः**
**स्थेयात्सतां विपुलचेतसि तावदेव॥ ३११॥**

**શ્લોકાર્થ : જ્યાં સુધી તારાગણોથી વિંટળાયેલું પૂર્ણચંદ્રબિંબ...** ચંદ્રની આસપાસ તારાગણો રહે છે એવો જે ચંદ્ર, એ સદાય તેની ગતિના સુંદર માર્ગમાં બિરાજે છે. એ પૂર્ણ ચંદ્રનો ગોળો સદા તેની ગતિમાં... ગમન કરે છેને સદાય? ગતિના સુંદર માર્ગમાં શોભે છે.

**(ઉજ્જવળ ગગનમાં વિરાજે–શોભે), બરાબર ત્યાં સુધી તાત્પર્યવૃત્તિ (નામની આ ટીકા)...** ચંદ્ર જ્યાં સુધી આ ગતિમાં શોભે ત્યાં સુધી આ ટીકા શોભો, એમ કહે છે. **બરાબર ત્યાં સુધી આ તાત્પર્યવૃત્તિ નામની ટીકા...** તાત્પર્યવૃત્તિ છેને? તાત્પર્ય (એટલે) સાર. **કે જેણે હેય વૃત્તિઓને નિરસ્ત કરી છે...** આખી ટીકામાં જે પુણ્ય ને પાપ વિકલ્પ, નિમિત્ત એ બધાને જેણે હેય વર્ણવ્યું છે. સમજાણું કાંઈ?

ભગવાન પૂર્ણાનંદ સચ્ચિદાનંદ પ્રભુ પરમાત્મ પોતાનું નિજસ્વરૂપ–સ્વભાવ એને ઉપાદેય કરી, એ સિવાય બીજી ચીજોને હેય બનાવી છે. ખરેખર તો અહીં પર્યાયને હેય બનાવી છે ૫૦ (ગાથા)માં. એક જ ભગવાન આત્મા અભેદ (કે જેમાં) પર્યાયનો ભેદ નહીં, ગુણનો ભેદ નહીં. ..... ક્ષાયિકભાવની પર્યાય પણ હેય છે. આહાહા! એ પરદ્રવ્ય છે, સ્વદ્રવ્યની પૂર્ણતા એમાં નથી એથી એ પરદ્રવ્ય છે અને પરભાવ છે. સ્વભાવ એકરૂપ ત્રિકાળ છે એની અપેક્ષાએ એક સમયનો પર્યાય, આ સ્વભાવ તો એ પરભાવ છે. આ ઉપાદેય તો એ હેય છે. એમ આખી ટીકામાં આમ કહ્યું છે. કહો, સમજાણું કાંઈ?

**હેય વૃત્તિઓને**—છોડવાયોગ્ય પરિણતિને **નિરસ્ત કરી છે**.. નિરસ્ત કરી છે. **(જેણે છોડવાયોગ્ય સમસ્ત વિભાવવૃત્તિઓને દૂર ફેંકી દીધી છે) તે સત્‌પુરુષોનાં વિશાળ હૃદયમાં...** સત્‌પુરુષોનાં વિશાળ જ્ઞાનમાં **એ સ્થિત રહો.** વૃત્તિઓને હેય કરી અને ત્રિકાળ જ્ઞાયકભાવને ઉપાદેય કરીને સ્થાપ્યો છે. જ્ઞાનીના હૃદયમાં એ વાત રહો. લ્યો, એ નિયમસાર વાંચન પુરું થયું. પછી કહ્યું છે એમાં વધારે પોતે. છેલ્લું હિંમતભાઈ જેઠાલાલનું નામ નાખ્યું, આમાં નાખ્યું હવે. પહેલું બીજા ઓલામાં નહોતું નાખ્યું. પરાણે નાખ્યુંને?

**(અર્થાત્ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત) તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકાનો શુદ્ધોપયોગ અધિકાર નામનો બારમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.** બાર અધિકાર છે આમાં.

**આમ (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત) તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકાનો શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ કૃત ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો.**

આ ફરીને શરૂઆત થાય છે. આ પુસ્તક છેને એ ઊંચી ચીજ છે. સમયસાર કરતાં પણ કેટલાક આમાં ભાવો ઊંચા છે. 'પરમપારિણામિક, કારણપરમાત્મા' તો કહી કહીને... ઓહોહો! આ નિયમસાર તો પૂરું કરીને ફરીવાર તરત ને તરત પહેલીવાર આજ લેવાય છે હોં. નિયમસાર આજે પુરું કર્યું છે ને તરત લેવાણું આજ. આ તો પહેલું લેવાય છે. મંગલાચરણ છે.

**ૐ શ્રી સર્વજ્ઞ વીતરાગાય નમઃ**

છેને આખું મંગલાચરણ.

**ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः ।**
**कामदं मोक्षदं चैव ओमकाराय नमो नमः ॥१॥**

ઓમકાર બિંદુ સહિત નિત્યં ધ્યાયંતિ સંતો–મુનિઓ... એ મોક્ષનો આપનાર ને સ્વર્ગનો પણ આપનાર છે. એ **ૐ**કારાય નમો નમઃ. એવા **ૐ**કારને નમસ્કાર હો.. નમસ્કાર હો. જિનવાણી–ઓમ ધ્વનિ એને અહીં નમસ્કાર કર્યો છે.

**अविरलशब्दघनोघप्रक्षालितसकलभूतलकलङ्का ।**
**मुनिभिरुपासिततीर्था सरस्वती हरतु नो दुरितान् ॥२॥**

**अविरल**–ધારાવાહી શબ્દના ઘન પ્રવાહથી પ્રક્ષાલિત **सकलभूतलकलङ्का...** અજ્ઞાનરૂપી ભૂતળ એના કલંકને જેણે ધોઈ નાખ્યા છે. **मुनिभिरुपासिततीर्था...** મુનિ પણ સેવે છે તીર્થને, સરસ્વતીને, સમ્યગ્જ્ઞાન. **हरतु नो दुरितान्..** અમારા **दुरि**ને હરિ નાખો. પહેલું કહ્યું દેવ, બીજું કહ્યું શાસ્ત્ર, ત્રીજા કહ્યા ગુરુ. 'દેવ-શાસ્ત્ર-ગુરુ તીન' એમ આવે છેને? પૂજામાં આવે છે. એ રીતની શૈલીથી વર્ણવ્યું છે. પહેલાં દેવને, ઓમકાર એ દેવ. પોતે દેવ છે આત્મા દેવાધિદેવ. બીજામાં સરસ્વતી–વાણી, ત્રીજામાં ગુરુ.

**अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया ।**
**चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरुवे नमः ॥३॥**

અજ્ઞાનરૂપી અંધકારના આંધળાને **ज्ञानाञ्जनशलाकया**–જ્ઞાનરૂપી અંજન શલાકા વડે.. જ્ઞાનરૂપી અંજન શલાકા વડે **चक्षुरुन्मीलितं**–ચક્ષુને ખોલી નાખી. એવા ગુરુને–**तस्मै** નમસ્કાર.

**श्रीपरमगुरुवे नमः, परम्पराचार्यगुरवे नमः**

**सकलकलुषविध्वंसकं...** કેવું છે આ શાસ્ત્ર? બધા પાપ-પુણ્યાદિનું વિધ્વંસક છે–નાશ કરનારું છે. **श्रेयसां परिवर्धकं...** શ્રેયને વધારનારું છે, આત્માના કલ્યાણને વધારનારું છે. **धर्मसम्बन्धकं...** ધર્મનું સંબંધ કરનાર કરાવનારું છે. **भव्यजीवमनःप्रतिबोधकारकं...** ભવ્યજીવના મનને જ્ઞાન આપનારું–પ્રતિબુદ્ધ કરનારું છે. **पुण्यप्रकाशकं...** પુણ્યને પ્રકાશનારું છે **पापप्रणाशक...** પાપનો નાશ કરનારું છે. **इदं शास्त्रं**–તે **श्री नियमसारनामधेयं...** જેનું નિયમસાર નામ છે. **अस्य मूलग्रन्थकर्तारः श्रीसर्वज्ञदेवा...** તેના–નિયમસારના મૂળ ગ્રંથ કરનાર તો સર્વજ્ઞદેવ છે. **तदुत्तरग्रन्थकर्तारः श्रीगणधरदेवाः...** પછીના કર્તા ગણધરદેવ છે. **प्रतिगणधरदेवास्तेषां...** પછીના ક્રમે-ક્રમે જે આચાર્યો થયા એ બધા પ્રતિગણધર... **तेषां वचनानुसारमासाद्य...** તેમના વચનોને અનુસરીને ગ્રહણ કરેલું આ નિયમસાર.

**आचार्यश्रीकुन्दकुन्दाचार्यदेवविरचितं...** કુંદકુંદ આચાર્યે રચ્યું. આચાર્ય શું કહે ત્યારે? એક કોર કહે કે મેં રચ્યું નથી. લે! સાંભળ. આ તો કથનપદ્ધતિ તેનું નિમિત્ત કોણ હતું એમ જણાવે છે. **श्रोतारः**–સાંભળનારાઓ **सावधानतया श्रृण्वन्तु...** લ્યો. સાવધાન થઈને સાંભળો. હવે સાંભળવામાં તો વિકલ્પ ને પુણ્ય બંધાય. એય! ભાઈ! સાંભળવામાં એનું જ્ઞાન થાય છેને એને, એમાં આ વાણી નિમિત્ત છે. યથાર્થ જ્ઞાનની વાત હોં. પરલક્ષી જ્ઞાન તો થઈ ગયું છે. યથાર્થ વાત છે અહીં. પરલક્ષી જ્ઞાન, એને જ્ઞાન યથાર્થ થાય છે એમાં શ્રવણપણું એ નિમિત્ત છે. **सावधानतया श्रृण्वन्तु** નિયમસાર.

**मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी ।**
**मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम् ॥ १ ॥**

**मंगलं भगवान् वीरो...** વીર પરમાત્મા મંગલસ્વરૂપ છે. દેવાધિદેવ મહાવીર પરમાત્મા જેનું શાસન ચાલે છે એ મંગળિક છે (અર્થાત્) પાપનો નાશક છે અને પવિત્રતાની પ્રાપ્તિનું કરાવનાર છે. એવું મંગળ ભગવાન મહાવીર છે. **मंगलं गौतमो गणी...** ગૌતમ ગણધર મંગળ છે. **मंगलं कुन्दकुन्दार्यो...** કુંદકુંદાદિ આચાર્યો એ બધા મંગળિક છે (અથવા) **कुन्दकुन्दार्यो**–પોતે કુંદકુંદ આર્ય મંગળિક છે. ત્રીજા પદમાં આવ્યું છે આ જુઓ! **जैनधर्मोऽस्तु मंगलम्...** વીતરાગ ધર્મ જગતમાં મંગળરૂપ છે. પરની ઉપેક્ષા કરીને સ્વની અપેક્ષા કરાવે ને વીતરાગતા પ્રગટ થાય એવો જૈનધર્મ જગતમાં મંગળિક છે.

**सर्वमङ्गलमांगल्यं सर्वकल्याणकारकं ।**
**प्रधानं सर्वधर्माणां जैनं जयतु शासनम् ॥ २ ॥**

જૈનધર્મ સર્વ મંગલમાં માંગલ્ય છે. (શ્રોતાઃ બધા ધર્મોમાંને?) ધર્મ એટલે આત્માના બધા ધર્મો. (શ્રોતાઃ જગતના બધા ધર્મો....) બધા ધર્મો કહો તો ભલે વ્યવહારથી કહેવાય. બધા ધર્મો અજ્ઞાનીના એમાં પણ જૈનધર્મ જ ઊંચો છે. સમજાણું કાંઈ? ધર્મ જ આ એક છે. બીજો ધર્મ છે જ નહીં ક્યાંય. અજ્ઞાનીએ કલ્પીને વાત કરી છે. આ તો સર્વજ્ઞથી સિદ્ધ છે. વસ્તુની સ્થિતિ એવી છે. એવો જે જૈનધર્મ... જૈનનો અર્થ—રાગ ને અજ્ઞાનને જીતીને વીતરાગતા પ્રગટ કરે તે જૈનધર્મ. એ તો વસ્તુની સ્થિતિ થઈ, એ કાંઈ સંપ્રદાય નથી. જૈનધર્મ વાડો નથી કોઈ. આત્મા આનંદમૂર્તિ વીતરાગ પ્રભુ છે. વીતરાગતા પ્રગટ થાય છે ક્યાંથી? એમાં વીતરાગસ્વરૂપ જ આત્માનું છે, એ જૈન સ્વરૂપ છે. એનો આશ્રય કરીને વીતરાગતા પર્યાયમાં પ્રગટ થાય એ જૈનધર્મ છે. સમજાણું કાંઈ? એ જ વસ્તુનો ધર્મ છે. વિશ્વનો એ ધર્મ છે. આ જ ધર્મ છે, બીજો કોઈ ધર્મ છે નહીં. **सर्वकल्याणकारकं...** સર્વ કલ્યાણ કરવામાં એ પોતે જૈનધર્મ જ કલ્યાણનું કરનારું છે. દુનિયામાં કલ્યાણ ઘણા પ્રકારના છે, પણ એનું.... આ કલ્યાણ

છે. **प्रधानं सर्वधर्माणां...** પ્રધાનભૂત છે **जैनं जयतु शासनम्...** જૈનં જયતુ શાસનમ્. એનું જ્ઞાન એનું શાસન, શિખામણ જયવંત વર્તો. આ મંગળિક કર્યું.

ॐ

**परमात्मने नमः ।**

**ॐ**.. ભાવ ઓમકાર. દ્રવ્ય ઓમકાર વાણી, વિકલ્પ. ભાવ ઓમકાર આત્મા.—એને નમસ્કાર. **परमात्मने नमः** પરમસ્વરૂપી એવો ભગવાન આત્મા એને નમસ્કાર.

**શ્રીમદ્**—સ્વરૂપલક્ષ્મીવાળા **ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણિત**

**શ્રી**

**નિયમસાર**

**જીવ અધિકાર**

**श्री पद्मप्रभमलधारिदेवविरचिततात्पर्यवृत्तिः** એની ટીકા. ટીકાનું નામ તાત્પર્યવૃત્તિ છે. હવે પોતે મંગળિક કરે છે. પદ્મપ્રભમલધારિદેવ સંત છે, દિગંબર મુનિ છે, વનવાસી છે.

**त्वयि सति परमात्मन्मादृशान्मोहमुग्धान्**
**कथमतनुवशत्वान्बुद्धकेशान्यजेऽहम् ।**
**सुगतमगधरं वा वागधीशं शिवं वा**
**जितभवमभिवन्दे भासुरं श्रीजिनं वा ॥१॥**

આહાહા! **શ્લોકાર્થ : હે પરમાત્મા! त्वयि सति**–તારી હયાતી હોતાં... આહાહા! પરમાત્મા સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર એની **सति**–હયાતી હોતાં અમે બીજાને કેમ વંદીએ? એમ કહે છે. **त्वयि सति** છેને? **તું હોતાં...** નાથ! તારા હોતાં... જ્યાં આત્માની પૂર્ણ દશા–પરમાત્મદશા પ્રગટ થઈ, વીતરાગતા પ્રગટ થઈ, પરમ આનંદતા પ્રગટ થઈ—એવો સ્વભાવ પ્રગટ કર્યો એવી તારી હયાતીમાં.. આહાહા! તારી મોજૂદગીમાં પ્રભુ! **त्वयि सति...** પૂર્ણ આનંદ ને જ્ઞાન સંપન્ન એવી દશાવંત પ્રભુ! તારી હયાતી—મોજૂદગી છતે... આહાહા! **હું મારા જેવા...** એટલે હું જરી રાગવાળો છું એવા સંસારી પ્રાણી, એમ કહે છે મૂળ તો. છે તો મુનિ પોતે. અરે! તારી હયાતી પ્રભુ પરમાત્મા... જુઓ! આવ્યું. અહીંયા હયાતી નથી, પણ પરમાત્માની હયાતી છે એમ સિદ્ધ કરે છે અહીં તો. આહાહા! સમજાણું કાંઈ?

ભગવાન બિરાજે છે પરમાત્મા. પ્રભુ! તારી હયાતી–તારા હોવાપણા–તારા હોવાપણામાં જે બીજા જીવો માન વિનાના એને હું કેમ નમું? તારી મોજૂદગીમાં આને કેમ નમું? કહે છે. આહાહા! સમજાણું કાંઈ? હે પરમાત્મા! **त्वयि सति–તું હોતાં**..

**मादृशान्मोहमुग्धान्..** મારા જેવા સંસારી જીવો એવા **મોહમુગ્ધ**—મોહમાં મુગ્ધ થયેલા **અને કામવશ...** કામ છેને? પાઠમાં **अतनु** છે. એ કામદેવને 'અતનુ' કહેવામાં આવે. શરીર વિનાનો કામ એમ કહેવામાં આવે છે. 'અતનુ' એમ કહેવાય છેને. એને શરીર નથી ને કામ છે. એવા અતનુવશ... ભોગ અને કામને વશ એવા **બુદ્ધને...** આહાહા! ક્ષણિક માનનારા એ બૌદ્ધ પણ મોહમુગ્ધ–ઇચ્છાને તાબે થયેલા છે એ બધા. આહાહા! મિથ્યાત્વ ને રાગ-દ્વેષ... સમજાણું કાંઈ?

**તથા બ્રહ્મા-વિષ્ણુ-મહેશને કેમ પૂજું?** આહાહા! પ્રભુ તારી હયાતી–તારા જિનસ્વભાવની હયાતીએ અમને બીજાને વંદનનો ભાવ કેમ હોય? એ બધા મોહથી મુગ્ધ થયેલા અને કામને વશ થઈ ગયેલા, સ્વરૂપના વશથી છૂટી ગયેલા છે. આહાહા! એવા બ્રહ્મા-વિષ્ણુ-મહેશને કેમ પૂજું? આહાહા! એ તો ભેદ બતાવ્યા છે હોં. દ્વેષ કર્યો નથી. પ્રભુ! આવો આત્મા એ આપે પ્રગટ કર્યો એવી પરમાત્મદશા, બહિરાત્મપણું છોડી, અંતરાત્મામાં એકાકાર થઈ પરમાત્મદશા પ્રગટ કરી. પ્રભુ! એ તો તું એકલો પરમાત્મા છો. તારી આગળ આવા મોહમાં મુગ્ધ થયેલા, ભ્રમણામાં પડેલા અને વિષયને વશ, કામને વશ થઈ ગયેલા એવા બ્રહ્મા-વિષ્ણુ-મહેશ એને કેમ કરી નમું? સમજાણું કાંઈ?

**ન જ પૂજું. अजेऽहम्** છેને? **अजेऽहम्..** આવાને હું કેમ પૂજું? ત્યારે? **जितभवमभिवन्दे... જેણે ભવોને જીત્યા છે તેને હું વંદું છું...** ..... પંચાસ્તિકાયમાં આવે છેને ભાઈ! 'ણમો જિણાણં' જેણે ભવને જીત્યા. આહા! ....અહીંથી એ ઉપાડ્યો છે. જેણે ભવનો અભાવ કર્યો છે. આહાહા! લ્યો, નવ વાગ્યા. વીતરાગભાવ.. વીતરાગભાવ જેણે પ્રગટ કર્યો છે પ્રભુ! ભવનો અભાવ કર્યો. એ કરવાનું તો એ જ હોય, એ આપે કર્યું. ભવ–ચાર ગતિનો અભાવ... આવે છે, પંચાસ્તિકાયની પહેલી ગાથામાં આવે છે. **जिदभवाणं**—જેણે ભવને જીત્યા છે. એ શૈલી એવી છે... પંચાસ્તિકાયની પહેલી ગાથામાં. ઓહો પ્રભુ! જેણે ભવોને જીત્યા છે (અર્થાત્) જેને ભવ જ નથી એવો આત્મા જેણે પ્રગટ કર્યો છે. આહા! વસ્તુ તો આ છે. ભવનો અભાવ કરવો અને સ્વભાવની પ્રાપ્તિ કરવી–ઉત્પત્તિ કરવી, છે એને ... પ્રગટમાં લાવવી, ભવનો અભાવ કરવો.

એવા, જેણે ભવોને જીત્યા છે. '**જિન**' શબ્દથી ઉપાડ્યું છે એ. **તેને વંદું છું...** એને હું આદર કરું છું. જે ભવવાળા છે ને ભવ છે એ જીવો તો અનાદિથી રખડતા છે એને હું કેમ (વંદન) કરૂં? એ તો મારા જેવા છે એમ કહે છે. હું જેમ ભવમાં છું એવા એ ભવમાં છે, એમ. આહાહા! **તેને પ્રકાશમાન એવા શ્રી જિન કહો...** છેને? **भासुरं...** છેલ્લો શબ્દ છે. છેલ્લા પદમાં છે. **भासुरं श्रीजिनं वा... भासुरं श्रीजिनं वा...** એને **પ્રકાશમાન એવા શ્રીજિન કહો**, પણ આવા હોં. ભવ જેણે જીત્યા છે અને આત્માની પૂર્ણ પ્રાપ્તિ જેણે કરી છે. આહાહા! હે પરમાત્મા! આહાહા! આ દેવને વંદન કરે છે પહેલાં મંગળિકમાં, પણ એનું શું સ્વરૂપ છે એમ જાણીને. મારે પણ

ભવનો અભાવ કરવો છે માટે તને જ હું તો વંદું. સમજાણું કાંઈ? **પ્રકાશમાન એવા શ્રીજિન કહો...** આવી દશાવંતને **સુગત કહો...** આવી દશાવંતને. પેલો (બૌદ્ધ) સુગત એ સુગત નહીં. તેનો અર્થ કરશે હોં! જુઓ! નીચે છે.

**૧. બુદ્ધને સુગત કહેવામાં આવે છે. સુગત એટલે (૧) શોભનીકતાને પ્રાપ્ત.** એક વાત. **અથવા (૨) સંપૂર્ણતાને પ્રાપ્ત.** સુગત — સુ-(ગત એટલે) પૂર્ણને પ્રાપ્ત. આત્માની જ્ઞાન ને આનંદદશા પરમાત્મા આપને પૂર્ણ પ્રાપ્ત છે. એને જિન કહો કે એને સુગત કહો. એને સુગત કહો. આ બૌદ્ધ છે એ નહીં, આ સુગત છે. જેની પરમાનંદ આદિ શોભનીક દશા-ઇષ્ટ દશા પૂર્ણ પ્રગટ થઈ ગઈ છે અને જે સુગત-પૂર્ણ છે. શોભનિક છે અને પૂર્ણ છે. સંપૂર્ણ શોભનીકતાને પ્રાપ્ત **શ્રી જિનભગવાન...** એનો અર્થ કરે છે હવે બેનો. શોભનીકતાને પ્રાપ્ત ને સંપૂર્ણતાને પ્રાપ્ત. **(૧) મોહરાગદ્વેષના અભાવને લીધે શોભનીકતાને પ્રાપ્ત છે...** એમ. હે નાથ! આપને મોહ-રાગદ્વેષ જરીએ નથી તેથી આપ શોભાને પ્રાપ્ત છો. સમવસરણ ને ઇન્દ્ર વંદે છે માટે (શોભા છે) એમ નહીં, એમ કહે છે. આપને મોહ ને રાગ-દ્વેષ રહિત પૂર્ણ સ્વરૂપની સાવધાનીથી પૂર્ણતાની પ્રાપ્તિ છે માટે આપ જ શોભનીક છો.

બીજી વ્યાખ્યા. સંપૂર્ણની વ્યાખ્યા. સંપૂર્ણતાને પ્રાપ્ત શ્રીજિન ભગવાન. સુગત. **અને (૨) કેવળજ્ઞાનાદિકને પામ્યા હોવાને લીધે સંપૂર્ણતાને પ્રાપ્ત છે...** લ્યો. કેવળજ્ઞાન, કેવળદર્શન.. અરે! આવી પર્યાયની અસ્તિની પ્રતીત થવી. સમજાણું કાંઈ? આવી મોટી જેની સત્તા જગતમાં છે, કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ, અનંત વીર્ય આદિ પૂર્ણ પર્યાય એનું અસ્તિપણું છે, પ્રભુ! તારી હયાતી છે.. તારી હયાતી છે. તારી હયાતીમાં આવાને હું કેમ વંદુ? એવી હયાતીનો જેને અંતર સ્વીકાર થઈ ગયો છે. સમજાણું કાંઈ? **કેવળજ્ઞાનાદિકને પામ્યા હોવાને લીધે...** પૂર્ણ વસ્તુ તો હતી, એમાંથી પર્યાય પ્રગટ કરીને પૂર્ણતા કરી, એવા પૂર્ણતા પામ્યા માટે આપ જ સંપૂર્ણ છો. આહાહા!

**તેથી તેમને અહીં સુગત** કહેવામાં આવે છે. ..... બીજી વાત. '**અગઘર**' હતુંને **અગઘર**. અગધર કહે છે. શું કીધું? અગ એટલે ગતિ નથી, એમ? અ-ગ—ગતિ નથી જેને, ગમન નથી. પર્વત મોટા. એમને એમ પડ્યો છે એક ઠેકાણે. અગધર. **ગિરિધર કહો...** પણ આવા ભગવાનને હોં. **૨. કૃષ્ણને ગિરિધર અર્થાત્ પર્વતને** કહે છેને. પર્વતને ટચલી આંગળીએ 'વ્હાલા મારે પર્વતને તોલ્યો' એવું આવે છે. ભજનમાં આવે છે ક્યાંક. એમ કહે છે, ભગવાન! તું ગિરધર છો. સમજાણું કાંઈ? **શ્રી જિનભગવાન અનંતવીર્યવાન હોવાથી તેમને અહીં ગિરિધર કહ્યા છે.** લ્યો, વીર્ય-અનંતબળ શક્તિરૂપે જે હતું તેને પ્રગટ કર્યું અનંતવીર્ય અને એના વડે અનંત સ્વરૂપની રચના પોતે પ્રગટ કરી, એને અહીં ગિરિધર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કહો, દેવજીભાઈ! આ છે. આહાહા!

**અનંતવીર્યવાન હોવાથી તેમને ગિરિધર કહ્યા છે**. અનંત વીર્યને જેણે રચ્યું, વીર્યથી અનંત સ્વરૂપની જેણે રચના કરી, એવા ગિરિધર (અર્થાત્) ધારી રાખ્યા છે અનંતા ગુણની પર્યાયને તેં, માટે આપને ગિરિધર કહેવામાં આવે છે. પણ ભગવાન આવા હોય એને. એને જિન કહો, એને સુગત કહો, એને અગધર–ગિરિના ધરનારા કહો. આહાહા! સમજાણું કાંઈ? એના જ્ઞાનમાં એનું માપ આવવું જોઈએ. આવા ભગવાન છે એનું એને નિઃસંદેહપણે (જ્ઞાન થવું જોઈએ). આવા ભાવના ધરનારા પરમાત્મા છે, એમ કીધું છેને? (કોણ) કહી શકે એ? પ્રભુ! તમે આવા છો ને હવે અમે કોને માનીએ? આહાહા! અમે તો તમારા સેવક છીએ એમ કહે છે. આવો જે સ્વભાવ પ્રાપ્ત કર્યો એને અમે સેવનારા છીએ, બીજાને અમે ન સેવીએ. આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

પછી તે જિન કહો, ગિરિધર કહો. **વાગીશ્વર કહો...** છેને વાગીશ્વર? વાઘેશ્વર નહીં હોં. વાઘ ઉપર બેસનારી એવી સરસ્વતી એ નહીં. વાગીશ્વર—વાક્.. વાક્–વચનના ઈશ્વર. હે ભગવાન! આપ તો વચનના ઈશ્વર છો. આપને એવી દિવ્યધ્વનિ હોય છે. સમજાણું કાંઈ? **૩. બ્રહ્માને અથવા બૃહસ્પતિને વાગીશ્વર...** વાક્-ઈશ્વર, વાક્–વાણી **(અર્થાત્ વાણીના અધિપતિ)..** ઈશ્વર એટલે અધિપતિ કહે છે બ્રહ્મા અથવા બૃહસ્પતિને. **શ્રી જિનભગવાન દિવ્ય વાણીના પ્રકાશક હોવાથી તેમને અહીં વાગીશ્વર કહ્યા છે.** આહાહા! આપ તો આવા છો, પણ વાણીમાં પણ દિવ્યધ્વનિને ધારનાર છો એમ કહે છે. પ્રકાશક છો. વાણીની વાત કરી. આવી વાણી તો પ્રભુ તને જ હોય. માટે તું જ વાગીશ્વર છો.

ઓલું નહોતું ગાયું, શું? 'નમો દેવી વાગેશ્વરી જિનવાણી.' ત્યાં ઓલા કહે, નમો દેવી વાઘેશ્વરી... વાઘ ઉપર બેસનારી હતીને સરસ્વતી. આવાને આવા. વાકેશ્વરી—વાણીમાં ઈશ્વર એવી વાણી–દિવ્યધ્વનિ એના આપ પ્રકાશક છો એટલે આપ જ વાણીના સ્વામી છો, વાણીના કરનાર છો. સમજાય છે? આવ્યુંને એ બ્રહ્મા... વાગીશ્વર... વાક્–વાણીના પ્રકાશક હોવાથી વાગીશ્વર કહ્યા છે. ઓહોહો! એ પૂર્ણાનંદ પૂર્ણ પ્રભુ એની વાણીમાં તો પૂર્ણતા જ આવે. એવી દિવ્યધ્વનિ આવે અલૌકિક! ભાગ્યવાન એને સાંભળે એનું કલ્યાણ થઈ જાય એમ કહે છે. સમજાણું કાંઈ? વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર શ્રી તીર્થંકરદેવની આ વ્યાખ્યા છે. એને આ બધા નામો લાગુ પડે. બીજા નામો લઈ ... ગયા છે એમ અહીં છે નહીં. વસ્તુ આ છે. આહાહા!

પછી, **શિવ કહો. ૪. મહેશને (શંકરને) શિવ કહેવામાં આવે છે.** જિનભગવાન કલ્યાણ શિવની વ્યાખ્યા. **શ્રી જિનભગવાન કલ્યાણસ્વરૂપ હોવાથી...** પૂર્ણ કલ્યાણ, વીતરાગી કલ્યાણ, આનંદરૂપી કલ્યાણ... આવે છેને નમોત્થુણુમાં? 'સિવમયલ મરુય..' 'સિવ' આવે છે કે નહીં? 'સિવમયલ મરુયમણંત મખ્ખયમવ્વાબાહ...' એ નમોત્થુણંમાં આવે છે. નમોત્થુણું કર્યું નહીં હોય. ગુલાબભાઈ? નમોત્થુણં કર્યું છે? સામાયિક-બામાયિક નહીં કરી હોય. પૈસાને નમોસ્તુ

કર્યું હશે? એમ નમોત્થુણંમાં આવે છે. સામાયિકમાં આવે છે. સાતમો પાઠ આવે છે. 'નમોત્થુણં અરિહંતાણં ભગવંતાણં આઈગરાણં તિત્થયરાણં સંયંસંબુદ્ધાણં પુરિસુત્તમાણં પુરિસસિહાણં..' કરતાં કરતાં 'સિવમયલ મરુયમણંત મખ્ખયમવ્વાબાહમપુણરાવિત્તિ...'

સિવમ્... હે પરમાત્મા! આપ કલ્યાણસ્વરૂપ છો. પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાન આપને પ્રગટ્યું છે. રાગનો કણ નથી અને શરીરાદિની ચીજ પણ જેને નથી એવું અશરીરી પરમાત્મસ્વરૂપ આપે પ્રગટ કર્યું. તે આપ જ શંકર છો. સુખને પ્રાપ્ત કરે તે શંકર. સમજાણું કાંઈ? શિવ–શંકર–પૂર્ણ સુખને પ્રાપ્ત કર્યું. આનંદમૂર્તિ... જેવો આત્માનો આનંદસ્વભાવ હતો એને પર્યાયમાં–અવસ્થામાં આપે પૂર્ણ આનંદ પ્રગટ કર્યો છે. આપને હવે વિકલ્પેય નથી, વાણીય નથી, શરીરેય નથી. **તેમને અહીં શિવ કહેવામાં આવ્યા છે.** લ્યો. **શિવ કહો**. એ એક શ્લોકનો અર્થ થયો. મંગળ કર્યું. દેવની વ્યાખ્યા કરીને મંગળિક કર્યું. હવે વાણી. બીજો શ્લોક વાણીનો છે. 'દેવ-શાસ્ત્ર-ગુરુ તીન' એમ આવે છેને?

**वाचं वाचंयमीन्द्राणां वक्त्रवारिजवाहनाम् ।**
**वन्दे नयद्वयायत्तवाच्यसर्वस्वपद्धतिम् ॥ २ ॥**

**શ્લોકાર્થ : વાચંયમીંદ્રોનું...** વાચંયમીંદ્રો... નીચે. વાચંયમીંદ્રો—વાણીના યમીના ઇન્દ્રો. વાણીના યમીના ઇન્દ્ર. વાચંયમીંદ્રો—વાણીના મૌનના યમમાં ઇન્દ્ર. **(૫) વાચંયમીંદ્રો = મુનિઓમાં પ્રધાન.** વાચંયમી એટલે મુનિઓ. વાચમ્+યમી. વાચમ્-યમી—વાણીમાં મૌન ધરનારા એવા જે મુનિઓ એમાં ઇન્દ્ર (અર્થાત્) જિનદેવો. એક કોર કીધું કે વાણીના પ્રકાશક છો. એય! અહીં કહે છે કે તમે મૌનના સંયમીયોમાં પણ પ્રધાન છો. ભગવાન મૌન જ છે. એ વાણી તો વાણીના કારણે નીકળે છે. આહાહા! ભારે! વાચમ્+યમી+ઇન્દ્રો... **મુનિઓમાં પ્રધાન અર્થાત્ જિનદેવો.** અથવા વાચમ્ એટલે **મૌન સેવનારાઓમાં,** એમ. વાચમ્+યમી—વાણીમાં મૌન સેવનારામાં **શ્રેષ્ઠ અર્થાત્ જિનદેવો. વાક્-સંયમીઓમાં** વાણીના **ઇન્દ્ર સમાન જિનદેવો,** બહુ શબ્દો ચોખ્ખા કર્યા ઘણા. વાચમ્+યમી.. વાચમ્+યમી એટલે મુનિ. વાચમ્+યમી... મૌન છે, મુનિ તે મૌન છે. **(વાચંયમી – મુનિ; મૌન સેવનાર; વાણીના સંયમી).** એમાં આપ પ્રધાન છો. આહાહા! એ વાણી કાંઈ તમારી નથી. એ મૌન જ છે ભગવાન. આત્મા એ મૌન જ છે. એમાં વિકલ્પ ને વાણી છે જ ક્યાં? આહાહા! સમજાણું કાંઈ?

જિનભગવંતોને **વાચંયમીંદ્રોનું (-જિનદેવોનું) મુખકમળ જેનું વાહન છે...** મુખકમળ લખ્યું છેને. **वक्त्र** એટલે મુખ. **वारिज** એટલે કમળ. **वाहनाम्..** જિનદેવનું મુખકમળ જેનું વાહન છે વાણી.. વાણી. આહાહા! જુઓ! મુખકમળ જેનું વાહન છે. ઠીક! મોઢું લીધું... વાણી છે એ તો દિવ્યધ્વનિ ભગવાનની છે. આમાં જુદું કરીને શૈલી લીધી છે પંચાસ્તિકાયમાં. મુખારવિંદ—મુખરૂપી કમળમાંથી, પ્રભુ! આપની વાણી નીકળે છે. ભગવાન તો મૌન હોય આમ. આખા

દેહમાંથી વાણી નીકળે ॐ ધ્વનિ. આખા શરીરમાંથી ॐ એવો ધ્વનિ નીકળે. પણ લોકો મુખની મુખ્યતાથી ભાષા કહે છેને એ અપેક્ષાએ વાત કહેવામાં આવી છે.

**મુખકમળ જેનું વાહન છે**... કોનું? વાણીનું. અને **બે નયોના આશ્રયે સર્વસ્વ કહેવાની જેની પદ્ધતિ છે...** જુઓ! અહીંથી કેટલાક કાઢે છે. જુઓ! બે નયોનું પદ્ધતિ. બરાબર છે, બે નયોનું જ કથન હોય છે. કથન તો દ્રવ્ય-પર્યાયનું, નિશ્ચય-વ્યવહારનું બે કથન હોય છે. ન હોય તો એકલું જ હોય એમ હોય? બે નયોનું કથન છે એટલે? એમાં એક નય આદરણીય છે અને એક નય છોડવા જેવો છે એમ ક્યારે બે નક્કી થાય? કથન તો બેયના હોય છે કે નહીં? એનો અર્થ કે દ્રવ્યનું એકલું કથન હોય ને પર્યાય નથી તો એકાંત થઈ ગયું. છોડવાયોગ્ય... બે પ્રકાર કહ્યા તો બે પ્રકારમાં એક આદરણીય ને એક છોડવા(યોગ્ય). બેય સરખા હોય તો આમ બે ભેદ કેમ પડે? બે સરખા હોય તો ભેદ કેમ પડે? તો એકમાં જાય બધું.

દ્રવ્ય ત્રિકાળી ભગવાન ઉપાદેય છે એવી વાણી પણ આપની છે અને એક સમયની પર્યાય છે, રાગાદિ હયાતી છે, છે એને જણાવે છે પણ હેય જણાવે છે એવી વાણી પણ આપની છે. સમજાણું કાંઈ? આહાહા! દિગંબર મુનિઓએ તો જંગલમાં રહીને એવી વાતું કરી હતી! આહાહા! કહે છે કે વાણી જિનદેવોનું મુખકમળ એનું વાહન છે અને **બે નયોના આશ્રયે સર્વસ્વ**... ભાષા એમ છેને પાછી. આહાહા! સર્વસ્વ પદ્ધતિ... સર્વસ્વ પદ્ધતિ... બધે બે નયો હોય છે. મોક્ષમાર્ગ કહે તો બે, સમ્યગ્દર્શન કહે તો બે. કથની કહેવામાં પદ્ધતિ છેને વાણીની. એમાંથી આ કાઢે છેને ઘણા. પદ્ધતિની વાત છે અહીં તો. સમજાણું કાંઈ? સમ્યગ્જ્ઞાન કહે તો બે, ચારિત્ર કહે તો બે, આનંદ એના બે પ્રકાર એક સુખ ને દુઃખાદિ દશા. એમ દરેકમાં બબ્બે પ્રકારનું કથન (હોય છે). સંસારી ને સિદ્ધ—જીવના બે ભેદ. જીવ તો નિશ્ચયથી (એક), એના ભેદ સંસારી-સિદ્ધ એ વ્યવહાર. બધું—સર્વસ્વ ઠેકાણે બે નય છે.

ત્યારે એમાંથી કાઢે છે કે ક્રમબદ્ધ એમાં ક્રમ ને અક્રમ બે જોઈએ. એ પર્યાય ક્રમબદ્ધ પણ ને પર્યાય અક્રમ પણ, એમ. ગુણ અક્રમ ને પર્યાય ક્રમ.... ક્રમબદ્ધ પર્યાય છે તે પર્યાય ક્રમબદ્ધ જ છે અને બીજાની અપેક્ષાએ એને અક્રમ કહેવાય. અક્રમ એટલે ફેરફાર થાય એવું નહીં. બીજાની અપેક્ષાએ એને અક્રમ કહેવાય, પણ પોતાની અપેક્ષાએ ક્રમ કહેવાય—એમ બે નયનું કથન છે. બીજાની અપેક્ષાએ અક્રમ કહેવાય એટલે ક્રમ ફરી જાય છે એમ નહીં. જેમ સ્વદ્રવ્યને દ્રવ્યની અપેક્ષાએ દ્રવ્ય કહેવાય, પરદ્રવ્યને આ દ્રવ્યની અપેક્ષાએ અદ્રવ્ય કહેવાય ને આની અપેક્ષાએ એને અદ્રવ્ય કહેવાય, એમ. આહાહા! માળા તકરાર... કરે છેને. આડીઅવળી થાય. એક ક્રમસર છે ને આડીઅવળી થાય. એની એ આડીઅવળી થાય તો એના બે ભાગ ક્યાં રહ્યા? એ તો જુદાઈની વાત થઈ ગઈ. એકની એક ક્રમબદ્ધ જ છે, ગુણ અક્રમ છે. ગુણ અક્રમ (એટલે) એકસાથે છે, ત્યારે પર્યાય ક્રમ છે. આ બે થઈ, એ બે નયનું કથન થઇ ગયું. અથવા

ક્રમપર્યાય ક્રમે જ છે, બીજાની અપેક્ષાએ–બીજો જે છે એ બીજાની પર્યાય પણ ક્રમ છે. એની અપેક્ષાએ આ (પહેલાની પર્યાય) અક્રમ છે (એટલે) એવો ક્રમ આ નથી, એમ. સમજાણું કાંઈ?

ઓલા કેવા? તુલસી છેને. તેરાપંથી. એને એક ફેરી પૂછ્યું હતું એક ફેરી. આપણો સતીષ રહેતો હતોને પહેલા. ન્યાં જઈને પૂછ્યું હતું કે ક્રમબદ્ધ શું છે? તુલસીએ કીધું કે નિશ્ચયથી ક્રમ ને વ્યવહારથી અક્રમ. માર ગપ. આ કહે, વ્યવહારથી અક્રમ એટલે શું પણ? એનો અર્થ શું? તુલસી અત્યારે મોટા છેને તેરાપંથી આચાર્ય. કાંઈ ખબર ન મળે. આ દુનિયામાં ભેગા થઈને મોટા ઠરાવે. આહાહા! અહીં તો વીતરાગ, જેની સર્વસ્વ બે નયને આશ્રયે કહેવાની પદ્ધતિ છે. અસ્તિ-નાસ્તિ. સ્વથી અસ્તિ, પરથી નાસ્તિ. પરથી નાસ્તિ વ્યવહાર થઈ ગયો, સ્વથી અસ્તિ નિશ્ચય છે. બે કથન, દરેકમાં બે નયની કથની છે. સમજાણું કાંઈ? **બે નયોના આશ્રયે સર્વસ્વ**... એમ અહીં વજન છેને. **કહેવાની જેની પદ્ધતિ છે**... 'કહેવાની જેની પદ્ધતિ' એમ છેને? **नयद्वयायत्तवाच्यसर्वस्वपद्धतिम्** એમ છે. કહેવાની પદ્ધતિ છે. નિરૂપણ... નિરૂપણ બે પ્રકારે છે. કથનનો પ્રકાર બે છે—દ્રવ્યનો-પર્યાયનો, નિશ્ચયનો-વ્યવહારનો, અભેદનો-ભેદનો. સમજાણું કાંઈ?

**સર્વસ્વ કહેવાની જેની પદ્ધતિ છે તે વાણીને (જિનભગવંતોની સ્યાદ્વાદમુદ્રિત વાણીને) હું વંદું છું.** પહેલાં દેવની ઓળખાણ કરીને વંદન કર્યું, પછી વાણીની ઓળખાણ કરીને વાણીને વંદન કર્યું. સમયસારમાં (કળશ-૨) એમ આવે છેને? **अनंतधर्मणस्तत्वं पश्यति प्रत्यगात्मनः** વાણીને નમસ્કાર કર્યો. છેને? એ તો ભગવાનની વાણી છેને. સ્વભાવમાં જા.. સ્વભાવમાં જા, વિભાવથી ખસ. વીતરાગી છેને ભગવાન. (**જિનભગવંતોની સ્યાદ્વાદમુદ્રિત વાણીને) હું વંદું છું**. હવે ગુરુની વાત. દેવ, શાસ્ત્ર ને ગુરુ.

**सिद्धान्तोद्धश्रीधवं सिद्धसेनं**
**तर्काब्जार्कं भट्टपूर्वाकलंकम् ।**
**शब्दाब्धीन्दुं पूज्यपादं च वन्दे**
**तद्विद्याढयं वीरनन्दिं व्रतीन्द्रम् ॥३॥**

પોતાના ગુરુને વંદન કરે છે અને બીજા પણ ગુરુઓ છે એને બધાની સાથે (વંદે છે). **શ્લોકાર્થ : ઉત્તમ સિદ્ધાંતરૂપી શ્રીના પતિ સિદ્ધસેન મુનીન્દ્રને...** આ સિદ્ધસેન 'સુમતિતર્ક'ના કરનારા એ આ નહીં. તે વખતે નામ... આ તો મહા ઉત્તમ સિદ્ધાંતરૂપી શ્રીના પતિ સિદ્ધસેન મુનિ... કેટલાક આમાંથી એ કાઢે છે. કે જુઓ! સિદ્ધસેનને પણ વંદન કર્યું છે. ત્યાં સુધી એવા સમભાવ હતા. એ ભીખાભાઈ! સિદ્ધસેન દિવાકર થયાને શ્વેતામ્બરમાં. બિલકુલ નહીં. અહીં મુનિ વંદે શેના? આ તો પોતે ૯૦૦ વર્ષ પહેલા થયા છેને ટીકાકાર. ટીકાકાર છેને એના પહેલાં થઇ ગયા સિદ્ધસેન દિવાકર. એ વખતે સિદ્ધસેન નામ આપનારા ઘણા મળે. ઘણા નામ મળે છે.

પોતે વંદન કરે છે એ દિગંબર સંત છે. સિદ્ધસેન મુનિ દિગંબર વનવાસી. શ્વેતામ્બરના જે 'સન્મતિ તર્ક'ને કરનારા એને વંદન કરે કોઈ દિ'?

**ઉત્તમ સિદ્ધાંતરૂપી શ્રીના પતિ...** લ્યો. જોયું! ઉત્તમ સિદ્ધાંતો જેણે સિદ્ધ કર્યા–સાબિત કર્યા છે એવી સિદ્ધાંતરૂપી લક્ષ્મીના પતિ સિદ્ધસેન મુનિન્દ્રને... આમાં તો ચાલે છે ત્યાં હોં આ. જુઓ! સિદ્ધસેનને પણ દિગંબર મુનિઓ વંદન કરતા હતા. એ વખતે આવો સમભાવ હતો. અરે! ચાલ ચાલ માળા ખોટા. સમજાણું કાંઈ? આ તો કોઈ દિગંબર સંત સિદ્ધસેન એવા થયા છે કે જે ઉત્તમ સિદ્ધાંતરૂપી શ્રીના પતિ છે. એને ને સિદ્ધસેનને .... છે? (દિગંબરના) શાસ્ત્રને ખોટા ઠરાવીને પોતાની વાત સાચી કહે. દિગંબરના.... એક સમયે બે ઉપયોગને ખોટા ઠરાવે છે. એ સિદ્ધસેન નહીં. સમજાણું કાંઈ? એવો માર્ગ આકરો જગતને. માણસને એમ લાગે કે આ તો દ્વેષ છે. અરે બાપુ! આ તો સત્યની વસ્તુ છે. સત્ય જ આવું હોય છે.

**ઉત્તમ સિદ્ધાંતરૂપી શ્રીના પતિ સિદ્ધસેન મુનિન્દ્રને હું વંદું છું**, એમ કહે છે. **તર્કકમળના સૂર્ય ભટ્ટ અકલંક મુનીન્દ્રને...** લ્યો, તત્ત્વાર્થરાજવાર્તિક કરનારા તર્કકમળના સૂર્ય. **(૬) તર્કરૂપી કમળને પ્રફુલ્લિત કરવામાં સૂર્ય સમાન** અકલંકદેવને નમન કરે છે લ્યો. અર્થ પ્રસિદ્ધ થયા છેને શાસ્ત્રના. ટીકાકાર છેને આ તો. અકલંકદેવ પહેલા થઈ ગયા, આ પછી થયા. સમજાણું કાંઈ? તર્કકમળના સૂર્ય... છેને? **तर्काब्जार्क**–તર્કરૂપી કમળના અર્ક–સૂર્ય સમાન. અર્ક (એટલે) સૂર્ય. **भट्टपूर्वाकलंकम्**... એવા અકલંકદેવને હું નમન કરું છું. હવે, **शब्दाब्धीन्दुं... शब्दाब्धीन्दुं पूज्यपादं च वन्दे... શબ્દસિંધુના ચંદ્ર પૂજ્યપાદ મુનીન્દ્રને...** સર્વાર્થસિદ્ધિમાં એવી ટીકા કરી છેને પહેલી તત્ત્વાર્થસૂત્રની. શબ્દસિંધુના ચંદ્ર કીધા છે. આહાહા!

**(૭) શબ્દરૂપી સમુદ્રને ઉછાળવામાં ચંદ્ર સમાન...** સર્વાર્થસિદ્ધિ છે ટીકા તત્ત્વાર્થસૂત્રની. એને વંદન કરે છે. ઓહો! કેવા છો તમે? **શબ્દસિંધુના ચંદ્ર**. જેમ ચંદ્રને પૂનમ આવે ને દરિયો ઉછળે, એમ શબ્દને ઉછાળવામાં ચંદ્ર સમાન છે. ટીકા સર્વાર્થસિદ્ધિની દેખો તો...! સમજાણું કાંઈ? એવા પૂજ્યપાદ મુનિન્દ્રને **અને તદ્વિદ્યાથી...** એ ત્રણેથી **સમૃદ્ધ** છે મારા ગુરુ, એમ કહે છે. **વીરનંદિ.** ઉત્તમ સિદ્ધાંતરૂપી શ્રીના પતિ પણ છે, તર્કકમળના સૂર્ય ભટ્ટ અકલંકદેવ જેવા પણ છે અને શબ્દસિંધુના પૂજ્યપાદ જેવા પણ છે. **તદ્વિદ્યાથી (સિદ્ધાન્તાદિ ત્રણેના જ્ઞાનથી) સમૃદ્ધ વીરનંદિ મુનીન્દ્રને હું વંદું છું.** ગુરુને વંદન કરીએ છીએ. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)




: પ્રકાશક :

**શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

વિલે પાર્લા, મુંબઇ.

www.vitragvani.com